## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| | | | **રુક્મિ રાજાનું પતન અને ઉત્થાન-૨** | |
| ૧. | ૧૩ | ૩૪ | રુક્મિ રાજાનું પતન અને ઉત્થાન-૨ | ૧ |
| ૨. | ૧૩ | ૩૫ | આજની ઊંધી સાક્ષરતા | ૧૮ |
| ૩. | ૧૩ | ૩૬ | ચક્રવર્તી મુનિની કઠોર સાધનાઓ | ૨૮ |
| ૪. | ૧૩ | ૩૮ | સૂર્યશિવ બ્રાહ્મણની દુષ્ટબુદ્ધિ | ૩૬ |
| ૫. | ૧૩ | ૩૯ | ગોવિંદ બ્રાહ્મણની વિવેકી દૃષ્ટિ | ૪૨ |
| ૬. | ૧૩ | ૪૦ | પ્રાર્થનાનો વિશિષ્ટ પ્રકાર | ૫૦ |
| ૭. | ૧૩ | ૪૧ | પુત્રની નિષ્ઠુરતાનું કરુણ ચિત્ર | ૫૮ |
| ૮. | ૧૩ | ૪૨ | નવકાર સ્મરણનો મહિમા : મિયાંનું દૃષ્ટાંત | ૭૦ |
| ૯. | ૧૩ | ૪૫ | આર્યદેશની પ્રાપ્તિ દુર્લભ | ૯૪ |
| ૧૦. | ૧૩ | ૪૬/૪૭ | ગોવિંદ બ્રાહ્મણનો પુત્રોને ભવ્ય ઉપદેશ | ૧૦૭ |
| | | | **શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની યશોગાથા** | |
| ૧૧. | ૩૧ | ૮ | શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની ઓળખાણ | ૧૧૬ |
| ૧૨. | ૩૧ | ૧૦ | મેતારજ કેમ દુર્લભબોધિ ? | ૧૨૮ |
| ૧૩. | ૩૧ | ૧૧ | હરિભદ્રને સાધ્વીજીનું મૂલ્યાંકન | ૧૪૧ |
| ૧૪. | ૩૧ | ૧૨ | પ્રભુને અનેક દૃષ્ટિકોણથી જોવાના ઉપાય | ૧૪૭ |
| ૧૫. | ૩૧ | ૧૩ | ખોટી ખુશામતની ખરાબ અસર | ૧૫૪ |
| ૧૬. | ૩૧ | ૧૪ | સ્થૂલભદ્રસ્વામી કોશાને પૂછવા કેમ ન ગયા ? | ૧૬૨ |
| ૧૭. | ૩૧ | ૧૫ | હરિભદ્રની કુટુંબીને સમજુતીનો સાર... | ૧૭૩ |
| ૧૮. | ૩૧ | ૧૬ | મનની શિરજોરીથી થાકેલા આત્માના આર્તનાદ | ૧૭૬ |
| ૧૯. | ૩૧ | ૧૭ | જૈનધર્મની સૂક્ષ્મ અહિંસા | ૧૮૫ |
| ૨૦. | ૩૧ | ૧૮ | પ્રચારના પાકા ઉપાય કેવા હોય છે ? | ૧૯૧ |
| ૨૧. | ૩૧ | ૧૯ | જૈનતત્ત્વની જવાબદારી મોટી કઈ ? | ૨૦૦ |
| ૨૨. | ૩૧ | ૧૯ | શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની હૃદય વેદના | ૨૦૪ |
| ૨૩. | ૩૧ | ૨૦ | ગુરુની ભવ્ય હિતશિક્ષા | ૨૧૨ |
| ૨૪. | ૪૧ | ૮/૧૩ | **ઈલાતી પુત્ર** | ૨૧૫ |
| ૨૫. | ૬ | ૧ | મંગળ પ્રયાણ | ૨૬૭ |
| ૨૬. | ૬ | ૧ | ‘બુદ્ધ-ચરિત્ર’ નો બોધપાઠ | ૨૬૯ |
| ૨૭. | ૬ | ૫ | સત્યનો જય | ૨૭૧ |
| ૨૮. | ૬ | ૫ | રતલામ પ્રકરણનો આવેલો સુખદ અંત | ૨૭૨ |
| ૨૯. | ૬ | ૫ | વૈદ્યરાજ ગોસ્વામીનું થયેલું ભવ્ય સન્માન | ૨૭૫ |
| ૩૦. | ૬ | ૧૬ | પ્રાસંગિક | ૨૭૭ |
| ૩૧. | ૬ | ૧૮ | કલ્યાણક્રિયાઓ | ૨૭૮ |
| ૩૨. | ૬ | ૨૯ | અરિહંતના અનંત ઉપકારનો ખ્યાલ | ૨૮૧ |
| ૩૩. | ૬ | ૩૫ | પં. શ્રી ભદ્રંકરવિજય મ. નું જાપ પ્રસંગે પ્રવચન | ૨૮૧ |
| ૩૪. | ૬ | ૩૭ | પેથડશાહના બ્રહ્મચર્યનો પ્રભાવ | ૨૮૪ |
| ૩૫. | ૬ | ૩૭ | **मांसादिपिंडात् स्वहितं गृहाण** | ૨૮૮ |
| ૩૬. | ૬ | ૩૯ | **“देवस्थ एव भजसे भवदुःखजालम्”** | ૨૯૦ |
| ૩૭. | ૭ | ૯ | શાસ્ત્રશ્રવણ સફળ કેમ બને ? | ૨૯૨ |
| ૩૮. | ૭ | ૧૦ | ભુવનેશ્વરનું શિવમંદિર | ૨૯૫ |
| ૩૯. | ૭ | ૧૬ | ‘ગુણસેન અગ્નિશર્મા’...તથા | ૨૯૮ |
| ૪૦. | ૭ | ૧૬ | ‘અરિહંતની ઓળખાણ’ પુસ્તકની જાહેરાત | ૨૯૯ |
| ૪૧. | ૭ | ૧૮ | જૈન શિક્ષાવલિ | ૩૦૪ |
| ૪૨. | ૭ | ૨૦ | નાથને ભૂલાવનાર લોથ | ૩૦૫ |
| ૪૩. | ૭ | ૨૫ | ધર્મસાધનામાં નિત્ય નવો વિકાસ કેમ થાય ? | ૩૦૮ |


• • •



અનુક્રમણિકા (ભાગ-૫૨)

# રુક્મિ રાજાનું પતન અને ઉત્થાન-૨

(ગતાંકથી ચાલુ...)

રુક્મિ રાજાના ચરિત્રમાં પ્રાસંગિક ચરિત્ર રાજકુમારનું આવ્યું. પૂર્વ ભવની મૌન સાથે ઉચ્ચ ચારિત્રના પાલને એમને અહીં અત્યંત સુલભબોધિ બનાવ્યા ! એના પ્રભાવે શીલ-બ્રહ્મચર્યના કેટલા બધા ઊંચા પાલક કે સ્ત્રી રાજા રુક્મિ એમની તરફ રાગદૃષ્ટિથી જુએ છે છતાં એની સામે એવી રાગભરી દૃષ્ટિ નાખવાની તો નહિ, પણ ઉપરથી સંસારની વિટંબણા નિહાળી પોતાનું રૂપાળું શરીર બીજાની કામવાસનાની ઉદીરણામાં નિમિત્ત બને છે માટે એવા શરીરનો વિધિપૂર્વક ત્યાગ કરવાના અર્થાત્ સંયમ જીવન લઈ સંલેખના કરીને દેહ-ત્યાગ કરવાના નિર્ણય પર પહોંચી ગયા ! વિશુદ્ધ અધ્યવસાયની ધારા કેવી વધી રહી છે કે એમાં વચમાં આશ્રયદાતા રાજાના દુશ્મન રાજાના સુભટો એમના શીલના પ્રભાવે સ્તંભિત થઈ ગયા ! અને કુમાર પોતે અવધિજ્ઞાન પામી ગયા ! દેવનું મુનિવેશ-પ્રદાન અને આમનો ઝટ ચારિત્ર સ્વીકાર ! અંતે અનશન કરી સર્વ કર્મનો અંત કરીને નિર્વાણપદ પામી ગયા છે.

સ્વયંબુદ્ધ કુમાર મહર્ષિનું જીવન ઘણું ઘણું શીખવી જાય છે. મૌનનો મહાન પ્રભાવ, પાણી-અગ્નિ વગેરે સ્થાવરકાય જીવોની પણ દયાનો અદ્ભુત પ્રભાવ, શીલનો જબરદસ્ત મહિમા, શુભ અધ્યવસાયની શ્રેષ્ઠ તાકાત, વગેરે વગેરે જોઈ એનો ખપ કરવામાં બધી શક્તિઓ ખરચવી જરૂરી છે, અને તે અત્યંત લાભદાયી છે. પ્રારંભમાં ભલે સર્વાંશે ન પાળી શકીએ, તો પણ જેટલું શક્ય હોય એટલું એ મૌન વગેરે પાળવામાં આત્માનું મહાન ઉત્થાન થાય છે. મનુષ્ય-જીવનમાં જ આ બધું પાળવાની અનુપમ તક મળે. એ મળ્યા પછી કોણ સુજ્ઞ એ પાળવામાં પ્રમાદ કરે ?

સમજી રાખવાનું છે કે જે જડમાયાની ખાતર આ બધું ગુમાવી એનાથી વિરુદ્ધ આચરણ કરીએ છીએ, એ જડમાયા પડતી મૂકીને જ ચાલવાનું છે. તો શા સારું એવી કામચલાઉ માયા ખાતર કાયમી લાભદાયી વસ્તુ ગુમાવવી ? પાછો હિસાબ એવો છે કે એ મૌન, એ સ્થાવર જીવોની પણ દયા, સર્વાંશે નહિ સહી, પણ શક્ય એટલા અંશે અંશે આચરતા અવાશે તો એના સંસ્કાર જામીને આગળ જતાં સર્વાંશ પાલનમાં પરિણમશે. એકાએક ઠેકડો મારવાની ગુંજાયશ નથી,

**ગુણોનું કામ જ એવું છે કે એનો થોડે થોડે અભ્યાસ થતાં થતાં મહાસ્વરૂપમાં ખીલી ઊઠે.** માણસ વિદ્વાન શી રીતે થાય છે ? ક્રમશઃ અભ્યાસ કરતાં કરતાં જ ને ? પંદર વર્ષની ઉંમર સુધી અક્ષરેય ન ભણે તો શું સોળમાં વર્ષે એકદમ જ મેટ્રિકનો અભ્યાસ કરી શકે ? પરીક્ષા પાસ કરી શકશે ? છોકરી રસોઈમાં પારંગત શી રીતે થાય છે ? કડિયા-સુથારના છોકરા તૈયાર કેમ થાય છે ? તો ગુણોનું પણ એમ જ સમજો. બાકી કોક વિરલા થોડા અભ્યાસમાં એકદમ જ આગળ આવી જાય એ બને. પણ આપણે આપણી સ્થિતિ તો જોવી ને કે આપણામાં એ ગુંજાયશ છે ? કુમાર મહર્ષિએ પૂર્વભવમાં જે સાધ્યું એની પાછળ કેટલોય આરાધનાનો અભ્યાસ હશે. હવે ચઢ્યા ચઢ્યા તો અલ્પ કાળમાં ગૃહસ્થપણે અવધિજ્ઞાની થયા ! અને એ જ ભવમાં સુકોમળતા ફગાવી દઈ કડક ચારિત્ર, સંલેખના અને અનશન દ્વારા મોક્ષે પધારી ગયા !

**રુક્મિને ઉત્કૃષ્ટ સ્થિતિનું સ્ત્રી-વેદ-કર્મ :-**

પેલી રુક્મિ સાધ્વી બિચારી મહા બ્રહ્મચારી છતાં એક જ વાર દૃષ્ટિ દોષમાં પડી તથા ઘોર-વીર-ઉગ્ર કષ્ટમય તપ-સંયમ-પરિસહસહન છતાં એ એક પાપની આલોચના કરવી ચૂકી અને ઉપરથી માયા શલ્ય રાખી ઢાંકપિછોડો કર્યો, તો મહાવીર પ્રભુ કહે છે કે એણે ઉત્કૃષ્ટ સ્થિતિનું સ્ત્રી વેદ કર્મ ઉપાર્જ્યું ! એટલે ? પંદર કોડાકોડી સાગરોપમ વર્ષનો એ કર્મનો સ્થિતિકાળ ! બસ, ત્યાં સુધી એવા હલકા સ્ત્રીપણાના મનુષ્ય-તિર્યંચપણાના અવતાર પામ્યે જા ! એ કર્મ પર સંક્રમણ-અપવર્તના વગેરે કરણ લાગીને એમાંથી ઓછું થાય એટલું બાદ...મહાવીર પ્રભુના જીવે ઠેઠ મરીચિના ભવમાં બાંધેલ નીચગોત્ર કર્મના છેલ્લાં બાકી દળિયાં એક કોડાકોડી સાગરોપમના અંતે ભોગવવા પડ્યા ને ? એટલે ? તીર્થંકરના ભવે પણ દેવાનંદાની કુક્ષીમાં અવતરવું પડ્યું ! દોષ સેવવાનો આપણે અધિકાર બજાવીએ એના પછી કર્મ આપણા પર કેવા દારુણ અધિકાર બજાવે છે !

રુક્મિ સાધ્વીએ આ સ્ત્રીવેદ કર્મ ઉપરાંત બીજાં તો કેટલાંય અશુભ કર્મ ઉપાર્જ્યાં ! ચારિત્ર ઉગ્ર પાળ્યું હતું એટલે કાળ કરીને તરત તો ભવનપતિ દેવલોકમાં વિદ્યુત્કુમારી દેવીની નોકરડી **વાહનદેવી** નોળિયારૂપે ઉત્પન્ન થઈ ! ક્યાં ઊંચા વૈમાનિક દેવલોક કે મોક્ષ પમાડે એવું કષ્ટમય ચારિત્ર પાલન ? અને ક્યાં એને રદ કરે એવું આવી હલકી વાહનદેવી તરીકે જન્મ આપનાર પાપશલ્યનું છૂપાવવું ?

**કર્મના સૂક્ષ્મ હિસાબના ચોપડા છે !** એ ધ્યાનમાં રાખીને એક પણ પ્રચ્છન્ન છૂપું નાનું પણ પાપ, નાનો પણ કુવિકલ્પ કરતાં વિચાર કરવો જોઈએ છે. આંખ-મિંચામણાં, કરી ગોટા વાળ્યે જઈએ, છૂપા અને પ્રગટ પાપો સેવ્યે રાખીએ, કુવિચાર-વિકલ્પોનો હિસાબ નહિ એટલા કર્યે જવાય, પણ આત્મા પર એની

રજેરજ નોંધ થાય છે એ ભૂલવા જેવું નથી.

**ધર્મીને કષ્ટ-આપત્તિ કેમ ? :-**

કેટલાય માણસો ફરિયાદ કરે છે અગર મનમાં મુંઝાય છે કે અમે આટઆટલો ધર્મ કરીએ છીએ છતાં કષ્ટ-દુઃખ-મુશીબતો કેમ આવે છે ? પણ એમણે ક્યાં જોવું છે કે અહીં પુણ્યાઈ ઉદય આવી એ તો પૂર્વના ધર્મથી, પણ સાથે પાપાચરણ-પાપવિચાર-પાપભાષણ કર્યા હશે એનું શું ? મન બગડવા પર કોઈ અંકુશ નહિ, અરે ! ધર્મના સ્થાનમાં આવ્યા, બેઠા પછી પણ એ કરતાં સંકોચ કે ભય નહિ, તેમ કર્યાની આવી ભારોભાર અફસોસી અને દંડ નહિ કે ફરીથી એના પર અંકુશ આવી જાય ! પછી સૂક્ષ્મહિસાબી કર્મના ચોપડે કેમ એ અણનોંધાયાં જાય ? ગુના ખટકે છે ?

**જે ગુનાની પાછળ કઠોર દંડ નહિ એ ગુનો શે સુધરે ?**

કુમારપાળ મહારાજાએ ચોમાસાના નિયમોમાં બ્રહ્મચર્ય અંગે એવી ધારણા રાખી હતી કે મનથી એનો ભંગ થાય તો ઉપવાસ કરવો. કદાચ આવી બે-ચાર ભૂલમાં ઉપવાસનો દંડ ભોગવ્યો, પછી મનની મજાલ છે કે ભંગનો વિચાર કરે ? અને મન કાબૂમાં આવ્યું તો વાણી અને કાયા તો સીધાદોર ચાલવાના. કુવિકલ્પ રોકવા માટે આવી કોઈ સજા રાખો છો ? એક નવકારવાળી ગણતાં ય આટલી જ ટેક રાખોને કે 'વચમાં બીજો વિચાર પેસે તો ત્યાં ફરીથી નવકારવાળી શરૂ કરવી.' ભલે શરૂ શરૂમાં બે-ચાર-પાંચ વાર ફરી ફરી શરૂ કરવી પડે, પણ પછી જોજો મન કેવું પાધરું થતું આવે છે.

મૂળ, અશુભ ભાવનો અને અથાગ કર્મબંધનો ભારે ભય લાગવો જોઈએ, 'આ ઉત્તમ ભવમાં અધમ ધંધા કરીશ, પાપમય વાણી-વિચાર-વર્તાવ આચરીશ, તો કેવાં કર્મના થોક ઉપાર્જાઈ કેવા દુઃખદ ભવોની રામાયણ સર્જાશે ! એનો પાકો ભય-ફફડાટ-ચિંતા રહેવી જોઈએ. પછી એ પાપમય પ્રવૃત્તિ પર અંકુશ મૂકવાનો ઉપાય આપમેળે યોજવાનુ કરાય; બરાબર જાગતા રહીને સર્વશક્તિએ પાપથી આઘા રહેવાનું કરાય. ભવ અને પાપને ગાઢ સંબંધ છે. પાપાચરણથી ભવવૃદ્ધિ થાય છે. માનવજીવન એ મૂળ બોમ્બે સેન્ટ્રલ સ્ટેશન જેવું છે. ત્યાંથી ઊપડેલી ગાડી દૂર દૂર પહોંચી જાય છે. પાપનું એંજિન જોડ્યું કે આત્માની ગાડી કેટલાય દુર્ગતિનાં સ્ટેશનો કરતી કરતી લાંબે જવાની !'

મૃત્યુ પર્યંત શલ્ય રાખી મૂકવાથી પછી એ આત્મામાં એક ભયંકર ગૂંમડાની જેમ કેવું પાક પર અને ચેપ પર ચઢે છે ! ડાહ્યા હો તો બધું જાતડહાપણ બાજુએ મૂકી, 'ગુરુ ગંભીર નથી,' 'મારી માનહાનિ થાય,' 'હવે આટલું પાપ ગુરુની આગળ ન આલોચ્યું તો શું થઈ ગયું ?' મનથી પશ્ચાત્તાપ કરી લઈશું'...વગેરે



વગેરે આપમતિ કોરાણે મૂકી આ પહેલું કરજો કે પ્રગટ કે છૂપાં વિચાર-વાણી-વર્તાવનાં પાપ ગુરુ આગળ પશ્ચાત્તાપભર્યા દિલે અને બાળભાવે પ્રગટ કરી યાને આલોચના કરી નિઃશલ્ય બનજો અને એનો દંડ માગી લેજો અને તે ભરી આપજો.

મહાનિશીથ સૂત્રમાં આ રુક્મિનો અધિકાર આવે છે. ત્યાં આની પૂર્વના અધિકારથી જાણવા મળે છે કે રુક્મિએ શલ્ય રાખવા પર એક લાખ ભવ સંસારમાં કર્યા ! કેટલા ? ૫-૧૫ નહિ, ૧૦૦-૨૦૦ કે ૧૦૦૦-૨૦૦૦ નહિ, એક લાખ ભવ ! કેવા ? દેવ-મનુષ્યના સુખ-વૈભવભર્યા ? ના, દુઃખ દારિદ્ર-દૌર્ભાગ્ય અને પરાભવ-અપમાનભર્યા મનુષ્ય-તિર્યંચના ભવ ! લક્ષ્મણા સાધ્વી પણ આવા શલ્યના યોગે ૮૦ ચોવીસી યાને લગભગ ૮૦૦ કોડાકોડી સાગરોપમ ! એટલે કે ૮૦૦૦ કોડાકોડી કોડાકોડી પલ્યોપમ કાળ સંસારમાં ભમી ને ? એક પલ્યોપમમાં અસંખ્ય વર્ષ જાય ! વિચારજો ગુરુ પાસે આલોચના ન કરતાં હૃદયમાં છૂપા શલ્ય રાખવાનો નતીજો.

આટલે સુધી રુક્મિનાં પતનનો ઇતિહાસ આવ્યો, હવે એનાં ઉત્થાનનો અધિકાર આવે છે, પરંતુ છેલ્લા બે ભવનો અહીં વિચારવાનો છે. એક જ જીવનમાં વિરાધના અને આરાધના કેવું કામ કરી જાય છે એનો આ પરથી ખ્યાલ આવશે.

**માયાશલ્યથી લાખ ભવ ! :-**

સુરાસુરેન્દ્ર પૂજિત ત્રિભુવન ગુરુ શ્રી મહાવીર પરમાત્માએ નરેન્દ્ર શ્રમણી રુક્મિના સશલ્ય મૃત્યુ બાદ અનેકાનેક દુઃખદ મનુષ્ય-તિર્યંચના અવતાર થયાનું કહ્યું. એક વારના દૃષ્ટિદોષને બાદ કરતાં રુક્મિની ગૃહસ્થવાસમાં પણ બ્રહ્મચર્યની સાધના એટલી જોરદાર સાધના હતી, અને ચારિત્ર જીવન સ્વીકાર્યા પછી એટલી બધી ઘોર-વીર-ઉગ્ર કષ્ટમય તપસ્યા, રસત્યાગ, વિવિધ અભિગ્રહ, સંયમ, પરિસહસહનની સાધના હતી, કે અલ્પ ભવમાં મોક્ષ થઈ જાય; છતાં એના મૂળમાં જરૂરી દિલની સરળતા રાખી માયા-શલ્યનો જે ઉદ્ધાર કરવો જોઈએ એ એણે ન કર્યો, તો એક લાખ ભવ સંસારભ્રમણ ઊભું થયું !

**સરળતાને બદલે દંભ-વક્રતા પ્રખર સાધનાને પણ કેવી ફોક કરી શકે છે !** માટે તો મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે અધ્યાત્મસાર નામના શાસ્ત્રમાં અધ્યાત્મની પ્રગતિનો માર્ગ દેખાડતાં ભવવૈરાગ્ય સાથે દંભત્યાગને પણ પાયામાં આવશ્યક બતાવ્યો. દંભ-માયાનું શલ્ય ખતરનાક છે. ગમે તેટલા ઉગ્રધર્મ કષ્ટ સહો, ઉગ્ર તપસ્યા કરો, પ્રખર શાસ્ત્રાભ્યાસ કરો, લોકમાં મહાન વ્યાખ્યાતા કે વિદ્વાન આચાર્ય તરીકેની ખ્યાતિ પણ પામો, કિન્તુ દિલમાં જો માયાશલ્ય રાખ્યું તો એ મોહરાજાનો એક જ સુભટ પેલું બધું અસમર્થ કરવાની શક્તિ ધરાવે છે !

**ચિરકાળના મોહરાજા અને ધર્મરાજાના વિગ્રહમાં** મોહરાજાનો આમ જ વિજય

ધ્વજ ફરકે છે ! જીવ બધું સહવા-કરવા તૈયાર છે, પણ મોહનો આટલો પક્ષ છોડવા, માયાની પકડ છોડવા તૈયાર નથી, એટલે ધર્મરાજાનો ત્યાં પરાજય થાય છે. ત્યાં આપણને એમ થાય કે,

જીવની આ કેવી ઘેલછા કે 'એક તુચ્છ મીઠાં (લૂણ) ખાતર ખીચડી બગાડવા' ની જેમ પોતાની તુચ્છ માનાકાંક્ષા ખાતર માયા સેવી સાધનાનો આખો ઘાણ ખરાબ કરે છે ! પાછો વિશ્વાસમાં તણાય છે કે 'મારે આટલી બધી સાધના છે, એથી હું ઘણો ઊંચો આવવાનો, પછી જરા સિફતથી સારા દેખાવાનું કર્યું, દિલની કોઈ વાત ગુપ્ત રાખી, તેથી શું એટલું બગડી જવાનું છે ?' પણ એને ભાન નથી કે એટલું એક માયાશલ્ય હૃદયના ભાવને મહામલિન, ધીટ અને જ્ઞાનીઓના વચનની ઉપેક્ષા-અવગણના કરાવવા સુધી લઈ જનારું બને છે ! જુઠ્ઠી રીતે બહાર જશ લેવાની લુચ્ચાઈ કરાવે છે ! આમાં પાયાના સમ્યગ્દર્શનના પરિણામ પણ જોખમાય છે. જાણી જોઈને જ્ઞાનીના વચનનો અનાદર થયો એટલે તત્ત્વશ્રદ્ધા ગઈ ! ને એમ તુચ્છ માનને માયાથી પોષ્યું એટલે સ્વચ્છ શુદ્ધ આત્મદશારૂપ મોક્ષની રુચિ ઊડી !

**પ્ર.**- પણ દિલમાં એ બદલનું દુઃખ રાખે તો ? એને ખોટું માને તો સમકિત રહે કે નહિ ?

**ઉ.**- એમ તો પછી ભગવાનની જાણીબૂઝીને આશાતના કરે, યા ઉત્સૂત્ર-ભાષણ કરે, યા જાણી જોઈને દેવદ્રવ્ય ખાય, કે સતી કે સાધ્વીનું શીલ ભાંગે, પ્રવચનનો ઉડ્ડાહ કરે, અને સાથે 'આ ખોટું થાય છે' એમ માનતો રહે તો શું સમકિત રહે ? છેદ-સૂત્રો શું કહે છે એની તમને ક્યાં ખબર છે ? એ સાધ્વાચારના જાણી જોઈને એક, બે અને ત્રીજી વારના ભંગે આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના, એમ ચાર મહાદોષની આપત્તિ આપે છે !

**મિથ્યાત્વનું રહસ્ય :-**

રહસ્ય એ છે કે એવા જ્ઞાનીના વચનની અવગણના કરી પોષેલ માયાશલ્ય વગેરે દોષ અનંતાનુબંધી કષાયના ઉદયને આભારી છે, અને એ કષાય સમ્યક્ત્વગુણના ઘાતક છે. ખંધી કોટિના રાગ કરાય, દ્વેષ કરાય એ અનંતાનુબંધી કષાયના ઉદયને સૂચવે છે. કુમાર મહર્ષિએ કેટકેટલી સમજાવટ કરી છતાં રુક્મિએ જે માનાકાંક્ષાથી માયા પોષી એ માન-માયા ખંધા નહિ તો બીજું શું ? ત્યાં પછી એ મનથી માને કે આ ખોટું થાય છે, તો એ માન્યતા કેવી ? પોકળ જ ને ? ઉત્કટ રાગ એમ જ કરે. જીવને ભુલાવામાં નાખીને પોતાનું કામ કર્યે જાય !

માટે કહેવાનો સાર આ છે કે કદી માયાશલ્યને અને તુચ્છ માનાકાંક્ષાને મનમાં ઘાલતા નહિ. બધો વ્યવહાર સરળ-શુદ્ધ-સ્પષ્ટ દિલનો રાખજો.



**શાસ્ત્રના દાખલા** માયામાં સ્ત્રીવેદ બંધાયાનું બતાવે છે. સ્ત્રીવેદ ચોથા ગુણ ઠાણે સમ્યક્ત્વ દશામાં બંધાય જ નહિ; એ તો પહેલા અને બીજા ગુણ ઠાણે જ બંધાય. ત્યાં ક્રમશઃ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય ઉદયમાં હોય છે. શું એ જીવોને સંયમ પણ પામેલા છતાં ખોટું માનવાની માનસિક કલ્પના રાખતાં નહોતી આવડતી ? પણ આંતર પરિણતિના ઘરમાં ચોરી ચાલે એમ નથી. એટલે, મનની આવી ચોરીમાં ફસાતા નહિ.

**દિલડંખનો ભ્રમ :-**

"અમે માયાદિ પાપ કરીએ છીએ પણ અમારા દિલમાં એનો ડંખ છે. એને અમે ખોટું માનીએ છીએ. તેથી અમારા સમ્યક્ત્વને વાંધો નથી. ભલે સંયમ હણાયું, પણ સમકિતથી અમારો આરાધક ભાવ ઊભો છે, અને વૈમાનિક દેવલોક તો મળશે," એવા ભ્રમમાં તણાતા નહિ, આરાધક ભાવ અને સમ્યક્ત્વ માયાશલ્યથી ક્યાંય ઊડી જશે ! મિથ્યાત્વમાં ઘસડાઈ જવું પડશે ! મરીચિએ 'મારે શિષ્ય કરવો છે, માટે **'કપિલા ! ઈત્થં પિ, ઈહયં પિ,**-કપિલ ધર્મ ત્યાં પણ છે અને અહીં પણ છે, આટલું બોલવા દે' એમ કરી એ બોલ્યા ત્યાં ઝટ પટકાયા મિથ્યાત્વમાં ! એક કોડાકોડી સાગરોપમ કાળ જેટલો સંસાર વધારી મૂક્યો !

**કયા પાપમાં સાચો ડંખ નહિ ? :-**

આ શાસ્ત્ર ક્યાંથી લાવ્યા કે ગમે તેવાં પાપ અને ગમે તેટલાં પાપ કરો છતાં જો મનને એ ખોટાં લાગે તો સમકિત કાયમ ? હા, ચાલુ ઘરવાસના જરૂરી આરંભ-પરિગ્રહનાં પાપ સેવવા છતાં એનો સાચો ડંખ રહી શકે અને તેથી સમકિત ટકી શકે એ વાત સાચી, પણ આંખ મીંચીને સેવાતા બિનજરૂરી હદ બહારના આરંભ અને પરિગ્રહનાં પાપ, જ્યાં ને ત્યાં ભારે રોફ અને રોષનાં પાપ, માયાશલ્યનું પાપ, જાણી-જોઈને સતી-સંયમીના શીલભંગ, બાળ જીવને ઉન્માર્ગે ચઢાવવા, દેવદ્રવ્ય ભક્ષણ, મુનિઘાત, શાસનહિલના, ઉત્સૂત્રભાષણ, અસદ્ આરોપ, વગેરે વગેરે કોઈ પાપ સેવવું છે ને દિલને ડંખ ? ભગવાનનું નામ લો, એમ કાંઈ સાચા પાપડંખ રસ્તામાં નથી પડ્યા. **દેવદ્રવ્ય નાશ આદિ અંગે શાસ્ત્ર સાફ કહે છે 'મૂલગ્ગી બોહિલાભસ્સ' બોધિલાભ-સમ્યક્ત્વના મૂળમાં અગ્નિ છે !** એવો કે ભવાંતરે ભવો સુધી જૈન ધર્મનું મોઢું જોવા ન મળે ! મુનિપણાના આચારના ભંગ માટે ધર્મદાસગણી મહારાજે ઉપદેશમાળામાં કહી દીધું કે એ આચાર પાળવાની પ્રતિજ્ઞા લઈને હવે એનો ભંગ કરનારો, એના જેવો મિથ્યાવાદી બીજો કોણ છે ? તે વળી માયાથી ગુપ્તપણે ભંગ કરવાનું અને લોકમાં સાર મનાવવાનું ઊભું રાખવું એ કેટલી દુર્દશા ?

**પ્ર.**- પણ બીજા અધર્મ ન પામે માટે ગુપ્તતાથી કરીએ તો તો સારું ને ?

ઉ.- મનનો આ ઉઠાવ છે. હૃદય તપાસવાની જરૂર છે કે શું બીજા અધર્મ પામે ખરેખર એ ભય છે ? કે પોતાની લઘુતા-હલકાઈ થાય એ ડર છે ? તમને તો આત્મનિરીક્ષણ કરતાં ય નથી આવડતું ! એટલે જાતના દોષને ઢાંકીને એના પર જાતે જ ગુણનો સિક્કો લગાવવો છે ? એને ગુણનો વાઘો પહેરાવવો છે ! એથી શું વળશે ? ઠીક છે ભોળી-અજ્ઞાન દુનિયાને આંખમાં ધૂળ નાખી સારા દેખાયા-મનાયા-પૂજાયા, પણ અહીં અમરવાસ તો નથી ને ? હૃદયના વાંકા વળ જિંદગી પૂરી થયા પછી આત્મા સાથે જડબેસલાક સીલપેક થઈ સાથે ચાલશે એનું કેમ ? પછી તો એની ત્યાં પરભવે ગમ જ નહિ હોય કે જેથી આલોચના-પ્રાયશ્ચિત્ત કરી શકાય, એ તો ભવોના ભવો સુધી અકબંધ ચાલવાના અને દુઃખદ દુર્ગતિઓના ભયંકર ત્રાસ દેખાડવાના ! દુનિયાને અવળા પાટા શા બંધાવવા ? એમાં કર્મ આપણને જ અવળા પાટા બંધાવે છે !

ખરી વાત આ છે કે દિલની સરળતાનો પાયો પહેલો રચો. એના પર, ભૂલ થઈ જવા છતાં, ઘણો ઘણો બચાવ મળવાના ઉપાય યોજી શકાશે.

**સરળતા છે ત્યાં બચવાના ઉપાય છે, વક્રતા છે ત્યાં નહિ,** એવો વક્ર આત્મા વિશિષ્ટજ્ઞાની પાસે પાપનું પ્રાયશ્ચિત્ત લેવા જાય છે, ત્યાં વિશિષ્ટજ્ઞાની ના પાડી દે છે કે તારા માટે ખરેખર પ્રાયશ્ચિત્ત નથી. આલોચના કરવી ને વક્રતા રાખવી એ ક્યાંનો ન્યાય ? એ કેવી મૂર્ખાઈ ? પણ ગુરુ આગળ ખરાબ છતાં થોડા સારા દેખાડવાની મૂઢતા એ વક્રતા કરાવે છે. ત્યાં હૃદયશુદ્ધિ ન થાય, નિઃશલ્યતા ન આવે. સરળતા એટલે ચોક્ખી સરળતા જોઈએ. થોડી સરળતા અને થોડી વક્રતા એ ખરેખર સરળતા જ નથી. માણસ જ્યારે એમ કહે છે કે 'હા મારી ભૂલ થઈ છે, પણ અમુક અમુક સંયોગને લઈને કિન્તુ ખાસ ચાહીને નહિ,' ત્યારે આ બચાવ શાના ઘરનો છે ? પોતાનું માન ઊભું રાખવું છે, એના ઘરનો. એમાં છૂપી વક્રતા પોષાય છે એનું એને ભાન નથી. સરળ હૃદય તો માની લે કે 'સંયોગ-બંયોગનાં બહાનાં નકામા છે. ભૂલ જાણતાં જ કરી છે. પછી ભૂલ એટલે ભૂલ. સીધી કબૂલ જ કરી દેવાની.'

**વક્રનો અંતકાળ ભારેખમ :-**

સરળ માણસ આ જીવનમાં પણ સ્વસ્થતા ભોગવી શકે છે, પછી ભલે ક્યારેક સરળ ઇકરારને લીધે થોડું વેઠવું ય પડે. પણ દિલ-કોચામણ નહિ રહે. વક્ર-માયાવીને અંદરમાં દિલ કોચાયા કરશે એટલે શાંતિ-સ્વસ્થતા નહિ રહે. અને ખરું તો અંતકાળે ભારે થઈ પડે છે ! નજર સામે જિંદગીના કરેલાં એ કાવાદાવા-પ્રપંચ-કૂડકપટ ભૂતાવળની જેમ ખડી થાય છે ! જેની જેની સાથે વક્રતા કરી, માયા



રમ્યો, એ બધા કાંઈ એ વખતે હાજર નથી તેમ જે હાજર છે એની સાથે રમેલી માયાના બધા પ્રસંગો યાદ પણ નથી, તેથી હવે શી રીતે ઇકરાર કરી એ માયાના વળ ઉકેલી શકે ? એટલે એના વળ એમ જ આત્મામાં જામ પડ્યા રહેતા દેખી હૈયા પર અપરંપાર ભાર લાગે !

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૩૫,તા.૧૨-૬-૧૯૬૫**

ત્યારે સરળ જીવને જીવન પણ ફોરું અને મૃત્યુ પણ ફોરું. એ સમજે છે કે 'પાપ કર્યા છે, પણ માયાથી નહિ; ને ઉપરાંત ગુરુ પાસે આલોચના કરી કરી પ્રાયશ્ચિત્ત પણ લીધાં છે; એટલે હૃદય ફોરું છે. હવે સરળ હૃદયે એ પાપોની ફરીથી ગર્હા-નિંદા કરવા દે. શાસ્ત્ર દુષ્કૃતગર્હા વારંવાર કરવાનું કહે છે. કેમ વારુ ? કારણ કે એથી દુષ્કૃતની હેયતા-ત્યાજ્યતાનું ભાન જીવતું જાગતું રહે; અને એ ભવસ્થિતિ પકવવાનો એક મહાન ઉપાય છે એમ પંચસૂત્ર શાસ્ત્ર કહે છે.'

**સરળતા ગુણને લીધે બીજાનો વિશ્વાસ** પણ સંપાદન કરી શકાય છે. માયાવીનો કોઈ ભરોસો કરતું નથી. સગી બાયડી પણ વિશ્વાસ નહિ મૂકે, છોકરો ય નહિ મૂકે. ત્યારે જેની સાથે વર્ષો રહેવું છે, જેની સાથે વારંવાર કામ પડે છે એનો વિશ્વાસ ગુમાવવો, એ શંકાની દૃષ્ટિએ વ્યવહાર રાખ્યા કરે એમાં શી મજા આવે ? ધણીએ રૂા.૫૦૦ લાવીને પત્નીને આપ્યા અને કહે 'લ્યો આ રાખજો, ત્યાં પત્નીને શંકા રહ્યા કરે કે 'કેમ આપતા હશે ? કોણ જાણે એમના મનમાં શો ય ભેદ હોય ?' તો શું થવાનું ? રૂપિયા આપવા છતાં પત્નીનો સદ્‌ભાવ મેળવી શકાવાનો નહિ. ત્યારે જો રૂપિયા આપવાને બદલે ઊલટું માગશે તો વળી વિશેષ શંકા પડવાની કે 'કેમ માગતા હશે ? માગીને લઈ જઈ પાછા લાવશે યા નહિ ?' એમાં નથી ને પાછી રકમ લાવવામાં ઢીલ થઈ તો પત્નીના મનમાં કંઈ ને કંઈ ગોટા વળશે !

**પૈસાના લોભમાં અનર્થ :-**

માણસને આજે પૈસા કેવા વહાલા છે એ તો કાંઈ તમારાથી અજાણ્યું નથી ને ? પૈસાના લોભમાં નિકટના સગા સાથે પણ વૈર-વિરોધ થયા છે. પૈસાના લોભમાં માણસ કાળાં કામ અને દુષ્ટ હૃદય કરે છે. અરે ! પૈસાના લોભમાં ભોળી બાઈઓ આખા શીલભંગ સુધી પહોંચી જાય છે ! લોભમાં ભોળી બાઈઓ આખા શીલભંગ સુધી પહોંચી જાય છે ! લોભની ભયાનકતા ભારે.

એટલે વાત આ છે કે પત્નીને ય વહાલા પોતાના રૂપિયા ધણી લઈ જાય

છે, દિલ કચવાય છે. એમાં વળી ધણી માયાવી છે, એણે પત્નીનો વિશ્વાસ ગુમાવ્યો છે, એટલે પત્નીનો હૃદય-કચવાટ વધારે થાય એમાં શી નવાઈ ? સારાંશ, એ શું કે બીજા સગા-સ્નેહી, શેઠ-ગ્રાહક, ઓળખીતા-પારખીતા વગેરે સાથે માયાભર્યો વ્યવહાર સામાનો વિશ્વાસ ઊઠાડી મૂકે છે. પછી એમાં કેટલીકવાર સાચી વાત મારી જાય છે, યા બીજા રૂપે ખતવાય છે. એથી કેટલાય નુકસાન વહોરવા પડે છે. માટે માયા-પોલિસી મૂકી સરળતા જ અપનાવવા જેવી છે.

સરળતા દાખવવામાં આત્માનું સત્ત્વ ખીલે છે. સાત્ત્વિક વૃત્તિ વિકસે છે. માયાભાવમાં તો તામસભાવ પોષાય છે, નિઃસત્ત્વતા પોષાય છે. જાણી જોઈને હૃદયમાં જુદું ને બહાર દેખાડવું જાદું, એ તામસ-અંધકારમાં રાચવા જેવું, તામસભાવમાં રમવા જેવું નથી તો બીજું શું છે ? બહારના કોઈ નુકસાન-ઠપકો-હલકાઈ પણ વહોરીને દિલ સાફ રાખી સરળ-નિખાલસ વાણી-વર્તાવ રાખવા એ સાત્ત્વિકતા છે, આત્મ-સત્ત્વનો વિકાસ છે. માયાવી સાથેના વ્યવહારમાં આપણે સરળ વર્તવામાં કદાચ બહારનું કોઈ નુકસાન દેખાય તો ય તે સરળ ભાવના અતિ ઉચ્ચ આભ્યન્તર લાભની આગળ તુચ્છ છે.

**કર્મવશ વેઠવાનું પણ સરળતા લાભમાં :-**

ગુણસેન-અગ્નિશર્મામાં શું બને છે ? અગ્નિશર્માનો જીવ ભવે ભવે માયા પ્રપંચ રમે છે, ત્યારે ગુણસેનનો જીવ એક સરખી સરળતા રાખ્યે જાય છે. ભલે કર્મવશ વેઠવું પડે છે, અને કર્મ તો કોને છોડે છે ? પણ સરળતાના યોગે એમનો આત્મા ઊંચે ઊંચે ચઢતો જાય છે, તે યાવત્ અંતે સમરાદિત્ય કેવળી મહર્ષિ બની અનંત કાળના સુખના ધામ મોક્ષમાં સિધાવે છે. ત્યારે પેલો જીવ માયા પ્રપંચના યોગે અનંત સંસાર-ભ્રમણ વધારી મૂકે છે. માયા ભયંકર છે. સરળતા મહા કલ્યાણકારી છે. અધ્યાત્મ-વિકાસનો પાયો છે.

રુક્મિ-સાધ્વી માયાશલ્યમાં મરી, એક લાખ ભવ સંસારમાં ભમી ! આ લાખ ભવ પણ સ્થૂલ ભવો હશે; કેમકે પ્રભુના કહેવા હિસાબે એણે સ્ત્રીવેદ ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોડાકોડી સાગરોપમની બાંધી હતી. એ કાળ કાંઈ સંખ્યાતા ભવે, લાખ શું, કરોડ-અબજ ભવોએ પણ પૂરો થાય નહિ. વળી ત્રસની કાયસ્થિતિ ૨૦૦૦ સાગરોપમ માત્ર. એટલો જ કાળ જીવ સતત બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ભવો કરે, પછી કાં મોક્ષે જાય, કાં એકેન્દ્રિયપણામાં જાય. ત્યારે બે હજાર સાગરોપમમાં તો કેટલાય ભવો થાય. પણ ૧૫ કોડાકોડી સાગરોપમની આગળ એ કાળ શી વિસાતમાં ? તાત્પર્ય એકેન્દ્રિયના અસંખ્ય ભવો કરી એ કાળ પસાર થાય. માયાનો કેટલો બધો કરુણ અંજામ !



**રુક્મિ ક્યારે ઊંચે આવી ? :-**

આમ ચિરકાળ દુઃખદ ભવોમાં પસાર કરતાં કરતાં પહેલાં તો એ માયાશલ્ય અને માનાકાંક્ષાના સંસ્કાર નવા નવા ભવોમાં જાગ્રત થઈ અધમ આચરણ કરાવે છે; તેથી ભવની પરંપરા ચાલે છે. જૈનધર્મનું મોં જોવા ન મળે ! પણ અતિ દીર્ઘ કાળે અસંખ્ય કાળે એ ઘસારે પડતાં એ જીવ ધર્મસ્પર્શના ને શુભ કરણીમાં આવે છે. એમાં પ્રગતિ કરતાં લાખ ભવના છેવટના ભાગમાં ચક્રવર્તીપણાનું પુણ્ય ઉપાર્જી પછી ચક્રવર્તીનો ભવ પામે છે.

**રુક્મિ ચક્રવર્તી :-**

ચક્રવર્તીના અવતારમાં વૈભવનું પૂછવાનું છું ? છ ખંડના ૩૨ હજાર દેશો અને ૯૬ કરોડ ગામનું અધિપતિપણું મળે છે. ૩૨ હજાર મોટા મુગટબદ્ધ રાજાઓ ચક્રવર્તીની આજ્ઞા સ્વીકારી લે છે ! ૧૪ રત્ન, ૯ નિધિ, ૮૪-૮૪લાખનું અશ્વદળ, ગજદળ, રથદળ, ૯૬ કરોડનું પાયદળ વગેરેની માલિકી છે ! એમ અંતઃપુરમાં ૬૪ હજાર તો રાણીઓ છે, અને એ દરેકની સેવામાં બબ્બે સખીઓ, એમ કુલ ૧ લાખ ૯૨ હજાર સ્ત્રીઓનો એ પતિ છે. એકે દેવેન્દ્રની જેમ છ ખંડમય ભરતક્ષેત્રની રાજ્યલક્ષ્મીને એ ભોગવે છે.

આ બધો પ્રતાપ પૂર્વના પુણ્યનો છે, અહીંની બુદ્ધિ-હોશિયારી કે પુરુષાર્થનો નહિ. ભલે છ ખંડ સર કરવામાં બુદ્ધિ પુરુષાર્થ ઉપયોગી બને, પણ મુખ્ય પ્રતાપ તો પૂર્વના પુણ્યનો જ. દહીંનું વલોણું કરી માખણ કાઢવા માટે ભલે એમાં પાણી ઉમેરવું પડે, પણ માખણ નીકળે તે પ્રતાપ તો દહીંનો જ ગણાય; કેમકે દહીં જેવા સત્ત્વવાળું હશે તે જ પ્રમાણે માખણ નીકળવાનું. એજ પ્રમાણે ઠેઠ ચક્રવર્તી કે ઈન્દ્ર સુધીના વૈભવ મળે તે પૂર્વના પુણ્યના પ્રતાપે જ. દહીં વિના પાણી ગમે તેટલું વલોવે પણ માખણ, લેશ પણ ન નીકળે. તેમ પૂર્વના પુણ્યના ઉદય વિના પણ વૈભવ માટે બુદ્ધિ ગમે તેટલી લડાવે અને પુરુષાર્થ લાખ કરે, છતાં સમૃદ્ધિ સન્માન વગેરે ન મળે. દુનિયામાં આ બનતું દેખાય જ છે ને ? એદી જેવા માણસો મોટા વૈભવી છે, અને પુરુષાર્થી એની નોકરી ભરે છે ! કારણ, એકને પૂર્વ-પુણ્યનો ઉદય છે, બીજાને એવા નથી. પુણ્ય સિવાય બીજું શું નક્કર કારણ છે ? કશું નહિ.

સુરસુંદરી માટે બાપ-દીકરીએ મનમાન્યો પુરુષાર્થ તો કર્યો અને એ રાજકુમારને પરણી; પરંતુ પુણ્ય કાચું તે બિચારી સાસરે પહોંચતાં પહેલાં જ વગડામાં લૂંટાણી ! ધાડપાડુઓ એને ઉપાડી ગયા અને દૂર દેશમાં જઈ વેચી મારી તે એક નટડી બનવું પડ્યું ! ત્યારે મયણાસુંદરીનો કે એના બાપનો સારો પતિ મેળવવાનો ચાહીને ખાસ પુરુષાર્થ નહોતો, છતાં પુણ્ય જોરદાર હતું તે મળેલો કોઢિયો પતિ

દેવકુમાર જેવો રાજપુત્ર શ્રીપાળ નીકળ્યો ! આની પાછળ પુણ્ય વિના બીજું કોણ કામ કરી રહ્યું છે ?

પુણ્યના ઉદય પ્રમાણે જ વૈભવાદિ મળે છે. છતાં માણસને પુણ્યના માર્ગ સૂઝતા નથી ને પાપાચરણ જ સૂઝે છે કે જેનાથી નક્કી દુઃખ આવવાનાં. કવિ કહે છે.

**धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मानवाः ।**

**फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ॥**

-અર્થાત્ મૂઢ મનુષ્યો ધર્મ-પુણ્યનું ફળ સુખ સંપત્તિ મળે એમ ઇચ્છે છે, પણ ધર્મ કરવાનું ઈચ્છતા નથી. તેમ, પાપનું ફળ દુઃખ દૌર્ભાગ્યાદિ ઈચ્છતા નથી. છતાં પાપ આદરપૂર્વક હોંશે હોંશે કરે છે.

કેટલું વિચિત્ર ! શરદી મિટાવવી છે, પણ હવા ખાવાનું નથી છોડવું ! આરોગ્ય જોઈએ છે, પણ પથ્ય નથી સાચવવું ! દુઃખ મિટાવવું છે, કિન્તુ પાપ નથી છોડવા ! સુખની ઈચ્છા છે, પણ ધર્મ નથી જોઈતો. કારણ વિના કાર્ય કેમ બને ? મૂળ સિંચ્યા વિના છોડ કેમ વધે ? પાક ક્યાંથી થાય ? ધર્મ એ મૂળ છે, સુખ એ ફળ છે. નાના વૈભવથી માંડી મોટા ચક્રવર્તીના વૈભવ પણ ધર્મજનિત પુણ્યથી જ પ્રાપ્ત થાય છે. નહિતર તેવા ઉચ્ચ કોટિના પુણ્ય વિના જેને તેને ચક્રવર્તીપણું કેમ ન મળે ? દુનિયામાં દેખાય છે કે મોટી સૈન્ય-શસ્ત્રાદિની સામગ્રીથી ધાંધલ મચાવનારા અને એક વખત દુનિયાને ગભરાવી મૂકનારા પણ ચક્રવર્તી નથી બની શક્યા. નેપોલિયન-હિટલર-મુસોલિનીએ ધમાચકડી ક્યાં ઓછી કરી હતી ? પણ મનની મનમાં રહી ગઈ ને ઊંડી ગયા ને ? રુક્મિના જીવે દીર્ઘકાળ દુઃખમય ભવો કર્યા બાદ ધર્મનું શરણું લીધું, આગળ વધતાં વધતાં એટલો બધો કષ્ટમય ધર્મ સાધ્યો, કે એણે ઠેઠ ચક્રવર્તીપણાનું પુણ્ય ઊભું કરી દીધું, અને ચક્રવર્તી બન્યા.

હવે અહીં ખૂબી એ હતી કે ધર્મ પણ નિરાશંસ ભાવે કેવળ આત્મકલ્યાણ-આત્મશુદ્ધિ અર્થે સાધ્યો હતો; તેથી ચક્રવર્તીપણાના વૈભવમાં એ જીવ મોહમૂઢ ન બની ગયો.

**પ્ર.**- ધર્મ આત્માના કલ્યાણની ઈચ્છાથી કર્યો એ પણ ઈચ્છા આશંસા તો થઈ ને ? નિરાશંસપણું ક્યાં રહ્યું ?

ઉ.- આશંસા પાપઈચ્છાને કહે છે.

**૧. રાગ, ૨. દ્વેષ કે ૩. મોહથી ધર્મ સધાય એ આશંસવાળો ધર્મ કહેવાય.**

(૧) બ્રહ્મદત્ત ચક્રીએ પૂર્વભવે ધર્મ સાધતાં મોટા ચક્રવર્તીપણાના વૈભવની કામના કરી, નિયાણું કર્યું, એ રાગથી ધર્મ થયો એને આશંસવાળો ધર્મ કહેવાય.

(૨) અગ્નિશર્માએ લાખો પૂર્વ સુધી માસખમણને પારણે માસખમણ કરવા



ઉપર ગુણસેન રાજાને ભવોભવ મારવાનું નિયાણું કર્યું તીવ્ર આશંસા કરી એ દ્વેષથી ધર્મ થયો.

(૩) એમ ધર્મ કરી કોઈ ઇચ્છે કે મને ભવાંતરે ધર્મ મળે માટે દરિદ્રપણું-દાસપણું મળે. એ મોહથી ધર્મ સાધ્યો કહેવાય. મોહ એટલે મૂઢતા. અજ્ઞાન દશા, શેઠાઈ-શ્રીમંતાઈમાં ધર્મનું મન નથી થતું, દાસપણું દરિદ્રપણું હોય તો થાય, એમ માની લેવું એ મૂઢતા છે. ધર્મનું કારણ દાસપણું નથી, ને શેઠાઈ પણ નથી. ધર્મનું કારણ તો પાપબુદ્ધિનો હ્રાસ, રાગાદિનો હ્રાસ, આત્મકલ્યાણની જ વિશુદ્ધ કામના, અને અરિહંતનો પ્રભાવ છે. એમની અને એમના શાસનની નિર્મળ પૌદ્‌ગલિક આશંસા વિનાની આરાધના આંતરિક ધર્મનું કારણ છે. એ અહીં કર્યે જાઓ, વચમાં બીજી કોઈ ઘેલછા ન ઘાલો. પરભવે અચૂક ધર્મ મળશે.

- વિષયસુખના રાગ ન જોઈએ.
- જીવો પર દ્વેષ ન જોઈએ.
- અકારણભૂત પૈસા-પ્રતિષ્ઠા વગેરેને કારણે માની લઈ એની આશંસા રાખવાની મૂઢતા ન જોઈએ.

બાકી રાગાદિ વિકારો શમાવવાની ઇચ્છા, કષાય-મુક્ત થવાની તાલાવેલી, કર્મ-નિર્જરા કરવાની કામના, ગુણસ્થાનકમાં આગળ વધવાની અપેક્ષા, જિનશાસનની જિનચરણની સેવાની અભિલાષા, એ કોઈ પાપ આશંસા નથી, પાપ ઈચ્છારૂપ નથી.

ઊલટું, એમાં તો નિરિચ્છ-નિરીહ-નિસ્પૃહ બનવાની ઈચ્છા છે, ઈચ્છામાત્રનો અભાવ થાય એવી કામના છે. એટલે એ અનિચ્છાની ઇચ્છા એ શુદ્ધ નિરાશંસભાવ છે. એમાં આગળ વધતાં બને; પણ પાપઈચ્છાથી ધર્મ કરતાં નહિ, કે આત્મકલ્યાણના લક્ષ વિનાની ગતાનુગતિક ધર્મપ્રવૃત્તિથી ન બને.

**જે અંતે જોઈએ છે તેનો અંશ હાલ નથી જોઈતો ? :-**

આત્મ કલ્યાણ, કર્મ નિર્જરા, રાગાદિ વિકાર-શમન, કષાય-ઉપશમ, જિન ચરણ સેવા, વગેરેનું લક્ષ, વગેરેની તીવ્ર ઈચ્છા તો રાખવી જ જોઈએ. તો જ, ભવિષ્યમાં તો પછી, પણ અહીં અત્યારે જ ધર્મ સાધવાનાં ફળરૂપે એમાંનું અંશે અંશે ય નિપજાવવાની તમન્ના રહે, અને ચાહીને નિપજાવાય.

અંતે વીતરાગ થવું છે, મોક્ષ એવો જ વીતરાગતામય જોઈએ છે, અને અહીં થોડા પણ રાગાદિ વિકારો ઓછા નથી કરવા, એ મોક્ષની ઇચ્છા કેવી પોકળ !

અંતે સર્વકર્મ ક્ષય જોઈએ છે, ને અહીં થોડો પણ કર્મક્ષય થાય એ માટે ધર્મકષ્ટી નથી કરવી, એ સર્વ કર્મક્ષયની ઇચ્છા કેવી મુડદાલ !

શાસ્ત્ર તો કહે છે કે પરભવ માટે બોધિલાભ યાને જિનધર્મની પ્રાપ્તિ માગે

છે ને અહીં મળેલ જિનધર્મરૂપ બોધિને સક્રિય સાધવા દ્વારા સફળ કરતો નથી, તો તને કયા મૂલ્ય પર પરભવે બોધિનો માલ મળશે ? તને માગવાનો અધિકાર શો છે ? અધિકારી તો અહીં પ્રાપ્ત જિનધર્મને જીવનમાં યથાશક્તિ ઉતારનારો છે.

વિશુદ્ધ દિલે કરાતી યથાશક્તિ ધર્મની સાધના એ ભવાંતરે ધર્મ પ્રાપ્ત કરવાનું નાણું છે. અહીં ઉંમર વહી ગઈ, ચારિત્ર પાળવાની સ્થિતિ રહી નથી, પણ ભવાંતરે ચારિત્ર જરૂર મળે એવી ઈચ્છા છે; તો એનાં કોઈ લક્ષણ તો અહીં જોઈશે ને ?

**ભવાંતરે ચારિત્રનાં લક્ષણ :-**

(૧) કદાચ જાતે ચારિત્ર અશક્ય છે, પણ કુટુંબને ધર્મ સિંચી સિંચીને એ પમાડવું તો શક્ય છે ને ?

(૨) અરે ! એ ય પામે ન પામે એ જુદી વાત, પણ પોતે એની હિતશિક્ષા દેવાનું તો શક્ય ને ?

(૩) એમ કોઈ નાનપણમાં યા પરણીને તરત ચારિત્ર લેવા નીકળે એની પણ અનુમોદના તો બની શકે ને ? પરંતુ એના બદલે જો અહીં કુટુંબીને સંસાર જ શિખવાતો હોય, ચારિત્ર તરફ જતા નાના કે નવપરિણીતને નિંદવાનો હોય, તો ત્યાં ભવાંતરમાં ચારિત્ર મળવાની અહીં ભૂમિકા શી રચાય ? કયા નાણાં પર પરભવે ચારિત્ર મળે ?

(૪) એમ સંપૂર્ણ ચારિત્ર નહિ, થોડા થોડા ય વ્રત નિયમ અને પાપસંકોચ કરવાની તમન્ના ન હોય તો ભવાંતર માટે પણ ચારિત્ર મળવાની ઈચ્છા જ કેવી ?

ક્ષાયિક સમકિતના ધણી પણ નિકાચિત ચારિત્ર મોહનીય કર્મના ઉદયવાળા કૃષ્ણ અને શ્રેણિકે શું કર્યું ? ચારિત્ર કે શ્રાવકના વ્રત પણ લઈ ન શકયા છતાં કૃષ્ણે પોતાની દીકરીઓને ચારિત્ર માર્ગે ચઢાવવાનું કર્યું, રાણીઓને ચારિત્ર લેવામાં સંમતિ આપી દીધી ! યાવત્ પટ્ટરાણીને પણ !

**શ્રેણિક રાજાને** એક જ યોગ્ય સમર્થ દેખાતા પુત્ર અભયકુમારને રાજયગાદી સોપવી છે, પણ અભયકુમાર ચારિત્ર લેવાનું કહે છે, તો સંમતિ આપી દીધી ! પછી ભલે નાલાયક કોણિકના ત્રાસ ભોગવવા પડ્યા, પણ અભયકુમાર માટે કે એના ચારિત્ર માટે અફસોસી ન કરી. આ સિવાય પણ કૃષ્ણ અને શ્રેણિકનાં જીવનમાં અર્હદ્ભક્તિ, સાધુભક્તિ, અને ધર્મીનાં સન્માન પણ એવા કરવાનું રાખ્યું હતું કે જેના ઉપર કહી શકાય કે ભવાંતરે ચારિત્ર મળે એનું મૂલ્યભૂત નાણું અહીં ઊભું કરી રહ્યા છે.

સારાંશ ભવાંતરે જે ધર્મ જોઈએ છે, કે જે મોક્ષ જોઈએ છે, એની કઠોર ઈચ્છામાત્રથી નહિ ચાલે, પણ એના માર્ગે કંઈક ને કંઈક પ્રયાણ જોઈશે; તે ય



એની શુદ્ધ ઈચ્છા અને સચોટ લક્ષથી. આ રીત ધર્મ સધાય, તો તે નિરાંશસભાવે ધર્મ સાધ્યો ગણાય.

**રુક્મિના જીવે** એ રીતે હવે ધર્મસાધના કરવા માંડી છે તે ક્રમશઃ ચક્રવર્તી થયો, ત્યાં પણ જુઓ કેવા ઉચ્ચ ધર્મ પર ચડી જાય છે ! એ પ્રતાપ પૂર્વની ધર્મસાધનાનો તો ખરો જ, પણ નિરાંશસભાવનો, કેવળ આત્મહિતની બુદ્ધિનો.

**વિષયેચ્છાથી ધર્મબીજ શેકાઈ જાય :-**

ધર્મ કરવો કરવો ને વચમાં તુચ્છ વિષય સુખની ઈચ્છા ને લફરાં ઘાલવાં, તુચ્છ કીર્તિ-વાહવાહની કામનાનાં કલંક ઘાલવા, એ ધર્મબીજને શેકી નાખવાનો ધંધો છે. પછી એના પર ધર્મના અંકુર ન ફૂટે.

કેમકે અહીં જ ધર્મનાં ફળરૂપે અધિક ધર્મ નહિ, પણ ધર્મઘાતક વિષય સુખેચ્છા કે કીર્તિ-વાહવાહની ઈચ્છા કરી. પછી જે ઈચ્છયું તેની જ મમતા આગળ થવાની. એ ન્યાયે ઈન્દ્રિયના વિષયો ઈચ્છ્યા તો વિષયોની જ મમતા આગળ થાય ને ? ધર્મની મમતા જ ક્યાં રહે ? એનો અર્થ ધર્મબીજ નષ્ટ !

**સવારથી તપાસો :-**

આ બધુ બહુ તપાસતા રહેવા જેવું છે કે આપણા દિલમાં કઈ વાસના મુખ્ય બની જાય છે, ધર્મની ? કે દુન્યવી કોઈ ચીજના રાગની, દ્વેષની કે મૂઢતાની ? હૈયાનો ઝોક કઈ બાજુ જાય છે એ તપાસતા રહેવા જેવું છે, જેથી જ્યાં ધર્મ ગૌણ યા લક્ષ-બહાર થતો દેખાયો ને રાગ-દ્વેષ-મૂઢતા મુખ્ય થતા જણાયા કે તરત વિવેક કરી એ ઝોક ફેરવીને ધર્મનો મુખ્ય ઝોક કરી શકીએ. સવારે ઊઠ્યા બરાબર ધ્યાન રાખવા જેવું છે કે મનમાં વિચાર કયા શરૂ થઈ જાય છે ? અને પછી પણ બહુધા વિચારો શાના આવે છે ? ધર્મના ? કે દુન્યવી ચીજ જંજાળના ?

**પ્ર.**- આત્મામાં ઓજસ ન પ્રગટતું હોય, ગુણોની મમતા ન જામતી હોય, ધર્મક્રિયામાં તરબોળ રસ ન જામતો હોય, વારંવાર દેવ-ગુરુના ઉપકાર યાદ ન આવતા હોય,... આવું બધું કેમ ?

ઉ.- તપાસશો તો દેખાશે કે મગજ રાગ-દ્વેષ-મોહની આશંસાઓ, અપેક્ષાઓ, અને વિચારણાઓથી ઘેરાયેલું રહે છે. તેથી આવા મગજે પછી વરસોના વરસો ભલે ને ધર્મક્રિયા નિયમિત કર્યે જવાતી હોય, છતાં મિંયા ઠેરના ઠેર, હૃદય પરિવર્તન-પરિશોધનની દૃષ્ટિએ કશું નોંધપાત્ર પગલું આગળ નહિ !

આવું ચલાવવું ગમે છે તમને ?

ભવાંતરે ક્રિયાના અભ્યાસ કરતાં વિશેષ તો દિલ લઈ જવાનું છે, એ ભૂલશો નહિ. અલબત્ત એથી કાંઈ સારી કે નરસી ક્રિયા કામ નથી કરતી એમ

નહિ; પણ ક્રિયામાં જેવું દિલ હશે એ પ્રમાણે કામ થશે. ક્રિયા સાંસારિક છે અને એમાં દિલ પણ એવું મોહમય ભાવથી ભરેલું છે, તો એ ક્રિયાના વધુ ને વધુ અભ્યાસને લીધે દિલ ગાઢ મોહમય ભાવભર્યું બનેલું લઈ જવાનું.

ભાવને અનુકૂલ ક્રિયા ભાવનું પોષણ કરે છે, ભાવને દૃઢ કરતી જાય છે. જેમકે, હૈયામાં ભાવ જાતવડાઈનો છે, અભિમાનનો છે, અને ક્રિયા પણ બીજાને તુંકારા-તોછડાઈથી બોલાવવા-કરવાનો છે, તો દિલનો સ્વોત્કર્ષ અભિમાનનો ભાવ પુષ્ટ થતો જવાનો. એથી ઊલટું ભાવ વાત્સલ્યનો છે, નાનાઓ કે સમાનનું કરી છૂટવાનો સ્વાર્થરહિત ભાવ છે, એ તુંકારથી બોલાવવાનું કરશે છતાં દિલમાં વાત્સલ્ય વધતું જશે. બુઢ્ઢી માતાઓ મોટી આધેડ ઉંમરના પણ દીકરા દીકરીઓને તુંકારાથી બોલાવે છે ને ? પણ એની પાછળ એના દિલમાં વાત્સલ્ય કેટલું બધું ઊભરાતું રહે છે ! એની એજ મોટી શેઠાણી તરીકેના અભિમાનથી એમ કર્યે જતી હશે તો એથી અભિમાનનો ભાવ જોરદાર બનતો જવાનો.

**કાપનારા ત્રણ, પણ ભાવ જુદા :-**

કસાઈ ધંધો જેમ આગળ આગળ કર્યે જાય છે. તેમ તેમ એના દિલની કઠોરતા વધતી જાય છે. શું ક્રિયા નકામી ગઈ ? ના, ભાવને વધુ જમાવવામાં કારણભૂત બનતી ચાલી. અહીં ભાવ અશુભ છે નિર્દયતાના છે, તો ક્રિયા એને મજબૂત કરી રહી છે. એથી ઊલટું કોઈ સેવાભાવી ડોક્ટર મફત યા બહુ અલ્પ મહેનતાણાતી સાર્વજનિક હોસ્પિટલમાં સેવાના ભાવથી ઓપરેશન પર ઓપરેશનની ક્રિયા કર્યે જાય છે, તો એ ક્રિયા એના સેવાભાવને વધુ ને વધુ પુષ્ટ કરતી ચાલે છે. ત્યારે જો પોતાની ખાનગી હોસ્પિટલમાં રીતસર પૈસા પડાવીને ઓપરેશન કર્યા જાય છે, તો એનો લક્ષ્મીનો મોહ વધુ ને વધુ સતેજ પુષ્ટ બનતો આવે છે. ક્રિયા અંગ કાપવાની ત્રણેયની છે, ભાવનું પોષણ જે મૂળ દિલ છે એના આધારે થઈ રહ્યું છે,-એકને નિર્દયતાનું, બીજાને સેવાભાવ-પરાર્થવૃત્તિનું અને ત્રીજાને ધન-તૃષ્ણાનું. આમાં ભાવને અનુકૂળ ક્રિયાના ભાવને અભ્યાસે દૃઢ વધુ દૃઢ કરવાનું કર્યું, એ સૂચવે છે કે ક્રિયા નિરર્થક નથી.

**એવું જ ધર્મક્રિયામાં છે.** મૂળ કેવા ભાવના દિલથી ક્રિયા આરંભો છો, એ જોજો. જો લોકમાં ધર્મી ગણાઈએ એવી માનાકાંક્ષાથી યાને સારા દેખાવાની આશંસાથી ધર્મક્રિયા કરવા માંડી, દાન દેવા માંડ્યું, અગર વ્રત-નિયમ-પૂજા-સામાયિક કરવા માંડ્યું, કે તપસ્યા શરૂ કરી, યા શાસ્ત્ર ભણવા માંડ્યાં, તો પછી એ દાનાદિ જેમ જેમ કરાતા જશે, તેમ તેમ માનાકાંક્ષાનો ભાવ વધતો જશે.

**અપવાદ** :- અલબત એક જિનાગમની એ તાકાત છે કે એનું અવગાહન



વધતું જાય ત્યાં ક્યારેક શાસ્ત્રના ગંભીર તત્ત્વ જોતાં માનાકાંક્ષાને ઠોકર લાગી જાય, ને એ નષ્ટપ્રાય પણ થઈ જાય. જેમકે, ગોવિંદ બ્રાહ્મણે સારા વાદી બનવાની કળામાં પારંગત થવા માટે એ વૃત્તિ હૈયામાં છૂપી રાખી જૈનાચાર્યને બહારથી વૈરાગ્ય દેખાડી દીક્ષા લીધી, અને જૈન શાસ્ત્રો ભણવા માંડ્યા. ભણતાં ભણતાં જિનાગમની અગાધ વાતો જોઈ મન પીગળી ગયું. જાતની માનાકાંક્ષા પર ઘૃણા થઈ ! તિરસ્કાર છૂટ્યો !

આ જ જિનાગમનાં જ્ઞાન અને ચારિત્રને ઉચ્ચ ફળરૂપે સ્વ-પરના ઉત્કૃષ્ટ આત્મોત્થાન દેખ્યાં ! ત્યારે એ છોડી માનપોષણમાં અતિ તુચ્છ અને આત્મઘાતક ફળ દેખાયું. ત્યાં માનાકાંક્ષા ઉડી ! ગુરુ પાસે યથાર્થ નિવેદન કરી શુદ્ધિ કરી ફરીથી વિશુદ્ધ સંયમમાં લીન થયા અને મહાન પ્રભાવક વ્યાખ્યાતા ગોવિંદાચાર્ય બન્યા ! પરંતુ આ ક્યારે ! કે કંઈક પદાર્થદૃષ્ટિ અંતરમાં રમતી હતી, તેમજ મિથ્યામતમાં તુચ્છ તત્ત્વ અને જિનાગમનાં અતિ મહાન તત્ત્વની તુલના તથા બંને વચ્ચે આકાશ-પાતાળનાં અંતર મગજમાં રમતા બન્યા. તો જ એ કાર્ય થયું. પણ આ તો અપવાદ હોં કે જે બહુ ઓછાને લાધે. મોટા ભાગે તો એ પદાર્થદૃષ્ટિ અને તુલના સાથે મહાન અંતરનું ભાન બહુ ઓછાને રહે. એ નહિ અને કેવળ માનાકાંક્ષાથી ભણાતું-વંચાતું રહે ત્યાં એ પઠન-વાંચનની ક્રિયા વધતી તેમ તેમ દિલનો માન અને લોભકષાયનો ભાવ વધુ ને વધુ પુષ્ટ થતો રહેવાનો. એમાં પછી આગળ વધતાં લોકવાહવાહાર્થે લોકરંજનાર્થે ગમે તેમ ભરડવાનું બને એમાં નવાઈ નથી. આજના અમુક-સાક્ષરોમાં આ દેખાય છે ને ? એમના જેવી મંડળી અને ભોળા જીવોમાં પોતાની સારી વિદ્વત્તા દેખાય એ માટે જિનાગમ વિરુદ્ધ બોલતાં-લખતાં, જૈન તત્ત્વોને ઊંધા મરડતાં, જૈન ઈતિહાસને કદ્રપો બનાવતાં, કોઈ આંચકો છે ? મનઘડંત કલ્પના અને કુત્સિત તર્ક આગળ કરીને બાફે છે ને ?

**ઊલટું બાફનાર આધુનિક સાક્ષર :-**

એક સાક્ષરે એવા ભાવનું લખ્યું કે, 'પાર્શ્વનાથ ભગવાનના વખતમાં ચાર મહાવ્રત હતા, પછી મહાવીર પ્રભુએ પાંચ મહાવ્રત કર્યા; કેમ ? એટલો બુદ્ધિનો વિકાસ વધ્યો, એથી. પૂર્વ કરતાં હવે વધુ સંસ્કારિતા આવી એટલે બ્રહ્મચર્યને જુદું મહત્ત્વ આપી આચારના પાંચ મહાવ્રત કર્યા.' જુઓ આ મારક વિદ્વત્તા ! આ કુટિલ તર્ક અને કપોલ કલ્પના ! હકીકતમાં શાસ્ત્ર એથી ઊલટું જ કહે છે. એ કહે છે. મધ્યમ બાવીસ જિનના કાળમાં લોક ઋજુ અને પ્રાજ્ઞ તેથી વધુ સંસ્કારિત હતા, એટલે પરિગ્રહ વ્રતમાં જ ભેગું બ્રહ્મચર્ય સમજી શકતા હતા. અબ્રહ્મસેવન, પહેલા સ્ત્રીને પોતાની તરીકે કર્યા વિના, યાને એના પર પરિગ્રહ બુદ્ધિ-મમતા કર્યા

વિના, બની શકે નહિ, એટલે પરિગ્રહ ત્યાગમાં સ્ત્રીનો ત્યાગ સરળ અને પ્રાજ્ઞ ભાવે સમજી શકતા હતા. પહેલા જિનેશ્વરના વારામાં પ્રજા ઋજુ-સરળ ખરી, પણ જડ, પ્રાજ્ઞ નહિ, તેથી આ સમજ આ વિવેક કરી શકે નહિ. તેમજ છેલ્લા જિનેશ્વરના સમયમાં પ્રજા પ્રાજ્ઞ પણ નહિ અને સરળ પણ નહિ, કિન્તુ જડ અને વક્ર તેથી કોઈ સમજાવે તો ય સમજે નહિ, કિન્તુ જડ અને વક્ર તેથી કોઈ સમજાવે તો ય સમજે નહિ, ઊલટું સામી દલીલ કરી સિદ્ધ કરવા મથે કે 'અમે સ્ત્રીને પરણીશું નહિ, પોતાની નહિ કરીએ, કોઈની સ્ત્રી પકડશુ, પછી એ શાની પરિગ્રહ રૂપ કહેવાય ?'- આમ પ્રજાની ઋજુ-જડતા, અને વક્ર-જડતાને લક્ષમાં રાખી પહેલા અને છેલ્લા જિનેશ્વર ભગવંતોએ બ્રહ્મચર્ય વ્રત અલગ પાડી પાંચ મહાવ્રત પ્રરૂપ્યાં.

**કોણ વધુ સંસ્કારી, વધુ બુદ્ધિમાન ? :-**

હવે વિચાર કરી જુઓ કે શ્રી પાર્શ્વનાથ ભગવાનના વખતમાં પ્રજા વધુ સંસ્કારી ? કે શ્રી મહાવીર સ્વામીના વખતમાં પ્રજા વધુ સંસ્કારી ? પરિગ્રહ પાપમાં જ અબ્રહ્મપાપ સમાવિષ્ટ ન સમજી શકવું એ બુદ્ધિવિકાસ ? કે સમજી શકવું એ બુદ્ધિવિકાસ ? વધારે બુદ્ધિમાન તો એ, કે જે વસ્તુને વધુ ઊંડાણથી જોઈ શકે. કાબેલ ઝવેરી કોણ કહેવાય છે ? હીરાને ઉપર ઉપરથી જુએ એ કે ઝીણવટથી જુએ એ ? પરિગ્રહ પાપને ઝીણવટથી જુએ તો દેખાય કે સ્ત્રીનો ભોગ એનો પરિગ્રહ કર્યા પછી જ થાય છે, તેથી પરિગ્રહનો ત્યાગ કર્યો એટલે અબ્રહ્મપાપનો ત્યાગ સાથે જ સમજી લેવાનો થઈ ગયો. શું આ સમજી શકે એનો ઓછો બુદ્ધિવિકાસ અને ન સમજે એનો વધુ બુદ્ધિવિકાસ ?

**ત્યારે સંસ્કારિતા પણ અધિક કઈ ?** થોડા વ્રત-નિયમનમાં અધિક પાપ છોડે એ ? કે અધિક ન છોડવાનું બહાનું કાઢે એ ? બાપે માનો બે દિકરાને શીખવ્યું કે 'ભાઈ ! જુઓ, વડીલોની અદબ ચૂકવી નહિ.' હવે એક દીકરો તો એના વ્યાપક સ્વરૂપને વિચારીએ નક્કી કરે છે કે 'તો પછી વડીલને પૂછ્યા વિના કંઈ કામ કરવું નહિ.' બીજો વિચારે છે કે અદબમાં તો એમનો વિનય સાચવવાનું, ને સામે નહિ બોલવાનું આવે, પણ વગર પૂછ્યે કંઈ કરવામાં કયાં અદબ ભંગ થયો ?' બોલો બેમાં વધુ સંસ્કારી કયો દીકરો ? માનો કે તમે જ આવા બે દીકરાના બાપ છો, તો કોને વધુ સંસ્કારી ગણશો ? વધુ ડાહ્યો ગણશો ? વડીલને પૂછીને કરવું એ પણ વડીલની અદબ જાળવી કહેવાય. સ્વતંત્રપણે પોતાના મનને પૂછીને કરવાનું હોય તો વડીલ કરતાં પોતાનામાં નાનાપણું શું આવ્યું ? વડીલેય સ્વતંત્ર અને નાનો ય સ્વતંત્ર; પછી આજ્ઞાકારક-આજ્ઞાપાલકનો ભેદ ક્યાં રહ્યો ? વડીલની અદબ એટલે તો વડીલનું વડીલપણું આજ્ઞાકારકપણું અને પોતાનું



આજ્ઞાધીનપણું, આશ્રિતપણું માથે ધરવાનું. એમાં પછી પૂછવાપણું તો આવી જ જાય. તો જ અદબ જાળવી કહેવાય. આટલું ન સમજી શકે, શું એ વધુ સંસ્કારી છે ? કે સમજી શકે એ વધુ સંસ્કારી ?

**આજની ઊંધી સાક્ષરતા :-**

મહાવીર પ્રભુનાં શાસન વખતની પ્રજા પરિગ્રહ ત્યાગમાં બ્રહ્મચર્ય સમજી શકતી નથી, એને પૂર્વે સમજી શકનારી પ્રજા કરતાં વધુ સંસ્કારી શાની કહેવાય? પણ આધુનિક સાક્ષર બિચારા કોઈ જે સ્વાત્મ-કલ્યાણના ઉદ્દેશથી નહિ, કિન્તુ લોકમાં સારા વિદ્વાન તરીકેની ખ્યાતિની આકાંક્ષાથી એટલે કે માનાકાંક્ષાથી શાસ્ત્રો વાંચે-ભણે છે, એ આધુનિક જમાનાના હવામાં ફસાઈ એમ સિદ્ધ કરવા મથે છે કે 'પૂર્વનો કાળ અલ્પ બુદ્ધિ-વિકાસ અને અલ્પ સંસ્કારિતાનો હતો. તે ક્રમશઃ એમાં પ્રગતિ થતી આવી એથી પૂર્વ કરતાં આજના કાળે વધુ બુદ્ધિ-વિકાસ અને વધુ સંસ્કારિતા પ્રગટી છે.' કેટલી અજ્ઞાન દશા ! કેટલી મૂઢતા ! કેવો મતિવિપર્યાસ ! પરંતુ માનાકાંક્ષાના દિલથી સમ્યક્ શાસ્ત્રોનું ય વાંચન કરાય, તો ય તે માનાકાંક્ષાને વધુ પુષ્ટ કરે એમાં નવાઈ નથી. આજનો જમાનો આ માનવાનો ચાલી પડ્યો છે કે 'પૂર્વ કરતાં બુદ્ધિ-વિકાસ અને સંસ્કારિતા વધતી આવી છે !' ડારવીનની થિયરીના આ પૂજારીઓની વચમાં માન મેળવવું હોય તો કેમ મળે ? એમનું ગાણું ગાય તે જ ને ? એ ગાણું શાસ્ત્રમાંથી યેનકેન પ્રકારે ઉપજાવી કાઢવાનું ! એટલે એ આધુનિક વિચારધારાવાળાઓમાં શાસ્ત્રોના સૂક્ષ્મ ચિંતક તરીકે ખ્યાતિ મળે !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૩,અંક-૩૬,તા.૧૯-૬-૧૯૬૫**

**ભૂલા પડતા નહિ જમાનાના તૂતમાં.** આજે સ્કૂલ-કૉલેજોમાં અને છાપા-મેગેઝિનોના લેખોમાં આ મનઘડંત વિકાસવાદના સિદ્ધાન્તનું જ સમર્થન થઈ રહ્યું છે કે આજે વિકાસયુગ આવ્યો છે. ડારવીનની થીઅરી મુજબ 'શૂન્યમાંથી પૃથ્વી પાણી વગેરે, એમાંથી જંતુસૃષ્ટિ, એમાંથી પશુ, એમાંથી વાનર, એમાંથી માનવ,... એમ ક્રમશઃ વિકાસ થતો આવ્યો છે ! પહેલાં લોકો જડ ને નાગા ફરતા, પત્થરના શસ્ત્ર વાપરતા, પછી ઝાડની છાલ પહેરવા લાગ્યા. લાકડાના શસ્ત્ર બનાવવા માંડ્યા, પછી ઊનના પછી સુતરના વસ્ત્ર અને લોખંડના શસ્ત્ર બનાવતા થયા... વગેરે. આ બધો ગણતરીના છેલ્લા હજારો વર્ષમાં વિકાસ થતો આવ્યો, એમાં આજે અણુ, રોકેટ વગેરે સુધી વિકાસ થયો છે.' એવો વિકાસવાદ આજે ચાલી રહ્યો છે.

આ આધુનિક વિકાસવાદ એક તૂત છે; કારણ કે,

**પૂર્વના વિકાસ જુઓ :-**

(૧) આજે તો શું છે, પણ ચૌદ પૂર્વ, અને બીજા જૈન શાસ્ત્રોમાં અપૂર્વ વિદ્યાઓ, મંત્રો, તંત્રો, યંત્રો, ચૂર્ણયોગો વગેરેનાં અદ્ભૂત વર્ણનો હતા ! ઉત્થાન શ્રુત, સમુત્થાનશ્રુત વગેરે ભણે એટલે એકાએક ગામ ઊઠી જાય !

જંઘાચરણ-વિદ્યાચરણ લબ્ધિવાળા પળવારમાં હજારો યોજન આકાશમાં ઊડીને જાય, વિદ્યાધરો વિદ્યાથી વિમાન વિકુર્વી દે !

અમુક અમુક વસ્તુઓનું ચૂર્ણ સમુદ્ર-સરોવરમાં નાખે ત્યાં હજારો માછલાં એકાએક ઉત્પન્ન થઈ જાય !

અમુક વનસ્પતિ-રસાયણોથી સુવર્ણરસ બને તેના એકેક ટીપાંથી તાંબુ-સોનું બની જાય !

વેદ, મહાભારત વગેરે શાસ્ત્રોમાં પણ તેવા મંત્રો, અગ્નિઅસ્ત્ર વગેરેના શસ્ત્રપ્રયોગોની વાતો આવે છે.

કળામાં કુશળ કારીગરો કાષ્ઠના એવા ઘોડા વગેરે બનાવે કે જે યાંત્રિક રચનાથી આકાશમાં ઊડીને જાય ! એવા તો મોટા કાષ્ઠમય કમળ બનાવે કે જેમાં વચ્ચે મકાન હોય અને સહેજ એક ચાંપ દબાવતાં કમળની વિકસિત પાંખડીઓ આંખના પલકારામાં બંધ થઈ જાય !

કહેવાય છે કે રાજા શ્રેણિક ધનાઢ્ય શાલિભદ્રના મહેલ પર ગયા, ત્યાં સ્નાનાગારમાં સ્નાન કરતાં આંગળી પરથી વીંટી ખસી ગઈ તે પાણી સાથે તણાતી ગઈ કૂવામાં ! રાજા વ્યાકૂળ થઈ વીંટી માટે દૃષ્ટિ ફેરવવા મંડ્યા એટલે તરત શાલિભદ્રના સેવકોએ મેલા પાણીના કૂવામાંથી યાત્રિક પ્રયોગે પાણી ખાલી કરી નાખી રાજાને કહ્યું, 'આમાં જોઈ બતાવો આપની વીંટી, અમે કાઢી આપીએ.' રાજા જોઈ ચકિત થઈ જાય છે, શરમાઈ જાય છે કે 'શું બતાવું ?' કેમકે એમાં તો શાલિભદ્રના એંઠવાડરૂપે કાઢી નાખેલા ઝગમગ-ચકમક ચળકતા દેવતાઈ ઝવેરાતની વચ્ચે મુદ્રારત્ન એક ઝાંખા પથ્થર જેવું લાગતું હતું ! આમાં કૂવાનું પાણી ક્ષણવારમાં યાત્રિક રચનાથી ઉલેચી નાખવાનું કર્યું ! ત્યારે એ કાળે યંત્રકળા કેવી પ્રવર્તતી હશે !

એ વખતે રત્નકંબળો કેવી આવતી ? ભઠ્ઠીના સફેદ ઊંદરના રૂવાડાની બનેલી, એટલે એને સાફ કરવી હોય તો અગ્નિમાં નાખવી પડે ! એ બળે-કરે નહિ, માત્ર મેલ બળીને ખાખ થઈ જાય, ને કાંબળ ઉજ્જવળ થઈ નીકળે. શિયાળામાં એ ઓઢવાથી ગરમી મળે ! ને ઉનાળે ઓઢવાથી શીતળ ઠંડક મળે !

કહે છે ને ૨૦૦ વર્ષ પૂર્વે ઢાકાના કારીગર અંગૂઠાની કારીગરીથી એવી બારિક મલમલ વણતા, કે એનો તાકો મૂઠીમાં સમાઈ જાય !



ત્યારે ઔષધ પણ કેવા કેવા ચમત્કારિક હતા એના 'સાપ ગયા ને લિસોટા રહ્યા'ની જેમ આધુનિક કાળે પણ ક્યાંક ખૂણે ખાંચરે એના જાણકાર અને સફળ પ્રયોગ કરનાર સાંભળવા મળે છે.

હમણાં હમણાં થઈ ગયેલ મહમ્મદ છેલની વાતો સાંભળી છે ને ? ટ્રેનમાં વગર ટિકિટે બેસે, ટિકિટ ચેકર આવે અને ટિકિટ માગે તો ખીસામાંથી ઢગલો ટિકિટો કાઢી બતાવે ! કોઈને મીઠાઈ ખાવી હોય તો એમજ કહે 'લે ધર થાળી.' પેલો થાળી ધરે એટલે અદશ્ય પણે મીઠાઈ એમાં આવી પડે ! તે નજરબંધીની નહિ, સાચેસાચ પેલો મીઠાઈ ખાય અને પેટ ધરાય ! એક વાર ભિક્ષા લઈ જતાં એક ગોરજીની મહમ્મદે મશ્કરી કરી 'મહારાજ ! આ ઝોળીમાં શું લઈ જાઓ છો ? માંસ ? જુઓ જુઓ !' ગોરજી અંદર જુએ તો માંસ દેખ્યું ! પેલાને કહે છે 'અલ્યા સાધુની ય મશ્કરી ? લે ત્યારે ઊભો રહે તું.' બસ, ગોરજી કહીને ગયા, મહમ્મદ ત્યાંથી ન હાલી શકે ન ચાલી શકે ! શું કરે હવે ? ગોરજીને વિનંતિ કરી બોલાવવા પડ્યા, બજાર વચ્ચે માફી માગવી પડી, ત્યારે છૂટ્યો ! શું આ ? અતિ પ્રાચીન કાળથી ચાલી આવતી વિદ્યા-મંત્ર વગેરેનો પ્રભાવ ! એ બધા પ્રાચીન વિદ્યામંત્રાદિસિદ્ધ વિકાસની આગળ આજનો વિકાસ કહી પ્રાચીન પર અંધેર પિછોડો કરવો એ વિકાસવાદ તૂત નહિ તો બીજું શું ?

(૨) શાત્રોમાં વિકસિત વિદ્યાઓ ભરી પડી છતાં ઋષિ-મહર્ષિઓ જગતમાં એના પ્રચાર-પ્રકાશન નહોતા કરતા, તે એક જ શુભ ઉદ્દેશથી કે માનવ અને ઈતર પ્રાણીઓનું નિકંદન ન નીકળે. આજે અણુશાસ્ત્રોનો ભય વ્યાપક બન્યો છે ને ?

**નિર્દોષ માનવપ્રજા ભયભીત થાય એ વિકાસ કે પીછેહઠ ?** આજની આ અણુબોંબ, હાઈડ્રોજન બોંબ અને કોબાલ્ટ વગેરેની શોધોના લીધે તો પરસ્પર રાષ્ટ્રો વચ્ચેનો ભય વધ્યો ! એથી પાર વિનાનો લશ્કરી ખર્ચ પણ વેડફાઈ રહ્યો છે ! એ ભય ન હોત તો એટલો ખર્ચ કેટલીય માનવ રાહત અને માનવ ઉદ્ધારમાં કામ લાગત !, એમ આજના જ શાંતિપ્રિય લોકો કહે છે !

**હિંસાના પ્લેગમાં વિકાસ કે વિનાશ ? :-**

આજે આ શોધો-આવિષ્કારો અને કહેવાતા વિજ્ઞાન- વિકાસમાં હિંસા કેટલી ભયંકર વધી ગઈ છે ! એમાંય ભારત જેવા ઉચ્ચ સંસ્કૃતિવાળા દેશમાં પણ કેવો હિંસાનો પ્લેગ ફાટી નીકળ્યો છે ? ભયંકર કતલખાના, ઊંદર-માકડ-મચ્છર-વાંદરા-દેડકા વગેરેની જાલિમ હિંસા કેવી નિર્ઘૃણ-નિર્દય અને ક્રૂર હૃદયે થઈ રહી છે ! ઊંદરમાર, માખીમાર વગેરેના વ્યાપક સપ્તાહ ઊજવાય, એ કેટલી નિષ્ઠુર પિશાચી લીલા ? જંતુમારની દવાઓનો ધૂમ પ્રચાર ! જીવતા ઢોરોને મારી એ બિચારાના

ઉઝરડેલા ચામડાના ક્રોમ લેધરના બૂટ-ચંપલ-પાકિટ વગેરેનો ધૂમ પ્રચાર ! હિંસાભરી દવાઓનો અઢળક પ્રચાર ! ઈંડાં-મચ્છી-માંસ વગેરેનાં ભક્ષણ તો જાણે સામાન્ય થઈ ગયા ! આ બધો વિકાસપંથ કે વિનાશપંથ ?

**ઈર્ષ્યા-ચોરી-ખૂન વગેરેમાં વિકાસ :-**

કહો જોઉં, આ વિકાસયુગ આવ્યો કે વિનાશયુગ ? લોકોમાં દયા-પરોપકાર-સહિષ્ણુતા-તૃપ્તિ વગેરે સાત્ત્વિક ભાવ વધ્યા કે નિર્દયતા-સ્વાર્થાંધતા-ઈર્ષ્યા-તૃષ્ણાદિ તામસભાવ ફાલ્યાફૂલ્યા ? ચોરી-લૂંટફાટ, ખૂન, વ્યભિચાર અને બદમાશી કેટકેટલા વધી ગયા છે ! લાંચરુશ્વત-અનીતિ-અપ્રામાણિક્તા કેવી જાલિમ વધી ગઈ છે ! નાની પ્રજામાં પણ કેટકેટલી બદીઓ ઊભી થઈ ગઈ છે ? સ્વચ્છંદવાદ, ઉદ્ધતાઈ, હડતાલો, હુલ્લડ, વગેરે કેવા સહજ જેવા ?

**પ્રગતિ કે અવનતિ ? :-**

આ બધું શું કહેશો ? માણસ પ્રગતિના પંથે કે અવનતિના ? પહેલાં રૂપિયાનું ચાર શેર ઘી મળતું, આજે ચાર રૂપિયે શેર મળે, બેમાં કયો વખત વિકાસનો ? ને કયો પીછેહઠનો ? પહેલાં માણસનાં જીવનમાં બાહ્ય પ્રવૃત્તિ મર્યાદિત અને આધ્યાત્મિક પ્રવૃત્તિ ભરપૂર ! આજે બાહ્ય ભૌતિક ધાંધલે જ જીવનને ઘેરી લીધું છે. ક્યાં માનવી યુગ ને ક્યાં પાશવી યુગ ?

હવે એમ કહેવું કે 'પ્રાચીન કાળ અલ્પ વિકાસનો હતો. પછાત હતો, અને આજે ખૂબ વિકાસ થઈ રહ્યો છે,' એ કહેવું કેવું આંખ મીંચીને વિચારશૂન્ય કથન છે ? એક આંધળો કૂવામાં પડ્યો, પાછળ બીજો આંધળો પડ્યો, ત્રીજો પડ્યો ચોથો, પાંચમો...ચાલ્યું ! એમ એક બોલ્યો વિકાસયુગ, બીજો બોલ્યો, ત્રીજો બોલ્યો,. ચાલી પડ્યું ! એમાંના કોઈને જરા ઊભા રહી, ઠરીને વિચાર કરવાની ઊંડી બુદ્ધિ લગાવવાની ફુરસદ નથી કે 'અલ્યા ભાઈ ! જુઓ તો ખરા કે પ્રગતિમાંથી અવનતિમાં છીએ કે અવનતિમાંથી પ્રગતિમાં ? આમાં આજના કહેવાતા સાક્ષરોય બિચારા ફસી પડ્યા છે ! એટલે પાર્શ્વનાથ ભગવાન કરતાં મહાવીર ભગવાનના યુગને વધારે વિકાસવાળો અને પેલો અલ્પ વિકાસવાળો યુગ કહે છે ! સ્વર્ગને, દેવતાઓને, સર્વજ્ઞતાને હંબગ-ગપોડું માને છે ! આચાર્યોના શાસ્ત્રોને કલ્પનાથી ઉપજાવી કાઢેલા-અગર ઇતરોનું અનુકરણ કરનારા કહે છે ! સ્ત્રીઓની સ્વચ્છંદતા મર્યાદાહીનતાને સ્વતંત્રતા અને વિકાસ કહે છે ! ઘૂંઘટ વગેરેની સ્વ-પર શીલના રક્ષાબુદ્ધિના પ્રાચીન રિવાજોને કુરૂઢિઓ ગણે છે ! પાપપ્રવૃત્તિ ઓછી કરી સ્વપર આત્મહિતકર ધાર્મિક પ્રવૃત્તિ પુષ્કળ કરવાનું શીખવનાર જૈન ધર્મને નિવૃત્તિ-પ્રધાન એટલે કે નિષ્ક્રિય જેવો કહે છે ! અને બૌદ્ધ ધર્મે પ્રવૃત્તિ મુખ્ય કરી તેથી એનો અધિક



ફેલાવો થયો એમ કહે છે...આવાં બધાં જૂઠાં પ્રતિપાદન એ સાક્ષરતા ને ?

**પરલોક લઈ જવાની ચીજ દિલ :-**

વાત આ હતી કે લોક-વાહવાહની આકાંક્ષાના ભાવથી જૈન શાસ્ત્રો પણ વાંચવાની ક્રિયા કરે તો ગોવિંદાચાર્ય જેવાને હૃદય પલટો-ભાવ પરિવર્તન થાય, એ દાખલો અપવાદ; બાકી તો માનાકાંક્ષાનો ભાવ પુષ્ટ થતો જાય છે. એટલે ક્રિયા નકામી જતી નથી, છતાં એનો સરવાળો ભાવમાં યાને દિલમાં આવીને ઊભો રહે છે. પરલોક લઈ જવાની ચીજ આ સરવાળારૂપ દિલ છે, અહીં મજબૂત કરેલા ભાવ છે; કેમકે એવું દિલ-એવા ભાવ પરલોકમાં સહેજે પ્રગટ થઈ જાય છે.

હવે જો ધર્મ કરતાં કરતાં પણ ઇન્દ્રિય-વિષયોની ને કીર્તિ-સત્તા-સન્માનની તૃષ્ણાના ભાવ રાખ્યા તો એ પૂંઠે લાગી સમજો ! ધર્મનું ફળ પુણ્ય ભોગવતાં એ તૃષ્ણા જોરદાર પ્રવર્તતી રહેવાની ! અને કહે છે ને કે **'ઘણાવાળાને ઘણી માયા-તૃષ્ણા'** એનું દુઃખદ પરિણામ સમજી શકો છો. રુક્મિ સાધ્વીના જીવે ચક્રવર્તીપણાનું પુણ્ય ઉપાર્જતાં કરેલ ધર્મ આવી કોઈ તૃષ્ણા-આશંસા વિનાનો અર્થાત્ નિરાશંસભાવનો હતો, તેથી ચક્રવર્તીની મહાસમૃદ્ધિ પ્રાપ્ત થઈ છતાં એમાં એવી આસક્તિ, તૃષ્ણા, મમતા માયા નથી.

**રુક્મિ જીવ ચક્રવર્તી દીક્ષા લે છે :-**

એક અવસર એવો આવી લાગ્યો કે આ ચક્રવર્તી સંસારના કામભોગોથી અત્યંત નિર્વેદ-ઉદ્વેગ પામી ગયો. અંતરમાં કંઈક અંશે પણ જાગતા માણસને કે વિવેક ધરનારને એવું કાંઈક નિમિત્ત મળતાં વિવેકનો વિચાર સ્ફુરે છે, અને એમાં આખા સંસારનો અને સમગ્ર જીવનનો ક્યાસ કાઢી લે છે. 'સંસાર કેવો ? ઉપાદેય કે ત્યાજ્ય ? સાર કે અસાર ? જીવનના અંતે શું ? આત્માને લઈ જવાની સુસંસ્કાર-સમૃદ્ધિ ? કે કુસંસ્કારનો ઢેર ? ગુણવૈભવ કે દોષપુંજ ?' આનો વિવેક કરી યથાર્થ તારવણી કાઢીને અસત્ ત્યજી સત્‌ને વળગે છે.

**ચક્રવર્તીની સમૃદ્ધિ :-**

ચક્રવર્તીએ એવા કોઈ અવસરે સંસારથી ઉદ્વિગ્ન બની ચક્રવર્તીપણાની ઠકરાઈ મૂકી ! હવે રુક્મિના જીવનો ઉત્થાન પુરુષાર્થ શરૂ થઈ ગયો છે, એટલે દુન્યવી ગમે તેવી પ્રલોભક સામગ્રી પણ મૂકતાં શી વાર ? જેને આત્માની જ લગની લાગી, એને તદ્દન પર એવા જડની શી પરવા ? એ ત્યજી દેતાં શો હૃદયને આંચકો ? ચક્રવર્તીએ ચૌદ રત્ન મૂક્યા !

**આ ચૌદ રત્ન એટલે** સ્ત્રીરત્ન, દંડરત્ન, વગેરે શ્રેષ્ઠ કોટિની વસ્તુઓ. એમાં જડ, ચેતન બંને હોય. સ્ત્રીરત્નનું રૂપ, લાવણ્ય, યુવાની, સુકોમળતાદિ જગતભરની

સ્ત્રીઓમાં રૂપાદિ કરતાં કંઈગુણા શ્રેષ્ઠ ! દંડરત્ન એટલે દા.ત. જોજનો સુધીની ખાઈ એ પળવારમાં ખોદી નાખે ! ચક્રરત્ન એટલે ગમે તેવા દુશ્મનનું પળવારમાં માથું છેદી નાખે ! ચર્મરત્ન એટલે દા.ત. મૂશળધાર વરસાદ વખતે એ પાથરી મૂક્યું તો બાર જોજનની જમીન ઢાંકી દે ! અને એના પર ચક્રીની આખી સેના અને પરિવાર બેસી જાય ! એના પર છત્રરત્નથી એવું ઢાંકણ થઈ જાય કે પછી ઉપરથી કે નીચેથી એક બિંદુએ ભીંજાવાની વાત નહિ ! સેનાપતિરત્ન એવો કે ભલભલા દુશ્મન રાજાને મહાત કરી આવે ! આવા ચૌદરત્ન ! ઉપરાંત નવ નિધિ અને છ ખંડ એટલે ૩૨૦૦૦ દેશ અને ૯૬ ક્રોડ ગામ પર સમ્રાટ રાજેસરીપણું ! આ જ પ્રમાણે અતિ વિશાળ લશ્કર ! ૮૪ લાખ રથદળ, ૯૬ ક્રોડનું પાયદળ ! એમ પરિવારમાં ૧ લાખ ૯૨ હજાર સ્ત્રીઓનું અંતેપુર ! એ પ્રમાણેના સગાંવહાલાં અને દાસ-દાસીઓ લાખોની સંખ્યામાં ! બહુ પુણ્યે મળેલી એક મોટા ઈન્દ્રના જેવી આ બધી ભવ્ય રાજ્ય-સમૃદ્ધિ અને એના ભોગવિલાસ આ ચક્રવર્તીએ કાચી સેકન્ડમાં એક તણખલાની જેમ છોડી દઈ ચારિત્ર લીધું, મુનિદીક્ષા લીધી !!

**જવાબ આપો :-**

કહો જો, તમને શું મળ્યું છે અને કેવું-કેટલું મળ્યું છે કે એને જોવામાંથી અને ભોગવવા-સાચવવામાંથી ઊંચા જ નથી આવતા ?

આખીય જિંદગી એમાં જ વહી જાય અને જિંદગીના અંત સુધી પાપ મૂકાય નહિ, એનો હૈયે રંજ પણ નથી ?

અરે ! અડધા-ચોથા ભાગના પણ પાપો મૂકવાની હોંશ થતી નથી ?

સેવવા પડતાં પાપ માટે હૈયે રુદન અને મનમાં વિપાક ચિંતાય નહિ ?

મનને શું વિચાર જ ન આવે કે ક્યાં એ ચક્રવર્તીના વૈભવ તથા ભોગ સાધનો ? અને ક્યાં મારા ? એના સોમાં, હજારમાં, લાખમાં ભાગેય નહિ ! છતાં એ પળવારમાં સમસ્ત છોડી દઈ નિષ્પાપ અહિંસક જીવન તરફ ઢળે, અને હું પાપભર્યું જીવન પકડીને બેસી રહું ? સર્વ ચારિત્ર ન આવે ત્યાં સુધી બને તેટલા સામાયિક ન કરું ?'

**પ્ર.-** ચક્રવર્તીએ તો ઘણું ભોગવી લીધું એટલે મન ધરાઈ જાય ને ?

**ઉ.-** ત્યારે એનો અર્થ તો એ કે તમારે એના કરતાં ઓછી સામગ્રીમાં જીવનના છેડા સુધી ધરાશો જ નહિ ! તો પછી એ અ-ધરપત-અતૃપ્તિ લઈને જ્યાં જશો ત્યાં કઈ દુર્દશા ? અને અહીં ઠેઠ સુધી અ-ધરામણના હિસાબે ત્યાગનું સ્વપ્નું ય દેખવાનું નહિ ને ? કઈ બુદ્ધિએ આ ગણિત માંડો છો કે ઘણું ભોગવી લઈએ એટલે મન ધરાઈ જાય ? એમ જો ધરાતું હોત તો તો દેવલોકમાં આ જીવે ક્યાં



ઓછું ભોગવ્યું છે ? અહીં ચક્રવર્તીને તો શું આયુષ્ય છે અને કઈ સ્ત્રીઓ છે ? દેવપણામાં કોટાકોટી પલ્યોપમોના આયુષ્ય અને લાખો-ક્રોડ દેવાંગનાઓના ભોગ મળ્યા છતાં ત્યાંથી આવી અહીં તૃપ્તિનો અનુભવ છે ? ના, ઊલટું ત્યાં જેની સૂગ હતી એવા અહીં ગલીચ ભોગ-સાધનોમાં રસ આવે છે ! માટે,

આ ગણિત જ ખોટું છે કે ઘણું ભોગવ્યાથી તૃપ્તિ થાય. તૃપ્તિ તો ત્યાગ કરવાથી થાય. તપસ્યા કરવાથી ખાવાના અભખરા ઓછા થાય છે, પણ ખા-ખા કરવાથી નહિ. એવું બીજા ત્યાગમાં.

**ચક્રવર્તી કેમ દીક્ષા લઈ શકતા હશે ? :-**

એ ત્યાગથી જ ધરપત થવાના ગણિત પર રુક્મિ જીવ ચક્રવર્તીએ સમસ્ત સમૃદ્ધિ છોડી ! સંસાર ત્યજી સાધુ-મુનિ-અણગાર બન્યા. સહેજ પણ હૃદયને આંચકો ન આવ્યો. સાધુપણું એટલે કંચન નહિ, કામિની નહિ, ઘરબાર નહિ, સગાં નહિ, વાહન નહિ, ઉઘાડે માથે ઉઘાડે પગે વિહરવાનું ! નિર્દોષ ભિક્ષા માગી એના પર જ નભાવવાનું ! એમાંય કેટકેટલી તપસ્યાઓ, રસત્યાગાદિ, વળી ક્ષુધાદિપરીસહો સહવાના ! દિન-રાત શાસ્ત્ર-સ્વાધ્યાય ગુરુસેવામાં મગ્ન રહેવાનું ! ચક્રવર્તીના ઠાઠ-ઠઠારા, માન-મર્તબા, સગવડ-સાહ્યબી, ભોગવિલાસ વગેરે છોડી આ ચારિત્રજીવન પ્રસન્ન હૃદયે સ્વીકારી લીધું ! અને વધતા ઉલ્લાસે પાળવા લાગ્યા !

હવે તો આત્મોત્થાન જ કરવા છે, એટલે એના માટે જ્ઞાનીઓએ જે જે કઠિન-કપરી પણ સાધનાઓ બતાવી છે, એ કરવામાં શી સુંવાળાશ ? શો સંકોચ ? કઈ પાછી પાની કરવાની હોય ?

**ચક્રી મુનિની ભવ્ય સાધના :-**

ત્રિભુવનભાનુ ત્રિશલાનંદન શ્રી મહાવીર-વર્ધમાન પરમાત્મા એમની સાધનાનું વર્ણન કરતાં કહે છે,

**નિઃસગંતા :-** 'હે ગૌતમ ! એ ચક્રવર્તી શ્રમણે બાહ્ય સંગ છોડ્યો એટલું જ નહિ પણ એ આભ્યન્તર રાગ-દ્વેષ-મમતા-આસક્તિ વગેરેનાય સંગ છોડી નિઃસંગ બની ગયા' છોડ્યું તે છોડી જાણ્યું.

રાગ-દ્વેષાદિ જેની ખાતર થાય છે એ જ મૂકી દીધું. મનથી ય મૂકી દીધું, પછી શી જરૂર રાગ-દ્વેષાદિ કરવાની ? પોતાની કાયા પર પણ મમત્વ નથી, એને ય તદ્દન પારકી ગણે છે, એટલે એની ખાતરે ય શું કામ રાગાદિ કરે ?

**ત્યાગ-તપ :-** ઊલટું એમણે તો તનતોડ મહાત્યાગ અને મહા તપસ્યાઓ આદરી દીધી ! એમાં વળી પારણાં ઉગ્ર, અભિગ્રહ-નિયમવાળી નિર્દોષ ભિક્ષાથી કરવાનાં !

**શ્રુતસાધના : પરીસહ :-** 'હે ગૌતમ ! એમને આ ત્યાગ-તપસ્યા કરીને ય બેસી રહેવાનું નહિ, કિન્તુ દિન-રાત શ્રુતજ્ઞાનની અથાગ મહેનત ચાલુ ! એની સાથે ઘોર પરીસહ-ઉપસર્ગને સારી રીતે સહન કરવાનો અભ્યાસ પણ સહર્ષ કર્યે જવાનું કાર્ય એમનું અનુમોદનીય !'

**આચાર્ય બની ગચ્છપાલન :-**

'હે ગૌતમ ! થોડા વખતમાં તો એ સકલ ગુણ-સમુદાયને ધરનારા મહાતપસ્વી અને શ્રુતધર થયેલા જાણી, સદ્‌ગુરુએ એમને ગચ્છના અધિપતિ આચાર્ય બનાવ્યા ! ત્યારે એ પણ ગચ્છનો સારણા-વારણાદિ કરવા દ્વારા આગમાનુસાર માર્ગે એનું સારી રીતે પાલન કરવું, ગચ્છનું સંયમ વધે, શ્રુતસંપત્તિ વધે, અને સમ્યગ્દર્શન અધિકાધિક નિર્મળ થતું આવે એની અહર્નિશ ચિંતા રાખી એ માટેના પ્રયત્નમાં રહેતા.'

**સ્વાત્મચિંતા :-** હે ગૌતમ ! આ માત્ર પરોપકારની જ ચિંતા અને પ્રવૃત્તિમાં લીનતાની વાત નહિ, પણ પોતાના આત્મહિતમાં, સ્વાત્મશુદ્ધિ-ગુણવૃદ્ધિ અને જાગૃતિમાં એ એટલા જ દત્તચિત્ત રહેતા ! ઉગ્ર પરીસહો, ક્ષુધા-પિપાસા, ઠંડી-ગરમી, ડાંસ-મચ્છર, આક્રોશ-અપમાન વગેરેને સુંદર સમાધિપૂર્વક સહન કરવામાં સતત-આત્મવીર્યને ફોરવતા. સાધ્વી વર્ગનું પણ એક મોટા ગચ્છાધિપતિ તરીકે પરિપાલન કરતાં છતાં એની કોઈ પણ વસ્તુનો પરિભોગ નહિ ! એમ મનુષ્ય-તિર્યંચ-દેવતાઈ કોઈ પણ મૈથુન વિચારમાં પણ નહિ ! તેમ, આહારપાણી સંબંધી ૪૭ દોષમાંથી એક પણ દોષનું સેવન ન કરવા સાથે રસત્યાગ અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અભિગ્રહો ધારણ કરવામાં સદા જાગરૂક !...'

પ્રભુના શ્રીમુખે વર્ણવતી આ ચક્રવર્તી મુનિ અને આચાર્યની સાધના ખૂબ લક્ષમાં લેવા જેવી છે. આટલી ઊંચી સાધના, કેમ જાણે રુક્મિ સાધ્વીના ભવે કરેલી સાધનાનો સામે જવાબ ન હોય ! ત્યાં ભૂલી હતી એના ફળરૂપે તો લાખ ભવના ત્રાસ ભોગવવા પડ્યા, પરંતુ સાધ્યું હતું એ કેમ જાણે ઊંડાણમાં કંઈક સંસ્કારરૂપે પડેલું તે હવે પ્રગટ થઈને ફાલતુ ફાલતુ ન હોય ! પરંતુ આ તો ઉપેક્ષા ! નિશ્ચિત હકીકત ન કહી શકીએ. સંભવ છે શલ્યથી પૂર્વનું રદ પણ થઈ ગયું હોય.

ભૂલો આપણી ય ઘણી થતી હશે, પરંતુ 'હાય ! આનાં કટુફળ તો ભોગવવા જ પડશે, તેથી બીજી સાધના કરેલી શા કામની ?' એમ કરી સાધનાની માંડવાળ કરીને પાપમય જીવન ચલાવ્યે રાખવા જેવું નથી. અલબત્ત ભૂલની પાછળ માયા-કપટ અને સશલ્યતા સેવાય તો એના રુક્મિ જેવા કે એથીય ભયંકર દારુણ વિપાક કેવા નીપજે એ ભૂલવા જેવું નથી. માટે જ,

ગુરુ પાસે એની શુદ્ધ આલોચના-પ્રગટીકરણ અને પ્રાયશ્ચિત્ત-ગ્રહણ તો કરવું



જ જોઈએ. નહિતર એ બીજી સાધનાઓને ફોક કરવા સમર્થ છે. રુક્મિ સાધ્વીને આચાર્યે એજ કહેલું કે આટઆટલી તારી કઠોર સાધનાઓને આ એક માયાશલ્યથી નષ્ટ કાં કરી દે ? નષ્ટ એટલે બધી ગઈ રદ બાતલ ! હવે શલ્યના દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી ભવોના ભવો ત્રાસ-વિટંબણા ભોગવ્યા પછી નવે નામે એકડે એકથી સાધના શરૂ કરજે. એમાં વળી ધર્મસાધના મૂકી પાપ-ચકચૂરતા રાખી તો તો દુઃખોમાં એથી ય વિશેષ રઝળપાટ કરવાનો !

ખાંડાની ધાર જેવું છે. 'શલ્ય છૂટતાં' નથી માટે બીજી સાધનાઓનાં કષ્ટ ભોગવ્યાં નકામાં એટલે પડો પાપમાં,' એમ જો કર્યું તો ય બાર વાગે છે ! અને 'ના, સાધના તો ચાલુ રાખો, ભલે શલ્ય હૈયામાં પડ્યાં રહ્યાં,' તો એ સાધનાઓ દંભભરી બને છે, માયાકલુષિત બની રહે છે, અને માયા તો ધાન્યની ધૂળ કરે છે, સાધનાને નિસ્સાર જ શું, બલકે ઉન્માદપૂર્વકની બનાવે છે ! પાપમાં રસ એટલે પછી સાધના કર્યાનો કોઈ અર્થ રહેતો નથી. ત્યારે શું કરવું ? પડે તો ય બાર વાગે છે ! ને માયાભરી સાધના કરે તો ય પછી પાપના ઉન્માદે બાર વાગે છે !

**પાપથી કદાપિ મુક્તિ નહિ.**

પરંતુ આ મૂંઝવણ કરવાની જરૂર નથી. કેમકે એ વાત તો નક્કી છે ને કે આત્મહિતની સાધના વિના તો જીવ ઊંચો આવી શકે એમ જ નથી ? કાંઈ આંખ મીચીને એકલી દુનિયાદારી ચલાવ્યે જવામાં અને વિષય-આરંભ-પરિગ્રહ-પરિવારનાં રકમબંધ પાપો સેવ્યે જવામાં જીવ ઉન્નતિ પામે અને ક્રમશઃ ભવ પાર કરી જાય એ વાત તો ત્રણે કાળમાં બનવા જોગ જ નથી. નહિતર તો અનંતાનંત કાળ વહી ગયો એટલામાં સંસારના સર્વ જીવો ભવ પાર કરી મુક્ત થઈ ગયા હોત ! જ્યારે ને ત્યારે એ મૂક્યે જ છૂટકો છે. હવે એ મૂકીને ધર્મસાધના કરતાં છતાં પણ ભવમાં ભટકાવે એવા પાપ-શલ્યને તુચ્છ માન ખાતર મચક નહિ આપવી જોઈએ.

**સાધના કરીએ તે શા માટે ?**

તુચ્છ માન પામીએ એ માટે ? તુચ્છ માન કેટલો કાળ ટકવાનું ? આત્માને જો ઊંચે લાવવા સારુ સાધનામાં જોડાઈએ છીએ, માનવભવની અમૂલ્ય શક્તિ અને સંયમ-સામગ્રી ખરચીએ છીએ, તો સમજી જ રાખવાનું કે,

એનાં ઊંચાં મીઠાં ફળ તુચ્છ માન વગેરે કષાયોને પગભર રાખીને નહિ મળે; એમ ઊંચા નહિ અવાય.

બાહુબળજીને ઘણું ય કેવળજ્ઞાન જોઈતું હતું. પરંતુ કેવળજ્ઞાની નાના ભાઈ મુનિઓને વંદના કેમ કરું એ વાતમાં અટકી રહ્યા ત્યાં સુધી ભલે ૧૨-૧૨ મહિના સુધી એક જ સ્થાને કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહ્યા, ન આહાર ! ન પાણી ! ન

સૂવાનું કે ન બેસવાનું ! ન વાત કે ન ચીત ! ઘોર પરીસહ વેઠ્યા ! છતાં કેવળજ્ઞાન ન મળ્યું. એ તો જ્યારે માન મૂકી નક્કી કર્યું અને તૈયાર થઈ ગયા કે 'હવે તો જાઉં અને ભાઈઓનાં ચરણે ઝૂકી પડું, તો જ લેશ પણ માનકષાય રહેવા ન પામે,' ત્યારે જ પગ ઉપાડતાં ભાવના વધી અને અનાસક્ત બનીને સમતાયોગમાં ચડી કેવળજ્ઞાન પામ્યા !

**પ્ર.**- આ માનકષાય કેવળજ્ઞાન તો અટકાવે જ છે; પરંતુ બીજા પણ શલ્યને ગુરુ આગળ પ્રગટ કરવાનું, ને પ્રાયશ્ચિત્ત-શુદ્ધિ કરવાનું અટકાવી બીજી સાધનાની ભારે જહેમતને ય રદબાતલ કરી દુઃખદ દુર્ગતિઓમાં જીવને આ માનકષાય કેમ ભટકતો કરી દે છે ?

**ઉ.**- આનું કારણ એ છે કે,

માનને મહત્ત્વ આપ્યું એટલે પાપશલ્યના ઉદ્ધારને મહત્ત્વ ન આપ્યું. એનો અર્થ એ કે શલ્યના પાપ ઉપર તેવો તિરસ્કારભાવ ન રહ્યો, તેવો અણગમો ન રહ્યો, જેવો પેલી માનહાનિ પર રહ્યો ! ત્યારે સેવેલાં પાપનો એટલો અણગમો નહિ બલ્કે એ તો ચાલે એટલામાં શું બગડી ગયું ?' આવો ભાવ રહ્યો; પછી સહજ છે કે એ પાપના સંસ્કાર મજબૂત થાય. એ હવે અજ્ઞાન ભવોમાં કેમ ફાલેફૂલે નહિ ? હા, એનો શલ્યોદ્ધાર કરવા દ્વારા ભારે તિરસ્કાર-અણગમો કર્યો હોય તો એના કુસંસ્કાર જામે નહિ, એની પુનરાવૃત્તિ અને વૃદ્ધિ પછીના જન્મોમાં થાય નહિ.

સારાંશ, ધર્મસાધના તો કર્યે જ જવાની, ને સાથે પાપશલ્યોની ગુરુસાખે શુદ્ધિ પણ કરતા રહેવાનું. બંનેમાંથી એકની પણ અગત્યતા ઓછી નથી. શલ્યોદ્ધાર તો કરે, પણ તન-મન-ધનને ઘસારો પડે એવી સાધના કરવાની તૈયારી ન હોય, તો ય કાંઈ ઊંચા અવાય નહિ. પાપ ચલાવ્યે રાખવાથી ઊંચા અવાય એવું સમજતા જ નહિ. ધર્મસાધનાના પુરુષાર્થ કરવા જ પડશે. રુક્મિ સાધ્વીના જીવે ભવોના ભવો ભટક્યા પછી પણ જ્યારે એ કરવાનું કર્યું, ત્યારે જ એ ક્રમશઃ ઊંચે આવ્યો; અને હવે ચક્રવર્તીના વૈભવ અને સુકુમારતા છોડી કડક તપ-સંયમનાં કષ્ટ ઉઠાવે છે !

ચક્રવર્તીનો ભવવૈરાગ્ય કેટલો જ્વલંત ઝળહળી ઊઠ્યો હશે કે મોટી છ ખંડની ઠકરાઈ પણ તુચ્છ લાગી ! અકારી લાગી ! ઉપરાંત એ છોડ્યા પછી પણ મહા સુકોમળ કાયા અને સુંવાળા મન પર જુલ્મ ગુજારવા લાગ્યા ! વૈરાગ્ય વિના મોટા શું, નાના પણ વૈભવનો સાચો ત્યાગ થાય નહિ; અને ત્યાગ કર્યા પછી પણ વૈરાગ્ય ધીખતો રહ્યા વિના તન-મન પાસે કઠોર સાધના કરાવવાનું બને નહિ. ધ્યાનમાં રહે,

વૈરાગ્ય એટલે કાયા અને ઇન્દ્રિયો તથા મનની અનુકૂળતા પર પણ ઝળહળતો



વૈરાગ્ય જોઈએ. તો જ ચારિત્ર લીધા પછી પણ એ અકારી લાગી એનો ત્યાગ અને માનાદિ-કષાયનિગ્રહ માટે જોરદાર પુરુષાર્થ કર્યે જવાનું બને. સુંવાળાં સફેદ કપડાં-કામળીઓ અને સંસારી જેવા નિરંતર-રસભર્યા આહાર, જરા-જરામાં માનકષાયનું સેવન અને પરીસહ-ત્યાગ તથા આરામી; એ તો ચારિત્ર સાધનાને કૂચા જેવી બનાવે છે.

## ચક્રવર્તી મુનિની કઠોર સાધનાઓ :-

રુક્મિ સાધ્વીના જીવ ચક્રવર્તી મુનિએ ચારિત્ર લીધા પછી વૈરાગ્ય વધુ તેજસ્વી કરી કઠોર કષ્ટમય સાધનાઓ ઉપાડી ! (૧) સુકોમળ કાયાએ પણ ઘોર પરીસહોને આવકાર્યા ! (૨) પૂર્વના મહારસભર્યા ભોજન ભૂલી સુક્કા લુખ્ખા નીરસ આહાર સેવવાનું રાખ્યું. (૩) મોટી ઉંમરે શાસ્ત્રસ્વાધ્યાયનો મહાપ્રખર પરિશ્રમ કરવાનો રાખ્યો ! (૪) મન-વચન-કાયાની ગુપ્તિ માટે અથાગ જાગૃતિ સેવ્યે રાખી ! (૫) સાધ્વીઓ સાથે પણ કોઈ છૂટછાટ નહિ ! પછી ભક્તાણી શ્રાવિકાઓ સાથેના પરિચયની તો વાતે ય શી ! ગચ્છપતિ થઈને સ્ત્રીપરિચય કરવા એ જાતને તો અધોગતિમાં ઉતારવાનું થાય જ, કિન્તુ અન્ય મુનિઓને પણ અધઃપતન કરાવવાનું બને ! અને શાસનને ચાળણીએ ચળાવવાનું થાય !

શું આચાર્ય કે શું મુનિ, પણ સાધુ અને બેનોનો સંપર્ક એ બેહૂદું છે ! સદાચારી ગૃહસ્થ કરતાં પણ નીચે પાટલે બેસવા જેવું છે ! શાસ્ત્રે આલોચના-વિધિમાં એકલા આચાર્ય પાસે એકલી સાધ્વીને આલોચના કરવાની મનાઈ કરી છે.

જિનની આજ્ઞા માથે ધરીને ચાલવું હોય તો સાધ્વી કે શ્રાવિકાઓના પણ પરિચયમાં સાધુએ નહિ આવવું જોઈએ. જોયું નહિ ભગવાને આ ચક્રવર્તી આચાર્ય માટે શું કહ્યું ? એ જ કે સાધ્વીની કોઈ વસ્તુનો પરિભોગ નહિ. એની વહોરેલી એક પણ ચીજ લેવાની નહિ. એની પાસે કશું પોતાનું કામ કરાવવાનું નહિ. જિનાજ્ઞાનો માથે ભારે ભાર અને અનાતયન-સેવનથી ઊભા થતા અનર્થનો મોટો ભય હોય, તો જ આ મર્યાદા મજબૂત પકડી રખાય. જિનાજ્ઞાનું ઉલાળિયું કરાય અને લપસણાનાં નિમિત્ત સેવતાં 'એમાં શો વાંધો ? એમાં શું થઈ ગયું ?' એમ બેપરવાઈ કરાય; એને તો પછી **'જેણે મૂકી લાજ, એને નાનું સરખું રાજ.'** એ ન્યાયે મર્યાદા બહારનાં આચરણ કરવામાં કોઈ સંકોચ નહિ.

**જિનાજ્ઞાના માથે ભારે ભાર જ બચાવે :-**

કાળ પડતો છે. આહાર તામસી બની ગયા છે. સ્ત્રીઓની મર્યાદાઓ ઘસારે પડવા માંડી છે. જ્યાં ને ત્યાં ભોગ-વિલાસની જ ધૂન મચી રહી છે આવા વર્તમાન વાતાવરણ વચ્ચે શીલ-સદાચાર-બ્રહ્મચર્ય અણીશુદ્ધ પાળવા હશે તો જિનાજ્ઞાના ભારે ભાર મસ્તકે ધારણ કરવા જોઈશે અને કડક સંયમથી મર્યાદાબદ્ધ જ જીવન જીવવું પડશે.

**મોટા મુનિઓ પણ મર્યાદાબદ્ધ :-**

પ્રખર ઈન્દ્રિયનિગ્રહ કરનારા પૂર્વ મહર્ષિ મુનિઓ અને આચાર્યોએ પણ સાધ્વી અને સ્ત્રીઓ સંબંધમાં કેટકેટલી જિનાજ્ઞાવિહિત કડકમાં કડક મર્યાદાઓનાં પાલન કર્યાં છે ! એ તો મહાસાત્ત્વિક, રસત્યાગી, અને વિશાળ જનોપકાર કરનારા હતા ! છતાં સ્વાત્માની ચિંતા-જાગૃતિ-રક્ષામાં અને જિનોક્ત મર્યાદાના પાલનમાં પ્રતિપળ કટિબદ્ધ હતા, માટે જ એ સાધ્વી અને ગૃહસ્થ બાઈઓથી તદ્દન અલિપ્ત-અપરિચિત રહેતા ! તો પછી આજના અલ્પસત્ત્વ, રસસેવન અને પરચિંતા-વ્યગ્રતાવાળા કાળમાં તો નિર્મળ બ્રહ્મચર્યને પાળવા માટે પૂર્વ કરતાં પણ કેટલી બધી વિશેષ કડક મર્યાદાઓનાં પાલન જોઈએ ?

**ચક્રવર્તી મુનિને શો ભય ? :-**

ચક્રવર્તીમુનિએ ચક્રવર્તીપણામાં કેવાં રૂપ-લાવણ્ય-કાન્તિથી ભરેલી ૬૪,૦૦૦ સ્ત્રીઓ જોયેલી ? એની અપેક્ષાએ અહીં મુનિપણામાં તે વળી કઈ અધિક કે સમાન સુંદર સાધ્વીઓ મળવાની હતી કે એનો પરિચય થાય તો ય લોભાઈ જાય ? એ તો તરત હિસાબ માંડી શકે કે 'આ તે શું રૂપ છે ? એથી કંઈગુણા રૂપ મેં જોઈ નાખ્યા છે, એટલે આના પરિચયમાં મન કયું લોભાઈ જવાનું હતું ?' પણ ના, 'સાધુમર્યાદા શી ? જિનાજ્ઞા શું કહે છે ?' એ જ એક વાત. સ્ત્રીજાતનો મુદ્દલ પરિચય નહિ જોઈએ. એ માટે એની કોઈ ચીજનો પરિભોગ પણ નહિ.

સાધ્વી કદાચ લપડી થાય, 'સાહેબ ! અમને લાભ આપો. અમે આપની બીજી શી ભક્તિ કરવાના હતા ?' એટલે શું સાધુએ જિનાજ્ઞા નેવે મૂકી એની વિનંતિમાં લપસી પડવું ? જરાય નહિ, માર્ગ તે માર્ગ. એની વસ્તુનો પરિભોગ પણ નહિ, અને એની સાથે કોઈ સંબંધ પણ નહિ. વ્યાખ્યાનમાં આવે ત્યાં વંદના કરી જાય; કે જોગ કરતાં યા પક્ખી ક્ષમાપના પ્રસંગે વંદના કરે એટલું જ, બાકી ઘેલી-ઘેલી થઈ સાધુની વસતિમાં વારે વારે વંદન કરવા અને કામ માગવા આવે અને ભલા,



ભોળા થઈ સાધુ એ અપનાવી લે, એ જિનશાસનની મર્યાદા નહિ, જિનાજ્ઞાથી પ્રમાણિત નહિ. સાધ્વી માટે આમ, તો ગૃહસ્થ બાઈઓ માટે તો પૂછવું જ શું ?

કલ્પસૂત્ર સામાચારીમાં આવે છે કે માર્ગે આવતા વરસાદ પડ્યો તો વૃક્ષ નીચે એક સાધુ એક સાધ્વીને તો શું, પણ બે સાધુ બે સાધ્વીને પણ ઊભા રહેવાની મનાઈ છે. કદાચ પરસ્પર વહેંચણી કરી લે તો ? માટે ત્યાં પાંચમું કોઈ હાજર જોઈએ.

મંદિરમાં શ્રાવિકાને ઊંચી અંજલિ કરી લલાટે લગાડી પ્રણામ કરવાની મનાઈ છે. પ્રભુને દેખતાં પુરુષ લલાટે અંજલિ લગાડી પ્રણામ ન કરે તો ગુનો ! ને સ્ત્રી એમ કરી કરે તો ગુનો !

બ્રહ્મચારીએ ક્ષણવાર પણ સ્ત્રી તરફ એક મીંટ માંડી જોવાની મનાઈ છે. પચ્ચક્ખાણ કે ધર્મલાભ આપવો હોય તો નીચી નજરે કે આડું મોઢું કરીને આપે.

આ મનાઈઓ શું સૂચવે છે ? વંદન ઝીલવાના કે વ્યાખ્યાન કરવાના પ્રસંગે બાઈઓ કે સાધ્વીઓ સામે જોવાય ? વ્યવહાર સૂત્ર વગેરેમાં ભારેમાં ભારે કડક અંકુશો બતાવ્યા છે. જ્યાં એનો ભંગ થાય છે એવા સાધુને પાપશ્રમણ અને એવા ગચ્છને પાપગચ્છ કહે છે, ને ત્યાં પછી ભવાડા કે ગુપ્ત અનર્થો ઘૂસે એમાં નવાઈ નથી.

**કન્યાઓ-સ્ત્રીઓને શિખામણ :-**

તમારે તમારી પત્ની-બેન-દીકરીઓને આ શાસ્ત્રમર્યાદા શિખવવા જેવી છે. તો એ સ્વ-પરના અનર્થથી બચી શકશે. એમને કહેવા જેવું છે કે 'સાધુ સાથે લેશમાત્ર પણ લપુડાવેડા ન કરો. હસી-ખીલીને વાત ન કરો. વહોરાવતી વખતે ઉદારતા જરૂર દેખાડો પણ ગંભીર મુખમુદ્રા અને ગંભીર શબ્દોથી. નહિતર જો કોઈ ખોટી વાસનાથી તો નહિ, પણ ભોળે ભાવે ય લપુડાવેડા કર્યા, તો સાધુના સંયમની ઘાતક બનશો. જાતે તો સંયમ લઈ શકતી નથી, બીજાને ય સંયમમાં ચઢાવી શકતી નથી, પણ ઉપરથી સંયમીના સંયમના ઘાતક નિમિત્તને આપવું એ કેટલું ભયંકર ? એક તો ભારે પાપરાશિના વિપાકરૂપે સ્ત્રીપણું ભોગવી રહી છો, એમાં વળી શું સંયમીના સંયમના ઘાતક નિમિત્ત સર્જવાનું ભયંકર પાપ કરવું ? શું સામાને ઘોર પાપની લાણી કરવી ?'

**આજની સ્ત્રીઓના ફતવા :-**

જો આ જાતનું શિક્ષણ-સલાહ આપતા રહો તો આજે ચાલી પડેલા કેટલાક ફતવા બંધ થઈ જાય. સાધુની વસતિમાં સાધુની સામે જુવાન સ્ત્રીઓ ઉઘાડાં માથે આવે, ઊભી રહે, એ ફતવો નથી તો બીજું શું છે ? કદાચ અડધું માથું ઢંકાયું હોય તો સીફતથી માથેથી કપડું પાડી નાખે ને વળી પાછી હાથ ઊંચા કરી સીફતપૂર્વક ઓઢે કે જે એક જાતની કામચેષ્ટા છે, તે ફતવો નહિ તો બીજું શું ? સાધુ સામે

કટાક્ષ ફેંકે, આંખનું નખરું કરે, મોઢાનો ખાસ મરોડ કરે, એ બધું ફતવો જ કે બીજું કાંઈ ?

એને એવું બધું કરતાં લાજ આવે ? ના, આજનો કાળ નિર્લજ્જતા શીખવે છે, નિર્લજ્જતાને પસંદ કરે છે, પોષે છે ! માને એવી દીકરી ગમે છે ! સાસુને એવી વહુ ગમે છે ! જે અંગ પતિની જ આગળ ખુલ્લાં કરાય તે આજે જાહેરમાં ખુલ્લાં કરે, શા માટે ? બીજા પુરુષો દેખી શકે એટલા જ માટે ને ? ત્યારે સહેજે પ્રશ્ન ઊઠે કે આજની આવી સ્ત્રીઓને પતિ કેટલા કરવાના ?

ખેર ! બહાર ગમે તે કરતા હો એ કમભાગ્ય તમે જાણો, પણ કમમાં કમ મંદિર-ઉપાશ્રયે અને સાધુ સામે મર્યાદા જળવાય, ઢાંક્યાં માથે જ રહેવાય, એ ઈચ્છનીય છે, ખાસ જરૂરી છે. તે કમમાં કમ બાળ જીવોની દયા ખાતર તો કરો. કેમ કે એ બિચારા મંદિર-ઉપાશ્રયે શુભ ભાવ કમાવા આવે છે. એ જો મર્યાદાહીન સ્ત્રીઓનાં અંગ જોવા મળે અને ધર્મસ્થાનકમાં ઊભા મલિન ભાવ કરે તો એની કેવી દુર્દશા ? કેવી કતલ ?

**ચક્રવર્તી આચાર્યની સાવધાની :-**

મહાવીર પરમાત્મા ફરમાવે છે, 'હે ગૌતમ ! એ ચક્રવર્તી આચાર્ય દિવ્ય-ઔદારિક શરીરના વિષયઅંગ સંબંધી વિકલ્પથી પણ દૂર રહેતા, વળી હનન-પચન-ક્રયણ (ખરીદી) સંબંધી એક પણ આરંભ-સમારંભમાં અનુમતિ સરખીથી ય દૂર રહેતા. ન એવો આહાર, ન વસ્ત્રપાત્ર ઉપકરણ, ન વસતિ-મુકામ, કે ન ગૃહસ્થને ય કોઈ એવું કામ બતાવવાનું.

''એમ એ આ લોક-પરલોક સંબંધી કોઈ પણ જાતની આશંસા મુદ્દલ સેવતા નહોતા. નિયાણું કે માયાશલ્ય, એને એમના હૃદયમાં સ્થાન જ નહોતું.''

**પૌદ્‌ગલિક આશંસા કેમ ભયંકર ? :-**

શું કામ એને સ્થાન આપે ? અહીંના કે પરલોકનાં પૌદ્‌ગલિક સુખની યા કીર્તિ-વાહવાહની આશંસા-અપેક્ષા રાખવામાં ધર્મસાધનાનું મુખ્ય ઉચ્ચ ફળ જે શુભ ભાવની કમાઈ તથા ભાવ વિશુદ્ધિ, તે ગુમાવવાનું થાય, અને ઉપરથી જડનો અશુભ ભાવ વધારે દૃઢ કરવાનું થાય ! પછી આગળ આત્મોન્નતિ ક્યાંથી થાય ? ભવના ફેરા ઘટે કે વધે ? મોક્ષ માટે અનિવાર્ય અતિજરૂરી જે શુભ ભાવ, તે પાળવાનું કેટલું બધું દૂર ફેંકાઈ જાય ! માટે થોડી ય આશંસા નહિ કરવાની. ત્યારે નિયાણું તો વળી એથી ય ચઢે, અને માયાશલ્યમાં તો પૂછવું જ શું ? સાધ્વીના ભારે તપ-સંયમના પુરુષાર્થ પણ ફોક થઈ લાખ ભવનાં નીપજેલાં ભ્રમણ દ્વારા કેવી ભયંકરતા થઈ ? એ શું સૂચવી રહેલ છે ?



પ્રભુ કહે છે, 'હે ગૌતમ ! એ મહર્ષિ મુનિદીક્ષાથી માંડીને લેશ પણ દોષ પ્રગટ યા ગુપ્ત સેવાયાની ગુરુ આગળ યથાસ્થિત આલોચના-નિંદા-ગર્હા કરતા, એના કડક પણ પ્રાયશ્ચિત્તને વહન કરતા ! અને પાછા નિરતિચાર સાધના કરવામાં રાતદિવસ ખડે પગે રહેતા ! સર્વ પ્રકારના પ્રમાદના આલંબનથી દૂર રહેતા.'

**પ્રમાદનું આલંબન ક્યાં ? :-**

રુક્મિના ભવે ભૂલ્યા, હવે શાના ભૂલે ? પૂર્વે ભૂલા પડ્યા તો પતન પામ્યા; હવે સાવધાન છે તો ઉત્થાન થઈ રહ્યું છે. સાવધાની એવી કે સર્વ પ્રમાદાલંબનથી રહિત !

ધ્યાન રાખજો, જરા હસવું આવે એ ય પ્રમાદ છે; અને એનું આલંબન તેવાં દૃશ્ય, શબ્દ કે સ્મરણ બને છે. એ આલંબનનું દર્શન-શ્રવણ યા ચિંતન કરો એટલે હાસ્ય સસ્તું. માટે હાસ્યપ્રમાદનો ખપ ન હોય તો એવાં આલંબનથી જ દૂર રહેવું. એમ, જરા ઇન્દ્રિયવિષયની અનુકૂળતા પર રતિ થઈ, હરખ થયો, અને પ્રતિકૂળતા ઉપર અરતિ-ઉદ્વેગ થયો, એ પણ પ્રમાદ. એનું આલંબન શું ? અનુકૂળ-પ્રતિકૂળ ઈષ્ટ-અનિષ્ટની કલ્પના જ કાઢી નાખો તો પત્યું; રતિ-અરતિ પ્રમાદને જાગવાનો અવકાશ જ નહિ.

પ્રતિકૂળ એ પરિસહરૂપે કર્મનિર્જરામાં સહાયક માની ઈષ્ટ કરવામાં આવે, અને અનુકૂળને રાગાદિવર્ધક માની અનિષ્ટ લેખવામાં આવે, તો પ્રમાદરૂપ રતિ-અરતિથી બચી જવાય.

**ઈષ્ટ-અનિષ્ટની કલ્પના જ મારે છે :-**

મોટી નડતર જ આ છે કે અતિ તુચ્છ વસ્તુથી માંડીને મોટી કિંમતી વસ્તુમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના સ્થાપિત કરી દીધી છે. બસ, એના પર પછી વસ્તુસંયોગ થતાં, 'આ ઠીક, ને આ ઠીક નહિ' એવું ઝટ મનને થાય છે. એમાં ઠીક પડ્યું, તો જીવને હરખ-હરખ ! ક્ષણભર કેમ જાણે જીવનાં બધાં દુઃખ-ભય-ભવની ભીડ ભાંગી ગઈ એવી હાશ થાય છે ! વાતમાં કશો માલ ન હોય, દાંતમાં કણ ખૂંચતું હતું, તણખલાની પોચી ૨-૩ સળીથી ખોતરવા છતાં નહોતું નીકળતું, સળી ભાંગી જતી, એમાં જરા એવી મજબૂત ન ભાંગી જાય એવી સળેકડી મળી ને એનાથી સહેજ ખોતરતાં કણું નીકળી ગયું, ત્યાં 'આ સળી ઠીક મળી !' એવો તણખલાં પર ચિત્તને હર્ષ, રતિ, આનંદ થાય છે ! ઈષ્ટ-અનિષ્ટની કલ્પના ક્યાં જઈ બેઠી ? મજબૂત અને પોચી તુચ્છ તણખલાની સળી ઉપર !

**પ્ર.**- પણ અવસરે એની ય જરૂર તો પડે છે ને ?

ઉ.- એટલે શું ઈષ્ટ-અનિષ્ટની કલ્પના ન કરાય તો એ કામ ન આવે ? પાછળ હરખ ન અનુભવાય તો શું કણું પાછું દાંતમાં પેસી જાય ? જરૂરિયાત વસ્તુ જુદી છે અને એમાં રાચવું જુદું છે. અવસરે અવસરે વસ્તુનો ઉપયોગ થાય, પણ એમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પનાથી રાજી રાજી કે વિહ્વળ થવાની વસ્તુ તો મફતિયાં છે. એમાં અનંત શક્તિના ધણી આત્માની એક તુચ્છ જડ વસ્તુ આગળ નિઃસત્ત્વતા પોષાય છે ! સત્ત્વ-સાત્ત્વિકતા એ, કે ઉદાસીન ભાવે સ્વસ્થ ચિત્તે આવ્યું નભાવી લેવું.

**ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કેમ મીટે ? :-**

'બધું બરાબર છે' કરીને જ ચાલવાનું. નહિતર તુચ્છ જડ વસ્તુ હરખ-વિહ્વળતામાં જીવને નચાવ્યા કરશે. કામ નથી થતું, મોળું થાય છે, એ પણ બરાબર ? હા, એવો જ કર્મસંજોગ હશે તે એટલા કર્મકચરો દૂર થાય છે, અને જીવને એમાં વિહ્વળ ન થવાનો અને ખડતલ બનવાનો અભ્યાસ મળે છે, સત્ત્વ કેળવાય છે. નહિતર આ ખરેખર સત્ત્વનો વિકાસ કરવાની મહાન તકરૂપ જીવનમાં સત્ત્વ ખીલવવાનો અભ્યાસ બીજી શી રીતે થવાનો હતો ?

**એ તો સત્ત્વનો વિકાસ આ જ રીતે કે,**

(૧) અનિષ્ટ લાભના સંયોગમાં અને મળતી નિષ્ફળતામાં જરાય વિહ્વળ ન થતા ચિત્ત સ્વસ્થ શાંત બેપરવા રાખીએ;

(૨) મનગમતા ઈષ્ટ સંયોગમાં અને ધારી સફળતામાં હરખાઈ ન ઊઠીએ; કિન્તુ એમાં ય ચિત્ત એની બહુ પરવા કર્યા વિના શાંત સમતોલ રાખીએ.

એક જ હિસાબ, કે 'જે ઉચ્ચ આત્મહિતની સિદ્ધિ કરવા માટેનો જ આ ભવ છે, એની આગળ આ વળી કઈ મહત્ત્વની ચીજ છે તે હરખાઈ ઊઠું ?'

આનાથી જન્મ-જરા-મરણના કયાં ભો ભાગ્યા ? કઈ સદ્‌ગતિ નક્કી થઈ ?

કયા મોટા પુણ્યાનુબંધી પુણ્યની કમાઈ થઈ ગઈ ? કયા ભવભય ટળ્યા ?

કયું પરમાત્માની નિકટ અવાયું ? તેમ,

કદાચ માનેલા ઈષ્ટને બદલે અનિષ્ટ આવ્યું તો ય એણે શા એવા જન્મ-મરણ-દુર્ગતિ અને ભવની પરંપરા વધારી દીધી ? કે કયું મોટું પુણ્યોપાર્જન લૂંટી લીધું ? જીવ નાહકનો હાથે કરીને શા માટે મરતો હશે ?

જો આપણે સન્માર્ગ પર અખંડ ધારાએ ચાલ્યે જઈએ છીએ તો ભલે અનિષ્ટ સંયોગ પણ આવે, તો ય 'બધું બરાબર છે' કરીને વિહ્વળતા અટકાવી શકીએ



છીએ. જાણો છો ને પેલા શેઠનો પ્રસંગ કે ડેલીનું બારણું ભાંગ્યું તો ય **'જે થાય તે સારા માટે,'** માંહી માંદલી ભેંસ ઘૂસી જઈ મરી તો ય તે સારા માટે !

**શાથી જે થાય તે સારા માટે ?**

પછી અંધારે ચોર ઘૂસ્યા, ભેંસના મડદા પર પડી ગભરાઈને પાછળ કોટવાળના ભયથી થેલીઓ મૂકી ભાગ્યા ! તે સવારે શેઠને એ માલ મળ્યો એથી સારા માટે નહિ, પરંતુ પશુના ભવ કરતાં સારો ઉચ્ચ માનવ ભવ મળ્યો છે તે 'જે થાય તે સારા માટે' કરવાથી, 'બધું બરાબર' કરવાથી, ચિત્તના સંકલેશમય-વિકલ્પો ટાળી શકાય છે. એ ટાળવા દ્વારા જીવન સફળ થાય છે માટે, અને સત્ત્વ ખીલતું જાય છે માટે ! 'જે થાય તે સારા માટે.' એ સૂત્ર કામનું છે. એમ જ સત્ત્વ ખીલવતાં એક દિ મહા સત્ત્વ પ્રગટ થઈ અપૂર્વકરણ ગુણસ્થાનકની મહા સમાધિ પ્રાપ્ત થશે ! શ્રેણી માંડી ઘોર ઘનઘાતી કર્મોનો ક્ષય થઈ કેવળજ્ઞાન મળશે !

સત્ત્વની કેળવણી વિના તો મોટા પરિસહના પ્રસંગમાં સ્વસ્થતા સમાધિ ડૂલ ! ત્યાં તો ભારે વિહ્વળતા ! અને પછી વિહ્વળતામાં જાણો છો ખરા કે કેવા કષાય ઊઠે છે ? કેવી લેશ્યા બગડે છે ? હૈયાના ભાવ કેવા કલુષિત થાય છે ? અરતિ-વિહ્વળતા-ઉદ્વેગ કરવામાં તો જીવ કદાચ રૌદ્ર ધ્યાન પર ચઢી જઈ નરકનાં ય ભાતાં ભેગાં કરે છે ! માટે દુર્ધ્યાનની પરિસ્થિતિ ન ઊભી થાય એ સારુ નીચા પગથિયેથી જ મામૂલી મામૂલી બાબતમાં 'બધું બરાબર છે' કરી અરતિને અટકાવવા સત્ત્વ ખીલવવું જોઈએ.

**રતિ કેમ ખરાબ ? :-**

**પ્ર.**- અરતિ-ઉદ્વેગમાં તો સમજાય છે કે ચિત્ત બગડીને રૌદ્ર ધ્યાન અને કાળી લેશ્યા પર પણ ચઢી જવા સંભવ છે; કિન્તુ રતિ-હરખમાં શો એવો અનર્થ છે ?

ઉ.- રતિ, આનંદ, હરખ, એ વળી જીવને એવો જડાસકત અને જડમાં અંધ બનાવે છે કે ત્યાં પછી ઈષ્ટ જડસંયોગને જ બહુ માનતો થઈ જવાથી આત્મ-હિતકારી વસ્તુ પર એવી રુચિ નહિ જમાવી શકે. કદાચ પેલી જડાસક્તિમાં ખરાબી માનવાનું ય ભૂલી જશે ! અને તેથી તત્ત્વશ્રદ્ધા-સમ્યકત્વ જ ગુમાવશે. મનગમતું મળી જવામાં હરખ હરખ છે એટલે એ મેળવી આપનારા બહુ વહાલા અને એમાં આડે આવનાર દુશ્મન જેવા લાગશે ! પેલા વહાલા તે એવા લાગશે કે જેવા દેવ-ગુરુ નહિ લાગે !

જુઓ છો ને પાંચ પૈસા રળાવી આપનાર શેઠ કેવા વહાલા લાગે છે ! પછી એ જો સાધુઓની, સંઘની અને ધર્મની નિંદા કરતા હશે, તો એમાં ટાપસી પૂરશે કે 'હા શેઠ ! માળું એવું જ છે.' શું છે આ ? માનેલા ઈષ્ટની પ્રાપ્તિના બહુ

હરખનું પરિણામ.

એક સારી પત્ની કે દીકરો આવી મળ્યો એના પર જો રાજી રાજી થવાતું હોય છે તો વૈરાગ્યના કેવા ફાંફાં હોય છે ? એના કહેવા મુજબ દાનાદિ ધર્મ કેવો બાજુએ મુકાય છે ? ગુરુની ધોધમાર સંવેગભરી દેશના પણ હૈયે ન અડવા દેવાની કેવી કઠોરતા-નિષ્ઠુરતા હોય છે ?

જરાક કોકે ચાનો પ્યાલો ધર્યો ને ખુશી થયા તો સમજી રાખો કે પછી પેલો જે નિંદા પ્રકરણ કાઢે એમાં મત્તું માર્યું જ છે ! અને આજે નિંદાની કયાં દુર્લભતા છે ? સૌને બીજાનું ઘસાતું બોલવા જોઈએ છે. જરાક નવરા પડ્યા ને કોઈ સાંભળનાર મળી ગયો એટલે બખાળો નીકળ્યો જ છે ! એવા વાતાવરણમાં રતિમાં તાણનારો કેમ નહિ ઘસડાય ? અરે ! એક ભગવાનની મૂર્તિ કરતાં બીજા ભગવાનની મૂર્તિ મળવા ઉપર ખોટી રતિ કરી તો ત્યાંય મોટો ખતરો છે. કેમકે ‘પેલા પ્રતિમાજી બરાબર નહિ, આ સરસ પૂજવા મળ્યા !’ એમ જો હરખાયા, તો સંભવ છે કે જો પછી ત્યાં કોઈ વાચાલ એવો મળી ગયો કે જે બોલતો હોય કે ‘જુઓને પેલા પ્રતિમાજી કેવા કોઈ અણઘડ કારીગરે ઘડ્યા હશે ! ઘડનારો શિલ્પી હશે કે હજામ ? અને એવા પ્રતિમાજીની અંજન શલાકા પ્રતિષ્ઠા કરનાર આચાર્ય પણ કેવા ?...’ ચાલ્યું, તો એ નિંદાનું મત્તું મારવાનું થશે. કહો, કયાં પહોંચ્યો ? આચાર્યની નિંદા પર ! વીતરાગની સામે ઊભો છતાં બિચારો રાગ-દ્વેષની આંધીમાં સપડાયો ! ગુરુની નિંદા અન પ્રતિમાજી પર અરુચિ પર પહોંચ્યો ! શાથી ? બે પ્રતિમાજીની તુલના કરી એકની ઉપર અરતિ અને બીજી પર ખોટી રતિમાં પડ્યો માટે.

**પ્રતિમા પર શું વિચારવું શિલ્પ કે વીતરાગતા ? :-**

વિચારવું તો એ જોઈતું હતું કે ‘ભલા રે જીવ ! શિલ્પની શું માંડે છે ? પ્રતિમા બંને વીતરાગની છે. પ્રતિમા પર વીતરાગ ભગવાનની સ્થાપનાને જ જો; શિલ્પના ટકા માંડવા રહેવા દે. જોવાનું એટલું જ કે ‘જિણપડિમા જિણસારિખી’ એ ન્યાયે આ તો ખરેખર દેવાધિદેવ વીતરાગ ભગવાન છે. એમના અંગ અંગ પર કેવી સરસ વીતરાગતા શોભી રહી છે ! કેવા ઉત્તમ આ પ્રભુનાં આત્મપરાક્રમ કે દેવતાઈ સન્માન-સેવા મળવા છતાં પણ જરાય રાગ ન કર્યો ! રતિ ન કરી ! રાગદ્વેષ ફગાવી વીતરાગ બન્યા ! શાતા પૂછનાર ઈન્દ્ર પર રાજીપો નહિ, ને ભયંકર જુલ્મ કરનાર સંગમ પર અરુચિ નહિ ! આ બધું જોવાને બદલે શા માટે પ્રતિમાના ઘાટ પર અટકી જવું ? એની પાછળ જે વીતરાગની સ્થાપના છે એમની વીતરાગતા, એ પ્રાપ્ત કરવાના ભગીરથ પુરુષાર્થ, અને એ વીતરાગના અનંત ઉપકાર જ મનમાં ન લાવીએ ? પછી શિલ્પની ખોટી તુલના અને સુઘડ શિલ્પ પર રાજીપો, કરવા દ્વારા



બીજા અલ્પ કારીગરીવાળા પ્રતિમાજી પર અરુચિ કરવાનું તો ન બને.

**પ્રમાદ કયા કયા ? :-**

વાત આ ચાલે છે, કે રતિ-અરતિ એ પણ પ્રમાદ છે. એને ટાળો. એમ, જીવની અજતના-અરક્ષા, હિંસા-સહસા પણ જૂઠ, જરાક શી પણ અનીતિ-અપ્રામાણિકતા, સહેજ પણ સ્ત્રી પ્રત્યે રાગભરી દૃષ્ટિ, કે તણખલાનો પણ પરિગ્રહ, એ બધાય પ્રમાદ છે. નિંદા, વિકથા, કૂથલી, આળ, ચાડી, એવું જ એકે એક ઇન્દ્રિયના દરેકે દરેક વિષયની આસક્તિ-આકર્ષણ અને એ-વાળો વિચાર પણ પ્રમાદ, એમ, લેશ પણ ક્રોધ, અભિમાન, માયા, લોભ-મમતા-તૃષ્ણા એ પણ પ્રમાદ. એનું સેવન ટાળવાનું.

ચક્રવર્તી આચાર્ય આ એકે એક પ્રમાદના ત્યાગમાં સજાગ હતા. ઝીણામાં ઝીણા પાપની પણ શુદ્ધિ કરી અંતકાળે સમાધિપૂર્વક આરાધના સાથે આયુષ્ય પૂર્ણ કરી પહેલા સૌધર્મ દેવલોકમાં ઈન્દ્રની અગ્ર પટ્ટરાણી ઈન્દ્રાણી બન્યા. ત્યાંથી કાળ કરીને અહીં મનુષ્ય અવતારે બ્રાહ્મણી તરીકે જન્મ્યા; અને ક્રમશઃ એક ગોવિંદ નામના બ્રાહ્મણ સાથે એમનું લગ્ન થયું.

**સ્ત્રીનો અવતાર કેમ ?**

અહીં ગૌતમ મહારાજ પ્રભુને પૂછે છે ‘હે ભગવન્ ! પૂર્વે એવી સુંદર આરાધના કરવા છતાં દેવલોકમાં ય સ્ત્રીનો અવતાર, અને અહીં પણ સ્ત્રીનો અવતાર કેમ પામ્યા ?’

ભગવાન કહે છે, ‘ગૌતમ ! આ સ્ત્રીપણું એ પૂર્વે રુક્મિ સાધ્વીના ભવે માયાશલ્યના પ્રતાપે જે ઉત્કૃષ્ટ સ્થિતિનું સ્ત્રીવેદ-કર્મ બાંધેલું તેના અવશેષનું ફળ હતું.’

છતાં હવે જુઓ કે આ ભવમાં જ એ કેવી રીતે મોક્ષ પામે છે. આનો અધિકાર બતાવતાં ભગવાન એના સંપર્કમાં આવનાર એક બ્રાહ્મણ કન્યાનો આ રીતે અધિકાર બતાવે છે,-

**સૂર્યશિવ બ્રાહ્મણ :-**

આ ભારતવર્ષમાં અવંતિ નામનો દેશ એમાં **સંબુક્ક** નામના ગામમાં સૂર્યશિવ નામનો એક દરિદ્ર બ્રાહ્મણ રહેતો હતો. દરિદ્રતા અશુભ કર્મના ઉદયે આવે છે. એ અશુભ કર્મ એણે બિચારાએ એવા મલિન અધ્યવસાયથી બાંધેલાં કે જેના યોગે દરિદ્રતા ઉપરાંત નિર્દયતા-નિર્ઘૃણતા, કૃપણતા, અતિક્રૂરતા, રૌદ્રતા, મર્યાદાહીનતા વગેરે દુર્ગુણો પણ એને સહગામી બનેલા ! એ હોય ત્યાં મિથ્યા દૃષ્ટિનું શું પૂછવું ? તે પણ આભિગ્રહિક મિથ્યાત્વ ! એટલે કે પોતાની મિથ્યા માન્યતા માટેની દુરાગ્રહભરી પકડ એને હતી.

મલિન અધ્યવસાય-વિચારસણી શું કામ કરે છે ! દુઃખનાં પોટલાં તો ખેંચી લાવે જ, પણ સાથે દુર્ગુણોના ય ઢેર લાવે છે ! એવા અશુભ ભાવ કરતી વખતે આપણને કયાં ભાન રહે છે કે આનો કેવો ખતરનાક નતીજો ઊભો થવાનો ? સુખમાંથી તો ભ્રષ્ટ ખરા જ, પણ સદ્ગુણ-સદ્બુદ્ધિમાંથી ય ભ્રષ્ટ ! પછી અહીં કલ્પનામાં ન આવે એવા અતિઅધમ પાપાચરણ થવાના !

**પુત્રીને જન્મતાં માતૃવિયોગ કેમ ? :-**

સૂર્યશિવ બ્રાહ્મણ બિચારો એમ જ એક બાજુ દરિદ્ર અને બીજી બાજુ દુર્ગુણી હતો. એને અનુપમ રૂપ-લાવણ્ય-કાન્તિએ શોભતી સૂર્યશ્રી નામે પુત્રી હતી. એ પૂર્વ જન્મે રાણી, પણ એણે બીજી પોતાની શોકય રાણીનો પુત્ર રાજ્યગાદી ન પામે અને પોતાનો પુત્ર પામે એટલા માટે એવું ચિંતવેલું કે 'આ શોકયરાણી મરે તો સારું ! જેથી એનો દીકરો મારે વશ રહી એવી બેદરકાર સંભાળથી માંડ જીવતો રહે કે એને રાજ્ય ન મળતાં સશક્ત એવા મારા પુત્રને રાજ્યગાદી મળી જાય.' એ ચિંત્વનમાત્રના પાપે એને અહીં જન્મતાં જ એની માતાનો દેહાંત થયો.

**દુઃખદ કુદરત કોણ સર્જે છે ? :-**

માણસની કોઈ એક પણ સાંસારિક લાલસાનું જોર એવું કુટિલ હોય છે કે માણસને એ ભયંકર પાપી વિચારમાં ધકેલી દે છે. આને પોતાના પુત્રને રાજ્યગાદી મળે એ લાલસાએ શોકરાણીના વગર-ગુને એને મારી નાખવાનો વિચાર થયો. તો એનું દુઃખદ ફળ અંકિત થઈ ગયું. જન્મતાં જ માતાનો વિયોગ ! આ કુદરત કોણ સર્જે છે ? એને કોણ હટાવી શકે ? આત્મા પોતે જ મૂર્ખ બની એને ઊભી કરે છે, ને પછી હટાવવાનું એના હાથમાં નથી હોતું. હા, પહેલેથી ચેતીને ચાલે અને એ લાલસા-કુવિચારથી બચે, તો એવી કુદરત સર્જાતી અટકે, સમજ આ જોઈએ કે,

**મેલી લાલસા-કુવિચારથી બચવા સમજ :-**

'મારા કુવિચારની ઘેરી ઘોર અસર મારા પોતાના પર એવી પડે જ છે કે જેના દુઃખ ફળ માટે મારે તૈયાર રહેવું જ પડશે. કુવિચાર તો ક્ષણનો, અને સરળતાથી થઈ જાય એવો. પરંતુ એનું ફળ દીર્ઘકાળનું અને નક્કર દુઃખ દે એવું ! તો શા સારુ એવી મૂઢતા કરી કુવિચાર મારે જાતે જ ઊભો કરવો ? એવા કુવિચાર કરાવનારી જડની લાલસાની પાછળના કુવિચારમાત્રનાં ય પાપ દીર્ઘકાળના દુઃખ ઊભાં કરે છે અને તે મારે જ વેઠવાં પડે છે. જવા દે એ લત, એ લપ. મારા આત્માને એવી લાલસા અને કુવિચારોથી ખરડવાની જરૂર નથી. લાલસા જ કરવી છે તો ઉચ્ચ આત્મગુણો અને ત્યાગ-તપ આદિની આત્મસંપત્તિની જ કાં ન કરું ? વિચાર જ કરવા છે તો જિન-ચરણમાં-જિનાજ્ઞાપાલનમાં જ લીન થઈ જવાના કાં



ન કરું ?'

આ સમજ હોય ને એવી કૂડી લાલસા-વિચારણાથી બચે તો દુઃખદ કુદરત સર્જાતી અટકે. સૂર્યશ્રી બચી નથી, તેથી અહીં એના પાપના ઉદયે જન્મતાં એની માતા મૃત્યુ પામી. હવે એનો પિતા સૂર્યશિવ બીજી તાજી પ્રસૂતિ પામેલી સ્ત્રીઓ પાસે કરગરીને એને સ્તનપાન કરાવી કરાવી મહાકલેશથી ઉછેરી રહ્યો છે. એમ કરતાં કરતાં એનો બાળભાવ પસાર થઈ ગયો.

**મહાદુકાળ :-**

એટલામાં એવું બને છે કે ત્યાં બાર વરસનો મહાભયંકર દુકાળ પડે છે ! લોક કકડે કકડે એ દેશ છોડી ચાલતા થાય છે. બીજા વિના તો નભાવે, પણ અન્ન વિના શે નભે ? છતાં આ સૂર્યશિવ હજી આ દેશમાં જ આડું અવળું કરી દહાડા ખેંચ્યે રાખે છે. મનને ભય છે કે 'હવે આ છોકરી લઈને કયાં જાઉં ?' આશામાં તણાયો ચાલે છે કે 'હવે આ સાલ વરસાદ પડશે, આ સાલ પડશે,...' પરંતુ અહીં તો વરસ પર વરસ વીતે છે ને વરસાદનું ટીપું ય જોવા નથી મળતું. પાછો આઠ મહિના ખેંચે, ને આશા રાખે છે કે હવે વરસાદ પડવો જોઈએ. અષાડ ખાલી જાય, 'શ્રાવણમાં વરસાદ આવશે' એમ કરી બેસી રહે, શ્રાવણ જાય, 'ભાદરવામાં વરસાદ આવશે' પણ એ ય ખાલી... ચાલ્યું એમ કરી કરી ત્યાં બેસી રહેવામાં એવો અવસર આવી લાગ્યો કે પાસે ધાન્ય પણ ખૂટ્યું ને પૈસાય ખૂટ્યા ! હવે તો ભૂખમરો સહન થતો નથી. શું કરે ? એમાં વળી એ પોતે પ્રકૃતિએ નિર્દય-નિષ્ઠુર તો હતો જ, તેથી અત્યંત ભૂખની પીડામાં એને એવો દુષ્ટ વિચાર આવે છે કે 'આ છોકરીને મારીને ખાઈ જાઉં ? અથવા એનું માંસ વેચી પૈસા આવે એનાથી વાણિયા પાસેથી અનાજ ખરીદી પેટ ભરું ? હવે તો જીવન ટકાવવા બીજો કોઈ ઉપાય દેખાતો નથી,' કેટલો ભયંકર વિચાર ?

**આશાની મમતામાં ખુવારી :-**

ભયંકર દુકાળ છતાં આશામાં ને આશામાં ત્યાં જ બેસી રહેવું ને દેશપલટો ન કરવો એ સંસારનું વિકટ સ્વરૂપ બતાવે છે કે આશા કેવી ખતરનાક છે ! આશા જીવની સદ્ઉપાયમાં લાગી જવાની છતી શક્તિને પણ જાણે કુંઠિત કરી દે છે ! નિષ્ક્રિય કરી દે છે ! બહુ આશામાં જીવો મરે છે. ખોટી આશા પડતી મૂકી શક્ય સુખદાયી ઉપાયમાં લાગે તો તો ઠેકાણે પડે. પણ એ મૂઢ જીવને સૂઝે તો ને ? કેઈ સટોડિયા એમ જ પાયમાલ થઈ ગયા. અડધી મૂડી ગયા પછી પણ જો મનને સીધું સૂઝીને કોઈ નક્કર માલના વેપારમાં બાકીની અડધી મૂડી લગાડી દે તો સટ્ટાના ખતરનાક પરિણામથી બચે. પણ સૂઝે તો ને ? સૂર્યશિવ બ્રાહ્મણ, જુઓ, આશામાં તણાયો

મમત કરી ત્યાં બેસી રહેવામાં અત્યારે કેવી ભયંકર દુષ્ટ ભાવના સુધી પહોંચ્યો !

**અનુકંપાનો મહાન લાભ :-**

કારમી ભૂખ શું નથી કરાવતી ? અગ્નિશર્માને ત્રણ માસખમણના પારણાં ચૂકાયાં, ભૂખનો દાવાનળ ભભૂકી ઊઠ્યો, એની અસહ્ય પીડામાં ભાન ભૂલ્યો. લાખો પૂર્વોના માસખમણોની સુવાસ ખોઈ ! સમરાદિત્ય મહર્ષિના જીવ રાજા ગુણસેન પર ભયંકર ગુસ્સે થઈ ભવોભવ મારવાનું નિયાણું કર્યું ! એ ભૂખ ચીજ જ એવી છે કે ભયંકર અસમાધિ ઊભી કરી ન કરવાનું કરાવે ! ન વિચારવાનું વિચારમાં લાવે ! માટે જ સમજાશે કે એ અસમાધિનું, જો ભૂખ્યાની ભૂખ શાંત કરી, નિવારણ કરવામાં આવે તો એના પર કેટલો મોટો ઉપકાર થાય ? આવું અનુકંપાદાનનું એક મહાન પ્રયોજન આ છે કે સામાની અસમાધિ અને તેથી થતા ભયંકર કર્મબંધને અટકાવી દેવાનું બને. એ સુંદર પ્રયોજનને લીધે પોતાનું દિલ પણ કૂણું-કોમળ રહે, અને દાનના ફળ રૂપે કીર્તિ-વાહવાહ વગેરેની આશંસા ન રહે. પેલા પ્રયોજનના લાભ આગળ આ કીર્તિ શી વિસાતમાં છે ?

કુમતીઓ ભૂખ્યા જીવને અનુકંપા મળવા દ્વારા આ અસમાધિ અને તજજન્ય દુઃખદ કર્મબંધથી બચવાના મહાન લાભને સમજતા નથી, એટલે અનુકંપાનો વિરોધ કરે છે.

**ભારે કષ્ટમાં સદ્‌બુદ્ધિ માટે પૂર્વ તૈયારી શી ?**

સૂર્યશિવ બ્રાહ્મણ ભૂખનો માર્યો પોતાની પુત્રીને મારીને ખાઈ જવાની યા એનું માંસ વેચવાની ભયંકર દુષ્ટબુદ્ધિ સુધી પહોંચી ગયો ! ભૂખ શું કે બીજું તેવું ભારે કષ્ટ કે પીડા શું, માણસની એ ભયંકર દુષ્ટતા કરે છે ! જાલિમ દુષ્ટબુદ્ધિ પેદા કરે છે ! આ વસ્તુ ખૂબ લક્ષમાં રાખી એવા કોઈ પ્રસંગે બુદ્ધિ ન બગડે એ માટે, વિચારો કે, પહેલેથી સદ્‌વિચારો-સદ્‌ભાવના કરી કરીને બુદ્ધિને કેટકેટલી ઘડવાની જરૂર છે. એની જગાએ સહેજ સહેજ વાતમાં પિત્તો ખસી જાય, રીસ ચડી જાય, અભિમાન આવે, જરાકમાં ય માયા-પ્રપંચ સૂઝે, લોભ-આસક્તિ જાગે, મામૂલી વાતમાંય ઈર્ષ્યા-અસહિષ્ણુતા થાય, તો એની ઉપર કરેલા કુવિચારો, અશુભ ભાવનાઓ વગેરેથી ઘડાયેલી બુદ્ધિ પછી તેવા કોઈ ભારે ભૂખ-રોગ-અકસ્માત્ આદિનાં કષ્ટ વખતે કેટલી જાલિમ દુષ્ટ બને ?

એમાં જાણો છો ને કે રૌદ્રધ્યાન અને કાળી લેશ્યા સ્ફુરવાથી નરકગતિનાં ભાતાં પણ ભેગાં થઈ જાય ? પરલોક બગડી જાય ? જિંદગીમાં બીજી ધર્મસાધના કરી હોય એનું પુણ્ય એક બાજુ ઊભું રહે અને આ દુષ્ટ બુદ્ધિ-કાળી લેશ્યા-વિચારણામાં બાંધેલું દુર્ગતિનું આયુષ્ય દુર્ગતિમાં તાણી જાય. અગર આયુષ્ય કદાચ કોઈ શુભ ભાવ વખતે સદ્‌ગતિનું બાંધ્યું હોય તો ય આ દુષ્ટબુદ્ધિમાં બાંધેલા જાલિમ



પાપ ભયંકર રીતે નડે ! શ્રીપાલ, હરિશ્ચંદ્ર, નળ, રામ, સીતા વગેરેને પૂર્વનાં પાપ નડ્યાં ને ? મોટા તીર્થંકર પાર્શ્વપ્રભુને મનુષ્યપણાના ભવે ભવે તેવા કોઈ પૂર્વનાં પાપ અંતકાળે ઘોર રીતે કેવાં નડ્યાં ! એ તો જાગ્રત હતા, સદ્‌બુદ્ધિ ઘડેલી હતી એટલે દુષ્ટતા ન આવવા દીધી, પણ પાપના ઉદયે એમને મરણાન્ત કષ્ટ આપ્યા ને ?

માટે જ આ તૈયારી આજથી જ કરવા માંડો કે,

નથી ને ક્યારેક કોઈ તેવા ભૂખ-રોગ વગેરેનું કારમું કષ્ટ ઊભું થાય, તો તે વખતે બુદ્ધિ બગડે નહિ એ માટે અત્યારથી જ બુદ્ધિને સતત શુભ વિચારણા, શુભ ભાવના અને ભલી લાગણીઓથી ઘડ્યે જઈએ. બુદ્ધિ ઘડ્યા વિના સદ્ધર નહિ બને. મલિન-તુચ્છ વિચારોથી ઘડાયેલી બુદ્ધિ તેવી જ મેલી-તુચ્છ તરીકે સદ્ધર રહેવાની. પછી અવસરે એવું જ પોત પ્રકાશવાની.

**બુદ્ધિ શાનાથી ઘડવી ? :-**

માટે જીવો પર નીતરતી કરુણા, મૈત્રી, ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે નફરત-નિર્વેદ, જગતના બનાવો પ્રત્યે ઉદાસીનભાવ, આત્મચિંતા, દેવગુરુભક્તિ, ધર્મપ્રીતિ, કૃતજ્ઞતા-સેવા-પરોપકાર, સહનવૃત્તિ, નિરભિમાન, નિખાલસતા, વગેરે લાગણીઓ અને એને મળતા વિચારો ચિત્તમાં વારંવાર ઊભા કરવા જોઈએ, અને ખાસ તેવા પ્રસંગે તો વિશેષ કરીને દૃઢ મનથી એ લાગણી-વિચાર પકડી રાખવા જોઈએ.

ચોકસાઈ રાખશો તો દેખાશે કે આ શુભ લાગણીને બદલે દ્વેષ-ઈર્ષ્યા-નિર્દયતા, વૈર-વિરોધ-અંટસ, ને રાગ-મમતા-તૃષ્ણા કેવા ઊઠી આવે છે ! આપણને લાગે-વળગે નહિ તેવા જગતના બનાવોમાં રાગ વગેરેમાંના કોઈને કોઈ અશુભ ભાવ કેવા ઝળકી જાય છે ! હવે એની સામે મજબૂત અને જાગ્રત મનથી પેલી કરુણા-મૈત્રી, નિર્વેદ, ઉદાસીનતા વગેરે શુભ ભાવનો ભરચક અભ્યાસ સતત રાખવો અત્યંત આવશ્યક છે. તેથી બુદ્ધિ તેવી ઘડાય છે, તેવી પાકટ થાય છે.

**ધર્મ સાધનાનું ફળ શામાં ? :-**

ધર્મક્રિયાઓ અને વ્રત-નિયમ-તપ વગેરે કરીએ એનું ફળ પણ લાવવું જોઈએ કે એની શુભ વાસના દિલમાં ટકીને સારા સારા વિચાર અને સારી સારી લાગણીઓ ચલાવ્યાં કરે, એ જો ચાલુ રહે તો સમજો કે ધર્મસાધના સુંદર સાર્થકતા પામી. ધર્મશ્રવણ-વાંચનનું પણ આ ફળ ઊભું કરવું જોઈએ. દેવદર્શન-ગુરુ-સત્સંગ પણ આ વસ્તુ કરનારા બનવા જોઈએ. એ લક્ષપૂર્વક નિરંતર સેવેલ શુભ વિચાર-લાગણીઓથી ઘડાયેલી બુદ્ધિ એક મહાન મૂડી-નિધાન બની ગઈ ! એના ઉપર હવે શુભ અધ્યવસાયો અને સુકૃતોનો ધૂમધામ વેપાર ચાલવાનો ! એમાં પછી નથી ને

કોઈ તેવી પીડા પણ ઊભી થઈ, તો ય પેલી સદ્ધર મૂડીના લીધે સદ્બુદ્ધિ-સદ્વિચાર ટક્યા રહીને દુષ્ટબુદ્ધિ-દુષ્ટવિચારથી બચી જવાને અવકાશ રહેશે.

**દુષ્ટ વિચારની ભયાનકતા :-**

ત્યારે પીડા-આપત્તિ વખતે દુષ્ટ વિચાર અટકે એ કેટલો મોટો લાભ ! કેમ કે એ દુષ્ટ વિચાર તો જીવની બાહ્ય ધર્મસાધનાઓની શરમ રાખ્યા વિના ચીકણો પાપકર્મથી આત્માને જકડે જ છે ! અને કદાચ એ જ વખતે જો આયુષ્ય કર્મ બંધાયું, તો તો બાર વાગ્યા, ભયંકર દુર્ગતિનું જ બંધાવી દે ! જેથી પછી દુર્ગતિમાં ગયા એટલે ધર્મને તાળું દેવાઈ ગયું ! અને પાપવૃત્તિ-પાપવૃત્તિના દ્વાર ખુલ્લા થઈ ગયા ! એનું વળી આગળ પરિણામ કેવું ? ભવ કેવા મળે ? ચંડકોશિયા નાગે સાધુભવમાં દુષ્ટ ભાવને વધાવ્યો તો નાગના ભવમાં કેટલી હદ બહારની દુષ્ટતાએ પહોંચ્યો ? અને ત્યાં જો પરમ દયાળુ મહાજ્ઞાની મહાવીર પ્રભુ ન મળ્યા હોત, તો શું એની મજાલ હતી કે ઊંચો આવી શકત ? કેવી કેવી અધમાધમ નરક સુધીની યોનિઓમાં ભટકી મરત ? માટે સદ્બુદ્ધિ-સદ્વિચારને ખૂબ કેળવવા-ટકાવવાનું કરો.

**સૂર્યશિવને દીકરીનાં નાણાં કરવાં છે :-**

સૂર્યશિવ બ્રાહ્મણને એ આવડતું નથી, તે દુષ્ટ વિચારમાં ઠેઠ પુત્રીને મારી નાખવાની દુષ્ટ ભાવના સુધી પહોંચ્યો ! પરંતુ પુત્રીનું સદ્ભાગ્ય કાંક જાગતું તે આને વળી વિચાર થયો કે 'હા ! હા ! આ મેં શું ચિંતવ્યું ? ના, મારે નાણાં જોઈએ છે ને ? તે તો હું આને જીવતી વેચીને મેળવી શકીશ.' એમ વિચાર કરી એ પુત્રીને લઈને ઊપડ્યો વેચી નાખવા માટે.

**સુકૃત કેમ ખૂબ કરવાં ? :-**

જુઓ, છોકરીનું અલ્પ પણ પુણ્ય કેવું બાપની દુષ્ટ કાર્યવાહીની આડે આવે છે ! મન-વચન-કાયા, ધન અને ઈન્દ્રિયોથી સુકૃત કરતા રહેવામાં આ પણ એક મહાન લાભ છે કે એનું પુણ્ય અવસરે બીજાની આપણી પ્રત્યેની દુષ્ટ કાર્યવાહીને અટકાવે છે, અગર એનું આપણા પર માઠું ફળ બેસવા દેતા નથી ! શ્રીપાળને મારી નાખવા મહેલ પર ચડતો ધવળશેઠ ખંજર સાથે નીચે પડ્યો, મર્યો, અને શ્રીપાળ બચી ગયા ! પૂર્વના સુકૃતોના આ પ્રભાવ. માટે સુકૃત ખૂબ કરતા રહો.

સૂર્યશિવ ઘર શોધતો પેલા ગોવિંદ બ્રાહ્મણના ઘરે આવી પહોંચ્યો કે જ્યાં રુક્મિનો જીવ પૂર્વે ચક્રવર્તીપણું છોડી સંયમ પાળીને દેવલોકમાં જઈને અહીં પત્ની તરીકે બનેલ છે. ગોવિંદ બ્રાહ્મણ પણ ચૌદ વિદ્યાગણનો ભણેલો છે, સ્વભાવે ભદ્રિક છે, અને નિકટમાં ઉદય પામવાવાળો છે. સૂર્યશિવે પોતાની કરુણ કથની કહી આ છોકરીને ખરીદી લેવા કહ્યું.





**ગોવિંદ બ્રાહ્મણની વિવેકી દૃષ્ટિ :-**

બ્રાહ્મણે જોયું કે છોકરીની મુખાકૃતિ ગુણોને કહી રહી છે. કદાચ એમ જ આને પૈસાનું દાન કરી દઉં, તો પાછો એ પૈસા ખૂટ્યે વળી ક્યાંક આ છોકરીને વેચી નાખશે. ત્યાં કોણ જાણે આ બિચારી કેવાના પનારે પડે ? એના કરતાં આને રાખી જ લેવા દે !' કેવી સરસ વિવેકભરી એની દૃષ્ટિ ! એ જુએ છે કે પોતાના જ સંતાનનો સોદો કરવા નીકળેલ બાપને દાન કરી, એ સંતાન એની દુષ્ટતાનો શિકાર બન્યું રાખવા કરતાં કિંમત આપીને એને એમાંથી છોડાવવું સારું.

**ઉદારતામાં ય વિવેક :-**

દાનની ઉદારતામાં ય વિવેક જોઈએ છે. દાન જ શું, વાણીથી કે કાયાથી સેવાતી ઉદારતામાં ય વિવેકની પહેલી જરૂર છે. માબાપ દીકરાને નાનપણથી લાડકોડમાં 'કિશોરભાઈ ! તમે આમ કરો, તેમ કરો, આ તમારે ન કરવું જોઈએ...' વગેરે બહુવચનના માનભર્યા સંબોધનથી વાત કરે તો એ છોકરો કેવો પાકે ? ભૂલ કરે તો ય એને લાડકોડમાં ઉદારતાથી ઠપકો ન આપે પણ ભૂલ ખાઈ જાય, યા નરમાશથી જ કહે કે 'કિશોરભાઈ ! તમારે આમ ન કરવું જોઈએ,' તો એનું પરિણામ શું ? છોકરો અભિમાની ને ઉદ્ધત જ થાય કે બીજું કાંઈ ? વાણીની એવી અવિવેકભરી ઉદારતા શા કામની ?

**છોકરા હરામી કેમ થાય છે ? :-**

એમ, માબાપ છોકરાને સેવાકારી સેવાપ્રિય ઘડવાને માટે એની પાસે કરાવવા જોગાં કામ કરાવવાનું ન રાખે અને ઉદારતાથી પોતે જ એ કરી લે, તો છોકરો કેવો હરામ હાડકાનો થાય ? કેવો સ્વાર્થી નીપજે ? ને જો માબાપ સામે એમ, તો પછી બીજા પ્રત્યે તો કેવો ય હરામી બેઠાખાઉ અને સ્વાર્થી નીવડે ? આજે ઘેર ઘેર જુઓ, જ્યાં છોકરા મોટા થયા અને સગા માબાપ પ્રત્યે પણ હરામહાડકાના અને સ્વાર્થી દેખાય છે, ત્યાં મૂળમાં આ હશે કે નાના હતા ત્યારે માબાપે એની પાસે કરાવવા જોગાં કામ નહિ કરાવ્યાં હોય અને પોતે જ ઉદાર મને કરી લીધાં હશે. ત્યારે આ ઉદારતા, પરિણામ જોતાં, અવિવેકભરી હોવાનું કહેવું જ પડશે. તેથી એમાં વિવેક અવશ્ય જોઈએ.

ગોવિંદ બ્રાહ્મણે ઉદારતામાં આ વિવેક કર્યો છોકરીને રાખી લઈ, એના બાપને ગરજુ છે માટે નીચોવી લો એમ નહિ, પણ એને ધરપત થાય એટલા પૈસા આપ્યા.

**એક દુષ્કૃત્યનો ચેપ :-**

સૂર્યશિવ પૈસા લઈ રવાના તો થયો; પણ લોકોને આ ખબર પડતાં એને ચૂંટી ખાધો ! પોતાની સગી દીકરીના વેચનાર તરીકે એને બહુ ફિટ્કાર આપ્યો. લોકના ફિટ્કારને એ સહન ન કરવાથી દેશ મૂકી ભાગી ગયો બીજા નગરે, પણ છોકરી વેચવાથી પૈસા મળ્યા એનો એને હવસ-ચડસ લાગ્યો. ચેપી રોગ ! એક દુષ્કૃત્યનો ચેપ જીવનમાં ફેલાયો ! તે હવે ત્યાં ખાનગી કોઈ કોઈ કન્યાને ઉપાડી જઈ બીજે ઠેકાણે વેચી નાખવાનો ધંધો માંડ્યો ! એક સંતાનવિક્રય પાપમાંથી મનુષ્યહરણ જેવું મોટી ચોરીનું પાપ પેઠું ! અને મનુષ્યવિક્રયનું પાપ ફાલ્યું ફૂલ્યું ! આ જોતાં એક પણ નવું દુષ્કૃત્ય, નવું વ્યસન ઘાલતાં બહુ વિચાર કરવા જેવો છે.

**સાતે વ્યસન કેમ વિકસ્યા ? :-**

આવે છે ને કે એક સજ્જને એક માછીમારને પૂછ્યું 'અલ્યા ભલા આદમી ! માછલાં પકડે છે ?'

પેલો કહે છે, 'ના, એનું માંસ પણ ખાઉં છું.'

'અરે ! માંસ ખાય ?'

'ના, એકલું નહિ, દારૂ સાથે.'

'હેં ! માંસ-મદિરા ઉડાવે ?'

'ના, એકલો નહિ, વેશ્યાની સાથે.'

'અરેરે ! આ તું શું બોલે ? વેશ્યાગમન ?'

'એમ તો પરસ્ત્રીઓ સાથે પણ ખરું.'

'આ તું શું કહે છે ?'

'એમાં કહેવાનું શું ? એ તો જુગાર ખેલી પૈસા કમાઈએ એટલે ક્યાં નાખવા ? વળી એવાની સોબતે એ પણ કરવું પડે ને ?'

'અરે ! જુગાર પણ ખેલે ?'

'જુગાર જ નહિ, એમાં પૈસા જાય એટલે ચોરી કરીને લાવવાના ય ખરા.'

બોલો સાત વ્યસનમાં શું બાકી રહ્યું ? જુગાર-શિકાર, માંસાહાર-મદિરાપાન, ચોરી, પરસ્ત્રી-વેશ્યા; સાતે ય આવી ગયા ને ? એનું મૂળ અંતે ક્યાંથી શરૂ થયું ? જુગારમાંથી. એક વાર જુગારના વ્યસને અનેક વારનું એ ભૂત પેસાડ્યું ! ઉપરાંત બીજાં છએ વ્યસન લાગુ થઈ ગયાં ! માટે એક પણ વ્યસનને પેસવા ન દો.

**સૂર્યશિવ કેટલો દુષ્ટ બન્યો ? :-**

એ પોતાના નીચ-નિર્દય સ્વભાવ મુજબ દુષ્કૃત્યો કરી કરી અહીં ય ભયભીત સ્થિતિને અને પરલોક માટે ય ભયંકર દુઃખમય દુર્ગતિના ભવોની પરંપરાને સર્જનારો



બન્યો રહ્યો ! આ પણ સાંભળવા મળે છે ને કે કેટલા ય છોકરાઓમાં પહેલાં હોટલની ચાનું વ્યસન, પછી આમલેટ, ઇંડા, મચ્છી વગેરેનું ભક્ષણ ચાલુ થઈ ગયું છે ! આ ગાડું ક્યાં જઈ અટકવાનું ? એમ કેટલી ય કોલેજિયન કન્યાઓમાં પહેલાં છોકરા સાથે ભણવાનું, પછી સાથે ચા પીવાનું, પછી ફરવા જવાનું, સાથે સિનેમા જોવા જવાનું, પછી અંધારે ભટકવાનું...! ક્યાં જઈ અટકશે ? માટે જ સંતાનોને પ્રાથમિક આચારભંગથી બચાવી લેવાનું અત્યંત આવશ્યક છે.

**ગોવિંદ વિપ્રને ત્યાં દુકાળની અસર :-**

હવે, પેલા ગોવિંદ બ્રાહ્મણને ત્યાં પેલી બ્રાહ્મણપુત્રી સૂર્યશ્રી ઊછરી રહી છે એમાં દુકાળને આઠ વરસ ઉપર થઈ ગયા, અને ગોવિંદ બ્રાહ્મણનો વૈભવ ખૂટવા આવ્યો. દુકાળની ભયંકર મોંઘવારીમાં પૈસાના વ્યયનું પૂછવું શું ? એમાં એક દિવસ મહિયારી દહીં-ઘી વગેરેની ભરેલી ચાર મટકીઓ લઈને આવી. ને કહે છે 'આ લઈને બદલામાં મને એક કૂંડી ચોખા આપો.' ધાન્ય કેટલું બધું મોઘું ? અસહ્ય મોંઘવારી ! ગોવિંદ બ્રાહ્મણની આગળ પેલી મટકીઓ મૂકી ચોખા માટે બાજુએ ઊભી રહી છે; ત્યાં તો છોકરાં ભૂખ્યા ડાંસ જેવા, તે એમાંનો બધો ખાદ્ય માલ ઝાપટી ગયા ! ગોવિંદ બ્રાહ્મણ બિચારો ઉદ્વેગમાં હતો કે 'આ વિકટ પરિસ્થિતિમાં કુટુંબ સીદાઈ રહ્યું છે, એ મારાથી જોયું જતું નથી. શું કરવું ?' એટલે છોકરા પેલું ખાઈ જઈ મટકીઓ સાફ કરી જાય છે એને શું રોકે ?

પેલી મહિયારી ખોટી થઈ રહી છે; તે બૂમ મારે છે, 'ભટ્ટીદારિકા ! અમને જલ્દી ચોખા અપાવી દો, જેથી અમે ગોકુળ ભેગા થઈ જઈએ. અમારે મોડું થાય છે.'

ગોવિંદ બ્રાહ્મણની પત્ની સૂર્યશ્રીને બોલાવીને કહે છે. 'અલી જો ને પેલું રાજાને ત્યાંથી આવેલું અનાજ છે, એમાંથી ચોખાની કૂંડી લઈ આ મહિયારીને દઈ દે. 'જલ્દી શોધી લાવ જો. આમને ઘરે પહોંચવાનું મોડું થાય છે.'

**દુર્લભ મળેલ ચોખા જડતા નથી :-**

સૂર્યશ્રી આજ્ઞા તહત્તિ કરી અંદર જઈ ગોખલા વગેરેમાં શોધે છે; પણ કૂંડી મળી નહિ. તેથી બહાર આવી કહે છે 'મળતી નથી.' બ્રાહ્મણીએ ફરીથી અમુક જગાએ તપાસ કરવાનું કહેવાથી સૂર્યશ્રી ત્યાં જઈ શોધી રહી છે. એમાં વાર લાગી એટલે બ્રાહ્મણી પોતે ઊઠી અંદર જઈ શોધે છે. એને ય ન મળી.

ચીજ જ્યાં નથી ત્યાં લાખ વાર શોધે તો ય શાની મળે ? સર્પના મુખમાં કોઈ અમૃતની ભારે ખોજ કરે તો ત્યાં શું એ મળે ? એમ જ્ઞાનીઓ કહે છે શબ્દાદિ વિષયોમાં સાચું કાયમી સુખ નથી, પછી ત્યાં એની ગમે તેટલી ગડમથલ કરવામાં આવે તેથી શું ?

**સુખનો અનુભવ કેમ ખોટો ? :-**

**પ્ર.**- પણ અમને સુખનો અનુભવ થાય છે ને ?

ઉ.- વાત ઠીક કિન્તુ શું કદી એ તપાસ્યું છે કે આ તે સુખ છે કે માત્ર ખરજવાની ખણજનો પ્રતિકાર છે ? પહેલાં તો આ તપાસવા જેવું છે કે દુનિયાના જે જે વિષયના સંયોગથી સુખ થવાનું લાગે છે તે તે વિષયના સંયોગ પહેલાં જીવમાં કોઈ ઝંખના, આતુરતા, ચળવિચળતા ઊભી થઈ છે કે નહિ ? એ થઈ હશે તો જ પછી તે તે વિષયસંયોગથી સુખ લાગવાનું; અને એ જો શાંત થઈ ગઈ તો પછી ગમે તેટલો સારો સંયોગ કાયમ છતાં નહિ લાગે સુખનો અનુભવ ! પક્વાન્નના ભોજનથી મજા આવે લાગ્યું ત્યાં જરૂર એની ઝંખના, એની ચળ, એની વ્યાકુળતા ઊભી થઈ જ છે. એટલે જ એ ખાતાં ખાતાં સુખનો અનુભવ થાય છે. પણ જ્યાં પેટ પૂર્ણ ભરાઈ ગયું, હવે મોઢું જ ના પાડે છે, વધારે ખાવાથી ઊલટી થવા જેવું લાગે છે, ત્યારે એની આતુરતા-ચળ-ઝંખના શાંત થઈ ગઈ ગણાય. હવે 'લાવ જરા બે ઢેફાં ખાઉં, મજા આવશે,' એમ નથી લાગતું. કેમ એમ ? ચળ-ઝંખના-ભૂખ હતી ત્યાં સુધી જ વિષયસુખનો અનુભવ; એ મટ્યા પછી સુખાનુભવ નહિ, એ સ્થિતિ છે માટે.

એમ, સટ્ટાના વેપારથી સુખ માનતા હતા, પણ ત્યાં બે નહિ ચાર લપડાક પડી, ભારે ખોટમાં ઊતરવું પડ્યું ત્યાં પછી જો એની ચળ-ઝંખના ઓછી થઈ શાંત પડી જાય છે અને એમ લાગે છે કે આ ખોટું, માલનો વેપાર સારો, એટલે કે સટ્ટાના વેપારની જો ચળ ગઈ, તો પછી એનાથી સુખ નહિ લાગે. આવું જીવનના બધા ક્ષેત્રમાં સમજી લેવાનું.

સમરાદિત્ય રાજકુમાર પૂર્વ ભવોની ત્યાગની સાધના એવી વધારતા આવ્યા છે કે હવે આ ભવમાં એમને વિષય-સંયોગોની ચળ-ઝંખના-આતુરતા નથી. તેથી એમને આ બધી મોટી રાજ્યસમૃદ્ધિથી સુખ એવું નથી લાગતું. માબાપ જાણે 'આને હીરામાણેકના અલંકાર પહેરાવો, વૈભવી શિબિકાઓમાં ફરવાનું આપો, મેવા પક્વાન્ન પીરસો, એટલે એને મજા આવશે.' પણ અહીં તો મૂળમાં પહેલી એ સંયોગોની ખણજ-આતુરતા હોય તો ને ? ચળ બધી શાંત કરીને અહીં આવ્યા છે, એટલે એમને કશું જ સુખ માટે નથી બનતું.

પૃથ્વીચંદ્ર રાજકુમારની પણ એ જ દશા હતી. એટલે તો માતાપિતા એમને મજા મણાવવા માટે ઊંચા ગીત-નૃત્ય-અલંકાર અને રંગરાગનાં સાધન ગોઠવાવી આપે છે. ત્યારે આ એનાથી સુખનો મજા-આનંદનો અનુભવ કરવાને બદલે,

**ગીત વિલાપને સમ ગણે, નાટક કાયક્લેશ; મેરે લાલ,**



**આભૂષણ તનુભાર છે, ભોગને રોગ ગણેશ, મેરે લાલ...**

અર્થાત્, એ ગીતને વિલાપ સમ, નાટક-નૃત્યને એક કાયક્લેશ, આભૂષણને બોજ, અને ભોગને રોગની સમાન ગણે છે. કહો ક્યાં સુખ લાગવાનું રહ્યું ? એટલે વાત આ છે કે પહેલાં ચળ-ઝંખના-આતુરતા હોય, તો વિષય-સંપર્કથી એનો પ્રતિકાર કરી સુખ મનાય છે. આ ચળ-આકુળતા વગેરે એક પ્રકારનું દુઃખ છે. એને નિવારવાનું કરાય એમાં મૂઢ જીવ બહુ મજા અને સુખ માને છે. મજૂર એક ખભેથી ભાર બીજા ખભે લઈ માને કે હાશ ! ફોરો થયો,' ગધેડાના શરીર પર ત્રણ મણ ભાર ભર્યો એના પર પાછો કુંભાર ચડી બેઠો, થોડે ગયા પછી કુંભાર ઊતરી જતાં ગધેડો માને કે 'હાશ ! સુખી થયો,' ત્યાં શું ખરેખર સુખ મળ્યું કે માત્ર એટલું દુઃખ ક્ષણભર ટળ્યું ? ખરજવાની ખણજ ઊપડી, સારી પેઠે ખણ્યું, સુખ લાગ્યું, ત્યાં શું ખરેખર સુખ મળ્યું ? કે ક્ષણભર ખણજનું દુઃખ ટળ્યું ? જો ત્યાં ખરેખર એ સુખનું સાધન લાગતું હોત તો ખરજવું મટાડવાની દયા જ ન કરત. સુખનું સાધન મિટાવવા કોણ ચાહે ?

**વિષય-સંપર્કની ચળ મટે તો જ સાચું સુખ મળે :-**

એટલે વાત આ છે કે દુનિયાના વિષયોમાં ખરેખર સુખ નથી, એના સંપર્કથી સુખ નહિ, પણ ક્ષણભર દુઃખનો પ્રતિકાર માત્ર છે. પાછી ચળ ઊપડે છે ને એને તૃપ્ત કરવા મહેનત કરવી પડે છે ! એના બદલે જો મૂળમાંથી જ આ ચળ શાંત કરી દેવાય, તો જ પછી આત્માના સાચા સુખને અવકાશ રહે. એટલે તાત્પર્ય, જે વિષયોમાં સુખ નથી ત્યાં સુખની શોધ કરવી એ મૂર્ખતા છે, વાહિયાત પ્રયત્ન છે. સુખ હોય જ નહિ ત્યાં સુખ ક્યાંથી મળે ?

પેલી બ્રાહ્મણી ધારેલી જગાએ ચોખાની કૂંડી શોધે છે. પણ હોય જ નહિ તો ક્યાંથી મળે ? ન મળવાથી આશ્ચર્ય થયું કે 'વાહ ! આ શું ? અહીં મૂક્યાની ધારણા છે છતાં અહીં એ મળતી નથી !' મહિયારીને ચોખા આપવાની અત્યંત આવશ્યક્તા છે, તેથી હવે તો આસપાસમાં ચોકસાઈથી ઢૂંઢે છે. એમાં વિશાળ ઘરના એક એકાંત ભાગમાં એણે જે દૃશ્ય જોયું તેથી એ હેબતાઈ ગઈ ! એ રુક્મિનો જીવ છે, અને હવે તો એણે આત્માનું ભવ્ય ઉત્થાન પૂર્વભવથી કરવા માંડેલું છે, તેથી અજુગતું દૃશ્ય એ કેમ સહન કરી શકે ? શું જોયું એણે ?

બ્રાહ્મણીએ જોયું કે એનો પુત્ર એક ગણિકાની સાથે ભાત ખાઈ રહ્યો છે. છોકરે પણ જોયું કે મા આવી રહી છે. જોઈને વિચારે છે કે 'આ દુષ્ટા પ્રાયઃ અમારા ભાત ઝૂંટવી લેવાની ઇચ્છાથી નીકળી લાગે છે ! એટલે જો એ નજીક આવશે તો હું એને મારી નાખીશ ! એ શું સમજે છે એના મનમાં ?'

જુઓ આ, પેટે સપુત ધાર્યો કે ભોરિંગ ? દુકાળના વખતમાં જ્યાં કુટુંબને અનાજની અછત છે ત્યાં આ મોટો દીકરો ઘરમાંથી ચોરીને એકાંતમાં ખાવા બેસી ગયો છે, અને તે પણ ગણિકા-વેશ્યા સાથે રાખીને ! સ્વાર્થાંધતા, ચોરી, કુટુંબીઓ પ્રત્યે નિર્દયતા, દુરાચાર,...કેટકેટલા પાપો ફાલ્યાફુલ્યાં કે હવે જનેતાને મારી નાખવા સુધીની કુબુદ્ધિ સુધી પહોંચી ગયો !

**આજના ખૂન-ચોરી વગેરેનું મૂળ :-**

ખાવાની કારમી લાલસા અને વિષયભોગની ભયાનક લંપટતા માણસ જેવા માણસને ક્યાં સુધી દુષ્ટ બુદ્ધિની ગર્તામાં નીચો ઉતારી દે છે ! એ લાલસા-લંપટતાના પાપે જ દુનિયામાં દુષ્ટતાનાં તાંડવ ખેલાઈ રહ્યા છે. પ્રજામાં ખુનરેજી, બદમાશી, ચોરી, ઝઘડા, જૂઠ-અનીતિ-માયાચાર અને ઈર્ષ્યા-વેરઝેર વગેરે ચાલી રહ્યાના મૂળમાં આ આહાર-વિષય-પરિગ્રહની અતિ લાલસા-લંપટતા કારણભૂત છે. એ મૂળ કારણ ઓછું કરાવવાને બદલે એક બાજુ ઊલટું એને પોષવાનું કરાય, અને પછી કાયદા-કાનૂન અને કોર્ટ-પોલિસ વગેરેની યોજના કરાય, તેથી શું એ પાપો ઓછાં થાય ? રોગનું મૂળ કારણ કુપથ્યસેવન ચાલુ રખાય, પછી દવાના ફાકડા મારે, તેથી શું રોગ જાય ? કદાચ ક્ષણભર રોગ ઓછો થયો લાગે, પણ ખરેખર તો એ શરીરની અંદર ઊતરી ગયો હોય. આજે ડોક્ટરો એમ તાવ દબાવે છે એની પાછળની માઠી અસરો દરદી અનુભવે છે ને ? એવું કાયદા અને સજાના જોરે ક્યાંક અનીતિ દાબી દેવાય, પણ પેલી લાલસા-લંપટતા જો બેઠી છે, તો શું ખરેખર અનીતિ ગઈ ? ના, જરાય નહિ; માટે તો હવે એ ફરીવાર એવું શોધે છે કે કેમ સીફતથી અનીતિ કરીએ અને કાયદા કે પોલિસની ચુંગાલમાં ન ફસાઈએ; કદાચ ફસાયા તો 'કેમ લાંચરુશ્વત કે ભેજાબાજ વકીલના સહારે એમાંથી છૂટી જઈએ,' આ શોધાતું હોય, ત્યાં ગુના શે' ઓછા થાય ? સમજે છે કે 'અનીતિની સજા નથી, પણ કાયદામાં પૂરવાર થાય એની સજા છે, માટે અનીતિ તો કર્યે રાખો પણ સપડાવાની બારી ન રાખો.'

વિદ્યાર્થીઓને આજે મોટા નાગરિક-શાસ્ત્ર અને સમાજશાસ્ત્ર ભણાવાય છે, પણ એ જ વિદ્યાર્થી-આલમમાં પણ ગુનાઓ હદ પાર વધી ગયા છે ! શું કારણ ? આ જ, કે મૂળ કારણભૂત આહાર-વિષય-પરિગ્રહની લાલસા-લંપટતાને ઓછી કરાવવાનો કોઈ પ્રયત્ન નથી, બલકે એ વધે એની યોજનાઓ ખુલ્લી છે !

પેલો બ્રાહ્મણીનો પુત્ર આહારલંપટ અને વિષયલંપટ બન્યો છે એટલે વેશ્યાને પણ રાજી કરવા ઘરમાંથી અનાજ ચોરી એની સાથે ખૂણે બેસીને એને ખાઈ રહ્યો છે; અને એમાં સગી મા પણ જો આડે આવતી દેખાઈ, તો એને મારી નાખવાની



ઘોર દુષ્ટ બુદ્ધિ સુધી પહોંચી જાય છે.

**બીજાનું મોત કેમ ઇચ્છાય છે ? :-**

બહુ સાવધ રહેવા જેવું છે ! સ્વાર્થની લંપટતામાં કદાચ આટલો બધો ક્રૂર નહિ તો પણ 'સામો મરે તો તો સારું' એવો વિચાર આવી જવો સંભવિત છે. ડોશી પાસે બહુ પૈસા હોય એ જીવતા મળે એમ ન હોય, પછી જો એની બહુ આવશ્યક્તા માની તીવ્ર અભિલાષા કરી, તો ક્યારેક ભાનભૂલા થઈ શું 'આ ડોશી મરે તો સારું' એવો વિચાર ન જ આવે એવું નક્કી છે ? ત્યારે કોઈ પણ જીવનું મોત ઇચ્છવું એ કેટલું બધું ભયાનક છે !

અરે ! ઘોર પીડામાં સબડતો હોય તો ય એનું મોત ન ઇચ્છાય કે 'આ મરે તો સારું જેથી બિચારો આ પીડામાંથી છૂટે.' આવું ઇચ્છવા યોગ્ય નથી, કેમકે મર્યા પછી આથી પણ ભયંકર પીડાવાળા તિર્યંચ-નરકના અવતારમાં નહિ જ મૂકાય એની ચોક્કસ ખબર ક્યાં છે ? અને જો ત્યાં મૂકાયો તો એની કઈ દુર્દશા-વિટંબણા થાય ? એવી સ્થિતિમાં એને આપણે વહેલો જવાનું ઇચ્છાય ? પણ એમ કહો કે એની રિબામણ જોઈ જતી નથી, તેથી પોતે એવા દર્શનથી બચવાની લંપટતામાં એનું મોત ઇચ્છી રહ્યો છે ! ખરી રીતે તો એવું ઇચ્છવાને બદલે એમ ઇચ્છી શકાય કે 'આ બિચારો પીડાથી જલ્દી મૂકાય તો સારું' અને કદાચ એવી કોઈ નિર્ધારિત પીડા લાગતી હોય તો એમ ઇચ્છાય કે 'આને ચિત્તની સમાધિ મળો. આને સમાધિ રહે તો સારું.' 'આપણે કેવું કમકમી ભર્યું જોવું પડે છે, અગર કેટલી સેવા કરવી પડે છે.' એનો કંટાળો ન હોય અને શુદ્ધ દયા જ હોય, તો 'એના દુઃખ અને અસમાધિ દૂર થાઓ' એવી પ્રાર્થના-શુભેચ્છા કરી શકીએ છીએ. પણ 'ભગવાન બિચારાનો છૂટકારો કરે તો સારું,' એવી ઘેલી ભાવના કરવા જેવી નથી. એ ક્રૂર કરુણા છે, મિથ્યા દયા છે; અવિવેક છે. જ્યારે "એ મરો" એવું ન ઇચ્છાય તો પછી 'હું મારી નાખું' એવું તો ઇચ્છાય જ કેમ ? પણ બ્રાહ્મણીનો છોકરો આવું ઇચ્છી રહ્યો છે !

પેલી બ્રાહ્મણી જ્યાં આગળ વધવા જાય છે, કે તરત છોકરો સામેથી બરાડી ઊઠે છે કે 'મા, ત્યાં જ અટકજે જો આગળ વધી છે તો પછી કહેતી નહિ કે મને કહ્યું નહોતું, હું તને જાનથી મારી નાખીશ,' દીકરે પોત પ્રકાશ્યું, આવું બોલતાં જરાય શરમ-સંકોચ કે ભય લાગ્યો નહિ.

**ભાગ્યની શિરજોરી સામે શું કરવું ? :-**

સુકોમળ ગુલાબમાં કાંટાય ઊગે છે ને ? પવિત્ર બ્રાહ્મણ-બ્રાહ્મણીના ઘરે આવા કુપુત્રનો યોગ હોય, એ પણ બનવા જોગ છે. ભાગ્યની વિચિત્ર દશા છે.

માણસ એની આગળ ખાંડ ખાય છે. માનતો હોય કે 'આવું ન થવા દઉં,' પણ એના હાથ હેઠા પડે છે. કમભાગ્યની કેવી શિરજોરી ! માટે જ એની સામે વ્યર્થ બાથોડિયાં મારવાને બદલે

(૧) એક તો સુકૃત વધારવાની જરૂર છે અને

(૨) બીજું આપણા આત્માની હિતની ચિંતા કરવા જેવી છે.

**સુકૃત અને પુણ્ય વધારવું નથી ને બખાળા કાઢવા છે ! :-**

(૧) માણસ ઘણી વાર ભૂલો પડે છે, અને બખાળા કાઢ્યા કરે છે, કે 'આ ફલાણા કેવું ખરાબ કરે છે ! કેમ આવું ચાલવું જોઈએ ? આ શ્રીમંતો લોભિયા થઈ ગયા છે. ટ્રસ્ટીઓ જહાંગીરશાહી ચલાવે છે ! અમલદારોની નાદીરશાહી ચાલે છે ! આ સરકારે ય શું કરવા બેઠી છે ! લોકોય કેવા સ્વાર્થી અને પ્રપંચી બની ગયા છે !...' શો લાભ આ બખાળાથી ? અલ્યા તું જો ને કે સારું જોવા મળવાનું તારું ભાગ્ય નથી કમ ભાગ્ય છે. તો તારું ભાગ્ય સુધરે એવું કાંક કર ને ? એ માટે મન-વચન-કાયાના સુકૃત વધાર ને ! સારા સારા કરુણાના, દેવગુરુ પર શ્રદ્ધાના, પરોપકારના, વગેરે વિચારો કર, સારી સારી ભાવના કર, એવી જ વાણી ઉચ્ચાર, સારાં દાન દે, દેવ-ગુરુ-સાધર્મિકની ભક્તિ કર, સેવા આપ. ઇન્દ્રિયોને અને મનને અંકુશમાં રાખ. ઇત્યાદિ સુકૃતો વધાર તો કાંક પુણ્યસંચય થવાથી તને સારું જોવા મળે. ના, એવું તો કાંઈ કરવું નથી, બખાળા કાઢવા છે. શું વળશે ? જિંદગીભર બરાડ્યા કરશે, ગુસ્સા અને દ્વેષ ઠાલવ્યા કરશે, છતાં કશું સારું જોવા નહિ પામે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૪૦,તા.૧૭-૭-૧૯૬૫**

આજે આવું ઘણું ચાલી પડ્યું છે. બાપ દિકરાઓ માટે, ગુરુ શિષ્યો અને ભક્તો માટે, શિક્ષકો વિદ્યાર્થીઓ અંગે, પ્રજા અમલદારો અને સરકાર સામે બખાળા કાઢ્યા જ કરે છે, કાઢ્યા જ કરે છે, પણ પોતાને સારું જોવા મળે એવું ભાગ્ય વધારવા તરફ દૃષ્ટિ જ નથી જતી ! પછી સામાની સારી વસ્તુ તરફ દૃષ્ટિ નાખવાની કે એની ભાવદયા ભાવવાની વાત જ ક્યાં ?

છાપાવાળાની ય એ દશા છે. ગૌરવ લે છે કે અમે આટલા વરસોથી સમાજ સેવા કરતા આવ્યા છીએ. પણ એને પૂછો કે સેવામાં શું કર્યું ? આ જ કે વર્ષોથી એવા બખાળા કાઢ્યા કર્યા ! શું કદી એની સામે પ્રજાને એ સુઝાડ્યું ખરું કે 'પરિસ્થિતિ દુઃસાધ્ય જેવી છે, માટે સારું વાતાવરણ ને સારા કર્તવ્યપાલન જોવા મળે એ માટે આપણું પુણ્ય વધારો ?' ના, આ શિખવાડતાં આવડતું નથી. આવડે



છે માત્ર બખાળા કાઢવાનું. નિંદા-હલકાઈ-બદબોઈ કરવાનું, ને હલકા પાડવાનું. બખાળા કાઢતાં વર્ષોનાં વહાણાં વહી ગયા કાંઈ સુધર્યું ખરું ? શાનું સુધરે ? નિંદા, તિરસ્કાર ઉતારી પાડવાનું, દ્વેષ, અવગણના વગેરેથી તો ઊલટું પાપ વધે, એ પછી સારું જોવાનું ક્યાંથી મેળવી આપે ?

**બખાળાને બદલે શું કરવું ? :-**

માટે, એક કાર્ય તો આ કરવા જેવું છે, કે તમે બાપ હો, ગુરુ હો, શિક્ષક હો, આગેવાન હો, કે પત્રકાર યા લેખક કે વક્તા હો, પહેલાં તમારું શુભ ભાગ્ય વધારો. એ માટે પહેલું તો સામા પર દ્વેષ અને એની હલકાઈ કરવાને બદલે હૃદયના વાત્સલ્યભરી ભારોભાર કરુણા વહેવડાવો. એના અદ્ભુત ગુણોની ઉપબૃંહણા-પ્રશંસા-સમર્થન કરો. તેમજ જીવનમાં બીજી પણ વાણી-વિચાર-વર્તાવના અનેકાનેક સુકૃત વધારો.

**આપણા શુભ ભાવ અને સુકૃતથી બીજા સુધરે ? :-**

**પ્ર.**- બધા આ રીતે કરશે, તો પછી પેલાને સુધારવાનું કોણ કરશે ?

**ઉ.**- પાછા ભૂલ્યા. જો બધા આ રીતે સુકૃત, દયા અને ગુણકીર્તન કરશે, તો એનું એટલું બધું પુણ્ય વધી જશે કે એની ગેબી છાયા પેલા પર પડવાથી એને સુધરવાની બુદ્ધિ જાગશે. બીજાના સારા માટેની પ્રાર્થના જે ફળે છે એની પાછળ આ જ રહસ્ય છે. આજે પરદેશમાં આવું ચાલે છે. લોકો દેવળમાં જઈ તેવા કોઈ સંકટમાં પડેલા ભાઈ કે બાઈ માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે અને પેલાનું સંકટ ટળે છે.

**પાદરીની પ્રાર્થનાથી સુધારો :-**

એક પાદરી પાસે એક માણસ રઘવાયો-રઘવાયો આવી કહે છે, 'બસ ! જોઈ લીધી દુનિયા, મહાસ્વાર્થી. કોઈને બીજાની પડી નથી. હું કેટલે ઠેકાણે ભટક્યો, કોઈ સહારો નહિ. બસ હવે મારે એક આપઘાત કરવાનો બાકી છે.'

પાદરી કહે, ધીરો પડ, શાંત થા. એવું કાંઈ નથી. તું ઈશ્વરને પ્રાર્થના કર.'

પેલો કહે, 'હું ઈશ્વર-બિશ્વરમાં માનતો નથી. પછી પ્રાર્થનાથી શું વળે ?'

પાદરીએ સમજાવ્યો પણ સમજે જ નહિ. તેથી પાદરીને બહુ દયા આવી ગઈ. એ એને કહે છે, 'ઠીક ત્યારે, જરા બેસ, હું કોન્ફરન્સ કરી આપું.'

પાદરી અંદરના ઓરડામાં જઈ, ઘૂંટણીએ પડીને હાથ જોડી ઈશ્વરને પ્રાર્થના કરે છે, જુઓ એની પ્રાર્થના પણ કેટલી સાત્ત્વિક છે ! કેવી વિવેકભરી છે ! એ મોંઢેથી બોલે છે,

**પ્રાર્થનાનો પ્રકાર :-**

'પ્રભુ ! આ દુખિયારાનું દુઃખ હું જોઈ શકતો નથી. કેમ તું મને એવી

શક્તિ આપતો નથી કે હું આનું દુઃખ મિટાવી શકું ? એને સદ્બુદ્ધિના રાહ ઉપર લાવી શકું ? શું મારામાં એટલી તાકાત નથી કે હું આને બિચારાને ઉપયોગી થાઉં? એને સહાય કરું ? નાથ ! નાથ ! એ બિચારો બહુ દુઃખી ! તારો અચિંત્ય પ્રભાવ છે, તારા પ્રભાવે મારામાં જરૂર એ સામર્થ્ય આવશે, આવવું જ જોઈએ કે, હું આને મદદગાર થાઉં, અને એનું દુઃખ મીટે,'

પાદરીએ દિલથી ગદ્ગદ સ્વરે પ્રાર્થના કરી. દસ મિનિટમાં એનો ચમત્કાર દેખ્યો ! એવો ભાસ થયો કે જાણે ભગવાન કહે છે 'જા સારું થશે.' પાદરી ઊઠીને બહાર આવ્યો. પેલાની સામે ખુરશી પર બેસી એને કહે છે, 'લો, પહેલાં જરા કોફી લેશો ?'

પેલો પ્રાર્થના પહેલાં ના કહેતો હતો કે 'ના, મારે કશું લેવું નથી. દુનિયામાં કોઈ મારું રહ્યું નથી. બસ હવે તો એક મરવાનું બાકી છે.' એમ કહેનારો હવે પાદરીની એના માટેની શુભેચ્છા પૂર્વકની દિલની પ્રાર્થનાથી ઠંડો પડી ગયો. કહે છે, 'ઠીક.'

**પાદરીની સલાહ :-**

પાદરીએ કોફી મંગાવી. બંનેએ પીધી. પછી પેલાને એ કહે છે, 'જુઓ, તમે બધા ઉપાય તો કરી લીધા છે ને ? હવે જ્યારે તમારી પાસે કોઈ જ ઉપાય નથી, તો હું તમને મારા ઢગલાબંધ અનુભવોથી કહું છું કે ઈશ્વરની પ્રાર્થનામાં અદ્ભુત બળ છે, અને તમે અહીં જ થોડીક વાર આંખ મીંચીને પ્રાર્થના કરો કે 'પ્રભુ ! તું સર્વનું ભલું કરે છે. તારી શક્તિ અપરંપાર છે. તારી દયા પાર વિનાની છે. મને અટલ વિશ્વાસ છે કે તારા અચિંત્ય પ્રભાવથી મારું સારું થશે જ. બસ પ્રભુ ! તારી દયાથી મારું મન સ્વચ્છ થઈ જાઓ, બીજાનો સારો સદ્ભાવ-સહકાર મને મળો.'

પેલાએ એ પ્રમાણે આંખ મીંચીને પ્રાર્થના કરી. ચમત્કાર થયો. થોડી વારમાં આંખ ખોલીને કહે છે 'મે. સાહેબ ! આપે મારા પર ગજબ ઉપકાર કર્યો છે. મારું મન સ્વસ્થ-સ્વચ્છ થઈ ગયું છે. હવે મને હિંમત આવી ગઈ છે.'

પાદરી કહે છે, 'તો તમે રોજ નિયત સમયે આ પ્રમાણે પ્રાર્થના કરજો.'

કહેવાની જરૂર નથી કે એથી એ ઉત્તરોત્તર સુખી થતો ગયો અને પાદરીને આવીને આભાર માનવા સાથે પોતાની ઉન્નતિ એણે કહી. હવે પૂછો ?

**પ્ર.- પાદરીની પ્રાર્થનાની અસર કેમ પેલા પર પડી ?**

**ઉ.-** કહો એ પ્રાર્થનાએ પાદરીનું પુણ્ય એવું ઊભું કર્યું કે અણગમતું દૃશ્ય જોવાનું ટળે અને સારું દૃશ્ય મળે. એ પુણ્યનો પ્રભાવ પેલા પર પડ્યો. શંકા ખાતા



નહિ કે આવું કેમ બને ? યશનામ કર્મનો ઉદય થાય છે ત્યારે એના પ્રભાવે લોક પર અસર પડે છે ને ? પહેલાં નહિ વખાણનારા લોકોના દિલ પર હવે આ યશ પુણ્યના ઉદયે એવી કોઈ અસર થઈ જાય છે કે જેથી હવે એ વખાણવા લાગે છે. આ અસર કોણે ઊભી કરી ? સામાના યશનામકર્મ-પુણ્યના ઉદયે ! એમ આદેય-નામકર્મનો ઉદય હોય અને બે શબ્દ કહેવાય તો સામા પર અસર પડે છે ! એવી રીતે માણસ કોઈ ચિંતામાં ઉદ્વિગ્ન જેવો બેઠો હોય, પણ સૌભાગ્યનામ-કર્મવાળો કોઈ આવી ચડે, તો ઝટ એ પ્રસન્નતાની અસર અનુભવી એને સહર્ષ આવકાર આપે છે ! કર્મ ચીજ એવી છે; પુણ્ય-પાપ કર્મના ઉદય બહારના જડ-ચેતન પર અસર પાડે છે, કેમકે એ એનું ફળ છે. તાત્પર્ય,

પ્રાર્થનાથી એવું શુભ કર્મ ઊભું થાય છે કે જે સામા પર અસર કરે છે. 'વેયાવચ્ચગરાણં' સૂત્રની વ્યાખ્યામાં શાસ્ત્રે આ ખુલાસો કર્યો જે કે સમ્યગ્દૃષ્ટિ આત્માઓ વૈયાવચ્ચ કરે છે, શાંતિ કરે છે, સમાધિ કરે છે, એમના નિમિત્તે કાયોત્સર્ગ કરનારને એવું શુભ ઊભું થાય છે કે જે પેલા વૈયાવચ્ચ આદિ કરનાર આત્માઓ પર અસર પાડે છે. આજ ન્યાયથી પ્રાર્થના કરનાર માટે સમજવાનું છે. પ્રાર્થના એમ ફળે છે.

**અનુચિત પ્રાર્થના કેમ ન ફળે ? :-**

**પ્ર.-** એમ તો કોઈ અસત્ અનુચિત પ્રાર્થના કરે, દા.ત. 'હે પ્રભુ ! મારા દુશ્મન મરી જાઓ' એવી પ્રાર્થના કરે, એ ય ફળે ?

**ઉ.-** ભૂલ્યા, પ્રાર્થનાથી જ્યારે એવું શુભ કર્મ ઊભું થાય છે ત્યારે એ ગર્ભિત જ છે કે એ પ્રાર્થનામાં શુભ ભાવ છે, શુભ અધ્યવસાય છે. પણ જો મૂળમાં જ અશુભ ભાવથી પ્રાર્થના કરાતી હોય, તો એવું શુભ કર્મ ઊભું થવાને અવકાશ જ નથી, પછી ફળવાની વાત જ ક્યાં ?

**પ્ર.-** તો પછી નિયાણું કેમ ફળે છે ?

**ઉ.-** એ ફળવાનું આશંસામાત્રને લીધે નથી, કિન્તુ એની પાછળ રહેલ તપ-સંયમના લીધે છે. માટે તો એવું કોઈ તપ સંયમનું બળ હોય નહિ ને માત્ર આશંસા કરે મને ચક્રવર્તીનાં સુખ મળો તો કાંઈ એ મળતાં નથી.

**અનુચિત નિયાણું કેમ ફળે છે ? :-**

**પ્ર.-** ઠીક છે, તો પણ અગ્નિશર્મા જેવાની ગુણસેન રાજાના જીવને ભવોભવ મારવાની આકાંક્ષા-આશંસા-નિયાણું, એ તો મહા અશુભ ભાવ છે, એ કેમ ફળે છે ?

**ઉ.-** પ્રશ્ન સરસ છે. અહીં સમજવાનું છે કે આ નિયાણામાં એણે તો શું કર્યું, કે પોતાના આત્મામાં દ્વેષ-વૈર-કષાયનાં ઊંડા બીજ નાખ્યા. છતાં પ્રશ્ન થાય

કે પેલા ગુણિયલ આત્મા પર એ કેમ ફળવું જોઈએ ? એનો ઉત્તર એ છે કે ત્યાં એ સમજવું જોઈએ કે એ શુભસંપન્ન આત્માને પોતાને એવો અશુભ કર્મ બાકી છે કે જેને એવાં દ્રવ્યાદિનાં નિમિત્ત મળે ત્યારે એ ઉદયમાં આવે. શાસ્ત્ર કહે છે કે તેવાં તેવાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનાં નિમિત્ત પામીને કર્મ ઉદય પણ પામે છે, તેમ ક્ષયોપશમ પણ પામે છે. વધારે મરચું ખવાઈ જાય તો મોં બળે; એ મોં બળવાની અશાતાનું કર્મ મરચાં દ્રવ્યને લઈને ઉદયમાં આવ્યું કહેવાય. એમ અહીં ગુણસેન રાજા કે પાર્શ્વ પ્રભુના જીવને એવાં કર્મ ખરાં કે એ તેવા વિરોધી શત્રુભૂત જીવદ્રવ્યનો સંયોગ પામીને ઉદયમાં આવે. માટે જ જ્યારે એવાં કર્મ ખતમ થઈ ગયાં, ત્યારે દુશ્મન એ તો એ દુષ્ટતા કરતો ઊભો છતાં તેવી એમને અશાતા અને મૃત્યુ આવ્યાં નહિ. જો માત્ર પેલાની અશુભ આશંસા પર જ આમને ભોગવવું પડતું હોત તો તો છૂટકારો ક્યારે થાય ? પરંતુ એવું નથી. પોતાનાં તેવાં અશુભ કર્મ હોય ત્યાં સુધી જ નિમિત્ત પામી વેઠવું પડે છે પછી નહિ. અસ્તુ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"　　　વર્ષ-૧૩,અંક-૪૧,તા.૨૪-૭-૧૯૬૫**

વાત એ હતી કે બીજા જીવોનાં તેવા અનિષ્ટ આચરણ પર એકલા બખાળા કાઢ્યા કરવામાં અને એની નિંદા-બૂરાઈ-હલકાઈ ગાયા કરવામાં કશું ફળ આવતું નથી, ઊલટું પોતાનો આત્મા દ્વેષ કષાયના સંસ્કાર અને અશુભ કર્મથી બંધાય છે, કદાચ સામાના મૃત્યુની કે મારી નાખવાની ઇચ્છા સુધી પહોંચાય છે. માટે કરવું તો એ જોઈએ કે પોતાના દિલમાં એવી સદ્ભાવના ઊભી કરવી કે 'સામાને સદ્બુદ્ધિ મળો, એ પાપથી પાછો હટો,' એની પ્રાર્થના પણ કરાય અને સંભવ છે ઉત્કૃષ્ટ કરુણાભરી પ્રાર્થનાથી સામાને અસર કરે એવું શુભ કર્મ ઊભુંય થાય. સામો એવા નિકાચિત મોહનીય કર્મ ભોગવતો હોય તો અસર ન પણ થાય એવું બને. એટલે અસર થાય જ એવો નિયમ નહિ, પરંતુ આપણને તો આપણી શુભેચ્છા-સદ્ભાવના કરુણાયુક્ત પ્રાર્થનાનું શુભ ફળ મળે જ.

એટલે પહેલી વાત આ થઈ કે બખાળા કાઢ્યા કરવા કરતાં શુભ ભાવનું જ આલંબન પકડવું. અહીં જોવા મળશે કે બ્રાહ્મણી દીકરાની ઉદ્ધતાઈ પર શું કરે છે. પણ પહેલાં જ બીજી વાત.

બીજી વાત એ છે કે હાલતાં ને ચાલતાં બીજાનું હલકું જોઈ એના બખાળા કાઢવાનું અને બળતરા કર્યા કરવાનું કરીએ છીએ, પરંતુ પોતાના આત્માનો વિચાર આવે છે ખરો ? પોતાનાં શુભ કર્તવ્યો બરાબર બજાવાઈ રહ્યા છે કે નહિ, પોતે



અહિત આચરણ કે વિચારણા છોડી હિત પ્રવૃત્તિ અને હિત વૃત્તિ રાખી રહ્યો છે કે નહિ, એનો વિચાર કેટલો ને કેટલા પ્રમાણમાં રહે છે ? મંદિરમાં ગયો, ત્યાં એવા સંતાપ સૂઝે છે 'આ કારભારીઓ કેવા ? પૂજારી કેવા ? છે કાંઈ સગવડ-સુઘડતા ?' પણ એ વિચાર નથી આવતો કે,

ગમે તેવી અગવડમાં પણ અહીં દર્શન-વંદનાદિ અર્થે મુખ્ય વસ્તુ પરમ કિંમતી ભગવાન તો વીતરાગ મળ્યા જ છે; તો એ મહત્ત્વનું કે પેલી સગવડ ? માનો કારભારીનો વાંક છે, પણ એથી ય વધુ મારો વાંક નથી ? આવા લોકોત્તર નાથ મળવા છતાં

(૧) શું હું પોતે દર્શન-વંદન કે પૂજન વિધિસર કરી રહ્યો છું ?
(૨) એમાં હું દિન-પ્રતિદિન ઊંચા ઊંચા શુભભાવ જગાવી રહ્યો છું !
(૩) શું મારા અશુભ ભાવોને ઘટાડવાનું ચાલું છે ?
(૪) મંદિરમાં આડા-અવળા વિચાર, બહારના વિચાર શું હું નથી કરતો ને ?
(૫) દર્શન ખાલી હાથે કરવા નથી આવતો ને ?
(૬) પૂજાનાં દ્રવ્ય મારાં પોતાનાં વાપરું છું ખરો ?
(૭) દર્શન-પૂજાનો સાચો ઉદ્દેશ જે ભવ વૈરાગ્યની વૃદ્ધિ અને સર્વવિરતિની તમન્ના શું હું એ કરી રહ્યો છું ખરો ?'

આવું પોતાના આત્માનું હિત તથા પોતાના વાંક અંગે વિચારવાનું કેટલું ? અને કારભારી, પૂજારી, દર્શન-પૂજા કરનારા વગેરે અંગે બખાળા કાઢવાનું અને બળતરા કરવાનું કેટલું ?

જો જો, બીજાના અંગે બખાળા-બળતરામાં રમનારને પોતાના આત્માનો વિચાર જ પ્રાયઃ નહિ રહેતો હોય.

આપણી પોતાની જ તપાસ કરો ને, દેખાશે એમાં, કે બીજાની બૂરાઈઓ પર બળતરા કર્યા કરવામાં આપણી જાતનું જ વિચારવાનું ભૂલી જઈએ છીએ.

એથી જ ભલે આપણે કોઈ ધર્મક્રિયા કે વ્રત-તપ-જપ કરતા હોઈએ, પરંતુ એ તેવા પ્રબળ શુભભાવભર્યા થતા નથી.

એથી તેવા બળવાન અંતરાયક્ષય અને પુણ્યોપાર્જન નીપજતા નથી કે જેની શુભ અસર બીજા પર પણ પડે.

એવી સ્થિતિમાં આપણે ગમે તેટલા બખાળા કાઢીએ પણ સામા પર એ વચનની અસર નથી પડતી.

**આદેય નામકર્મ અને અંતરાયક્ષયથી હિતશિક્ષાની સામા પર અસર :-**

મૂળમાં આપણું આદેય નામકર્મનું પુણ્ય બળવાન જોઈએ; તેમ જ આપણને

સારું જોવા મળવાની આડે નડતા અંતરાય કર્મનો ક્ષય નીપજવો જોઈએ, તો જ આપણે બીજાને કહેલાં હિતવચનની એના પર અસર થાય. બાકી આપણાં જ તેવાં પુણ્યનાં અને અંતરાયક્ષયનાં ઠેકાણાં હોય નહિ. એ ઊભા કરવા ભરપૂર સ્વાત્મહિત-ચિંતા-હિતપ્રવૃત્તિ હોય નહિ, પછી બીજાના અંગે ગમે તેટલા બખાળા કાઢીએ, એ શું સારું પરિણામ લાવી શકે ?

સારાંશ આ છે કે, બીજાના અંગે તેવા વિચારો અને ઉદ્ગાર કાઢ્યા કર્યા કરવાને બદલે આપણા આત્માના અકર્તવ્ય-ત્યાગ અને કર્તવ્યપાલન પર જ પ્રધાન લક્ષ રાખી એનો પહેલો પ્રયત્ન રાખ્યા કરવો. એથી અંતરાયક્ષય અને પુણ્યવૃદ્ધિ થઈ બધું સારું બની આવશે,

**બ્રાહ્મણી મૂર્છિત :-**

જુઓ અહીં પેલો રુક્મિનો જીવ બ્રાહ્મણી હવે આત્માનું ઉત્થાન કરતી કરતી ક્યાં સુધી આવી પહોંચી છે કે પેટના દીકરાના 'આગળ વધી તો તને મારી નાખીશ' એવા ભયંકર બોલ પર એ કેટલા સુંદર પરિણામ પર જાય છે ! પહેલાં તો દીકરાના વજ્રઘાત સમા અણધાર્યા અતિ અનિષ્ટ ઉદ્ગાર સાંભળી એના પ્રેમભર્યા કોમળ દિલને એવો આઘાત લાગ્યો કે એ ત્યાં જ મૂર્ચ્છા ખાઈ પડી જમીન પર ! પ્રેમથી પેટમાં પાળ્યા, પછી ઉછેર્યા, હવે આ પરિણામ દેખી હૈયું કેમ ન હણાય ?

**માતાને સાચું દુઃખ :-**

સાચી માતાને છોકરો બુદ્ધિશાળી-ચાલાક-રળતો કમાતો ઓછો હોવાનું જે દુઃખ નહિ, તે એનામાં અવિનય-ઉદ્ધતાઈ-નિર્દયતા વગેરે દૂષણ હોવાનું હોય. કેમકે એથી છોકરાનો પરલોક ખરાબખસ્ત થઈ જવાનું દેખાતું હોય છે; ભવની પરંપરા બગડી જવાનું નજરે ચડે છે ! અને એ આર્ય માતા માટે અસહ્ય વસ્તુ છે. આશ્ચર્ય છે કે આજે શ્રાવક-માતા-પિતા છોકરાને પાઠશાળામાં ધાર્મિક શિક્ષણ મેળવવાની વાત આવે ત્યારે કહે છે, 'આને નિશાળનું ભણવાનું બહુ હોય છે તેથી સમય નથી !' જુલ્મ છે ને આ ? સંતાનના આત્મહિતની કશી પડી છે ? ધાર્મિક સંસ્કાર વિના એનામાં અવિનયાદિ કેટલાય દુર્ગુણો ઘૂસે એની ભયંકરતા લાગે છે ખરી ? તમારા ઘરમાં આવ્યા પછી પણ ખરાબખસ્ત થાય, વિષય-કષાયાંધતા વધીને ભવ-પરંપરા વધી જાય, એનું દુઃખ, એનો આઘાત થાય ખરો ? ના, તો પછી વસવાયાના ઘર અને તમારા ઘરમાં શો ફરક ?

બ્રાહ્મણીને તો એનો એટલો બધો આઘાત લાગ્યો અને એથી ય વિશેષ આઘાત તો પોતે આવા તકલાદી અસાર કુટુંબના મોહમાં ફસી રહ્યાનો લાગ્યો, કે એ મૂર્ચ્છા ખાઈ ગઈ !



અહીં પેલી મહિયારી બિચારી બહાર રાહ જોતી ઊભી છે; તે હવે થાકીને સૂર્યશ્રીને કહે છે, 'અરે બેન ! અમારે બહુ સમય થયો, માટે તારી માને કહે કે જલ્દી આવીને ચોખા આપી દો; અને કદાચ એ ન જડતા હોય તો મગ આપી દો.

સૂર્યશ્રી આમે ય પડવાનો અવાજ સાંભળી 'આ શું ? આ શું ?' એમ કરતી અંદર જવાની તૈયારીમાં છે, એમાં વળી ભરવાડણે કહ્યું એટલે તે તરત અંદર જઈ જુએ છે તો બ્રાહ્મણી જમીન પર મૂર્છામાં પડેલી દેખાઈ ! એટલે એણે તો 'કોઈ આવો આવો' એમ બૂમરાણ મચાવી મૂકી. એ સાંભળી ગોવિંદ બ્રાહ્મણ અને બીજાઓ દોડતા અંદર આવ્યા ! જોઈ સ્તબ્ધ બન્યા ! પાણી છાંટીને અને પવન નાખીને બ્રાહ્મણીની મૂર્ચ્છા દૂર કરી પૂછે છે,'

'ભટ્ટીદારિકા ! કેમ શું થયું ?

બ્રાહ્મણી મૂર્ચ્છા ઊતરવાથી હવે સ્વસ્થ બની છે. પરંતુ એ જાતે અનુભવેલો મહા અનિષ્ટ પ્રસંગ રજૂ કરવા ઈચ્છતી નથી; કેમ કે સમજે છે કે 'એમ કરવામાં શું સારું પરિણામ આવે ? ભેગા થઈ ગયેલા બધા કષાયમાં ચઢે અને પેલા મોટા દીકરાને કદાચ કૂટાવાની સ્થિતિમાં મૂકાવું પડે ! અને મને કષાય અને કોઈ જીવને દુઃખ થાય એવું બોલવામાં શો ફાયદો ?'

**બોલ કેવા બોલવા ? :-**

બ્રાહ્મણીનો વિવેક જોવા જેવો છે.

માણસે બોલ એવા કાઢવા જોઈએ કે જેથી (૧) સાંભળનારના કષાય વધે નહિ, પણ શાંત થાય; તેમ (૨) કોઈ જીવ પર દુઃખ ઊભું ન થાય.

આપણે ઉદ્ગાર કાઢતાં શું આ ધ્યાનમાં રાખીએ છીએ ખરા ? કે એ કશું જોયા વિના દિલના ઉઠેલા આવેશ-બફારા ઠાલવવાની જ વાત ? ભલે પછી સામો કષાયમાં ચઢી બીજા જીવ પર આક્રમણ લઈ જાય અને એને દુઃખ પમાડે ? પોતાના દિલનો કષાયનો આવેશ બહુ ભૂંડી ચીજ છે કેમ કે એની પાછળ એ બીજામાં કષાય-વૃદ્ધિ અને હિંસા પ્રવર્તનની બેપરવાઈ કરાવે છે.

**વિષયાવેશથી વ્યર્થ પાપ :-**

બજારમાં કોઈ નવું સારું શાક કે ફળ જોઈને ખરીદીને આવ્યા, રસ્તે આવતાં અને ઘરે આવ્યા પછી આડોશ-પાડોશમાં કેટલાયને કહેવાનું બને છે ખરું કે "જાઓ જાઓ બહુ મજેનું શાક આવ્યું છે ! કેરી-શક્કરટેટી આવી છે !' કોણ બોલાવે છે આ ? પોતાના દિલનો વિષયાવેશ; રાગના-રતિનો આવેશ. એ જીવને અંધ બનાવે છે. જોવા નથી દેતો કે આની પાછળ સાંભળનારાઓને કેવાં રાગ-લોભ-તૃષ્ણા જગાવશે ? અને પેલા વનસ્પતિ જીવો પર કઈ આપત્તિ આવશે ?

**કષાયાવેશથી કષાયોદીરણા :-**

એમ માર્ગમાં બે જણની લડાઈ જોઈ આવ્યા, એમાં એક ન્યાયી બીજો અન્યાયી લાગ્યો, તો એ જોયેલું પછી બીજા આગળ એવી રીતે રજૂ કરવાનું બને છે ખરું કે જેથી સાંભળનારને અન્યાયી માણસ પર ગુસ્સો ચઢે ? ભાઈ ! શી જરૂર હતી આ સાંભળનાર ત્રાહિતને એવા ક્રોધકષાયમાં ચડાવવાની ? કદાચ મારવાની ય બુદ્ધિ જગાવવાની ? યા પેલા એ માર ખાધેલામાં રાજીપો કરાવવાની શી જરૂર ? પણ આપણી અંદરનો કષાય-આવેશ આ તોફાન કરાવે છે, કષાય અને હિંસાવર્ધક બોલ કઢાવે છે. માટે આવેશ ભૂંડી ચીજ છે; એથી બીજામાં કષાયવૃદ્ધિ અને કોઈને દુઃખ ઊભું થવામાં નિમિત્ત થવું એ ખરાબી નિપજે છે.

બ્રાહ્મણીને મોટા દીકરાનું સાંભળેલું, તેમજ એના જીવનની ખરાબી એ બે વસ્તુ કષાયનો આવેશ ન કરાવતાં તત્ત્વદૃષ્ટિ પર લઈ જાય છે. એટલે જુઓ એ કેવો ઉદ્‌ગાર કાઢે છે ! અને એથી સાંભળનાર કેવા શુભ ભાવમાં આકર્ષાઈ આવે છે !

બોલ એનું નામ કે જે પ્રશાંત દિલમાંથી ઊઠે અને બીજાને પણ કષાયના ઉપશમ તરફ ખેંચે.

મહાવીર ભગવાન ફરમાવે છે, 'હે ગૌતમ ! જો, પેલી બ્રાહ્મણી કહે છે...

**સગાં પોતાનાં છે ? :-**

'હે વહાલાઓ ! દરમાં રહેલા ઝેરી સાપથી જાતને ડસાવાનું ન થવા દેશો. પાણી વિનાની નદી આગળ પાણીની આશાએ ઊભા ન રહેતા. વગર દોરીના ફાંસા-બંધનસમા સગાઓને માટે મોહ અને અજ્ઞાનવશ એમ માનતા નહિ કે 'આ મારો પુત્ર ! આ મારી દીકરી ! આ મારો પોતરો ! આ પુત્રવધૂ ! આ જમાઈ ! આ મા ! આ બાપા ! આ પત્ની ! આ મારા મનગમતા પ્રેમાળ રૂપાળા વહાલા સગાસ્નેહી-પરિવાર !' આવું માનતા નહિ; કેમ કે અહીં પ્રત્યક્ષમાં એ બધું જૂઠું નીવડતું દેખાય છે; એક વખતના મારા વહાલા-વહાલા કરેલા દુશ્મન બની બેસે છે ! એ બધી ય સગાઈ મિથ્યા છે, જુઠ્ઠી છે. બધા જ સગાં સ્નેહી સ્વાર્થી છે; પોતાનું કાર્ય સરતું હોય ત્યાં સુધી જ સગાઈ-મહોબત રાખે છે. પોતાનું કાર્ય સરી ગયું, હવે સામો પોતાને કોઈ કામમાં આવતો લાગતો નથી, પછી વહાલા કરવાનું ગયું !'

'એટલે પરમાર્થથી જોતાં કોઈ જ સગું નથી, સ્નેહી નથી. પોતાનું કામ સરતું હોય ત્યાં સુધી 'આ મારી મા,' 'આ મારા પિતા', 'આ મારો દીકરો', 'આ મારી સાસુ', 'આ મારો જમાઈ,' 'આ મારા મનગમતા પ્રિય વહાલા સ્નેહી' પણ સ્વાર્થ પતી ગયે કોઈ કોઈનું સગું ય નહિ, ને વહાલું ય નહિ; 'મારા શેઠ' ને 'મારો પરિવાર' કોઈ કરે નહિ.



**સરવાળે શું ? :-**

'ભલે ને માતાએ નવ નવ મહિના પેટમાં... ગર્ભમાં પાળવા માટે કેટલાય રંગરાગ-ભોગ છોડ્યા, પ્રસૂતિનાં મહા કષ્ટ વેઠી જન્મ આપ્યો, ઉછેર્યો, ગરમ ગરમ રસદાર ભોજનો કરાવ્યાં, મળમૂત્ર ઉસેડ્યાં, અશુદ્ધિ સાફ કરી, સ્નાન કરાવ્યાં, મંદવાડમાં કાળા ઉજાગરા કર્યા, અને ગમે તેટલા મનોરથો સેવ્યા કે 'આ દીકરો મોટો થઈ પરણીને સારું રળતો કમાતો થશે એટલે મારી બધી આશા એ બધા સ્નેહીજનોથી પૂરાશે અને હું સુખપૂર્વક કાળ પસાર કરીશ,' પરંતુ સરવાળે શું ? એમ પુત્રો મા માટે ને પિતા માટે, પત્નીએ પતિ માટે, પતિએ પત્ની માટે, એમ એક બીજાને પોતાનાં માનેલાં સગાં માટે ગમે તેટલી આશાઓ અને મનોરથો સેવ્યા હોય, પરંતુ સરવાળે શું ? બધાના અંતે આ જ હકીકત છે કે પોત-પોતાનું કાર્ય સરી ગયા પછી, સ્વાર્થ પૂરો થઈ ગયા પછી કોઈ કોઈનું સગું, સ્નેહી કે પરિવાર રહેતું નથી.''

**હાંડલીના દાણા પર માપ :-**

બ્રાહ્મણીએ મોટા દીકરાના વર્તન અને બોલ ઉપરથી આખા સંસારની તારવણી કાઢી છે. હાંડલીમાંથી ચમચા પર ખીચડીના ચાર દાણા કાઢી તપાસ્યા, કાચા લાગ્યા, એટલે સમજી જ લેવાય છે કે હજી ખીચડી પાકી નથી. ત્યાં કાંઈ બધા દાણા કાઢી તપાસવાની જરૂર નથી રહેતી. એમ અહીં સંસારની હાંડલીમાં મોહભર્યા બધા સંબંધોને તપાસવાની જરૂર નહિ, એક બે સંબંધ-સંયોગમાં મિથ્યાપણું દેખાઈ ગયું, એટલે વિવેકી આત્મા બધા ય સંબંધ-સંયોગને મિથ્યા-જૂઠા-દ્રોહકારક સમજી લે છે. એવું ન સમજી, 'આ એક સંબંધ ફજૂલ નીવડ્યો, પણ બીજો એવો નહિ નીવડે' એમ ભરોસે રહી બીજા સંબંધમાં ફસાય છે, એ અંતે લાત ખાય છે. બ્રાહ્મણી વિવેકી છે. એટલે એ તો એક દીકરાની દશા દેખી સમગ્ર સંસારનું માપ કાઢી લે છે. માટે જ ત્યાં ભેગા થયેલા બધાને સાંસારિક સંબંધોની સાચી ઓળખ કરાવે છે. બધી ઓળખનો સાર શો બતાવ્યો ? આ જ કે સૌ સ્વાર્થમાં રમે છે. સ્વાર્થ સરે ત્યાં સુધી સગું ને પોતાનું; સ્વાર્થ પતી ગયા પછી લેવા દેવા નહિ !

**પુત્રની નિષ્ઠુરતાનું કરુણ ચિત્ર :-**

જુઓ છો ને દુનિયામાં કે માતા પિતાએ પરણાવી આપ્યા, ધંધે લગાડી દીધા, પછી છોકરાને ફિકર કોની ? પત્ની-પુત્રોની કે માબાપ-ભાઈઓની ? શું કામ માબાપની ફિકર સેવે ? હવે એ શા કામમાં આવવાના છે ? કદાચ ભેગું રહેવું પડતું હોય તો ય માબાપને આશાએશ-આરામી આપવાની ખરી ? કે એમની પાસે ય વૈતરું કરાવવાનું ?

મા પોતાના બીજા નાના દીકરાનું સમાલે અને મોટા દીકરાના દીકરાની

કદાચ ખબર ન લે તો એ દીકરા અને એની વહુની મા પર આંખો કેવી થાય ? લાલ કે ધોળી ? ૨૦-૨૦ વરસ સુધી મોટા દીકરાનું સંભાળ્યું છે તે ઓછું પડે છે, હજી એની વહુ અને એના દીકરાઓનું ય સંભાળવા જોઈએ છે ! એમાં જરા ઉણપ દેખાય ત્યાં મા સ્વાર્થી લાગે ! મા દુશ્મન લાગે ! કેમ જાણે હવે વહાલી મા, મટી ગઈ ! હવે તો 'વેરણ ડોકરી થઈ ! કેવો જમાનો ? કેવો સંસાર ?

માને ૧૦૨ ડિગ્રી તાવ હોય તો કાંઈ નહિ, પણ પોતાને ૧૦૦ ડિગ્રી તાવ હોય તો માએ એને સુવાડી રાખી સેવા કરવી જોઈએ ! કેમ જાણે પૂર્વ ભવેથી મા ઉપર ભારી લેણું લઈને આવ્યો છે, તે માએ એ મરતાં સુધી ચૂકવવું જોઈએ ! કેવી નિષ્ઠુરતા ? નિર્લજ્જતા ? છે ક્યાંય આમાં માતાપિતાના અનહદ ઉપકારને નજર સામે તરવરતો રાખી પૂરી કૃતજ્ઞતા બજાવવાની વાત ? સ્વાર્થ સર્યા પછી ઉપકાર યાદ જ કોને કરવો છે ? પછી બદલો વાળવાની વાતે ય શી ?

કૂતરીનું ભોટિલું મોટું થયા પછી મા-કૂતરીનો ઉપકાર યાદ કરે તો આ નરાધમ માણસ પોતાની માતાનો ઉપકાર યાદ કરે ! ઉત્તમ જીવો તો જિંદગીભર ઉપકાર ન ભૂલે, સેવા અને વિનય બરાબર સાચવે. જૈન કુળમાં આજે ય ઉત્તમ જીવો છે, પણ **''સંસર્ગ-જન્યા દોષાઃ''** કુસંસર્ગથી છોકરા બગડે છે. છતાં જો એને પ્રેમ-કુશળતાથી સમજાવવામાં આવે તો ફરી ઉત્તમતા પ્રગટે છે.

**અનુભૂત પ્રયોગ :-**

મે વેકેશનની ધાર્મિક શિક્ષણ-શિબિરમાં એકવાર માર્ગાનુસારીના ગુણોની વાચના વખતે **'માતા-પિતાની પૂજા'**ના ગુણનું વર્ણન ચાલ્યું. માતાપિતા બચ્ચાંની ગર્ભ-અવસ્થાથી માંડી વરસો સુધી કેટ-કેટલી ચાકરી કરે છે, કેવો સ્વાર્થનો ભોગ આપીને ઉછેરે છે, એનું એવું રોમાંચક વર્ણન બની આવ્યું કે પછી વિદ્યાર્થીઓને એમ પૂછવામાં આવ્યું કે 'શું આવા ઉપકારી માતાપિતાની સામા ઉદ્ધત બોલ બોલાય ? કે ન બોલવાની દૃઢ પ્રતિજ્ઞા જોઈએ ?' બસ, ત્યાં જ સંખ્યાબંધ વિદ્યાર્થી ઊભા થઈ ગયા અને પ્રતિજ્ઞા લીધી કે 'માતા પિતા કદાચ ગુસ્સે થઈને ય બોલે, તો પણ સામો ઉદ્ધત શબ્દ નહિ કાઢવો.' નવી પ્રજાને સારું પાવું હોય તો શું ન પાઈ શકાય ? જૈન કુળમાં આવેલા એ બાળરત્નો કોઈ વિશિષ્ટ પુણ્યાઈ અને યોગ્યતા લઈને આવેલા છે. પણ પછી માબાપ એનામાં સુસંસ્કરણ ન કરે, છોકરાંને ખુદ બાપ જ પોતાના બાપની સામે ઉદ્ધત બોલ કાઢતો દેખાય, એટલે એનામાં શી સારી આશા રખાય ? ગુણવૃદ્ધિ ક્યાંથી દેખાય ? જીવોની પૂર્વભવથી લઈ આવેલી ઉત્તમતાને પોષવા નવપલ્લવિત કરવા માટે ય યોગ્ય શિક્ષણ-વાતાવરણ જોઈએ છે. એના અભાવે પાણી વિના બગીચાના છોડવાની જેમ એ સુકાઈ જાય. એની ઉત્તમતાને સંસ્કરણ-શિક્ષણ દ્વારા



પોષી હોય તો એ માતપિતાના જીવનભરના પાકા ભક્ત થઈ ને રહે. તો જ એ કૂતરા-ગધેડા કરતાં વિશિષ્ટ મનુષ્યપણું જીવનારા બને. અસ્તુ.

**પુત્રવધૂ પાસેથી માતા-પિતા-પુત્ર ત્રણનો સ્વાર્થ :-**

વાત એ હતી કે દુન્યવી સંબંધો સ્વાર્થ માયાથી ઘેરાયેલા હોઈ અંતે મિથ્યા પુરવાર થાય છે. એમ માનતા નહિ કે દીકરા જ સ્વાર્થ રમે છે, માતપિતા નહિ. એમને ય સ્વાર્થની માયા વળગી હોય છે. આજના ઘરમાં તપાસો કે દીકરાની વહુ ઘરમાં આવી પછી એના તરફથી મા-બાપ અને છોકરો શી આશા રાખે છે ? માનો કે વહુ સાસુનું કહ્યું બરાબર માનતી હોય, સાસુનો વિનય-સેવા સારી કરતી હોય, અને સસરાને ઠીક જવાબ ન દેતી હોય તો સસરાને શું લાગે ? 'ભલે મારા તરફ ગમે તેમ પણ એની સાસુનું સાચવે છે એ સરસ છે,' એમ લાગે ? કે ઝટ ઠપકો દે કે 'કાંઈ વિનયાદિ આવડતા નથી ?' અને આ ઠપકા પર સાસુ ધણીને શું કહે ? 'એ નાદાન છે, એને હું બરાબર સમજાવીશ' એમ કહે ? કે 'આ તમે જ એવા છો. વહુ તો મારી બહુ ડાહી છે, પણ તમારા બોલ પથ્થર જેવા છે, તમારો સ્વભાવ જ એવો છે તે વહુ સારી નથી લાગતી.' આવું કહે ? શું કહે ? એથી ઊલટું વહુ સસરાનો પાકો વિનય અને સેવા કરતી હોય અને સાસુનો નહિ, તો સસરો એની પત્નીને શું કહે ? ત્યારે એ તો જુઓ જ છો કે વહુ એના પતિની સરભરા બરાબર કરતી હોય અને સાસુ-સસરાની નહિ, તો એ બંને શું કહે ? એમ કહો, મા, બાપ અને દીકરો, દરેકને પોતાનો સ્વાર્થ-સન્માન-સરભરા સાચવનારી વહુ જોઈએ છે. એ જો સલામત, તો પછી બીજાનાં અપમાન-અવગણના થતી હોય એની પરવા નથી !

**નાના બાળે મા-બાપની બુદ્ધિ ઠેકાણે આણી**

એક ડોસાને પત્ની મરી ગયા પછી છોકરાની વહુ બરાબર સંભાળતી નહોતી. ડોસાએ દીકરાને ફરીયાદ કરી. દીકરો કહે 'હું તપાસ કરીશ.' કેમ જાણે બાપ કદાચ જૂઠું બોલતા હોય તો ? એટલે છોકરાએ ન્યાયાધીશ બની બાપે નોંધાવેલ કેસની તપાસ કરવાની ! ખેર, પણ વહુ એ સાંભળી ગઈ. એ એવી ચતુર કે જોયું કે પતિ તપાસ કરશે, તેથી વર્તાવ એકદમ ફેરવી નાખ્યો. બહારથી અચાનક આવી તપાસ કરે છે તો વહુની બરાબર પિતૃસરભરા દેખી. પછી ખાનગીમાં વહુને પૂછે છે.

'બાપુજી કેમ આવી ફરિયાદ કરતા હતા ?

વહુ કહે છે, 'એ તમે જાણો, કચકચ કરવાની ટેવ પડી હોય એ ફરિયાદ વિના બીજું શું કરે ?'

'સારું સારું, સમજી ગયો. હવે મારે એમનું સાંભળવાની જરૂર નથી. આવા સારા માણસમાં ય એ ઊંધું જુએ છે ? જવા દો.'

પત્યું ? હવે તો ડોસાનું બિચારાનું આવી બન્યું, તે એવું કે સૂવા સારું ગાદલું ય નહિ, ને જમવા સારી થાળી ય નહિ. વહુએ ડોસા માટે જૂનું ગાંઠિયું ગાદલું અને એક ભંગાર થાળી રાખી. એમા ટાઢું ગોતાં જેવું જમવા આપે. ક્યારેક એના પતિએ આ જોયું હશે તો ય એના મનમાં બાપ તરફ એવી નફરત ઊભી થયેલી કે એને લાગતું કે 'બધું બરાબર છે,'

પરંતુ હવે વાત એવી બને છે કે ડોસાનો પૌત્ર યાને છોકરાનો છોકરો કોઈ પૂર્વના તેવા સુસંસ્કારવાળો તે એને આ ખટકતું; પણ શું કરે ? માને ક્યારેક કહે તો એ કહેતી કે 'એમને તો ચાલે,' ત્યારે ક્યારેક વળી છોકરાને ધમકાવી નાખતી. નાનો છોકરો, એનું ગજું શું ? પણ એકાંતમાં દાદાજીને આશ્વાસન આપી આવતો કે 'ભા મને મોટો થવા દો ને, પછી હું તમારી બરાબર સેવા ચાકરી કરીશ.'

આમ છતાં છોકરાનું કોમળ હૃદય આ સહન કરી શકતું નથી તે એને થયું કે 'હું ક્યારે ય મોટો થઈશ, પણ ત્યાંસુધી આ દાદાજીને કેટલું સહન કરવાનું ? એક દિવસે એણે અક્કલ વાપરી પેલી ભંગાર થાળી માળિયા પર સંતાડી દીધી. હવે જમવાના વખતે મા થાળી ખોળે છે પણ જડતી નથી. એટલે બૂમ મારે છે થાળી ક્યાં ગઈ ?

નોકર કહે 'ભાભી સાહેબ ! હું જાણતો નથી !

'તે તારા વિના બીજું કોણ જાણે ? જા શોધી લાવ.'

નોકરે બધે શોધાશોધ કરતાં માળિયા પરથી થાળી મળી આવી, તે લાવીને આપી.

આ બાઈ પૂછે છે 'અલ્યા ત્યાં કોણ મૂકી આવ્યું ?

નોકર કહે, 'એ મને ખબર નથી.'

બાઈ છોકરાને ધમકાવે છે, 'અલ્યા બાબુડા ! તું મૂકી આવ્યો હતો ?'

છોકરો હિંમત રાખી કહે છે 'હા !'

તાકડે પતિ ઘરમાં છે એને આ વહુ ફરિયાદ કરે છે 'જુઓ આ તમારો બાબુડિયો ડોસાની થાળી લઈ જઈ માળિયે સંતાડી આવ્યો હતો. કહો કાંઈ એને. બાપ છોકરાને પૂછે છે, 'અલ્યા કેમ એમ કર્યું હતું ?'

છોકરો કહે છે, 'જુઓ બા, બાપુજી ! આ તો મેં જાણ્યું કે થાળી ઘસાઈ ન જાય એટલે તમે પાછા ઘરડા થશો તે તમારા માટે મારે થાળી જોઈશે ને ? એટલે મેં કોરાણે સાચવી રાખેલી. એમ તો દાદાજીનું ફાટલું ગોદડું, જાડાં કપડાં, બધું જ મારે સાચવી રાખવાનું છે. પછી તમારા માટે એ ઉપયોગી થાય.'



શું બાપનું જિગર હતું કે આ સાંભળીને એનો મર્મ સમજી મોં ઊંચું કરી શકે ? એના મનને ભય લાગ્યો કે આ છોકરો, નથી ને, બદલારૂપે અમારી આ બાપ કરતાં ય ભારે દુર્દશા કરે તો અમારું શું થાય ? એ જો અમને ન ગમે, તો પછી આ મારા બાપુજીને અમારાં આ વર્તન કેમ ગમે ?'

બૈરીને કહે છે, 'જો, જો, જરા વિચાર કર, આ મોટો થયા પછી એની અને એની વહુની પાસેથી તું શી આશા રાખે છે ? જો સારી આશા, તો પછી આ બાપુજી આપણા તરફથી કેવી આશા રાખે ? આપણે તો ભાન ભૂલા બન્યા, પણ આ નાનો બાળ ડાહ્યો કે એણે ભાન કરાવ્યું.'

છોકરાને બાપ પૂછે છે, 'ભાઈ ! તેં ખરું કહ્યું. બાપુજીને આટલું કષ્ટ કે બીજું કાંઈ ખરું ?'

હવે તો છોકરામાં વધુ હિંમત આવી છે, એથી પોતાની મા અને નોકર તરફથી દાદાને કેટકેટલી વાતની અગવડો ઊભી થતી એનું કરુણાજનક વર્ણન કર્યું ! રોતો જાય અને કહેતો જાય !

એ સાંભળી બાપની આંખમાંથી દડદડ પાણી પાણી પડે છે. રોતાં કહે છે,' અરેરે ! તીર્થ જેવા બાપની મેં કેવી આશાતના-અવગણના કરી, અને નભાવી ?' એ ધ્રુસ્કે રડી પડ્યો. બાઈ પણ હવે પીગળી ગઈ તે એ ય ચોધાર આંસુએ રડતી કહે છે, 'તમારો શો વાંક ? પાપિણી હું જ છું તે મેં એમને સંતાપ્યા !

આ રડારોળ સાંભળી ડોસા ઉપર આવી પૂછે છે, 'શું છે ?'

પુત્ર અને પુત્રવધૂ એના પગમાં પડી કહે છે, 'બાપુ ! ક્ષમા કરો, ક્ષમા કરો, આ અમે તમને બહુ રંજાડ્યા છે. ભલું થજો આ નાના બાળનું કે એણે અમારું ભાન ઠેકાણે આણ્યું.' બસ ત્યાર પછી તો ડોસાની પરિસ્થિતિ અવલ બની ગઈ.

સારાંશ, પત્ની પતિનું બરાબર સાચવતી હતી એટલે એ પતિના બાપનું ન સાચવે, અવગણના કરે એની એ પતિને પરવા નહોતી.

ત્યારે ક્યાંક એવું પણ બને ને કે છોકરો જરાક ઉદાર હોય અને એની પત્ની અને પિતા કરકસરિયા હોય, એટલે બાપ થોડું ઘણું વહુને સાચવવા આપે અને વહુ સસરાની બરાબર સરભરા કરતી હોય, તો પછી એ સસરો દીકરા પ્રત્યે વહુથી થતી અવગણનાને બહુ ન ગણે ? આવું બને ને ? વાત આ જ છે દરેકને પોતાનો સ્વાર્થ સરે છે ત્યાં પછી એ સ્વાર્થસાધક વ્યક્તિ તરફથી થતી બીજાની અગવડ-અવગણનાની પરવા નથી.

કેવો સંસાર લઈ બેઠા છો ? આસુરી વૃત્તિવાળા લોકોનો ? કે દૈવી ઉદાર વૃત્તિવાળા લોકોનો ?

**કેવો સંસાર ?**

નરકાગારની વિટંબણાથી ખદબદતો ? કે સ્વર્ગપુરીના સુખદ વર્તાવથી મઘમઘતો ?

જ્ઞાની ભગવંતો સંસારને અસાર કહે છે તે શું સમજ્યા વિના જ ? કે સંસારીઓની આસુરીવૃત્તિ અને વિડંબકતાથી ખરેખર ખદબદતો સમજી ને ?

સ્વાર્થવૃત્તિનો આવેશ એ આસુરી વૃત્તિ છે. એમાંથી જરૂર પડ્યે બીજાને વિડંબવાનું ચાલે છે. જગતમાં આ વ્યાપક દેખાય છે. કોઈ અતિ વિરલ જીવ એમાંથી બચે છે, અને સ્વાર્થ ગૌણ કરી બીજાને દુઃખ ન થાય, એનું હિત ન ઘવાય, એવી દૈવી વૃત્તિમાં ઝીલે છે, પણ આવા સૌભાગી જીવનો સુયોગ કેટલાને મળે ? લગભગ તો સ્વાર્થમશગુલ જીવોનો જ સંબંધ પ્રાપ્ત થાય છે. અને એના તરફથી સરવાળે રોવાનું જ મળે છે.

જીવન આખું ય આવા સ્વાર્થી જીવોના પાછળ ઘૂમ્યા રહેવામાં શો સાર નીકળે ?

જગદ્‌ગુરુ મહાવીર પરમાત્મા ફરમાવે છે કે 'હે ગૌતમ ! તે બ્રાહ્મણી કહી રહી છે કે જ્યારે આ સંસારના સગાં, વહાલાં, સ્નેહી, મિત્ર-પરિવાર સ્વાર્થ-પરાયણ હોઈ, સ્વકાર્ય સર્યે ઊડી જનારા છે, તો પછી એમની ઉપર ક્ષણવાર પણ લેશ પણ મમત્વ ન કરો કે 'આ મારાં સગાં છે. મારા વહાલાં સ્નેહી છે...' વગેરે. ઘરોઘર જે સગાં વગેરે પૂર્વે થયા, અત્યારે છે ને ભવિષ્યમાં થશે, સંસારના સ્વભાવે જ એ બધા સ્વકાર્યલુબ્ધ ઘડાયેલા હોય છે, અને અલ્પ જ કાળ એ સગારૂપે, વહાલા રૂપે ઈત્યાદિ રૂપે રહેનારા હોય છે, એમાં દુઃખ તો આ છે કે કૃત્રિમ સગાં એટલા કાળમાં અખંડપણે મમત્વ કરાવી-કરાવીને જીવને 'મારે એમનાથી સુખ છે, મારે એમનું પ્રયોજન છે, એમનાથી મારું કામ થાય છે' એમ ભુલાવામાં પાડી એ અનંત સંસાર અને ઘોર દુઃખમાં ઘસડનારા બને છે.''

બ્રાહ્મણીનો વિવેક જ્વલંત બન્યો છે, એટલે જાતે જગતનું સચોટ સ્વરૂપદર્શન કરી બીજાઓને એ કરાવી રહી છે. વિવેક દીપકના લીધે જ પુત્રનાં દુષ્ટ વર્તન અંગેના દ્વેષના અંધકારમાં ન અટવાતાં, એ ઝાકઝમાળ વિશ્વદર્શન અને વૈરાગ્યનાં પ્રકાશમાં વિહરી રહી છે. દુન્યવી સગા સ્નેહી માત્ર આજના જ સ્વાર્થલુબ્ધ નહિ, માત્ર પોતાના જ ઘરના સગા-સ્નેહી એવા નહિ, પરંતુ અનંતા ભૂતકાળ અને અનંતા ભવિષ્યકાળ માટેની આ સ્થિતિવાળા છે. ઘરોઘરના સગા સ્નેહીની એ દશા છે. એટલે કે સંસારી તરીકેનો જન્મ સ્વાર્થલુબ્ધતાનો જ ઘડાયેલો હોય છે. કોઈ



કોલેજમાં એનું શિક્ષણ લેવા નથી જવું પડતું કે જન્મદાતાને એ શિખવવું પડતું નથી. માતાના ગર્ભમાં હોય ત્યાંથી જ એ સ્વાર્થલુબ્ધ છે જ.

**ગર્ભમાં ય સ્વાર્થ-રસનું દૃષ્ટાંત :-**

એક ગર્ભિણી બાઈને અચાનક ગાય દોડતી આવી એનું શિંગડું પેટમાં લાગી ગયું. શિંગડાની અણીથી પેટમાં ગર્ભ સુધી કાણું પડી જતાં ગર્ભના બાળકોની આંગળી બહાર નીકળી પડી ! ડોક્ટરો હવે કેમ એ આંગળી પાછી ઘાલી ટેભા મારી દેવા એની મુંઝવણમાં પડ્યા ! છેવટે એક અનુભવી અક્કલબાજે આગળ આવી ડોક્ટરને કહ્યું 'તમે એકદમ ટેભા મારવાનું સાધન લઈ સજાગ ઊભા રહો. હું આંગળી અંદર ઘલાવી દઉં કે તરત ટેભા મારી દેજો.'

ડોક્ટર તો વિચારમાં જ પડ્યા કે 'એ શી રીતે આંગળી અંદર પેસાડશે ?' પરંતુ પેલાએ તો સીધી દિવાસળી સળગાવી બચ્ચાની એ આંગળી પાસે જ્યાં લઈ ગયો કે તરત બચ્ચાએ આંગળી અંદર ખેંચી લીધી ! ડોક્ટરે ત્યાં તરત જ ટેભા લઈ લીધા.

**સ્વાર્થલુબ્ધતા દાબવા શું કરવું ? :-**

આ શું ? ગર્ભના જીવને નહિ દાઝવાના સ્વાર્થની લુબ્ધતા હતી. માતાને દુઃખનો એને વિચાર નહોતો, પરંતુ પોતાને દુઃખ આવ્યું કે ઝટ સાવધાન ! જીવ ગર્ભથી માંડીને સ્વાર્થલુબ્ધ તરીકે ઘડાયેલો છે. ત્યારે વિચારવા જેવું છે કે જાતની આવી સ્વાર્થલુબ્ધતાને દબાવવા માટે કેટકેટલી જાગૃતિ અને પુરુષાર્થ જોઈએ ? એની સામે સ્વાર્થપ્રિય મનને મારવાનું કેટલું બધું કરાય તો એ સ્વાર્થ તરફ ખેંચાઈ ન જાય ? સ્વાર્થના પ્રલોભનની સામે મનને માર્યા વિના કાર્ય સહેલું નથી કે સ્વાર્થલંપટતા ઓછી થાય. મનને મારવા માટે પણ જબરદસ્ત વિવેક પ્રગટાવવો પડે કે 'દુન્યવી સ્વાર્થની માયા-લંપટતા જ જીવને સારું ભૂલાવે છે, ઠેઠ દેવાધિદેવ સુધીનાને બાજુએ રખાવે છે. માટે અસાર છે તુચ્છ છે, અનર્થકારી છે.'

**સ્વાર્થલંપટતા કેમ ભયાનક ? :-**

સ્વાર્થ-લંપટતામાં પરમાત્મા ભૂલાય, ગુરુ ભૂલાય, ધર્મ ભૂલાય, સંઘ-સાધર્મિક-ધર્મક્ષેત્ર ભૂલાય એ ઓછું નુકસાન છે ? પીઠ-મહાપીઠ મહામુનિઓ સ્વાર્થ-'સ્વપ્રશંસા'ના લુબ્ધ બન્યા તો ગુરુને ભૂલ્યા, અર્થાત્ ગુરુએ બાહુ-સુબાહુના વૈયાવચ્ચ-ગુણની પ્રશંસા કરી એ સહન ન કરી શક્યા ! નહિતર એ જોવું જોઈતું હતું કે પ્રશંસા કોણ કરે છે ? ગુરુ મહારાજ ! બસ ખલાસ, એ આપણે વધાવી જ લેવી જોઈએ. **'ગુરુ તે ગુરુ.'** આ કોણે ન જોવા દીધું ? સ્વાર્થ અને માયાએ, પરિણામ ? અનુત્તર વિમાનમાં લઈ જનાર ઉચ્ચચારિત્રને પાળવા છતાં અને અનુત્તર વિમાનમાં

જવા છતાં ય પછી એમને બ્રાહ્મી-સુંદરી સ્ત્રીપણે અવતરવું પડ્યું !

આપણને વિચારવાને બુદ્ધિ હોય તો આ સ્વાર્થમાયાની ભયાનકતા ખ્યાલમાં આવે, અને ચોંકામણ થાય કે 'મારા તરણતારણ ગુરુ મહારાજની આવી મારી નજીવી સ્વાર્થ લગનીમાં, અવગણના કરાવે એ સ્વાર્થલગની કેટલી ખતરનાક !'

જમાલિ કેમ ભૂલ્યો ? ખુદ મહાવીર પરમાત્માની અવગણના કરનારો કેમ બન્યો ? પોતાને ઠીક લાગતો સિદ્ધાંત જ ગમ્યો, 'મને પ્રત્યક્ષ આમ દેખાય છે ને ભગવાન એથી વિરુદ્ધ કેમ કહે ?' એમ અહંત્વરૂપી સ્વાર્થની માયા જોર કરી ગઈ, તેથી ભગવાન સર્વજ્ઞ હોવાનું જાણવા છતાં એમની અવગણના કરી ! મૂરખે એ ન જોયું કે પોતાનું ચર્મ-ચક્ષુથી થતું પ્રત્યક્ષ પણ જ્ઞાન કેટલી હદ સુધીનું ? કેટલા પર્યાયને વિષય કરનારું ? અને અહંત્વરક્ષાની સ્વાર્થલંપટતા આ નહિ જોવા દે.

**સ્વાર્થમાં ધર્મ કેવો ભૂલાય ? :-**

ત્યારે સ્વાર્થ-લંપટતામાં ધર્મ કેવો ભૂલાવે છે એ વસ્તુ તો તમારા રોજના જીવનમાં જ અનુભવાય છે ને ? જાતને પાશેર અડધો શેર દૂધ જોઈએ છે એ લંપટતામાં જિન ભક્તિમાં નવટાંક પણ દૂધ લઈ જવાની વાત ક્યાં છે ? જાતને સુંવાળા રોજ ધોયેલા બાસ્તા જેવા કપડાની સ્વાર્થ-લગનીમાં પરમાત્માને તેવા અંગ લૂછણાનો એક ટૂકડો ધરવાનો ધર્મ ક્યાં આચરાય છે ? કુટુંબને પોષવાના વાર્ષિક હજાર-બે હજાર રૂપિયા ખર્ચની સામે એના દસમા ભાગનો ય ધર્મ-ખર્ચ ખરો ? જાતને યશ પમાડવાની લંપટતા છે, તો વડીલને, ઉપકારીને, ગુરુને જશ અપાવવાની પરવા ક્યાં છે ? બહાર ફરવાની કે ઓટલે ગપ્પાં મારવાની યા આરામીની સ્વાર્થલંપટતામાં શાસ્ત્ર-વાંચન, નવકારવાળી, સામાયિક વગેરે ધર્મની કેવી સરાસર ઉપેક્ષા થાય છે ? ધર્મની પરવા હોય તો એ સ્વાર્થલંપટતા શું બાજુએ મૂકાય ?

વિચાર આ જોઈએ કે 'આવા સુંદર ભવમાં મળેલ દેવ-ગુરુ-ધર્મની અવગણના કરાવે એવી ગોઝારી સ્વાર્થલંપટતાને શા માટે પોષું ? મન મારીને પણ એને દબાવીશ. અતિ અસાર ખાતર મહાસારભૂતને નહિ વિસારું.'

અસ્તુ. આ તો જાતની સ્વાર્થલંપટતા દબાવવાની વાત થઈ. પણ સગાં-સ્નેહીની લંપટતા અંગે શું વિચારવાનું ? આ, 'એમના પર મમત્વ કરવું ખોટું છે. સ્વાર્થ સર્યે એ ખસી જવાના છે, અને એમની મમતામાં ખેંચાયો, દેવ-ગુરુ-ધર્મને જો ભૂલ્યો તો એ માથે પડી જશે !'

સ્વાર્થી સગાં-સ્નેહી પર મમતા કેમ થાય છે ? મનને લાગે છે કે 'આ મારે કામ આવે છે,' એવી ઘેલછા મમત્વ કરાવે છે. ત્યાં એ નથી જોવાતું કે એ બધું કેટલો કાળ ? કેટલા કાળનાં સુખ આપે ? કેટલાં કાળ કામ લાગે ? જીવને માત્ર



આ જીવનનો કાળ થોડો જ છે ? એને તો ભાવી અનંતો કાળ ઊભો છે. શું એ બધા કાળમાં કામ લાગે ? સુખ આપે ? કે એથી ઊલટું અહીં એની મમતામાં તણાયા જે અઢાર પાપસ્થાનક ભરપૂર સેવ્યે ગયા, સેવ્યે જ ગયા, એ ભાવિ અનંતા કાળને દુઃખદ બનાવી દે ? જીવ એકલો હોત તો કેટલાં પાપ, કેટલા રાગ-દ્વેષ અને કેટલા આરંભ-સમારંભ-પરિગ્રહાદિ આચરત ? કેટલો ધર્મ ભૂલત ? ત્યારે સગા-સ્નેહીની મૂર્ચ્છા-મમતા કેટલું જંગી પાપાચરણ આચરાવે છે ? તરણતારણ દેવ-ગુરુ પર નહિ એવો રાગ, એવી સેવા, એવી સહનતા આ સગા પર થાય છે ને ? વજ્રકુમાર પર માતાને જે રાગ ઊછળ્યો એવો ગુરુ આચાર્ય પર નહિ. માટે તો એમની સામે લડવા કોરટે ચઢી ! એ તો સારું હતું કે નાના વજ્રકુમાર એવા માતૃરાગમાં ન તણાયા, ગુરુ અને જિનશાસન પર રાગવાળા બન્યા, ને જાતને ઊગારી લીધી, તો માતાનો પણ ઉદ્ધાર થયો. બાકી માતાના મમત્વમાં પોતાનું મમત્વ ભેળવ્યું હોત તો શી દશા થાત ? જિનશાસનની હિલના અને બંનેનું ભવસાગરમાં ડૂબવું એ જ કે બીજું કાંઈ ?

યશોધર ચરિત્રમાં આવે છે ને કે એમનો જીવ રાજા સુરેન્દ્રદત્ત માતાના મમત્વમાં તણાઈ એના આગ્રહ ખાતર એક માત્ર લોટનો કૂકડો મારનારો બન્યો, તો એનાં કેવાં મહાકટુ ફળ ભવોભવ ભોગવ્યાં ? એટલે જ પેલી બ્રાહ્મણી કહે છે, સગાસ્નેહી પર લેશ પણ મમત્વ ક્ષણ વારે ય ન કરો...

**બ્રાહ્મણીનું આગળ વક્તવ્ય :-**

મહાવીર પરમાત્મા ફરમાવે છે, 'હે ગૌતમ ! રુક્મિનો જીવ એ ગોવિંદ પત્ની બ્રાહ્મણી કહી રહી છે,

'જ્યારે, હે ભવીજનો ! અલ્પકાળના સગાં સ્નેહી મમત્વ કરાવી અનંત દુઃખદ ભવનાં સર્જક બને છે, તો પછી સમજી લો કે એ સાચા સગાં જ નથી, વહાલાં જ નથી, માટે એમનું મમત્વ મૂકી રાત ને દિવસ ક્ષણે ક્ષણે સુવિશુદ્ધ મોક્ષની આશાએ ધર્મનું જ અવલંબન કરો, કેમકે ધર્મ જ ઇષ્ટ-મિષ્ટ-પ્રિય-મનોહર છે. પરમાર્થથી સગો સ્નેહીજન છે, મિત્ર-બંધુ-પરિવાર છે. ધર્મ જ ઉત્સાહ આપનારો છે, દૃષ્ટિ દેનારો-પુષ્ટિ કરનારો છે. ધર્મ જ બળદાતા છે, નિર્મળ યશ-કીર્તિ ફેલાવનારો અને મહિમા જગાવનારો છે. ધર્મ જ સારી રીતે સુખ-પરંપરાને દેનારો છે.

'માટે હે ભવ્યાત્માઓ ધર્મ જ એક સેવવા યોગ્ય છે. એ જ આરાધવા યોગ્ય છે. એજ પોષવા-પાળવા આચરવા યોગ્ય છે. ધર્મનો જ ઉદ્યમ કરવા જેવો છે, એનાં જ અનુષ્ઠાન કરવા લાયક છે. એટલું જ નહિ પણ બીજાને ય ધર્મનો જ ઉપદેશ દેવા જેવો છે, ધર્મ જ કહેવા-બતાવવા લાયક છે. પ્રરૂપણા ધર્મની જ કરવી જોઈએ.

બીજાને પણ ધર્મની જ પ્રેરણા આપી એની પાસે ધર્મનું જ સેવન કરાવવા જેવું છે.

"હે બુદ્ધિમાનો ! ધર્મને સામાન્ય વસ્તુ સમજતા નહિ, ધર્મ ધ્રુવ છે, શાશ્વત-સનાતન છે. અક્ષય-અવ્યય અને સમસ્ત સુખોનો નિધિ-ખજાનો ધર્મ છે. માટે એ જ લજ્જાસ્પદ નથી. ઊલટો, સાચા અતુલ બળ-વીર્ય પરાક્રમ-સત્વનો વિષય છે. કેમ કે એ ઈષ્ટ મિષ્ટ-પ્રિય-મનોહર અને શ્રેષ્ઠ અતિશ્રેષ્ઠ છે. ધર્મ જ સકલ સંતાપ ઉદ્વેગ, અપયશ-અસદ્આરોપ, સકલ દુઃખ દારિદ્ર...યાવત્ જન્મ-જરા-મરણાદિ ભયનો વિધ્વંસ કરનારો છે. વધુ શું કહીએ ? ધર્મ જેવો કોઈ સહાયક નથી એ જ એકલો અનન્ય સહાયક છે, ત્રણે લોકના જીવોનો નાથ છે, સ્વામી છે.

બ્રાહ્મણીની કેવી વાગ્ધારા ચાલી રહી છે ! એ નગ્ન સત્ય ઉચ્ચારી રહી છે, વિશ્વની હકીકત કહી રહી છે ! સગાં-સ્નેહીનું મમત્વ અંતે ફુજૂલ નીવડે છે. એ હકીકત છે. ત્યારે, 'જેનું છેવટ સારું એ સારું; જેનું છેવટ ખોટું એ ખોટું.' એ ન્યાયે આ મમત્વ કરવું ખોટું છે, એમાં ઘેલા થઈ ધર્મ ભૂલવો એ મહામૂર્ખતા છે; કેમ કે

- ધર્મ જ સગો છે, સ્નેહી છે, ઈષ્ટ-મિષ્ટ-પ્રિય મનોહર છે; જુઓ,
- ધર્મ સાચું સુખ આપે છે, અને પુણ્ય દ્વારા ધર્મ જ કામ લાગે છે માટે એ સગો,
- જીવને દુઃખ-આપત્તિમાં બચાવનાર ધર્મ છે તેથી એ સ્નેહી.
- જીવને ઈષ્ટ સુખ-સગવડ ધર્મથી જ મળે માટે ધર્મ જ ઈષ્ટ કહેવાય.
- ધર્મ પર મમત્વવાળો જ મજા અનુભવી શકે એટલે ધર્મ મિષ્ટ બન્યો.
- ખરું વાત્સલ્ય ધર્મ દાખવે છે તેથી એ જ સાચો પ્રિય છે.
- એમ, ધર્મ જ મનોહર છે કેમકે એનામાં કદીય સગા-સ્નેહીના જેવી રીસ, રોષ, સ્વાર્થસાધુતા, અકાળે તરછોડવાપણું, વગેરે અસુંદરતા આવતી નથી.

આવો સાચો સગા-સ્નેહી-ઈષ્ટ-મિષ્ટ વગેરે સ્વરૂપનો ધર્મ જ મમત્વ કરવા લાયક ? કે બનાવટી સગા-સ્નેહી એ મમત્વ કરવા લાગ્યા ?

વળી જુઓ, ધર્મ ઉત્સાહકર, દૃષ્ટિકર, તુષ્ટિકર, પુષ્ટિકર અને બળરૂપ છે,

**ધર્મ ઉત્સાહકર છે :-**

મહાન આપત્તિ-નિરાશામાં ઉત્સાહ કોણ આપે છે ? ધર્મ એ જો દિલમાં છે તો એ સમજાવે છે કે 'આ આપત્તિ એ કોઈ તારી મોટી વિટંબણા નથી. વિટંબણા તો કર્મની છે. પણ તે કર્મ તો તારા સત્પથ ગમન અને દેવ-ગુરુ-શરણથી નષ્ટ થઈ રહ્યા છે ! પછી ફિકર શાની ? એમાં જ આગળ ધપ્યે જા અંતે વિજય છે. પાસા પોબાર છે.' આવું આશ્વાસન આપનાર ધર્મ છે, માટે એ ઉત્સાહકર છે.

વળી **ધર્મ દૃષ્ટિકર** - દૃષ્ટિ આપનારો છે, જીવન જીવવાની દૃષ્ટિ, દુન્યવી પદાર્થો-પ્રસંગોને જોવાની દૃષ્ટિ ધર્મ શીખવે છે; અર્થાત્ કેવી રીતે એને નવાજવા



કે જેથી આત્માના લાભમાં જ ઊતરે એ બતાવે છે; એના પર કેવા કેવા શુભ ભાવને કરનારી દૃષ્ટિ રાખવી એ દર્શાવે છે. દા.ત. અમુક પૈસા ગુમાવ્યા, ત્યાં ધર્મ બતાવે છે કે 'સમજ આથી થોડા વધુ ગુમાવ્યા હોત તોય સહન તો કરત જ ને ? માટે એટલાનો પરમાર્થ કર, તો આ ખોટનું નિમિત્ત પામી દાન-સુકૃતનો આત્મલાભ થશે. અથવા એમ વિચાર કે પૈસા જવાથી આત્માનું શું ગયું ? એટલું પાપ ભોગવાયું, ગયું ! એટલો મદ ઓછો થશે ! માટે આ પૈસા ખોવાવાને જીવનમાંથી પાપ અને મદ ઓછા થવાનું દેખ. માટીના કૂકા વધ્યા અને ઓછા થયા, એના હિસાબ મગજમાં રાખીને શો ફાયદો ?' ધર્મ આવી આવી તો કેટલીય દૃષ્ટિ બતાવે છે, જેથી જીવ સંતાપ, ઉન્માદ, અશુભ કર્મબંધ વગેરેથી બચે.'

**ધર્મ તુષ્ટિકર** છે, તુષ્ટિ, આનંદ, ઈષ્ટસિદ્ધિ કરી આપનારો છે. પૂર્વનો ધર્મ પુણ્ય દ્વારા આ કરે છે, અને વર્તમાન ધર્મ ચિત્તને વિવેકી બનાવી આ કરે છે. વિવેક પ્રગટ થવાથી બાહ્ય અલ્પ પ્રાપ્તિમાં પણ ઘણું દેખાય છે, બાહ્ય મૂલ્યાંકન કરતાં સ્વાત્મા અને સ્વાત્મ હિતના તથા દેવ-ગુરુ-શાસન વગેરેનાં મૂલ્યાંકન રહેવાથી એ સ્વહસ્તગત થયાનો ભારે આનંદ રહે, ચિત્ત સમાધિ ચિત્ત-સ્વાસ્થ રહે, એમાં નવાઈ નથી. એમાં જ સાચો આનંદ છે.

જીવ દુઃખી કેમ થાય છે ?

પોતાના આત્મા અને આત્મહિતનાં સાધનો કરતાં બહારની કિંમત બહુ આંકે છે, તેથી.

હમણાં જો બાહ્યને આત્મહિતો આગળ માલ વિનાનાં લેખે તો પછી એ બાહ્યની ઓછાશ-વાંકાશમાં વ્યાકુળ થાય જ નહિ. મુખ્ય જોવાનું એક જ રાખ્યું કે 'મારા આત્માનું કેમ છે ? એ શુભ ભાવમાં છે ને ? શાસ્ત્ર એક ક્ષણવાર પણ કરેલા કષાયોપશમનું ઊંચું ફળ બતાવે છે, પછી વારંવાર એના અભ્યાસ ચાલુ હોય તો શુભ ફળમાં શી કમીના રહેવાની ? ગોશાળો ઠેઠ અંતે કંઈક ઉપશમ પામ્યો, ને બારમા દેવલોકે ગયો ! નહિતર એનું તો જીવન કેવું ? ઘોર પાપભર્યું. એને બારમા દેવલોકે શાનું જવાનું હોય ? એટલે વાત આ છે કે ધર્મ આવા ઉપશમ વગેરે આત્મહિતનાં ઊંચા મૂલ્ય બતાવે છે, એની કિંમત સમજીને ચાલે-વર્તે, રાગાદિ ઓછા કરે એને મસ્તી હોય, આનંદ હોય, તુષ્ટિ હોય.

**ધર્મ પુષ્ટિકર** છે. ધર્મ પુણ્યની વૃદ્ધિ-પુષ્ટિ કરે છે, ગુણો તથા ધર્મનું પોષણ કરે છે. જેમ જેમ ધર્મ સાધો, અરે ! માત્ર સુકૃતની અનુમોદના જેવો વગર ખર્ચ, વગર શ્રમનો ધર્મ, તો ય તે પુણ્ય વધારતું જ જાય છે. એમ ધર્મ સેવનથી ગુણોનો અભ્યાસ વધી શકે, તેમ આગળ પણ ધર્મ વૃદ્ધિ કરવાનો રસ-ઉત્સાહ જાગે છે.

**ધર્મ બળરૂપ** છે. ગુસ્સાની સામે ગુસ્સો એ સાચું બળ નહિ, કેમકે એમાં તો કદાચ સામેથી જોરદાર આવીય પડે ! અગર બીજું નુકસાને ય ઊભું થાય ! દા.ત. વૈર-વિરોધ-દુર્ભાવ ઊભો થાય. એ પછી ભારે પડી જાય છે. ત્યાં જીવ ઢીલો ઘેંસ બની જાય છે. બળ ક્યાં રહ્યું ? ત્યારે ગુસ્સાની સામે ક્ષમા-ધર્મ એ સાચું બળ છે. એમાં પસ્તાવાનું રહેતું નથી. જો સમજી-કરીને ક્ષમાધર્મ સેવીએ છીએ, તો પછી કદાચ સામો વધુ જોર મારે તો ય આપણું સત્ત્વ આપણી ખામોશી, એને કોઈ આંચ નથી. એમ વીતરાગની ભક્તિ, સાધુસેવા અનિત્ય આદિ ભાવના, દાન-શીલ-તપ વગેરે ધર્મ એ એવું એક સુંદર દૈવી બળ તૈયાર થાય છે કે એના પર આત્માને મહાત કરનારા આંતરિક દોષો-દુશ્મનો ઢીલા ઘેંસ પડી જાય છે. અનુભવે આ સમજાય એવું છે. અનુભવ કરી જુઓ, તો જરૂર બળનું સંવેદન થશે, ધર્મબળ જેવું જગતમાં કોઈ બળ નથી. મોટી સમ્રાટ રાજાઓની જહાંગીર એની આગળ તુચ્છ છે, મોટા દેવતાઈ બળ અકિંચિત્કર છે. માટે તો **'દેવા વિ તં નમંસંતિ.** જેનું ધર્મમાં જ મન છે, એને દેવતાઓ પણ નમસ્કાર કરે છેઃ

સુદર્શન શ્રાવકને જોઈ અર્જુનમાલીના શરીરમાં પેઠેલો યક્ષ ભાગી ગયો.

રોજ એને છ પુરુષ અને એક સ્ત્રીનો ઘાત કરવા જોઈતો હતો, એટલો એ દુષ્ટ બન્યો હતો. લોક એના ભયથી રોજ સાતનો ઘાત સાંભળ્યા પહેલાં બહાર ફરકતું નહોતું. એવા નિર્જન કાળે સુદર્શન શ્રાવક, મહાવીર પ્રભુ પધારેલા એમને વંદન કરવા નીકળી પડ્યો. પેલો યક્ષ આકાશમાં મોટી મોઘર ઉલાળતો ઉલાળતો આવી રહ્યો છે. આ સુદર્શન કોઈ મંત્ર નહિ, વિદ્યા નહિ, માત્ર પ્રભુનું શરણ કરી ધ્યાનમાં ઊભો રહી ગયો. શું વાપર્યું એણે દેવને અટકાવવા સાધન ? કશું નહિ. પરંતુ એના ધર્મ બળનું ઓજસ જોઈ યક્ષ અંજાઈને ભાગી ગયો. અર્જુનમાલી નીચે પછડાયો, અને બૂઝયો. સુદર્શનની સાથે જઈ પ્રભુ પાસે ચારિત્ર લીધું ! ધર્મનું બળ અલૌકિક ! ધર્મ નિર્મલ યશકીર્તિકારક છે, મહિમાજનક છે, સારી રીતે સુખ પરંપરાનો દાયક છે.

**ધર્મથી યશવાદ ગવાય છે.** જે કીર્તિ પ્રસરે છે એવું બીજા શેનાથી થાય છે ? મોટા ઇન્દ્રોની જે યશકીર્તિ નથી ગવાતી એવી તીર્થંકર ભગવાન-ગણધર ભગવાનની ગવાય છે. એનું કારણ શું ? આ જ, કે ભગવાન પાસે ધર્મ છે.

સત્ય વચનનો ધર્મ પાળનારની કીર્તિ ફેલાય, કે એ વિનાના અસત્યવાદીની ? એમ દયાળુનો યશ ગવાય કે નિર્દયનો ? નીતિમાનની પ્રશંસા થાય કે અનીતિખોરની ? ક્ષમા ધર્મવાળાની કે ક્રોધીની ? દાન ધર્મ-શીલધર્મવાળો પંકાય, કે કૃપણ દુરાચારી ? ચારિત્રી મુનિનો-આચાર્યનો યશ મોટો કે શ્રીમંત ગૃહસ્થનો ? સ્પષ્ટ દેખાય છે કે



ધર્મ જે નિર્મળ જશ-કીર્તિ આપે છે, તે ઠકરાઈ કે શ્રીમંતાઈ નથી આપતી. શ્રીમંતની કીર્તિ કેવી અને કેટલી ? અને એ જ માણસ ચારિત્ર ધર્મ લે પછી એની કીર્તિ કેવી અને કેટલી ? અથવા લાખ રૂપિયા પાસે રાખી મૂકે કે એનાથી મોટા વેપાર યા રંગ-રાગ ખેલે એની કીર્તિ કેટલી ? અને એ ખર્ચી સંઘયાત્રા લઈ જવાનો ધર્મ કરે એની કીર્તિ કેટલી ? માણસ પોતાનું બળ દુશ્મનને દબાવવામાં ખર્ચે એ એને કેટલો યશ અપાવે ? ત્યારે મહાવીર પ્રભુએ ગોવાળિયાયે કાનમાં ખીલા ઠોકતાં બળનો ઉપયોગ ક્ષમા ધર્મ-સમતાધર્મ સાધવામાં કર્યો, એ ધર્મે એમને કેટકેટલો યશ અપાવ્યો ? ધર્મ જ જીવને જગતમાં નિર્મળ યશ-કીર્તિ અપાવે છે.

**ધર્મ મહિમા જનક છે,** માણસનો પ્રભાવ પાડે છે, માહત્મ્ય વધારે છે. જુઓ એક નવકાર મંત્રની સચોટ આરાધનાનો ધર્મ કેવો પ્રભાવ પાડે છે કે એ બીજાના સર્પદંશનાય ઝેર ઉતારી નાખે છે ને ?

## નવકાર સ્મરણનો મહિમા : મિયાંનું દૃષ્ટાંત

આસામમાં એક મિયાંને કોઈ કલ્યાણમિત્રના યોગે નવકાર મંત્ર મળી ગયો. પરમેષ્ઠીનું સ્વરૂપ સમજાયું તે એને એના પર એવી સજ્જડ શ્રદ્ધા થઈ ગઈ કે આખો દિવસ નવકાર રટ્યા કરે ! બીજા મુસલમાન એને ધૂત્કારે કે 'એ મૂર્ખ ! કયા રટતા હૈ ? કાફર હો ગયા ક્યા ?' પણ આને તો નવકારનો ભાવ શમ-દમ- ક્ષમા-સમતા પણ ચિત્તમાં ઊતરી ગયેલા, તે કાંઈ ગુસ્સો ન કરે, દ્વેષ ન કરે; એ તો આ ધિક્કાર-તિરસ્કારનીય દવા નવકાર જ માને તે વધુ હોંશથી એ રટ્યે રાખે !

એમાં એક વાર એક મિયાંભાઈ ને ખુન્નસ ચડી આવ્યું તે કરંડિયામાં સર્પ લઈ આવી રાત પડતાં ચૂપકીથી કરંડિયો આ નવકારસાધક મિયાંના સુવાના ખાટલા નીચે મૂકી આવ્યો. હવે આ બહારથી આવી જેવો ખાટલા પર ચડવા જાય છે કે એણે એના પર સાપ બેઠેલો જોયો ! આ જરાય ગભરાયો નહિ, કેમકે એને તો આમે ય નવકારની રટના, ને કંઈક વિષમ બાબત બનતાં તો સીધું પહેલાં નવકાર જ સાંભરે, એટલી બધી નમસ્કાર મંત્ર પર અટલ શ્રદ્ધા હતી, તે મનમાં નવકારમંત્ર ગણતો ઊભો. પેલો સાપ ચૂપકીથી બીજી બાજુથી ઊતરી બહાર ચાલી ગયો. કેવો પ્રભાવ નમસ્કાર-સ્મરણરૂપી ધર્મનો ?

પાછું આ ભાઈને તો નવકારથી કાંઈ ભય-આપત્તિ ન આવે, એવી નવકારની પાકી શ્રદ્ધા. એટલે વિના-ગભરામણે ત્યાં જ ખાટલા પર સૂતા. થોડી વાર થઈ ન થઈ ને ત્યાં પેલો સર્પ મૂકનાર મિયોં દોડતો આવ્યો અને એની આગળ પગે પડી કહે છે 'અરે યાર ! માફ કરના, મૈંને યહાં સાપ રખ્ખા થા.'

આ કહે 'અરે ભાઈ ! તુને કૈસે ? વો તો સહજ રૂપસે આયા હોગા.'

પેલો ખાટલા નીચેથી કરંડિયો તાણી બતાવી કહે છે 'દેખ ઇસમેં મૈંને લાકર રખ્ખા થા. મુઝે માફ કરના.'

'તેંને રખ્ખા હોગા. જાને દે, મેરે મનમેં કુછ નહિ હૈ'

'અરે યાર ! જરૂર માફ કરના, મેરી બડી ગલતી હુઈ, મૈને તુઝે ગાલિયાં ભી દી થી, સાપ ભી રખ્ખા, માફ કરના મુઝે !'

આ કહે 'હાં ભૈયા ! હાં જા, માફ હૈ માફ.'

'અરે યાર ! ઈતના નહીં મેરે લડકે કો સાપને કાટા હૈ, જરા ઉતાર દે ને, તેરે પાસ મંતર હૈ; નહિતર વો મરેગા.'

ખૂબી કેવી, અહીં પોતાને મારી નાખવા પેલો સાપ રાખી ગયો હતો એ નક્કી થવા છતાં આના મનને એમ નથી થતું કે કહેતો નથી કે 'યું ? મુઝે સાપ કટવા કર ખતમ કરનેકી કોશિષ કરનેવાલા તૂ ! તેરે બચ્ચે કો બચાઉં ? ઊઠ ચલા જા યહાં સે.' આમ ન કહેવાનું કારણ એના દિલમાં નવકારનો ભાવ-દયા-ક્ષમા-મમતા વગેરે, વહેતી હતી.

એ તો ઝટ ઊઠ્યો, પેલાને લઈ ચાલ્યો અને એના ઘેર જઈ તરત હાથમાં પાણી લઈ નવકાર ગણી ત્રણ વાર છોકરા પર છાંટ્યું; છોકરો નિર્વિષ થઈ બેઠો થઈ ગયો ! નવકાર-સ્મરણના ધર્મનો કેવો પ્રભાવ ! કેવો મહિમા !

**છઠ્ઠાવ્રતનું દૃષ્ટાંત :-**

શ્રાવકના છઠ્ઠાં વ્રતનાં દૃષ્ટાંતમાં આવે છે ને કે એક ભાઈના છોકરાને સાપ કરડેલો, તે કોઈ જાણકાર કહે છે; 'અહીંથી ૧૧૦ યોજના પર એક જંગલમાં અમુક વનસ્પતિ મળે છે, તે લાવો તો એનાથી ઝેર ઉતારી દઉં.'

આ પર એનો બાપ છોકરાને કહે છે, 'તારી પાસે ગગન-ગામિની વિદ્યા છે, તો તું જઈને એ લઈ આવ.'

છોકરો કહે છે, 'મારાથી ન જવાય. મારે ૧૦૦ જોજન સુધીનું જ વ્રત છે.'

'અરે પણ આ મરી જશે !'

'તે શું પોતરાના મોહમાં મારું વ્રત ભંગાવવા માગો છો ? મારાથી નહિ બને એ.'

એના વ્રતની દૃઢતા પર શાસન દેવતા હાજર થઈ ડોસાને કહે છે,' 'ફાંફાં શું મારો ? આ તમારો દીકરો એક મહાન ધર્માત્મા છે. એના ધર્મનો અજબ પ્રભાવ છે. તમે એના હાથમાં પાણી આપી પોતરા પર છંટાવો બસ છે, ઝેર ઊતરી જશે !'

કેટલી વાર ? ડોસો ઊઠ્યો તરત, લાવીને પાણી આપ્યું છોકરાના હાથમાં, ને છોકરે એના દીકરા પર પાણી છાંટતા જ ઝેર ઊતરી ગયું !



**ધર્મનો કેવો પ્રભાવ ? એ શું પેદા કરે છે ? :-**

જંબુકુમાર રાતના નવી પત્નીઓને લઈ વાસ-ભવનમાં બેઠો છે ત્યાં ચોરી કરવા આવેલ પ્રભવ ચોર બધા ઉપર વિદ્યાના બળે અવસ્વાપિની નિદ્રા મૂકે છે. પરંતુ જંબુના ધર્મ-તેજના પ્રભાવે એના પોતાના ઉપર પ્રભવની વિદ્યા ચાલતી નથી.

પ્રભવ ચોંકે છે 'આ શું ?' ઊલટો એ અને એના સાગ્રીતો થંભી જાય છે ! ત્યારે એ કહે છે, 'જંબુ ! તું મને તારી થંભિણી વિદ્યા આપ, તો હું તને મારી અવસ્વાપિની અને તાલોદ્ઘાટિની વિદ્યાઓ આપું'

જંબુ કહે છે,' કાલ સવારે એક તણખલાંની જેમ આ ક્રોડો સોનૈયાની સંપત્તિ હું છોડી દેવાનો છું ! મારે તારી વિદ્યાઓને શું કરવી છે ?'

પ્રભવ પ્રતિબોધ પામી જાય છે, જંબુની સાથે દીક્ષા લેવા તૈયાર થઈ જાય છે. ધર્મનો કેવો પ્રભાવ ! વિદ્યાને મહાત કરે ! અને વિદ્યાવાળા ચોરને ય દીક્ષા માટે તૈયાર કરી દે !

શ્રીપાળની નવપદની આરાધનાના ધર્મના પ્રભાવે જુઓ, કેટકેટલું થયું ? વિદ્યાધરને વિદ્યા યાદ કરાવી આપી ! સુવર્ણરસ-સાધકોને રસસિદ્ધિ સધાવી દીધી ! ધવલનાં વહાણ ચલાવી આપ્યાં ! રત્નદ્વીપ પર મંદિરનાં બંધ થયેલા દ્વાર ખોલી દીધાં ! ધવળે શ્રીપાળને સમુદ્રમાં પાડતાં મગરમચ્છની નાવડી બનાવી આપી !... કેટલું ! ધર્મ કેવો મહિમા જગાવી દે છે ! આવા મહિમાકારી ધર્મ પર શું શ્રદ્ધા વધારવાનું અને એની જોરદાર સાધના કરવાનું નથી સૂઝતું ? ને ભળતી વસ્તુની જોરદાર શ્રદ્ધા અને સાધના કરવાનું મન થાય છે ?

ધર્મ સુખ પરંપરાનો સર્જક છે. સિદ્ધ હકીકત છે કે જગતમાં ધર્મી થોડા અને સુખી પણ થોડા, એટલે સુખ ધર્મથી જ મળે.

**'सुखं धर्माद् दुःखं पापात्, सर्व शास्त्रेषु संस्थितिः ।'**

બધા જ શાસ્ત્રોમાં આ વાત છે કે સુખ ધર્મથી અને દુઃખ પાપથી મળે. સુખ સારી ચીજ લાગે છે તો તે સારી કરણી અને સારા ભાવથી મળે ? કે ખરાબ ભાવથી ? કહેવું જ પડે કે સારાથી સારું નીપજે; ધર્મથી સુખ નીપજે. હવે એમાં જો ધર્મ પણ શુદ્ધ ભાવે કર્યો હોય તો એ પણ સંસ્કાર રૂપે ભવાંતરે પુણ્યની સાથે જાય ! ત્યાં એ જાગ્રત થતાં વળી ધર્મ સૂઝે. એથી આગામી સુખ ઊભાં થાય. આમ ધર્મથી સુખ-પરંપરા ચાલે.

ધર્મ વિના બીજી કોઈ સામગ્રી સુખ આપનાર નથી. બહારની સાધન-સામગ્રીથી સુખ મળવાનો ભાસ થાય; પરંતુ ખરેખર તો એની પૂંઠે પૂર્વનો ધર્મ કામ કરતો હોય છે. આમ એટલા માટે કહેવાય છે કે બાહ્ય સાધન-સામગ્રી હયાત છતાં કેટલા ય માણસો દુઃખની પોક મૂકે છે ! મૂળ કારણભૂત ધર્મ ઘટે છે માટે. ધર્મ જ સુખદાયક છે, સુખપરંપરાદાયક યાવત્ મોક્ષના શાશ્વતા અનંતસુખનો દાતાર છે.

પેલી બ્રાહ્મણી કહે છે,

'હે ભાગ્યવાનો ! ધર્મ જ યશકીર્તિ-મહિમા-સુખ-પરંપરાનો કરનારો છે માટે ધર્મ જ સાધવા જેવો છે, આચરવા જેવો છે, અમલમાં મૂકવા યોગ્ય છે, એનો જ ઉપદેશ કરવા જેવો, એ જ કહેવા જેવો, એ જ બોલવા જેવો, સમજાવવા અને કરાવવા જેવો છે.'

દીકરાના ભારે અનિચ્છનીય વર્તાવ પર 'સંસારના સમસ્ત સ્વાર્થરસિક સગા-સ્નેહીનો ક્યાસ કાઢી એમના પર કરાતું મમત્વ અને એમાં હોમાતું જીવન કેવું વ્યર્થ અને જીવના ભવ ભારે કરનારું નીવડે છે !' એ આ બ્રાહ્મણીની નજર સામે તરવરે છે અને એની સામે ધર્મ કેટલો બધો કલ્યાણકર છે, તેમ જ એ જ સાચો સ્નેહી-સગો છે, એ સચોટ ભાસે છે. એટલે એ વસ્તુ ત્યાં એકત્રિત થયેલાને સમજાવી, હવે કહે છે કે 'માટે ધર્મ એકલો જ સેવવા યોગ્ય છે. ફાંફાં શું મારીએ ? આ જીવનમાં પ્રાપ્ત અતિ દુર્લભ અવસર એળે ક્યાં ગાળીએ ? પુરુષાર્થ શક્તિને વ્યર્થ કાં બગાડીએ ? અરે ! આગળ વધીને અનર્થકારીમાં શી વિણસાડી નાખીએ ? એ તો એક માત્ર ધર્મમાં જ એનો વિનિયોગ-ઉપયોગ કરી એને સુંદર રૂપવતી કરવી જોઈએ. સેવો, સેવો ધર્મ જ સેવો, ધર્મને જ ભજો, ધર્મના જ શરણે જાઓ. મન વારંવાર ધર્મમાં જ લઈ જાઓ, નિરંતર ધર્મમાં જ રાખો, અને ધર્મની જ આરાધના-ઉપાસના કરો. ધર્મનું જ પોષણ વૃદ્ધિ કરો.'

**શરણ પૂર્વક જ આરાધના :-**

ધ્યાનમાં રહે ધર્મની આરાધના અને વૃદ્ધિ, ધર્મનું શરણું સ્વીકારીને કરવાની છે. અર્હદ્ભક્તિ, તપસ્યા, ત્યાગ, અનુષ્ઠાન વગેરે કરાય તો ખરા, પણ 'મારે આ જ એક શરણભૂત છે,' આવી બરાબર જાગૃતિ રાખવી જોઈએ; જાગૃતિ રાખ્યા વિના એ બધું કરાશે તો આત્મા એમાં એવો ઓતપ્રોત અને વિનમ્ર સેવક નહિ બની શકે.

એ તો એવી સભાન દશા રહેવી જોઈએ કે 'આ ધર્મ હું આરાધું છું તે કોઈ



થોડા-બહુ પુણ્ય આંચકી લેવા માટે, કે માત્ર રાબેતા મુજબ કર્યે જવા માટે નહિ, કિન્તુ આ જ ત્રાણ છે, શરણ છે, માટે.' આ સમજ હોય તો હૃદયથી નિરાશંસ ભાવે આરાધના થાય.

**આપ્ત પુરુષ પરની શ્રદ્ધા મોંઘી થઈ છે :-**

માણસ વર્તમાનમાં લોકમાં ધર્મ માટે ચાલી રહેલ કુતર્ક-કુશંકાના વાતાવરણથી કેટલીક વાર મુંઝવણમાં પડી જાય છે કે 'આ બધો ધર્મ આરાધીએ એનું ફળ મળશે કે કેમ ? કે આ બધી મહેનત નકામી જશે ?' આમ કુશંકા થવાનું કારણ, વર્તમાન વાતાવરણે પૂર્વના આપ્ત પૂજ્ય શાસ્ત્રકારો પરના આદર અને શ્રદ્ધાબળ તોડી અગર ઘટાડી નાખ્યા છે એ છે. આજે છોકરાઓને આપમતિ ઉપર જે ઈતબાર છે, જે શ્રદ્ધા છે, એ માબાપ પર નથી, એટલે પછી એમનાં વચનને આદર અને શ્રદ્ધાથી વધાવી લેતા નથી, કુશંકા કરે છે, ઉપેક્ષા પણ કરી નાખે છે. એવું દરદીને વૈદ્ય-ડોક્ટરની સલાહ પ્રત્યે થાય છે. વિદ્યાર્થીને શિક્ષકની શિખામણ, સલાહ-સૂચન ઉપર તેવી આસ્થા થતી નથી. એમ શિષ્યને ગુરુ-વચન અંગે બને છે. મૂળમાં તે તે આપ્ત-વિશ્વસનીય પુરુષો ઉપર એવો ઊછળતો આદરભાવ-બહુમાન આસ્થા નહિ પછી એમનાં વચન પર આદરભાવ-બહુમાન-આસ્થા ક્યાંથી થાય ? **પુરુષ-વિશ્વાસે વચન વિશ્વાસ.** ત્યારે નિઃસ્વાર્થ અને ભવભીરુ ઉપદેશક પુરુષો પર જો વિશ્વાસ નહિ, તો ભારે ઉલ્લાસ સાથે એમના વચનને ઝટપટ અમલમાં ઉતારવાનું શે બને ? સ્વતંત્રતાનો યુગ કહેવાય છે ને ? સ્વતંત્રતા છે કે સ્વચ્છંદતા, આપમતિ અને અભિમાન ? બોરનું ડીંટું ક્યાં છે એની જેને ગમ નથી, અનુભવ નથી, એને મહા અનુભવીઓ હિતૈષીઓ અને પરોપકારવૃત્તિથી છલોછલ ભરેલા જ્ઞાની પર ભરોસો નહિ ! એમનાં વચન પર મદાર નહિ ! એ આજના વિચાર-સ્વચ્છંદતાના યુગની બલિહારી છે !

**ધર્મનું સ્વરૂપ જોવાથી શ્રદ્ધા થાય :-**

આવા કાળમાં રહ્યા પણ બચવા કોઈ ઉપાય ? શ્રેષ્ઠ આપ્ત પુરુષ તીર્થંકર ભગવાને કહેલા ધર્મનાં ફળ પર શંકા-કુશંકા ધર્યા વિના હોંશે હોંશે ઉલ્લાસથી એ ધર્મ સધાયે જાય એનો કોઈ રસ્તો ? હા, આ છે રસ્તો કે ફળની ભાંજગડ બાજુએ મૂકો, ભગવાને ધર્મ કહ્યો છે એના પર મન એકદમ નહિ જાય; કેમકે જો હૈયાનો ઢાળ જેવો સગા-સ્નેહી પર નહિ એવો ભગવાન પર, આ સ્થિતિ નહિ હોય, તો પછી આ ધર્મ ભગવાને કહ્યો છે માટે કરું જ,' એવો ઉમળકો અને નિર્ધાર ક્યાંથી થવાનો ? તો ભલે એ રીતે નહિ. પણ આટલો જ વિચાર કરો કે

'આ ધર્મનું સ્વરૂપ કેવું છે ? મેલું, મૂર્ખતાભર્યું અને બીજાને દુઃખ લગાડે

એવું ? કે પવિત્ર, બુદ્ધિમત્તાભર્યું અને બીજાને ય શાંતિ આપે એવું ? તે તે ધર્મથી વર્તમાન જીવનમાંની વિહ્વળતાઓ, અશાંતિ, સંતાપો ઓછા થવાને અવકાશ છે કે નહિ ?' આ તપાસો, જરૂર દેખાશે કે ધર્મ પવિત્ર છે, સ્વસ્થ-શાંત-ચિંતામુક્ત કરનારો છે, સદ્‌બુદ્ધિને પોષનારો છે, અને બીજાને પણ ઠારે એવો છે; મનથી વિહ્વળતા અને કુવિચારણા પર કાપ મૂકે એવો છે. જોઈ લો, દાન-શીલ-તપ-ભાવના, જિનભક્તિ-વ્રતનિયમ-સામાયિક, વગેરે એકેક ધર્મમાં આ તપાસી લો. તો દેખાશે કે એમાં હૈયું પવિત્ર બને છે, વિહ્વળતાઓ-કુવિચારણા-સંતાપ વગેરે ઓછાં થઈ એટલા પ્રમાણમાં શાંતિ-સ્વસ્થતા-સદ્‌વિચારણા આવે છે. બીજાને પણ આપણા તરફથી એ જ ગમતું હોય છે.

**બીજા આપણા તરફ ધર્મથી વર્તે એવું દરેક ઈચ્છે છે :-**

કોઈના પૈસા તમે ન લઈ લો ઉપરથી એને આપો, કોઈની સ્ત્રી સામે તમે જુઓ નહિ, આંખ નીચી ઢાળેલી રાખો, કોઈને ત્યાં ઝટ ચા પાણી ન માગો, ઉપરથી એ ધરે અને તમે કહો મારે ત્યાગ છે, તપ છે,... વગેરે વગેરે તો તમારો એ ધર્મ બીજાનું પણ દિલ પ્રસન્ન કરશે. તમારા જ પૈસા, પત્ની અને માલ માટે શું ઈચ્છો છો ? સામો માણસ એના પર નજર ન નાખતાં એનાથી પરાઙ્મુખ રહે તો તે તમને ગમે છે, તમે એને સારો ગણો છો. સારો એટલે ધર્માત્મા એથી ઊલટો વર્તનારને પાપી લેખો છો, મૂર્ખ મેલો અને ભૂખાળવો માનો છો.

એ જ સૂચવે છે કે ધર્મ પવિત્ર છે. બુદ્ધિમાનનું સારા માણસનું કાર્ય છે, સ્વસ્થતા-શાંતિ અર્પનારો છે, જો આવું ન હોત તો શા માટે બુદ્ધિમાન ઈન્દ્રભૂતિ વગેરે વિદ્વાન બ્રાહ્મણો હિંસા-અજ્ઞાન-મતિભ્રમ ભર્યા યજ્ઞ-હોમ અને પાંડિત્ય પ્રદર્શન પડતાં મૂકી મહાવીર પ્રભુના ચરણે ચારિત્ર જીવન સ્વીકારી લેત ?

**ઈન્દ્રનાગ તાપસ અને વીરપ્રભુ :-**

ભગવાન સપરિવાર વિચરતા એક નગરમાં પધાર્યા છે. ત્યાં ગોચરી માટે નીકળતા મુનિઓને 'હમણાં નગરમાં અનેષણીય-અકલ્પ્ય આહાર હોઈ થોભો' એમ કહીને અટકાવે છે. ઈન્દ્રભૂતિ ગૌતમને કહે છે, 'હમણાં આ નગરમાં ઈન્દ્રનાગ તાપસના પારણા અર્થે ઘેર ઘેર દાનની તૈયારી છે, તે એનું પારણું થયેથી લોકોની સ્થાપનાની કલ્પના ફરી જશે, પછી ગોચરી શુદ્ધ મળશે.' પણ તમે જાઓ અને એ તાપસને કહો કે **'ભો અણેગપિંડિઆ ! એક પિંડિઓ તં દટ્ઠુમિચ્છઈ'** ('હે અનેકપિંડિક ! એક પિંડિક તને જોવા ઈચ્છે છે,'

ગૌતમ મહારાજને તો ગુરુનો આદેશ એટલે જાણે શી વાત ! ઊપડ્યા, અને જઈને કહ્યું. પેલો પણ આવ્યો પ્રભુ પાસે. પ્રભુને પૂછે છે,' હું અનેક પિંડિક શી



રીતે ? હું તો માત્ર એક જ ઘરે જઈ આહાર કરું છું. અનેક પિંડિક તો તમારા સાધુઓ છે કે જે અનેક ઘરોમાંથી આહાર ગ્રહણ કરે છે.'

ભગવાન કહે છે, 'હે સૌમ્ય ! તું ભલે એક જ ઘરે પારણું કરતો હો, પણ અનેક ઘરોમાં તારા માટે તૈયારી રહે છે એટલે તારા નિમિત્તે બધે દોષ ઊભો થવાથી તું અનેકપિંડિક છે. મુનિઓ પોતાના માટે જ્યાં જ્યાં દોષની કલ્પના ન હોય એવા ઘરમાંથી લે છે અને તે પણ થોડું થોડું જ લે છે જેથી પાછળથી પણ દોષ ઊભો ન થાય. આવો એકલો નિર્દોષ પિંડ લેતા હોવાથી મુનિઓ એક પિંડિક છે, એક માત્ર નિર્દોષ પિંડિક છે.'

ઈન્દ્રનાગ તાપસ તરત સમજી ગયો. પોતાની ચર્યામાં અનેક જીવ-સંહારનો અધર્મ જોઈ એ ત્યજીને પ્રભુનો ત્રિકોટિપરિશુદ્ધ પવિત્ર કુશળ ચારિત્રધર્મ એણે ત્યાં જ સ્વીકારી લીધો.

મોટા ચક્રવર્તી અને શાલિભદ્ર વગેરે શ્રીમંતો પણ ધર્મનું પવિત્ર કુશળ સ્વરૂપ જોઈ એમાં લાગી પડનારા બન્યા છે.

**દુન્યવી સમૃદ્ધિનાં દુઃખદ સ્વરૂપ :-**

બ્રાહ્મણી કહી રહી છે કે ''જ્યારે ધર્મ એ અનન્ય સહાયક છે. વિશ્વના જીવોનો તારણહાર છે, તો પછી સગાં-સ્નેહી-પરિવારગણનાં મમત્વથી સર્યું, ધન-ધાન્ય, સુવર્ણ-મણિ-માણેકનાં નિધાન-ખજાનાથી સર્યું. એના સંચય-સંરક્ષણથી સર્યું !

એ બધી ઋદ્ધિ-સમૃદ્ધિ અને પરિવાર તો ઈન્દ્ર ધનુષ્ય અને વીજળીના ઝબકારા જેવાં ચંચળ છે; સ્વપ્ન અને ઈન્દ્રજાળ જેવાં છે. ક્ષણ દૃષ્ટનષ્ટ છે. નાશવંત, અધ્રુવ, અશાશ્વત અને સંસાર-વૃદ્ધિને કરનારા છે. એનાથી જ જીવ પર ઘોર નરકાદિ અપકાર વરસે છે અને સદ્‌ગતિના માર્ગ રુંધાય છે, તેમજ અનંત સંસાર સર્જાય છે !

ગોવિંદ બ્રાહ્મણ ઘણો વિદ્વાન હતો, પણ આ જાતની વિશ્વગવેષણા એણે કરેલી નહિ, તે આજે પત્નીના મુખેથી સાંભળતા થીજી જાય છે ! ધ્રૂજી ઊઠે છે કે આ શું કહી રહી છે ! વિશ્વનું કેવુંક યથાસ્થિત તત્ત્વ કહી રહી છે ! અને અમે એની ઉપેક્ષામાં રહી કેવા અવળા ચાલી રહ્યા છીએ ! એના મનમાં હવે જોરદાર ગડમથલ ચાલી છે. એના મનને થાય છે કે,

'આ બાઈ શું ખોટું કહે છે ? જ્યારે ધર્મ જ એક તારણહાર છે, આત્માનો સાચો સગો અને સાચી સંપત્તિ છે, તો પછી દુનિયાના બનાવટી સગા-સ્નેહી અને નામની સંપત્તિને વળગ્યા રહેવાનું શું કામ છે ? એમ વળગેલા રહેવામાં તો સાચા સગા અને સાચી સંપત્તિરૂપ ધર્મને હસ્તગત કરવાનું ગુમાવાય છે. આ જીવનની રમતનો કાળ તો અલ્પ છે, અને તેય પાણીના રેલાની જેમ ચાલ્યો જાય છે ! તે જોત

જોતામાં આ જીવનકાળ તો પૂરો થઈ જશે ! એ પહેલાં જો ધર્મને પોતાનો ન કરી લીધો તો દીર્ઘ પરલોકમાં બીજું કોણ ઓથ આપવાનું ? ઓથ વિના ત્યાં કેવી દુર્દશા !

સગાં સ્નેહી અને સંપત્તિ અહીંના અહીં રહે છે, અને જીવને એકલા જ જવું પડે છે એ વાસ્તવિક હકીકત છે, મરતાં માણસોમાં સ્પષ્ટ નજરે દેખાય છે. તેમ જીવંત રહેલાઓમાં પણ જોવા મળે છે કે સગાં-સ્નેહી પોતાનો સ્વાર્થભંગ જોતાં વિમુખ થઈ વિરોધી બની જાય છે. તેમ પુણ્યનો સૂરજ અસ્ત થતાં સંપત્તિ-સમૃદ્ધિ ચાલવા માંડે છે.

દુનિયામાં દેખાય છે ને કે હજી હમણાં તો લગન સંબંધ બાંધ્યા અને ૪-૬ માસમાં જ પતિને લાગે છે કે આનો સ્વભાવ, આનું રૂપ, આનો વાણી-વ્યવહાર પોતાને મનપસંદ નથી, તો પરણતાં દીધેલા બધા કોલ ફોક ! એને જ હવે દુશ્મન દેખે છે ! એમ,

દીકરાને હજી હમણાં તો ઉછેરી મોટો કર્યો પરણાવ્યો, પણ પછી પત્નીઘેલો બનતાં માબાપને શત્રુ સમજે છે !

કોઈની સાથે વેપારમાં ભાગીદારી કરી પણ હવે એને નકામો ભાગ દેવાનું લાગતાં એને છૂટો કરી દેવા ફાંફાં મરાય છે ! સગાં-સ્નેહી કેટલા કાળના ?

ત્યારે સંપત્તિમાં ય શું છે ? ક્ષણ-દૃષ્ટનષ્ટ, હમણાં જોઈ ન જોઈ, ને ડૂલ ! અડગ વિશ્વાસે રહેવા છતાં એ કલ્પના બહાર કડડભૂસ થાય છે ! વિલાયતનો આઠમો એડવર્ડ રાજા બ્રિટિશ-સમ્રાટપણું ગુમાવી બેઠો ને ? હિટલર-નેપોલિયનના મનોરથ હવાઈ કિલ્લા બન્યા ને ? આજે કેઈ ક્રોડપતિ-લાખપતિઓ ભિખારી બની ગયા છે કે નહિ ! અહીં ગોવિંદ બ્રાહ્મણ વિચારે છે કે

બ્રાહ્મણી સાચું જ કહે છે સગા-સ્નેહી અને સંપત્તિ-સમૃદ્ધિ ચંચળ છે. અશાશ્વત છે, તે ય થોડું રહીને ય પાછા જીવનું ભલું કરનારા ય નહિ, પણ એના મૂઢ રાગમાં જીવને ધર્મ ભૂલાવી પાપ માર્ગમાં ચકચૂર રાખનારા ! રાગની ગાંઠ મજબૂત કરી અનંતસંસાર ભ્રમણને સંભવિત કરનારા છે ! માટે સર્યું એ બધાથી.

પરમ દયાળુ પ્રભુ મહાવીરદેવ ફરમાવી રહ્યા છે કે હે ગૌતમ ! એ બ્રાહ્મણી ત્યાં આવેલા બધાને કહે છે,

‘ભાગ્યવાનો ! ધર્મની જ સેવા-આરાધના, ધર્મનું જ શરણ-ઉપાસના ધર્મનું જ પાલન-પોષણ વગેરે કરવાનું એટલા માટે કહેવાય છે કે

ધર્મ ધ્રુવ છે, શાશ્વત છે, અક્ષય-અવ્યય અને સકલસુખનું નિધાન છે. એક માત્ર ધર્મના સેવનમાં કોઈ લાજ પામવા જેવું નથી; કિન્તુ અતુલ બળ-વીર્ય, શૌર્ય-સત્ત્વ અને પરાક્રમ ફોરવવા યોગ્ય છે; કેમ કે,



ધર્મ ચીજ પ્રવર છે, ઉત્તમ છે, ઈષ્ટ-પ્રિય-રમણીય છે, સમસ્ત શોક-ઉદ્વેગ સંતાપ, સકલ દારિદ્રય-અપયશ, આળ અભ્યાખ્યાન યાવત્ જન્મ-જરા-મૃત્યુ અને સઘળાય ભયનો અંત લાવનારો ધર્મ જ છે. ધર્મ જેવો સહાયક કોઈ પદાર્થ નથી. ત્રિલોકનો તારણહાર એક માત્ર ધર્મ જ છે.

**ધર્મ જ આદરણીય :-**

રુક્મિનો જીવ બ્રાહ્મણી હવે પૂર્વ ભવથી એવું ઉત્થાન પામતી આવી છે કે એના આત્માના રોમે રોમમાં અને રંગરાગમાં ધર્મની લગની જ્વલંત જોરદાર બની ગઈ છે. બસ ધર્મ જ ધર્મ જ એકમાત્ર સેવવા-આરાધવા યોગ્ય લાગે છે; એનું જ શરણું લેવા યોગ્ય ભાસે છે. ‘બોલવા આચરવા જેવો તો શું, પણ વિચારવા યોગ્ય પણ એકમાત્ર ધર્મ જ છે, એમ એને હૈયે સજ્જડ વસી ગયું છે, ઠસી ગયું છે. એને ધર્મ સિવાય બીજી કોઈ વાતનો એક વિચાર, તરંગ કે વિકલ્પ સરખો ય કરવા જેવો લાગતો નથી. સમસ્ત શ્રેય અને પ્રેય હોય તો તે ધર્મ. આવી ધર્મમય બની ગયેલ એની ચિત્તપરિણતિ સકારણ છે, અને એ એના મોંઢે બોલાવી રહી છે કે,

‘હે મહાનુભાવો ! આપણી બધી જ આરાધનામાં વિચાર-વાણી-વર્તાવમાં ધર્મ એકલો જ ઓતપ્રોત કરવા જેવો છે તે સહેતુક છે. હેતુ એ છે કે ધર્મ ધ્રુવ છે, શાશ્વત છે, સનાતન છે, ધર્મ સિવાયની બધી ય મન-વચન-કાયાની દોડધામ, ઈન્દ્રિયોની અને વૃત્તિઓની ગમે તેટલી દોડધામ એ વિનશ્વર છે, સરવાળે જીવનના અંતે શૂન્યમાં ઊતરનારી અને નવા જીવનમાં ફેર નવી ધમાચકડી ઊભી કરનારી છે. જીવની એમાં જીત નથી, જીવને હારવાનું છે, પસ્તાવાનું છે. જીવનભર અહીં કરેલી એ બધી ધાંધલ જ્યારે મૃત્યુકાળે ધૂળમાં મળી જતી દેખાય ત્યારે શું ખેદ સંતાપ ઓછો થાય છે ? શા સારુ આવી ફૂજુલ સનેપાતિયા અને ભૂતાવેશથી થવા જેવી દોડધામ-ધમાચકડીમાં માનવભવનો અતિ અમૂલ્ય કાળ અને શક્તિઓ વેડફી નાખવી ?

**ધર્મ શાશ્વત કેમ ? :-**

‘કરો તો ધર્મ જ કરો, બોલો તો ધર્મમય જ બોલો, કાંઈ પણ વિચારો તો ધર્મવાસિત જ વિચારો પાળો, પોષો, સિંચો, વધારો તો એકમાત્ર જ.’ શરણે જાઓ, સહારો લો, આધાર રાખો તો તે એકલા ધર્મનો જ, કેમકે ધર્મ જ શાશ્વત છે, આત્મામાં તન્મય કરેલો એ, જીવન પૂરું થાય છતાં આગળ સાથે ચાલે છે, વિકાસ પામે છે, પરાકાષ્ઠાએ પહોંચી કાયમી સંગમાં આવી જાય છે, માટે શાશ્વત.

હે ભવ્યાત્માઓ ! ધર્મ એકલો જ પ્રવર છે, ઉત્તમ છે, સુંદર છે. એની તોલે તો શું, પણ એના લાખમાં ભાગે પણ સંસારની કઈ વસ્તુ ઉત્તમ, સુંદર અને સુખદાયી છે ? શુદ્ધ સુખ અને અનંત આનંદ પમાડનાર હોય તો તે એકમાત્ર ધર્મ જ.

**શોભા ધર્મથી :-**

માટે પ્રાણાતિપાત, જીવ-હિંસાદિ પાપસ્થાનકો ત્યાગ કરી આ ધર્મ જ સેવવા યોગ્ય છે. પાપસ્થાનકમાં કોઈ ઉત્તમતા નથી, સુંદરતા નથી, શોભાસ્પદતા-શોભાકારિતા નથી. દુનિયામાં દેખાય છે કે ગુસ્સો કરીને મારામારી કરનાર શોભા નથી પામતો; ત્યારે ક્ષમા અને દયા કરનારો શોભા પામે છે. જૂઠ હાંકનાર બીજાનો પ્રેમ-વિશ્વાસ નથી મેળવી શકતો, અને સત્યવાદી એ મેળવી શકે છે. જો અલ્પાંશે એ ધર્મને પકડી રાખનારો શોભે છે તો સર્વાંશે ધર્મ સેવીનું પૂછવું જ શું ? વાત સાચી છે કે,

પાપ સેવનના ભાર ઓછા કર્યા વિના ધર્મ-સાધના ય મુશ્કેલ અને પાપ વિચાર ઓછા કર્યા વિના ધર્મ સાથે સગાઈ પણ થવી મુશ્કેલ. કમમાં કમ પાપમય જીવન માટે હૃદયમાં ઉદ્વેગ રહેતો હોય, ભલે એમાં લાખો રૂપિયાના વૈભવ અને ભપકાદાર વિલાસસુખ અનુભવવા મળ્યા હોય, તો પણ પાપસ્થાનકોના જમેલા બદલ હૃદય ખિન્ન રહેતું હોય, તો ત્યાં પાપનો ભાર મન પરથી કંઈક ઓછો કર્યો ગણાય. તેથી છેવટે શ્રદ્ધારૂપે ધર્મને સ્થાન મળે. પણ ના, એવું કાંઈ નથી, વૈભવ-વિલાસ હૈયાને સારા રુચે છે, માટે જ એની આગળ પાછળ અને સાથે કેટકેટલાં પાપસ્થાનક સેવવાનું બને છે, એનો કોઈ વિચાર નથી, સંતાપ નથી, તો પછી જીવ પાપસ્થાનકોમાં ભારે લીન-તન્મય ઓતપ્રોત જ રહ્યો ગણાય ને ? ત્યાં મદ-અહંકાર, ઈર્ષ્યા, અસહિષ્ણુતા, સ્વાર્થસાધુતા, પારકાની નિંદા, જાતની બડાઈ, બીજાને ઉતારી પાડવાનું,...આવી બધી દુષ્ટવૃત્તિઓ ઘર કરી ગઈ હોય, ત્યાં ધર્મ શ્રદ્ધામાંય ક્યાંથી આવી શકે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૩,અંક-૪૪,તા.૧૪-૮-૧૯૬૫**

ધર્મનું આચરણ તો પછી, ધર્મની શ્રદ્ધા ય ચીજ એવી છે કે મદ-ઈર્ષ્યાદિ દુષ્ટ વૃત્તિઓના હૃદયબંધ તોડી નાખે છે. ધર્મ રુચ્યો એ તો ત્યારે ગણાય કે એ આત્માને સુધારનાર તરીકે દિલને ભાવ્યો હોય, ગમ્યો હોય, અને એવું જો બન્યું હોય તો આત્માના જાલિમ બિગાડારૂપ મદ-ઈર્ષ્યા-નિંદા, અને વિષયાસક્તિના આવેશ વગેરે શાના ખુશમિશાલ મહાલી શકે ?

પાપ રોગ છે અને ધર્મ તો આરોગ્ય છે, આરોગ્યનું ઔષધ છે. એવા ધર્મની રુચિ, શ્રદ્ધામાત્ર પણ પાપરોગ પ્રત્યે નફરત-ખેદ-ઉદ્વેગ વિના જાગવી સંભવિત નથી.

**પાપ અહીંયાં નહિ વોસિરાવાય તો પછી ક્યાં ? :-**

પેલી ગોવિંદપત્ની બ્રાહ્મણી તો ત્યાં સુધી કહે છે કે પાપસેવનને બિલકુલ



સ્થાન જ આપવા જેવું નથી; તો જ ધર્મનો સાંગોપાંગ પ્રવેશ જીવનમાં થાય. પાપ આવા ઉત્તમ માનવભવમાં નહિ વોસિરાવાય, તો બીજા કયા ભવમાં એ બનવાનું હતું ? બીજે તો ઊલટું અહીં સેવ્યે રાખેલ પાપ વિચાર-વાણી-વર્તાવના ઘેરા સંસ્કારને લીધે અને પાછી અજ્ઞાન દશા હોવાથી પાપની ચકચૂરતા જ રહેવાની ! માટે વિના-વાયદાએ અહીં જ પાપત્યાગ અને ધર્મસેવન આત્મસાત્ કરો.

**બ્રાહ્મણીનો નવો ઉપદેશ :-**

સુરાસુર-નરેન્દ્રપૂજિત જગદ્દયાળુ ભગવાન મહાવીર પરમાત્મા બ્રાહ્મણીનો ઉપદેશ રજુ કરતાં ફરમાવી રહ્યા છે કે હે ગૌતમ તે ગોવિંદ બ્રાહ્મણીની પત્ની કહી રહી છે,—

'હે ઉત્તમ જીવો ! જે સ્નેહી-સ્વજન-સમૃદ્ધિનાં મમત્વ જીવને નરકાદિ દુઃખભર્યા સંસારમાં જીવને ભટકાવી રહ્યા છે તેનાથી વિજળીના ઝબૂકા જેવા ઈન્દ્રજાળિયા ક્ષણ દૃષ્ટ નષ્ટ સ્વજન-સમૃદ્ધિ બાજુએ મૂકી ધર્મને જ સેવો. કેમકે ધર્મ જ સર્વ દુઃખનાશક અને અતુલ સુખ-શાંતિદાયક છે; માટે જ એકમાત્ર આરાધવા યોગ્ય છે,

**જીવનકાળના ખંડખંડ નાશ :-**

'હે મહાનુભાવો ! સમજી રાખો કે ધર્મનો આ અવસર અતીવ દુર્લભ છે, જ્યાં ત્યાં ને જ્યારે ને ત્યારે મળે નહિ, ધર્મની સાધક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધક સામગ્રી મળવી ઘણી દુષ્કર છે. જુઓ છો ખરા કે આ સામગ્રી પ્રાપ્ત થયાનો અહીં મળેલો અતિ દુર્લભ કાળ કેવો રાત-દિવસ ધારાબદ્ધ સમયના વહેણથી કપાઈ રહ્યો છે ! કેવા પ્રમાદમગ્ન જીવોની વયહાનિ અને જરારૂપી ઘોર-નિષ્ઠુર-પ્રચંડ વજ્રઘાતથી એ કાળના ખંડ ખંડ તૂટી રહ્યા છે ! વજ્રથી ચૂરેચૂરાં થતાં ભાંડાંની જેમ કેવો એ દિનપ્રતિદિન અકિંચિત્કર નિષ્ફળ જઈ રહ્યો છે ! પ્રભાતના ઝાકળના વૃક્ષપત્ર પર લાગેલા જળબિંદુની જેમ એકાએક જાણે આંખના પલકારામાં જીવન સમય કેવો ઊડી જાય છે ! આ સ્થિતિમાં પરલોકનાં ભાતાંની કમાઈ વિના પસાર કરેલ માનવ-જન્મ સરાસર કેવો નિષ્ફળ જાય છે ! માટે હે સજ્જનો ! લેશમાત્ર અતિ સૂક્ષ્મ પણ પ્રમાદ કરવા જેવો નથી."

બ્રાહ્મણી પૂર્વ જીવનમાં ચક્રવર્તીના પણ વૈભવ છોડી ચારિત્ર ધર્મની આરાધના કરીને આવી છે, છતાં અહીં પૂર્વ કર્મની વિચિત્રતાએ જન્મથી શુદ્ધ ધર્મનાં દર્શન પામી નથી. એ તો વળી જાતિસ્મરણ જ્ઞાન થવાથી પૂર્વનું યાદ આવી ગયું એ અહોભાગ્ય ! એટલે એ સ્વાનુભવ પરથી ઠીક જ કહી રહી છે કે ધર્મની પ્રાપ્તિ કેટલી બધી મોંઘી છે ! ધર્મનો અવસર કેટકેટલો દુર્લભ છે ! તમને જનમથી કુળધર્મ તરીકે વીતરાગ પ્રભુનો ધર્મ મળી ગયો છે એટલે આ મળવાનો અવસર દુર્લભ

તરીકે મનમાં આવતો નથી. નહિતર મળેલા મહાદુર્લભ ધર્મ-અવસરની ભારેમાં ભારે કદર કરી એને સફળ કરવાની નિરંતર ચીવટ ન રહે ? ધગશ ન રહે કે પળે પળને હું ધર્મમય બનાવું ?

જો એ સમજ છે કે 'છોકરાને નાની ઉંમર એ ભણવાનો કિંમતી અવસર છે,' તો એને લેખે લગાડવા કેવા સાવધાન બની છોકરાને ભણાવવામાં જોડો છો ? ખર્ચ પણ કેટલું કરો છો ? એનું ભણવાનું ન બગડે માટે કેટલાંય કામ જાતે પતાવી એને ભણવાની સગવડ કરો છો ! બસ, એમ જો સમજતા હોત કે માનવજીવન એ કિંમતી ધર્મ-અવસર છે તો છોકરાને ધર્મમાં જોડવા અને એની ધર્મસાધના ન બગડે એવું કરવા કેટકેટલી ચીવટ અને ખર્ચ રાખ્યા હોત !

પાઠશાળા મફત ધર્મશિક્ષણ આપે છે છતાં દુઃખની વાત છે કે એમાં છોકરાને મોકલવાની દરકાર કેટલાય માબાપોને નથી ! કહીએ તો ઉપરથી બહાનું કાઢે છે કે 'છોકરાને નિશાળનું ભણવાનું બહુ છે, એમાંથી ઊંચો આવે તો ધર્મનું ભણવા જાય ને ?' જરાક થોભીને વિચાર તો કરો કે,

**કેળવણીના ચોકડામાં :-**

આર્ય દેશની ધર્મ સંસ્કૃતિને નાબૂદ કરવા યોજાયેલી પાશ્ચાત્ય કેળવણીની રીતરસમને વેચાણ બનેલા આજના કેળવણી-ઘડવૈયાઓ અને માસ્તરો આર્યભૂમિના જ સંતાનો છતાં કેટલો ભયંકર દ્રોહ કરી રહ્યા છે ! આર્ય છતાં પણ આર્ય સંસ્કૃતિનો દ્રોહ, આર્ય મહર્ષિઓનો, આર્ય શાસ્ત્રનો, પૂર્વજોનો અને નવી પ્રજાનો કેટલો કારમો વિશ્વાસઘાત કરી રહ્યા છે ! સમજુ નેતાઓ કે માસ્તરો પણ ઘેટાં-બકરાંની જેમ નીચી મૂડીએ સંસ્કૃતિનાશક કેળવણી પદ્ધતિના ચોકડામાં પૂરાઈ ચાલી રહ્યા છે ને ? ભેગા તમે પણ એના દલાલ બની ગભરું બાળકોને એ ચોકડામાં જકડી રહ્યા છો ? 'માનવ જીવન એ મહા કિંમતી ધર્મ અવસર છે, અને એમાંય ધર્મસંસ્કારનો ખરેખરો કાળ બાલ્યવય છે, ત્યાંથી જ જો સારા ધર્મસંસ્કાર પડી ગયા અને પછી પોષાતા ગયા તો એનું જીવન આખુય ધર્મસાધનાથી મઘમઘતું રહે,' આજે સમજતા નથી, એમના કિંમતી ધર્મ-અવસરને લેખે લગાડવાનું પહેલું કર્તવ્ય બજાવવાનું સૂઝતું નથી ! શા સારુ આંધળિયા કરો ? શા સારુ કૂણી ધર્મ-વયની ગરદન પર છરી ફેરવો ?

**મયણાસુંદરી** ઈતિહાસમાં અમર થઈ જાય એવું જ્વલંત જીવન શી રીતે જીવી શકી ? તત્ત્વ-સિદ્ધાંત ખાતર ગજબ પરાક્રમ શે કરી શકી ? નવપદની પરમ ઉપાસક કેમ બની શકી ? માતાએ એને બાળપણમાં ધર્મ અવસરની ભારે કદર કરી ધર્મશિક્ષણ, તત્ત્વ શિક્ષણ અને ધર્મસંસ્કરણ પમાડ્યું હતું ત્યારે જ ને ? નહિતર એ



જ બાપની દીકરી સુરસુંદરી કેમ મયણા જેવી ન નીવડી ? જેવું શિક્ષણ-સંસ્કરણ પામી હોય એવું જ નીવડે ને ?

ખરી વાત આ છે કે જીવનમાં જાતે ધર્મપ્રવૃત્તિ કરવા છતાં મૂળમાં ધર્મ-અવસરની સર્વશ્રેષ્ઠ કિંમત નથી સમજતા એટલે જાતમાં જ જો કેટલીય ધર્મ તક ગુમાવાય છે, તો પછી બચ્ચાંને માટે તો ધર્મની અને ધર્મશિક્ષણ-સંસ્કરણની ઉપેક્ષાનું પૂછવું જ શું ?

**ધર્મસામગ્રી મોંઘી :-**

બ્રાહ્મણી કહે છે. 'ધર્મ-અવસર અતિ દુર્લભ છે. ઉપરાંત જ્ઞાન-દર્શન-ચારિત્રધર્મની સામગ્રી એથી વિશેષ દુર્લભ છે.' અવસરની કિંમત સમજાઈ અને સાધના કરવા મન પણ કર્યું છતાં ધર્મના નામે કેવી ભળતી વાતો કરનારા મળે છે ! સમ્યગ્દર્શનની પુષ્ટિ થાય એના બદલે જડવાદ અને મિથ્યાત્વની પુષ્ટિ થાય એવા ઉપદેશ-સલાહ-સૂચન કેટલા બધા સુલભ થઈ ગયા છે ! શું આ ? દર્શન ધર્મની સામગ્રી મોંઘી થઈ ગઈ ! જ્યાં ગામડાઓમાં સુંદર જિનમંદિર છે. એ છોડીને ધંધા માટે એવા મંદિર વિહોણા અને મુનિસંપર્ક વિનાના ક્ષેત્રમાં રહેવું પડે છે એ પણ ધર્મસામગ્રીની દુર્લભતા સૂચવે છે.

ત્યારે આજે સમ્યક્ શાસ્ત્રજ્ઞાનની સામગ્રી પણ દુનિયામાં કેટલા માણસોને મળી છે ? ભારતમાં પણ કેટલે સ્થાને એ સુલભ છે ? ધર્મઅવસરરૂપી માનવ-જીવન એળે ગાળી રહ્યા છે ! પાપ સામગ્રીની આજે ભારે બહુલતા થઈ ગઈ ! તેથી પાપાચરણના અવસર સુલભ થઈ ગયા ! એમાં, માનસિક વિચારસરણી-લાગણી મનોરથો વગેરેમાં તો પાપે ભારે પગપેસારો કરી દીધો છે, એ આ યુગની ભારે ભયાનકતા છે,

આ બધાનો ખૂબ વિચાર કરો. દુર્લભ પણ સુલભ થયેલ ધર્મ-અવસર અને ધર્મસામગ્રીનાં ઊંચા મૂલ્ય આંકી, વિચાર-વાણી-વર્તાવમાં ધર્મને ઓતપ્રોત કરી દેવા હર સમય કાળજી રાખો. બ્રાહ્મણી કહે છે તે મુજબ,

કાળનો વહી જતો પ્રવાહ આ કિંમતી જીવનને કાતરતો જાય છે. પ્રતિ સમય દુર્લભ ધર્મ અવસરમાંથી કતરામણ ચાલુ છે, એમાં કાંઈ રાહ જોવાતી નથી. ઘડિયાળને પાછી કરો, બંધ રાખો, તેથી કાંઈ કાળનું વહેણ અને જીવનની કતરામણ અટકતી નથી. એ તો જુઓ કે ચાલુ ઘડિયાળમાં સેકંડ પર સેંકડ સતત ધારાબદ્ધ પસાર થયે જવાનું ચાલુ, અને એટલું જીવન કપાતું જ ચાલ્યું છે ને ?

મળેલો ધર્મ અવસર જો લેખે લગાડાતો નથી તો સમજી લો કે દંડ-પ્રહારથી માટીનું ભાંડું ચૂરેચૂરા થઈ જાય એની જેમ સમયના વહેણથી આ જીવનના ખંડ-

ખંડ ચૂરેચૂરા થઈ રહ્યા છે. ત્યાં પ્રમાદ કર્યે કેમ ચાલે ? એના ખંડના ચૂરેચૂરા થવા પહેલાં જ સાવધાન રહી જ્ઞાન-દર્શન-ચારિત્રધર્મમાં એને જોડી દેવાની તત્પરતા જોઈએ. મોટા રાજા-મહારાજા અને શેઠ શાહુકારો કાળ-પ્રવાહથી આ જીવનખંડનો નાશ થતો જોઈને જ ચમક્યા ! અને ધર્મસાધનામાં ઓતપ્રોત થઈ ગયા. વિષય-કષાયના પ્રમાદ બાજુએ મૂક્યા વિના આ ક્યાંથી બનવાનું ?

**પ્રમાદ એટલે ? :-**

વિષય-કષાયની પરિણતિ એ ભારે પ્રમાદ છે. પ્રમાદ એટલે શું ? **'આત્માના ઉપશાંત ભાવ અને શુદ્ધ જ્ઞાન-રમણતાના સ્વભાવમાંથી ચૂકવું,' એ પ્રમાદ કહેવાય.** ઇન્દ્રિયોના વિષયો અને ક્રોધાદિ કષાયો જીવને ઉપશમભાવ અને જ્ઞાનરમણતામાંથી ચૂકાવે છે, માટે એને પ્રમાદ કહેવાય, એ વિષય-કષાયો આ કિંમતી માનવ ધર્મ-અવસરના ખંડશઃ ચૂરેચૂરા કરે છે, અને જીવને દીર્ઘદુર્ગતિના ભયંકર દુઃખમાં પાડી દે છે, માટે આત્માના એ અનન્ય દુશ્મન છે, બહારના દુશ્મન કે સગાં-સ્નેહી મિત્ર બિચારાં શું કરી શકે ? આત્માના સુખની ઘોર ખોદનાર તો એ વિષય-કષાયની લગનીરૂપ પ્રમાદ જ છે. માટે એનો જ નિગ્રહ કરવો જોઈએ.

**કીર્તિધરની રાણી :-** રઘુવંશમાં રાજા કીર્તિધરે એ જોયું કે 'આ પ્રમાદમાં ઉત્તમ માનવકાળ જર્જરિત થઈ એળે જઈ રહ્યો છે !' એટલે, જો કે પુત્ર સુકોશલ માત્ર બે વરસનો છે છતાં, અને પત્ની તથા મંત્રી આદિ પરિવારનો રોકાઈ જવા ભારે આગ્રહ છે છતાં, એ રાજ્યપાટ છોડી ચારિત્રધર્મમાં અહિંસા-સંયમ-તપના માર્ગે લાગી ગયા ! હવે જુઓ રાણીના વિષય-કષાય શું કામ કરે છે !

રાણી એ વિચારે છે કે 'આ પતિ મુનિ ફરતાં ફરતાં જો અહીં આવશે તો પાછો આ છોકરો એમના સમાગમે ભ્રમિત થઈ ચારિત્રની વાત કરશે, માટે એમને અહીં પેસવા જ ન દેવા.' આ શી રીતે બને ? એટલે એણે નગરમાં કોઈ પણ બાવા-જોગી-સાધુ-સંન્યાસી ન પેસે એવો પાકો બંદોબસ્ત કર્યો, હવે તો એ રાજ્ય ચલાવનારી છે. એટલે એને આમ કરતાં કોણ અટકાવે ? સરહદમાં ચારે કોર સિપાઈઓ તકેદારી રાખી કોઈ પણ સાધુ-સંન્યાસીને પેસવા દેતા નથી.

**પુત્ર સુકોશલે શું દેખ્યું ? :-** એક વાર રાજર્ષિ કીર્તિધર જ વિહાર કરતાં અહીં આવી ચડ્યા છે, અને સિપાઈઓને ખબર પડતા જ એમને બાવડે પકડીને નગરની બહાર ખેંચી જવાનું કરી રહ્યા છે, પુત્ર સુકોશલ હવે મોટો થઈ ગયેલો, એને પરણાવવામાં પણ આવેલો. તે મહેલના ઝરૂખે બેઠેલો દૂર આ દશ્ય જોઈ રહેલો. એને વિચાર આવ્યો કે આ શું થઈ રહ્યું છે ! તે પાસે રહેલી ધાવમાતાને પૂછે છે.

ધાવમાતા આંખમાં આંસુ લાવી કહે છે કે 'તમને શું કહું ? તમારા પિતા



ચારિત્ર લઈ મુનિ બનેલા છે. તે અહીં જો આવે તો કદાચ તમે પણ એમની પાસે ચારિત્ર લઈ લો, એ ભયથી તમારી માતાએ આ નગરમાં બંદોબસ્ત રાખ્યો છે કે કોઈ પણ સાધુ-સંન્યાસી આવે નહિ. હમણાં આ તમારા પિતા મુનિ જ આવેલા છે, એમને સિપાઈઓ બહાર કાઢી રહ્યા છે ! એક વખતના આ રાજ્યના રાજાની અહીં જ પોતાની પત્નીના તરફથી કેવી દુર્દશા !'

**સુકોશલની ચિંતા :-** સુકોશલ તો આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો ! એના મનને વિચાર આવ્યો કે 'અહો ! આ સંસાર કેવો અધમ સ્વાર્થભર્યો છે ! જગતના વિષયો સંસારી જીવને કેટલા અધમ કૃત્યમાં ઘસડી રહ્યા છે ? આ માતા પોતાના પતિની આ દુર્દશા કરે છે ! સાધુ સંતને જ નગરમાંથી દૂર રખાવીને કેટલાય જીવોનું કલ્યાણ રૂંધી રહી છે ! તેમ કેવા ઘોર પાપમાં પડી રહી છે ! પરંતુ વિષય-કષાયની લગની ચીજ એવી છે કે જીવનું પોતાનું સત્યાનાશ કાઢે ! એના સિવાય જીવનો બીજો દુશ્મન પણ કોણ છે ? માતાની આ મૂઢતામાં નિમિત્ત હું છું. મારા પરના રાગને લીધે એ આમ કરી રહી છે. તો આવા કષાય-વિષયાસક્તિના પોષક સંસારથી મારે સર્યું !'

**માતા વાઘણ બની પતિ પુત્ર પર :-** બસ, સુકોશલ તરત ઊઠીને પહોંચ્યો નગર બહાર પિતા મુનિને ભેગો થઈ ગયો ! પાછળ માતા, પત્ની, મંત્રીઓ આવી ઘણું ઘણું વિનવે છે. છતાં જ્વલંત વિરાગી સુકોશલે તો ચારિત્ર લઈ પિતા મુનિ સાથે સિધાવ્યું ! માતા શોક અને દ્વેષમાં મરી જંગલમાં વાઘણ થઈ; તે એકવાર વનમાંથી પસાર થતા આ બે મુનિ પર ત્રાટકી !

વિષય-કષાયરૂપી પ્રમાદ જીવને કેવો હેવાન બનાવે છે ! કેવાં અધમ કૃત્ય કરાવી ભયંકર દુર્દશા કરે છે ! એને વશ બની રહ્યે પૂરો થતો જીવનકાળ પરલોક-કમાઈમાં ક્યાંથી વપરાય ?

**બ્રાહ્મણીનો નવો ઉપદેશ :-** બ્રાહ્મણીએ માનવ-જન્મના ધર્મઅવસરની અતિદુર્લભતા અને ચંચળતા બતાવી અતિ સૂક્ષ્મ પણ પ્રમાદ ગફલત-વિષયમૂઢતા છોડવાનું કહ્યું તો પ્રશ્ન થાય કે એ ટાળી શું કરવું ? એના ઉત્તરમાં બ્રાહ્મણી પૂર્વ જન્મનાં સ્મરણ-બળે માર્ગ જોઈને કહી રહી છે,

**પ્રમાદ ટાળી શું કરવું ? :-** હે પરાક્રમી જીવો ! પ્રમાદ ટાળી આપણા આત્માને સમ-શત્રુમિત્ર, કોઈ આપણો દુશ્મન નથી, કોઈ સગા-સ્નેહી નથી, એ ભાવ ઊભો કરીને અપ્રમત્તપણે પાંચ મહાવ્રત સ્વીકારી લેવા જરૂરી છે. તે આ રીતે, કે

(૧) સર્વ પ્રકારની જીવહિંસાથી વિરામ પામવું-નિવૃત્ત થવું;

(૨) અસત્ય બોલવું જ નહિ;

(૩) માલિકે નહિ દીધેલ કાંઈ પણ એક દાંત ખોતરવાની સળી પણ, ન લેવી;

(૪) મન-વચન-કાયાની પ્રવૃત્તિથી સદા અખંડિત-અવિરાધી નવ વાડના પાલન સાથે દુર્ધર વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવું;

(૫) લેશમાત્ર પરિગ્રહ ન રાખવો, એક કાણી કોડીનો પણ પરિગ્રહ નહિ, યાવત્ સંયમોપકરણ વસ્ત્રપાત્રને વિષે પણ તદ્દન નિર્મમત્વ ધરવું;

(૬) અશન-પાન-ખાદિમ-સ્વાદિમ ચારે પ્રકારનાં રાત્રિભોજનનો સદા ત્યાગ કરવો,

(૭) આહારગ્રહણમાં પણ ઉદ્ગમ-ઉત્પાદન-એષણાદિમા સુવિશુદ્ધ આહાર પાણી લઈ એ સંયોજનાદિ પાંચ દોષ ટાળી પરિમિત ને એવો સ્વાધ્યાય કરી વાપરવાં.

(૮) પાંચ સમિતિની વિશુદ્ધિ રાખવી. ત્રણ ગુપ્તિથી ગુપ્ત રહેવું ઈર્યા સમિતિ આદિની ભાવનાઓ જીવનમાં ઉતારવી.

(૯) અનશનાદિ તપ-શાસ્ત્રસ્વાધ્યાય ધ્યાનાદિ અને સૂત્રયોગોદ્વહન આચરવાં. માસ આદિ ભિક્ષુપ્રતિમા અને વિચિત્ર દ્રવ્યાદિ અભિગ્રહ ધારણ કરવા. ભૂમિશયન, કેશલોચ અને શરીર સંસ્કાર ત્યાગ આચરવા.

(૧૦) સર્વ કાળે ગુરુના આદેશનો અમલ કરવો.

(૧૧) ક્ષુધા-પિપાસાદિ પરિસહ સહવાનો ખૂબ અભ્યાસ રાખવો. દેવતાઈ વગેરે ઉપસર્ગ સહવા. આહારાદિ આવશ્યક સામગ્રી અંગે 'લબ્ધાલબ્ધવૃત્તિક' અર્થાત્ 'મળી તો ઠીક, ન મળી તો ય ઠીક' એવા ભાવથી રહેવું.

વિશેષ શું કહેવું ? હે ભાગ્યવાનો ! આ વહન કરવું અત્યંત મુશ્કેલ છતાં પણ વહવું. મહાપુરુષોએ વહન કરેલા એ અઢાર હજાર શીલાંગનો ભાર અવિશ્રાન્તપણે લેશ પણ થાક્યા-કંટાળ્યા વિના વહન કરવો !'

બ્રાહ્મણીએ અત્યાર સુધી તો અનેક આર્ય-દર્શનો બતાવે એવી સગા-સ્નેહી-ધનમાલ-વિષયો વગેરેની વૈરાગ્ય તથા ત્યાગની અને ધર્મની જ કર્તવ્યતાની વાત કરી હતી. પણ અહીં હવે શુદ્ધ ધર્મનું સ્વરૂપ શું એ જૈન દર્શનની વાત બતાવે છે. વિદ્વાન ગોવિંદ બ્રાહ્મણ અને બીજાઓ તો આ સાંભળીને ચોંકી ઊઠે છે ! કેમકે મિથ્યા મતમાં રહેલા એમને આવા શુદ્ધ ધર્મનાં સ્વરૂપની ગંધ પણ નહોતી. તે આજે પોતાના જ મતમાં રહેલી આ બ્રાહ્મણીના મુખે સાંભળવા મળે છે ! બ્રાહ્મણીએ પણ ટૂંકમાં ૧૧ મુદ્દાથી શુદ્ધ ધર્મનો એવો સરસ ખ્યાલ આપ્યો છે કે હવે એના પર કોઈ શંકા ય ન રહે અને એટલો સચોટ ધર્મ લાગે કે એથી વિરુદ્ધ વાતો બનાવટી ધર્મ તરીકે લાગે,

**કર્તવ્ય ૧૧ મુદ્દામાં ૫ + ૨ + ૪ :-**



શુદ્ધ ધર્મના મુદ્દા સ્પષ્ટ છે. પાંચ મુદ્દા તો પાંચ ૫ મહાવ્રતોના; એ પછી ૨ રાત્રિભોજનત્યાગ અને આહારવિધિના; એ પછી ૪ સમિતિ, તપ, ગુર્વાજ્ઞા અને પરિસહસહનના ચાર મુદ્દા !

એમ કુલ અગિયાર. હવે આના પર જરા વિચાર કરી જુઓ કે આમાં અમાન્ય થાય એવી કઈ ચીજ છે ? અને આના વિના કલ્યાણ પણ શી રીતે થાય ?

પહેલા અહિંસાવ્રતમાં પૃથ્વીકાય-અપ્કાય-અગ્નિકાય વાયુકાય અને વનસ્પતિકાય જેવા જીવો ઉપર પર ભારોભાર દયા લાવી એની ય હિંસાથી ત્રિવિધ ત્રિવિધે દૂર રહેવાનું છે. એમાં અજુગતું શું છે ? છતાં કેટલાક ઘેલાઓ પૂછે છે,

**પ્ર.-** બધા જ જો મુનિ થઈ એવી અહિંસા પાળે તો પછી રસોઈ કોણ કરે અને એ બધાને વહોરાવે કોણ ?

**ઉ.-** એવો જો સોનાનો સૂરજ ઊગે તો તો બધાને અનશન કરવાની તાકાત આવી જવાથી આહારની જરૂર જ નહિ રહે, અને વહેલો મોક્ષ થઈ જશે. મોક્ષ માટે જ દીક્ષા છે ને !

**પ્ર.-** શું બધાની અનશનની તાકાત હોય ?

**ઉ.-** તો શું બધા ય એવો સર્વ-અહિંસાનો મુનિ માર્ગ લઈ શકે ખરા ? જો એ અનશન શક્ય નહિ, તો આ સર્વ પણ સૂક્ષ્મ-અહિંસા પાળે એ પણ શક્ય નથી. બધાના એવા મોહ ઊતરવાનું બને શેનું ? અહિંસા સારી લાગતી પણ હોય છતાં ખાનપાન, માલ-મિલકત વૈભવ, કાયા-કુટુંબ-કીર્તિ, માન-સન્માન વગેરેના મોહ ઉતારવા ક્યાં સહેલા છે કે એના મમત્વ મૂકી સર્વ ત્યાગનો અહિંસક ચારિત્ર માર્ગ લેવાય ? ત્યારે કેટલાકને એ મોહ ઊતરી જાય છે, તો પણ પૃથ્વીકાયાદિ જીવોની ઓળખ કરાવનારાં સર્વજ્ઞ વચન પર શ્રદ્ધા નથી, જિનશાસન પર શ્રદ્ધા નથી, એટલે સંસાર છોડી તાપસ-સંન્યાસી બનવા છતાં બિચારા સ્થાવરકાય જીવોની અહિંસા પાળતા નથી. 'માટે બધા દીક્ષા લઈ લેશે તો...' એવી ખોટી સર્વ ચિંતા કરી જાતને બચાવી લેવાનું કાં ચૂકો ?

ખરી વાત એ કહો કે હજી એ બધો મોહ ઊતરતો નથી, એ બધું સપનાની સુખલડી જેવું, સ્વપ્નની રાજ્યસંપત્તિ જેવું લાગતું નથી, એટલે અહિંસા માર્ગ લેવાતો નથી, અથવા એ પૃથ્વીકાયાદિ અસંખ્ય અનંતા જીવો પર દયાભાવ ઊછળી એની હિંસામાં હૈયે કાળો કકળાટ થતો નથી. તેથી સર્વથા અહિંસક ચારિત્ર લેવાનો ઉલ્લાસ થવો તો દૂર રહ્યો, પણ ઉપરથી 'બધા સાધુ થશે તો વહોરાવશે કોણ ?' એવાં મજાક-મશ્કરીનાં વચન બોલવાનું કરાય છે ! પણ એ એના જેવું છે કે કસાઈની નાતમાંથી એક જણ કસાઈનો ધંધો મૂકી દે, બીજો મૂકી દે, તો જેમ ત્રીજો

કહે છે કે 'અલ્યા ! બધા જ જો આ ધંધો મૂકી દેશો તો માંસાહારીનું શું થશે ?' ખરી રીતે આ ચિંતા જ ખોટી છે. માંસાહારીઓ મરી નહિ જાય. એ શાકાહારી થઈ જશે. ત્યારે વળી પૂછે છે,

**પ્ર.**- પણ પછી અનાજ ખૂટી પડે એનું શું ?

**ઉ.**- ખૂટે શું કામ ? પછી તો અનાજ ઉગાડવા પાછળ વધારે મહેનત થવાની. આજે ય અમેરિકા-રશિયા જેવા દેશમાં ધૂમ માંસાહાર પાછળ મહેનત છતાં અનાજ એટલું બધું પાકે છે કે એ પરદેશ મોકલે છે, ક્યાં ખૂટ્યું ? જ્યાં ખૂટતું દેખાય છે ત્યાં સરકારી આંકડાની ભ્રમજાળ ચાલે છે. બાકી તો કેટલુંય અનાજ નાશ પામી જાય છે. તેમ જ ગણિત મૂકો તો માલૂમ પડે કે જેટલી જમીનમાં પોષાયેલ જનાવરના માંસ ઉપર જેટલા લોકોનું નભે છે, એટલી જ જમીનના અનાજ ઉપર એથી સારા વધારે લોકોનું પોષણ થાય એવું છે. હૂંડિયામણ વગેરેની ઊભી કરેલી બનાવટી સાઠમારીમાં લોકો અનાજને બદલે બીજું-ત્રીજું વાવેતર કરે છે તેથી અનાજ ઓછું પાકતું દેખાય છે એ પણ હકીકત છે. બાકી સીધા વ્યવહારમાં માંસાહાર છૂટી જવા પર કોઈ ભૂખે મરી જાય એમ નથી. અસ્તુ પણ આ કસાઈપણું છોડવા સામેની દલીલ જ ખોટી છે. પોતાને પોતાની જાત માટે હિંસા ખટકતી હોય તો સહેજે કસાઈપણું મૂકી દેવાય. એમ અહીં પણ જાતે સ્થાવરકાય અસંખ્ય જીવોની હિંસા ન ગમતી હોય તો ઝટ એ છોડી દેવાય; અને તે એ જીવો પરની, ભારોભાર દયાથી પછી બને. જો આ દયા છે નહિ, તેથી હિંસા ખટકતી નથી, 'બધા દીક્ષા લેશે તો વહોરાવશે કોણ ?' આ કુતર્ક કરવાનો કોઈ અર્થ નથી.

વાત આ છે કે સર્વ જીવોની હિંસાનો ત્યાગ એ શ્રેષ્ઠ ધર્મ છે એમાં કોઈ જ વાંધો ન ઉઠાવી શકે. આમ જૂઠ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહનો સર્વથા ત્યાગ કંચન-કામિની સાથે કાંઈ જ સંબંધ નહિ એ આત્માને પહેલો શુદ્ધ પવિત્ર કરવા માટે અતિ આવશ્યક મહાન ધર્મ છે. પછી એના પર બીજા જ્ઞાન-ધ્યાનાદિ ધર્મના રંગ ચડી શકે. અસત્ય વગેરે પાપોથી મેલા આત્માની ઉપર તપ-જ્ઞાન-ધ્યાનાદિ ધર્મના એવા રંગ ક્યાંથી ચડી શકે ?

એટલું ધ્યાનમાં રાખજો કે આ અહિંસા વગેરે ધર્મ પાળવા માત્રથી આત્મા પવિત્ર બની જાય એવું નહિ, પણ સાથે સાથે એ હિંસા-જૂઠ આદિના પાપ મન-વચન-કાયાથી કરું નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ, એવી ત્રિવિધ ત્રિવિધ પાપ ત્યાગની પ્રતિજ્ઞા કરાય તો જ અશુદ્ધિ જાય. ના, પ્રતિજ્ઞા કરવી નથી, એનો અર્થ તો એ, કે અંતરમાં ઊંડે ઊંડે પાપની અપેક્ષા બેઠી છે. સર્વજ્ઞ કથિત ધર્મની આ સૂક્ષ્મતા છે કે અંતરના ખૂણામાં ય અજાણ્યે પણ લેશમાત્ર અશુદ્ધિ ન રહેવા દે.



બ્રાહ્મણી આ કહી રહી છે કે મહાનુભાવો ! આ પાંચ મહાવ્રતના ધર્મમાં આવી જાઓ. સાથે સર્વથા રાત્રિભોજનત્યાગનું વ્રત પણ સ્વીકારી લો. સર્વજ્ઞ ભગવાને રાત્રિભોજનમાં ઘણા દોષ જોયા છે. રાત્રે ઊડતા ફરતા જંતુઓનો નાશ, જીવની દહાડે-રાત્રે ખાવાની નિરંકુશ સંજ્ઞા, રાગવૃદ્ધિ, કામવૃદ્ધિ વગેરે કેટલાય પાપો રાત્રિભોજનમાં પોષાય છે ! જીવની સાત્ત્વિકને બદલે તામસવૃત્તિ વધે છે. માટે એવો અવિવેકી પશુભાવ છોડી વિવેકી મનુષ્યપણું મળવા પર ખાસ ત્યાગ જોઈએ.

આ છ વ્રતની સાથે નિર્વિકાર શુદ્ધ આહાર સમિતિ તપ, ગુર્વાજ્ઞા અને પરીસહ સહન એ પાંચ સાધનાઓનો મહાધર્મ બતાવ્યો. કોઈને લાગે કે,

**પ્ર.**- તત્ત્વ-ચિંતન-ધ્યાન-સમાધિની ખેવના કરવી, બાકી બીજી આહારશુદ્ધિ-સમિતિ વગેરેની ખટપટથી શું ?

**ઉ.**- પરંતુ એ સમજી રાખવા જેવું છે કે એ સાચાં સચોટ-તત્ત્વ ચિંતનાદિ એમ જ આવી જવા સહેલાં નથી. એના માટે આંતરિક શરીર શુદ્ધિ, વિકારશમન, ઈન્દ્રિયનિગ્રહ, મનની પ્રશાંતતા, જ્ઞાનની પૂર્ણ પરતંત્રતા, ખડતલપણું, સહિષ્ણુતા વગેરે વગેરે ઘણું ઘણું જરૂરી છે. એ હોય તો જ સ્થિર, તન્મય, તત્ત્વ ચિંતન-ધ્યાન સમાધિને અવકાશ રહે, કેમકે એને જ જીવનનો એક માત્ર વ્યવસાય બનાવ્યો હોય તો આત્માના બીજા-ત્રીજા વિકારો, જડની ગુલામી, નિરંકુશ બોલવું-ચાલવું, સુખશીલતા. સ્વચ્છંદતા, વગેરે તો દૂર ભાગી જવા જોઈએ. નહિતર એ બધા એવી દખલ અને વ્યગ્રતા-વ્યાકુળતા કરે કે ઠરીને તત્ત્વચિંતન કરવા જ ન દે. પછી એકાગ્ર શુભ ધ્યાન તો લાગે જ શેનું ? જીવનનો અનુભવ જુઓને, કે એ વિકાર એ નિર્બળતા, એ કાયાદિની ગુલામી હોય તો તત્ત્વ-ચિંતનમાંથી મન કેવું ખસી જઈ બહાર દોડાદોડ કરે છે !

માટે જ આ અત્યંત જરૂરી છે કે ૪૨ દોષ રહિત શુદ્ધ આહાર જ લેવો. તે પણ અંત-પ્રાંત, લુખ્ખો-સુક્કો રસ વિનાનો જ લેવો, અને તો ય રાગ-દ્વેષાદિ દોષ ટાળીને જ વાપરવો. એમાં ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અભિગ્રહ રાખવા.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૩,અંક-૪૫,તા.૨૧-૮-૧૯૬૫**

વળી ચાલવામાં ઈર્યાસમિતિ, બોલવામાં ભાષા-સમિતિ. આહાર-વસ્ત્ર-પાત્ર-વસતિ માટે એષણાસમિતિ, વસ્તુ લેવા મૂકવામાં આદાન-નિક્ષેપણાસમિતિ, મળમૂત્રાદિ ત્યાગમાં પારિષ્ઠાપનિકાસમિતિ સાચવવી. સમિતિ એટલે જીવ-હિંસાદિ દોષ ન લાગવાની પાકી સાવધાની.

તપમાં બાહ્ય આભ્યંતર ૧૨ પ્રકારનો તપ સેવવો. અનશન-ઊનોદરિકા-દ્રવ્યસંક્ષેપ-રસત્યાગ-કાયકષ્ટ અને સંલીનતા એ ૬ બાહ્ય, તથા પ્રાયશ્ચિત્ત-વિનય-વૈયાવચ્ચ, શાસ્ત્રસ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ એ ૬ આભ્યંતર.

એવી રીતે સદા ગુર્વાજ્ઞા શિરસાવંદ્ય કરવી; જેથી ક્યાંય સ્વચ્છંદતા-ઉચ્છ્રંખલતા પોષાય નહિ.

એમ ક્ષુધા-પિપાસા, ઠંડી-ગરમી, ડાંસ-મચ્છર આક્રોશ-સત્કાર વગેરે પરિસહો સહર્ષ સહેવા.

સાધુ જીવનના કર્તવ્યનો સાર આ ૧૧ મુદ્દામાં બતાવી દીધો. આમાં સમિતિગુપ્તિ, ગુર્વાજ્ઞાપાલન અને પરિસહસહન પર ખાસ ધ્યાન દેવા જેવું છે, ગુરુને બરાબર બંધાયેલાં હોઈએ તો મહાવ્રત-પાલન સુંદર થઈ શકે. એમાં વળી સમિતિ-ગુપ્તિનું પાલન આત્માને સજાગ બનાવી દે છે. નીચે જોયા વિના ચાલવાનું નહિ, સાવદ્ય ભાષા બોલવાની નહિ, ગોચરીમાં દોષ ન લાગવા દેવો. વસ્તુ લેવા-મૂકવામાં પૂંજવું-પ્રમાર્જવું, મળ-મૂત્રાદિ વિસર્જનમાં જીવજંતુ ન મરે, લોક અધર્મ ન પામે, વગેરે ખ્યાલ રાખવાનો. કાયગુપ્તિમાં કાયા અને ઇન્દ્રિયોની લેશ પણ પાપ વિનાની સમ્યક્ પ્રવૃત્તિ, વચનગુપ્તિમાં પ્રિય-પથ્ય-સત્ય એવું પ્રશસ્ત જ ઉચ્ચારણ અને મનોગુપ્તિમા આડા અવળા ફજૂલ કે પાપરૂપ કાંઈ જ વિચારો નહિ, કાષાયિક ચિંતા-ભાવના નહિ, શુભ જ અને સંયમ તથા યોગોને અનુકૂળ વિચાર, ચિંતન, ભાવના સેવવાના, આની સાથે ગુરુને પાકા બંધાયેલા રહેવાનું હોય, તથા બારે પ્રકારના તપમાં ઉદ્યમ, શક્તિ બધી લગાવીને થતો હોય, તો જીવની ઉન્નતિમાં શી વાર લાગે ? અહંત્વ, પ્રમાદ, ઇન્દ્રિયોની ગુલામી, વગેરે તો બિચારા ક્યાંય ભાગી જાય.

આ બધાની સાથે પરિસહ સહર્ષ સેવવાના. એથી અનાદિની સુખશીલ વૃત્તિ, દેહાધ્યાસ-શરીરમમત્વ; સુંવાળાપણું, વગેરે પર જબરદસ્ત કાપ પડે છે, આત્મા ખડતલ બને છે. કર્મના વિચિત્ર ઉદય જીવને વિકૃત યાને ઊંચો નીચો નથી કરતા. સાધનામાં ચિત્ત બરાબર લાગે છે, આત્મા-પરમાત્માનો વિચાર ભૂલાતો નથી. પણ આ બધું સહન કરવાની સ્વતઃ ઈચ્છા હોય તો જ બની શકે. જગતમાં જુઓ કે થોડું પણ સહી લેવાનું માણસને કેવો આગળ લાવે છે ! અને જશ અપાવે છે !

**બેન બોલકણીનું દૃષ્ટાંત :-**

એક નગરમાં એક શેઠના બે સંતાન-એક પુત્ર ને એક પુત્રી. એમાં દીકરીને બીજે ગામ પરણાવેલી. બાપને ઘેર જરા લાડમાં ઊછરેલી, તેથી અભિમાન અને વાતવાતમાં તોછડાઈ-તિરસ્કારના બોલ બોલવાની બહુ આદત ! સાસરું સુશીલ શિષ્ટ માણસોનું. તે એ તો બધા આના હલકટ બોલ કરવા પર કંટાળી ગયા. તેના



ભાઈને કહેવરાવ્યું કે આ કારણે તમે બેનને અહીંથી લઈ જાઓ.

ભાઈના દિલને પહેલેથી ડગમગ તો હતું જ કે 'આ સાસરિયે કેમ નભાવશે ? હવે જો એને ઘેર લઈ આવું તો પછી પેલા લોકો જિંદગી સુધી આ બલાને પાછી બોલાવે જ શાના ? અને પેલા ખાનદાન, સુખી અને આબરૂવાળા એટલે એમને કન્યા તો બીજી મળી રહે. એટલે બેનને તો જીવતા ધણીએ વિધવા જેવું અને પાછું કલંકિત જીવન ! માટે લાવવી તો નહિ.'

ભાઈ એક ઉપાય ગોઠવીને ગયો બેનને ત્યાં. ખાનગીમાં બેનને બેસાડી કહે છે, 'જો હવે મારે બહુ જીવવાનું નથી. છ મહિના ભયંકર આફતના છે, એમાં બચવાનું મુશ્કેલ છે. મહાત્માની આ ચેતવણી છે.'

બેનને ભાઈ પર પ્રેમ બહુ તે ગભરાઈ ગઈ, રોવા જેવી થઈ ગઈ, કહે છે, 'કોઈ ઉપાય નથી ?'

'ઉપાય છે, પણ અશક્ય જેવો.'

'શો ઉપાય છે ?'

'ઉપાયમાં કોઈ નિકટનું સગું આ નાની પત્થર ગોળી, જાગે ત્યાં સુધી, મોંમાં રાખી મૂકે તો ગ્રહની આફત ટળે. પણ એ કોણ રાખે ? તારી ભાભીને તો તું જાણે છે ને ?'

બેન કહે 'એમાં શું ? હું મોંમાં રાખી મૂકીશ.'

'પણ તારે બોલવા જોઈએ ને ?'

'ના રે ના, છ મહિના નહિ બોલું. મારો વહાલો ભાઈ મોતથી બચી જતો હોય તો એમાં શું છે ? લાવ એ.'

ભાઈએ નાની પત્થરની ગોળી ખીસામાંથી કાઢીને આપી કહ્યું 'જો જે હોં બહુ જોખમ છે. પણ મારો બચાવ થઈ જશે.'

બેને ગોળી મોંમાં મૂકી દીધી. હવે જેમ તેમ બોલવાનું બંધ ! ભાઈ ચાર દહાડા સાસરિયાને સમજાવીને રહ્યો કે 'મેં એને સમજાવી દીધી છે.' પેલાઓએ પણ બાઈનો મૌન જેવો વ્યવહાર જોયો. ભરોસો બેઠો. ભાઈ ગયો પછી તો બોલવું હોય તો બહું થોડું અને ધીરેથી બોલે, રખેને ગોળી બહાર નીકળી પડે તો ? એમાં છોકરા, નોકર, કાંઈ કામ બગાડે કરે, તો ય ઊકળવાની વાત નહિ ! બાઈનો હવે બીજા કરતાંય જશ વધી ગયો છે ! છ માસ પછી તો ભાઈએ ગોળી લઈ લીધી, અને બેનને શાંત સહિષ્ણુ સ્વભાવ કોઠે પડી ગયો. કહો જો, આટલું સહન કરવામાં કેવી ઉન્નતિ થઈ ! તો પછી અનેક વાતે પરિસહ સહવાના કેટલા લાભ ?

**બ્રાહ્મણીનો આગળ ઉપદેશ :-**

ગોવિંદ બ્રાહ્મણની પત્ની કહી રહી છે, 'આ મહાવ્રતાદિ અઢાર હજાર શીલાંગપાલનનો ભાર વહેવો એ અતિ મુશ્કેલ છે કે જાણે સમુદ્રને હાથેથી તરવો ! અતિ તીક્ષ્ણ દારુણ તલવારની ધાર પર અટક્યા વિના ચાલ્યા જવું ! સારી રીતે ભડભડ સળગતા અગ્નિની જ્વાળાઓ પી જવી ! સૂક્ષ્મ પવનથી કોથળો ભરવો ! મોટી ગંગા-નદીના ઘોડાપૂરમાં સામા પ્રવાહે જવું ! હજારોના તોલમાપથી મોટા મેરુને તોળવો ! અત્યંત દુર્જય વિશાળ ચતુરંગ સેનાને એકલે હાથે ધીરતાથી જીતી લેવી ! પરસ્પર વિપરીત દિશામાં ફરતા આઠ ચક્રોની વચમાંથી રાધાપુતળીની ડાબી આંખ વીંધવી ! જાણે સમસ્ત ત્રિભુવન પર વિજય મેળવી નિર્મળ યશકીર્તિની જય-પતાકા પ્રાપ્ત કરવી ! માટે હે ભવ્ય લોકો ! આ મહાવ્રતાદિ ધર્મના સેવનથી વધીને બીજું કશું અત્યંત દુષ્કર નથી. બીજા ભાર તો વહન કરાય છે, કેમ કે તે વહેવાનું તો વિશ્રામ કરીને થઈ શકે છે. પણ અતિ ભારે શીલ-મહાવ્રતનો ભાર તો જીવનભર વગર-વિસામે વહન કરવાનો હોય છે.'

**મહાવ્રતોનો ભારે ભાર :-**

બ્રાહ્મણની નજર સામે પાપના ઘેરાવાવાળા આ વિશ્વમાં જીવની કેટકેટલી કંગાળ દશા છે એનો તાદૃશ ચિતાર ખડો છે. એમાંથી બચી શુદ્ધ પવિત્ર ધર્મમય જીવનમાં આવવું, એ કેટલું કઠિન છે ! એને એ સારી રીતે સમજે છે. જેમ દુનિયામાં મોટા સાહસિક કામ કરવા માટે કેટકેટલા ભાર ઉઠાવવા પડે છે, એમ અહીં તો નિષ્પાપ ધર્મમય જીવન બનાવવા સારુ એથી ય વિશેષ ભાર ઊંચકવાની જરૂર છે.'

કોઈ માની લે કે 'એમાં શું ? તો એ માનવું બરાબર નથી. મહાવ્રત પાલન અને આહારશુદ્ધિ-સમિતિ-તપ-ગુર્વાજ્ઞા વગેરે બરાબર આરાધવાનું કાર્ય અતિ દુષ્કર છે; કેમકે એમાં અનાદિના પાપરસિક પાપમાં ટેવાયેલા અને ઉચ્છ્રંખલ મનને અત્યંત કાબૂમાં લેવું પડે છે. ગમે તેવા કષ્ટ-તકલીફ વિઘ્ન આવે એની લેશ પણ દરકાર કરવાની નહિ; અને આરાધનાના માર્ગે એકસરખા ઝડપી પ્રયાણને ચાલુ જ રાખવાનું. અસ્ખલિત ગતિએ આગળ ધપ્યે જ જવાનું. આમાં પાંચે ય મહાવ્રત, ક્ષમા-નમ્રતાદિ ચાર ગુણો સંયમ-તપ વગેરે ને પૃથ્વીકાયાદિ સમસ્ત જીવોની રક્ષા સાચવીને, તેમ જ અજીવના પણ સગવડભર્યા પરિકર્મ યાને સંસ્કરણ-ઘાટ ગોઠવણ ટાળીને, આહારાદિ યોગ પર નિગ્રહ મૂકીને, ઇત્યાદિ પ્રકારે પાળવાના. એ અઢાર હજાર શીલાંગનું પાલન મહાદુષ્કર છે. જાણે ભુજાના બળે જ સમુદ્ર તરી જવાનો ! પવનને કોથળામાં તોલવાનો ! નદીની વેળુના કોળિયા ચાવવાના !...વગેરે !

સાધના આટલી દુષ્કર છે માટે જ એના સારુ મહાસત્ત્વ વિકસાવવાનું !



મહાન બળ-શક્તિ-વીર્ય ખરચવાનું ! મનની બધી ય સુંવાળાશ-સુખશીલતા-સગવડપ્રિયતા કોરાણે મૂકવાની, કાયાને સારી રીતે ગદરવાનો સંકલ્પ રાખવાનો. વિચારમાં પણ લેશમાત્ર સ્ખલનાનો વિકલ્પ જ નહિ ઊઠવા દેવાનો.

જુઓ મહાવીર પ્રભુએ કેટલી-કેવી પ્રચંડ સાધના કરી ! સનતકુમાર ચક્રવર્તીએ ભયંકર રોગોથી ગ્રસ્ત શરીરે કેવી કઠોર તપ-સંયમની સાધના કરી ! સીતાજીએ ચારિત્ર લઈ કેવું કઠોર આરાધ્યું ! ત્યારે શું એ વિના જ સુંવાળા રહીને ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી હશે ? ધન્ના અણગારે અને ધન્ય-શાલિભદ્ર મહામુનિઓએ કેટકેટલી પ્રખર સાધના કરી ! દૃઢ નિર્ધારવાળું મન બનાવ્યા વિના એ શક્ય નથી.

**અનુસંધાન :-**

**વિશ્વહિતકારી વિશ્વવંદ્ય પ્રભુ શ્રી મહાવીર પરમાત્માએ** રુક્મિ રાજાનું દીક્ષા બાદ અંતે શલ્ય રાખવાથી પતન અને એનાં દુઃખદ પરિણામનો અધિકાર બતાવ્યો; તે પછી ઉત્થાનનો અધિકાર બતાવતાં મનુષ્યભવે મુનિપણામાં એક વચનદોષના પ્રતીકારરૂપે જીવનભર મૌન અને પૃથ્વી-પાણી-અગ્નિ જીવની કડક રક્ષા-સંયમ તથા કડક બ્રહ્મચર્યનું પાલન બતાવ્યું; પરિણામે ચક્રવર્તીભવે ભવ્ય ચારિત્ર-સાધના અને ગચ્છપાલન બતાવીને હવે છેલ્લો બ્રાહ્મણીનો ભવ વર્ણવી રહ્યા છે. ગોવિંદ બ્રાહ્મણની એ પત્ની બ્રાહ્મણી દીકરાના અતિ અનુચિત વર્તાવ પર મૂર્ચ્છા અને જાતિસ્મરણ પામી જાય છે. ભાન આવતાં પતિ વગેરે બધા ત્યાં એકત્રિત થઈ ગયેલાના પૂછવા પર એ કહી રહી છે કે સ્વાર્થમાં જ લુબ્ધ સગાંસ્નેહી-પરિવારના ભરોસે રહો નહિ, અને એકમાત્ર ધર્મની સાધના કરી લો. એ ધર્મ પણ સામાન્ય નહિ, કિન્તુ મહાવ્રતાદિ ચારિત્ર-ધર્મ કે જે પાળવો અતિ દુષ્કર છે, જાણે ભુજાબળે જ મહાસમુદ્રને તરી જવો વગેરે, એનું જ પાલન જીવને સ્વજનમોહાદિથી નીપજતાં દુઃખમય અનંત સંસારભ્રમણનાં અંત લાવી અનંત સુખમય મોક્ષમાં શાશ્વત વાસ કરી આપે છે.

**બ્રાહ્મણીનો નવો ઉપદેશ :-**

હવે જગદ્‌ગુરુ ફરમાવે છે કે હે ગૌતમ ! તે બ્રાહ્મણી લોકોને કહી રહી છે કે,

**ता उज्झिउण पेम्मं घरसार-पुत्त-दविणमाईणं ।**
**णीसंगा अविसाई पयरह सव्वुत्तमं धम्मं ॥१॥**
**नो धम्मस भडक्काउक्कंचणवंचणाय ववहारो ।**
**णिद्दम्भो तो धम्मो मायादिसल्लरहिओ उ ॥२॥**

અર્થાત્ (૧) ઘર-માલ-પુત્ર-દ્રવ્ય આદિનો પ્રેમ છોડીને નિઃસંગ બની (૨) કંટાળ્યા વિના સર્વોત્તમ ધર્મની સાધના કરો. (૩) ધર્મમાં જડની માયા-મૂઢતા વંચનાથી વ્યવહાર હોય નહિ. માટે ધર્મ તો માયાદિ શલ્યથી રહિત નિષ્કપટ જ હોય.'

બ્રાહ્મણીનું એમ કહેવું છે કે જ્યારે સગાં-સ્નેહી-પરિવાર અને ધન-માલ-ઘરબાર બધું જ ચંચળ વિજળીના ઝબૂકા જેવું છે, જીવને ભુલાવામાં પાડી દઈ એમાં જ રચ્યો-પચ્યો રાખી તરણતારણ ધર્મથી વંચિત રાખનારું છે, તો પછી પરલોકના દીર્ઘકાળના હિતનો અર્થી કોઈ પણ માણસ એ ચંચળ સ્વજન-સંપત્તિ પર રાગ કરીને એમાં રચ્યો પચ્યો રહે નહિ. એ તો દિલના રાગબંધનો છોડી નાખી શુદ્ધ ધર્મમાં જ લાગી જાય. અનંતા આત્માઓએ આ સ્વજનાદિની અસારતા દેખીને એ છોડી સારભૂત ધર્મનું જ જીવન બનાવી સ્વાત્માની કચરામણ અટકાવી છે. **જાગ્યા ત્યારથી સવાર !** કોઈએ બાળવયમાં, કોઈ મધ્યમ, તો કોઈએ વૃદ્ધ ઉંમરે, કોઈએ પરણ્યા પહેલાં તો કોઈએ પરણીને તરત, કોઈએ યુદ્ધમાં હારી જઈને તો કોઈએ વિજય મેળવીને; કોઈએ રોગ આવતા પહેલાં તો બીજાએ વળી રોગી બન્યા પછી, એમ ભિન્ન ભિન્ન સ્થિતિમાં જાગ્યા ત્યારથી સવાર ગણી નિજના અવિનાશી મોક્ષના પંથે પ્રયાણ આદર્યાં છે. માટે આપણે પણ જો જાગ્યા છીએ તો ગમે તે સંયોગ-પરિસ્થિતિને અનુકૂળ માની સ્વાત્મહિતનાં પ્રયાણ આદરી દેવા જોઈએ.

એટલું છે કે ધર્મની સાધના લેશ પણ કંટાળો લાવ્યા વિના સહેજ પણ શલ્ય રાખ્યા સિવાય થવી જોઈએ. કંટાળો શા માટે ? એ તો ફળ કેવળજ્ઞાન ન આવે ત્યાં સુધી જંપીને બેસવાનું નહિ. અખંડ ઉત્સાહ સાથે ચાલ્યા જવાનું. એમ પવિત્ર ધર્મ આરાધવો છે તો તે પાપશલ્યના કચરા કાયમ રહે એથી અપવિત્ર રહેલા હૃદયે શી રીતે આરાધાય ? કોઈ માયા, કોઈ નિદાન-આશંસા કે કોઈ મિથ્યામતિની પકડ ઊભી હોય ત્યાં હૈયું સ્વચ્છ નથી, અને ધર્મ તો સ્વચ્છ હૃદયની વસ્તુ છે, માટે એ શલ્યના ઉદ્ધાર કરી દેવા જોઈએ.

ધ્યાનમાં રહે કે આ તો મહાદુર્લભ વર્તમાન યોગના કાળમાં જ શક્ય છે. દુર્લભ યોગ ગુમાવ્યે પછી એ યોગ પ્રાપ્ત થવો ક્યાં સહેલો છે ? કેમ કે

**भूएसु जंगमत्तं तेसु वि पंचेदियत्तमुक्कोसा ।**
**तेसु वि अ माणुयत्तं मणुयते आरिओ देसो ॥३॥**
**देसे कुलं पहाणं कुले पहाणे य जाइमुक्कोसा ।**
**तीए रूवसमिद्धी रूवे य बलं पहाणयरं ॥४॥**
**होइ बले चिय जीयं जीए य पहाणयं तु विन्नाणं ।**
**विन्नाणे सम्मत्तं सम्मत्ते सीलसंपत्ती ॥५॥**
**सीले खाइयभावो खाइयभावे य केवलं नाणं ।**
**केवलिए पडिपुन्ने पत्ते अयरामरो मोक्खो ॥६॥**



બ્રાહ્મણી કહે છે,

**આર્યદેશની પ્રાપ્તિ દુર્લભ :-**

અર્થાત્-જગતના જીવ તરીકે પૃથ્વીકાયાદિ સ્થાવરપણું ભોગવતાં ત્રસપણું પામવું મુશ્કેલ છે. એમાં ય પાછું પંચેન્દ્રિયમાંય મનુષ્યપણું પામવું તો વળી કેટલું ય દુષ્કર છે ! કેમકે જગતની અન્યાન્ય જીવરાશિ વચ્ચે મનુષ્યની અત્યંત અલ્પ સંખ્યા એ સૂચવી રહી છે. અરે ! કદાચ એ ય સુલભ બની ગયું, તો ય એમાં આર્ય દેશમાં જન્મ પામવો વળી એથી ય વિશેષ મુશ્કેલ છે. જગતમાં અનાર્ય દેશના મોટા પથારા આગળ આર્ય દેશ તો થોડો જ છે. એમાં જન્મ મળવો કેટલો કઠિન !

**કુળ-જ્ઞાતિ-બળ-દુર્લભ :-**

આર્ય દેશમાં ય હલકા કુળવાળા ઘણા; તે છોડી સારું કુળ પામવું, કુળમાં ય સારી જ્ઞાતિ મળવી, એમાં ય રૂપસમૃદ્ધિ અર્થાત્ પાંચે ઇન્દ્રિય પરિપૂર્ણ મળવી, અને એમાં ય આરોગ્યબળ-સંઘયણબળ મળવું એ ઉત્તરોત્તર કઠિન-કઠિન છે.

**તત્ત્વશ્રદ્ધા અતિ દુર્લભ :-**

અરે ! એ બળ પણ મળ્યું તો દીર્ઘ આયુષ્ય અને સારા આચાર મળવા ક્યાં સહેલા છે ? અને એ પણ કદાચ મળે તો ય તે ગતાનુગતિક ચાલે છે. ત્યારે તત્ત્વબોધ મળવો અને એમાં ય તત્ત્વશ્રદ્ધા જામવી એ તો વળી કેટલું ય દુષ્કર છે. જગતમાં દેખાય છે કે ધર્મ તત્ત્વની જાણકારી હોવા છતાં ય દિલની રુચિ ઘર-દુકાન-પૈસા-પરિવાર-પ્રતિષ્ઠા તરફ જે ઝૂકે છે તે ધર્મ-તત્ત્વ તરફ નહિ ! પછી ભલેને મંદિર-ઉપાશ્રયે જવાનો, સુપાત્રદાન દેવાનો, પોતાના ઈષ્ટ-દેવ-ગુરુ તરીકે અરિહંતદેવ અને નિર્ગ્રંથ મુનિઓને માનવા વગેરેનો આચાર મળતો ય હોય, અને એમના સત્સંગે ધર્મબોધ પણ મળ્યો હોય ! આચાર અને બોધ ઊભા રહેશે બાજુએ, અને હૈયાની રુચિ સંસાર, સુખ-સગવડ તરફ ખેંચાઈ રહેશે ! માટે જ તત્ત્વરુચિ થવી ઘણી દોહિલી ! ખેર ! કદાચ તત્ત્વરુચિ પણ થઈ, તો ય હવે વિષયસંગ છોડી શીલ-સંયમ-ચારિત્ર-મહાવ્રતો પામવા ઘણા ઘણા મુશ્કેલ છે. શ્રદ્ધા થઈ છતાં જીવની રાગદશા અને નિઃસત્ત્વતા ટળવા સહેલા નથી.

**ચારિત્ર ઉપરની કક્ષાઓ મહાદુર્લભ :-**

એ ઊંચી ચારિત્ર સંપત્તિ પામવા છતાં એનું નિરતિચાર પાલન થઈ મોહનીય કર્મનો સર્વનાશ થવા પૂર્વક ક્ષાયિક ભાવ, વીતરાગ દશા, કેવળજ્ઞાન અને અજરામર મોક્ષ પામવો તો અતિ અતિ મુશ્કેલ છે. ચારિત્ર મળી જવા છતાં ય જીવની સુખશીલતા અને અહંત્વ જીવંત-જાગ્રત રહે છે, જે એને અતિચાર સેવન અને ગુરુ પ્રત્યે નિરપેક્ષભાવ તથા આપમતિની પ્રવૃત્તિમાં ડૂબાડૂબ રાખે છે. ત્યાં પછી સર્વેસર્વા

ગુરુને સમર્પણ અને સિંહની જેમ તદ્દન નિર્મળ કઠોર ચારિત્ર-પરાક્રમમાં આગળ વધ્યે જ જવાનું, વધ્યે જ જવાનું ક્યાંથી થાય ? તે નહિ તો ચારિત્રાવરણનો ક્ષાયિક ભાવ અર્થાત્ મોહનીય ક્ષયપૂર્વકની વીતરાગદશા ક્યાંથી પ્રગટે ? એ વિના કેવળજ્ઞાન તો આવે જ શેનું ?

બ્રાહ્મણી એ બતાવી રહી છે કે ત્રસપણાથી માંડીને ઉત્તરોત્તર ઠેઠ ક્ષાયિક ભાવ સુધીના યોગ કેટકેટલા દુર્લભ છે ! મળવા મુશ્કેલ છે ! એમાં જો ઠેઠ ધર્મતત્ત્વની સમજ અને શ્રદ્ધા સુધીના યોગ સુધી આવી જવાયું છે, તો હવે પશુ-સુલભ વિષયસંગ છોડી ચારિત્ર-જીવન અપનાવી લેવામાં વિલંબ શા સારુ કરાય ?

બ્રાહ્મણી ઘરબાર-પુત્રપરિવાર-પૈસાદિનું મમત્વ છોડી નિઃશલ્ય પાપરહિત ધર્મનું સેવન કરવાનું બતાવી ઠેઠ સ્થાવરપણાથી ચડતાં ચડતાં મોક્ષ સુધીની પ્રાપ્તિ ઉત્કૃષ્ટ તરીકે બતાવી આવી. હવે એ કહે છે કે આવા મોક્ષનું સેવન શા માટે ? તો કે,

**न य संसारंमि सुहं जाइ-जरा-मरण दुक्खगहियस्स ।**
**जीवस्स अत्थि जम्हा मोक्खो उवाएओ ॥७॥**
**आहिंडिऊण सुइरं अणंतहुत्ते हु जो जोणिलक्खेसुं ।**
**तस्साहणसामग्गी पत्ता भो भो बहु इण्हिं ॥८॥**
**तो एत्थ जं ण पत्तं, तदत्थ भो उज्जमं कुणह तुरियं ।**
**विबुहजणणिंदियमिणं उज्झह संसार-अणुबंधं ॥९॥**

**સંસારના દુઃખ :-**

અર્થાત્, સંસારમાં વારંવાર જન્મ-જરા-મૃત્યુના મોટા દુઃખદ ચક્રાવાની પકડમાં પકડાયેલા જીવને કાંઈ જ સુખ નથી; કેમકે જન્મવા ઉપર જ અનેક પ્રકારના રોગ-શોક-ઈષ્ટવિયોગ-અનિષ્ટસંયોગ વગેરે દુઃખોનાં પોટલાં ઊભાં થાય છે. માટે જ જન્મ-મરણરહિત મોક્ષ જ આદરણીય છે. વળી

**અતિ દુર્લભ મોક્ષ સામગ્રી અહીં જ :-**

ભૂલવાનું નથી કે જન્મ-મરણભરી ચોરાસી લાખ યોનિઓમાં અનંતીવાર દીર્ઘ કાળથી ભટકવા છતાં એમાં મોક્ષની સાધન-સામગ્રી જ પ્રાપ્ત થઈ નહોતી, તે હવે અહીં, હે મહાનુભાવો ! બહુ પ્રાપ્ત થઈ છે. વિષયસામગ્રી તો ઘણી ય મળ્યા કરી હતી. નહોતી મળી મોક્ષ-સાધનાની સામગ્રી. તે અત્રે મળી ગઈ છે. માટે પૂર્વ અનંતાકાળમાં ય નહિ મળેલ અહીં મળી તેના પર જલ્દી ઉદ્યમ કરો. અને ડાહ્યા પુરુષોએ વખોડેલ આ સંસાર-પરંપરા છોડો.''



**વિષય-સુખના યત્ન નકામા :-**

બ્રાહ્મણીએ સાર બતાવી દીધો કે જન્મ-જરા-મૃત્યુથી વ્યાપ્ત દુઃખમય અનાદિ સંસારમાં મળેલી મોક્ષસાધન સામગ્રી મળવા પર મોક્ષાર્થ જ ઉદ્યમ ઝટપટ કરી લો.' વિષયસુખ માટેના પ્રયત્ન બધાય નકામા. કેમ કે મોટા સારા વિષય મળે છતાં એ મૃત્યુના એક ઝપાટે છીનવાઈ જવાના છે, અને એના પર પાછી જનમ-મરણની જંજાળ ચાલવાની જ છે, તો એમાં સુખ શું ? માટે ખરી રીતે એ જંજાળ ચાલુ રાખનાર વિષયસંગ આદરવા જેવા નહિ, પણ જનમ-મરણની ઉપાધિનો અંત લાવનાર મોક્ષ જ એક આદરવા યોગ્ય છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૪૬,૪૭,૪૮,તા.૨૮-૮-૧૯૬૫**

વાત પણ સાચી છે કે જો બહુ વહાલા કરેલા સ્વજન-સમૃદ્ધિ અને વિષયોથી મૃત્યુકાળે તરછોડાઈ જ જવાનું છે તો એની પાછળ શું મરી ખૂટવું ? બહુ હોંશથી સેવા આપતા બળદને અપંગ-અશક્ત થતાં જો માલિક તરછોડી દઈ કસાઈને વેચતો હોય, તો એ વખતે બળદને કેટલું કારમું દુઃખ થાય ? એમ બહુ હોંશથી સેવેલા સ્વજન-સમૃદ્ધિ જીવને મૃત્યુકાળે જો છોડી દેતા હોય તો કેટલું ભયંકર દુઃખ ? માણસને મૃત્યુની પીડાનું તો જાલિમ દુઃખ છે જ, પણ એથી ય વિશેષ દુઃખ તો આ બધાને છોડી જવું પડે છે એનું થાય છે !

મૃત્યુની અશાતા-વેદનીય પીડે એના કરતાં જડ-ચેતન વિષયોનો રાગ વધારે પીડે છે. એ જ મૃત્યુનો ભય લગાડે છે. નરકના જીવને કોઈ અનુકૂળ રાગપાત્ર જડ-ચેતનનો યોગ નથી, તો મૃત્યુ તો એ ઝંખે છે. આ સૂચવે છે કે રાગ-મમત્વની મોટી મોકાણ છે.

**ઓછા રાગના લાભ :-**

જેટલા પ્રમાણમાં રાગ ઓછા રાખો, એટલા પ્રમાણમાં,

- (૧) દુઃખ ઓછું થવાનું,
- (૨) પાપ ઓછાં થવાનાં,
- (૩) જન્મ પરંપરાનાં બીજ ઓછાં પડવાનાં,
- (૪) નવો જન્મ વૈરાગ્યવાળો મળવાનો.
- (૫) એમાંય રાગ રોકાયો એટલે વળી ઊંચે ચડવાના.

અનાદિ કાળથી અખંડ ધારાએ ચાલી આવતા સંસાર અને જન્મ-મરણની ઘટમાળનો આમ અંત લાવી શકાય છે.

**પુરુષાર્થની વિટંબણા વિષયોમાં :-**

વાત આટલી છે કે આ રાગ-મમત્વ ઓછાં કરવા માટે સત્ય મોક્ષમાર્ગ બતાવનાર જિનશાસને ફરમાવેલ આચાર-વિજ્ઞાન-સમ્યક્ત્વ અને વ્રતનિયમાદિ સમ્યક્ શીલસંપત્તિ જરૂરી છે. એને સાધવાની સામગ્રીરૂપે માનવભવ, ઇન્દ્રિયપટુતા, આયુષ્ય, બળ વગેરે મળ્યું છે. એટલે બ્રાહ્મણી કહે છે તેમ આ સામગ્રીના ઉપયોગમાં જ ઝટપટ કામે લાગી જવા જેવું છે. વિષયોમાં ને સ્વજન-સમૃદ્ધિમાં શું મુંઝાવું ? એમાં પુરુષાર્થને શો વિડંબવો ? એ તો બહુવાર મળ્યા, ને બહુવાર એમાં મૂંડાવ્યું; મોક્ષની સાધન-સામગ્રી જે નહોતી મળી તે મળી છે તો પુરુષાર્થને જશ અપાવવો જોઈએ.

બ્રાહ્મણી આગળ વધતાં કહે છે,

હે ભાગ્યવાનો ! ધર્મશ્રવણ તો અનેક લાખો-ક્રોડો ભવમાં પણ પ્રાપ્ત કરવું કઠિન છે. તે જો અહીં મળી ગયું તો હવે એ સાંભળેલા ધર્મને જો બરાબર આચરણમાં નહિ ઉતારો તો ફરીથી પણ એ ધર્મ દુર્લભ થઈ જશે. એનું કારણ આ છે કે ફરીથી પણ ધર્મ પ્રાપ્ત થાય એ માટે પુણ્ય અને સુસંસ્કારનાં નાણાં જોઈએ છે. એ પ્રાપ્ત ધર્મનાં સેવનથી ઊભાં થાય. પરંતુ જે વર્તમાન કાળે મળેલ ધર્મને સેવતો નથી અને ભવિષ્યમાં ધર્મ મળો એમ પ્રાર્થના કરે છે એ કયા મૂલ્ય ઉપર ભવિષ્ય કાળે ધર્મ મેળવવાનો અધિકાર રાખે ?

**શાહુકાર કે મફત પડાઉ :-**

એક નગરમાં વેપાર અર્થે બે શાહુકાર આવ્યા. ક્યાં વેપાર કરવો એની તપાસ કરે છે, પણ હજી કોઈ એવા વેપારમાં દિલ બેસતું નથી; એવામાં ત્યાં એક મોટી મિલ હતી એના કેટલાક મજૂરિયા કામદારને લઈને આ શાહુકાર પાસે આવ્યા. બંનેને જુદા જુદા મળવાનું બને છે.

એમાં પહેલાં એકની પાસે કામદાર એવી માગણી મૂકે છે કે 'આ મજૂરોને થોડાં નાણાં ધીરો. વ્યાજ સાથે પાછા અપાવવાની જવાબદારી મારા માથે.' શાહુકાર ના પાડે છે, કેમકે એને બીજા વેપારમાં ઝટપટ પૈસા રોકવાની ગણતરી છે,

પેલા અહીંથી ઊઠી, ગયા બીજા શાહુકાર પાસે. એણે જોયું કે હમણાં તો વ્યાજની આવક ચાલુ કરી દેવા દે, એટલે એ તો ધીરવા તૈયાર થઈ ગયો, અને બરાબર દસ્કત કરાવી લઈ મજૂરોને નાણાં ધીર્યા.

હવે સમય આવ્યો ત્યારે પગારના દિવસે કામદાર શાહુકારને બોલાવી મિલના દરવાજા બહાર બેસાડે છે, અને પેલા મજૂર પણ એણે પાથરેલા ચોફાળમાં પગારમાંથી ઉછીના લીધેલાં નાણાં નાખે છે. અહીં પેલો પહેલો શાહુકાર પણ આ જોઈને નાણાં લેવાની આશાએ બાજુમાં ચોફાળ પાથરી બેઠો. કિન્તુ કોઈ એના પાથરણામાં એક



રાતી પાઈ પણ નાખતું નથી. ત્યાં એને કામદાર પૂછે છે,

'કેમ ભાઈ ! આ ચોફાળ શાની પાથરી છે ?

પેલો કહે 'કેમ વળી શું ? મારા સાથીદારની જેમ આમાં પૈસા લેવા માટે પાથર્યું છે,'

હવે બોલો, કામદાર એને કહે કે નહિ, કે 'અલ્યા પણ તારા સાથીદારે તો પહેલાં નાણાં ધીર્યાં છે, એટલે હવે લેવાને એ અધિકારી છે; કિન્તુ તેં તો રાતું ફદિયું ય દીધું નથી, પછી અહીં લેવાનો તને અધિકાર શો છે ?' આમ કહે ને ?

એમ અહીં જ્ઞાની ભગવંતો આપણને કહે કે નહિ, કે જો અહીં મળેલ ધર્મની આરાધના નથી કરવી તો ભવિષ્યમાં ધર્મ માગવાનો તમને અધિકાર શો છે ? ને એમ જ માગ્યાં કરો કે 'મને ભવાંતરે બોધિ મળો બોધિ મળો,' તો તેથી ક્યા નાણાં ઉપર ત્યાં બોધિ મળવાની ?

અહીં કદાચ તમને પૂછવાનું મન થતું હશે કે (૧) પણ અમે ધર્મની શ્રદ્ધા રાખીએ પછી ભલે અમે ધર્મ આરાધી ન શકતા હોઈએ તો ય એ ધર્મશ્રદ્ધાનાં મૂલ્યથી ભવાંતરે ધર્મ મળે ને ? (૨) એ માટે બોધિની પ્રાર્થના થાય ને ? (૩) શ્રેણિક-કૃષ્ણ મહારાજ જેવાને ધર્મશ્રદ્ધાનું જ બળ હતું ને ? એ અવિરતિના યોગે ક્યાં ધર્મ આરાધી શકતા હતા ?

**શ્રેણિકની હરોળમાં બેસાય ? દાંતસળીથી પરીક્ષા :-**

પરંતુ આ પૂછતાં પહેલાં જરા એટલું વિચારજો કે એક તો તમે કોની હરોળમાં બેસવા માગો છો ? ક્ષાયિક સમકિતના ધણી અને પ્રભુએ સિક્કો મારેલી જ્વલંત ધર્મશ્રદ્ધાવાળા અને તીર્થંકરના જીવ શ્રેણિક, કૃષ્ણ મહારાજની હરોળમાં બેસી વાત કરો છો ? તમારા દેદાર તો તપાસો કે તમારું હૈયું કેવું છે અને એ ઉચ્ચ આત્માઓનું કેવું ? તમારું હૃદય કોના પક્ષમાં ઢળે છે, સંસારના ? કે જિનભક્તિ-જિનવચનના પક્ષમાં ? શું જિનશાસન મળ્યા પર જગતની મોટી સમૃદ્ધિ-પરિવાર અસાર તુચ્છ લાગે છે ખરા ? કે નાનકડી દાંત ખોતરવાની સારી સળી પણ સારભૂત લાગે છે ? એની ખાતર પણ જરૂર પડ્યે ગુસ્સો કરવા, વિહ્વળ થવા, અને મનમાં એ જ રમાડ્યા કરવા તૈયાર ખરા ? સારભૂત શું અને અસારભૂત શું લાગે છે ? ક્યું ગુમાવતાં હૈયું દુભાય છે ? શાસનનું કે સંસારનું ?

**ધર્મ માટે ભોગ આપવા પર પરીક્ષા :-**

બીજું એ તપાસો કે શ્રેણિક-કૃષ્ણ મહારાજ વ્રતપચ્ચક્ખાણરૂપી ધર્મ-આરાધના નહોતા કરી શકતા, પરંતુ બીજી બાજુ ધર્મ-આરાધના કેવી કેવી કરતા હતા ? એની ખાતર કેવો ભોગ દેતા હતા ? શું એ વિના એ કોરી ધર્મશ્રદ્ધા રાખી બેઠા હતા ?

શ્રેણિક મહારાજને જિનભક્તિમાં રોજ નવાં ઘડેલાં સોનાનો જવનો સાથિયો કરવા જોઈતો હતો. રોજ મહાવીર પ્રભુની સુખશાતાના સમાચાર જોઈતા હતા અને એ સમાચાર પણ મફત મેળવી મફત પચાવી ખાવાના નહિ ! સમાચાર લાવનારને પહેરામણી-વધામણી દાનથી નવરાવી દેતા ! રાણી માટે સવા લાખની એક રત્નકાંબલ ખરીદવા તૈયારી નહોતી, પ્રભુના કુશળ સમાચાર લાવનારને સોનાથી નવરાવી દેવાનું હોંશે હોંશે કરતા. ફૂટડા અને હોશિયાર વિનયી કનૈયા કુંવરો મેઘકુમાર, સુબાહુકુમાર. નંદીષેણ વગેરેને હોંશે હોંશે ચારિત્ર માર્ગે જવા દીધા ! મગધ જેવા મોટા દેશનું રાજ્ય સુકાન સંભાળવા અને પોતાને શાંતિ આપવા સમર્થ પાટવી કુંવર અભયકુમારની પણ રાજ્યગાદીને બદલે ચારિત્ર લેવાની ભાવના થઈ, તો એને ય ચારિત્રે વળાવ્યો ! પછી કોણિકના હાથે પોતાને જેલમાં પુરાવું પડ્યું ! કોરડા ખાવા પડતા, છતાં સંતાપ ન કર્યો કે 'હાય ! આ મોટો દીકરો અભય મને રખડતો મૂકી ગયો તે આ દહાડા જોવાના આવ્યા !' ના, એવો કોઈ શોક નહિ, ગાળ નહિ, ઊલટું અનુમોદના અને આત્મગર્હા કે 'ધન્ય છે તે પુત્રોને કે એ પ્રભુનું શરણું લઈ સંસાર-દાવાનળમાંથી 'બહાર નીકળી ગયા ! હું નિર્ભાગી આ જાળમાં પડી રહ્યો !'

શું આ બધું ધર્મ-આરાધના નથી ? વળી એ પ્રભુની વાણી ને ગણધર મહારાજની વાણી સાંભળવા ખડે પગે તૈયાર ! હૃદયને એનાથી મથી નાખવામાં સાવધાન ! શું આ કોરી ધર્મશ્રદ્ધા જ છે ? કે ધર્મઆરાધના છે ?

એમ કૃષ્ણ મહારાજ પણ જિનવાણીની મોરલી પર ડોલતા હતા ! છેવટે મૌન એકાદશી આરાધવા જોઈતી હતી. કોઈની નિંદા અને હલકા ઉપાયનું યુદ્ધ ખપતું નહોતું ! કુમારો પોતાના હાથમાં નહિ, પણ કુમારિકા કન્યા તો પોતાના હાથમાં; તે એને ચારિત્ર માર્ગે ચડાવવાનું જોઈતું હતું ! પોતાની વહાલી રાણીઓએ ચારિત્ર માગ્યું તો એમને ખુશમિશાલ ચારિત્રે ચડાવી દેતા ! સાધર્મિક ભક્તિ પણ સારી કરવાની ! શું આ બધું ધર્મ-આરાધના નથી ?

તપાસો, તપાસો, તમારા જીવન, તમારા દેદાર, કઈ ધર્મ આરાધના અને શ્રદ્ધાનું બળ છે ? કયા નાણાં પર ભવાંતરે ધર્મની આશા ?

સુરાસુરેન્દ્રપૂજિત ત્રિભુવનગુરુ મહાવીર પરમાત્મા ગોવિંદ-પત્ની બ્રાહ્મણીનો ઉપદેશ વર્ણવ્યા પછી શું બને છે તે ફરમાવતા કહે છે,

'હે ગૌતમ ! જ્યાં એ બ્રાહ્મણી જાતિસ્મરણ-જ્ઞાનના બળે આટલું કહી રહી છે, એટલામાં તો એનો સઘળોય સ્વજન વર્ગ અને ઘણા નગરવાસી માણસો પ્રતિબોધ પામી ગયા !'

પ્રતિબોધ કેમ ન પામે ? બ્રાહ્મણીનો ઉપદેશ એટલો બધો સચોટ, રોચક



અને રોમાંચક હતો, એટલો બધો એ સંસાર, આત્મા અને ધર્મના યથાસ્થિત સ્વરૂપને દર્શાવનારો હતો, કે જે મન પર લેતાં હૃદય પીગળી જાય ! મનમાંથી આવો ઉપદેશ સાંભળતાં, ક્ષણભર બીજા બધા ય આપમતિના હિસાબ બાજુએ મૂકાય, અને ઉપદેશ ને ઉપદેશની વસ્તુને મનની અંદરના ઉંડાણમાં ઉતારાય, તો ભવી જીવને એ કેમ જડબાતોડ અસર ન કરે ?

**ઉપદેશની અસર કેમ નથી થતી ? :-**

આ પરથી એ સમજી શકાશે કે તમે જો ફરિયાદ કરતા હો કે 'ત્યારે અમને કેમ અસર નથી થતી ? અમે પણ પેલા લોકોની જેમ બ્રાહ્મણીનો ઉપદેશ તો સાંભળ્યો છતાં કેમ અમને પ્રતિબોધ નથી થતો ?' જો આ ફરિયાદ હોય, તો એનું કારણ સ્પષ્ટ છે કે

(૧) પહેલા મનમાંથી બીજા બધા આપમતિના હિસાબ કે 'આ સ્વજન-ધનમાલ મારા છે, મારે ઉપયોગી અને સુખદાયક છે. ધર્મ તો કાંઈ એવો તત્કાલ ઉપયોગ અને સુખ-મઝા દેખાડતો નથી,' આ હિસાબ દૂર મૂકતા નથી, અને

(૨) ઉપદેશનાં ધર્મને મનના ઉંડાણમાં ઊતારાતા નથી,

(૩) સાંભળી-સાંભળીને આગળ ચાલો છો, પણ જીવન સાથે એને જોડતા નથી,

એટલે પછી ઉપદેશની ભારે અસર ક્યાંથી થાય ? તેલીના તેલિયા કપડાંની ચીકાશ દૂર કર્યા વિના એને ગમે તેટલું સુંદર રંગના કૂંડામાં ઝબોળો, પણ રંગ એને ક્યાંથી પૂમે પૂમે ચોંટે ?

આપમતિના હિસાબ કોરાણે મૂકી જ્ઞાનીના હિસાબ અંતરમાં ઉતારો. જ્ઞાનીના ઉપદેશ પર અથાગ બહુમાન હોય તેથી એના કહેલા ધર્મમાર્ગ ઉપર ભારોભાર બહુમાન હોય તો પોતાના હિસાબ તુચ્છ લાગે, અને એ લાગવાથી એને બાજુએ મૂકી જ્ઞાનીનાં વચન મન પર લેવાય, માટે તો શાસ્ત્ર કહે છે કે,

વીતરાગની વાણીના શ્રવણના અધિકારી તે છે કે જેને એના પર બહુમાન છે. જો એ બહુમાન છે તો એની સામે આપમતિ પર અવમાન-અબહુમાન થાય એ તુચ્છ લાગે. જો આવું ન લાગવાનો પાયાનો વાંધો હોય તો પછી ગમે તેવા ઉપદેશ પણ નિરર્થક જાય, દિલને જરાય ચમકાવી ઊભા ન કરી શકે. એમાં નવાઈ નથી.

**ઉપદેશ પર બહુમાન શાને કહેવાય ? :-**

અલબત્ત આથી એમ નથી કહેવું કે 'જેટલો ઉપદેશ સંભળાય એટલો બધો અમલમાં આવવો જ જોઈએ; ના, ન ય આવે, પણ દિલ તો જરૂર ચમકાવે. આત્માને ભડક તો ઊભી થવી જ જોઈએ, અને એનું પરિણામ એ કે,

(૧) જ્ઞાનીના ઉપદેશની સામે પોતાની આપમતિ ન મૂકાય અને એના

ખોટા હિસાબ પર ખેદ થાય;

(૨) માત્ર પોતાને જ નહિ પણ પોતાના આશ્રિતને માટે ય આ જ લાગે અને પોતાનું ચાલે ત્યાં સુધી એ આશ્રિતને ખોટા હિસાબમાં ન તણાવા દે. તેમ જ જ્ઞાનીઓએ કહેલા હિસાબ પર આત્મોત્થાનના માર્ગે જોડવાનો જ પૂરો પ્રયત્ન કરે.

જાતના અમલનું તો નહિ, પણ આશ્રિતનું ય જો આ ન બને, ન બનવાનો ખેદ સરખો ય થાય નહિ, ઉપરથી એનોય આપમતિના ભ્રાન્ત હિસાબમાં મહાલતો દેખી ખુશી થવાય, મહલાવવાનો પ્રયત્ન થાય, તો પછી જ્ઞાનીના ઉપદેશ પર દિલ ચમકવા-ભડકવાનું ક્યાં રહ્યું ?

વાત આ છે કે આપમતિનાં હિસાબ-ધોરણ અતિતુચ્છ ગણી બાજુએ મૂકો, અને જ્ઞાનીનાં કહેલાં તત્ત્વ હૃદયનાં ઉંડાણમાં ઉતારો, તો કમમાં કમ એવી ભડક લાગશે કે જેથી આશ્રિતને સંસારના કૂવામાં ઊતારવાનું હવે હોંશે હોંશે નહિ કરાય; તેમ જ પોતાની જાતનાં ભવપતન માટે પારાવાર ખેદ રહ્યા કરશે, બને એટલું એને અટકાવવાનો પુરુષાર્થ થશે, તથા બીજાની આગળ ભવપતનકારી વાતોનાં ટાયલાં નહિ કૂટાય કે એમાં ટાપસી નહિ પૂરાય.

સારું જાણવા-સાંભળવા મળે એના પર અસર કેમ નથી થતી ? અહીં બ્રાહ્મણે બ્રાહ્મણી પાસેથી સાંભળ્યું એ જ તમે પણ સાંભળ્યું ને ? હવે તપાસો જે અસર એ વિદ્વાન ગોવિંદ બ્રાહ્મણને થઈ એ તમને થઈ કે કેમ ? જો ન થઈ તો શાથી ? તમને લાગશે કે 'બે સમાન દરદી એક જ જાતની દવા પીએ, તો જેમ બંનેને સરખી અસર થાય, એમ અહીં કેમ ન બને ?' પણ ત્યાંય એવો નિયમ નથી. એનું કારણ દરદ તો ઉપરથી સમાન દેખાય કે ખાંસી છે, તાવ છે, કે માથું દુઃખે છે. પરંતુ અંદરના કારણભૂત વાત-પિત્ત-કફની વિષમ વિચિત્રતારૂપ દરદની પરિસ્થિતિ જુદી હોય ત્યાં દવાથી સરખી અસર શી રીતે થાય ? તો અહીં પણ એ જ તપાસવાનું છે કે સત્ શ્રવણની દવા કેવા વાંધાને લીધે અસર નથી કરતી ?

**સત્ શ્રવણની અસર ન થવાનાં કારણો :-**

(૧) એક તો આ, કે ચિત્ત બીજે હોય, તો સાંભળેલું ગ્રહણ જ ન થાય, પછી એની અસર શી રીતે થાય ?

(૨) બીજું આ, કે ચિત્ત તો સાંભળવા પર રાખ્યું, પરંતુ એટલું જ કે એમાં કથાભાગ શો આવ્યો ? સચોટ તર્ક-દલીલ શી આવી ? અલંકારિક ભાષા કેવી આવી ? ઇત્યાદિ પર જ ધ્યાન હોય તો કહેવાયેલ મુખ્ય જે ઉપદેશ અંશ, એનું લક્ષ ન રહેવાથી અસર શી થાય ?

(૩) વળી, માનો ને કે ઉપદેશની વસ્તુ પર ધ્યાન રહ્યું પણ ખરું, કિન્તુ



પહેલેથી નક્કી કરીને જ બેઠા હતા કે આપણે જ્યાં છીએ એનાથી આગળ વધાય એમ જ નથી, પછી ભલે ને લાખ સારું સાંભળવા મળે, એની અસર લેવાની વાત જ ક્યાં રહે ?

(૪) ત્યારે એ પણ છે કે એવું કાંઈ નક્કી તો નહોતું કરી રાખ્યું, પરંતુ મન વિષયોમાં અતિ મૂઢ અને લુબ્ધ છે, કુટુંબ-પૈસા-પ્રતિષ્ઠાદિમાં ભારે મૂઢતાથી ચોંટી ગયેલું છે, તો ય રૂડું સાંભળવાની અસર ન થાય. પેલા મથુરાના ચોબાઓએ હોડીનું નાંગરું ઉપાડ્યા વિના હોડી ચલાવવા હલેસાં તો ઘણાં માર્યાં પણ હોડી શાની જરાય આગળ વધે ? એમ વિષયોમાંથી મનની ગાંઠ છોડી નાખ્યા વિના એ મન સારું સાંભળેલાના માર્ગે શી રીતે આગળ ધપે ? માત્ર ગાંઠ છોડવાની વાત છે હોં એટલે ?

મનની ગાંઠ આ જ કે 'આ મળેલા કે મળવાની આશાવાળા દુન્યવી વિષયો સારા જ છે, મેળવવા-રાખવા ભોગવવા લાયક છે, એમાં કાંઈ ખોટું નથી, એ છોડાશે જ નહિ એના ત્યાગની વળી મૂર્ખાઈ શા માટે કરવી ? અથવા ત્યાગની મારી શક્તિ જ નથી, આવી આવી ફિક્સ નક્કી કરી રાખેલી ગણતરી. 'મહારાજ તો વિષયોને ખોટા કહે, એમનો એ જ કહેવાનો ધરમ છે પણ આપણે તો આપણો ધરમ સંભાળવાનો. ને એમ તો મેં ઘણા ય મહારાજોને સાંભળી કાઢ્યા, પણ તેથી કાંઈ લહેવાઈ જવાય ? આંધળિયા કરાય ? ના, સંયોગ જોવા જોઈએ ને ? રાબેતા મુજબ ચાલે છે તે ઠીક છે' બોલો જો, આ ગાંઠ બાંધી રાખી હોય, પછી સાંભળવાની શી અસર થાય ?

(૫) ત્યારે એ પણ વસ્તુ છે કે મન જો અતિશય કષાયગ્રસ્ત હોય, દા.ત. ક્યાંકથી લડીને આવ્યો હોય અને ક્રોધથી મન ધમધમતું હોય, અગર વક્તા મહારાજ પ્રત્યે જ કોઈ તેવા પ્રકારનો દ્વેષ હૈયામાં સળગતો હોય, તો સાંભળેલા પર ધ્યાન હોવા છતાં એની અસર તો ન થાય ન થાય, પણ કદાચ ઊલટી જ અસર થાય. ખતવણી જ ઊંધી કરતો જાય ! મનને એમ લાગે કે 'બસ, આ મને ઉતારી પાડવા માટે જ કહી રહ્યાં છે ! અગર પાટ પર બેસી મોટી મોટી વાતો કરવી સહેલ છે.' અથવા 'આજની દુનિયામાં આ વાતો તો ચોથા આરાની વાતો કહેવાય એ આજે ન ચાલે;

(૬) એમ જો માનકષાય બહુ નડતો હોય તો જાતને સારી ઊંચી જ માનશેઃ એટલે પછી સાંભળેલાની ખતવણી બીજાના જ ચોપડે કરવાનો ! 'બાપ કેવા જોઈએ,' એ વાત આવી, એને પોતાના પિતા પર લાગુ પાડશે ! અને 'પુત્ર કેવો જોઈએ,' એ વસ્તુ પોતાના દીકરા પર લઈ જશે ! પોતે તો જાણે કોઈનો બાપે ય નથી કે કોઈનો પુત્ર પણ નથી ! એટલે પોતાને કશું લાગું પાડવાનું નહિ !

આમાં શ્રવણની પોતે શી અસર પામી શકે ?

અથવા માનકષાયવશ પોતાની જાતને બધું સમજેલી માની બેઠો હોય એટલે વ્યાખ્યાન સાંભળવા પર એમ જ માન્યા કરશે કે 'આ તો હું જાણું છું...આ મને ખબર છે...આમાં કાંઈ નવું નથી...આ બરાબર, એમ જ હોય છે...' થયું, પોતાને લેવાનું કશું રહેતું જ નથી !

અગર માન-કષાય એવો નડતો હોય કે એને 'ભાઈ ભાઈ,' 'શેઠ શેઠ,' કહી ફુલણજીને ફુલાવો, એની પ્રશંસા કરો, તો સાંભળવું ગમે, એ કડવું માન છોડવાનું સાંભળવા પર એની સારી અસર કેમ લઈ શકે ?

(૭) એવી રીતે માયાકષાયનું જોર હોય તો સાંભળતાં દેખાવ જાણે એક ભક્ત-શ્રોતાનો કરશે, મહારાજ પાસેથી જશ લેશે, પણ હૈયામાં ઉતારવા-કરવાની વાત નહિ. અથવા માયાવશ મનમાં લોચા બીજા જ વાળશે, સાંભળેલાની ખતવણી જ અંદરખાને જુદી કરશે ! ત્યાં સાંભળેલાની શી અસર પામે ?

(૮) લોભ કષાયનું જો જોર હશે, તો પોતાના ધન-માલ-કુટુંબ-માનપાન ઉપરની ગાઢ મૂર્ચ્છા કે અધિક મેળવવાની તૃષ્ણામાં તણાઈ ગયેલો એ સાંભળી સાંભળીને કાન તળે કાઢવાનો, અથવા સાંભળેલામાંથી જેટલું બીજા વિરોધી વગેરે માટે કહેવાયું લાગતું હશે, એ તો ખુશીથી સાંભળશે, પણ જાત પર લાગુ પડે એ સાંભળવા રાજી નહિ.

(૯) ત્યારે પૂર્વગ્રહ રાખી સાંભળવા બેસે તો ગમે તેટલું સારું સાંભળવા મળે પણ એ તો મનમાં નક્કી કરી રાખ્યું છે કે 'આ વક્તા તો આપણા વિરોધી જ છે, અમુક મતવાળા છે, બીજાની ટીકા-ટિપ્પણ જ કરનારા છે, લોકને ભોળવનારા છે, મારા પર દ્વેષવાળા છે...' એટલે પછી સાંભળેલાની શી અસર લે ?

(૧૦) અરે ! માનો કે આવું કશું નથી છતાં જો ચિત્ત બાહ્યભાવમાં જ લયલીન છે, બહારનામાં જ રખડતું-રમતું રહે છે, તો સાંભળવા પર જાતના અંતરાત્માને માટે વિચારવાનું કશું રહેશે જ નહિ. બાહ્યનો અઢળક રસ આભ્યંતર તરફ બેપરવાઈ કરાવે છે. માત્ર બીજાના જ લાભ-નુકસાનનો વિચાર હોય પછી જાતનો વિચાર શાનો આવે ? સંઘમાં આમ બગડી ગયું છે. ગામમાં આમ બગડી ગયું છે...ફલાણાને આ દોષ છે, પેલા બીજાની બીજી ખામી છે, આનું આમ કરવું જોઈએ, તેમ સુધારા થવા જોઈએ...' બસ, બીજાની જ ચિંતા હોય, જાતને કોઈ ખામી, કોઈ દોષ, કોઈ સુધારવા જેવું, કાંઈ જ લાગતું ન હોય, બાહ્યના ને બીજાના જ વિચારો ભરચક્ક રહેતા હોય, પછી સાંભળેલાની જાત માટે શી અસર લે ? ત્યારે આ બધું સૂચવે છે કે,



**સાંભળેલાની અસર લેવી હોય તો,**

(૧) સાંભળતાં કહેવાતી વાત પર બરાબર ધ્યાન રાખો.

(૨) ઉપદેશ અને તત્ત્વની વસ્તુના પાકા ખપી બનો.

(૩) એમાંથી લઈ જવાની વસ્તુ લઈને જ જાઓ.

(૪) મનના વિષયો-ધન-માલ અને કાયા-માયા સાથેની ગાંઠ છોડીને સાંભળો.

(૫) કોઈ પણ કષાય, ક્રોધ, દ્વેષ, અભિમાન, માનાકાંક્ષા, આપબડાઈ, માયા, લોભ, હાસ્યાદિની અસરથી મુક્ત રહીને સાંભળો.

(૬) પૂર્વગ્રહ રાખ્યા વિના સાંભળો.

(૭) બહારનો ભાર ઓછો કરી જાતના આત્માનું જ લક્ષ રાખી સાંભળો.

(૮) સાંભળેલું પછી વારંવાર ભાવનામાં મમળાવો. તો સાંભળેલાની જરૂર અસર પડશે.

પેલી બ્રાહ્મણીના ઉપદેશને સ્વજન વર્ગ અને બીજા શ્રોતાજનોએ એ રીતે સાંભળીને મનમાં ઉતાર્યો અને પ્રતિબોધ પામી ગયા ! ત્યાં એનો પતિ ગોવિંદ બ્રાહ્મણ કે જે વેદવિદ્યામાં પારંગત છે, જન્મે જૈન નહિ, જૈન ધર્મનો જ્ઞાતા નહિ, પરિચયવાળો નહિ, એને કેવી અસર થઈ શું કરે છે એ બતાવતાં ત્રિલોકતારક શ્રી મહાવીર પ્રભુ ફરમાવે છે,

**ગોવિંદ બ્રાહ્મણને અસર તીવ્ર પશ્ચાત્તાપ :-**

'હે ગૌતમ ! તે પત્નીનો ઉપદેશ સાંભળી ગોવિંદ બ્રાહ્મણ પત્નીના ઉપદેશ પર સદ્ગતિના ચોક્કસ માર્ગનો સારો જ્ઞાતા બન્યો. એના દિલમાં એ ઉપદેશ આરપાર ઊતરી ગયો. એનાથી આવર્જાયેલો, એ ગદ્ગદ થઈ કહે છે, 'અરે ! ધિક્કાર છે અમને કે અમે આટલો કાળ ઠગાયા ! કેમ કે અમે મૂઢ રહ્યા !

અહો ! અજ્ઞાન કેટલું બધું દુઃખદ છે, કે જગત પર તાત્ત્વિક ધર્મ હયાત છતાં અજ્ઞાનતા-મૂઢતાવશ એનો પ્રભાવ ન જાણતાં મહા આત્મબંધનોના માર્ગે ભૂલા ભટકાય છે !

ખરેખર ! અભાગિયા-ક્ષુદ્ર જીવો પરલોકનાં ઘોર-ઉગ્ર અનર્થોને નહિ દેખતાં, અતત્ત્વ અને અતાત્ત્વિક ભ્રાન્ત ધર્મમાં વિશ્વાસ સ્થાપિત કરી દઈને આ પત્નીએ કહ્યું તેમ મોહથી મનને વ્યાપ્ત કર્યું રાખી રાગ-દ્વેષથી પોતાની બુદ્ધિને હણી નાખે છે !

પછી એમના માટે શ્રેષ્ઠ તત્ત્વ-ધર્મ કેમ અત્યંત દુર્લભ ન હોય ? ક્યાંથી એ સરળતાથી સમજી શકે ? અમે આવા જ ક્ષુદ્ર, અભાગિયા, અતત્ત્વ-ધર્મમૂઢ, અસાર-સ્વજન-સંપત્તિનો મોહગ્રસ્ત અને રાગ-દ્વેષથી નષ્ટ બુદ્ધિવાળા તે તત્ત્વધર્મને આજ સુધી સમજી ન શક્યા ! હા, હા, અમે તો અમારા આત્માથી જ ચોરાયા !"

બ્રાહ્મણીનું કહેલું બધું જ સરળમતિથી પોતાના આત્મામાં ઉતારી દે છે, એટલે વિદ્વાન ગોવિંદ બ્રાહ્મણ પહેલા તો પોતાનાં વેદાદિ શાસ્ત્રોમાંથી નહિ મળેલો નવો જ અલૌકિક પ્રકાશ પામવા પર એને દિલમાં એટલો સચોટ વસાવી દે છે કે એ એને બરાબર યથાર્થ લાગવાથી એ પ્રતિબોધ પામી જઈ સાંભળેલા ઉપદેશ તરફના ઢાળવાળું બની જાય છે !

**ઈતર દર્શનમાં શું ન મળે ? :-**

બ્રાહ્મણીના ઉપદેશમાં એ સ્વજન-સમૃદ્ધિની વિનશ્વરતાની વાત તો હજી બીજાં દર્શનનાં શાસ્ત્રોમાં મળે, પણ પછી જે પૃથ્વીકાયાદિ જીવોની પણ હિંસાનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ, ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિ, ઈત્યાદિની વાત કરી તે અન્ય દર્શનનાં શાસ્ત્રોમાં મળે નહિ ! ટંકશાળી વાતો ! જગતમાંના યથાસ્થિત તત્ત્વ એ ! અને આત્માના હિત માટે અત્યંત જરૂરી. અત્યાર સુધી આનું અજ્ઞાન રહ્યું. સરાસર અંધારું રહ્યું, એ વાતો જાણી જ નહિ, પછી ચાહવાની તો વાતે ય શી ?

**ઈતરોમાં મહાવ્રતની સૂક્ષ્મતા ક્યાં ? :-**

ગોવિંદ બ્રાહ્મણને એટલી બધી ઊંડી લાગણી થઈ આવી કે એને થયું કે 'અરેરે ! આવું વાસ્તવિક અદ્ભુત તત્ત્વજ્ઞાન પામ્યો નહિ, તો કેટલો બધો મારી જાતને ધિક્કાર છે ! ખરેખર હું કેવો અજ્ઞાન ! અભાગિયો ! મોહગ્રસ્ત ! કેવો રાગદ્વેષથી હણાયેલ બુદ્ધિવાળો. અરે ! મારો આત્મા જાતે જ ઠગાયો કે અતત્ત્વ અને અતત્ત્વ-ઉપદેશક શાસ્ત્રોમાં મૂઢ બની અટવાઈ રહ્યો ! જ્યાં પૃથ્વીકાયાદિક જીવોની ઓળખ સરખી નથી, એની હિંસાથી બચવાનાં વિધાન નથી, એમ સંયમની સમિતિનું પ્રતિપાદન પણ છે નહિ, ઊલટું પૃથ્વીકાય અપ્કાય વગેરે જીવોનાં કચ્ચરઘાણ નીકળે એવા આચાર-અનુષ્ઠાનને મહાન ધર્મરૂપ બતાવવામાં આવ્યા છે. કાચી માટી પૃથ્વીથી બાહ્ય શૌચ, નદીસ્નાન, જાતે રોટી પકવવાનો અગ્નિ-આરંભ, ફળાહાર, વગેરે શું છે ? એ જ. ત્યારે, અદત્તાદાન-પરિગ્રહનાં પણ સૂક્ષ્મ ત્યાગનાં વિધાન નથી. એટલે વનનાં ફળફળાદિ કોઈના આપ્યા વિના જાતે જ લેવાય છે. ઝૂંપડી વગેરે પરિગ્રહ સેવાય છે. વિદ્વાન ગોવિંદ બ્રાહ્મણ આ બધું જાણે છે 'હવે એને આવા પૃથ્વીકાયાદિ હિંસાના ત્યાગ વગેરે પાંચ મહાવ્રત, રાત્રિભોજન ત્યાગનું વ્રત, ઈત્યાદિ કર્તવ્યોની અહીં જાણ થાય છે. એટલે સહેજે એને વિચાર આવે કે 'અહો સાચો ધર્મ કેવો હોઈ શકે ? મિથ્યા શાસ્ત્રોએ ધર્મના નામ પર કેવાં કેવાં અજ્ઞાન પ્રતિપાદન કર્યાં છે !' એને ખ્યાલ આવ્યો એટલું જ નહિ, પોતે અજ્ઞાનતાવશ મૂઢ બન્યો રહ્યો એવા પોતાના આત્મા પર એને ભારોભાર ધિક્કાર છૂટે છે ! એને એમ પણ લાગે છે કે,



**રાગ-દ્વેષથી હણાયેલ બુદ્ધિ :-**

આ સૂક્ષ્મ અહિંસાદિ ધર્મનાં પાલન નહિ, અરે ! જ્ઞાન પણ નહિ, બલ્કે ધર્મરૂપે હિંસાદિનાં સેવન હોય તો કેવા મહાન અનર્થ સર્જાય ? પણ એનું ય ભાન નહિ એ તો ખરેખર જાતની ક્ષુદ્ર, પામર, નિર્ભાગી દશા સૂચવે છે. રાગ દ્વેષથી હણાયેલી બુદ્ધિનો એ અવળો નાચ છે. અતત્ત્વ-અસાર અને આત્માનું કશું નહિ અજવાળનારા જડ પદાર્થો અને અતાત્ત્વિક ધર્મ અર્થાત્ ધર્મના નામ હેઠળ ચલાવેલ હિંસા-અદત્ત-પરિગ્રહ વગેરે પાપોમાં લયલીન બનવામાં આત્માની શી ગંભીરતા ? કઈ વિદ્વત્તા ગણાય ? કયું સૌભાગીપણું-ભાગ્યવંતાપણું લેખાય ? ત્યાં કઈ રાગદ્વેષથી પર સ્થિતિ હોય ? જીવને ઈન્દ્રિયના વિષયો તો અનંતાનંત કાળથી ગમતા આવ્યા છે અને અજ્ઞાનતા, મૂઢતા પણ સહજ જેવી ચાલી આવે છે, એ પોષનારા અતત્ત્વ અને અતાત્ત્વિક ધર્મમાં ઘસડાયા રહેવું, એ બુદ્ધિ રાગદ્વેષથી હણાઈ જવાને લીધે સહજ છે.

**મુડદાલ બુદ્ધિ તત્ત્વ-ધર્મમાં જવા અશક્ત :-**

સર્વજ્ઞ ભગવાને કહેલા મહાન ધર્મ-આચાર-વિચારો અને અનુષ્ઠાનોમાં જીવ ઉત્સાહિત બનીને કેમ રચ્યો-પચ્યો નથી રહેતો ? કારણ આ જ કે બુદ્ધિ અસાર તુચ્છ અને વિનશ્વર પદાર્થોને ઈષ્ટ માને છે અને એના રાગમાં અને અનિષ્ટના દ્વેષમાં તણાયેલી હોય છે, ત્યાં સુધી એ મુડદાલ છે. એવી મુડદાલ બુદ્ધિમાં સારભૂત તત્ત્વ અને તાત્ત્વિક ધર્મ પર ચડવા માટે કૌવત જ નથી. સશક્ત બુદ્ધિ જ એમાં ચડી શકે, અને સશક્તતા તો જ આવે કે પેલા રાગદ્વેષનો તાવ જાય. તાવથી નખાઈ ગયેલા શરીરે ક્યાં દોડધામ વગેરે પરાક્રમ થઈ શકે છે ? એવું આ રાગાદિના તાવમાં બુદ્ધિની દશા છે.

**રાગદ્વેષ દબાવી સંયમ, તપ-સંયમથી બાકીનાનો નિકાલ :-**

આના પર ગંભીર વિચાર કરીને જ મોટા તવંગર શું, કે રાજા મહારાજા શું, મોટા વૈભવ અને ઠકરાઈને ય કોડીની કિંમતના ગણી, નિજના રાગ-દ્વેષના જોરને બન્યા એટલા દબાવી, ત્યાગી-સંયમી સાધુ બની ગયા ! અને બાકીના રાગદ્વેષાદિનો નિકાલ કરી નાખવા તપ-સંયમની આરાધનામાં ઓતપ્રોત થઈ ગયા ! મનુષ્ય જીવનની સાચી લહાણ તરફ જ મીટ માંડી દોડ્યા ! પૂછો,

**પ્ર.-** અમારે કેમ એવા ઉલ્લાસ નથી જાગતા ?

**ઉ.-** કારણ આ છે કે અનાદિ કાળથી ચલાવ્યે રાખેલું હજી પણ ચલાવવામાં પોતાનો આત્મા જાતે જ ઠગાઈ રહ્યો છે. એનું ભાન નથી. જાત ઠગાઈ સમજી જવાય... તો, તો હવે બસ કરાય. ગોવિંદ બ્રાહ્મણ ગમે તેટલો વિદ્વાન, પણ સમજી ગયો કે આ હું કોઈનાથી નહિ, પણ મારી જાતથી જ ઠગાઈ રહ્યો છું !

નહિતર પોતાની જ બુદ્ધિને પોતે જ નભાવેલા રાગદ્વેષથી હણવાનું શાનું બને ? પણ હવે પત્ની તત્ત્વ ઓળખાવનારી બની ગયા પછી શું કામ ઠગાવું ?

**ગોવિંદ બ્રાહ્મણનો પુત્રોને ઉપદેશ :-**

વિશ્વવંદ્ય મહાવીર પરમાત્મા બતાવી રહ્યા છે કે,

'હે ગૌતમ ! એ વિદ્વાન ગોવિંદ બ્રાહ્મણ પત્નીના ઉપદેશથી ચમત્કાર સાથે સંવેગ પામી ગયેલો કહે છે કે, અરે ! આ તે અમે અમારી જાતે જ કેવા ઠગાયા કે આ મહાન બ્રાહ્મણીને ઓળખી નહિ ? શું આ મારા ઘરે કોઈ પરમાત્મા જ પત્નીરૂપે થઈને આવી ગયા ? કે મોક્ષમાર્ગ બતાવવા કોઈ સર્વજ્ઞરૂપી સૂર્ય જ જાતે પ્રગટ થઈ ગયો જે સંશયરૂપી અંધકાર દૂર કરી વિશ્વના પ્રકાશ કરે છે ? અહો ! આ મારી પત્નીના બોલ તો મહા અતિશયવાળા પદાર્થના સાધક છે ! અરે દીકરા યજ્ઞદત્ત ! વિષ્ણુદત્ત ! હે યજ્ઞદેવ ! હે વિશ્વામિત્ર, સુમિત્ર વગેરે ! આ તમારી માતા તો દેવ-અસુર સહિત આખા વિશ્વને વંદનીય છે, વિનય કરવા યોગ્ય છે ! આ એક મહા ઉપાધ્યાય છે ! એનાં વચનો મોટા ઈન્દ્રાદિ જેવાથી પણ ખંડિત થાય એવા નથી ! હે દીકરાઓ, એ આખા જગતને આનંદકારી અને સમસ્ત પાપને બાળી નાખનારાં વચન પર વિચાર કરો. તમે તો ગુરુની આરાધના માત્રના રસવાળા તે આજ તો તમારા ઉપર ગુરુ તૂઠ્યા સમજો. યજ્ઞ કરવા-કરાવવા, અધ્યયન કરવું-કરાવવું વગેરે તથા ષટ્કર્મ કરવા વગેરેના પ્રસંગ તો સાધ્યા, હવે તમારું શ્રેષ્ઠ આત્મબળ પ્રગટ કરો. પાંચે ઈન્દ્રિયો પર વિજય મેળવો. ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરો. આ શરીરને મળમૂત્રાદિ ગંદા કીચડથી પૂર્ણ ભરેલું અપવિત્ર સમજો. એ વિષય પ્રાપ્ત એટલે વિષપ્રાપ્ત માનો.'

**સ્ત્રી જાત પર તુચ્છકાર નહિ :-**

ગોવિંદ બ્રાહ્મણને હરખ અને આશ્ચર્ય માતાં નથી. ધર્મ આરાધનાનાં મહાન સૂક્ષ્મ તત્ત્વ બતાવનારી પોતાની પત્ની જાણે ઈશ્વરનો અવતાર લાગે છે ! લોકોત્તર સૂર્યરૂપ ભાસે છે ! ભાસે જ ને ? જનમથી ન જોયાનું જોવા મળ્યું ! ન જાણ્યાનું જાણવા મળ્યું ! ન સાંભળ્યાનું સાંભળવા મળ્યું ! એ તત્ત્વ-વસ્તુની કદર કરનારો છે એટલે એવો તુચ્છકાર નથી થતો કે 'આ પત્ની તો એક સ્ત્રી જાત, અબૂઝ, ભોળી અને અનપઢ ! સ્ત્રીમાં વળી શી એવી વિશેષતા માનવી હતી ?' ના, જાતના પુરુષપણાનું અને વિદ્વત્તાનું અભિમાન નથી કે સ્ત્રીને તુચ્છકારી કાઢે. એમ વસ્તુને તત્ત્વનાં અવમૂલ્યાંકન નથી, પણ ઊલટું બહુ મૂલ્ય સમજે છે, એટલે તત્ત્વ-પ્રકાશ કરનારી પત્ની પર ઓવારી જાય છે !

તત્ત્વ સ્વીકારવાનું પહેલું પગથીયું આ છે કે તત્ત્વ પ્રકાશક વ્યક્તિ ઉપર



અત્યંત બહુમાન થાય, હૈયું એના પર ઓવારી જાય ! તીર્થંકર ભગવાનનાં વચન પર શ્રદ્ધા કરવી છે, તો ખુદ એ ભગવાન ઉપર અથાગ બહુમાન ઊભરાવું જોઈએ. એમ લાગે કે 'અહો ! આ મને કેવા અનન્ય-આપ્ત-હિતૈષી અને મારા આત્માનો ઉદ્ધાર કરનારા મળ્યા !' એ અતિશય બહુમાન જાગવા પર એમની આગળ બીજા કોઈ પણ અજ્ઞાન-મોહમૂઢ માણસ વિસાતમાં ન લાગે. એમનો પ્રેમ એટલો બધો ઊભરાય, કે એવો પ્રેમ બીજે ક્યાંય ન રહે ! નિકટના સગા-સ્નેહી શું કે લાખો-કરોડોનું ઝવેરાત શું, જે પ્રેમ-પ્રીતિ અને આદર-બહુમાન એના પર નહિ, એવી ઊછળતી પ્રેમ-પ્રીતિ અને ઊછળતું આદર બહુમાન તીર્થંકર ભગવાન પર જીવતું-જાગતું રહે અને આ જો હોય, તો પછી એમની સેવા ઉપાસના પાછળ તન-મન-ધનના કેવા ભોગ અપાય ?

**તન-મન-ધન ક્યાં તૂટી પડે :-**

ત્યારે જો કાયાને એ પ્રભુના ઠરીને ત્રિકાળ-દર્શન-પૂજન કરવાનું પાલવતું ન હોય, મનને એમના સુંદર વિચારો કરી ઓવારી જવાની ફુરસદ કે પરવા ન હોય, અને 'ધન તો મારું મારા બાપનું' કરીને એમની ભક્તિમાં ધનનો ભોગ આપવાનું દિલ જ ન ઊછળતું હોય, તો એમના પર પ્રેમ શો રહ્યો ! બહુમાન ક્યાં રહ્યું ? એ તો જ્યાં સંસાર પર બહુમાન છે ત્યાં આત્મ-તારક પર બહુમાનના વાંધા.

ગૌતમ ઈન્દ્રભૂતિ બ્રાહ્મણને મહાવીર પરમાત્મા મળ્યા, ઓળખ્યા, એટલે ધનમાલ છોડી આખી ય તન-મન અને જીવની સંપત્તિ પ્રભુ ચરણે અર્પિત કરી દીધી ! તો, સુલસા શ્રાવિકાને મહાવીર પ્રભુ ઉપર એટલો અઢળક પ્રેમ, કે એ અંબડ પરિવ્રાજકે વિકુર્વેલા બ્રહ્મા-વિષ્ણુ-મહેશ અને ૨૫માં તીર્થંકરને જોવા સરખી ય ન ગઈ.

અહીં ગોવિદ બ્રાહ્મણને એવા બહુમાનથી પત્ની જાણે પરમાત્માના અવતાર જેવી ઊતરી આવેલી લાગી ! એટલે એના પર ઓવારી જઈને સાવધાન બની જાય છે, અને પોતાના પુત્રોને પણ કહે છે 'હે દીકરાઓ ! જુઓ જુઓ, આ તમારી માતા કોઈ સામાન્ય મનુષ્ય નહિ. એ તો પરમાત્માનો અવતાર સમજો. કેવા એના ગંભીર તત્ત્વ-પ્રકાશક બોલ ! આ વચનોનું તો મોટા ઈન્દ્ર જેવા ય ખંડન ન કરી શકે એટલા એ ટંકશાળી વચન છે !'

બ્રાહ્મણનું હૃદય સૂક્ષ્મ અહિંસાદિથી વ્યાપ્ત ક્ષમાદિ દશ પ્રકારના ધર્મની વાસ્તવિક્તાને જુએ છે કે જેનો ઈન્કાર ઈન્દ્ર જેવાથી ન થઈ શકે, છોકરાઓને એ કહે છે 'આ તમારી માતા તો વિશ્વવંદ્ય છે, એક મહાન ઉપાધ્યાય છે. એનું મહત્ત્વ જરાય ઓછું ન સમજતા. એણે જે ભવ્ય પ્રકાશ આપ્યો એ વચનો સર્વને હિતકારી અને સમસ્ત પાપોનો નાશ કરનાર છે. એ મળ્યા એથી તો સમજો કે ગુરુ તૂઠ્યા !

યજ્ઞ ફળ્યા ! વિદ્યાભ્યાસ લેખે લાગ્યા ! એટલે હવે તો આત્મબળ પ્રગટ કરવાની ઊંચી સામગ્રી બની આવી ! માટે એ પ્રગટ કરો'

વાત પણ સાચી છે કે માર્ગ જ હાથ ન લાગ્યો હોય તો આત્મબળને ક્યાં ઉપયોગી બનાવવાનું ? તે ય માનવજન્મ હાથમાં છે ત્યાં સુધી જ શક્ય. જુઓ માર્ગ લાધ્યા પછી ઠેઠ મોક્ષે પહોંચવા માટે આત્મબળ પ્રગટ કરનાર મહાત્માને પણ ક્ષપકશ્રેણીને બદલે જો ઉપશમ શ્રેણી લાગી જઈને ત્યાં જ આયુષ્ય પૂરું થઈ ગયું તો અનુત્તર વિમાનમાં જઈને અટકવું પડે છે ! કેમ કે માનવભવ તૂટ્યો ! આત્મબળ પ્રગટાવવાની, સફળ કરવાની, ચારિત્રમાર્ગ લાધવાની સામગ્રી ગઈ ! હવે ફરીથી સામગ્રી પામો ત્યારે વાત, આવજો !

**માટે માનવભવે પહેલું તો જિનવચનથી માર્ગ પામો.**

ગણધરો દ્વાદશાંગીની રચના કરવા સમર્થ હોય છે, પરંતુ ક્યારે ? ભગવાન પાસેથી ત્રિપદીનાં વચન મળે ત્યારે ને ? એટલે તીર્થંકર વચન મળવાં બહુ અગત્યનાં છે. હરિભદ્રસૂરિજી મહારાજ વગેરે પૂર્વે બ્રાહ્મણપણે હતા ત્યારે સમર્થ તો હતા જ, પણ અદ્ભુત શાસ્ત્રો ક્યારે રચી શક્યા ? મહાન વાદીઓને પરાસ્ત કરી જિન શાસનનો જયડંકો ક્યારે બજાવી શક્યા ? તીર્થંકર વચન મળ્યા પછી ને ? માટે જ એ વચન સામગ્રી મળ્યાની ખૂબ કદર કરો.

**સર્વજ્ઞ વચનની કદર માટે શું કરવું ? :-**

સર્વજ્ઞ વચન પ્રાપ્તિની કદર આ, કે એને અનુસારે આત્મબળ પ્રગટ કરવું. એ પણ બહુ અગત્યનું છે. મહાપુરુષોએ એ પ્રગટ કર્યું તો જ સંયમ સ્વીકારી મહાન શાસ્ત્રરચના અને શાસન-પ્રભાવના કરી શક્યા ! મરીચિ આત્મબળ પ્રગટ રાખવામાં ચૂક્યા તો પડ્યા નીચે ! આજે હજારો માણસ જિનેન્દ્રવચન મળવા છતાં આત્મબળ અજમાવવાની ખામીએ ઊંચે ચડી શકતા નથી, એ સ્પષ્ટ દેખાય છે.

**આત્મબળ પ્રગટાવી ૩ વસ્તુ કરવાની :-**

ગોવિંદ બ્રાહ્મણ છોકરાઓને આત્મબળ પ્રગટાવી મુખ્ય ત્રણ વાત કરવાની કહે છે,

(૧) દુષ્ટ ઇન્દ્રિયો પર પાકો અંકુશ મૂકી, એના ગુલામ નહિ, પણ વિજેતા બનો. એ વિષયોમાં ઇન્દ્રિયો તાણે તેમ તણાવવાનું નહિ, પણ આપણે એને રોકવાની અને કદાચ વિષયમાં ગઈ તો ત્યાં વિષયને જરાય મહત્ત્વ અપાય નહિ, ને રાગદ્વેષ નહિ કરવાના. આ વિષયત્યાગ વિષય-વિરાગ માટે જ્વલંત આત્મબળ પ્રગટ રાખવાનું.

(૨) વાત વાતમાં ક્રોધાદિ કષાયોની સહાય લઈ લઈ જીવવાનું રાખ્યું છે, તે હવે એને ક્ષમાદિની સહાય લઈ લઈ અટકાવવાના. અહીં પણ પ્રખર આત્મવીર્ય વાપરવાનું.



(૩) શરીર મળ-મૂત્રાદિ મહાગંદકીનો ગાડવો સમજી એના પર લેશ પણ મમત્વ-રાગ-પાલિશ-માલિસ ન થાય એ ધ્યાન રાખવાનું, તેમ જ એ વિષયોને પ્રાપ્ત થાય ત્યાં વિષને પ્રાપ્ત થયું સમજવાનું. જેથી એના ભોગમાં રાચે નહિ, પણ શક્ય શ્રેષ્ઠ ત્યાગ, તપ અને ખડતલ-સહિષ્ણુતામાં પરોવાય. ગંદાની સરભરા શી ? વિષપ્રાપ્તથી ખીલવાનું શું ?

- **વિષય-લુબ્ધ ઇન્દ્રિયો જ વિશ્વભ્રમણ કરાવે છે.**
- **કષાયો જ કારમી કતલ છે.**
- **સુખશીલિયું શરીર જ સર્વજ્ઞ વચનથી આડું ચાલે છે.**

બ્રાહ્મણ એ ત્રણેયના સંયમને અર્થે આત્મબળ પ્રગટ કરવા કહે છે.

**લોકોનો બ્રાહ્મણીના વચન પર ઉલ્લાસ :-**

વીતરાગ-સર્વજ્ઞ-પરમાત્મા મહાવીર પ્રભુ કહી રહ્યા છે,

'હે ગૌતમ ! એ ચૌદ વિદ્યાસ્થાનના પારગામી ગોવિંદ-બ્રાહ્મણનાં વૈરાગ્યજનક અનેક સુભાષિત સાંભળી જન્મ-જરા-મરણથી બનેલા ઘણા સત્પુરુષો ત્યાં સર્વોત્તમ ધર્મનો વિચાર કરવા લાગી ગયા ! એમાં કેટલાક કહે છે કે 'આ બ્રાહ્મણીએ કહેલ શ્રેષ્ઠ છે;' બીજા પણ કહે છે કે 'હા, આ ધર્મ ઉત્તમ છે,'...એમ કરતાં સર્વેજનોએ તે બ્રાહ્મણીને પ્રમાણ કરી અને એણે વર્ણવેલ અહિંસાદિ મહાવ્રતયુક્ત ક્ષમાદિ દશ પ્રકારનો શ્રમણધર્મ દૃષ્ટાંત-હેતુ દ્વારા એ લોકોને હૈયે બરાબર જચી ગયો. ત્યારબાદ એમણે એ બ્રાહ્મણીને સર્વજ્ઞ માનીને હસ્તકમલની અંજલી જોડી એને પ્રણામ કર્યા.'

**અશુભ નિમિત્તમાંથી શુભ પરિણામ :-**

કેવો ચમત્કાર ! બ્રાહ્મણીનો મોટો દીકરો વાંકો નીકળવાનું નિમિત્ત મળવા પર બ્રાહ્મણીની શુભ ભાવનાથી પૂર્વભવે ચક્રવર્તી મુનિપણે કરેલી સાધનાનો પ્રભાવ અહીં વિકસી ઊઠ્યો ! આવાં નિમિત્તને શું વખોડવું ? કહે છે ને ?

જેનું છેવટ સારું તે સારું. અણગમતાં નિમિત્તની વગોવણી કરવા કરતાં પરિણામનો વિચાર કરવા જેવો છે. બ્રાહ્મણી મૂર્ચ્છા ખાઈ ગઈ, જાતિસ્મરણ જ્ઞાન પામી ગઈ, અને જિનશાસનનાં અલૌકિક સત્યો તથા આત્મહિતના અનુપમ માર્ગનો ખ્યાલ આવી જવાથી ઉપદેશ કર્યો ! કુટુંબ અને આજુબાજુના એકત્રિત થયેલા બધા લોકો પ્રભાવિત થઈ ગયા ! એકી અવાજે બ્રાહ્મણીએ કહેલ શુદ્ધ ધર્મને શ્રેષ્ઠ ઉત્તમ પોકારી ઊઠ્યા ! તેમના મનને ફિટ નક્કી બેસી ગયું કે આ અહિંસાદિ મહાવ્રતોયુક્ત ક્ષમાદિ સાધુધર્મ અને તપ-સ્વાધ્યાય-ગુરુસેવા-પરિસહ-સહન, એ જ સાચો આત્મ-હિતકર ધર્મ છે.

એમણે તો ન જોયાનું જોયું એટલે ચમત્કાર પામી જાય છે ! એનું બહુમૂલ્ય

આંકે છે, અને ઉપદેશક બ્રાહ્મણીને સર્વજ્ઞતુલ્ય ગણે છે ! ઊઠીને બધા જ એને પ્રણામ કરવા લાગી જાય છે ! એટલું જ નહિ પણ એ વચન હવે એમને સંસારમાં ઠરવા દે એમ નથી.

**જન્મસિદ્ધ જિનવચનપ્રાપ્તિ પર બહુમાન કેમ ઊછળે ? :-**

ત્યારે વિચારજો તમને કાંઈ આવા અનુભવ ન થતા હોય તો શું કારણ છે ? આ જ ને કે ન જોયાનું જોવા મળ્યું નથી, પણ જૈન કુળમાં જન્મી ગયા તેથી જનમથી એનું એ મળ્યું છે. પરંતુ તેથી કાંઈ એવો નિયમ નથી કે આવા બહુમાન વીતરાગ-સર્વજ્ઞ-અરિહંત-ભગવાન ઉપર ન જ થાય. જગતને મળેલાં કરતાં આપણને મળેલ સર્વજ્ઞ-તત્ત્વ અને અરિહંત તત્ત્વ કેટલું ઊંચું છે એ લક્ષમાં લેવાય તો શું કામ બહુમાન ન ઊછળે ? આપણને મળેલ બીજી-ત્રીજી વસ્તુ કે સગાસ્નેહી કરતાં સર્વજ્ઞ ભગવાન કેવા અલૌકિક મળ્યા છે એ જોઈએ તો પણ આમની ભારે કદર થાય.

**મનની ગાંઠ છૂટે-વિષય મળ્યા વિષ મળ્યું લાગે :-**

વાત આ છે કે વિષયો સાથે બંધાયેલ મનની ગાંઠ છોડવી નથી એટલે પછી બિચારું મન ભગવાન તરફ ક્યાંથી દોડે ? નહીં તો બ્રાહ્મણીએ કરાવેલ તત્ત્વ-દર્શન પર વિદ્વાન પણ ગોવિંદ બ્રાહ્મણે ક્યાંથી ઝુકાવ્યું હોત ? એણે છેવટે એ ઓળખ કરાવી દીધી કે 'આ માનવદેહને વિષયો મળ્યા એ વિષ મળ્યું સમજો. ભલે અત્યાર સુધી મનગમતા ઈન્દ્રિય-વિષયો અમૃત જેવા મીઠા લાગતા હતા, પરંતુ એ જીવની અજ્ઞાનદશા હતી, મૂઢતા હતી. ખરેખર તો એ હળાહળ ઝેર જેવા જ છે' એ રીતની એના તરફ દૃષ્ટિ બાંધવા જેવી છે. વિદ્વાન બ્રાહ્મણની આ ઓળખ કરાવવા ઉપર જ્યાં મનની વિષયો સાથેની ગાંઠ છૂટી ગઈ એટલે લોકોને બ્રાહ્મણી માટે ઊંચો ખ્યાલ અને એણે બતાવેલ શુદ્ધ હિતમાર્ગ ઉપર ભારે આકર્ષણ ઊભું થઈ ગયું. સૌ ઊઠીને બ્રાહ્મણીના ચરણે નમસ્કાર કરે છે.

ભગવાન કહે છે, 'હે ગૌતમ ! પછી તો તે ગોવિંદ બ્રાહ્મણ આદિ અનેક પુરુષો અને સ્ત્રીઓના સમૂહ અલ્પકાળ જ ટકવાવાળા સ્વજન-મિત્ર-સ્નેહી-પરિવાર તથા ઘરબાર અને વૈભવ સંપત્તિના સુખનો ત્યાગ કરી શાશ્વત શિવસુખની અભિલાષાથી અત્યંત નિશ્ચિત મનવાળા બનીને એ બ્રાહ્મણીની સાથે ચૌદ પૂર્વધર સકલગુણ-ગણ સંપન્ન, ચરમશરીરી ગણધર સ્થવિરની પાસે ચારિત્ર લીધું. સ્વીકૃત ચારિત્રને બરાબર અનુસરી અત્યંત ઘોર-વીર-ઉગ્ર તપ-સંયમ-અનુષ્ઠાન સ્વાધ્યાય ધ્યાનાદિમાં જ એકચિત્ત બની ગયા.'

**વિરાગ થતાં જ ચારિત્ર કેમ ? :-**

ક્યાં ઘડી પહેલાનું એ જીવોનું વાતાવરણ અને ક્યાં ઘડી પછીની સ્થિતિ ?



ઈતરો પણ કહે છે **'यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत् ।'** જે દિવસે જ સંસાર પર વિરાગ જન્મે તે જ દિવસે સંસાર છોડી નીકળી જાય. કેમ એમ ?

**શું સમજીને વૈરાગ્ય થતાં જ ત્યાગ કરી દેવાનું કહ્યું હશે ?**

આ સમજીને કે

(૧) અનંતાનંત કાળથી રાગવાસના ઘેર્યું મન વિરક્ત થવા છતાં વિષયોના સંગમાં પડ્યું રહે તો સંભવ છે કે એ વિષયોની અનુકૂળતા પાછું એને મૂંઝવી નાખે, રાગ-પરવશ કરી નાખે ! પણ જો એના સંગથી દૂર જઈ બેઠા તો હવે મન બીજી જ દિશામાં કામે લાગી જવાનું અને એમાં પલોટાઈ જવાનું.

(૨) બીજું એ છે કે આયુષ્યનો ભરોસો નથી કે ક્યારે તૂટે. વૈરાગ્ય થવા છતાં વિષયસંગમાં બેસી રહે તે કદાચ આયુષ્ય ખૂટ્યું તો ત્યાગના લહાવા લીધા વિના એમ જ ઊઠીને ચાલવું પડે; ને ખરું જીવન-કર્તવ્ય રહી જાય.

**પ્ર.-** રહી જાય તો આવતા ભવે થાય ને ?

**ઉ.-** એટલે વિષયત્યાગ તો વાયદે નાખવાની વસ્તુ, અને વિષયસંગનો હાજરનો સોદો ? એમ જ ને ? ભૂલ-ભૂલમાં ત્યાગ ન લેવાઈ જાય એની પાકી વિચારણા જાગૃતિ, અને સંગ તો ભૂલમાં ય થઈ જાય તો વાંધો નહિ, એમ ને ? પરંતુ એટલું તો વિચારો કે વૈરાગ્ય થવા છતાં ધરાર વિષયોને પકડી રાખ્યા, તો એ વિષયોની મમતા ભવાંતરે કેમ ઝટ છૂટશે ? ત્યાગ શાનો આવવા દેશે ? અહીં વાયદે ઠેલેલું શું ત્યાં રોકડું થઈ જશે ? કે અહીં રોકડું કરેલું ત્યાં વિશેષ રોકડું થાય ? માટે જ આયુષ્યનો અણભરોસો સમજી વૈરાગ્ય પર ત્યાગ રોકડો કરવાનો કહ્યો.

(૩) વળી કદાચ આયુષ્ય લાંબું પણ પહોંચતું હોય છતાં અણધારી કુટુંબ-તકલીફ, કે પોતાને તેવી વ્યાધિ યા અકસ્માત્ નહિ જ થાય એની ખાતરી શી ? વૈરાગ્ય થયા પછી વિલંબ કરવા રહ્યા એમાં આવું કાંઈક થાય તો અટકી જ જવાય ને ?

**રોગ-ઘડપણ આદિ મુનિજીવનમાં આવે તો :-**

**પ્ર.-** પણ ત્યાગમાર્ગ લીધા પછી આવું જાગે એના કરતાં સંસારમાં જ રહ્યે જાગે એ તો સારું ને ?

**ઉ.-** શું સારું ? સારું તો ત્યાગ સ્વીકારવામાં; કેમકે ત્યાગમય મુનિજીવનમાં શાસ્ત્ર વ્યાસંગ, ગુર્વાદિકનો યોગ, અને ચોવીસે કલાક ધર્મમય જ વાતાવરણથી આત્મામાં જે ઉચ્ચ સ્વાધ્યાય, ઉચ્ચ વિચારસરણી, ઉચ્ચ ભાવનાઓ જામે છે એમાં પછી ઘડપણ આવતાં એક ગૃહસ્થ વૃદ્ધ ઉંમરવાળા કરતાં કેટલીય ઊંચી આત્મપરિણતિ અને જીવનસરણી રહે છે. ત્યારે, ત્યાગમય મુનિજીવન ગાળવામાં વ્યાધિ અને અકસ્માત્‌ને અવકાશ ઘણો ઓછો રહે છે. પણ તેવા જ કોઈ કર્મના યોગે વ્યાધિ

આવી જાય તો સેવા કરનારમાં તો મુનિઓ અને સંઘ મળે એ જુદું, પણ વિશેષ તો આ કે ચિત્તની પરિણતિ એક ઘરવાસી કરતાં જુદી ધર્મમય સુંદર કોટિની રહેવાની. ભૂલતા નહિ,

આખા ય શુભાશુભ કર્મબંધનો આધાર ચિત્તની પરિણતિ ઉપર છે. એમાં ય ચિત્તપરિણતિ જેટલી ઊંચી કક્ષાની સારી એટલો શુભ બંધ ઊંચો તેમ સકામ નિર્જરા ઊંચી, કેઈ કર્મના ઝૂંડ સાફ કરી નાખે ! જીવને રોગમાં સહવાનું તો ઘરમાં બેઠે કે ત્યાગી બન્ને લગભગ સમાન; પણ આ ચિત્તપરિણતિ અને એનાં ફળમાં મોટો તફાવત એ જોતાં કદાચ એનાં મુનિપણામાં આરંભ-સમારંભની સગવડ ઓછી ભોગવી તેથી સહેજ વધુ સહવું પડ્યું પણ એથી શું ? ત્યાગી જીવનમાં પરલોક સાથે ચાલે એવું શુભ ચિત્તપરિણતિનું ઘડતર મળે, વળી શુભ પુણ્યના થોક અને અશુભ કર્મની ભારોભાર નિર્જરાનો લાભ મળે એ લાભ કેટલો બધો મસ્ત ? આના પર બરાબર ઉંડાણથી વિચાર કરી માયકાંગલી વિચારસરણી ફગાવી દેવા જેવી છે. પરિણતિ ઉચ્ચ કોટિની ઘડાય એનાથી તો ભાવિ દીર્ઘકાળ ઉજ્જવળ થઈ જાય છે ! પરલોકનાં જીવન જ અનેરાં મળે છે !

જુઓ સંપ્રતિ રાજાના જીવ ભિખારીએ માત્ર અડધા દિવસનું ચારિત્ર પાળ્યું. એમાં વ્યાધિ તો ભલે આવી અને આયુષ્ય પણ પૂરું થઈ ગયું, પરંતુ જે ચારિત્રજીવનના પ્રતાપે સુંદર ચિત્તપરિણતિ ઘડી એણે બીજા ભવે સમ્રાટ સંપ્રતિનું જીવન કેવું દેદીપ્યમાન અલૌકિક ઉજ્જવળ બનાવ્યું ? ઠામ ઠામ જિન મંદિરો, જીર્ણોદ્ધાર, ભવ્ય જિન મૂર્તિઓ, દાનશાળાઓ, ધર્મ-શાળાઓ, સવાલાખ મંદિર અને સવાક્રોડ જિનબિંબ-નિર્માણ ! આ બધાની, જો ભિખારી ઘરબારીપણે એ જ વ્યાધિ અને આયુષ્ય-ક્ષય ભોગવી લેનારો બન્યો હોત, તો પરભવે શી આશા ? તાત્પર્ય, જે દિવસે વૈરાગ્ય થયો તે જ દિવસે ત્યાગ માર્ગ લેવામાં આ એક સમજ છે કે વિલંબ કરતાં ઘડપણ યા વ્યાધિ કે અકસ્માત્ વશ અટકી ન જાઉં.

(૪) બીજી પણ આ વિચારણા છે કે વૈરાગ્ય નહોતો જાગ્યો ત્યારે તો ભોગ અને આરંભ-મૂર્ચ્છાનાં જીવનમાં સાધવાનું ઘણું ઘણું ગુમાવેલું, પણ હવે વૈરાગ્ય જાગી ગયો છે તો શા માટે એક ક્ષણ પણ એમ ગુમાવું ? **વૈરાગ્ય થયા પછી ત્યાગની ઉપેક્ષા કરવામાં તો હૃદય ઊલટું ધીટ બનવા જાય છે.**

**સૌની દીક્ષા :-** અસ્તુ, પેલી ગોવિંદ પત્ની બ્રાહ્મણીએ પતિ અને ત્યાં રહેલ બધાઓએ વિનશ્વર એવા સ્વજન-સમૃદ્ધિ આદિ છોડી તરત જ ચારિત્ર લઈ લીધું ! અને સૌ ઘોર-વીર-ઉગ્ર કષ્ટમય અહિંસા-સંયમ-તપની સાધનામાં લાગી ગયા ! હવે શું કામ બાકી રાખે ? સાધનાનો માર્ગ હાથ લાગી ગયા પછી કોણ સુજ્ઞ, સહૃદય



માણસ પ્રમાદ ઊભો રાખે ? સુખશીલ બન્યો રહે ? સાધવું એટલે સાધવું, સર્વ પુરુષાર્થ શક્તિ કામે લગાડીને અને નિઃસત્ત્વતા ફગાવી દઈને.

**સૌએ મોક્ષ સાધ્યો :-** જગતદયાળુ જિનેન્દ્ર ભગવાન શ્રી મહાવીર દેવ ફરમાવે છે કે, 'હે ગૌતમ ! એ બ્રાહ્મણીની સાથે દીક્ષિત થયેલ એના પતિ ગોવિંદ બ્રાહ્મણ વગેરે કેટલો ય સ્ત્રી-પુરુષનો સમૂહ ઘોર-વીર-તપ-સંયમાદિની સાધના કરી, એ બ્રાહ્મણીની હારોહાર સમસ્ત કર્મમળ દૂર કરી મોક્ષ પામ્યો ! સિદ્ધ થયો ! અનંતજ્ઞાન દર્શનમય અનંત અવ્યાબાધ સુખપૂર્ણ નિર્વાણપદમાં આરૂઢ થયો.

આમ આ બ્રાહ્મણીએ પૂર્વના ચક્રવર્તીના ભવમાં મુનિપણું લઈ જીવનભરનાં સમસ્ત પાપો-દોષોની વિશુદ્ધ ભાવે નિઃશલ્યપણે ગુરુ આગળ આલોચના કરીને આવેલ પ્રાયશ્ચિત્તનું વહન કરેલું તથા ઉગ્ર તપ-સંયમ-અભિગ્રહાદિ સેવવા સાથે ઘોર પરિસહ-ઉપસર્ગ સહન કરીને ચક્રવર્તી શરીરે કઠોર સાધના કરેલી અને ગચ્છાધિપતિપણું સ્વસાધનાની ચુસ્તતા સાથે યથાસ્થિત બજાવેલું, એના પ્રતાપે અહીં આ સગૃહીતનામધેય બ્રાહ્મણી સુલભબોધિ બની અને સદ્ધર્મ દેશના દ્વારા એટલા બધા ભવ્ય જીવોને એકી સાથે પ્રતિબોધ કરી અનંત દુઃખમય સંસારમાંથી એમનો ઉદ્ધાર કરનારી અને શાશ્વત સુખ પમાડનારી થઈ ! તેમ જાતે પણ મોક્ષ પામી !

**સ્ત્રી આકર્ષણ શક્તિથી શું કરી શકે ? તારે-મારે :-**

એક સ્ત્રી માણસ કેટલું કરી શકે ! એ આના પરથી વિચારવા જેવું છે. સ્ત્રીપણું મળ્યું એનો એ અર્થ નથી કે બીજાને રાગ અને મોહની લહાણી કરવી અથવા બીજાના ભોગપાત્ર બન્યા રહેવું.

સ્ત્રી એ શક્તિ છેઃ એ તારે ખરી અને મારે પણ ખરી !

(૧) જાતે જાગ્રત હોય તો પોતાની આકર્ષણ શક્તિના પ્રભાવે બીજાને હાથ પકડી ઊંચે લાવે. મદનરેખા મહાસતીએ મરવા પડેલા અને ભયંકર કષાય-કૃષ્ણ લેશ્યાથી નરક તરફ મીંટ માંડી રહેલા પતિને જબરદસ્ત નિર્યામણા કરાવીને ઉપશાંત કરી પાંચમા દેવલોકે ચડાવી દીધો ! પછી સાધ્વી બનીને બંને પુત્રનો ઉદ્ધાર કર્યો ! અને બીજા કેટલાય જીવો પર પણ ભારે ભાવ-ઉપકાર કર્યો !

એવું ચંદનબાળા, મૃગાવતી, સુલસા, બ્રાહ્મી, સુંદરી, અંજના, દમયંતી, સીતા, રતિસુંદરી, સુભદ્રા, રાજીમતી અરણિક માતા, પુષ્પચૂલા, વિમળશાપત્ની વગેરે કેટલીય સ્ત્રીઓએ જાતે જાગ્રત હોઈ કેટલાયના ઉદ્ધાર કર્યા.

(૨) ત્યારે સ્ત્રી સ્વયં મોહમૂઢ હોય, વિષયાંધ હોય, કષાયગ્રસ્ત હોય તો જાતનું અને બીજાનું નિકંદન પણ એવું કાઢે ! યશોધર ચરિત્રમાં આવે છે ને કે યશોધરા માતા અને નયનાવલી પત્નીએ સુરેન્દ્રદત્તને કેવા કારમા દુઃખદ ભવોમાં

ભટકતો કર્યો ! સૂર્યકાંતારાણીએ પ્રદેશી રાજાને કેવો આકર્ષી રાખ્યો હતો ! કુરુમતીએ પતિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કેવો મોહ લગાડી દીધો કે એ સાતમી નરકે પહોંચ્યો ત્યાં પણ એના નામનો જાપ કરે ! પાર્શ્વનાથ ભગવાનના જીવ મરુભૂતિની પત્નીએ દિયર કમઠને કેવો ધક્કે ચડાવી દીધો કે એ પતિનો ભયંકર દુશ્મન બની ગયો ! તે ઠેઠ પ્રભુના છેલ્લા ભવ સુધી દુશ્મન !

આજે પણ દેખાય છે ને કે મોહમૂઢ સ્ત્રીના કારણે કેટલા ય જીવો પાપ અને મોહમાં સડી રહ્યા છે ! ત્યારે એવી થોડી પણ સ્ત્રીઓ જો જાતે જાગ્રત છે તો પતિને અને પુત્રોને મહાન ધર્મમાર્ગે દોરી રહી છે ! સ્ત્રી એ શક્તિ છે. બ્રાહ્મણી એવી એક જબરદસ્ત તારક શક્તિ બની ગઈ !

રુક્મિરાજાનું પતન અને ઉત્થાન વિસ્તારથી વિચાર્યાં; એમાં વચ્ચેના પ્રસંગમાં આવેલ બ્રહ્મચારી રાજકુમારનાં શીલ-શુભ-અધ્યવસાયના પ્રભાવનો પણ વિચાર આવ્યો, પ્રસંગવશ જીવનોપયોગી કેટલીય વાતો વિચારી. એ બધા પર ખૂબ મનન કરી આત્મપરિણતિને અત્યંત નિર્મળ બનાવો એ જ એક શુભેચ્છા. નિરૂપણ કરતાં વીતરાગ પરમાત્માની આજ્ઞાથી વિરુદ્ધ કહેવાયું હોય તો તેના મિચ્છા મિ દુક્કડં.

**(સમાપ્ત)**









# શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની યશોગાથા

આપણે મહાપુરુષોનાં ચરિત્ર યાદ કરવાં છે, આપણા પ્રભાવક પૂર્વજોની યશોગાથા ગાવી છે, જેથી એમની ભવ્ય ધર્મ-સાધનાઓ, એમના મહાન સુકૃતો અને એમના વિશિષ્ટ સદ્‌ગુણો આપણી નજર સામે આવે આપણા મનને ચમકારો લગાડે, એના પર આપણું હૈયું ઓવારી જાય ને આપણે એને આપણા જીવનમાં ઉતારવાની પ્રેરણા મેળવીએ.

**શ્રી હરિભદ્રસૂરીશ્વરજીનાં ગુણગાન શા માટે ? :-**

એટલે પહેલાં, આવા એક મહાન પૂર્વપુરુષ આચાર્યપુંગવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના ગુણ ગાવા છે. એ એટલા માટે કે એ જન્મે બ્રાહ્મણ, ને બ્રાહ્મણપણામાંથી સીધા ચારિત્ર માર્ગે ચડી ગયા છે ! અને પછી એમણે જિનાગમ શાસ્ત્રો ભણી કરી એવા એકેકથી ચડિયાતા શાસ્ત્રોના શાસ્ત્રો રચ્યાં છે કે આજે જો એ બધાય શાસ્ત્રો સુલભ હોત, તો તો આપણે માત્ર એમના શાસ્ત્રોથી જ્ઞાનના દરિયા બની જાત ! પરંતુ આજે ય એમનાં જે બહુ થોડા જ શાસ્ત્રો ઉપલબ્ધ છે એ પણ આ મહાપુરુષને એક અનેરી વિભૂતિની કક્ષામાં મૂકે છે માટે જ એમનાં ચરિત્રને વિચારવું છે. એ વિચારતાં જોશો કે આ પંચમ કાળમાં પણ આપણને કેવા અનુપમ આ યુગપુરુષ મળ્યા છે ! એમની જીવન ઝરમરમાંથી કેવી કેવી અનેરી ધર્મ પ્રેરણાઓ, ગુણ પ્રેરણાઓ, સુકૃત પ્રેરણાઓ, પરાક્રમ પ્રેરણાઓ વગેરે વગેરે મળે છે ! બાકી એઓશ્રીનાં શાસ્ત્રો તો આપણને અંતર બાહ્ય ઉભય રીતે આરાધવાનું ઘણું ઘણું આપી જાય છે. એ શું શું આપી જાય છે એનો ખ્યાલ કરવા માટે તો એક ગ્રન્થ બને.

**સૂરિજીની અણમોલ શાસ્ત્ર ભેટ : જિનાગમ માટે માન :-**

આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ એવા ધુરંધર વિદ્વાન અને સમર્થ શાસ્ત્રકાર યુગપુરુષ હતા કે એમનાથી રચિત મૌલિક શાસ્ત્રો ઉપરાંત આગમ વગેરેની વિવેચનાનાં એમનાં વચનો પણ ટંકશાળી ગણાય છે. એ વચનોને પછીના આચાર્યો પોતાના ગ્રન્થમાં ઉદાહરણ તરીકે લે છે ! એવા આ મહાપુરુષે મૌલિક શાસ્ત્રો રચવા ઉપરાંત સૂત્ર-વિવેચનાનાં ય શાસ્ત્ર લખ્યાં છે, જે સૂત્ર જેવા મનાય છે કેમકે શબ્દ થોડા અને ભાવ ઘણો. દા.ત. 'શ્રી લલિત વિસ્તરા,' 'શ્રી પંચસૂત્ર વૃત્તિ,' 'શ્રી આવશ્યક સૂત્ર વૃત્તિ'...વગેરે, એના પણ વાક્યો સૂત્ર જેવાં છે !

જેના પર સારું વિવેચન થઈ શકે. આ રચનાનો મૂળ બધો પ્રતાપ શ્રી જિનાગમોનો છે; કેમકે પોતે જ એક સ્થાને લખે છે કે

**'હા ! અણાહા કહં હુંતા, જઈ ણ હુંતો જિણાગમો ?'**

અર્થાત્ 'અરે ! જો જગતમાં શ્રી જિનેશ્વર ભગવાનના આગમ ન હોત તો અમે અનાથ બની રહ્યા હોત, અને તો અમારું શું થાત ?' એટલે ? એ જ, કે જિનાગમના પ્રકાશ વિના અમે અજ્ઞાન-મિથ્યા જ્ઞાનના અંધકારમાં રહી અહંત્વ અને મિથ્યા પ્રવૃત્તિમાં રાચ્યા માચ્યા રહી ભવના ગુણાકાર કર્યા હોત !

આ ઉદ્‌ગાર સૂચવે છે કે એમને જિનાગમ પર ભારોભાર અને અનન્ય બહુમાન હતું, તેમજ એમણે શાસ્ત્રો રચવામાં ય ઉપયોગી બોધ અને પ્રેરણા જિનાગમોમાંથી લીધી હતી.

**મૂળમાં હરિભદ્ર બ્રાહ્મણ પુરોહિત :-**

જિનાગમ પર આટલું બધું બહુમાન શાથી ? એક અપેક્ષાએ કહીએ તો કહેવાય કે, જૈનકુળમાં જન્મેલાને તો જનમથી આ મળે; એટલે 'છે છે ને છે' જેવો ઘાટ થાય. આ મળવાની નવાઈ નહિ લાગે. પરંતુ એમને તો ન મળવાનું મળ્યું હતું. એ જન્મેલા જૈનકુળમાં નહિ, પણ બ્રાહ્મણ કુળમાં જન્મેલા, અને એ કુળના જ સંસ્કાર તથા એ કુળની જ વેદ પુરાણ વગેરેની વિદ્યા પામેલા ! તે એમજ જો જીવનભર રહ્યા હોત, તો એમને જૈનધર્મ-જૈનઆગમ દેખવા ય ક્યાંય મળવાના હતા ? પરંતુ એમનો નસીબનો સીતારો ચમક્યો, અને એમને આ જિનાગમ તથા એમાં કથિત દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે ન મળવાનું મળી ગયું ! એટલે એમને આ મળવામાં નવાઈનો પાર નથી. એટલે જ એમને જિનાગમ પર અથાગ રાગ બંધાઈ ગયો છે. 'મારા જેવા મૂઢ પામરને અહો ! આ વિશ્વોત્તમ જિનાગમની પ્રાપ્તિ !!' નિરંતર આ અહોભાવને લીધે જિનાગમમાંથી એ રત્નો ખેંચી ખેંચીને મૂળ શાસ્ત્રો અને ટીકા શાસ્ત્રો બનાવ્યે જ ગયેલા.

**હરિભદ્રનું વિદ્વતા પર અભિમાન :-**

સવાલ થાય કે બ્રાહ્મણકુળમાં હતા તો જિનાગમ શી રીતે પામ્યા ? આનો ટૂંકો અહેવાલ એ છે કે મહાપુરુષ ચિત્તોડના મહારાણાના માન્ય પુરોહિત બ્રાહ્મણ ને ૧૪ વિદ્યાના પારગામી હતા; એમનામાં દર્શન શાસ્ત્રો સહિત વૈદિક શાસ્ત્રોની પ્રકાંડ વિદ્વત્તા હતી, તેથી ઊંચા દરજ્જાવાળા હતા એટલે રાજદરબારથી એમને ઘરે રાણા તરફથી પાલખી તેડવા જતી. વિદ્વત્તા તો એટલી બધી કે એમને અભિમાન હતું કે 'જગતમાં કોઈ શાસ્ત્ર એવું નથી કે તેને હું ન સમજી શકું' અને સાથે માનસિક પ્રતિજ્ઞારૂપ સંકલ્પ હતો કે 'કદાચ ન સમજું તો સમજવા માટે જરૂર પડ્યે



સામાનો જીવનભરનો ગુલામ શિષ્ય બની જાઉં' અને એ સમજાવનાર કહે કે 'ચાલો હજાર ગાઉ દૂર, ત્યાં ભણાવીશું ! સેવા કરતા રહેવું પડશે;' તો પણ તૈયાર. 'નવું સમજવા મળે છે ને ? તો ગુલામ કાં ન બનું ? કોઈપણ ઇતર શાસ્ત્રની વાત સાંભળ્યા પછી એ સમજી શકું નહિ ત્યાં સુધી મારાથી જંપીને બેસાય નહિ !' એવી એમની વિદ્યા માટેની ધગશ હતી. આ પ્રતિજ્ઞાના લીધે જિનાગમની **'ચક્કીદુગં હરિપણગં...'** વાળી ગાથા સમજવા માટે જૈન સાધુ દીક્ષામાં આવેલા, ને ક્રમશઃ ભણતાં પ્રખર વિદ્વાન આચાર્ય હરિભદ્રસૂરિજી બનેલા.

**વિલક્ષણ અભિમાન :-**

શ્રી હરિભદ્ર પુરોહિતને ભણેલું કંઠસ્થ, હૃદયસ્થ હતું. ચૌદ વિદ્યાના એવા પારગામી હતા કે હાકવાગતી હતી એમના નામની ! 'એવો કોઈ વિદ્વાન ન હોય કે મને જીતી શકે' એવું એ માનતા. "બહાર વાદી તરીકે પંકાનારો કોઈ મારી સામે જો ભૂમિમાં પેસી જાય તો કોદાળીથી જમીન ખોદી એને બહાર પકડી લાવું; પાણીમાં પેસી જાય, તો જાળથી પકડી લાવું એને; અને ગગનમાં ચઢી જાય તો નિસરણીથી એને હેઠો ઉતારું, અને શાસ્ત્રાર્થ કરી હરાવું !" આવી ખુમારીથી એ એના ચિન્હરૂપે નાની રમકડા જેવી કોદાળી, જાળ અને નિસરણી એ પોતાના ખભે સાથે રાખીને ફરતા ! ઉપરાંતમાં આખા જંબુદ્વીપમાં પોતાના સમાન કોઈ વિદ્વાન નથી, એ સૂચવવા જંબુવૃક્ષની લતાને પણ પાસે રાખતા ! તેમજ આટલી બધી વિદ્યાર્થી રખેને પેટ ફાટી ન જાય, એ માટે પેટ પર સોનાનો પટ્ટો બાંધી રાખતા !

**હરિભદ્ર પુરોહિતની પ્રતિજ્ઞા :-**

આપણને લાગે કે આ બધું પોકળ અથવા બડાઈ જેવું હશે ? પણ ના, કઠોર વિદ્યાભ્યાસથી અને શાસ્ત્રોના હજી સુધી ય રટણ-પરાવર્તનથી એવો એમણે વિશ્વાસ પ્રાપ્ત કર્યો હતો, કે 'ભલે હું બહારના બધાં જ શાસ્ત્રો ભણ્યો નથી કે મેં એ વાંચ્યા ય નથી, પણ આ પૃથ્વી ઉપર કોઈ જ શાસ્ત્રનું એવું વચન નથી કે જે હું ન સમજી શકું !' આ વિશ્વાસ પણ નક્કર વિશ્વાસ હતો; કેમકે એવી એમને પ્રતિજ્ઞા હતી, કે 'જો હું કોઈનું વચન ન સમજી શકું, તો એ સમજવા જરૂર પડ્યે એનો શિષ્ય બની જાઉં !' કેવો આત્મવિશ્વાસ ! અને કેવી કપરી તૈયારી ! કોઈની સાથે વાદ થાય અને એનું ન સમજાય તો જ શિષ્ય થવાનું, એમ નહિ. પરંતુ વગર વાદે ય સામાન્ય રીતે કોઈના મુખથી એવું શાસ્ત્રવચન બોલાતું સાંભળવામાં આવ્યું કે જે સમજમાં ન ઊતર્યું, તો ય તે સમજવા તેના શિષ્ય થઈ જવાનું ! પછી તે સામો માત્ર પંડિત નહિ, પણ યોગી-સાધુ-સંન્યાસી હોય તો સંસારત્યાગ કરી જીવનભરના ય તેના શિષ્ય બનવામાં આંચકો નહિ !

વિદ્યાની ધગશ કેવી ? જેણે જડથી ભિન્ન પોતાના ચેતન આત્માને ઓળખ્યો એને ચેતનની અસાધારણ જ્ઞાનસંપત્તિ માટે અનન્ય ધગશ હોય એમાં નવાઈ નથી.

**ધનમૂર્ચ્છાથી એકેન્દ્રિય અવતાર :-**

બોલો, તમને તમારા ચેતન આત્માની ઓળખ છે ? જડ કરતાં એની જુદાઈ શાના ઉપર ? જડને જ્ઞાનસંપત્તિ નથી આત્માને જ્ઞાનસંપત્તિ છે એટલા જ માટે ને ? આત્માનું સ્વરૂપ જ જ્ઞાનસંપત્તિ પણ કર્મથી એ આવૃત્ત છે, માટે પ્રગટ દેખાતી નથી. તો એ પ્રગટ કરવા માટેની ધગશ કેટલી છે ? ધગશ છે અર્થ અને કામની ! જ્ઞાનની નહિ; કેમકે માન્યું છે કે 'જ્ઞાન વિના ચાલે, પણ પૈસા વિના નહિ.' કેમ બરાબર ને ? પરંતુ તમને ખબર નથી કે આ માથે મિથ્યાજ્ઞાન ચડી બેઠું છે એનો પ્રતાપ છે; ને એમાં જ તણાયા, અહીં તો હજી પાંચ ઇન્દ્રિયોથી થતું જ્ઞાન પ્રગટ રહ્યું છે, પણ અર્થકામના ગાઢ રાગ ગાઢ મૂર્ચ્છાના લીધે જરૂર પડ્યે જો મૂર્ચ્છામય એકેન્દ્રિય નિગોદનો અવતાર મળ્યો તો બાકીની ચાર ઇન્દ્રિયોથી થતું જ્ઞાન પણ જપ્ત થઈ જશે ! અને એકમાત્ર સ્પર્શનેન્દ્રિયની જ ચેતના પ્રગટ મળશે ! આ કારમી અર્થકામની મૂર્ચ્છાથી બચવું હોય તો જૈનશાસ્ત્રોનું આલંબન કરી જ્ઞાનસંપત્તિ બને તેટલી વધુ મેળવવાનો રોજ અથાગ પુરુષાર્થ કરતા રહો.

**મિથ્યાત્વનો કેફ :-**

હરિભદ્ર પુરોહિત એકવાર કેટલાય પાઠકો અને બ્રહ્મચારીઓના પરિવાર સાથે સુખાસનમાં નગરમાર્ગે જઈ રહ્યા છે, ત્યાં સામેથી તોફાને ચઢેલો હાથી ભાળ્યો, ચમક્યા ! માણસો ને જનાવરોને એ હાથી ભગાડી રહ્યો છે ! દુકાન મકાનોના દરવાજા તોડી રહ્યો છે ! એ કેઈક લોકોને ગભરાવી-રડાવી રહ્યો છે ! અને કેઈકને મૃત્યુના ભયથી ધ્રુજાવી રહ્યો છે ! આવા હાથીને જોતાં વિદ્વાન એવા પણ હરિભદ્ર ગભરાયા ! સુખાસનમાંથી ઝટ નીચે કૂદી બાજુના જિનમંદિરમાં પેઠો. ત્યાં શ્રી વીતરાગ પ્રભુની પ્રશમરસ નીતરતી મૂર્તિ જોઈ. પણ આ જૈન મંદિરમાં ઘૂસવાથી ગજરાજના ઝપાટામાંથી બચ્યા, એનો આભાર માનવાની તો વાત નહિ, પણ ઉપરથી મશ્કરીમાં એ વીતરાગની મૂર્તિ પરથી દેવાધિદેવ માટે હલકા શબ્દો બોલે છે. શાથી ? મિથ્યાત્વના લીધે. દૃષ્ટિરાગથી શુદ્ધ દેવતત્ત્વનાં સ્વરૂપ તરફ દૃષ્ટિ નથી.

માટે તો શાસ્ત્ર કહે છે ને કે

**'दृष्टिरागस्तु पापीयान् दुरुच्छेद सतामपि !'**

**દૃષ્ટિરાગ કેમ વધુ પાપિષ્ઠ :-**

અર્થાત્ રાગ ત્રણ પ્રકારના કામરાગ, સ્નેહરાગ, અને દૃષ્ટિરાગ; આત્મા પરથી એ ત્રણેય ઊખેડી નાખવા જેવા; પરંતુ એમાં દૃષ્ટિરાગ બીજા બે રાગ કરતાં



મોટા, સત્પુરુષ સંતપુરુષ મનાતાને માટે પણ ઉખેડી નાખવો ઘણો મુશ્કેલ ! એનું કારણ ? આ, કે કામરાગ-સ્નેહરાગ અને દુન્યવી વિષય અંગે હોઈ તેવો જોરદાર ઉપદેશ સાંભળી વૈરાગ્ય-ભાવના વધતાં નષ્ટ થવો સરળ છે; જ્યારે દૃષ્ટિરાગ એટલે તો અમુક મિથ્યાદર્શનનો દૃઢરાગ, મિથ્યા ધર્મનો દૃઢરાગ, દૃઢ અભિનિવેશ, એમાં મન માને છે કે 'આ જ સાચું દર્શન, આ જ સાચું તત્ત્વ, ને આ જ સાચો ધર્મ; બાકી બીજા બધાં દર્શન-તત્ત્વ-ધર્મ જુઠા.' આમ જ્યારે ધર્મ તરીકે એના પર રાગ કર્યો એટલે 'ધર્મ તો તારણહાર, માટે એ તો કોઈ પણ ભોગે ખોટો મનાય જ નહિ. અને બીજાં દર્શન-તત્ત્વ-ધર્મ એ તો જૂઠા એટલે મિથ્યાદર્શનરૂપ મિથ્યાધર્મરૂપ યાને અધર્મરૂપ છે, તેથી એ ગમે તેટલાં તર્ક-યુક્તિ-દૃષ્ટાંત બતાવે, પણ એને સાચા ધર્મરૂપ મનાય જ નહિ.' આ હોય છે દૃષ્ટિરાગની સ્થિતિ. એ શી રીતે ઊખડી શકે ?

**પંડિત અને વેદાન્તદર્શન :-**

અમારે ત્યાં એક પંજાબના પંડિત ભણાવવા આવતા. એ ન્યાયદર્શન ભણાવતા હતા, એમાં આત્મવાદ આવ્યો, ત્યાં વેદાંત દર્શનને માન્ય અદ્વૈત આત્માનું સ્વરૂપ ભણાવ્યું, પછી એના પર ન્યાયદર્શન તરફથી એનું ખંડન આવ્યું તે ભણાવ્યું.

વેદાંત દર્શન જગત્‌ને એક શુદ્ધ નિર્ગુણ નિર્ધર્મક અદ્વિતીય આત્મા યાને અદ્વૈત સ્વરૂપ જ માને, બાકી અનેક જીવાત્મા, અને પૃથ્વી પાણી વગેરે પંચભૂત વગેરે બધું ય મિથ્યા માને. 'બ્રહ્મ સત્યં, જગન્મિથ્યા' એમ એ કહે છે. એની પાછળ દલીલી તરીકે મુખ્ય તો વેદશાસ્ત્ર આગળ કરે છે. વેદશાસ્ત્ર અદ્વૈત-અદ્વિતીય-એક શુદ્ધ આત્મમય જગત્ કહે છે. બીજી દલીલમાં, જેમ સ્વપ્નમાં બધું દેખાય પણ તે મિથ્યા હોય છે, એમ પ્રત્યક્ષ દશ્યમાન બધા ય પદાર્થ મિથ્યા છે, પારમાર્થિક સત્ નથી. દૃષ્ટાંતમમાં જેમ અનેક તળાવડામાં ચંદ્રના અનેક પ્રતિબિંબ દેખાય; પરંતુ તે બધા મિથ્યા, સાચો ચંદ્ર એક જ, જે આકાશમાં દેખાય છે તે. એમ અવિદ્યા અને માયાવશ શુદ્ધ બ્રહ્મમાં પ્રતિબિંબિત યાને કલ્પિત અનેક જીવાત્મા છે તથા અનેક બંગલા બગીચા ધનમાલ વિષયો વગેરે છે એ બધું જ મિથ્યા છે. સાચો એક શુદ્ધ આત્મા છે, શુદ્ધ બ્રહ્મ છે. જીવ જ્યારે અવિદ્યાને અટકાવી આ દેખાતું અનુભવાતું કશું સત્ નહિ, એમ ચિંતન-મનન-નિદિધ્યાસન કરતાં કરતાં 'સત્ માત્ર શુદ્ધ બ્રહ્મ' એવા નિર્ણય પર આવે, શુદ્ધ બ્રહ્મ-સાક્ષાત્કાર કરે, ત્યારપછી ક્રમશઃ જીવ શિવ બને છે, શુદ્ધ બ્રહ્મરૂપ બની જાય છે.

**ન્યાયદર્શન દ્વારા વેદાંત-ખંડન :-**

વેદાન્તદર્શનની દલીલો સામે ન્યાયદર્શન ખંડન કરતાં કહે છે 'આત્મા એક જ નહિ પણ અનંત છે. જો એક જ આત્મા હોય, તો એક પુત્ર ને બીજો પિતા,

એક ગુરુને બીજો શિષ્ય, એક શુદ્ધ બ્રહ્મને સિદ્ધ કરનાર વાદી, બીજો એનું ખંડન કરનાર પ્રતિવાદી,...આમ ભેદ ન પડે. વળી જો બધું જ મિથ્યા છે તો સાચી ચાંદી અને બીજું કલાઈનું ચાંદી જેવું દેખાતું પતરું યાને મિથ્યાચાંદી, એમ બે ભેદ ન પડે. વળી જો મૂળ પાયામાં એક જ શુદ્ધ આત્મા જ સત્ છે, ને બીજું કશું સત્ નથી, બીજું બધું અસત્ જ છે, તો અસત્થી સત્માં કોઈ વિચાર કોઈ પરિણામ કોઈ વિવર્ત થઈ શકે નહિ. ફલતઃ સંસાર જ અનુપપન્ન અઘટમાન બની જાય ! જો અસત્ની અસર સત્ ઉપર થતી હોય તો તો આકાશકુસુમથી વાતાવરણ મઘમઘાયમાન થઈ જવું જોઈએ ! અશ્વશ્રૃંગથી પેટમાં કાણું પડી જવું જોઈએ ! પણ એવું કશું થતું નથી. એ બતાવે છે અસત્થી કશું કાર્ય ન થઈ શકે, તો અસત્ માયાઅવિદ્યાથી બ્રહ્મ પર કશું કાર્ય કશી અસર કેમ જ થઈ શકે ? એટલે વાસ્તવમાં બ્રહ્મ પણ સત્ છે, અને જીવાત્મા તથા જગત પણ સત્ છે.

**પંડિતની વેદાન્તશ્રદ્ધા દૃષ્ટિરાગ :-**

આમ ન્યાયદર્શન વેદાન્ત દર્શનનું તર્ક પૂર્વક ખંડન કરે, એ પેલા પંડિતજી ભણાવે ખરા; પણ પોતાને વેદાન્તની શ્રદ્ધા એટલી બધી કે ભણાવ્યા પછી કહે 'દેખિયે મહારાજ ! ઈસસે ક્યા વેદાન્તકા ખંડન હો સકતા હૈ ? ઐસે તો જગતમેં તર્કકી અપેક્ષા કુતર્ક બહુત હૈ ઈસસે વેદશાસ્ત્ર-કથિત અદ્વૈત સત્યકા ખંડન કભી નહી હો સકતા !' આટલું બોલતાં બોલતાં તો પંડિતજીનું મોં લાલ લાલ થઈ જાય.

આ શું ? દૃષ્ટિરાગ. પોતાને વેદશાસ્ત્ર અને વેદાંત અદ્વૈતદર્શન પર શ્રદ્ધા બેસી ગઈ, અને તે પણ ધર્મ તરીકે, પછી સામે ગમે તેટલી યુક્તિ-તર્ક-દૃષ્ટાંત આવે તો ય એની કિંમત નહિ ગણવાની, અને પોતે જે માન્યું તે જ પકડી રાખવાનું. દૃષ્ટિરાગની આ સ્થિતિ હોય છે.

**હરિભદ્ર દૃષ્ટિરાગમાં શું ભૂલ્યા ? :-**

હરિભદ્ર બ્રાહ્મણ પહેલાં આ દૃષ્ટિરાગમાં ફસેલા હતા એટલે વીતરાગની મૂર્તિ એ તો જૈનોના ઇષ્ટદેવની મૂર્તિને ? તેથી ધરાર મૂર્તિ પર રાગ-દ્વેષ વગેરેનાં કોઈ ચિન્હ નથી છતાં એ નહિ જોયું, અને મૂર્તિનું તગડાપણું જોયું, ને એના પર મશ્કરીમાં દેવની મીષ્ટાન્ન ખાતર તરીકે સ્તુતિ કરે છે !

**વીતરાગની મશ્કરી :-**

હરિભદ્ર બ્રાહ્મણ તો ગુમાનમાં છે, મૂર્તિ તરફ જોઈ મશ્કરીમાં કહે છે કે

**'वपुरेव तवाऽऽचष्टे स्पष्टं मिष्टान्न-भोजिताम् ।**
**नहि कोटरसंस्थेऽग्नौ तरुर्भवति शाड्वलः ॥'**

'તારું શરીર જ સ્પષ્ટ કહે છે કે તું મિઠાઈ ખાનારો છે;' એટલે ? ભગવાનને



એ કહે છે કે 'તમારું શરીર એવું લષ્ટ પુષ્ટ છે, ચકચકતું છે, કે લાગે છે કે તમે રોજ મિઠાઈ ખાતા હશો. મીઠાં ભોજન વિના લુખ્ખા ભોજનથી કે તપસ્યાથી આવાં રંગીલાં શરીર હોય નહિ.' એમાં એ દૃષ્ટાંત આપે છે કે 'વૃક્ષમાં અગ્નિ હોય તો વૃક્ષ લીલાંછમ હોય નહિ. એમ જો સુક્કા લુખ્ખાં ભોજન હોય તો માનવું જ પડે કે, શરીર લીલુંછમ તાજું-તગડું હોય નહિ.'

શું કહે છે વીતરાગ દેવ માટે ? 'તમે લાડુ-મિઠાઈ ખાનારા છો, તેથી તમારી લષ્ટ-પુષ્ટ કાયા છે !'

જુઓ વિદ્વત્તાનું અભિમાન અને મિથ્યામાર્ગનો અભિનિવેશ આત્માને કેટલો બધો નીચી હદે લઈ જાય છે કે વીતરાગ પરમાત્માની પણ મશ્કરી કરાવે છે ! તમે પૂછશો કે

**પ્ર.-** પરંતુ એ ઈતર ધર્મી હોવાથી દેવને વીતરાગ ભગવાન તરીકે ક્યાં ઓળખે છે ?

**ઉ.-** અહીં વિચારવા જેવું છે કે જ્યારે મૂર્તિને લષ્ટપુષ્ટ તરીકે જો એ જોઈ શકે છે, તો મૂર્તિ પર રૌદ્ર આંખ, શસ્ત્ર-ગ્રહણ, સ્ત્રી-સંબંધ, વગેરે નથી એ શું પુરોહિત નથી દેખી શકતો ? તેથી ઈતર દેવોની મૂર્તિ પર એ હોવાથી એમનામાં સરાગિતા હોય, અને આ જિનેન્દ્ર-મૂર્તિ પર એ કશું જ ન હોવાથી વીતરાગતા હોય એ શું ન સમજી શકે ?

પરંતુ વાત એ છે કે અભિમાન અને મિથ્યાત્વનો અંધાપો એ જોવા જ ન દે, એ તો એવું જ દેખાડે કે જેથી મિથ્યાત્વ અને અભિમાનની પુષ્ટિ થાય.

**સંસારની આ દુર્દશા છે કે તમે જેવા અશુભભાવમાં રમતા હો, પછી કોઈ પદાર્થ કે પ્રસંગ એ ભાવની દૃષ્ટિથી જોવાય છે, એ ભાવથી નવાજાય છે, અને પરિણામે એ મલિન ભાવની પુષ્ટિ થાય છે.**

દા.ત. મનમાં દ્વેષ ને ગુસ્સાનો ભાવ છે અને સામે અનિષ્ટ વસ્તુ આવી યા અનિષ્ટ પ્રસંગ બન્યો, તો ત્યાં એને પેલી દ્વેષના ભાવની દૃષ્ટિથી નિહાળવાનું થાય છે, અને એમાં આંતરિક દ્વેષ-ગુસ્સાનો ભાવ વધી જાય છે, પુષ્ટ થાય છે...માટે તો કહે છે ને કે 'નબળો માટી બૈયર પર શૂરો',... 'ધણીના વાંકે શોક્યનો ખાટલો બગાડે.' આમાં શું કહેવું છે ? આ જ, કે દા.ત. શેઠે નોકરને ધમધમાવ્યો એટલે નોકરને દિલમાં દ્વેષ-ગુસ્સાનો ભાવ ઊભો થાય છે. પછી એ ઘરે ગયો ત્યાં હવે એ દ્વેષની દૃષ્ટિ સાથે છે, એટલે એ દ્વેષ-દૃષ્ટિથી પત્નીનો કશો ગુનો નહિ કે મામૂલી ગુનો હોવા છતાં એના એક નાના બોલ કે વર્તાવ પર પેલો ધમધમાટ કરશે ! અને એમાં દ્વેષના ભાવને પુષ્ટ કરશે ! એમાં વધારો કરશે ! એથી ઊલટું,

**શુભ ભાવની દૃષ્ટિથી જોતાં શુભ ભાવ પુષ્ટ થાય.**

જો હૃદયના ભાવ સારા મૈત્રી, કરુણા, યા ગુણાનુરાગ વગેરેના હશે, તો દુન્યવી અણગમતા પ્રસંગને એ ભાવની દૃષ્ટિથી જોશે, અને એમાં એ શુભ ભાવને પુષ્ટ કરશે.

દા.ત. નોકરના હાથે કાંક બગડ્યું ત્યાં જો શેઠને મૈત્રીનો ભાવ હૈયે રમે છે, તો નોકરના એ કાર્યને મૈત્રીભાવની દૃષ્ટિથી જોશે, પછી એને સહાનુભૂતિ દેખાડશે, કહેશે 'ચિંતા ન કરીશ. એમ તો મારા હાથે ય બગડે' અને એમાં પાછો મૈત્રીભાવ વધારશે.

હરિભદ્ર પુરોહિતને આવું બન્યું છે. દિલમાં મિથ્યાત્વ હતું એટલે જૈન ધર્મ પર દ્વેષ છે, આથી વિદ્વત્તાનું અભિમાન છે, એટલે જિનેન્દ્ર મૂર્તિને એ મિથ્યાત્વ-અહંકારના ભાવની દૃષ્ટિથી જુએ છે. તેથી મૂર્તિ પર રાગ-દ્વેષના કોઈ ચિન્હ નથી એ એનાથી નથી દેખાતું પણ મૂર્તિનું તગડાપણું દેખે છે ! તેથી મશ્કરી કરીને પોતાના અભિમાન અને મિથ્યાત્વને પુષ્ટ કરે છે.

આ પરથી બહુ બોધ લેવા જેવો છે કે હૈયામાં તેવા વધુ પડતા અસત્ રાગ, વધુ પડતા દ્વેષ, મદ, ઈર્ષ્યા, કામ-ક્રોધ-લોભ વગેરે દુષ્ટ ભાવોને સ્થાન જ નહિ આપવાનું; નહિતર એ એકેકની પાછળ તેવી તેવી દૃષ્ટિ બની જવાથી બીજા પ્રસંગોને એ દૃષ્ટિએ મૂલવવાનું થશે, ને તેથી એ દુષ્ટભાવો પુષ્ટ થશે...

દા.ત. મનમાં અભિમાન રહ્યાથી પછી ગુરુ કાંઈક સારું ય કહેશે તો પણ પેલી અભિમાનની દૃષ્ટિથી જોવાનું ઊભું થશે !

**અભિમાનની દૃષ્ટિએ બાપ પર ઘા :-**

સમરાદિત્યનો જીવ બીજા ભવે સિંહરાજા વૈરાગ્ય પામી પુત્ર આનંદને રાજ્યગાદીએ બેસાડવા બોલાવે છે; ત્યારે પુત્ર અભિમાનનો ભરેલો છે તે બાપના આ વચનને અભિમાનની દૃષ્ટિથી જોઈ વિચારે છે ! 'શું હું આમ દયાદાનથી રાજ્ય લઉં ?' એમ વિચારીને બાપ પાસે જતો તો નથી, પણ અભિમાન વધ્યું તે, બાપ પોતે સામે ચાલી એને સમજાવવા માટે આવ્યા, તો બાપના શરીર પર એ તલવારનો ઘા ઝીંકી દે છે ! અભિમાનના દુષ્ટભાવની દૃષ્ટિ બાપના સહર્ષ રાજ્ય પ્રદાન પર ઊતરી તે એને દયાદાન સમજે છે !...

એમ, જો અતિ કામવાસનાનો દુષ્ટભાવ દિલમાં આવ્યો, તો સુશીલ સતીસ્ત્રીનાં દર્શનને પણ એ દૃષ્ટિથી મૂલવશે. પરિણામ ? એ સ્ત્રીની સુશીલતા, પવિત્રતાની અનુમોદના કરવાને બદલે એની આંખ વગેરે અંગોપાંગ પર મોહિત થશે, ને એમ કરવાથી વાસનાને વધુ પુષ્ટ કરશે...એમ વધુ પડતા લોભ-મમત્વ-



આસક્તિના દુષ્ટભાવ હૃદયમાં જામી પડ્યા, તો પછી દુનિયામાં કાંઈ પણ દેખાશે ત્યાં એની જ દૃષ્ટિથી જોવાનું કરશે.

**અહીંના એક દોષ પરલોકે બીજા દોષોને ઉત્તેજે છે ! :-**

આત્માના દોષોનું કામ ભૂંડું છે. એક ઠેકાણે કોઈ દોષ જામી પડ્યો, તો અવસરે એના સંસારમાં બીજે ઠેકાણે પણ એ બીજા દોષોને ઉત્તેજિત કરશે ! દા.ત. રાત્રિભોજન મજેથી કરે છે ત્યાં એના પર આસક્તિદોષ લાગી ગયો હવે એના પર બીજા દોષમાં

**"તિંહા રાત્રિભોજન કરતાં થકા રે લો, માંજર ઘુવડ અવતાર જો;"**

એ હિસાબે જો બિલાડીનો અવતાર મળ્યો તો એ રાત્રિભોજનનો આસક્તિ-દોષ ત્યાં રાત્રે શું, કે દિવસે, ઉંદર વગેરે પંચેન્દ્રિય જીવતા જીવોનાં ભક્ષણ પર પહોંચી જાય છે. એક જ હિસાબ કે મનુષ્યભવે આસક્તિ-દોષ પોષ્યો છે તો હવે આસક્તિની દૃષ્ટિએ જોવાનું બને છે, પછી વિષય ગમે તે. મનુષ્ય જનમમાં રાત્રે માત્ર અન્નાહાર-શાકાહાર પર અતિ આસક્તિ-દોષ પોષ્યો હતો, પરંતુ હવે ગિરોલી-બિલાડીના અવતારે પોતાના શિકાર પર ભોજનની આસક્તિની દૃષ્ટિથી જોવાનું બને છે. અહીં વિષય ફરી ગયો અન્ન ને બદલે પંચેન્દ્રિય જીવતા જીવ આસક્તિના વિષય તરીકે આવ્યા, પરંતુ આસક્તિ-દોષ એનો એજ રહ્યો.

**ચંડકોશિક થવામાં કારણ : પૂર્વે ઈજ્જત પર આસક્તિ અને જાત પર અભિમાન :-**

ચંડકોશિયાના જીવ પૂર્વે સાધુને પોતાના માન-સ્વમાન-ઈજ્જત પર આસક્તિ રહી 'મેં દેડકી મારી એ કબૂલું તો મારી સારા સાધુ તરીકેની ઈજ્જત જાય,' એમ ઈજ્જત પર આસક્તિ રાખી નાના સાધુએ ૩-૩ વાર યાદ કરાવ્યું કે 'ગુરુ આગળ દેડકી કચડાયાની આલોચના-પ્રાયશ્ચિત્ત કરો છતાં એ ધ્યાન પર ન લેતાં એણે સાધુ પર ગુસ્સો કર્યો ! તો પરિણામ કેવું ? મરીને જ્યોતિષી દેવ થઈ તાપસ કુલપતિ થયો. ત્યાં તાપસ આશ્રમના ફળોથી લચબચતી વાડી મળી, એના પર તીવ્ર આસક્તિની દૃષ્ટિથી જોતો થયો. એના પર આસક્તિ એવી કે જો એમાંનાં ફળ કોઈક તાપસે પણ લઈને ખાધાં, તો એના પર ગુસ્સો કરી એને દંડી ઠોકવાની વાત ! આસક્તિની સાથે ગુસ્સાનો દોષ પણ લઈને આવ્યો છે ને ? એમ આસક્તિ અને ગુસ્સાથી વારે વારે ઠોકતાં તાપસો આશ્રમ છોડી ચાલતા થઈ ગયા, તો એની આને પરવા નહિ, પરંતુ વાડીના ફળો પર આસક્તિ ઊભી રહી !

**ક્રોધ-આસક્તિ કેમ ભૂંડા ? :-**

સાધુ-જીવનમાં ક્યાં ફળ ઉપર આસક્તિ કરી હતી ? ના, છતાં રાગ-

આસક્તિ-ક્રોધ વગેરે દોષ એવા ભૂંડા છે કે એનું એક જ બાબત કે એક જ વિષય સાથે બંધારણ નથી, બંધન નથી. સંયોગ પલટાય તો એ જ ભવમાં અથવા બીજા ભવે બીજા વિષય પર એ દોષ પહોંચી જાય છે. સાધુ અવતારે સ્વમાન પરની આસક્તિ, એ તાપસ અવતારે વાડીના ફળો પર જામી પડી ! પૂર્વે નાના સાધુ પરનો ગુસ્સો, અહીં તાપસો અને વાડીના ફળ તોડી ખાનારા કુમારો પર પહોંચી ગયો. એટલે દોષને વિષયનો નિયમ નથી કે એક જ વિષય પર એ લાગ્યો રહે, એ તો બીજા બીજા વિષય પર પણ પહોંચી જાય.

**સ્વસ્ત્રીમાં સંતોષ કેમ ? :-**

માટે જ જ્ઞાનીઓ સદાચારી માણસોને સ્વસ્ત્રીમાં પણ અતિ આસક્તિ અતિ કામરાગ કરવાની મનાઈ કરે છે; કેમકે જો એમાં અતિ આસક્તિ કરી, તો કાલાન્તરે એ આસક્તિ પરસ્ત્રી ઉપર પણ ઊતરી જવા સંભવ છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"　　વર્ષ-૩૧,અંક-૧૦,તા.૧૩-૧૧-૧૯૮૨**

અતિ આસક્તિને એક જ વિષયનું બંધારણ નથી, વિષય બીજો આવ્યો, તો એના પર આસક્તિ જામી પડશે. બહુ આસક્તિ રાખી એટલે આસક્તિની દૃષ્ટિ ઊભી થઈ. પછી બીજા વિષયો પર પણ એ જ દૃષ્ટિએ જોવાનું કરાય છે. આમ આત્માના આસક્તિ વગેરે દોષ ભૂંડા. એટલા જ માટે આ બુદ્ધિ-શક્તિવાળા માનવ અવતારે આ સાવધાની રાખવાની છે કે શું આસક્તિ કે શું અભિમાન, શું કામ કે શું ક્રોધ, શું લોભ કે શું માયા, એ ધર્મ સમજ્યા પછી અલબત હમણાં ને હમણાં નષ્ટ ન કરી શક્યા, તો પણ એના પર પાકો અંકુશ રાખવો જોઈએ; જેથી એનો અતિરેક ન થઈ જાય, એ બેફામ ન પ્રવર્તે. કહે છે ને કે

**'અતિ સર્વત્ર વર્જયેત્' સર્વત્ર એટલે દોષમાં, પણ ગુણમાં નહિ.**

'સર્વત્ર' એટલે કે એક એક દોષમાં અતિપણું તજવું. આ સૂત્ર ગુણમાં ને ધર્મમાં નહિ લગાવવાનું. સદ્ગુણ કે ધર્મ તો જેટલો વધારીએ એટલો સારો. પછી એ અતિ થાય તો ય સારો. દયા ક્ષમા બહુ વધારતા આવડે છે તો વધારો. એમાં નુકસાન નથી. મહાવીર ભગવાને દયા વધારી દીધી તો પાપિષ્ઠ સંગમ દેવતા પર પણ એમને દયાના આંસુ આવ્યા ! ક્ષમા વધારી દીધી, તો વારે વારે ડંસ મારનાર ચંડકોશિયા પર પણ અતિશય ક્ષમા લાવ્યા ! તે ડંસથી પોતાના પગની ચામડી ફાટી, સફેદ દૂધ જેવું લોહી નીકળ્યું, છતાં ક્ષમાથી ત્યાં જ ઊભા રહ્યા ! શું આ અતિદયા-અતિક્ષમા પ્રભુએ કરી તે ખોટી ? ના, પ્રભુના ગુણને ખોટા કહેવાય



નહિ. આપણી મૂઢતાથી આપણને લાગે કે 'આવા દુષ્ટ સંગમ-ચંડકોશિયા-ગોવાળિયા પર છતી શક્તિએ આટલી બધી અતિશય દયા અને ક્ષમા ખોટી,' પરંતુ એમ માનવું એ મૂઢતા છે. ગુણ અને ધર્મમાં તો શક્તિ હોય તો એને ખૂબ વધારો, ખૂબ વધારો. ત્યાં 'અતિ સર્વત્ર વર્જયેત્' સૂત્ર નહિ લગાડવાનું. કોઈ વધારે ધર્મ કરે ત્યાં આ સૂત્ર લગાડવાની મૂર્ખાઈ ન કરતા. એ સૂત્ર તો આત્માના વિવિધ દોષ અંગે લગાડવાનું; અને એ લગાડીને જીવનમાં કામ-ક્રોધ-લોભ-મદ-માયા-આસક્તિ વગેરે એકેક દોષ પર અંકુશ રાખવાનો, અને અતિરેકમાં નહિ જવા દેવાનો; નહિતર અતિશય સેવેલ એ કામ વગેરે એકેક દોષ પછીથી ગમે તે ગમે તે વિષય પર પહોંચી જશે.

**અતિ સેવેલો દોષ પછીથી બીજા વિષય પર પણ પહોંચી જાય છે.**

રુક્મિ રાજાપણામાંથી સાધ્વી થઈ અને ગુરુ સાથે અતિશય માયા રમી, તો પછી લાખ ભવ સ્ત્રીના અવતારમાં જેની તેની સાથે માયા રમતી થઈ ગઈ. અહીં સમજવાળા અક્કલવાળા માનવ અવતારે કોઈ દોષ ઊભો કર્યો, અતિશય એ દોષ સેવ્યો, એટલે એની દૃષ્ટિ ઊભી થઈ જાય છે. પછી ગમે તે વિષય સામે આવો પણ એ દોષની દૃષ્ટિ ઊભી થઈ જવાથી એ દૃષ્ટિથી જ જોવાનું થાય છે.

હરિભદ્ર પુરોહિતને મિથ્યાત્વ અને અભિમાન નડે છે તેથી વીતરાગ ભગવાનની મૂર્તિ જોવા મળી તો મૂર્તિ પરના વીતરાગતાના ચિન્હ જોવા તરફ દૃષ્ટિ ન ગઈ ! અને મિથ્યાત્વ અને અહંકારની દૃષ્ટિથી મૂર્તિની અર્થાત્ દેવના શરીરની લષ્ટ-પુષ્ટતાને જોવાનું કર્યું ! અને વીતરાગની મશ્કરી કરવાનું કર્યું કે 'દેવ ! તમે તો માલપાણી ઉડાવતા લાગો છો !'

કેવી કમનસીબી ! આલંબન ઊંચામાં ઊંચુ મળે છતાં દૃષ્ટિ મલિન હોય તો મલિન દૃષ્ટિથી એને ખરાબ રીતે મૂલવવાનું થાય છે.

**વીતરાગને વિષયદાતા તરીકે મૂલવાય ? :-**

પુરોહિતને દૃષ્ટિ મિથ્યાત્વ અને અહંકારની, તેથી ઊંચામાં ઊંચા વીતરાગદેવને પણ મશ્કરીના પાત્ર બનાવવાનું કર્યું ! તમે વીતરાગની મશ્કરી તો નથી કરતા, પરંતુ જો દૃષ્ટિ વિષયાસક્તિની, તો વીતરાગને પણ વિષયદાતા તરીકે મૂલવવાનું કરો ને ? 'વીતરાગ પ્રભુની પૂજા ભક્તિ કરું, ને પ્રભુ મને બે પૈસે સુખી રાખે, સારી પત્ની આપે, છોકરા આપે,'...આવી આવી આકાંક્ષા રહે ને ?

કેવી દુર્દશા ! આલંબન તો એવા વીતરાગ પ્રભુનું મળ્યું કે જે આત્માના જુગજુના જટિલ રાગદ્વેષ-મોહ-આસક્તિ અને કષાયોના દોષોને નામશેષ કરી આપે ! પણ નાદાન મૂઢ જીવ વીતરાગને એ રીતે ભજવાને બદલે વિષયાસક્તિની દૃષ્ટિથી

વિષયદાતા તરીકે ભજે છે ! એટલે જ વીતરાગને ભજવા છતાં પોતાની પત્ની કે પુત્ર જો વૈરાગ્યની વાત કરે છે, જો ચારિત્ર લેવાની વાત કરે છે, તો એના પર દ્વેષ-ગુસ્સો થાય છે !

**વીતરાગને ભજનારો વીતરાગના માર્ગે જવા ઇચ્છનાર પર દ્વેષ કરે ?**

**પરંતુ પોતે વીતરાગને વૈરાગ્યદાતાની દૃષ્ટિથી ને વીતરાગ બનાવનારની દૃષ્ટિએ ભજતો જ નથી, વીતરાગને વિષયદાતા તરીકે ભજે છે તેથી વિરાગી પુત્ર પર દ્વેષ કરે છે.**

'પ્રભુ મને વિષયો સારા અપાવે' એવી માત્ર વિષયાસક્તિની દૃષ્ટિથી વીતરાગને ભજે છે, એટલે નથી તો પોતાને વીતરાગના માર્ગે જવાની ને વૈરાગ્ય પામવાની તમન્ના, કે નથી બીજાના વૈરાગ્યને સહન કરવાની તૈયારી.

હરિભદ્ર પુરોહિતની મિથ્યાત્વ અને અહંકારની દૃષ્ટિ, વીતરાગની મૂર્તિ પરના વીતરાગતાના ચિન્હ સ્પષ્ટ દેખાવા છતાં, એ જોવા તરફ આંખ મિંચામણાં કરાવે છે, અને લષ્ટ પુષ્ટતા જોવા તરફ ડોળા પહોળા કરાવી વીતરાગની મશ્કરી કરાવે છે !

**સંઘસભામાં બહાદુરો બૈરી આગળ ? :-**

પુરોહિતે અહીં તો અભિમાનની બહાદુરી દેખાડી, પરંતુ એ જોવું ભૂલી ગયા કે 'બહારમાં વિફરેલા તોફાની હાથી સામે કેવા ગભરાઈ જઈ દીન બનીને પોતાને અનિષ્ટ પણ જૈન મંદિરમાં ઘૂસી જવું પડ્યું હતું !' આ સંસારમાં આવું જ છે. આજે સંઘની જનરલ સભાઓમાં દેખાય છે ને કે જે માણસો ઘરવાળી આગળ ને શેઠ આગળ ગરીબ ગાય જેવા હોય છે, એ સંઘસભામાં બહુ રોફથી ને જોરશોરથી બોલતા હોય છે. કારણ ? એમ સમજી બેઠા હોય છે કે 'ધર્મખાતું એટલે જાણે બોડી બ્રાહ્મણીનું ખેતર ! અહીં ગમે તેટલો રોફ મારો, પાવર ચલાવો, કોઈની તાકાત નથી આપણને રોકી શકે.' પરંતુ ધ્યાનમાં રાખવાનું છે કે

**ધર્મસ્થાન અને ધર્મક્ષેત્રની રખેવાળ કર્મસત્તા છે.**

તમે ધર્મસ્થાન એટલે કે દેવગુરુ મંદિર-ઉપાશ્રય-શાસ્ત્ર, ને ધર્મક્ષેત્ર એટલે કે રત્નત્રયી, દાન-શીલ...દયાદિ ધર્મક્રિયાઓ, ધર્મસાધનાઓ, એ બધા પર હૈયે અનન્ય શ્રદ્ધા બહુમાન રાખી એમની આશાતના ટાળી, વિધિસર એમને સેવો, તો કર્મસત્તા મોટાં અનુત્તર વિમાનમાં જન્મ સુધીના ઈનામ આપે છે ! ને જો એનાથી ઊલટી રીતે ચાલ્યા તો મોટી નરક-નિગોદ સુધીની સજા કરે છે ! માટે ભૂલેચૂકે ધર્મસ્થાન અને ધર્મક્ષેત્રને નધણિયાતા સમજતા નહિ.

**શાસ્ત્રો ગુરુને આગની ઉપમા આપે છે !**



આગ સાથે ડહાપણથી વર્તો તો ઠંડી ઉરાડે, ને રસોઈ પકાવી આપે. પરંતુ એની સાથે ચેડાં કરો, એમાં હાથ ઘાલો, તો એ બાળી નાખે ! એમ ગુરુ સાથે વિનય-બહુમાન-આમન્યાથી વર્તો તો સારું આત્મહિત પામી જાઓ; પણ જો અવિનય-ઉદ્ધતાઈથી વર્તવારૂપે એમની સામે ચેડાં કરો, તો હિત પામવાનું તો દૂર, કિન્તુ કર્મસત્તા દીર્ઘ દુર્ગતિઓની જેલમાં જ પૂરી દે ! આ ગોખી રાખો,

**દેવાધિદેવ અને ગુરુની અવગણના-અવિનય-અનાદરથી દીર્ઘ દુર્ગતિઓની જેલોમાં પુરાઈ જવું પડે છે.**

આ જેલો કેવી ? અહીંની જેલમાંથી હજી વહેલું છુટવાનું બને, છુટ્યા પછી સારું કરવાની તક પણ મળે, પરંતુ દુર્ગતિઓની જેલમાંથી કોઈ વહેલું છોડાવનાર નથી; તેમ ત્યાં કોઈ સારું સુકૃત કરવાની તક પણ નથી.

એટલા જ માટે દેવાધિદેવની ભક્તિ તો અવશ્ય કરવાની, પરંતુ સાથે સાથે લેશ પણ આશાતના અવગણના ન થાય એની જાગૃતિ રાખવાની; અને ગુરુની સાધુની પણ વિચારથી ય લેશમાત્ર અવગણના-અનાદર-અશાતના ન થાય એ ખાસ જોતા રહેવાનું. એવું જ દેવાધિદેવ અને ધર્મ પ્રત્યે લેશ પણ સૂગ ન કરાય.

જુઓ અહીં આ પ્રસંગથી એક બહુ મહત્ત્વની વાત સમજી લેવા જેવી છે, દેવાધિદેવ પ્રત્યે કે ગુરુ-સાધુ પ્રત્યે યા દાનાદિ, અહિંસાદિ, કે ક્ષમાદિ ધર્મ, અથવા જિનભક્તિ-સાધુ સેવાદિ કોઈ પણ એક ધર્મની પ્રત્યે સૂગ-અભાવ-અવગણના સેવાય તો એનાથી દુર્લભબોધિપણાનું કર્મ ઊભું થાય છે, અને એ કર્મ ભવાંતરે ધર્મ દુર્લભ કરી દે છે. તે ત્યાં સારામાં સારા ધર્મ-પ્રાપક સંયોગો માલ્યા હોય તો ય દિલને ધર્મ રુચવા જ ન દે, એ પણ સમજી રાખવાનું છે કે

**દેવ-ગુરુ-ધર્મની આ સૂગ-અવગણના-અભાવ ભલે નાના સ્વરૂપમાં ય હોય તો ય તે જીવને દુર્લભબોધિ બનાવે છે.**

**મેતારજ કેમ દુર્લભબોધિ ? :-**

આનો જ્વલંત દાખલો મેતારજ મુનિનો છે. પૂર્વ ભવે એમણે ગુરુ પર સહેજ અભાવ કરી દુર્લભ-બોધિપણાનું કર્મ બાંધેલું, તે હવે અહીં જુઓ કેવા બેહાલ કરે છે ! મેતારજ મોટા શેઠના દીકરા બની બેઠેલા, અને પોતે જ પૂર્વના દેવભવમાં જ્ઞાનીના વચનથી પોતાનું દુર્લભબોધિપણું (અર્થાત્ ધર્મ જલ્દી નહિ પામવાપણું) જાણીને મિત્ર-દેવતાને આગ્રહથી કબૂલ કરાવી આવેલા કે 'એ દેવતાએ એમને અહીં પ્રતિબોધ કરવા આવવાનું અને ગમે તે ઉપાય કરીને પ્રતિબોધ કરવા આવવાનું અને ગમે તે ઉપાય કરીને પ્રતિબોધ કરવાનો.' આ કબૂલાતની રૂએ દેવતા પ્રતિબોધ કરવા આવ્યો ય ખરો, ઓળખ આપી પૂર્વનું બધું યાદ પણ

કરાવ્યું, ને સંસાર છોડવા કહ્યું, 'મેતારજે પોતે જ દેવલોકમાં એ પોતાના સંસાર-ત્યાગનો કોલ માગી લીધેલો' વગેરે ખૂબ સમજાવ્યું, છતાં મેતારજને કેમે ય બોધ લાગ્યો નહિ ! હવે ડંડા મારવા જેવો ઉપાય પણ દેવતાએ કર્યો, છતાં ન બુઝ્યા !

**મેતારજને દેવતાનો ડંડો :-**

મેતારજ આઠ નગરશેઠિયાની કન્યાઓને પરણવા દેવતાની ના છતાં વરઘોડે નીકળ્યા છે. ત્યાં દેવતાએ એનો બજાર વચ્ચે મોટો ફજેતો કર્યો ! મેતારજ નીચગોત્ર કર્મના ઉદયે જે ભંગણીના પેટમાં આવેલા, એ ભંગણીના શરીરમાં પ્રવેશ કર્યો, પછી એ ભંગણી ધુણતી ધુણતી બજાર વચ્ચે વરઘોડામાં ઘૂસીને ઘોડા પર બેઠેલા મેતારજના લટકતા પગને પકડી બોલી 'પિટ્યા ! મારા પેટના ! તારે વાણિયાની દીકરીઓ અભડાવવી છે ? ઉતર હેઠો ! બસ, ત્યાં હો-હા થઈ વરઘોડો વિખરાઈ ગયો...શેઠિયાઓ સમજ્યા કે 'શેઠાણીને તો મરેલા છોકરા જ જનમતા હતા તેથી નક્કી આ ભંગણીનો દીકરો જ પોતાના તરીકે રાખી લીધેલો ! એમ કરી શેઠિયાઓ પોતાની કન્યાઓને લઈને લગ્ન બંધ રાખી ઘરે બેસી ગયા ! મેતારજ વીલું મોં કરી ઘરના ખૂણે લમણે હાથ દઈ બેસી ગયો. દેવતાએ મેતારજને દીક્ષા લેવરાવવા આ ડંડા મારવા કરતાં ય કેટલી મોટી વિટંબણા કરી ! છતાં પછી દેવતા આવી કહે, 'કેમ પરણી લીધું ? ચાલ ઊઠ, આમે ય ફજેત થયો છું ને હવે તને આ શું, બીજી સામાન્ય કન્યાઓ ય મળે એવી નથી, તો ઊઠ દીક્ષા લઈ લે; તો શું મેતારજ બૂઝ્યા ? ના.

મેતારજ પૂર્વનું દુર્લભબોધિ કર્મ લઈને આવેલ, તે એને આટલું થવા છતાં ધર્મ શાનો સૂઝે ? એ દેવતાને કહે છે.

"તે આ બેઆબરું સ્થિતિમાં દીક્ષા લઉં ? તો લોક મને ફિટકારે કે 'જોયું ? બાયડી ન મળી એટલે બાવા થયા, લો જુઓ બહુ સારા સાધુ ભંગણીના દીકરા !"

દેવતા કહે 'તો બોલ, આબરૂ પાછી લાવી આપું, અરે વધારી સવાયી આબરૂ કરી આપું તો પછી તો દીક્ષા લઈશ ને ?'

મેતારજ કહે 'એમ થાય તો જોઈશ.'

જુઓ, સવાયી આબરૂ થાય તો ય **'જોઈશ'** એમ કહે છે, પણ **'દીક્ષા લઈશ'** એમ નથી કહેતો. કેમ ! દુર્લભબોધિપણાનું કર્મ અને દીક્ષાની રુચિ જ નથી થવા દેતું.

**મેતારજ દુર્લભબોધિ કેમ થયેલા ?**

મેતારજ પૂર્વ ભવે પોતે પુરોહિતતા પુત્ર, તે રાજપુત્રની સાથે મુનિઓની મશ્કરી કરતા હતા, એમાં રાજપુત્રના કાકા-મહારાજની મશ્કરી કરવા ગયા, તો



મહારાજે પહેલેથી શરત કરી, અને શરતનો ભંગ થતાં બંનેના સાંધામાંથી હાડકાં ઉતારી નાખી ચાલી ગયા. પછી રાજકુમારનો પિતા જે મુનિરાજનો પોતાનો નાનો ભાઈ ને પોતે ઉછેરીને રાજા બનાવેલો, એ માફી માગતો અને દયાની પ્રાર્થના કરતો આવ્યો, તો આવીને બંને છોકરાને સાધુ બનવાની શરતે હાડકાં ચડાવી આપ્યાં, ને સાધુ બનાવ્યા. આમાં મેતારજનો જીવ જે પુરોહિત પુત્ર, એ બ્રાહ્મણપણામાંથી સાધુ થયેલા, તે એમને સાધુ થયા પછી મિથ્યા વૈદિકધર્મ કરતાં તો આ જૈન ચારિત્રધર્મ સારો લાખ ગુણો ચડિયાતો લાગેલો ! એટલે ખુશી ખુશી થઈને એવું સુંદર ચારિત્ર પાળ્યું કે પછી ત્રણ ભવમાં સંસારનો અંત આવી જાય.

**આમ છતાં દુર્લભબોધિ કેમ થયા ?**

એટલા જ કારણે, કે એકવાર મનમાં આવી ગયું કે **'ગુરુ મહારાજે ચારિત્ર તો સુંદર આપ્યું પરંતુ આમ પરાણે આપ્યું એ ઠીક નહિ.'** આ વિચારમાં ગર્ભિતપણે ગુરુ પર એટલો અભાવ આવ્યો; એથી દુર્લભબોધિપણાનું કર્મ બાંધ્યું ! આ કર્મ કેવું ખંધુ કે જાણે કહે છે કે 'તમે ત્રીજા ભવે મોક્ષે જજો, પરંતુ ત્યાં પહેલાં દુર્લભબોધિ થજો.' પછી તો દેવતાએ કુનેહ કરી એજ આઠ કન્યા પરણાવી, વધારામાં રાજા શ્રેણિકની કન્યા પરણાવી સવાયી આબરૂવાળા કર્યા છતાં બૂઝ્યા નહિ, તે ૨૪ વરસ સંસારલીલા ભોગવી પછી પેલું કર્મ ખપી ગયે બૂઝ્યા, ઊઠ્યા, ચારિત્ર લીધું. અને અંતે મોક્ષે ગયા.

દેવાધિદેવ, ગુરુ કે ધર્મનો ક્યારે ય અભાવ કરવા જેવો નથી, સૂગ-અવગણના કરવા જેવી નથી. હરિભદ્ર બ્રાહ્મણને મિથ્યાત્વ છે, તેથી અત્યારે વીતરાગની મૂર્તિ જોઈ મશ્કરી કરવાનું કરે છે કે 'તમે મિષ્ટાન્ન ખાનારા છો તેથી લષ્ટ પુષ્ટ છો.'

**સાધ્વીજીની અમર ગાથા :-**

જિનમંદિરમાં ગભરાઈ છુપાયેલા હરિભદ્ર વિપ્ર પછી તો શેરીમાં છોકરાં રમતાં જોઈ સમજ્યા, કે હાથી ગયો લાગે છે; એટલે નિર્ભય થઈ ઘેર પહોંચ્યા. પછીથી એકવાર એવું બન્યું કે રાજાનો મંત્રવિધિ પતાવી એ સાધ્વીજીના મુકામ પાસેથી પસાર થાય છે, ત્યાં સાધ્વીજીને આ ગાથા બોલતાં સાંભળે છે,

**"चक्कीदुगं हरिपणगं पणगं चक्की य केसवो चक्की ।**
**केसव चक्की केसव दु चक्की केसी य चक्की य ॥"**

**અહીં ૧૨ ચક્રવર્તી-૯ વાસુદેવનો ક્રમ :-**

આનો અર્થ તો સહેલો છે, પણ જૈન પરિભાષા તેમને માહિત નથી, જૈન ઇતિહાસની ખબર નથી, તેથી મુંઝાય છે, આમાં અવસર્પિણીમાં બાર ચક્રવર્તી અને નવ વાસુદેવ (અર્ધ ચક્રવર્તી) થવાનો ક્રમ છે :- ૨ ચક્રવર્તી ૫ વાસુદેવ, પાંચ

ચક્રવર્તી, વાસુદેવ, ચક્રી, વાસુદેવ, ચક્રી, વાસુદેવ, ૨ ચક્રી-વાસુદેવ અને ચક્રવર્તી, આ ક્રમે આ અવસર્પિણીમાં પહેલાં બે ચક્રી ભરત અને સગર થયા, તથા છેલ્લો ચક્રી બ્રહ્મદત્ત થયો. અહીં શાંત સ્થિરચિત્તે ઘણો વિચાર કરવા છતાં હરિભદ્ર બ્રાહ્મણ આ સમજ્યા નહિ; તેથી એમને થયું કે 'આ શું ચક્કી ચક્કી કરે છે ?' હવે સમજ ન પડી એટલે ભારે મુશીબત ! કોને ? વિદ્યાના અર્થીને, 'લાવ પૂછું,' એમ કરી એ તો સાધ્વી પાસે જઈ વિનયથી કહે છે.

'માતા, આ 'ચક ચક' ચકચકિયા જેવું તમે બહુવાર બોલ્યા એ શું ?' અહીં આપણને **પ્રભાવક ચરિત્ર**માંથી સાધ્વીજીનો આ જવાબ મળે છે,

**પ્રભાવકચરિત્ર ગ્રંથના આધારે સાધ્વીજી કહે છે,**

'હે પુત્ર ! સાંભળ, આ ભીના છાણે લીંપેલા જેવું નથી !'

વિપ્રનું મહાવિદ્વાન છતાં કેવું નમ્રભાવે અને માતાના સંબોધન સાથે પૂછવાનું ! અને સાધ્વીજીનો કેવો આ સરળ છતાં ચતુર ઉત્તર ! કહેવું છે તો એ કે 'આ ચક્ર એટલે કુંભારનો ચાક નહિ,' પણ કહ્યું એમ કે 'આ ભીના છાણે લીંપેલું નહિ.' અર્થાત્ 'ભીના છાણનું તાજું લીંપેલું હોય એના પર જેવો ચકચકાટ-ચકચકિયું લાગે એ ચકચકિયું અહીં લેવાનું નથી.'

પુરોહિત વિદ્વાન છે ને ? તરત સમજી ગયા કે સાધ્વીજી એમ કહેવા માગે છે કે ''આ 'ચક ચક' બોલાય છે એમાં કોઈ ભીના લીંપણ અંગેની વાત નથી.'' એટલે સાધ્વીજીએ મને અજ્ઞાન ઠરાવ્યો. ''ભલા આદમી ! 'ચક્કી ચક્કી-ચક ચક' શબ્દને ભીનાં લીંપણનું ચકચકિયું સમજે છે ? આ તો શાસ્ત્રીય શબ્દ કોઈ જુદા જ ગંભીર અર્થમાં છે, એટલું ય સમજતો નથી ?'' હરિભદ્ર પુરોહિત અર્થના અજ્ઞાનથી મુંઝાણા; એટલે વિનયથી પૂછે છે, 'ત્યારે હું એનો અર્થ સમજ્યો નહિ. આપ ન સમજાવો ?'

**સાધ્વીજી પોતાની મર્યાદા બતાવે છે :-**

સાધ્વીજી પુરોહિતના વિનયભર્યા પ્રશ્ન ઉપર પોતાની મર્યાદા બતાવે છે. કહે છે, 'વત્સ ! તું ભાગ્યશાળી છો, કે અર્થ સમજવા ઈચ્છો છો ! પરંતુ અમને અભ્યાસ કરવાની ગુરુજીની અનુમતિ છે, પણ તમારા જેવા આગળ વિવેચન કરવાની આજ્ઞા નથી. એટલે ગાથાનો અર્થ તો ગુરુજી આપી શકે.' સાધ્વીના આ વિનય ને વાત્સલ્યભર્યા બોલે આમાં મહાવિદ્વાન અને વિશાળ સાધ્વીગણના નેતા આ સાધ્વીજીનો વિનય દેખી, 'અહો ! આવા પણ આટલા બધા નિરભિમાની ?' આ વિચારે હરિભદ્રના મદને ગાળી નાખ્યો ! એ વાત્સલ્યભર્યા અને ગુરુ તરફ દૃષ્ટિ કરાવનારા બોલમાં કેવો ચમત્કાર હશે ? એના મૂળમાં શું ? આ જ એક દૃષ્ટિ, કે



**પાત્રને પમાડવાનું કામ સમર્થનું.**

પૂ. ગુરુદેવ આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ ગૃહસ્થપણે પ્રેમચંદભાઈ, પહેલીવાર સિદ્ધગિરિ ગયા. નવી તીર્થયાત્રા તપસ્યાથી કરીએ તો સફળ થાય. એમણે અઠ્ઠાઈ કરીને યાત્રાઓ કરી, ભાવ વધી ગયા ! 'અનંતાને મોક્ષે પહોંચાડનાર સિદ્ધગિરિ મને મળ્યો !'

બોલો છો ને 'નિજ સાધ્ય સાધન સુર મુનિવર કોડિનંત એ ગિરિવરં, મુક્તિ રમણી વર્યા રંગે,' શું બોલો છો ? 'સુર,' એટલે દેવતાઓ, શું એ આ ગિરિધર મોક્ષે ગયા ? દેવતા મોક્ષે જાય નહિ. માટે 'સુર' શબ્દ ખોટો, 'શૂર' શબ્દ જોઈએ. **'નિજ સાધ્ય-સાધન શૂર મુનિવર,'** એટલે કે પોતાનું સાધ્ય મોક્ષ, એની સાધના કરવામાં શૂરવીર મુનિવરો એવો અર્થ છે.

પ્રેમચંદભાઈને લાગ્યું કે ''આવા અનંતાના તારણહાર મહાતીર્થને પામીને મારે ભટકવું નથી. સંસારવાસથી ભવમાં ભટકવાનું નીપજે. માટે મારે સંસારવાસ ન જોઈએ.'' એટલે પહોંચ્યા ત્યાં એક મુનિ પાસે,

કહે છે 'મારે દીક્ષા લેવી છે, મને દીક્ષા આપો.'

મુનિએ પાત્ર ઉત્તમ જોઈ કહ્યું ''ભાઈ ! મારી પાસે દીક્ષા લઈને શું કરીશ ? તું સારું ભણી શકે એવો છે, માટે, જા ઘોઘા જા, ત્યાં ઉપાધ્યાય વીરવિજયજી મહારાજ અને એમના વિદ્વાન શિષ્ય દાનવિજયજી મહારાજ છે. એમની પાસે દીક્ષા લે, તો સારી જ્ઞાન-સંપત્તિ પામીશ. એમાં તારું હિત છે.'' મુનિએ નિસ્પૃહતા રાખી પોતાનો શિષ્ય બનાવવાનો સ્વાર્થ જતો કરી આ પાત્રને સમર્થ સ્થાન ચીંધ્યું. એનાં, પછીથી અતિ અતિ અદ્ભુત અનેકાનેક ફળ આપણે જોઈએ છીએ કે પ્રેમચંદભાઈ ત્યાં ચારિત્ર પામીને ક્રમશઃ જિનાગમો-છેદશાસ્ત્રો-પ્રકરણશાસ્ત્રો-કમ્મપયડી વગેરેના ધુરંધર વિદ્વાન આચાર્ય થયા, અને ગુરુએ એમને સિદ્ધાંત મહોદધિની પદવી આપી તેમજ પોતે લગભગ ૩૦૦ શિષ્યોના ગુરુ બન્યા ! આ બધાના મૂળમાં પેલા પાલીતાણાના મુનિની નિસ્પૃહતા કારણ બની.

હરિભદ્ર બ્રાહ્મણને પણ નિસ્પૃહ પ્રવર્તિની સાધ્વીજી મળ્યા. એમણે આમને પાત્ર જોઈ સમર્થ ગુરુ આચાર્ય શ્રી જિનભદ્રસૂરિજી પાસે જઈ અર્થ પૂછવા કહ્યું. હરિભદ્ર સાંજે ઘરે પહોંચ્યા રાતભર વડેરા સાધ્વીનો ગુરુ પ્રત્યે વિનય ને પોતાની પ્રત્યે વાત્સલ્ય, સાધ્વીઓના પવિત્ર શાંત આશ્રમ અને પ્રશાંત આચારો પર ચિંતન કરતા રહ્યા. શું ચિંતવતા હશે ? આવું જ કાંઈક,

**હરિભદ્રનું સાધ્વી સમુદાય પર ચિંતન :-**

બાઈઓ ચાર મળે તો કલબલ મચાવે, ત્યારે અહો ! અહીં સંખ્યાબંધ

આર્યાઓ ભેગી મળેલી છતાં કોઈ જ કલબલ નહિ, કોલાહલ નહિ ! કેવી એ પવિત્ર જ્ઞાનધ્યાનના વ્યવસાયમાં લાગેલી ! વળી મુખમુદ્રાએ કેવી શાંત અને પ્રશાંત ! ખરેખર ! જગતમાં એ જૈન ધર્મની જ બલિહારી છે કે જેમાં આચાર્યો આવી શાંત સૌમ્ય પવિત્ર અને જ્ઞાન-ચારિત્રમગ્ન જોવા મળે ! ત્યારે, એ જૈનધર્મમાં એવું તે કેવું તત્ત્વજ્ઞાન ભર્યું હશે કે જેનો એક ઉચ્ચ અંશ આવી પ્રશાંત અને પવિત્ર આર્યાસંસ્થા છે ! ત્યારે બીજા ઉચ્ચ અંશોનું પૂછવું જ શું ?

વિદ્વાન હરિભદ્ર બ્રાહ્મણનું મિથ્યાત્વ કેવુંક ઓગળી રહ્યું છે ! એ વિના જૈનધર્મની વસ્તુ પર આવું આકર્ષણ શાનું થાય ?

**આત્માનું મિથ્યાત્વ કેમ ઓગળે છે ?**

ધર્મનાં પ્રશસ્ત સ્થાનોની સાચી ઓળખ, સાચી કદર, મૂલ્યાંકન, અને ભારોભાર અનુમોદના કરવા પર મિથ્યાત્વ ઓગળવા માંડે છે. કારણ ? મિથ્યાત્વ પોષાયું છે શાના પર ? પાપના સ્થાનોની પાકી રાગભરી ઓળખ પર, પાકી કદર પર, અને પાકી અનુમોદના પર. દા.ત. પૈસા એ પાપનું સ્થાન છે, જે જીવને એની આવી ઓળખ પાકી છે, કે "આ પૈસાથી સારા વિષયસુખો મળે, દુનિયામાં માન મળે, કુટુંબીઓ આપણા તરફ આકર્ષાયા રહે, એટલે પૈસા બહુ કામના. 'વસુ વિનાનો નર પશુ' એટલે જ એના પર બહુ રાગ છે. તેમજ એની કદર કેવી કે બધા કરતાં પૈસાને બહુ મહત્ત્વ આપે છે, પૈસાને બહુ કાળજીથી સાચવે છે, વારે વારે યાદ કરે છે. વળી પૈસા મળ્યાનો વારે વારે આનંદ માને છે, અનુમોદના કરે છે. એવું કામાંધ માણસ સ્ત્રીની બહુ કદર અને અનુમોદના કર્યા કરે છે. વિષયાંધ માણસ દુન્યવી વિષયોની બહુ કદર અને અનુમોદના કર્યા કરે છે. આના પર મિથ્યાત્વ પોષાય છે. તે મિથ્યાત્વે ય ગાઢ મિથ્યાત્વ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૧,અંક-૧૧,તા.૨૭-૧૧-૧૯૮૨**

જુઓ મમ્મણશેઠ કેમ સાતમી નરકે ગયો ? આ ધનની બહુ કદર અને અનુમોદનામાંસ્તો. એમ ત્રિપૃષ્ઠ વાસુદેવ અને બ્રહ્મદત્ત ચક્રવર્તી કેમ સાતમી નરકે ગયા ? સ્ત્રીઓ અને રાજશાહી વિષયોની બહુ કિંમત કરવામાં, એનો બહુ આનંદ માનવામાં ગાઢ મિથ્યાત્વ પોષીને ૭મી નરકે ગયા. પાપના સ્થાનો પૈસા અને વિષયો બીજું શું દેખાડે ? ગાઢ મિથ્યાત્વ ને નરકાદિ દુર્ગતિઓમાં દુઃખ જ દેખાડે. પૈસા અને વિષયોરૂપી પાપસ્થાનોથી મિથ્યાત્વ પોષાતું રહ્યું છે.

બસ, આની સામે ધર્મનાં સ્થાનોની ઓળખ કદર અને અનુમોદના એ



મિથ્યાત્વને ઓગાળી નાખે એમાં નવાઈ નથી. દા.ત. દેવાધિદેવની એ ગુરુની ઓળખ થઈ કે

આ તારણહાર છે, સ્વયં નિસ્પૃહી અને ધન તથા વિષયોના ત્યાગી, માટે જ આ દુઃખદ ભવભ્રમણથી મુક્ત બનેલા છે. એમને ભજીને જીવો પણ સંસારથી મુક્ત બનનારા થાય છે; કેમકે એમની જેમ ધન અને વિષયોના મહાપાપને છોડનારા બને છે. આમ ધર્મનો સ્થાનભૂત દેવ-ગુરુની પાકી ઓળખ કરે, કદર કરે, એ મળ્યાનો બહુ આનંદ માને, એટલે સહેજે એમાં દિલને ધન-વિષયો પ્રત્યે અભાવ થયો. એ થાય એટલે મિથ્યાત્વ કેમ મોળું ન પડે ? હરિભદ્ર બ્રાહ્મણને વીતરાગ દેવ અને જૈન ગુરુની હવે આ પાકી ઓળખ પડે છે, એની કદર થાય છે, એ પામ્યાનો આનંદ થાય છે, તેથી એમનું મિથ્યાત્વ ઓગળી રહ્યું છે.

આ હિસાબ છે, મિથ્યાત્વ ઓગાળવું હોય તો ધન-વિષયો-પરિવાર, ઘર, દુકાન, વેપાર, ખાનપાન, માન, સન્માન વગેરેને મહત્ત્વ આપવાને બદલે દેવ-ગુરુ-ધર્મ-દયા-દાન-શીલ-તપ-અહિંસા ક્ષમા-સંયમ મંદિર-ઉપાશ્રય-તીર્થ વગેરેને મહત્ત્વ આપો, આની કદર કરો, આને ખૂબ યાદ કરો, આ મળ્યાનો ખૂબ આનંદ માનો, તો મિથ્યાત્વ ઓગળવા માંડશે, વળી એ દેવ-ગુરુ-ધર્મસેવા તથા દયા-દાનાદિનું આચરણ જીવનમાં મુખ્ય બનીને કરાતું રહેશે એથી ભવના ફેરા કપાતા રહેશે.

**આર્યરક્ષિતને મિથ્યાત્વ કેમ ઓગળ્યું ? :-**

આર્યરક્ષિત બ્રાહ્મણકુળમાં જન્મેલા, અને એ વખતે વિદ્યાના ધામભૂત પાટલીપુત્રમાં જઈને એ કુળને માન્ય વિદ્યાઓ એટલે કે મિથ્યા ધર્મના શાસ્ત્રો ભણેલા. તેથી તો મિથ્યાત્વ કેટલું બધું ગાઢ થયું હોય ? એમાં વળી વિદ્યાઓ ભણી મહાપંડિત અને સમર્થ વાદી થઈ ઘરે પાછા ફરતાં રાજા પોતે એમનું સામૈયું કરાવે એટલે તો મિથ્યાત્વ કેવુંક વધારે ગાઢ થઈ જાય ? છતાં એમની માતા જોજો કુળ આખામાં એકલી જ શ્રાવિકા હતી એણે એમના એ ભણવામાં નારાજી બતાવી. આર્યરક્ષિત પૂછે,

'મા ! હું ભણી આવ્યો એમાં આખું ગામ અને રાજા રાજી, ને તું રાજી નહિ ?'

મા કહે 'હા, ગામ તારી માતા નથી. હું તારી માતા છું. તું પેટની વિદ્યા એટલે પાપની વિદ્યા ભણી આવ્યો એથી તો ભવના ફેરા વધવાના; એમાં શું શ્રાવિકા માતા રાજી થાય ?'

'તો મા ! હું શું ભણું તો તું રાજી થાય ?'

'તું દૃષ્ટિવાદ ભણે તો રાજી થાઉં' 'દૃષ્ટિવાદ એટલે દ્વાદશાંગી આગમમાં ૧૨મું અંગ, જેમાં એક વિભાગમાં ૧૪ પૂર્વ નામના મહાશાસ્ત્રો છે.'

આર્યરક્ષિત પૂછે, 'કોણ ભણાવે ?'

'તારા મામા મહારાજ છે બાજુના ગામમાં. એ તને ભણાવશે !'

'બસ, કાલે સવારે એમની પાસે ચાલ્યો જઈશ.'

'દષ્ટિવાદ' શબ્દ પર મુગ્ધ થયા, રાતભર એના ચિંતનમાં રહ્યા એમાં જિનાગમ, જૈન ધર્મ વગેરે પર આકર્ષણ ચાલ્યું એક માતાના બોલ પર આ બધું, અને એમાં મિથ્યાત્વ ઓગળતું ચાલ્યું. વહેલી સવારે ઊઠીને ત્યાં પહોંચી ગયા, અને મામા મહારાજ કહે છે, 'આ તો સાધુને જ ભણાવાય,' તો ત્યાં જ સાધુ થઈ ગયા ! આ ક્યારે બને ? કહો માતાના વચન પર, જૈન ધર્મ પર, જૈનશાસ્ત્રો પર આકર્ષણ થઈ મિથ્યાત્વ ઓગળતું ચાલ્યું હોય તો જ બને. એમાં સાધુપણું પામ્યા પછી તો ચારિત્રની ચર્યાઓ, એના પવિત્ર ઉદ્દેશ, એની સૂક્ષ્મતાઓ વગેરે જોતાં અને પાળતાં પાળતાં મિથ્યાત્વના ફુરચા ઊડી ગયા !

એવી રીતે વિદ્વાન હરિભદ્ર પુરોહિતને પણ સાધ્વીજીઓનો આશ્રમ, મોટા સાધ્વીજીનો વિનય વગેરે જોઈ મિથ્યાત્વ ઓગળતું ચાલ્યું. આના મૂળમાં કોણ મુખ્ય કારણ ? કહો સાધ્વીજી યાકિની મહત્તરાએ એમને વિનયભાવે આચાર્ય મહારાજ પાસેથી અર્થ લેવાની ભલામણ કરી એ મુખ્ય કારણ.

**સ્ત્રીજાતનું મહત્ત્વ :-**

જુઓ વિદ્વાન બ્રાહ્મણ હરિભદ્રને આચાર્ય તરફ કોણે વાળ્યા ? પછી આગળ વધતાં સંયમ પામ્યા, જિનાગમ પામ્યા, આચાર્ય થયા, સમર્થ શાસ્ત્રકાર બન્યા !... એ બધાના મૂળમાં કોણ ? કહો, 'પાત્રને પમાડવાનું કામ સમર્થનું' એવી દષ્ટિ રાખનાર સાધ્વીજી યાકિની મહત્તરા. સાધ્વીજી એટલે એક બાઈ માણસ, એ શું આવું ઊંચું સર્જન કરી શકે ? હા, શું ખબર નથી કે તીર્થંકરનું સર્જન કરનાર તીર્થંકરને પેટમાં પોષી જન્મ આપનાર માતા બાઈ માણસ જ હોય છે.

**અકબર સમ્રાટને પમાડનાર ચંપાશ્રાવિકા :-**

ક્રૂર ઘાતકી અને નિર્દય મોગલ સમ્રાટ અકબર બાદશાહ જૈનાચાર્ય જગદ્‌ગુરુ શ્રી હીરભદ્રસૂરિજી મહારાજ તરફ વળ્યો ! અને સ્વયં દયાળુ બની પોતાના રાજ્યમાં છ મહિના સુધીની અહિંસા ફેલાવવા સુધી પહોંચ્યો ! એના મૂળમાં કોણ ? કહો, છ મહિનાના સળંગ ઉપવાસ કરનારી ચંપા શ્રાવિકા. એક બાઈ માણસ આવા દયાળુ મોટા સમ્રાટના સર્જનમાં નિમિત્ત બની !

**શાસ્ત્રકારો પર જુઠો આરોપ :-**

એટલે જ આજના કેટલાકો જૈન શાસ્ત્રકારો પર આરોપ ચડાવે છે કે 'જૈન શાસ્ત્રકારોએ સ્ત્રીજાતને અધમ ગણી પરતંત્ર ગુલામડી બનાવીને કચડી નાખી છે,'



એ કહેનારા કેટલા મૂઢ અને અબૂઝ છે, એ આ પરથી પરખાઈ જાય છે કે જૈન શાસ્ત્રકારોએ તો આ યાકિની મહત્તરા સાધ્વીજી, ચંપા શ્રાવિકા, ઉપરાંત સીતા, દમયંતી, સુલસા, ચંદનબાળા, રેવતી...વગેરે કેટલીય સ્ત્રીઓ અને સાધ્વીજીઓને કેટલું બધું ગૌરવ આપ્યું છે !! એ સ્ત્રીઓને કેવી જગત્પૂજ્ય બતાવી છે ! સુશીલ સ્ત્રીઓને પતિ તથા સંતાનોને માર્ગમાં જોડનારી અને સુસંસ્કારી કરનારી બતાવી છે ! સ્ત્રીઓનું આ ઓછું સન્માન કર્યું ?

**પોપટની જેમ સ્ત્રીના શીલની રક્ષા :-**

માટે સ્ત્રીઓને અધમ ચીતર્યાનો આરોપ જૂઠો છે. સ્ત્રીઓને પરાધીન બનાવવાનો આરોપ પણ સમજ વિનાનો છે; કેમકે પુરુષો સ્ત્રીઓના શીલના શિકારી છે. એમની સામે સુશીલ સ્ત્રીઓમાં શીલની રક્ષા માટે સ્ત્રીઓની મર્યાદાઓ બતાવી છે. એમાં સ્ત્રીજાતને પરાધીન બનાવી કચડી નાખી ન કહેવાય.

ઘરમાં પોપટ પાળ્યો હોય તો એને બિલાડી ફેંદી ન નાખે એ માટે પાંજરામાં રાખ્યો હોય ત્યાં 'પોપટને બિચારાને પરાધીન બનાવી કચડી નાખ્યો !' એમ નથી કહેવાતું ઊલટું એમ કહેવાય છે કે 'પોપટની સારી રક્ષા કરી.' એવી રીતે સ્ત્રીઓના શીલની રક્ષાર્થે મર્યાદા બતાવનાર શાસ્ત્રકારો સ્ત્રીને પરાધીન ગુલામડી બનાવી કચડી નાખનારા ન કહેવાય.

**સ્ત્રીજાતને કચડી નાખ્યાના આરોપના મૂળમાં શું ? :-**

વાસ્તવમાં સ્ત્રીઓને કચડી નાખવાનો આરોપ કરનારા સ્ત્રીઓના શીલના શિકારી હોય છે, ને એમને સ્ત્રીઓના શીલનો શિકાર કરવાની આડે કોણ આવે છે ? શાસ્ત્રે બાંધેલી સ્ત્રીઓની મર્યાદાઓ આડે આવે છે. એ એમને ખૂંચે છે. જો એ મર્યાદાઓ ન હોય તો ભાઈ સાહેબને સ્ત્રીઓમાં શીલ લૂંટવાનું ફાવે; એટલે શીલની મર્યાદાઓ પર સ્ત્રીઓને કચડી નાખવા તરીકેનો આરોપ મૂકે છે. બાકી, ખરેખર તો જગતની કોઈ સુશીલ સારી સ્ત્રીઓ એવું માનતી નથી કે 'અમને શાસ્ત્રકારોએ અધમ ચિતરી પરાધીન બનાવી કચડી નાખી છે !' ઊલટું એ તો એમ સમજે છે કે 'શાસ્ત્રકારોએ સ્ત્રી પુરુષની ભેદ-રેખા આંકી બન્ને માટે જે મર્યાદાઓ બતાવી છે તે સારું જ છે, તેથી પુરુષ-શિકારીઓના 'અમે ભોગ ન બનીએ.' અસ્તુ.

**જ્ઞાનીઓએ સ્ત્રીઓનું ગૌરવ કેવું સાચવ્યું છે ? :-**

સ્ત્રીઓનો જગતના મોટા ફિરસ્તા સુધી સર્જવામાં મોટો ફાળો છે, ને એ રીતે શાસ્ત્રકારોએ એમનું મહાગૌરવ કર્યું છે. ખુદ હરિભદ્રસૂરિજી મહારાજ પોતે પોતાના દરેક શાસ્ત્રના અંતે લેખક તરીકે પોતાને યાકિની મહત્તરાસૂનું અર્થાત્ સાધ્વીજી શ્રી યાકિની મહત્તરાના પુત્ર એવું વિશેષણ લગાડે છે. કેવા કૃતજ્ઞ !

'સાધ્વીજી તો એક બાઈ માણસ, એના માટે એને ધુરંધર વિદ્વત્તાભર્યા મહાન આચાર્યે પોતાના દરેક શાસ્ત્રમાં શું મહત્ત્વ આપવું હતું ?' એવો વિચાર એમણે ન રાખ્યો ! કેમ ? કારણ આ જ કે સુયોગ્ય સ્ત્રીનું ગૌરવ કરવું જ જોઈએ એમ સમજતા હતા.

આર્યસંસ્કૃતિમાં પિતા સાથે માતાને પણ ત્રિકાળ નમસ્કારનું વિધાન શું સમજીને કરાયું હશે ? એમાં શું સ્ત્રીનું ગૌરવ નથી કરાયું ? રોજ પ્રભાતે મહાસતીઓના નામ યાદ કરાય છે એ સ્ત્રીઓનું કેટલું મોટું ગૌરવ છે...! અને આ ગૌરવ એમ ને એમ નથી કરાયા; કિન્તુ સ્ત્રીઓના સત્ પરાક્રમ-આત્મપરાક્રમ પર કરાયા છે. જુઓને ચંપાશ્રાવિકાના લગાતાર છ મહિનાના ઉપવાસ એ નાનુંશું પરાક્રમ છે ? યાકિની મહત્તરા સાધ્વીજીએ આવા ધુરંધર વિદ્વાન અને રાજમાન્ય પુરોહિત હરિભદ્રને પોતાનો ભક્ત-શિષ્ય ન બનાવી લેતાં કે એની આગળ પોતાના માટે વાહવાહ ન ઊભી કરતાં એને આચાર્ય મહારાજ પાસે મોકલવો એ પણ કેવું વિશિષ્ટ પરાક્રમ છે ! વાત આ છે,

સામા પર ભારોભાર વાત્સલ્ય અને હિતબુદ્ધિ રાખી પોતાના સ્વાર્થ અને સન્માન જતા કરવા એમાં પણ મહાપરાક્રમ અને શુભ ભાવને મોટો અવકાશ છે.

**સ્વાર્થ જતો કરી સામાને હિતમાર્ગ ચીંધવો એમાં ઓછું પરાક્રમ નથી.**

સાધ્વીજીએ ગાથાનો અર્થ તો ન કહ્યો પરંતુ ગાથા જાણે ગંભીર અર્થવાળી છે એમ ચાનક લગાડી દીધી. કેમકે વિદ્વાન હરિભદ્રે જ્યારે પૂછ્યું કે 'આ ચક-ચક ચકચકિયું શું બોલ્યા ?' ત્યારે સાધ્વીજીએ કહ્યું 'વત્સ ! આ ભીના છાણે લીંપેલા જેવું નહિ' અર્થાત્ ભીનાં લીંપણ પર ચકચકાટ દેખાય એ ચકચકાટ અહીં સમજવાનો નથી આ ચક-ચક તો જુદી વસ્તુ જ છે. એ તારે સમજવું હોય તો અમારા આચાર્ય મહારાજ સમજાવશે'

**'પ્રબંધકોશ'ના આધારે ચક-ચકનો અર્થ :-**

સાધ્વીજીને હરિભદ્ર પુરોહિતના આ બહુ 'ચક ચક-ચકચકિયું' શું કર્યું ? એનો ઉત્તર સાધ્વીજીએ જે કર્યો તે પ્રભાવક ચરિત્રના આધારે વિચાર્યો. હવે 'પ્રબંધકોશ'ના આધારે સાધ્વીજીનો ઉત્તર વિચારીએ.

પુરોહિત વડેરા સાધ્વી યાકીની મહારાજને હાથ જોડી પૂછે છે, "મા ! આ તમે ગાથામાં બહુ 'ચક-ચક' કર્યું ?"

**'ભીનાં લીંપણનું ચક-ચક'નો અર્થ :-**

સાધ્વીજી સમજી ગયા કે આને ગાથાનો અર્થ સમજાયો લાગતો નથી એટલે આમ પૂછે છે; તેથી એમણે જવાબ આપ્યો 'જો ભાઈ ! એ તો તાજું ભીનું



લીંપણને ? એટલે એમ ચકચક લાગે.' જુઓ, પ્રભાવક ચરિત્રમાં 'ભીના લીંપણ જેવું નહિ' કહ્યું હતું તો એનો ભાવ આપણે વિચારેલો. હવે અહીં 'ભીનું લીંપણ' કહે છે, તો એનો ભાવ વિચારીએ.

હરિભદ્ર પુરોહિત પંડિત છે ને ? સમજી ગયો કે 'સાધ્વીજીએ વ્યંગમાં મને તાજા ભીનાં લીંપણ જેવો 'એકડે એક'નો વિદ્યાર્થી ઠરાવ્યો ! જેમ તાજા ભીનાં લીંપણમાં ચકચકાટ લાગે, એમ મારા અણપઢપણામાં મને 'ચક્કી ચક્કી'નો અર્થ ન સમજાતાં ચકચકિયું જ લાગ્યું. તો હવે મારે મારી પ્રતિજ્ઞા મુજબ આમના શિષ્ય જ બની જઈ ગાથાનો અર્થ આમની પાસેથી સમજવો જોઈએ.'

**હરિભદ્ર પુરોહિતની અવ્વલ નિખાલસતા-સરળતા :-**

એટલે સાધ્વીજીને એ કહે "અંબા ! મારે પ્રતિજ્ઞા છે કે કોઈ શાસ્ત્રનો અર્થ ન સમજાય તો એ સમજાવનારનો શિષ્ય થઈ જઈ એમની પાસેથી અર્થ સમજ્યા વિના રહું નહિ. તો કૃપા કરી મને તમારો શિષ્ય બનાવો અને મને અર્થ સમજાવો !"

જુઓ આપણને ૧૪૪૪ શાસ્ત્રોની ભેટ આપનાર આચાર્ય પુંગવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ કેવા મળ્યા છે ! એવા કે એ જ્યારે ગૃહસ્થપણે જૈન ધર્મ નહિ પામેલા ત્યારે પણ આવા નિખાલસ અને પ્રામાણિક હતા, કે પોતાની આવી શિષ્ય થઈ જવાની ભારે પ્રતિજ્ઞા, તે પણ મનોમનની એટલે એકલા પોતે જ જાણે, એવી પ્રતિજ્ઞા ય સાધ્વીજીને કહી સંભળાવી !

એ નિખાલસતા-સરળતા પાછી અભણપણામાં નહિ, કિન્તુ શાસ્ત્રોની મહાવિદ્વત્તામાં ! વૈદિક ધર્મમાં રહેલા એ પુરોહિત બ્રાહ્મણ ૧૪ વિદ્યાના પારગામી હતા ! દર્શન શાસ્ત્રોના જાણકાર હતા ! ત્યારે તો એમને અભિમાન હતું ને ? હેં ? આટલા ધુરંધર વિદ્વાન અને છતાં હૃદયના સરળ પરિણામવાળા ? શું એટલા બધા પ્રામાણિક કે પોતાની છૂપી પ્રતિજ્ઞા સાધ્વીજી આગળ જાહેર કરી દે ? હા, મહાન એમ ને એમ નથી બનાતું, મહાન બનવા માટે સરળતા નિખાલસતાનો મહાન ગુણ જાળવવો જરૂરી છે.

હરિભદ્રસૂરિજી મહારાજે પોતાના રચેલા શાસ્ત્રોમાં 'સર્વત્ર ઔચિત્ય,' 'અનુચિત ક્રિયામાત્રનો ત્યાગ,' 'સરળતા,' 'નિખાલસતા' વગેરે ગુણને ઠામ ઠામ મહત્ત્વ આપ્યું છે; તે ઠેઠ પોતાના પુરોહિતપણાના ગૃહસ્થ જીવનમાંથી એને અમલી બનાવીને પછી શાસ્ત્રમાં એ ગુણ ગુંથ્યો છે. એટલે તો પોતાની પ્રતિજ્ઞા મનોમન ગુપ્ત પ્રતિજ્ઞા હતી, છતાં 'ચક્કી દુગં' વાળી ગાથાનો અર્થ જાણવા સાધ્વીજી પહેલ પહેલાં મળતાં એમની આગળ નિખાલસતાથી એ ગુપ્ત પ્રતિજ્ઞા ખુલ્લી કરી દે છે. ગુપ્તને પ્રગટ કરવાનું સરળતા વિના શે બને ? મૂળમાં એ સરળતાએ પહેલાં

સાધ્વીજીનું અને પછી આચાર્ય મહારાજનું શરણું લેવરાવ્યું, તો એમાંથી આગળ પ્રસંગો બનતાં આપણને ૧૪૪૪ શાસ્ત્રોના રચયિતા સમર્થ સાસ્ત્રકાર વિદ્વાન આચાર્ય હરિભદ્રસૂરિજી મહારાજની ભેટ મળે છે.

**વિદ્વત્તાની આ જ ખૂબી છે, કે જીવને અનાદિની ચાલ પડતી મુકાવે.** કેમકે વિદ્વત્તા એ માયા-દંભ-વક્રતા, જૂઠ-અનીતિ-દ્રોહ-વિશ્વાસઘાત આદિની અનાદિની ચાલના પારલૌકિક ભયંકર કટુ ફળ બતાવે છે. એટલે એ સહેજે આ કટુ ફળના ભયથી માયાદિ રમવાનું પડતું મુકાવે. તેમ સાચી વિદ્વત્તા આત્મા તરફ મુખ્ય દૃષ્ટિ રખાવતી હોય છે, એટલે સહેજે એ આત્મદૃષ્ટિથી વિચાર આવે કે 'માયા દંભ કપટથી કાયાને કદાચ લાભ થઈ જાય, પણ તે મામૂલી અને અલ્પકાળનો; પરંતુ આત્મામાં એના અનંત અનંત કાળથી ચાલી આવેલા માયાના સંસ્કાર ભારે દઢ થઈ જાય, ને એથી આત્માને આગામી દુર્ગતિના અનેક અધમ ભવો જોવા પડે ! ને એમાં જાલિમ કર્મ વિપાકના દુઃખ ભોગવવા પડે ! ત્યારે વિદ્વત્તાની રૂએ આની સમજ પડી એટલે મનને થાય કે 'અહીં માયા દબાવવાની અને નિખાલસ દિલ રાખવાની સોનેરી તક મળી છે. તો આ તકને કેમ સફળ કરું ! કેમ નિખાલસ દિલ રાખું !'

સમરાદિત્યના જીવને ત્રીજા ભવમાં મુનિ પોતાનો જે પૂર્વ ભવોનો અધિકાર બતાવે છે એમાં આવે છે, કે બે ભાઈ પરદેશથી ૭ લાખ સોનૈયા કમાઈ પાછા આવતા હતા, એમાં એક ભાઈએ બીજા ભાઈનો અડધો ભાગ પણ પોતાનો કરી લેવા માયા કરી એને કૂવામાં ધકેલી દીધો ! તો પરિણામે એ અધમ ભવો કરી નાળિયેરીનું ઝાડ બની એજ દલ્લા પર મૂળિયું થાપી ઊભું ! ત્યારે પેલો કૂવામાં ફેંકાયેલ સરળતાવાળો ભાઈ સારા ભવ કરતાં કરતાં શ્રાવક થયો તે કેવળજ્ઞાની તીર્થંકરદેવ પાસેથી આ નાળિયેરીના ઝાડના અને પોતાના ભવ સાંભળી વૈરાગી થઈ ચારિત્ર લઈ લીધું; ને ક્રમશઃ સમરાદિત્યના જીવને પોતાની કરુણ કહાણી કહી; તો એ જીવ પણ વૈરાગ્ય પામી ચારિત્ર લેનાર બન્યો. એકની સરળતા પોતાને ને બીજાને કેવા સુંદર લાભ કરાવી દે છે. વિદ્વાન હરિભદ્ર પુરોહિત એમ જ સરળતાથી સાધ્વીજીને અને આચાર્યશ્રીને પોતાની ગુપ્ત પ્રતિજ્ઞા સરળતાથી કહી દઈ આગળ વધતાં આપણને એ એક સમર્થ શાસ્ત્રકાર આચાર્ય ભગવંત રૂપ મળે છે ને ? એમણે ઠામ ઠામ આ સરળતા અને ઔચિત્યના ગુણ ગાયા છે, ઉત્થાન-ઉદય માટે અતિ આવશ્ય બતાવ્યા છે.

**સરળતામાં મહાનતા છે : માયાદંભમાં અધમતા છે.**

**મોક્ષ માયાવીને નથી મળતો, સરળને જ મળે છે.**

માયા હોય ત્યાં બુદ્ધિ બગડેલી હોય, નિર્મળ બુદ્ધિ નહિ; અને નિર્મળ બુદ્ધિ



વિના વાસ્તવિક તત્ત્વજ્ઞાન તથા બ્રહ્મા સાક્ષાત્કાર થાય જ શાનો ? એ નહિ, તો મોક્ષ શાનો થાય ?

અરે ! દુનિયાના જીવોને પણ માયાવી માણસ સારો નહિ, મહાન નહિ, કિન્તુ ખરાબ અધમ લાગે છે. એટલે સાચા મહાન થવું હોય એનામાં સરળતા અને પ્રામાણિકતા જોઈએ જ. સરળતા એ પાયાનો ગુણ છે.

સરળતાને બદલે માયાવૃત્તિ અને પ્રામાણિકતાને બદલે અનીતિ, એ તો આત્મોન્નતિ સામે ખતરનાક દોષો છે. અનંત અનંત કાળથી એને સેવતા પોષતા આવ્યા છીએ માટે જ અહીં સમજી રાખવાનું કે

**મહાકિંમતી આત્મોન્નતિ સુલભ કરવાની અલબેલી તક જ્યારે આ મોંઘેરા માનવ જનમમાં મળી છે,** ને અહીં પણ એ દોષો મુકાતા નથી ! ને પ્રથમ પગથિયે સરળતા અને પ્રામાણિકતાનો ખપ નથી કરાતો, અર્થાત્ પહેલો પાયો જ નથી ચણાતો, અને ઉપર દેવદર્શનાદિ સાધનાની ઈમારત રચી આત્મસંતોષ કરાય છે કે 'હું ધર્મ કરું છું !' બહારમાં જશ લેવાય છે કે 'હું ધર્મી છું,' તો સમજી રાખવાનું કે કર્મસત્તા એક ડગલું આગળ વધવા નહિ દે. સાંભળ્યું છે ને ? કે

**"સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત્વ રે પ્રાણી મ કરીશ માયા લગાર"**

ધરાર ઈરાદાપૂર્વક માયા રમીયે એટલે, અને એમાં કશું ખોટું લાગે નહિ, કશો કર્મના પાપનો ભય નહિ એટલે, એ અનંતાનુબંધી કષાય-મોહનીકર્મ ઉદયમાં ગણાય. એ સમકિતને આવવા જ દે નહીં, મિથ્યાત્વને ખસવા જ ન દે. આ બધી આત્માની આંતરિક પરિણતિ છે, પછી બહારથી મોટી મોટી ધર્મક્રિયાઓ કરીએ તેથી શું ?

**આત્માની ઉન્નતિ તો આંતરિક નિર્મળ પરિણતિ ઉપર આધારિત છે.**

**મોહ-માયાની શિરજોરી :-**

એટલે મોહનીય કર્મસત્તા જીવને જાણે કહે છે, કે "કર કર બહારના ધર્મના ગમે તેટલા ઉપાડા કર, પરંતુ તું મને મારી માયાને જ્યાં સુધી અંગત રીતે મહાલવા દે છે, મારી જાહોજલાલી રાખે છે, ત્યાં સુધી અંતરમાં ઉન્નતિના માર્ગે એક કદમ આગળ ન વધવા દઉં.'

અનંતાનુબંધી રાગ, માયા, વગેરેનાં કર્મ જ એવાં છે કે એને ન દબાવો ત્યાં સુધી મિથ્યાત્વ ટળે નહીં, ને મોક્ષ માર્ગે પ્રયાણ થાય નહિ. જૈનશાસનને નહિ પામેલા અને મિથ્યાત્વમાં પડેલા મહાન વિદ્વાન હરિભદ્ર પુરોહિતમાં પણ આ નિખાલસતા-સરળતા-પ્રામાણિકતા હોય, અને આપણે વિશ્વશ્રેષ્ઠ અને એકમાત્ર તારણહાર શ્રી જિનશાસન પામેલા છતાં આપણામાં એ સરળતા નહિ ? તો પછી ક્યાં ઉદ્ધાર ? જિનશાસનનું નામ ચલણી નોટ નથી કે એ નામ વટાવીએ ને ઉન્નતિ

મળે, સદ્ગતિ રૂપી રોકડા રૂપિયા મળે ! 'હું જૈન છું માટે મને સદ્ગતિ દેજો, મારી સદ્ગતિ નક્કી,' એ અહીં ચાલે એમ નથી. માટે ધર્મના પહેલે પગથિયે નિખાલસતા-સરળતા-પ્રામાણિકતા લાવો.

હરિભદ્ર પુરોહિતે સાધ્વીજીને જ્યાં પોતાની છૂપી પ્રતિજ્ઞા કહી શિષ્યપણું અને ગાથાનો અર્થ માગ્યો, ત્યારે સાધ્વીજી, જુઓ, કેટલું બધું વિવેક અને ગંભીરતા-ભર્યું કહે છે !

**સાધ્વીજીનો વિનય-વિવેકભર્યો ઉત્તર :-**

સાધ્વીજી કહે, 'જો વત્સ ! અમારાથી પુરુષને શિષ્ય ન કરાય, એ તો અમારા આચાર્ય મહારાજ શ્રી જિનભદ્રસૂરિજી મહારાજનું કામ વળી અમને પોતાને જિનાગમોનું અધ્યયન કરવાની એમની આજ્ઞા છે, પરંતુ પુરુષો આગળ એનું વિવેચન કરવાની એમની આજ્ઞા નથી. તેથી તમને ગાથાનો અર્થ અમારાથી ન સમજાવાય. તમારે જો શિષ્યપણું અને અર્થ જોઈતો હોય તો પૂ. આચાર્ય મહારાજ પાસે પહોંચી જાઓ.'

**હરિભદ્રને સાધ્વીજીનું મૂલ્યાંકન :-**

આ સાંભળીને શાણા હરિભદ્ર વિચારમાં પડી ગયા કે 'અહો ! ત્યારે અર્થ તો આ જાણે જ છે. પરંતુ આમની આજ્ઞાધીનતા કેવી ! આમનો વિનય વિવેક ને ગંભીરતા કેવી કે પોતાની વિદ્વતા મારા જેવા આગળ બતાવવી નથી ! પોતાને જશ લેવો નથી...જશ આચાર્યશ્રીને અપાવવો છે !...ત્યારે આમનાં શાસ્ત્રો કેવાં ? ખરેખર મહાન પુરુષોને પણ દુષ્પ્રાય એવાં આમના શાસ્ત્રોમાં એકલી મતિ કામ કરે એમ નથી. એટલે જ આમનાં કહેવા હિસાબે આચાર્યનું શરણું પકડવામાં આવે તો જ એ શાસ્ત્રો અને એનો અર્થ મળી શકે. ખરેખર ! આવા આચાર્ય મારે પણ વંદનીય છે; એટલું જ નહિ, પણ મારી પ્રતિજ્ઞા મુજબ સર્વત્યાગ કરી એમના ચરણનું શરણ લેવાનો અવસર આવ્યો છે, કેમકે પ્રતિજ્ઞાની પ્રતિષ્ઠા ઓળંગી શકાય નહિ."

આમ વિચાર કેમ આવ્યો ? કહો, હવે એમનું અભિમાન ઓગળી ગયું છે. જૈન શાસ્ત્રોના અગાધ જ્ઞાન આગળ પોતાની વિદ્વત્તા પોતાનું જ્ઞાન એ સાગર આગળ નાના ખાબોચિયાં જેટલું લાગી ગયું છે ! મોટા ગચ્છના વડેરા સાધ્વીજીનો વિનય કેટલું ગજબ કામ કરી ગયો ! નહિતર, આવા ૧૪ વિદ્યાના મહારથી વિદ્વાન અને પાછા રાજ્ય માન્ય ! એમનું અભિમાન ઉતારવું સહેલું છે ? સાધ્વીજીએ એમને અભિમાન ઉતારવાનો ઉપદેશ નથી આપ્યો, પણ પોતાના જીવનમાં નમ્રતા ને વિનય આચરી બતાવ્યો છે, એણે જ સામાનાં અહંકારને તોડ્યો. આ સૂચવે છે કે,

**સામામાં ગુણ લાવવા ઈચ્છતા હો, તો પહેલાં તમારા જીવનમાં એ ગુણ જીવી બતાવો.**



**હરિભદ્ર 'અભિમાનમાં જિંદગી કદર્થિત કરી' માને છે :-**

હરિભદ્ર પુરોહિત આચાર્ય મહારાજનો મુકામ જાણી લઈ ઘરે આવ્યા, પરંતુ મન ખૂબ વિમાસણ અનુભવી રહ્યું છે. રાતના ઊંઘ એવી આવી નહિ, જાગરણ કરતા પડી રહ્યા, ચિંતવે છે,

'અરે ! જગતમાં શાસ્ત્રો તો કેવા કેવા ય પડ્યા છે ! એ મેં જોયાં નહિ જાણ્યાં નહિ, ને ફોગટ વિદ્વત્તાનું અભિમાન લઈને ફર્યો ? અભિમાનથી મારી જિંદગી કદર્થિત કરી ? ને જગતમાં જ્યારે એવા દુર્ગમ શાસ્ત્રો પડ્યાં છે તો એ જાણ્યા વિના મેં જિંદગીના આટલાં વરસો પાણીમાં કાઢ્યા ? કેવી કુપમંડૂક કુવાના દેડકાં જેવી મારી દશા ! ભલું થજો એ સાધ્વી માતાનું કે મને અભિમાનની મોહ-નિદ્રામાંથી જાગતો કર્યો ! નહિતર કોણ જાણે આ ઘોડાપૂર જેવાં અભિમાનમાં ને અભિમાનમાં તણાતો જિંદગી સાવ નિરર્થક પૂરી કરીને ક્યાંનો ક્યાં આ ભવસાગરમાં ફેંકાઈ જાત ? હવે તો ક્યારે સવાર પડે, ને આચાર્ય મહારાજ પાસે પહોંચી જાઉં, અને સર્વત્યાગ કરી એમનો શિષ્ય બનીને એમના દરિયા જેવડાં જિનાગમો-જૈનશાસ્ત્રોના અમૃત ઘૂંટ પીધ્યે જ જાઉં, પીધ્યે જ જાઉં.

જુઓ સરળ-નિખાલસ અને પ્રામાણિક દિલનાં હિસાબે વિદ્વાન પંડિત હરિભદ્ર પુરોહિત એક ક્ષણ જેવામાં કેવું અભિમાન ફગાવી દેનારા બન્યા હશે, અને મિથ્યાત્વ કેટલું બધું દૂબળું બનાવી દીધું હશે, ત્યારે સાધ્વીજી પર ઓવારી ગયા છે ! અને આચાર્ય મહારાજ તથા જૈન ધર્મ-જૈન શાસ્ત્રો તરફ આકર્ષાઈ ગયા છે ! એ એનું મૂલ્યાંકન એવું કરનારા બન્યા છે કે હવે પોતાની અત્યાર સુધીની જિંદગીને કદર્થિત કરી સમજે છે !

**નવી આત્મગુણ કે ધર્મની પ્રાપ્તિનું મૂલ્યાંકન આ, કે એ વિનાની પૂર્વ જિંદગી કદર્થિત-વિડંબિત લાગે, અને એનો ભારે સંતાપ થાય.**

હરિભદ્ર બ્રાહ્મણને રાતના આ બધી મથામણ ચાલી, અભિમાન અને એનાથી વિડંબિત જિંદગી પસાર કર્યાનો ભારે સંતાપ ચાલ્યો ! જૈન શાસ્ત્રો જાણવા-ભણવાની તાલાવેલી જાગી ! એ બધાનો રુડો પ્રતાપ કે હવે એ જ્યારે સવારે આચાર્ય મહારાજ પાસે જાય છે ત્યારે પહેલાં જિનમંદિર આવે છે, એમાં અને પછી આચાર્ય મહારાજ પાસે જાય છે ત્યાં અદ્ભુત વર્તાવ કરે છે ! આના મૂળમાં સાધ્વીજી કારણ છે. એટલા જ માટે અહીં ખાસ જોવાનું છે કે વિદ્વાન હરિભદ્ર પુરોહિતે સાધ્વીજીને પોતાના દિલમાં માતાનું સ્થાન આપ્યું છે. એ યાકિની મહત્તરા સાધ્વીજી મળ્યા પર માને છે કે કેવો અપૂર્વ યોગ મને મળ્યો ! ત્યારે એમના ગુરુજી તો વળી કેવા ય હશે ! એમની વિદ્વત્તા આગળ મારું ગજું શું ?'

ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે હરિભદ્ર બ્રાહ્મણના આત્મામાં પરિવર્તન થયું છે આનું મૂળ કારણ સાધ્વીજીની નમ્રતા જોઈ તે, સાધ્વીજીનો વિનય જોયો તે, ગુરુપારતન્ત્ર્ય જોયું તે, વિશ્વવાત્સલ્ય જોયું તે. પોતાની દુર્દશા જાણે છે કે પોતે અભિમાનમાં મરી રહ્યા હતા, એની સામે આ નમ્રતા-વિનય-ગુર્વાધીનતા-વાત્સલ્ય જોવા મળે એટલે હૃદય-પરિવર્તન કેમ ન થાય ?

ગુરુ આચાર્યજી પ્રત્યેના સાધ્વીજીના વિનયે હૈયાને એવું આકર્ષી લીધું છે કે, એની સામે પોતાને હવે પોતાના અભિમાન પર ઘૃણા છુટે છે, અને જૈનશાસ્ત્રો પર ઓવારી જાય છે ! એમને વારંવાર મનમાં આવે છે કે 'જો સાધ્વીજી આવા ગુણિયલ, ત્યારે ગુરુજી તો કેવા મહાન ગુણનિધિ હશે ! ત્યારે સાધ્વીજી ગાથાનો અર્થ જાણે છતાં  ન કહે, એ ગંભીરતા અને આજ્ઞાંકિતતાની શોભા કેવી સરસ ! શું ત્યારે મોટાને કોરે મૂકી પોતે જ લેક્ચર કરવા બેસી જવું એમાં કાંઈ શોભા છે ? વળી, એક ગાથાય કેવી રહસ્યમય કે હું આટલો બધો વિદ્વાન પણ એનો ભાવ ન સમજી શકું ! ત્યારે સમસ્ત જૈન વાઙ્મય તો વળી કેવું ય અને કેટલું ય અદ્ભુત હશે ! કેવાક અવર્ણનીય રહસ્યોથી ભર્યું પડ્યું હશે ! મારો ય એ ભાગ્યોદય કે આટલો ગાથાનો અર્થ ન સમજાવાને લઈને જૈન શાસ્ત્ર સુધી પહોંચવાની તક પામ્યો !'

**પ્રભુના મંદિર તરફ :-**

સવારના ઊઠી પ્રાભાતિક કાર્ય પતાવી હરિભદ્ર પુરોહિત ચાલ્યા આચાર્યશ્રીના ઉપાશ્રયે. ઉપાશ્રયની આગળ ભવ્ય જિન મંદિર હતું. કષાયના તાપથી તપેલા અને વિષયાગ્નિથી બળેલા-ઝળેલાને એ મહાન ઠંડક આપતું, દુઃખીને દિલાસારૂપ, થાકેલાને વિસામારૂપ, અને પાપીને પવિત્ર કરનારું આ દેરાસર પુરોહિતને એમ ને એમ શાનો જવા દે ? જો કે આ તો તે જ મંદિર છે કે જ્યાં પૂર્વ મદમાં આવી આ પુરોહિતે વીતરાગની મૂર્તિ જોઈ વીતરાગદેવને મિષ્ટાન્નભોજી કહી મશ્કરી કરી હતી, પરંતુ અત્યારે તો મદ ઊતરી ગયો છે, સાધુ પ્રત્યે આકર્ષણ થયું છે, તેથી એમના ધર્મસ્થાપક પ્રત્યે કેમ આકર્ષણ ન થાય ?

મંદિરમાં જઈને હરિભદ્ર મોટા સ્વરે સ્તુતિ કરે છે :-

**"मूर्तिरेव तवाऽऽचष्टे स्पष्टं वीतरागताम् ।**
**नहि कोटरसंस्थेऽग्नौ तरुर्भवति शाड्वलः ॥"**

તમે વીતરાગ છો એવું, હે ભગવન્ । તમારી મૂર્તિ જ સ્પષ્ટપણે કહી રહી



છે. કેમકે ઝાડના પોલાણમાં જો અગ્નિ હોય, તો ઝાડ લીલુંછમ હોતું નથી."

**જિનની મૂર્તિ પરથી વીતરાગતાની સાબિતિ :-**

વિદ્વાન હરિભદ્ર બ્રાહ્મણને હવે સાચું ભાન થાય છે. વિદ્વત્તા તો પૂર્વે પણ હતી, પરંતુ મિથ્યાત્વના જોરમાં એ કલુષિત થઈ ગઈ હતી; તેથી ભગવાનના દેહને લષ્ટપુષ્ટ તરીકે દેખ્યો હતો. હવે દૃષ્ટિમાંથી મદનું ઝેર નીકળી જવાથી એજ મૂર્તિને પ્રશાંત અને નિર્વિકાર તરીકે દેખે છે. તેથી કહે છે કે 'ભગવન ! તમારામાં રાગદ્વેષાદિ દૂષણો નથી, પરંતુ વીતરાગતા છે.' કારણ એ છે કે મૂર્તિ પર કોઈ પણ શાસ્ત્રસંબંધ, સ્ત્રીનું સાંનિધ્ય, વિકરાળતા કે દીનતા, હાસ્ય કે રોષ, ગીત કે નાટક, વગેરે કશું જ દેખાતું નથી. એ જો હોય તો તો એના હિસાબે ભય, કામ, રૌદ્રતા, ચિંતા, હાસ્ય, કૌતુક, રાગાદિ વગેરે દોષ સંભવિત ગણાય. એટલે જેમ ઝાડના પોલાણમાં અગ્નિ હોવાના હિસાબે ઝાડ જરૂર સુકાઈ, કરમાઈ, કે બળી જાય; અને જો તેવી કોઈ સ્થિતિ ન હોય, પણ ઊલટું ઝાડ લીલુંછમ દેખાતું હોય તો અગ્નિનો બિલકુલ સંભવ ન મનાય; તેવી રીતે આ ભગવાનની મૂર્તિ પર સ્ત્રી-શસ્ત્રાદિના કોઈ ચિન્હ નથી દેખાતા, તેથી માનવું પડે કે આ ભગવાનમાં રાગાદિ કોઈ પણ દોષનો સંભવ જ નથી, તેથી એ વીતરાગ જ છે.

પુરોહિત હરિભદ્ર ખૂબજ ભીના હૃદયે વીતરાગ દેવાધિદેવનાં દર્શન કરે છે, વિનમ્ર વાણીથી સ્તુતિ કરે છે, 'પ્રબન્ધકોશ' ગ્રંથ બતાવે છે કે વિદ્વાન હરિભદ્ર પુરોહિતે **'वपुरेव तवाचष्टे'** ની સાથે બીજી સ્તુતિ આ પણ ગાઈ,

**પુરોહિતની બીજી વીતરાગ સ્તુતિ :-**

**ज दिट्ठी करुणा-तरंगिय-कुडा, एअस्स सोमंमुहं,**
**आयारो पसमायरो, परियरो संतो, प्रसन्ना तणू ।**
**तं नूणं जर-जम्म-मच्चु हरणो देवाहिदेवो इमो,**
**देवाणं अवराण दीसइ अओ नेयं सरूवं जए ॥'**

**જિનમૂર્તિમાં શું શું છે ? :-**

અર્થાત્ "જે કારણથી આ મૂર્તિમાં દૃષ્ટિ કરુણાના જ તરંગોથી સ્પષ્ટપણે બીજાની દૃષ્ટિઓ કરતાં જુદી પડે છે, ને એટલા જ માટે જે આનું મુખ સૌમ્યરસ ભરપૂર છે, તેમજ આકાર પ્રશમરસની ખાણ છે, તથા આજુબાજુનો પરિકર તદ્દન શાંત-પ્રશાંત છે, કહો આખું શરીર પ્રસન્નતાભર્યું દેખાય છે, તેથી અનુમાન થાય છે કે ખરેખર જન્મ-જરા-મૃત્યુની વિટંબણાને મિટાવનાર દેવાધિદેવ આ છે, બીજા કોઈ દેવ દેવાધિદેવ નહિ; કેમકે જગતમાં બીજા દેવોમાં આવું સ્વરૂપ દેખાતું નથી."

દેવાધિદેવની કેવી સરસ સ્તુતિ ! તમે કહેશો કે

**પ્ર.**- હજી તો એ જૈન ધર્મ પામ્યા નથી તો આવી સ્તુતિ એમને શી રીતે આવડી ?

**ઉ.**- પરંતુ અહીં સમજવાનું છે કે એમણે સાધ્વીઓનો આશ્રમ, અને વડેરા સાધ્વીજીનું એમની પ્રત્યે વાત્સલ્ય તથા ગુરુ પ્રત્યે વિનય અને ગાંભીર્ય...વગેરે જોઈ એમનું મિથ્યાત્વ મોળું પડી ગયું છે; એટલે હવે જિનમૂર્તિ પરનાં સ્પષ્ટ દેખાતા ગુણ સૂચક અંગોને સીધી રીતે મૂલવે છે. આંખોમાં કઠોરતા-રૌદ્રતા લેશમાત્ર નથી; પણ આંખો કરુણાના તરંગો વહેવડાવતી દેખાય છે ! જોતાં આવડે તો દેખાય કે જિનમૂર્તિની આંખોમાંથી આપણા પર નીતરતી કરુણા વહી રહી છે. ત્યારે જ્યાં ચક્ષુમાંથી કરુણા જ વહેતી હોય ત્યાં મુખારવિંદ સહેજે સૌમ્યતા-ભરેલું દેખાય. દુનિયામાં દેખાય છે કે જેની આંખમાં કઠોરતા કે રૌદ્રતા આવે ત્યારે એની મુખમુદ્રા સૌમ્ય નથી રહેતી.

બીજી બાજુ જોઈએ તો જિનમૂર્તિ પર શસ્ત્ર-સંબંધ, સ્ત્રી-સંબંધ તથા કોઈ પરિગ્રહ-સંબંધ વગેરે નથી; એટલે જિનમૂર્તિનો આખો આકાર પ્રશમરસનો આકર છે, ખાણ છે. શું હાથ કે શું પગ, કે શું ખોળો, બધા જ અંગોપાંગમાં પ્રશમરસ-પ્રશાંતતા દેખાય છે.

એમ જિનમૂર્તિની આસપાસ પરિકરમાં પણ જોઈએ તો, ઝગમગતું પણ શીતલ ભામંડલ, છત્ર, ચામર, રત્નમય સિંહાસન વગેરે પણ શાંત પ્રકૃતિના દેખાય છે.

આમ જિનમૂર્તિમાં બધે જ કરુણા-પ્રશાંતતા-સૌમ્યતા વગેરે હોવાથી આખા શરીર પર પ્રસન્નતા વ્યાપેલી દેખાય છે. વાત પણ સાચી છે કે જ્યારે પૂર્ણ પ્રશાંતતા-સૌમ્યતા વગેરે હોય એટલે અનુમાન થાય કે દેવાધિદેવ કૃતકૃત્ય બની બેઠા છે. હવે એમને કશી સ્પૃહા આતુરતા નથી, પછી ખિન્નતા ય શાની હોય ? પ્રસન્નતા જ હોય.

હરિભદ્ર પુરોહિત ભલે હજી જૈનધર્મ પામ્યા નથી, પરંતુ મૂર્તિ પરનો શાંત સૌમ્ય સરંજામ આંખે દેખ્યા અહેવાલ જેવો સ્પષ્ટ છે. એ શું ધુરંધર વિદ્વાન ન સમજી શકે ? કહેશો, તો પછી એ પહેલાં કેમ ન દેખી શક્યા ? કારણ એ છે. કે એ વખતે પ્રબળ મિથ્યાત્વનો અંધાપો હતો, તેથી છતી સ્પષ્ટ વસ્તુ પણ ન દેખી શકે એ સ્વાભાવિક છે. હવે મિથ્યાત્વ મોળું પડવાથી સ્પષ્ટ વસ્તુ દેખી શકે છે.

જિનમૂર્તિનું શાંત સૌમ્ય અને કરુણાભર્યું સ્વરૂપ જોઈને વિદ્વાન હરિભદ્ર નિર્ણય કરે છે કે 'ખરેખર ! આ દેવ સામાન્ય નહિ, પણ દેવોના ય અધિપતિ દેવ દેવાધિદેવ છે, અને એ પણ જન્મ-જરા-મૃત્યુની વિટંબણા ટાળનારા દેવાધિદેવ છે.' પ્રશ્ન થાય,



**પ્ર.**- જૈન ધર્મ માટે નવા નિશાળિયા હરિભદ્ર પુરોહિતે હજી સુધી નહિ ઓળખેલા નહિ માનેલા દેવાધિદેવ તીર્થંકર ભગવાન જન્મ-જરા-મૃત્યુને ટાળનાર છે એમ શી રીતે જાણ્યું ?

**ઉ.**- કહો, તીર્થંકરની મૂર્તિ પરના અંગે અંગમાં પ્રશાંતતા સૌમ્યતા-પ્રસન્નતા જોઈને એ જાણ્યું; કેમકે એ સમજે છે કે આ મૂર્તિના ઉપાસકને અહીં આદર્શ આ પ્રશાંતતા આદિનો જ મળવાનો; તેથી ઉપાસકને સહેજે પોતાના જીવનમાં એ પ્રશમભાવ સૌમ્યભાવ વગેરેની જ પ્રેરણા અને આલંબન મળવાનું. બીજા રાગી-દ્વેષી દેવદેવી પાસેથી એ ક્યાં મળે ? ત્યારે

**જીવને જન્મ-જરા-મૃત્યુની વિટંબણા અનંતકાળથી કેમ ચાલુ રહી છે ?**

આ જ કારણે કે જીવ પ્રશમ-ઉપશમને બદલે ક્રોધાદિ કષાયોમાં રમતો રહ્યો છે. સૌમ્યતાને બદલે વિષયોની આંધીમાં અ-સૌમ્યભાવ, આસક્તિ...આદિના વિહ્વળભાવમાં રમતો રહ્યો છે; એથી જ જન્માદિ પરંપરામાં ઘૂમતો રહ્યો છે. તે હવે સ્વાભાવિક છે કે જો એ મલિનભાવો પડતા મૂકી જિનેન્દ્ર દેવાધિદેવના આલંબને પ્રશમાદિ નિર્મળ ભાવોમાં હૃદયથી રમતો થઈ જાય તો જન્માદિ પરંપરાનો કાયમી અંત આવી જાય. નિર્ધારિત કારણ હાજર છે તો કાર્ય અવશ્ય થાય. આ સમજીને વિદ્વાન હરિભદ્ર બ્રાહ્મણ સમજી શકે છે કે 'આવા દેવાધિદેવ જ જન્મ-જરા-મૃત્યુને નિવારી શકે.' એટલે જ એ સ્તુતિમાં છેલ્લે કહે છે કે 'દેવાધિદેવનું વાસ્તવિક પરમાત્મા તરીકેનું આ સર્વકરુણા-ઉપશમ-સૌમ્યતા વગેરે સ્વરૂપ તીર્થંકર સિવાય જગતના બીજા કોઈ દેવામાં દેખાતું નથી. તેથી નિશ્ચિત થાય છે કે આ જિનેશ્વર ભગવાન જ દેવાધિદેવ છે.'

**પ્રભુદર્શને પ્રભુને અનેક દૃષ્ટિકોણથી જોવાના :-**

જિનમૂર્તિ-દર્શને જૈનેતર હરિભદ્ર પુરોહિત બ્રાહ્મણના કેવા મનોરમ ઉદ્‌ગાર ! વીતરાગ પરમાત્માનું કેવું અનન્ય ગૌરવ કરનારા એ ઉદ્‌ગાર ! જિનમૂર્તિને અનેક આધ્યાત્મિક દૃષ્ટિકોણથી જોતાં આવડવું જોઈએ. જીવને દુન્યવી જડ ચેતન વસ્તુ કેવી અનેક દૃષ્ટિકોણથી જોતાં આવડે છે !

યુવાનને સારી કન્યા સાથે સગાઈ થાય, ત્યાં હવે એ કન્યામાં કેટકેટલું જુએ છે ? 'આ સારા સ્વભાવની હોવાથી મને શાંતિ આપનારી, રૂપાળી હોવાથી મારી આંખો ઠારનારી, હોશિયારી હોવાથી અનેક કામો સારા નીપટાવનારી, મારા મેમાન વગેરેને સારી સરભરાથી સંતોષ પમાડનારી, વિશ્વાસપાત્ર હોવાથી મારે અંતરની વાતોનું વિશ્રાંતિ-સ્થાન બનનારી, ઉદ્યમી હોવાથી મારા જીવનની અડધી ચિંતાઓ પોતે માથે ઉપાડી લેનારી...' આમ એ યુવાનને કન્યાની ભૌતિક વિશેષતાઓ

જોતાં આવડે ને ? તો પ્રભુદર્શન કરવા ગયા ત્યાં વીતરાગ પ્રભુની મૂર્તિ એટલે કે પ્રભુને જોઈએ એમાં આપણને અનેક આધ્યાત્મિક દૃષ્ટિકોણથી જોતાં ન આવડે ? કહો, પ્રભુનાં દર્શને એ રીતે જુઓ છો ? ના, કોણ વળી એવું મગજ ડહોળે ? એ ન કરવું હોય તો સારા આધ્યાત્મિક ભાવોના ને શુભ અધ્યવસાયોના આપણે અધિકારી ખરા ? ભવિષ્યમાં પણ આ શુભ ભાવો મળશે ?

**પ્રભુને અનેક દૃષ્ટિકોણથી જોતાં શુભ અધ્યવસાયોની મહાન કમાઈ થાય.**

**પ્ર.**- એવાં દૃષ્ટિકોણો આવડતા નથી ને ?

ઉ.- એ આવડે એવી તીવ્ર તમન્ના છે ખરી ? પાકી ગરજ છે ? તો એ જાણવા કોઈવાર ગયા ગુરુ પાસે ? ખેર, લો એ આવડત જોઈતી હોય તો આ રહ્યા ઉપાય...

**પ્રભુને અનેક દૃષ્ટિકોણથી જોવાના ઉપાય :-**

(૧) પ્રાચીન સ્તવનો લો, ને એની એકેક કડીમાંથી સાર લઈ નોટમાં નોંધવા માંડો; તો પ્રભુમાં અનેકાનેક પ્રકારની વિશેષતાઓ ને એના દૃષ્ટિકોણ ઢગલો જાણવા મળશે.

(૨) એમ નમિઉણ-ભક્તામર-કલ્યાણમંદિર વગેરે સ્તોત્રોના અર્થની બુક લઈ એનો સાર નોંધવા માંડો તો ય ભગવાનની વિશેષતાઓનો ઢગલો એકત્રિત થશે.

(૩) ભગવાનના ૩૪ અતિશય, વિભાગવાર નોંધી લો, એથી પણ પ્રભુને જોવાનાં દૃષ્ટિકોણ મળશે.

(૪) સમકિતના ૬૭ બોલ લઈ એ પ્રભુએ પોતાના પૂર્વ અને વર્તમાન જીવનમાં કેવા ઉતારેલા એ નોંધવા માંડો તોય પ્રભુની અનેકાનેક વિશેષતાઓ દેખાશે.

(૫) ચારિત્રના ચરણ સિત્તરી-કરણ સિત્તરીના ૭૦-૭૦ ભેદ પ્રભુએ કેવા કેવા અમલમાં મૂક્યા, એ જોતાં પણ પ્રભુની અવ્વલ અવ્વલ વિશેષતાઓ જોવા મળે.

(૬) 'નમ્મુત્થુણં' ના એકેક પદને જરા વિસ્તારથી વિચારો તો ય પ્રભુની અનેક વિશેષતાઓ જણાય.

(૭) 'જિન સહસ્રનામ,' પાર્શ્વનાશ સ્તોત્ર,' વગેરે પરથી નોંધ કરવા માંડો તો પ્રભુના એકેક વિશેષણમાં પ્રભુની નિરનિરાળી વિશેષતા જોવા મળે.

આ જાણ્યા પછી પ્રભુનાં દર્શને પ્રભુને અનેક દૃષ્ટિબિંદુથી જોતાં વિચારતાં આવડે. માત્ર અંતરમાં એની ભૂખ ઊભી થવાની જરૂર છે.

**શય્યંભવ બ્રાહ્મણને** જિનમૂર્તિ દર્શને પહેલું તો એ જોતાં આવડ્યું કે 'અહો ! આ બધા મોટા યજ્ઞસમારંભ શું આ ભગવાનના પ્રતાપે યશદાયી બને છે ?' પછી તો એમને પ્રભવસ્વામી પાસેથી બહિરાત્મા અંતરાત્મા અને પરમાત્માના સ્વરૂપ



સમજવા મળતાં પ્રભુમાં કેઈ વિશેષતાઓ દેખાવા માંડી.

**અન્વય-વ્યતિરેકથી દર્શન :-**

વિશેષતા જોવાની બે રીત, (૧) અન્વયથી જોવાય અને (૨) વ્યતિરેકથી જોવાય. 'અન્વય' થી જોવાનું એટલે કે પ્રભુમાં રહેલી અનેરી વિશેષતાઓ જોવાની. દા.ત. વીતરાગ પ્રભુ કેવા કરુણાવાન કેવા ચોત્રીશ અતિશય પૈકી ૮ પ્રાતિહાર્યવાળા,...વગેરે. 'વ્યતિરેક' એટલે પ્રભુમાં કેવા કેવા દોષો નહિ એ જોવાનું. દા.ત. "પ્રભુઃ કમઠે ધરેણન્દ્રે ય તુલ્ય મનોવૃત્તિ" ભગવાન **"કમઠ ધરણપતિ ઉપરે તિલતુષ ન ધરે શેષ તોષ"** પ્રભુને ભક્ત પર દ્વેષ નહિ, શત્રુ પર રાગ નહિ. જિનદર્શને આમ અનેક દૃષ્ટિબિંદુથી પ્રભુની વિચારણા થાય. એ હરિભદ્ર બ્રાહ્મણે કર્યું ને એમાં મિથ્યાત્વનાં ફુરચા ઊડવા માંડ્યા ! તે હવે એ સાધુ પાસે પહોંચતાં જુઓ કેવા માત્ર સમ્યક્ત્વ નહિ પણ ઠેઠ ચારિત્ર સુધી પહોંચે છે !

**પશુ કરતાં વિશિષ્ટ બુદ્ધિ મળ્યાનો સદુપયોગ શો ? :-**

જોજો હરિભદ્ર બ્રાહ્મણ જૈન ગુરુ પાસે જ હજી જિંદગીમાં પહેલી જ વાર જાય છે, એટલે આજ સુધી એમનો ઉપદેશ પામ્યા નથી, છતાં ગુરુ મળતાં પહેલાં જ બુદ્ધિના સદુપયોગથી દેવાધિદેવના સ્વરૂપનો કેવો નિર્ણય કરી લે છે ! તો પશુ કરતાં આપણને વિશિષ્ટ બુદ્ધિ મળી તેનો સદુપયોગ શો ? એનો વિશિષ્ટ ઉપયોગ શો ? શું તાલંબાજીની બુદ્ધિથી જોરદાર વેપાર કરવો, કે શું સારા પૈસા કમાઈ પાડવા, યા શું સારામાં સારી સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવી, એ બુદ્ધિનો સદુપયોગ કે વિશિષ્ટ ઉપયોગ પર મુસ્તાક છો ? કવિ કહે છે,

**"ભૂલા રે ભમો, તુમે ભૂલારે ભમો, કાચને હીરો, માની રે રહ્યા,**
**સાચા તે હીરાને, ઉવેખી રહ્યા, હે...**
**ઊભા રે બજારે તેથી લૂંટાયા તમો, તેથી લૂંટાયા તમો...ભૂલારે..."**

માનવ-બુદ્ધિના વિશિષ્ટ ઉપયોગ અર્થ અને કામની હોશિયારીના કાર્યોમાં માન્યો એનો અર્થ એ, કે એ હીરાને બદલે કાચને હીરો માની કાચને વળગવાનું થયું, ને તેથી જ જીવે પોતે જ ઊભા બજારે પોતાનું પૂર્વનું પુણ્ય અને આત્મસંપત્તિ લૂંટાવી ! ઉઘાડો હિસાબ છે કે

**જેટલી ઝંખેલી અર્થ-કામની અનુકૂળતા સારી મળે, એટલું એક બાજુ તો સારું પુણ્ય વટાવાઈ જાય, પાપગંજ એકત્રિત થઈ જાય, અને બીજી બાજુ ત્યાગ-નિસ્પૃહતા-વૈરાગ્ય-ઉપશમભાવ...વગેરે આત્મસંપત્તિથી વંચિત રહેવાનું થાય !**

માટે કહો, માનવની વિશિષ્ટ બુદ્ધિનો વિશિષ્ટ ઉપયોગ આત્મામાં ઉપશમભાવ, સૌમ્યભાવ, સર્વ જીવ પર કરુણા-હિતભાવના વગેરે લાવવામાં છે,

એ નિર્મળ ભાવો આવે એવાં શુભ કાર્યો કરવામાં છે.

હરિભદ્ર બ્રાહ્મણ જિનમૂર્તિ જોઈ જિનેન્દ્ર ભગવાનમાં આ પ્રશમાદિભાવ હોવાનું નિશ્ચિત કરે છે અને એવા પ્રભુ જ જન્મ-જરા મરણનો કાયમી અંત લાવી શકે એવી એની સહજ ફલશ્રુતિ તારવે છે. આમાં જૈન ધર્મનો બહુ પરિચય ન હોય તો ય સમજી શકે એવું છે.

**મહા કિંમતી મનની કદર :-**

પ્રભુનાં દર્શન કરી હરિભદ્ર પુરોહિત ઉપાશ્રયમાં ગયા. ત્યાં મંડપમાં બિરાજમાન આચાર્યપુંગવ શ્રી જિનભદ્રસૂરીશ્વરજીને જોયા. અંતરમાં હવે આત્મ-પરિવર્તનના યોગે ગડમથલ તો ચાલુ જ હતી, મિથ્યા અભિમાનથી પોતાના આત્માની આજસુધી પોતે જ કરેલી જે કદર્થના, તે હૈયાને કોરી રહી હતી, એમ થતું હતું મનને, કે 'અરે ! આજ સુધીના દિવસો મેં ખરેખર ! **વેડફી નાખ્યા ! આત્માને મહાકિંમતી મળેલું મન, એનો કેવો ભયંકર દુરુપયોગ ચલાવે રાખ્યો !** જે મન દ્વારા ખામોશ અને નમ્રતા-મૃદુતાના સુંદર ભાવો આત્મામાં રમતા કરી, ખૂબ અભ્યાસથી આત્મા સાથે એકમેક કરી શકાય, એની જગ્યાએ મેં આ અસહિષ્ણુતા અને અભિમાનમાં શું કરી નાખ્યું ? જે મનથી જાતનું ગૌરવ આંકવાને બદલે પરમાત્માનું અને આવા સાધુસંતોનું ગૌરવ આંકી શકાય, અનુમોદી શકાય, અને એનો અનુપમ લાભ ઉપાર્જી શકાય, એવા મનથી છતી વિદ્વત્તાએ કેવી મૂર્ખાઈ અને મહાનુકસાનીની કાર્યવાહી મેં કરી ?' એક બાજુએ એ આવી આવી વિચારણામાં વિહરી રહ્યા હતા, ત્યાં બીજી બાજુ એમણે મહાન વિદ્વાન મુનિગણથી સેવાતા સૂરિજીના પાવન દર્શન કરતાં જોયું કે સૂરીશ્વર કેમ જાણે દેવોથી પરિવારેલા ઇન્દ્ર ન હોય ! વળી એમણે સાધુઓને પણ પ્રશમરસના મહાનિધિસમા નિરખ્યા. અહીં વિદ્વાન હરિભદ્ર બ્રાહ્મણને એટલો બધો આનંદ થયો, એવું દિલ ઠર્યું, કે કુવાસના ઓગળી ગઈ. ત્યાગી અને પ્રશમ-સમતારસમાં ઝીલતા મુનિઓનાં દર્શનમાત્રનો આ કેવો ઊંચો પ્રભાવ છે !

**ત્યાગીના દર્શનનો કેવો ઊંચો પ્રભાવ :-**

હરિભદ્ર બ્રાહ્મણને પહેલાં સાધ્વી આર્યાઓનો આશ્રમ જોવા મળ્યો. હવે અહીં અનેક સાધુ મહારાજોનાં દર્શન મળે છે, અને એમાં એક વખતનું ગાઢ મિથ્યાત્વથી આવરાયેલું દિલ હવે આ દર્શને પાણી પાણી પાણી થઈ જાય છે !

જગતના વિષય-કષાયની આગોથી સંતપ્ત દિલને ત્યાગી સાધુ-સાધ્વીનાં દર્શન મળે એ એની આંખો ઠારનારાં બને છે. પરંતુ મૂઢ જીવોને ત્યાગીઓના વારંવાર દર્શન કરવાના ઉમળકા જ થતા નથી પછી એ દર્શન પર દિલ પાણી પાણી થવાની વાત જ ક્યાં ? બાકી નિકટજીવી જીવને ત્યાગીના દર્શન ઠારી દે છે. જુઓ.





**સમરાદિત્ય કેવળીનો જીવ** ચોથા ભવે ધન્ય કુમાર પરદેશમાં બહુ ઊંચી-નીચી જોઈ આવ્યા પછી દેશમાં આવી માતા પિતાને અહેવાલ આપે છે. એમાં પત્ની ગયાનો પણ હેવાલ કહે છે. ત્યારે માતાપિતા આશ્વાસન આપે છે કે 'કાંઈ ચિંતા ન કરીશ બીજા સારા શ્રીમંત ઘરની કન્યા શોધીશું.' પરંતુ ધન્ય-કુમારના સંતૃપ્ત દિલને શાંતિ નથી મળતી, ને તે પછી ઉદ્યાનમાં જાય છે ત્યાં યશોધર મહાત્મા સહિત મુનિ સમુદાય જુએ છે, ને એ જોતાં હૈયું પુલકિત થાય છે ! મુનિઓનાં દર્શને દિલ ઠરે છે. ઘડીભર પૂર્વની આપદાઓ ભૂલી જાય છે, અને એમાં યશોધર મહાત્માનું નવ ભવનું ચરિત્ર સાંભળવા મળે છે તેથી ચિત્તમાંથી સંસારની બધી વ્યાધિઓ-વાસનાઓ નીકળી જઈ ચિત્ત પ્રશાંતવાહી બની જાય છે ! ત્યાગીના દર્શનની બલિહારી છે.

**સુદર્શના :-** જંગલ વચ્ચે પારધીના બાણે વિંધાઈ નીચે પડીને તરફડતી સમડીને ત્યાં મુનિનું દર્શન મળ્યું, એ ત્યાગીની દયામય મુદ્રા જોવા મળી, અને એમના શ્રીમુખેથી નવકાર મંત્ર બોલાતો સાંભળવા મળ્યો, તો સમડી મરણાંત કષ્ટનાં પણ સંતાપ ભૂલી, આમાં ઠરી ! તો મરીને સુદર્શના રાજકુમારી બની.

**વંકચૂલ :-** ત્યાગીનાં દર્શનની બલિહારી કેવી કે વંકચુલ લૂંટારો બનેલો તે જંગલમાં પોતાની પલ્લીમાં મુનિઓ ચોમાસુ રહેલા છે. એમને વંકચુલે ઉપદેશ ન દેવાની શરત કરેલી છે; એટલે વંકચુલને માત્ર ત્યાગી મુનિ અને એમની ચર્યાનાં દર્શન મળે છે. પણ એનાથી એવો પ્રભાવિત થયેલ છે કે જ્યારે ચાતુર્માસ પૂર્ણ થયે મુનિઓ વિદાય લે છે ત્યારે એના સીમાડાની બહાર નીકળી મુનિઓ એને કહે છે 'હવે તારી સીમામાં ઉપદેશ ન દેવાની શરત પૂરી થઈ. તારી સીમાની બહાર આવી ગયા. તો હવે તો અમે કાંક ઉપદેશ દઈ શકીએ ને ?' વંકચુલ હસી પડ્યો, કહે છે 'જરૂર દો ?' ત્યારે મુનિ કહે છે, 'જો, અહીં તું જે કરી રહ્યો છે એ તો માત્ર આ જનમના હિતાર્થે છે, તો પરભવના હિતાર્થે કાંક કરતો રહે. એ માટે કોઈ વ્રત નિયમ લે, જે તને પરભવે ઓથ આપે.' વંકચુલ ત્યાગીના દર્શનથી પ્રભાવિત હતો તેથી તરત ચાર નિયમ એણે સ્વીકારી લીધા, અને એ ચારે નિયમને કસોટી આવવા પર પણ પાર પાડ્યા, તો મરીને એ બારમા દેવલોકે જન્મ પામ્યો !

**જૈન મુનિઓનાં દર્શને હરિભદ્ર પુરોહિત :-**

ત્યાગી મુનિઓનાં દર્શનની બલિહારી કે બ્રાહ્મણ હરિભદ્ર પુરોહિત ઉપાશ્રયમાં આવતાં ત્યાગી મુનિઓ સહિત આચાર્યને જોઈ પ્રભાવિત થાય છે. પુરોહિતે મુનિઓને

ત્યાગી અને પ્રશમ-નિધાન જોઈને જ મુનિઓને મોટા પંડિતોને પણ વંદનીય માન્યા હતા. વિદ્વાન હોવાથી સમજે છે કે 'જીવનમાં મોટી કિંમત ત્યાગ અને સંયમની છે. એ જેમનામાં હોય; એ ત્યાગ વિનાના મોટા પંડિતોને પણ કેમ વંદનીય ન હોય ?

વિદ્વાન પુરોહિતે મુનિઓને પ્રશમ-સમતા-નિધાન તરીકે શી રીતે જોયા ? કહો,

મુનિઓની મુખમુદ્રા અને સાધુચર્યા જ એમના પ્રશમભાવ સમતાભાવને કહી રહી હતી,

**સમતાભાવ-પ્રશમભાવ શી રીતે આવે ?**

પુદ્ગલની પલેવણ મૂકો, માત્ર પોતાના આત્માની ચિંતા કરો. તો એ કાયાના સુખને લગતી સામગ્રીની કશી સાસર-વાસર કરવાની નહિ, પરંતુ સાસર-વાસર પોતાના આત્માની જ કરવાની હોય; અને તે સાસર-વાસર એટલે પવિત્ર જ્ઞાન-ધ્યાનનાં વ્યવસાયમાં જ પરોવાયેલા રહેવાનું હોય; પછી ત્યાં કોઈ જ વિષય-કષાયની ઉર્મિ જ શાની ઊઠે ? આવી અવસ્થા એ પ્રશમભાવ-સમતાભાવ. તમને લાગશે કે

**પ્ર.**- આવો સમતાભાવ શી રીતે આવે ? અનાદિના અભ્યાસ અને સંસ્કાર તો ઊંધા છે; એના પ્રતાપે શું અહીં મુનિઓને ય પુદ્ગલની એટલે કે કાયાની ને વિષયોની સરભરા કરવાનું મન ન થાય ?

ઉ.- એક વાત સમજી રાખજો,

**ભવનાં આરે પહોંચી ગયા હોય, એમને હવે ભવસાગરના ઝંઝાવાતો ન નડે.**

જે મુનિ મહાત્માઓ સંસારનાં ભાવોથી પૂરા ધરાઈ ગયા હોય, એમને સંસારના ઝંઝાવાતો કશી અસર ન કરે,

પેંડા માપ-બહાર બહુ ખવાઈ ગયા હોય, તો માણસને હવે એ પેંડાની કશી ઉર્મિ યાને ખણજ નથી ઊઠતી, કે વિચાર સરખો ય નથી આવતો. ઊલટું હમણાં તત્કાળ તો એના પર ભારે અરુચિ-અભાવ ઊભો થઈ ગયો હોય છે. મનને થાય છે કે 'ખાધા, બહુ ખાધા પેંડા, ધરાઈ ગયો, હવે છોડ એનું નામ.' એને પેંડાનું નામ પણ સાંભળવું ગમતું નથી ! નામ સાંભળતાં પણ ઊલટી થવા જેવું લાગે છે.

બસ, એ રીતે સંસારના ભાવો અર્થાત્ સંસારના સુખ-સાધન-સગવડ માટે થાય કે 'જોયા, બહુ જોયા સંસારના ભાવો; બહુ જોયાં સંસારનાં સુખ-સાધનો-સગવડો. નાશવંત ભાવોમાં ભવ ભવ પર્યટન કરનારા મારા અવિનાશી આત્માને માટે કશો સાર નથી. ધરાઈ ગયો એનાથી હવે; છોડ એનો પલ્લો, ને એનું નામ'. હવે એનું નામ પણ મુનિના મનને વ્યાકુળ કરે છે, અરુચિ-અભાવ ઊભો કરે છે.

આમ સંસારનાં ભાવોથી પૂર્ણ ધરાઈ ગયા જેવી સ્થિતિ ઊભી કરાય, એટલે



પછી એની ખાતર જે રાગ-દ્વેષ...કામ-ક્રોધ-લોભ...વગેરેનાં ઉકળાટ ચાલતા હતા, તે હવે બંધ પડી જાય એમાં નવાઈ નથી.

**જીવ સંસારના વિષયોથી ખૂબ ધરાઈ ગયા જેવો બની જાય તો એની કશી ઉર્મિ જ ન જાગે હૃદય ઠંડગાર, શાંત, પ્રશાંત.**

ત્યાં ઇન્દ્રિય-વિષયની કશી વિહ્વલતા કે આતુરતા જ ન મળે. મૂળ કારણ, મુનિઓ મોહમાયાથી પર થઈ બેઠા છે. સ્વમાન-સન્માન એ પણ સંસારનો ભાવ છે, મુનિઓ સમજે છે કે 'આ પણ જીવે બહુ વધાવ્યા અને એની લેશ્યામાં ભવોમાં ભટકવાનું થયું, તો હવે એની ય ચિંતા કરવાની નહિ, એની ય પરવા રાખવાની નહિ.' એટલે મુનિ એનાથી ય પર છે, અને એકલા આત્મહિતમાં મગ્ન છે, પછી ત્યાં સમતાભાવ કેમ ન આવે ? પ્રશમના નિધાન કેમ ન બને ?

હરિભદ્ર બ્રાહ્મણે મુનિઓને સમભાવના નિધાનરૂપ દેખ્યા, એટલે જ મુનિઓ મોટા પંડિતોને પણ વંદન કરવા યોગ્ય લાગ્યા. કેમકે પંડિતો હજી મોહમાયામાં ફસ્યા હોઈ આવા સમતા નિધાન નથી, આવા સમભાવનો અનુભવ કરી શકતા નથી. એટલે સહેજે આવા સમતા-નિધાન મુનિઓ એમના માટે વંદનીય પૂજનીય બને. વિદ્વાન પુરોહિત અહીં આચાર્યને આવા મુનિઓથી સેવાતા જુએ છે, ને જોઈને દિંગ થઈ જાય છે ! કે 'અહાહાહા ! શું મુનિઓનો સમુદાય છે !'

**હરિભદ્રને જોઈ આચાર્ય શું વિચારે છે ? :-**

ત્યારે હરિભદ્ર પુરોહિતને મુકામમાં પેસતો જોઈ આચાર્ય ભગવંત આમને ઓળખી કાઢે છે, વિચારે છે, 'ઓહો ! આ તો તે જ બ્રાહ્મણ છે કે જે અહીં પોતાના વૈદિક ધર્મના શાસ્ત્રોમાં અને મંત્રોમાં વિદ્વાન ગણાય છે; ને વળી જે રાજમાન્ય છે, અને યશસ્વી છે, ખ્યાતિવાળો છે. પૂર્વે આણે જ હાથીના તોફાન વખતે મંદિરમાં પેસી જઈ શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ પ્રત્યે માલ-મેવા ખાનારા તરીકેનું મશ્કરીવાળું વચન ઉચ્ચાર્યું હતું; કેમકે એ વખતે એનું ચિત્ત મદના લેપથી લેપાયેલું હતું. પણ આજે આશ્ચર્ય છે કે એણે અહીં આવવા પૂર્વે એ જ જિનમૂર્તિની વીતરાગ તરીકે સુંદર સ્તુતિ કરી ! કાળના ભેદ અગમ છે ! જીવોના હૃદયના ભાવોના ભેદ અકલ છે, દુર્જ્ઞેય છે. આ કેમ અહીં આવ્યો હશે ? પણ હવે જોઈએ છીએ આગળ શું બને છે.'

**આચાર્યનું માનવંતુ સંબોધન :-**

એમ વિચારી આચાર્ય મહારાજ પૂછે છે એને, 'અહો અનુપમ બુદ્ધિનિધાન ! કુશળ છે તમને ? કયા પ્રયોજનથી અત્રે આવવું થયું ?'

શાસન માટે હીરા ખેંચવા હોય તો શી રીતે ખેંચાય ? મૃદુવાણી અને

વત્સલ હૃદયથી, ને સામાના ગુણની કદરથી ખેંચી શકાય.

પુરોહિત અચંબો પામે છે, 'હું અનુપમ બુદ્ધિ નિધાન ? આવા સમર્થ અને વિદ્વાન સૂરિજી મને આ રીતે સંબોધે છે ? આ કેવા વિશાલ હૃદયના મહાત્મા ! ખરેખર મારાં તો ભાગ્ય ઊઘડી ગયાં લાગે છે ! ગઈ કાલે સાધ્વી માતા એવા મળ્યા કે જેમણે મારા પ્રત્યે વાત્સલ્યનાં પૂર વહેવડાવ્યાં ! ત્યારે આજે આવા મોટાં આચાર્ય મહારાજ પણ મારા જેવા નગણ્ય માણસ પર કેટલું બધું વાત્સલ્ય અને કરુણા વહેવડાવી રહ્યા છે ! નહિતર મહાજ્ઞાની જેવા એ મહાપુરુષ મારા જેવા અજ્ઞાનીને અનુપમ બુદ્ધિ નિધાન શાના કહે ? તેમ જગતથી પર થઈ બેઠેલા એમને જગતની મોહમાયામાં ખૂંચેલા એવા મારું કુશળ પૂછવાની ય શી પડી હોય ? ઠીક છે, પૂછે છે તો હવે યોગ્ય જવાબ દેવા દે.'

**હરિભદ્રનો સુંદર જવાબ :-**

એમ વિચાર કરીને હરિભદ્ર પુરોહિત કહે છે,

"ભગવન્ ! શું હું અનુપમ બુદ્ધિનિધાન છું ? કે બુદ્ધિનો બેલ છું ? કારણ કે એક 'ચક્કી' વચન પણ હું ન સમજી શક્યો, તો હું બુદ્ધિનો નિધાન શાનો ? અલબત ઈતર શાસ્ત્રો પર વિચાર તો મેં કર્યો છે, પરંતુ અભિમાનમાં ફુલેલો હું કેવો મૂઢ કે મેં આગળ એથી પણ મહાન શાસ્ત્રો હશે એની કલ્પના સરખી ય કરી નહિ ! ઊલટુ એમ માન્યું કે જગતમાં કોઈ એવું શાસ્ત્ર નથી જે હું ન સમજી શકું' તેથી જ પ્રતિજ્ઞા કરી કે, ન સમજું તો સામાનો શિષ્ય થઈને પણ સમજ્યા વિના રહું નહિ.

"આમ વિદ્વત્તાનું માત્ર મિથ્યા અભિમાન લઈને હું ફરતો હતો, પરંતુ ગઈ કાલ મેં સાધ્વીજીના મુકામ પાસેથી પસાર થતાં 'ચક્કી દુગં હરિ પણગં' વાળી ગાથા બોલાતી સાંભળી. એનો અર્થ હું સમજ્યો નહિ. ત્યાં મારું અભિમાન ઘવાયું કે 'હેં ? આવાં પણ શાસ્ત્ર વચન હોય છે જે હું નથી સમજી શકતો ? તો મારામાં વિદ્વત્તા શી ?' એમાં અંદર જઈ આર્યા સાધ્વીજીને અર્થ પૂછતાં એમણે આપશ્રીની ભલામણ કરી. તેથી એનો અર્થ સમજવા આપશ્રીની તારક સેવામાં હાજર થયો છું. આટલો અર્થ સમજવા જેટલી ય મારામાં બુદ્ધિ નહિ એવા મને આપ 'બુદ્ધિ-નિધાન' શી રીતે કહો છો ?'

**હરિભદ્ર બુદ્ધિનિધાન શી રીતે :-**

આચાર્ય મહારાજ કહે છે, 'જો ભાઈ ! તેં અહીં મંદિરમાં જે સ્તુતી કરી તે અમે સાંભળી છે. વીતરાગ ભગવાનની આવી યથાર્થ સ્તુતિ બુદ્ધિહીન તો શું, પણ સામાન્ય બુદ્ધિવાળો ય ન કરી શકે ? તો એવી અદ્‌ભુત સ્તુતિ કરનાર તું



બુદ્ધિ-નિધાન કેમ ન કહી શકાય ? **વીતરાગની યથાર્થ સ્તુતિ કરે એ બુદ્ધિમાન જ ગણાય.'**

**ખોટી ખુશામતની ખરાબ અસર :-**

આચાર્ય મહારાજ કેવો સરસ માનસશાસ્ત્રીય અભિગમ (Psychology Approach) કરે છે ! કોઈને આકર્ષવો છે તો પહેલાં એના 'સદ્‌ભુત' એટલે કે વાસ્તવમાં એનામાં હોય એ ગુણની પ્રશંસા કરો. ગુણ ન હોય અને ગુણની પ્રશંસા કરે તે ખુશામતમાં જાય, અને તેથી સામા પર એની સારી અસર ઊભી ન થાય. કેમકે એ ખુશામત સાંભળી સમજવાનો કે 'મારામાં કાંઈ આવા ગુણ નથી, છતાં આ ભાઈ ગુણ ગાય છે, તો એમાં લાગે છે કે આ ખુશામત ચાપલુસી કરીને મારી પાસેથી એમને કોઈ સ્વાર્થ સાધી લેવો છે. પણ આપણે બંદા ય કાચા નથી કે આવા ખુશામતીઓથી લલચાઈએ. લલચાય એ બીજા.' સામાની ખોટી ખુશામત કરવા પર સામાને આવું લાગવા સંભવ. તો બોલો, ખુશામતના ઘરની ગુણપ્રશંસાની આ શી સારી અસર થઈ ? કશી જ નહિ. કદાચ આવી પ્રશંસા ન કરી હોત તો સામાના માથે આપણો એક ગંભીર આત્મા તરીકે જે ભાર બોજ રહેત, વજન રહેત, તે ખોટી પ્રશંસા કરીને ઊલટું આપણે જ આપણું વજન ઘટાડ્યું !

**પ્રશંસા, હકીકતમાં જે ગુણ હોય, એ ગુણની કરવી.**

હવે જુઓ પ્રશંસા કોને ન ગમે ? તેમ સામાની પ્રશંસા કરો, એટલે એનું તમારા તરફ આકર્ષણ થવાનું, તમારા પર એનો ભાવ વધે; પછી તમારે કડવું કહેવું હોય, ભારે કહેવું હોય, તો ય તે પ્રેમથી કહી શકો, અને તે સાચે જ સ્વીકારે.

**સિગરેટ કેવી રીતે બંધ કરવી ?**

વિલાયતમાં એક માણસને પોતાનો પુત્ર ખાનગીમાં સિગારેટ પીતો હતો તે બંધ કરાવવી હતી, એક દિવસ એણે શું કર્યું ? આનંદ-મંગળથી પિતા-પુત્ર ઘરમાં બેઠા હતા ત્યારે બાપે કહ્યું,

'જહોન ! મેં સાંભળ્યું છે તું સારો સ્પોર્ટસમેન છે. (ખેલાડી છે.)'

પુત્ર કહે, 'સારો તો કાંઈ નહિ પપ્પા ! પણ મને એનો શોખ છે.'

બાપ કહે, 'જો જહોન ! તું તો શાણો છે એટલે એમજ કહે, પણ જો, એમ કર, તું એના સારામાં સારાં સાધન વસાવી લે. પૈસાની ચિંતા કરીશ નહિ; લે આ ૧૦ પૌંડ. પણ ઊંચા સાધનથી તું સ્પોટ્‌ર્સનો એવો અભ્યાસ કર કે તું વિશ્વમાં શ્રેષ્ઠ કોટિનો સ્પોટ્‌ર્સમેન થાય, એમ હું ઈચ્છું છું. મારા તને આશીર્વાદ છે તું એવો થજે.'

પુત્ર તો આ સાંભળીને ખુશખુશાલ થઈ ગયો ! એમાં વળી સ્પોર્ટસનાં ઊંચા સાધન વસાવી લેવા પૈસા આપ્યા એટલે એવો લહેવાઈ ગયો કે એના બાપ તરફ

ભાવ ઊંચા થઈ ગયા ! એ કહે છે, 'બાપુજી ! આ તમારો મારા પર અત્યંત સ્નેહ અને ભારે ઉપકાર છે.'

બાપ કહે 'પણ જહોન ! જોજે જેણે ઊંચી કક્ષાના સ્પોર્ટ્સમેન થવું હોય એની છાતી લોખંડી જોઈએ. તો જ એ મેદાનમાં હજારો માણસ દેખતાં ડઘાઈ નહીં જાય, અને પોતે પોતાની રમતમાં નામ કાઢશે. માટે છાતી મજબૂત બનાવજે, અને જહોન ! જોજે ડોક્ટરો કહે છે, 'જેને બહુ દારૂ પીવા જોઈએ, અકરાંતિયાની માફક ખાવા જોઈએ, જેને કોકીન લેવા જોઈએ, જેને સિગારેટ પીવા જોઈએ...એ બધાની છાતી કમજોર બને છે. માટે આવા કોઈ વ્યસનમાં તું ન ફસાતો. તો જ તારી છાતીના પાટીયાં મજબૂત રહી, તું દુનિયાનો નામી સ્પોર્ટ્સમેન થઈ શકશે.'

આટલું બહુ લાગણીવશ બાપે કહેતાં કહેતાં છોકરો એવો પાણી પાણી થઈ ગયો કે ઝટ ઊભો થઈ હાથ જોડી કહે 'તો બાપુ ! માફ કરજો, મને સિગારેટનું વ્યસન લાગેલું; પરંતુ આપે 'ઠીક મારી આંખો ખોલી નાખી. આજથી એનો જીવનભર માટે પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરું છું.' એમ બોલી ખીસામાંથી સિગારેટના પાકીટ કાઢી તોડી ફોડી ગટરમાં ફેંકી દીધાં !

**વાત્સલ્ય અને સદ્‌ભૂત ગુણની પ્રશંસા આ કામ કરે છે કે સામાની બદીને નાબૂદ કરી નાખે.**

માનસશાસ્ત્રની પદ્ધતિ છે. જૈન શાસનની તો આ પરાપૂર્વ કાળની મૈત્રી અને પ્રમોદભાવના ઘરની આ પદ્ધતિ છે. તમારે સામાને શિખામણ દેવી છે ? કડવું સંભળાવવું છે ? તો એ પહેલાં તમે એને સાચું હેત, પ્રેમ, વાત્સલ્ય દેખાડો; પછી એના સદ્‌ભૂત ગુણો-સુકૃતોની પ્રશંસા-ઉપબૃંહણા કરો, કરીને એના મનમાં કડવું-કઠણ-કડક પણ ઝીલવાનો ઢાળ ઊભો કરો. એ કર્યા પછી કડવું સંભળાવો એ સીધું ઢાળ દ્વારા સામાના મનમાં અંદર ઊતરી જશે. આચાર્ય મહારાજે હરિભદ્ર પુરોહિતને એમ આવર્જ્યા છે.

આચાર્ય મહારાજે હરિભદ્ર પુરોહિતને બુદ્ધિ નિધાન તરીકે સંબોધ્યા, એ સંબોધન ખાલી ખુશામતનું નહિ કિન્તુ વાસ્તવિક હકીકતનું છે. એનો પણ ખુલાસો આચાર્યશ્રીએ સુંદર કર્યો.

**મૈત્રી-પ્રમોદનો જીવનઅભ્યાસ જરૂરી :-**

પરંતુ અહીં આ સમજવાનું છે કે સામા પર એવા અવસરે વાત્સલ્ય અને પ્રમોદભાવ ક્યારે પ્રગટ થાય ? કહો, જીવનભરમાં આ મૈત્રી આદિ ભાવો વ્યાપેલા હોય; રોજ ને રોજ હૈયામાં અવારનવાર મૈત્રીભાવ એટલે કે સર્વ જીવો પર સ્નેહભાવ લવાયા કરાય; તેમજ બીજાઓના સારા પર પ્રમોદ-હર્ષ લાવ્યા કરીએ;



પછી ભલે દુશ્મન હોય તો ય એના સારા પર આપણા હૈયામાં પ્રમોદભાવ લાવ્યા કરતા હોઈએ, ત્યારે અવસરે એ મૈત્રીભાવ-વાત્સલ્ય અને પ્રમોદ-હર્ષનો ભાવ આવીને ઊભો રહે. ત્યારે અહીં વિપરીત વસ્તુ દેખાય છે, કહે છે,

**પ્ર.-** બીજાઓનું નરસું નજરમાં ઝટ આવે છે ને એના પર ઈર્ષ્યા અસૂયા ઝટ ઊઠે છે. બીજાનું નરસું મનથી સહી શકાતું જ નથી. ત્યાં શું કરવું ?

**ઉ.-** આનો ઉપાય એ છે કે,

**જગતને સારા રૂપમાં જ જોવાની ટેવ પાડો.**

એક પ્રયોગ કરવા જેવો છે. જ્યારે જ્યારે પોતાના કામમાંથી બીજા ઉપર અર્થાત્ જગત ઉપર દૃષ્ટિ જાય ત્યારે ત્યારે ઉજ્જવળ દૃષ્ટિ રાખવી, Positive Outlook જ ઊભું કરવું. અર્થાત્ જગતને ઊજળી બાજુથી જ જોવું, જગતની ઊજળી બાજુ જ જોવી. મનને એમ ભાવવું કે 'અહો ! જગતમાં કેવું કેવું સારું સારું છે !' એમ કરી બીજાઓમાં સારું તત્ત્વ, સારી બાજુ, સારો સદ્‌ગુણ, સારાં સુકૃત જોવાં. આ જોવાના બહુ અભ્યાસથી પછી સારું જ જોવાની એક ટેવ ઊભી થઈ જશે; અને એમાં મન સાંકડું અને કાળું બનવાનું મટી એના બદલે વિશાળ અને ઊજળું બનશે. નહિતર તો

**બીજાનું નરસું જ નરસું જોયા કરવામાં તો મન ક્ષુદ્ર , સાંકડું રાંકડું અને કાળું બને છે.**

**શું બીજાના વાંકે આપણું મન કાળું કરવું ?**

માનો કે બીજામાં દોષ છે, હવે જો આપણે ગુણદૃષ્ટિના બદલે દોષદૃષ્ટિથી એ દોષ જ લક્ષમાં લઈએ, ને દોષવાળા તરફ ઘૃણાની નજરથી જોઈએ છીએ, તો ત્યાં આપણે જાતે જ આપણું મન બગાડ્યું. આ દોષદૃષ્ટિથી બીજાના દોષે અર્થાત્ બીજાના વાંકે આપણું મન બગાડ્યું ગણાય. આ કરનાર આપણે શાણામાં ખપીએ ? કે મૂરખમાં ? દુનિયામાં બીજાના વાંકે કોઈ પોતાનું નહિ બગાડે. દા.ત. પોતાના આંગણા આગળ પાડોશી કચરો નાખતો હશે તો તેથી પોતે પોતાના જ આંગણા આગળ વધારે કચરો નાખી પોતાનું આંગણુ નહિ બગાડે ! દોષદૃષ્ટિથી બીજાના દોષ જોવા કરતાં ગુણદૃષ્ટિથી બીજાના ગુણ જોવામાં આપણું મન નથી બગડતું પરંતુ પ્રસન્ન પ્રફુલ્લિત રહે છે.

હરિભદ્ર બ્રાહ્મણે પહેલાં વીતરાગની મશ્કરી કરવાની ભૂલ કરી હતી અને તે આચાર્યે સાંભળી હતી, પરંતુ અત્યારે એના જ મુખે વીતરાગની સારી સ્તુતિ સાંભળી, તો આચાર્યશ્રીએ હરિભદ્રનું પૂર્વનું નરસું યાદ કરી એના પર સૂગ ન કરી, અર્થાત્ એના પર પોતાનું મન ન બગાડ્યું. બીજાના વાંકે પોતાનું જ મન શા

માટે બગાડવું ? એમણે તો ઊલટું મન પ્રફુલ્લિત ગુણાનુરાગી કરી હરિભદ્ર પુરોહિતને 'હે બુદ્ધિનિધાન !' એમ સંબોધન કર્યું !

**કૃષ્ણ વાસુદેવની ગુણદૃષ્ટિ :-**

ત્રણ ખંડના માલિક કૃષ્ણવાસુદેવને આવી ગુણદૃષ્ટિ હતી એની ઈન્દ્રે સભામાં પ્રશંસા કરી; ત્યારે એક દેવતાએ એની પરીક્ષા કરવા કૃષ્ણની સવારીના રસ્તા પર એક બાજુએ મરેલી કૂતરીનું સડેલું અને ભયંકર દુર્ગંધ મારતું મડદું વિકુર્વ્યું ! ત્યાંથી અમલદારો સિપાઈઓ વગેરે તો નાક મચકોડતા ચાલ્યા; પણ કૃષ્ણ વાસુદેવ ત્યાંથી જતા મડદાં સામે જોઈ બોલી ઊઠ્યા **'અહો ! આ મડદાના મુખમાં પેલી દાંત પંક્તિ વાહ ! કેવી સફેદ મોતીના દાણાની જેમ ચળકી રહી છે !'** એક ટેવ જ પાડી દીધી હોય કે 'ક્યાંય પણ ઉજળું જ જોવું, સારું જ જોવું,' પછી શું કામ હલકા તરફ દૃષ્ટિ જ લઈ જવાય ? ને ઉજળું જ જોવાની ટેવમાં મન પણ કેટલું બધું પ્રસન્ન અને પ્રફુલ્લિત રહે ? બોલો આપણે સુખી શેમાં ? મન ઉદ્વિગ્ન વ્યાકુળ ઉન્મત્ત રહે ત્યાં ? કે મન પ્રસન્ન-પ્રશાંત-પ્રફુલ્લિત રહે ત્યાં ? કહેવું જ પડશે મન પ્રસન્ન હોય ત્યાં જ સુખી.

મહાત્માઓ ઉપદ્રવો પરીસહોની ધારાબદ્ધ ઝડીઓમાં પણ કેમ પ્રસન્ન રહેતા ? કહો, ત્યાં એ 'હાય ! આ અશુભનો ઉદય આવ્યો !' એમ હલકી કાળી બાજુ નહોતા જોતા, પરંતુ 'હાશ ! (૧) આ અશુભ કર્મના ક્ષયનો કેવો મજેનો અવસર મળ્યો !' એમ (૨) હાશ ! આ સામા જીવ પર ક્ષમા અને વાત્સલ્ય કમાવવાનો કેવો સરસ મોકો મળ્યો !' આ બે જબરદસ્ત ઊજળી બાજુ નજર સામે રહે, પછી શું કામ આર્તધ્યાન, અસમાધિ, નિરર્થક કર્મબંધ,...વગેરે તોફાન ઊભા થાય ? અલબત વસ્તુમાં કાળી બાજુઓ છે, પરંતુ દોષદૃષ્ટિથી એ લક્ષમાં લઈએ તો દ્વેષ-સૂગ-આર્તધ્યાન-અસમાધિ વગેરે માનસિક બગાડા આપણે વહોરીએ છીએ. અર્થાત્ બીજાના વાંકે આપણે આપણું મન બગાડીએ છીએ. ઊજળું જ જોવાની દૃષ્ટિ આનાથી બચાવી લે છે.

**મન પ્રસન્ન પ્રશાંત રાખો :-**

ત્યારે એ પણ ખાસ સમજી રાખવા જેવું છે કે ઉચ્ચ ધર્મના શુભભાવો પ્રસન્ન અને પ્રશાંત મનમાં ઊગી શકે છે, તેથી જીવનમાં આ ગુણદૃષ્ટિ ખૂબ જ જરૂરી છે.

આચાર્ય જિનભદ્રસૂરિજી મહારાજ એ ગુણદૃષ્ટિથી જ એક વખતના અભિમાની પણ વર્તમાનમાં વીતરાગની સ્તુતિ કરવાના ગુણવાળા હરિભદ્ર બ્રાહ્મણને 'હે બુદ્ધિનિધાન' શબ્દથી સંબોધે છે.



**'બુદ્ધિનિધાનનો' ખુલાસો :-**

અહીં આચાર્ય મહારાજે આ હરિભદ્ર પુરોહિતથી મંદિરમાં સારી વીતરાગની સ્તુતિ ગવાયેલી સાંભળીને પુરોહિતમાં સારી બાજુ જોઈ છે એટલે એને 'બુદ્ધિનિધાન તરીકે સંબોધ્યો છે. ત્યારે હરિભદ્રને હવે પોતાની અજ્ઞાનતા મૂઢતા સાલે છે એટલે આ સંબોધન યોગ્ય નથી લાગતું, તેથી પૂછે છે 'પ્રભુ ! હું બુદ્ધિનિધાન શાનો ?

ત્યાં આચાર્ય મહારાજ કહે છે, 'મંદિરમાં જે તમે વીતરાગ પ્રભુની સ્તુતિ કરી, એ અનુપમ બુદ્ધિના નિધાન વિના કેમ બની શકે ? **આ જગતમાં એ રીતે વીતરાગ તરીકે પરમાત્માની ઓળખાણ થવામાં ખરી બુદ્ધિમત્તા જ છે.'**

'હશે ભગવંત ! પણ આપ કૃપા કરી 'ચક્કી દુગં' વાળી ગાથાનો અર્થ ન સમજાવો ?'

અહીં **કોઈક ઈતિહાસ** એમ કહે છે કે હરિભદ્ર પુરોહિતે સીધું શિષ્યપણું માગ્યું. ત્યારે **બીજો ઈતિહાસ** એમ કહે છે કે પહેલાં તો એ ગાથાનો અર્થ માગે છે. દીક્ષાની વાત તો પછી જ્યારે ઊભી થાય છે ત્યારે બ્રાહ્મણોએ એ જણાવતાં બ્રાહ્મણો ના કહીને ઊભા રહે છે. તેથી એમને સમજાવવા પડે છે. એટલે હવે જ્યારે પુરોહિત અર્થ માગે છે ત્યારે આ સવાલ ઊભો થાય છે કે, શું ગુરુદેવ એને સીધો અર્થ સમજાવીને રવાના ન કરે ? ના, એમાં સામા પર શો બહુ ઉપકાર થાય ?

**ઉપકારપાત્ર જીવને ટુંકેથી ન પતાવાય :-**

એટલે આચાર્ય મહારાજ તો કહે છે કે, 'ભો મહાભાગ્ય ! જૈન શાસનનો અર્થ સમજવા માટેની ઊંચી વ્યવસ્થા સાંભળો. અહીં તો પહેલાં મુનિદીક્ષા લઈ તે તે સૂત્રને લગતી તપસ્યા કરવામાં આવે છે. યોગોદ્વહન કરવા પડે છે, પછી વંદન વગેરે વિનય-વિધિ-દ્વારા શાસ્ત્ર અને એનું વ્યાખ્યાન મેળવવા યોગ્ય હોય છે. તો જ શાસ્ત્રોના સારા વિસ્તાર અને પરમાર્થ મળે, પહોળાઈ અને ઊંડાઈ મળે. હવે તમને ઉચિત લાગે તેમ કરો. તમે વસ્તુના સારા ખપી છો, તો મારી તમને સલાહ છે કે એમજ અર્થ સમજી લેવાની ખોટી ઉતાવળ કરતા મા.'

**હરિભદ્ર ક્ષાત્રવટ દેખાડે છે :-**

હવે શું થાય ? પુરોહિતનું ચિત્ત ગંભીર વિચારણામાં ચઢી ગયું, 'સંસારત્યાગ કરી મુનિદીક્ષા લઈને પછી તપોવિધાન દ્વારા શાસ્ત્રો પ્રાપ્ત કરવાની આમની વાત તો ઘણી સુંદર છે ! કેમકે કોને ખબર, આવી ગાથાના કરતાં તો કેટલું એ અગાધ જ્ઞાન આમને ત્યાં હશે ! તો તે એ રીતે જ સહેલાઈથી મળે. પરંતુ દીક્ષા એટલે જીવનભર માટેનો સંસારત્યાગ ! એ કેમ બને મારાથી. ત્યારે બીજી બાજુ મારે અર્થ સમજવા જરૂર પડ્યે સામાનો શિષ્ય થઈને પણ સમજવાની પ્રતિજ્ઞા છે. માટે હવે

તો નિયમ તે નિયમ.' અંદરનું ખમીર ઊછળે છે અને ક્ષાત્રવટ દાખવી આચાર્યશ્રી પાસે ચારિત્ર અંગીકાર કરી લેવાના નિર્ધારવાળા બને છે. અહીં એક પ્રશ્ન થાય કે,

**સંસારસુખો એકાએક શે છુટ્યા ? :-**

**પ્ર.-** આ રાજાના માન્ય અને હોદ્દેદાર વિદ્વાન પુરોહિત હરિભદ્રે હજીની ઘડી સુધી રાજાનો માનવંતો હોદ્દો બજાવ્યો છે. રાજદરબારે જવાનું તે રાજાની પાલખીમાં બેસીને ! એટલે સન્માન અને આવક સારી ! એ પ્રમાણમાં સંસારના સુખોમાં મહાલતા હશે. હવે જૈન મુનિના પહેલા જ પરિચયમાં આવ્યા છે, તો એ સુખો એકાએક જિંદગીભર માટે એમનાથી શે મુકાઈ ગયા ?

ઉ.- એમનો દીક્ષા પ્રસંગ પૂર્વકાળની વિશેષતાઓ સૂચવે છે. પહેલી વિશેષતા આ, કે પ્રતિજ્ઞાના પાલન માટે પૂર્વકાળના ઉત્તમ માણસો સર્વ ભોગ આપવાની તૈયારીવાળા રહેતા. એટલે જ આપણને સાંભળવા મળે છે કે મોટા રાજાઓ કે રાજકુમારો એકી કલમે ક્યારેક રાજ્યપાટ સુદ્ધાં છોડીને પોતાની પ્રતિજ્ઞા યા પોતાનો કોઈ કર્તવ્યધર્મ બજાવવા નીકળી પડતા ! રામચંદ્રજી પિતાના વચનપાલનમાં અનુકૂળ થવાનું કર્તવ્ય બજાવવા ૧૨ વર્ષ વનવાસે નીકળી પડ્યા ને ?'' ક્ષત્રિય બચ્ચાઓ એવા અવસરે જાનના જોખમે લડાઈ કરવા નીકળે ! અરે ક્ષત્રિયાણીઓ અવસર આવી લાગ્યે પોતાના પ્રાણ પણ આપી દેતી ! કેઈ વિચારણા પર આ સાહસ ? એક દૃષ્ટાંત જુઓ.

**ક્ષત્રિયાણીનું પ્રાણના ભોગે કર્તવ્યપાલન :-**

એક ક્ષત્રિય બચ્ચો હમણાં જ ક્ષત્રિયાણી-કન્યાને પરણી લાવ્યો છે, અને એની સાથે પ્રેમની ગોષ્ઠી કરતો બેઠો છે, એટલામાં યુદ્ધની નોબત વાગી.

પેલી નવોઢા પત્ની પૂછે, 'શાની નોબત વાગી ?'

પતિ કહે 'એક રાજકુમારી પર આફત છે. એની સહાયે લડવા જવાનું છે. એની આ નોબત વાગી છે.'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૧,અંક-૧૪,તા.૧૮-૧૨-૧૯૮૨

પત્ની કહે 'એમ ? તો ઊભા થઈ જાઓ, લઈ લો ઢાલ ને તલવાર ઊપડો.'

પતિ કહે, 'પણ પછી તમારું શું થાય ? આ તો યુદ્ધનો મામલો જીવતા પાછા આવ્યા કે નહિ, કશું કહેવાય નહિ.'

પેલી કહે 'અરે ! મારી ચિંતા કરો છો ? લાવો કંકુનું તિલક કરું જાઓ ખુશીથી સિધાવો, મારી ચિંતા કરશો નહિ. અમે તો ક્ષત્રિય-કન્યાઓ ગળથુથીમાંથી



એ શીખીને આવીએ છીએ કે 'ક્ષત્રિય પતિને કદાચ યુદ્ધમાં ય જવું પડે તો આનંદ માનવાનો. પછી પતિ લડાઈમાં વીરતાથી ખપી જાય તો એક કુળદીપક પતિ મળ્યાનો ધન્ય અવતાર માનવાનો ! જેમણે ઠેઠ સુધી ક્ષાત્રવટ બરાબર સાચવી એવા પતિ મળવામાં સાચું સૌભાગ્ય સમજવાનું.' તો જાઓ, તમે કુળદીપક બનો એમાં જ મને આનંદ છે, પણ નહિ કે કુળ લજવનાર પતિના સુખમાં.'

આટલું કહેવા છતાં ય પતિ હજી જવા તૈયાર નથી, તે કહે છે 'પણ તમે કેટલા બધા કોડ લઈને આવ્યા હો કે પતિ મને આવા આવા સુખ આપશે તે કોડ મારાથી કેમ એકાએક ભાંગી નખાય ?'

ક્ષત્રિયાણી કહે, 'આ તમે શું બોલો છો ? અમારે તો સંસારના લહાવા લેવાના કોડ કરતાં અવસરે અવસરે કર્તવ્ય બજાવવાના કોડ મુખ્ય હોય છે.

**આ તમે કર્તવ્યપાલનના અવસરે બિભત્સ સંસારસુખના આવા ભિખારડા શું થાઓ ?**

તમે તો ક્ષત્રિયાણી માતાની કૂખ લજવો છો. તમને શરમ નથી આવતી ?' એમ કહી ખીંટીએથી તલવાર ને ઢાલ લઈ પતિના હાથમાં પકડાવી કહે છે, 'જાઓ માતાની કુખ અજવાળો,'

પતિ ચાલ્યો તો ખરો, પણ મેડીના ચાર પગથિયાં ઊતરી વળી પાછો ઉપર આવ્યો.

પત્ની ગરજી 'અરે ! પાછા કેમ ઉપર આવ્યા ? નફ્ફટ છો, પાછા આવતાં શરમ નથી આવતી ?'

પતિ કહે, 'આ તમારું મુખારવિંદ જોઈને એમ થાય છે કે આને છેહ કેમ દેવાય ? આનું બિચારીનું સુખ કેમ ભંગાય ?'

પત્ની કહે, 'આ તમે તે મારા સુખભંગને રુઓ છો કે તમારા સુખભંગને ? અસલમાં તમે જ કામસુખના લંપટ તે તમારું સુખ ભંગાય એના જ ખરેખર દુઃખી છો; ને મારું સુખ ભંગાય એનું દુઃખ બતાવો છો ! આ ખોટું છે. જાઓ મને કશું દુઃખ નથી.'

છતાં પતિ નથી જતો ત્યારે એના મનને લાગે છે કે 'અરે ! મારા જીવતાં પતિ કાયર બને એમાં મારું ધર્મપત્નીપણાનું કર્તવ્ય ચુકાય છે. બહેતર છે કે કર્તવ્યપાલન ખાતર મારો પ્રાણ પણ જાઓ.

પતિને એ કહે છે, 'લાવો તમારી તલવાર.'

પતિને એમ થયું કે 'જોઉં, શું આ પોતે લડવા જાય છે ?' એમ વિચારી એના હાથમાં તલવાર આપી.

**તલવાર લઈ ક્ષત્રિયાણીનું પરાક્રમ :-**

ક્ષત્રિયાણીએ તલવાર હાથમાં લઈ બીજા હાથે પોતાનો ચોટલો પકડી તલવારથી ખટાક કરતાંક પોતાનું ગળું કાપી નાખ્યું, ને ડોકું પતિના હાથમાં આપતાં કહે છે 'લો આ તમને વહાલું મુખારવિંદ ! જાઓ એ લઈ જાઓ સાથે હવે લડાઈમાં.'

આ જોતાં જ પતિ આભો બની ગયો ! પોરસ ચડ્યું, ચોટલો પોતાને ગળે બાંધી પત્નીનું એ ડોકું પોતાની છાતી ઉપર લટકાવી દીધું ને ઉપડ્યો યુદ્ધ કરવા. આ પ્રસંગથી એનામાં ખૂનસ એટલું બધું ચડી ગયું છે કે એ લડાઈમાં મોખરે રહી ખૂનખાર લડાઈ લડ્યો ! ને વિજય મેળવીને આવ્યો ! બંને જણે શી રીતે ઉગતી યુવાનીમાં પરણ્યા-બરાબર સંસારસુખ તરછોડ્યા ? કહો, પૂર્વનો એક કાળ એવો હતો કે જ્યાં ઉત્તમ જીવો સંસારસુખના મનોરથે ય કરતા, અને મળ્યેથી ભોગવતા ય ખરા, પરંતુ સમજી રાખીને કે આ સુખો તો નાશવંત છે, આમેય એક દિવસ જવાના છે. તેથી ઉત્તમ કર્તવ્ય બજાવવાનો અવસર આવ્યો અને એમાં પ્રાણ જાય એવું છે, તો ભલે જાય.

**એ મોડા છોડવા પડવાનાં સુખ અને પ્રાણ કર્તવ્યપાલન ખાતર આજે જ જાઓ !'**

હરિભદ્ર બ્રાહ્મણ આ કક્ષાના હતા, 'પ્રતિજ્ઞા-પાલનનું મહાન કર્તવ્ય બજાવવાનો અવસર આવ્યો છે, તો ભલે એમાં કર્તવ્યપાલનની સામે તુચ્છ અને નગણ્ય નાશવંત સંસારસુખો આજે જ નાશ પામો,' એવી ગણતરીના છે. અલબત એ ચારિત્રગ્રહણ માટે કુટુંબને સમજાવવા જાય છે, પરંતુ સંસારસુખ તો છોડવા જ છે. કેમકે

**જીવનમાં સુખ સારભૂત નહિ, પણ કર્તવ્યપાલનને જીવનનો સાર માની લેવાય તો એની ખાતર સુખનો ત્યાગ કઠિન નથી.**

**હરિભદ્ર કેમ કુટુંબને સમજાવવાનો વિલંબ કરે છે ? :-**

**પ્ર.**- ખેર, પરંતુ પુરોહિત હરિભદ્રે પોતાના કુટુંબની રજા લઈ આવવાનું કેમ વિચાર્યું ? પ્રતિજ્ઞા-પાલનમાં તો પોતે જંગેબહાદુર હતા, તેથી વિલંબ શા માટે કરે ?

ઉ.- વાત સાચી, જ્યારે જીવને અંતિમ વહાલું સુખ, તે પણ એકદમ જ છોડી દેવું છે, તો કુટુંબને ય એકાએક મૂકી દેવામાં વિલંબ ન કરે; કેમકે માન્યું છે કે 'પ્રતિજ્ઞાપાલન એ જ જીવનનો સાર છે, પણ સગા-વહાલાનો રાજીપો લેવો એ સાર નહિ;' કિન્તુ હરિભદ્ર એમ સમજતા હતા કે વૈદિક ધર્મને લઈને જેમ મને અજ્ઞાન દશામાં જૈન ધર્મ પ્રત્યે અભાવ હતો, એમ આ કુટુંબીઓને પણ અભાવ હોઈ જો



એમને પૂછવા સમજાવવા ન જાઉં તો મારે જૈન સાધુ થવામાં એમણે રાજીપો દેખાડવાનું તો દૂર પરંતુ જૈન ધર્મના વધારે દ્વેષી થઈને ઊભા રહે ! તો મારે એમ કાંઈ એકલી પ્રતિજ્ઞા સામે જોઈ એ બિચારાને જૈન ધર્મના વધારે દ્વેષી બનાવવાનો મોખ નથી.' પછી શું કામ એ એવા કુટુંબીઓને પૂછવા-સમજાવવા ન જાય ?

**અલબત જૈન શાસનમાં કુટુંબને પૂછ્યા વિના દીક્ષિત થયેલા મહાપુરુષો છે :-**

આપણને કેટલાય સીતારા મહાપુરુષો આમ જ મળ્યા છે, ચારિત્રની ભાવના થઈ કે કુટુંબીઓને પૂછવા ગયા વગર તરત ત્યાં જ ચારિત્ર લઈ સાધુ થઈને બેસી ગયા ! દાખલા તરીકે,

બહુ પૂર્વે જુઓ **બાહુબળજી** યુદ્ધ કરતાં કરતાં જ ભાવના થઈ તો કુટુંબીઓને સમજાવવા ગયા વિના ત્યાં યુદ્ધભૂમિ પર જ ચારિત્ર લઈને ઊભા રહી ગયા !

**સનત્કુમાર ચક્રવર્તી** એકાએક સોળ રોગ ઊભા થઈ ગયેલા દેખી કુટુંબીઓને સમજાવવા બેઠા વિના જ ચારિત્ર લઈને નીકળી પડ્યા !

**વર્તમાન શાસનમાં જુઓ પહેલાં તો ગૌતમસ્વામી** અને બીજા દસ ગણધરો પોતાના ૪૪૦૦ શિષ્યો સાથે યજ્ઞ કરાવતા ઊઠીને ભગવાન મહાવીર પરમાત્મા પાસે આવેલા, ને પ્રભુની વાણી સાંભળી સીધા ત્યાં જ સાધુ થઈને બેસી ગયેલા !

**પછી પ્રભવસ્વામી** જંબૂકુમારને ત્યાં ચોરી કરવા ગયેલા ત્યાં એનો ત્યાગ જોઈ બૂઝી ગયા, તે જંબૂકુમારની સાથો સાથ સવારે ચારિત્ર લેવા નીકળી પડ્યા !

**એમના પટ્ટધર શય્યંભવસૂરિ** શી રીતે નીકળેલા ? બ્રાહ્મણ હતા, યજ્ઞના સ્તંભની નીચે જિનમૂર્તિ દાટેલી દેખી યજ્ઞ કરાવવો ઊભો મૂકી પ્રભવસ્વામીની પાસે એ દેવાધિદેવ કોણ ? કેવી રીતે થયા ? વગેરે તત્ત્વ પૂછવા આવેલા, તત્ત્વ જચ્યું ને તરત ત્યાં ને ત્યાં દીક્ષા લઈ લીધી ! ન ગોરને યજ્ઞ ભળાવવા ગયા, કે ન ઘરે ગર્ભિણી પત્નીને પૂછવા-સમજાવવા ગયા !

**સ્થૂલભદ્રસ્વામી પણ કેમ બન્યા ?**

એમના પર કોશા વેશ્યાને અથાગ રાગ હોવાથી બાર બાર વરસથી આ કોશા વેશ્યાને ત્યાં રહેનારા, તે રાજાએ એમને બોલાવી મંત્રીમુદ્રિકા આપવા માંડી તો કહે 'ઊભા રહો જરાક વિચાર કરી લઉં,' ને વિચાર કરી લીધો કે મંત્રી બનવામાં કોશા વેશ્યાના ચોવીસે કલાકના સુંવાળા સુખ ગુમાવવાનું થાય, માટે મંત્રીપણું નથી જોઈતું, તો પછી સંસારસુખમાં બેસી રહેવામાં મોક્ષના અનંતસુખ અને એ સુખ પમાડનાર ચારિત્ર પામવા ને પાળવાનું ગુમાવાય છે, માટે સંસારસુખ ન જોઈએ, સંસારવાસ નથી જોઈતો !' એમ કરી ત્યાં ને ત્યાં સાધુવેશ પહેરી લીધો, ને ગુરુ પાસે ચાલી નીકળ્યા ! કશું ઘરે પૂછવા ય ગયા નહિ, ને ૧૨-૧૨

વર્ષની પ્રિય કોશા વેશ્યાને સમજાવવા પણ ગયા નહિ. કેમ વારું ? કહો, એટલી બધી સંસારત્યાગની ભાવનાની આગ લાગી હતી.

**પ્ર.-** તો જંબૂકુમાર કેમ ઘરે પૂછવા ગયેલા ? ને શાસ્ત્રે પણ કેમ કુટુંબને પૂછવા-સમજાવવાનું કહ્યું છે ?

ઉ.- સવાલ સારો છે; ખુલાસો આ છે;- જંબુકુમાર જે પૂછવા ગયેલા એમાં તો (૧) એક તો એમને વિશ્વાસ હતો કે માતાપિતાને મારા પર એટલો બધો નિઃસ્વાર્થ પ્રેમ છે કે મને જે અત્યંત ગમે, એમાં એ ના નહિ પાડે. મારું દિલ દુખાય એવું નહિ કરે; અને (૨) બીજી વાત એ છે કે કદાચ મારો વૈરાગ્ય અને ત્યાગ જોઈ એ પણ બૂઝી જાય તો મારી સાથે જ સંસારત્યાગ કરે.'' એ વિશ્વાસ એમનો ઠગારો ન નીકળ્યો. તમે કુટુંબ પર આ વિશ્વાસ મૂકી શકશો ?

હવે શાસ્ત્રની વાત-શાસ્ત્રે કેમ પૂછવાનું કહ્યું ? તો કે શાસ્ત્રે જે કુટુંબને પૂછવા-સમજવવાનું કહ્યું છે એ સાધારણ ચાલુ સંયોગોમાં; પરંતુ એમાં ય સમજાવવાના સર્વ ઉપાય કર્યા પછી ય ન સમજે તો શાસ્ત્રે 'અટવીગ્લાન ત્યાગ'ના ન્યાયે માતાપિતા વગેરેને છોડી જઈ ચારિત્ર લઈ લેવાનું કહે છે, અને એમાં કુટુંબીને તરછોડ્યા એમ શાસ્ત્ર નથી કહેતું, પરંતુ સાચવ્યા એમ માને છે; કેમકે એમાં ભવિષ્યમાં એ કુટુંબીઓ પોતાનાથી ધર્મ પામવાને અવકાશ છે.

બાકી અસાધારણ સંયોગમાં એ કુટુંબીઓને સમજાવવાની વિધિ કર્યા વિના જ ચારિત્ર લઈ લે તો શાસ્ત્ર નામંજૂર નથી કરતું. ઠેઠ ઈન્દ્રભૂતિથી માંડીને પહેલા કહી તે દીક્ષાઓ માટે શાસ્ત્રે ક્યાંય અયોગ્ય દીક્ષા નથી કહી. ઉત્સર્ગ હોય ત્યાં અપવાદ હોય. અસાધારણ સંયોગ માટે આ અપવાદ માર્ગ છે. છતાં વિદ્વાન હરિભદ્ર પુરોહિત પોતાના તેવા સંયોગમાં કુટુંબીઓ જૈનધર્મના વધુ દ્વેષી ન થઈ જાય એ માટે એમને પૂછવા-સમજાવવા ગયા, એ પણ સમયોચિત હતું.

**વેવલા સવાલને બદલે માલદાર સવાલો :-**

બાકી તો 'હરિભદ્ર પુરોહિતથી એકાએક સંસારસુખ કેમ છૂટ્યા ?' 'પ્રતિજ્ઞા હતી તો તરત જ ચારિત્ર લઈ લેવાને બદલે ચારિત્ર લેવા પૂર્વે કુટુંબીઓને કેમ પૂછવા-સમજાવવા ગયા ?...' વગેરે વેવલા સવાલ ઊઠાવવાને બદલે આ વિચારો કે

એમણે પરાક્રમ કેવું કર્યું ?

એ માટે એમનું સત્ત્વ કેટલું ઊંચું ?

મનોમનની પણ પ્રતિજ્ઞા પાળવાની એમની ધગશ કેવી અને શાથી? મહાપુરુષોનાં જીવનચરિત્ર જીવનપ્રસંગો સાંભળીને આ લેવાનું છે, આના પર જ મુખ્ય દૃષ્ટિ રાખવાની છે કે એમણે પરાક્રમ કેવું કર્યું ? એમને સત્ત્વ કેટલું ? એમનો



વૈરાગ્ય-ઉદારતા-ગંભીરતા-નિપુણમતિ વગેરે વગેરે ગુણો કેવા !...આ વિચારીએ તો આપણે કાંઈક પામી જઈએ, કાંઈક સારું લઈને ઊઠીએ. બાકી

**ફજુલ સવાલો ઉઠાવવામાં તો પામવાનું રહી જાય.**

હરિભદ્ર પુરોહિત જૈન સાધુદીક્ષા લેવા માટે તૈયાર થઈ ગયા, પરંતુ કુટંબ જૈનધર્મની આસ્થાવાળું નથી એટલે એ કુટુંબને જઈને સમજાવે છે, આમાં સામાની ભાવદયાનો અને ધર્મનિંદા-ધર્મહીલના અટકાવવાનો વિચાર છે, ને તે યોગ્ય જ છે.

**જ્યારે પોતાને સર્વજીવદયાનું હૃદય બનવાથી ચારિત્ર લેવું છે તો એ હૃદયમાં કુટુંબીની ભાવદયા ન આવે ?**

**ચારિત્ર-પરિણામ એ સકલ સત્ત્વ હિતાશય છે. એટલે ?**

ચારિત્રના ભાવમાં જગતના સમસ્ત જીવો પ્રત્યે પોતાના દિલમાં હિતનો ભાવ છે, હિતનો આશય છે, હિતનો પરિણામ છે. એટલે જ ચારિત્ર લીધા પછી બેસવામાં ઊઠવામાં-ચાલવામાં-બોલવામાં-ખાવાપીવામાં...બધે આ પહેલી જાગૃતિ છે કે આમાં ક્યાંય મારા હાથે કોઈ પણ જીવનું અહિત ન થઈ જાય. જીવને મારવાનો તો નહિ, પણ એનું દિલ પણ પોતાના નિમિત્તે દુભાય નહિ એ કાળજી રાખવાન છે. તો જ ચારિત્ર સારું પળે, યથાર્થ પળે. એટલે જ જુઓને, ખંધક મુનિમહર્ષિની ચામડી ઉતારી લેવા આવેલા મારાઓને મહર્ષિ કહે છે.

**'બાધા રખે તુમ હાથ થાયે, કહો તિમ રહીએ હો ભાયારે.'**

'તમે કહો તેમ ઊભો રહું જેથી તમારા હાથને ચામડી ઉતારતાં તકલીફ ન પડે.' કાર્યમાં તકલીફ પડવા જેટલું ય મારાઓનું મન ન દુભાય એ કાળજી મુનિરાજની છે. કેટલું બધું વિશાળ દરિયાવ દિલ ! કારણ ? ચારિત્ર એટલે સકલ-સત્ત્વ-હિતાશય મુનિની રગરગમાં પ્રસરી ગયેલ છે. એમને દિલ એટલે માંસનો લોચો તો આપણા જેવો જ, પરંતુ એમાં ભાવ-ભાવના બહુ ઉચ્ચ કોટિના રાખ્યા છે. આપણે ન રાખી શકીએ ? એટલા ઊંચા નહિ, તો થોડા ઊંચા ય ભાવ ન રાખી શકીએ ? આ ફરીથી યાદ કરો કે દિલ-હૃદય તો ખંધક મુનિને ય એક માંસનો લોચો, અને આપણે પણ એવો જ માંસનો લોચો. છતાં એ મહાયોગી પોતાના દિલમાં આટલો ઊંચો શત્રુ પર વાત્સલ્યનો ભાવ વસાવી શકે, તો શું આપણે ય એવા આપણા દિલમાં કેમ નાનો પણ શુભ ભાવ ન વસાવી શકીએ ? આવા પૂર્વ જ આપણને મળ્યા છે, તો એમના આલંબને થોડું ય સારું કર્યા વિના રહેવાય ? વિચાર જોઈએ.

**'જો હું ઉત્કૃષ્ટ શુભ ભાવભર્યા મહાન પૂર્વજોનું આલંબન પામી દિલમાં થોડો ય શુભ ભાવ ન લાવું, તો ભવાંતરે આવા આલંબન મળવાની શક્યતા કે યોગ્યતા રહેશે ?**

મને ય દ્રવ્યથી મહાયોગી જેવું જ દિલ મળ્યું છે, તો એમાં શુભ ભાવ ભલે નાના પણ લાવી અને શુભ ભાવદિલ કેમ ન બનાવું ? મ્લેચ્છ અનાર્ય કે ઢેઢ ભંગી તરીકે જનમ્યો હોત, તો છતા માનવહૃદયે આ શુભ ભાવ એમાં ક્યાંથી વસાવી શકવાનો હતો ?

ઉત્તમ જીવો પોતાના અણમોલ દિલ અને વર્તમાન અણમોલ માનવસમયની કિંમત સમજતા હતા, તેથી અવસર આવ્યે દુન્યવી માયાની મમતા મૂકી દેતા, અને કિંમતી માનવકાળમાં મળેલા દિલમાં પરોપકાર-ઉદારતા-ક્ષમા-વાત્સલ્યાદિના શુભ ભાવ ઊભા કરતા. ભૂતકાળનો પ્રસંગ છે,

**કાશીનરેશના ભવ્ય ભાવ**

કોશલ રાજ્ય મોટું, પણ કોશલનરેશના દરબારમાં અવારનવાર ગુણનિધાન કાશીનરેશના ગુણ ગવાતા. રાજાથી એ સહન થતું નહોતું, એટલે એણે વિચાર કર્યો કે 'લડાઈ કરી આને રાજ્યભ્રષ્ટ કરું, તો પછી એના ગુણગાન બંધ થઈ જશે.' જેથી એ મોટું લશ્કર લઈ ઊપડ્યો ! કાશી રાજ્યના સીમાડામાં પેઠો એટલે સરહદ-રક્ષક સિપાઈઓએ કાશીનરેશને ખબર આપ્યા.

કાશીનરેશ મંત્રીમંડળને પૂછે 'કેમ કરશું ? કોશલનરેશનું લશ્કર મોટું છે.'

મંત્રીઓ કહે 'એની ચિંતા શી ? આપણા સુભટો જંગેબહાદુર છે, વફાદાર છે, લડી લઈશું !'

**પ્રજાહિતાર્થે રાજ્યત્યાગ :-**

ત્યારે કાશીનરેશ કહે, 'જુઓ, તો પણ વિજયમાં શંકા છે, અને દુશ્મનના સુભટો યુદ્ધનો મામલો એટલે માથે મોઢ વિનાના, તે આપણા રાજ્યવિસ્તારમાં બિચારી પ્રજાને ભારે ખેદાન-મેદાન કરી નાખે ! એના કરતાં બહેતર છે કે કોશલનરેશને આ રાજ્યગાદી જોઈએ છે તો એ સોંપી દેવાની, જેથી પ્રજાને જરાય માલહાનિ-જાનહાનિ થાય નહિ. હું જંગલમાં ચાલ્યો જાઉં છું. તમે કોશલનરેશની સામે જાઓ, એને આવકારો અને કહી દો કે નિર્દોષ પ્રજાને નુકસાન ન થાય એ માટે અમારા રાજા તમને કાશીનું રાજ્ય સોંપી દે છે, અને પોતે જંગલમાં ચાલ્યા ગયા છે. તો પધારો કાશીની રાજ્યગાદી સંભાળી લો.'

બોલો, દિલમાં શુભ ભાવ કેટલા ઊંચા લાવી શકાય એનું કોઈ માપ છે ? ઉલ્લંઠ માણસ કહે છે કે 'મારે તો રાજ્યાદિ સર્વસ્વ જોઈએ,' તો સીધો માણસ એને કહી દે કે 'નિર્દોષ પ્રજાને લડાઈથી નુકસાન ન થાય એ માટે આ મારું આખું રાજ્ય તને સોંપી દઉં છું, અને હું પોતે જંગલમાં ચાલ્યો જઈશ.' કહો, શુભ ભાવ આટલે ઊંચે લઈ જઈ શકાય.



મંત્રીઓ આ વાત સ્વીકારવા આનાકાની કરે છે, ત્યારે કાશીનરેશ પોતાનો નિર્ધાર જાહેર કરે છે કે 'હું તો વનમાં ચાલ્યો જ જવાનો છું અને તમને આજ્ઞા કરું છું કે તમારે આમ જ કરવાનું છે.'

મંત્રીઓ કાશીનરેશની પ્રજાવત્સલતા અને ભારે ભોગ આપવાની ઉદારતા પર ઓવારી જાય છે ! પણ દિલમાં ભારે દુઃખ કરે છે કે 'અહો ! આવા ઈશ્વરના અવતાર જેવા અમારા રાજાને આ દુઃખ ?' એમની આંખમાં આંસુ ઊભરાય છે, રોતાં રોતાં કહે છે, 'મહારાજા ! આવા ભગવાનના અવતાર જેવા આપને અમારે શિરછત્ર તરીકે ગુમાવવાના ? કેવા અમે હીણભાગી !'

બસ, કાશીનરેશ જંગલમાં ચાલ્યો ગયો, અને મંત્રીઓએ કોશલનરેશને હકીકત કહેવા સાથે વિનંતી કરીને લાવી કાશીની ગાદી પર રાજા તરીકે બેસાડી દીધો.

**હૃદય એ માંસનો લોચો :- એમાં ઉચ્ચ શુભ ભાવ લાવી શકાય :-**

બોલો, કાશીનરેશના દિલમાં કેટલા ઊંચા ઉત્તમ ભાવ ! 'મારા રાજ્યલોભ ખાતર બિચારી પ્રજાને ખેદાન-મેદાન થવા દઉં ? ના, મારે રાજ્ય જાઓ તો ભલે જાઓ, મારી વહાલી પ્રજાને કશું નુકસાન ન થાઓ.' સ્વકીય સર્વસ્વ-ભોગ અને પરદુઃખ-ભંજનનો કેટલો અદ્ભુત શુભ ભાવ ! એનું દિલ આપણી જેમ જ એક માંસનો લોચો; પરંતુ એમાં આટલા ઊંચા શુભ ભાવ લાવવા-વસાવવા હોય તો લાવી-વસાવી શકાય છે એ આ વર્તમાન કળિકાળનો દાખલો બતાવી રહ્યો છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૧,અંક-૧૫,તા.૨૫-૧૨-૧૯૮૩**

જ્યારે પ્રજા ખાતર આટલો બધો ભોગ આપનારા નરરત્નો ભારતની ભૂમિ પર પાક્યા છે, ત્યારે આશ્ચર્ય છે કે સગા માબાપની સુખશાંતિ ખાતર દીકરાને, કે સગા ભાઈના મનઃસંતોષ ખાતર ભાઈને પેલા કાશી-નરેશે આપેલા ભોગની અપેક્ષાએ બહુ નાનોશો ભોગ આપવાના ભાવ નથી થતા ! ઊલટું એવા વર્તાવ કરાય છે કે જેથી માબાપ કે ભાઈના દિલ ઘવાય તે બિચારાને જીવનભર દિલ ઘવાયેલા રહે ! આવું કરનાર દીકરા કે ભાઈ આ ઊંચા માનવભવનાં દિલથી શું ખાટી જાય ?

કાશીનરેશે હજી આટલા જ શુભ ભાવે સંતોષ નથી માન્યો. હજી મોકો હોય તો એથીય ઊંચા શુભ ભાવ લાવવાની ભાવના છે, અને તે સફળ થાય છે. કેવી રીતે ? એ જુઓ,

કોશલનરેશને હજી કાશીનરેશની ઉત્તમતાની કદર નથી તેથી જોયું કે

કાશીનરેશના હવે વધારે ગુણ ગવાય છે, લોકો બોલે છે, 'વાહ ! ભાઈ વાહ ! શું કાશીનરેશની પ્રજાહિત-વત્સલતા કે પ્રજાના હિત ખાતર રાજ્યપાટનો ત્યાગ કરી જંગલમાં જઈ બેઠા !! કેવી એમની અઢળક ઉદારતા !...'

**કોશલનરેશ હવે કાશીનરેશનું મોત ઈચ્છે છે :-**

કોશલનરેશથી આ સાંભળ્યું સહન નથી થતું, એટલે હવે એમ વિચારે છે કે 'જ્યાં સુધી કાશીનરેશ જીવતો છે ત્યાં સુધી લોક એના ગુણ ગાશે. માટે એને મરાવી નાખું તો લોકો બોલતાં બંધ થઈ જશે.' માનવદિલમાં કેવા આ અધમાધમ ભાવ ? સામો ગવાય છે તો પોતાના ગુણસુકૃતોથી અને પોતાની પુણ્યાઈથી, એમાં ફોગટ ઈર્ષ્યા શા સારુ કરવી ? ને શા સારુ દિલમાં ગટરક્લાસ ભાવ ઘાલવાના ? મહા કઢેલા કેસરિયા દૂધના પાત્રસમા સોના કે ચાંદીના ગ્લાસમાં ગટરમાંથી મેલું પાણી ભરીને પીએ એ કેટલો બધો મૂરખ ! એમ, ઊંચા શુભ ભાવોના પાત્રસમા આર્ય માનવદિલમાં મલિન પાપિષ્ઠ ભાવ ઘાલવામાં મહલાવવામાં કેટલી બધી મૂર્ખાઈ ને મૂઢતા ગણાય ?

કોશલનરેશ દિલમાં મહામલિન ભાવ લાવીને ઢંઢેરો પીટાવે છે કે 'જુના કાશીનરેશનું માથું લાવી આપે એને એક હજાર સોનૈયા ઈનામ મળશે.' શું કાશીનરેશની ભારે લોકપ્રિયતામાં કોઈ એને મારવા નીકળે ? પરંતુ રાજા દ્વેષ-ઈર્ષ્યામાં પાગલ છે, તે આવી જાહેરાત બહાર પાડે છે ! છતાં જુઓ એના પર કાશીનરેશની અધિક ભાવશુદ્ધિ !

**કાશીનરેશે ભાવશુદ્ધિ કેવી રીતે સાધી ? :-**

**પોતાના આત્મસ્વાતંત્ર્ય અને લાયકાતના વિચાર પર ભાવશુદ્ધિ.**

કાશીનરેશે પોતાનું માથું વઢાવવાના સમાચાર સાંભળ્યા છે, પરંતુ પોતાના દિલમાં અશુભ ભાવ લાવવા એ તૈયાર નથી...સમજે છે કે

કોશલનરેશ ગમે તેવો દ્વેષી થાય અને ગમે તેવી પ્રવૃત્તિ કરે, પરંતુ એ એમ કરવા સ્વતંત્ર છે, તો પછી મારે મારું દિલ કેવું બનાવવું અને એમાં કેવા ભાવ લાવવા-રાખવા એમાં હું પણ સ્વતંત્ર છું.

એ એની લાયકાત પ્રમાણે કરે, તો મારે મારી લાયકાત પ્રમાણે કરવાનું. મારી લાયકાત એક સુયોગ્ય ધર્મી માતાના પુત્ર તરીકેની, ને એક આર્ય ધર્મમાં જન્મેલા તરીકેની; તેથી આ લાયકાત પ્રમાણે મારે દિલમાં એક પણ અશુભ ભાવ ન પેસવા દેતાં શુભ ભાવ જ દાખલ કરવાના, ને રાખવાના તેથી કોશલનરેશ પ્રત્યે મૈત્રીના જ ભાવ રાખવાના, 'એનું ભલું થાઓ, એજ ભાવના કાશીનરેશના દિલમાં રમે છે.



**બ્રાહ્મણને સહાય :-**

એમાં એકવાર એવું બન્યું કે એ જંગલમાંથી એક બ્રાહ્મણ પસાર થતો હતો એને રાજાએ 'ક્યાં ચાલ્યા ?' પૂછતાં,

એ કહે છે, 'દીકરી મોટી થઈ પરણાવવી છે, પૈસા નથી, સાંભળ્યું છે કે કાશીનરેશ બહુ ઉદાર છે, તેથી એમની પાસે પૈસા લેવા જાઉં છું.'

કાશીનરેશ પૂછે 'તમારે કોઈ ઓળખ છે ?'

બ્રાહ્મણ કહે 'ના ભાઈસાબ ! હું ગામડાનો માણસ, મારે શહેરમાં કોની ઓળખ ?'

કાશીનરેશ કહે 'તો એમ કરો, મારે રાજા સાથે ઓળખ છે, તેથી મને તમારી સાથે લઈ ચાલો, હું તમને પૈસા અપાવી દઈશ.'

બ્રાહ્મણ તો આ સાંભળીને રાજીનો રેડ થઈ ગયો. કાશીનરેશ એની સાથે જઈ કોશલનરેશની આગળ ઊભો રહી કહે છે,

**કાશીનરેશના પોતાનું માથું આપવાના ઉમદા બોલ :-**

"જુઓ હું જુનો કાશીનરેશ છું. તમારો ઢંઢેરો છે, તો લો આ મારું માથું નમાવી હું ઊભો છું, મારું માથું કાપી લો, અને મને લાવનાર આ ગરીબ બ્રાહ્મણને તમારા ઢંઢેરા મુજબના માથાના હજાર સોનૈયા આપી દો; કેમકે એને બિચારાને દીકરી પરણાવવા પૈસા જોઈએ છે, ને એની આશાએ અહીં આવ્યો છે."

આમ કહી કાશીનરેશ માથું નમાવીને ત્યાં ઊભો રહી જાય છે. બોલો, હવે કોશલનરેશની મજાલ છે કે આ સાંભળીને હજી પણ દ્વેષ રાખી શકે ? ના, હવે એને ભારે પસ્તાવો થાય છે, ને ફટ્ એ સિંહાસન પરથી નીચે ઊતરી કાશીનરેશના પગમાં પડી જાય છે, અને આંખમાં ઝળઝળિયા સાથે કહે છે,

**કોશલનરેશનો પસ્તાવો :-**

"નરોત્તમ કાશીનરેશ ! ગજબ કરી તમે ! નરાધમ એવા મને માફ કરો માફ કરો. હું પાપાત્મા છું. મહાન ધર્માત્મા તમને મેં ઈર્ષ્યાથી ખોટા રંજાડવાનું ઘોર પાપ કર્યું છે ! તમારો ઘોર અપરાધી છું. લોકો તમારા ગુણોની પ્રશંસા કરે છે, એને તમે યોગ્ય છો હું નિર્ગુણ-ચક્રવર્તી છું. લો આ તમારું રાજ્ય અને કોશલદેશનું પણ રાજ્ય તમે સ્વીકારી લઈ બંને રાજ્યના રાજા બનો. હું તમારો હવાલદાર થઈશ; તો જ મારા ઘોર પાપનું પ્રાયશ્ચિત્ત થશે."

કાશીનરેશે દિલમાં શુભ ભાવ કેવા અને કેટલા ઊંચા વિકસાવ્યા ? કેમ વારુ ? કારણ એ, કે એ સમજતા હતા કે આર્ય માનવભવમાં મળેલ દિલ અનાર્યના દિલ જેવો માત્ર માંસનો લોચો નહિ, કિન્તુ મહા ઉમદા ઉદાર પવિત્ર અને ઉચ્ચ કક્ષાના

શુભભાવોની કેળવણી અને અભ્યાસ કરવા માટેનું ઉત્તમોત્તમ સાધન છે, અને **શુભ ભાવો કેળવ્યા વિના આ સંસારમાંથી ઊંચે આવવાના અને સર્વથા છૂટી મોક્ષ પામવાનો અવકાશ જ નથી.**

ખંધકમુનિ મહાચારિત્ર પાળતા હતા અને રાજાના મારાઓ ચામડી ઉઝરડી લેવા આવ્યા છે, એ વખતે "ચારિત્ર એટલે સકલસત્ત્વ-હિતાશય, અર્થાત્ કોઈ પણ જીવને લેશમાત્ર દુર્ભામણ ન કરવાનો પવિત્ર આશય;" આ સમજનારા આ મહામુનિના દિલમાં કેટલો ઊંચો શુભ ભાવ રમતો હશે કે પોતાને જીવતા જીવે પોતાની ચામડી ઉઝરડશે એની તીવ્રાતિતીવ વેદનાની ચિંતા નથી, પરંતુ મારાઓને ચામડી ઉતરડવામાં દુર્ભામણ ન થવી જોઈએ એની ચિંતા છે ! એટલે મારાઓને કહે છે,

**"બાધા રખે તુમ હાથે થાય, કહો તિમ રહીએ હો ભાયા રે."**

"ચામડી ઉતારતાં રખે તમારા હાથને કષ્ટ પડે ! તેથી ભાઈઓ ! તમે કહેતા રહેજો કે મારે કેમ ઊભા રહેવું. તમે કહેશો તેમ હું રહીશ, તમારા હાથને તકલીફ ન પડવી જોઈએ."

છે શુભ ભાવની હદ ?

દિલમાં જ્યારે જ્યારે અશુભ ભાવ રોકવા હોય અને શુભ ભાવ જગાવવા હોય, ત્યારે ત્યારે પૂર્વના મહાપુરુષોના પ્રસંગ પ્રસંગના શુભ ભાવ નજર સામે લાવવા જેવા છે. બીજાને દુઃખ ન આપવા અને દુશ્મનનું પણ ભલું ઇચ્છવા **આ વારંવાર યાદ કરવાનું કે ખંધકમુનિ પોતાની ચામડી ઉઝડનારા દુશ્મનની પણ દુર્ભામણ ન ઈચ્છનારા, એ એમનો કેટલી હદનો સકલ સત્ત્વ હિતાશય ?**

ત્યારે આવું ચારિત્ર લેવું હોય એ પોતાના કુટુંબીઓ પ્રત્યે હિતાશયવાળો ન હોય ? જરૂર હોય. એટલે જ જુઓ હરિભદ્ર પુરોહિત હવે કુટુંબીઓને પોતાના ચારિત્રગ્રહણમાં અનુકૂળ થવા સમજાવી દે છે; કહે છે,

**હરિભદ્ર દીક્ષાની રજા માટે કુટુંબને શું સમજાવે છે ? :-**

"જુઓ, તમે મારી વિદ્વત્તા પર ખૂબ ખુશી, અને એના યોગે ચિતોડના મહારાજા તરફથી મળેલ પુરોહિતપણાના હોદ્દા ઉપર તથા રોજ મળતા મહાન રાજસન્માન પર પણ ખુશી છો. તો હવે મારી પ્રતિજ્ઞાનાં પાલન પર ખુશી થવાનો અવસર આવી લાગ્યો છે. ૧૪ વિદ્યાના અગાધજ્ઞાન પર મારે પ્રતિજ્ઞા હતી કે 'જગતમાં કોઈ એવું શાસ્ત્ર નથી કે જે હું ન સમજી શકું, અને કદાચ ન સમજું તો એ સમજવા સામાનો શિષ્ય થઈને પણ એની પાસેથી સમજ્યા વિના ન રહું.' હવે ગઈ સાંજે જૈન શાસ્ત્રની એક ગાથા આર્યાઓના મુખે બોલતી મેં સાંભળી,



ને તે હું સમજી ન શક્યો એટલે હવે મારી પ્રતિજ્ઞા પાળવા માટે મારે જૈનાચાર્યના શિષ્ય થવું જોઈએ. તો જ તે મને એમના શાસ્ત્રોની વિધિ મુજબ ભણાવીને ગાથાના અધિકાર સુધી પહોંચાડે. જો હું એમનો શિષ્ય થઈને ગાથાનો અર્થ ન જાણું તો મારી પ્રતિજ્ઞા ભાંગે. પ્રતિજ્ઞા ભાંગીને જીવવું એના કરતાં મરવું સારું. મારા જેવા શાસ્ત્રોના અગાધ વિદ્વાનને માટે પ્રતિજ્ઞા ભાંગવી એ મહાકલંકરૂપ છે, તેથી મારો જૈન સાધુદીક્ષા લેવાનો નિર્ણય છે, તમે એમાં સંમત અને અનુકૂળ થાઓ..."

કુટુંબીઓ શું કહે ? હરિભદ્રના એકેક બોલ યુક્તિયુક્ત અને સુયોગ્ય હતા, એનો શી રીતે વિરોધ કરે ? કુટુંબીઓ કદાચ કહે તો એટલું જ કહે 'તમારી વાત સાચી છે, પરંતુ તમારા વિના અમે શી રીતે જીવી શકીએ ? તમે તો આખા કુટુંબના એકજ આધાર છો, તમને અમારી દયા નથી આવતી ? દયા કરો અમારા પર.'

**કુટુંબની દયા નહિ ?**

પરંતુ ત્યાં હરિભદ્ર પુરોહિત તો કહે, 'જુઓ દયા, ખરેખર તો તમારો આત્મા ભવસમુદ્રમાં ડુબે નહિ, એ ખાવા જેવી છે. બાકી આ બધા આપણા સંબંધ વગેરે કેટલા કાળ સુધી ટકવાના ? પછી તમે ક્યાં જવાના ? ને હું ક્યાં જવાનો ? તમારા નાશવંત સંબંધ સાચવવા ખાતર પ્રતિજ્ઞાભંગ કરી મારી પરલોકમાં અધોગતિ થાય એવું તમે ઇચ્છો છો ? બાકી મારા વિના તમારું અટકવાનું નથી. કેમકે તમે અત્યારે પણ જીવો છો એ મુખ્યપણે તો તમારા પોતાના પુણ્યના બળે જીવો છો, અને પછી પણ પોતાના પુણ્યાનુસાર જ જીવવાનું છે. માટે પુણ્ય પર શ્રદ્ધા રાખી મારો મોહ મૂકી દો, અને આવા મહાન કાર્યમાં તમે મને સહકાર આપો. તમારા પોતાના સ્વાર્થના પ્રેમને વચમાં લાવશો નહિ. આપણો પ્રેમ સામાના આત્મહિતનો નહિ, પણ આપણા નર્યા સ્વાર્થનો જ હોય તો એમાં આપણે અનાર્ય મનુષ્યો કરતાં કાંઈજ વિશેષ નથી કરતા. આર્ય તરીકે આપણી વિશેષતા આ, કે આપણે પરસ્પરના આત્મહિતનો મુખ્ય વિચાર રાખીએ. આપણા પ્રેમીના આત્માનું હિત થાય એ પહેલું જોવાનું. એમાં જ આપણી સજ્જનતા, અને સાચું પ્રેમીપણું છે."

કુટુંબીઓ સમજી ગયા અને હરિભદ્ર પુરોહિતને જૈન સાધુદીક્ષા લેવામાં સંમતિ આપી. હવે અહીં,

**જૈન-જૈનેતર કુટુંબનો તફાવત સમજવા જેવો છે.**

હરિભદ્ર બ્રાહ્મણને જૈનેતર કુટુંબ મળ્યું છે, એને વસ્તુ સમજાવી દીધા પછી એ દીક્ષાની સંમતિ આપે છે. કેવા છે હરિભદ્ર ? રાજમાન્ય વિદ્વાન પુરોહિતપણાના હોદ્દાવાળા એટલે A gracious baying asset સતત મોટી કમાઈ અને પ્રતિષ્ઠા લાવી આપનારી મોટી મૂડી ! એમને દીક્ષાની રજા આપી જતા કરાય ? જૈનેતર કુટુંબી

આવાને પણ દીક્ષાની રજા આપી દે ! અને આજના જૈન કુટુંબ અંતરાય કરે ? તોફાન કરે ? દીક્ષાર્થી કુટુંબી પ્રત્યે દ્વેષ-રોષ-તિરસ્કાર કરે ? કેમ આમ ? કહે છે ને કે 'પાંચમા આરામાં ધર્મ ચાલણીએ ચળાશે,' એનો પડઘો જ જાણે ન હોય !

મહા દુર્દશા છે ! નહિતર જૈનકુળમાં જન્મ મળવા માત્રથી કેવા વિશ્વશ્રેષ્ઠ દેવાધિદેવ અરિહંત પરમાત્મા મળ્યા ! કેવું વિશ્વશ્રેષ્ઠ જિનશાસન મળ્યું ! કેવા અનન્ય પંચપરમેષ્ઠી અને નવકારમંત્ર મળ્યા ! કેવો સૂક્ષ્મ દયાધર્મ મળ્યો ! કેવા વિવેકવંતા અને શુદ્ધ આશયવાળા દાન-શીલ-તપ-ભાવના તથા દર્શન જ્ઞાન ચારિત્ર વગેરેનો મોક્ષમાર્ગ મળ્યો ! કેવા અવ્વલ અને અનેરા જિનાગમ શાસ્ત્રો મળ્યા ! કેવા શત્રુંજય સંમેતશિખરાદિ અનન્ય મહાતીર્થો મળ્યા ! કેવા ૨૪ તીર્થંકર દેવો ગણધરો મહામુનિઓ મહાશ્રાવકો વગેરેનો અનન્ય કોટિનો ઈતિહાસ મળ્યો ! વિશ્વમાં જેનો જોટો ન મળે એવી અનન્ય અને અતિદુર્લભ આટલી આટલી લબ્ધિઓ મળવા છતાં શું આ દુર્દશા કે ચારિત્રનો જ વિરોધ ? છોકરા ડામીસ થાય, લુચ્ચા લબાડ થાય, શેતાન પાકે, એમાં વિરોધ નહિ ! ને વિરોધ દીક્ષા લઈ સંત થવાની વાત કરે એમાં ! શું આ મહા દુર્દશા નથી ? જૈન તરીકે જનમ્યા પછી તો સમજવું જોઈએ છે કે તે પૂર્વોક્ત અનન્ય અને અતિદુર્લભ લબ્ધિઓ મળ્યાની વફાદારી આ કે જાતે ચારિત્ર ગ્રહણ કરી લઈએ; છેવટે કુટુંબમાંથી ચારિત્રી પકવીએ; ને કમમાં કમ દીક્ષાર્થીને ચારિત્ર લેવામાં અંતરાય તો ન જ કરીએ. ચારિત્રમાં અંતરાય એટલે દીક્ષાર્થી સદ્‌ગતિ પામે એમાં અંતરાય ! દુર્ગતિ બંધ કરે એમાં અંતરાય ! આ પ્રેમીનું કામ છે ? કે દુશ્મનનું ?

**હરિભદ્રની દીક્ષા સામે બ્રાહ્મણોનો વિરોધ :-**

જ્યારે હરિભદ્ર પુરોહિત દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે એમણે કુટુંબને તો સમજાવી દીધું પરંતુ બ્રાહ્મણો સામે ઊભા થઈ કહે છે 'અમે દીક્ષા નહિ લેવા દઈએ.'

હરિભદ્ર કહે છે, 'કેમ દીક્ષાની ના પાડો છો ?'

પેલા કહે 'આ તમે ખોટા ભોળવાઈ ગયા છો. આ જૈનોએ તમને ભરમાવી દીધા છે, તેથી આપણો સનાતન ધર્મ મૂકી આ મહાવીરના નવા સ્થાપેલા જૈન ધર્મમાં તણાઈ જાઓ છો.'

**હરિભદ્રની બ્રાહ્મણોને સમજુતી : વચન યુક્તિયુક્ત જ મનાય :-**

હરિભદ્ર કહે "જુઓ આમાં ભોળવાઈ જવાની કોઈ વાત નથી ખરી વાત એવી છે કે પક્ષપાત છોડી મધ્યસ્થ તટસ્થ બનીને વિચારવું જોઈએ કે યુક્તિયુક્ત તત્ત્વ શું છે ? જે યુક્તિયુક્ત હોય તેને ગ્રહણ કરવું જોઈએ, અને યુક્તિ રહિત હોય તેનો ત્યાગ કરવો જોઈએ.



"તો જુઓ મને કાંઈ મહાવીર પ્રત્યે પક્ષપાત નથી કે કપિલ વગેરે ઈતર દર્શનકારો પ્રત્યે દ્વેષ નથી. મને મહાવીર-વચન યુક્તિયુક્ત લાગ્યા છે, એમણે કહેલાં તત્ત્વ યુક્તિસિદ્ધ લાગ્યા છે એટલે મારે તે ગ્રહણ કરવા છે. વિદ્વાનોનો આ નિયમ છે કે 'જેનું વચન યુક્તિયુક્ત હોય તેનો સ્વીકાર કરવો.'

**ઈષ્ટદેવ તરીકે વિશ્વહિતકારીને જ મનાય :-**

બીજી એ પણ વાત છે કે ઈષ્ટદેવ તરીકે તેને જ માથે ધરવા કે જે સમસ્ત જગતના હિતને કરનારા હોય, કોઈનું પણ અહિત કરનાર ન હોય. ત્યારે હવે એ જુઓ કે વિષ્ણુ દ્વારા દુર્યોધન નાલાયક, પણ તેથી એના કુળજનોનો શો વાંક ? છતાં વિષ્ણુ દ્વારા એ બધાનો નાશ થાય એવી પેરવી કરાઈ ! ત્યારે શંકર આખા ત્રિપુર નગરને બાળનારા બન્યા ! ત્યાં ત્રિપુર રાક્ષસનો વાંક ખરો, પણ નગરના એકેએક નિવાસીનો શો વાંક ? ગરુડવાહી વિષ્ણુ અસુરની દૃઢ શક્તિનો નાશ કરનારા બન્યા. આ બધા કેવા દ્વેષવાળા ! આમ જુદા જુદા ફિરસ્તાઓએ કોઈ ને કોઈના અહિત કર્યા ત્યારે મહાવીર જ એક એવા પરમાત્મા છે કે જે આખા ય જગતના સર્વ જીવોના હિતકારી બન્યા છે.

**પરમાત્મા કોણ ? પ્રશાંત કે રાગાદિથી અશાંત ? :-**

"વળી જુઓ, નારાયણ ત્રણ ભુવનના ગુરુ ગણાયા છતાં, દેવો પોતાનો સ્વાર્થ સાધવા એમની આગળ માથું નમાવીને ઊભા, તો એ નારાયણે શું કર્યું ? દેવો પર પક્ષપાત કરી અભિમાનથી નારાયણને નહિ નમનાર દાનવના ઈન્દ્રને પોતાના હાથમાંના વજ્રથી હણી નાખવા તૈયાર થઈ ગયા. તો આવા રાગદ્વેષ ભરેલા નારાયણ પર ઈષ્ટદેવ પરમાત્મા તરીકેની શ્રદ્ધા કરનારમાં શું માનવતા છે ?

"વળી જુઓ એક બાજુ વિષ્ણુ હાથમાં ગદા શસ્ત્ર ઊચું રાખીને રૌદ્ર મુદ્રામાં ઊભા છે ! અને શંકર માણસોના મસ્તકોની ખોપરીઓના અડધિયાના હાર પહેરી ઊભા છે ! એટલે બંને અશાંત સ્વરૂપમાં રહેલા છે. ત્યારે, બીજી બાજુ મહાવીર ભગવાનને જુઓ તો એ અત્યંત શાંત ઉપશાંત અને ચારિત્ર્યની વિશેષતાવાળા છે. તો હે બ્રાહ્મણો ! બતાવો કે મારે કોને માનવા-પૂજવા-ભજવા ? ઉપશાંતને ? કે અશાંતને ?

**વિચાર વિનાનું પકડી રાખે એ પસ્તાય :-**

"વળી એ જુઓ કે જે બાળબુદ્ધિવાળા બની વૈરી ઓરમાન માતાએ આપેલ મીઠા પણ ઝેરના લાડુની જેમ વિચાર વિનાનું પકડી બેસે છે, તે પાછળથી પસ્તાવો કરે છે. કોની જેમ ? તો કે સુવર્ણ ગ્રાહકની જેમ (વિશ્વાસઘાતી મિત્ર સોનીએ સોનું લઈ પિચગોળના ઘરેણાં પકડાવ્યા તો પોતે કશો વિચાર કર્યા વિના એ સાચા

સોનાના માની લઈ લીધા, અને પાછળથી ખબર પડતાં પસ્તાયો.)

**મોક્ષનો પ્રવાસી ઝેરી કાંટા સમાન કુમતને છોડે :-**

"માટે હું તમને કહું છું કે જેવી રીતે પ્રવાસી રસ્તે ચાલતાં આંખો ઊઘાડી રાખી ઝેરી કાંટા, ઝેરી જીવડાં, તથા સાપને સારી રીતે જોઈ ઓળખી લઈ એ બધાનો ત્યાગ કરતો કરતો આગળ ચાલે છે, અધ્યાત્મદૃષ્ટિએ ઝેરી કાંટા સમાન કુજ્ઞાન-કુશાસ્ત્ર-કુમાર્ગ અને કુદૃષ્ટિના દોષોને બરાબર જોઈ વિચારી મોક્ષનો પ્રવાસી એનો ત્યાગ કેમ ન કરે ? એ તમે વિચારો. મેં જે કાંઈ સમ્યક્ છે તે બરાબર વિચાર્યું છે મને લાગ્યું છે કે

**વીતરાગથી મોટા કોઈ દેવ નથી :-**

**न वीतरागात् परोऽस्ति देवो, न ब्रह्मचर्यादपरं चरित्रम् ।**
**नाभयदानात् परमस्ति दानं चारित्रिणो नापरमस्ति पात्रम् ॥**

અર્થાત્ વીતરાગથી વધીને કોઈ ચડિયાતો દેવ નથી. બ્રહ્મચર્યથી વધીને કોઈ ચડિયાતું આચરણ નથી. અભયદાનથી વધીને કોઈ ચડિયાતું દાન નથી. સંયમીથી વધીને કોઈ ચડિયાતું પાત્ર નથી."

**હરિભદ્રની સમજુતીનો સાર : આદર્શ ઊંચો જોઈએ :-**

સારાંશ, હરિભદ્ર બ્રાહ્મણ પુરોહિતે બ્રાહ્મણ સમૂહને આ સમજાવ્યું કે "જ્યારે આ માનવજીવન આપણે ઉચ્ચ કોટિનું બનાવવું છે, તો સામે આદર્શ સર્વોત્તમ કોટિનો રાખવો જોઈએ, અને તે એવા વીતરાગદેવને ઈષ્ટ અને એકમાત્ર પૂજનીય દેવ તરીકે રાખીએ તો જ બને. સામે આદર્શમાં રાગદ્વેષવાળા દેવ હોય તો આપણને ય એવા ઈષ્ટદેવમાંથી પ્રેરણા-રાગ-દ્વેષની મળે. એટલે જ તો જેમણે રાગ-દ્વેષનો સર્વથા નાશ કરી વીતરાગતા સાધી છે એમનો જ આદર્શ ઈષ્ટદેવ તરીકે રાખી એમનાં જ આલંબને સાધના કરવી જોઈએ; તો જ આપણને રાગદ્વેષના નાશની પ્રેરણા મળે. સામે આદર્શ ઊંચો હોય તો ઊંચી પ્રેરણા મળે. આદર્શ નીચો હોય તો હલકી પ્રેરણા મળે.

"વળી આપણને સર્વજીવ હિતકારી વૃત્તિ પણ ક્યારે ઊભી થાય ? સામે ઈષ્ટદેવ સચ્ચરિત્રવાળા અને સર્વજીવ હિતકારી વર્તનવાળા મળ્યા હોય, જે એવો જ ઉપદેશ આપતા હોય કે 'શું શત્રુ કે શું મિત્ર, કોઈના ય ઉપર પક્ષપાત કર્યા વિના સર્વ જીવોનું હિત કરો.' તો એવા ઈષ્ટદેવને આદર્શ આલંબનરૂપે રાખવાથી આપણને સર્વ જીવ હિત કરવાની પ્રેરણા મળે છે. તો એવા તો એકમાત્ર મહાવીર પરમાત્મા દેખાય છે તો એમનું જ આલંબન કરવું જોઈએ ને ?

**ઈતર દેવો એ કેમ ઉચ્ચ આદર્શ નહિ ? :-**



"ઈતર દેવોનાં ચરિત્ર જોતાં એમનામાં ભક્તનો પક્ષપાત કરી શત્રુનો ખોડો કાઢવાનું આચરણ દેખાય છે. એટલે એ નામમાત્રથી ત્રિભુવનના ગુરુ કહેવાય છે, બાકી કામથી અમુકના હિતકારી અને અમુકના સંહારક કોઈ વાસ્તવમાં એ સર્વજીવ હિતકારી નથી.

"મહાભારતમાં કુરુક્ષેત્રના યુદ્ધમાં વિષ્ણુએ વિરાગી બનેલા પણ અર્જુનને એવું પાણી ચડાવ્યું ને ખૂનખાર યુદ્ધ કરવા ટટાર કર્યો કે દુર્યોધનના પક્ષે એના કુળના અને બીજા કેટલાય નિર્દોષ માણસો હતા, એ બધાનો સંહાર કરાવ્યો ! આમાં એ નિર્દોષ લશ્કરી માણસોનું બધાનું વિષ્ણુએ શું હિત કર્યું ? દુર્યોધનના આખા ઉત્તમ કુળનો નાશ કરાવ્યો ત્યાં એ ઉત્તમ કુળનું શું હિત કર્યું ? પછી એ વિષ્ણુને શી રીતે ઈષ્ટ આદર્શ દેવ તરીકે માથે ધરાય ? એમને માથે ધરીએ તો આપણને શત્રુ કે દુર્જન પર પણ હિતબુદ્ધિ રાખવાની શી પ્રેરણા મળે ?

"બીજી એ પણ વાત છે કે આપણે અજ્ઞાન છીએ, આપણા સાચા હિતાહિતને જાણતા નથી, માટે જ આ સંસારમાં અનંત કાળથી ભટકીએ છીએ. એ તો અનંત જ્ઞાનીનો સમ્યક્ હિતાહિતનો ઉપદેશ આપણને મળે, અને અહિત છોડી હિતના માર્ગે આપણે ચાલીએ તો જ સંસારમાં ભટકવાનું અટકે. અનંત જ્ઞાનીનાં વચન યુક્તિયુક્ત હોય છે. મહાવીરનાં વચન યુક્તિયુક્ત છે માટે એ અનંતજ્ઞાની સિદ્ધ થાય છે. એટલે જ મારે મહાવીરનું શરણ પકડવું છે, ને એ એમની સર્વ પાપત્યાગવાળી સાધુદીક્ષા સ્વીકારવાથી થાય. માટે તમે મારી દીક્ષામાં અંતરાય ન કરતાં સંમત થઈ જાઓ.

વિદ્વાન હરિભદ્ર પુરોહિતનાં આ યુક્તિયુક્ત વચનોનો બ્રાહ્મણો વિરોધ કરી શક્યા નહિ; તેથી એમણે એમની દીક્ષા અટકાવવાની તંત મૂકી દીધી. ત્યારે કુટુંબને તો પહેલાં સમજાવી દીધું જ છે, એટલે હવે હરિભદ્ર પુરોહિત ગુરુ આચાર્ય શ્રી જિન-ભદ્રસૂરિજી મહારાજ પાસે આવી સંસારત્યાગ કરીને ચારિત્રદીક્ષા અંગીકાર કરી લે છે.

**મુનિ હરિભદ્રની ઉત્તમ ભાવના :-**

બ્રાહ્મણ હરિભદ્રે આચાર્ય ભગવંતના ચરણ સ્વીકાર્યા, અને જે વખતે એમને ચારિત્ર આપવામાં આવ્યું અરિહંત પરમાત્માની સાક્ષીએ, એ વખતે એમના હૈયાના સંવેગ-વિરાગના ઉમળકા સાગર-ભરતીની જેમ ઊછળતા હતા ! કેમકે એમને મિથ્યામતિ અને મિથ્યાપ્રવૃત્તિના પશ્ચાત્તાપનો દાવાનળ ભારોભાર સળગતો હતો, એમાં આ અલૌકિક ચારિત્ર મળ્યું એટલે ન દેખવાનું દેખવા-પામવાનું મળ્યું ! ચારિત્ર લીધા પછી જેમ જેમ શાસ્ત્રો ભણતા ગયા, તેમ તેમ એમના અંતરમાં જૈનશાસનની જે વધુ ને વધુ અદ્ભુત મહેક વ્યાપી ગઈ, તેના પરિણામરૂપ એમના ગ્રંથો આજે ય

જ્વલંત દૃષ્ટાંત છે.

**જિનશાસનની અનુમોદના :-**

જ્યારે એમને યાદ આવે છે કે "ક્યાં હું એ પૂર્વનો પુરોહિત ? ને ક્યાં આજે હું સાધુ ? એ વખતનો હું કેવો ? ને આજનો કેવો ? વિદ્યા અને રાજમાન્યપણા પરનું ક્યાં એ વખતનું ગર્વિષ્ઠ મન ! તુચ્છ લક્ષ્મીના લોભમાં પડેલું મન ! અનેક પ્રકારના દોષોમાં રક્ત રહેનારું મન ! ને ક્યાં એના પ્રતિપક્ષી આ ગુણો !" ત્યારે એમના દિલમાં આનંદ આનંદ માતો નથી. એ યાકિની મહત્તરાને માતા માને છે. પાછું ગુરુએ એ સાધ્વીજી માટે ઓળખાણ કરાવી છે કે 'આ અમારા ગુરુના ભગિની છે, મહત્તરા છે;' એટલે હરિભદ્ર મુનિને જન્મદાત્રી માતા કરતાં સાધ્વીજી પર વિશિષ્ટ બહુમાન અને ભક્તિ થાય છે. જન્મ દેનારી માતા જુદી; આ તો ધર્મની માતા ! એટલે જે શાસ્ત્રો લખ્યાં તેની નીચે લખ્યું કે 'યાકિની મહત્તરાના ધર્મ પુત્ર શ્વેતામ્બરાચાર્ય હરિભદ્રની આ રચના.' એમ એમને લાગે છે કે

"કેવો સુંદર યોગ ! એ સાધ્વીજી ! એ જૈનશાસનની 'ચક્કી દુગં...' વાળી ગાથા ! આ આચાર્ય ભગવંત ! શું મારા જેવા રાંકને આવા મનોરમ જૈન શાનનની પ્રાપ્તિ ! હવે તો હું અગાધ ને અગમ્ય જૈનશાસ્ત્રોની અવગાહન કરી શકીશ. ગુરુએ ભવોભવનું સમજાવેલું રહસ્ય પામી, આજે મારું મન પ્રભુના આગમો પામવાની આશામાં મસ્ત છે ! હું ગુણ કેટલા ગાઉં આ બધા ઉપકારીઓનાં !"

મન હવે પવિત્ર બની ગયું છે. હવે ભરિભદ્ર મુનિ બન્યા, અને જૈન આગમશાસ્ત્રો ભણ્યા. હવે તો એમને ચારિત્ર અને જિનાગામની બીજા ધર્મોમાં ઝાંખી ય દેખાતી નથી. એવું બીજે ન દેખવાનું અહીં દેખવા મળ્યું એટલે હવે તો જિનાગમની વાતોમાં એમનો આત્મા ઓતપ્રોત થઈ ગયો. મનના ફેરફારે એ મહાન પુરુષને અપૂર્વ સમ્યગ્દૃષ્ટિ અને સચ્ચારિત્રી કર્યા ! જૈન શાસનના જ્યોતિર્ધર બનાવ્યા ! અતિ ઉચ્ચ કોટિના ચૌદસો ને ચાલીશ (૧૪૪૦) શાસ્ત્રરત્નોના સૂત્રધાર બનાવ્યા !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૧,અંક-૧૬,તા.૧-૧-૧૯૮૩**

આ કેવો જૈનસંઘ પર અને જગત પર ઉપકાર કર્યો ! દોઢહજાર વર્ષ પહેલાંની આ વાત. ત્યારથી માંડી અત્યાર સુધી એ શાસ્ત્રો ચાલી આવ્યાં છે. તેનાથી કેઈ આત્માઓએ આત્માની અદ્ભુત નિર્મલતા કરી ! અને કેઈ કરશે ! શાસ્ત્રોનો વારસો મળી બીજાને સોંપશે ! અને સદ્ગતિના ભોક્તા બનાવશે ! એ આવો ઉપકાર ક્યારે કરી શક્યા ? જ્યારે એક ગાથાના નિમિત્તે, પ્રતિજ્ઞાના કારણે



મન ફેરવ્યું તો જ ને ? મનને સમજાવવાની જરૂર છે. જોજો હોં, આ સર્વોત્તમ ભવમાં જ મન સમજશે, કેમકે સમજાવવાની સામગ્રી મળી છે, પછીના ભવની શી ખબર ? તો મનને સમજાવી દો. એક કવિ મનને ઠીક ઠીક શિક્ષા આપે છે. મન આપણને કેવી કેવી ખરાબ સ્થિતિમાં મૂકે છે, હાથની જીતેલી બાજીને કેવી હરાવે છે ! નજીક થતો મોક્ષ મન કેવો દૂર કરાવે છે ! અરે ! ધર્મથી તૂટતી ભવની શ્રેણિને મન સોયદોરાથી સાંધી કેવી લાંબી કરી આપે છે !... એ વિચાર પર મનથી થાકેલો આત્મા કેવું રુદન કરે છે, એનું એક આ કાવ્ય કવિ રજુ કરે છે,

મનનું ક્રૂર નાટક

**મનની શિરજોરીથી થાકેલા આત્માના આર્તનાદ :-**

**(૧) "રે મનવા ! છાંડ તું સંગ હમેરા...**
**"ના ચાહીએ તેરા માલ ખજાના, ના નૌબત નક્કારા;**
**ના ચાહીએ તેરા ગદ્દી તકિયા, રાજપટ જગ સારા...મનવા૰ !"**

કવિ કહે છે કે "હે મન ! તું મારો પલ્લો છોડ. તું ઘણી માલમિલકત દેખાડી મને લલચાવે છે; પણ હવે મારે તારા માલ-ખજાના-નોબત-નગારા કશું મારે જોઈતું નથી. તારા ગાદી-તકિયા-રાજ્યપાટ જરૂર નથી. મહેલ ખરી રીતે હોય છે જેલ બરાબર, પણ તું અમને દેખાડે છે કે 'જુઓ આ કેવો સુંદર બંગલો છે ! એમાં તમારા નામની નોબત બજે છે.' ઈત્યાદિ રૂપે ભોળવી તું અમને એમાં પૂરી દે છે. એમ ગાદી તકિયા, મોટાં રાજ્ય, અને આખા જગતની ઠકરાઈ, આ બધું જે પારધીની જાળ જેવું છે. તેમાં ફસાવી અમારી પાસે તું અઢળક કાળાં કર્મ અને પાપનાં બંધન ઉપાર્જાય છે. આજ સુધી હે મન ! તને પ્યારું કરવામાં મેં સઘળી કુલવટ કે ધર્મમર્યાદાની શરમ નથી રાખી. પરંતુ એ બધાના પરિણામમાં શું ? **જેટલા પ્રમાણમાં તારું ગમતું કર્યે રાખ્યું, તેટલા પ્રમાણમાં હે દુષ્ટ મન ! તેં મને દુર્ગતિને હવાલે કર્યે રાખ્યો છે.** આહા ! તારી નિર્દયતા. હું શું વર્ણવું ?'

**(૨) 'આદિ જનમસે આજ તલક થા, તું મોહે સબસે પ્યારા;**
**સદા રહા મેં તેરા હો કર, તું નહિ હુઆ હમારા...મનવા૰ !'**

આજ સુધીમાં યુગો વીત્યા, એમાં હે મન ! ઠેઠથી તું મને સૌથી અધિક પ્યારું હતું. એટલે જ હે મન ! તને જ ગમતું હું કર્યે ગયો છું. એમ તો આ પૃથ્વીતલને પાવન કરનારા વિચરતા પરમાત્મા ય મને મળ્યા હશે; પણ એમને ય પડતા મૂકી એમને ગમતું ટાળી, હે મન ! તને જ મેં વહાલું કરી તને ગમે તેવું, ભલે અધમમાં અધમ કાર્ય, પણ તે મેં કર્યું ! તું જ મારો નાથ, હું તારો દાસ, સદા સર્વદા હું તારો આજ્ઞાંકિત થઈને રહ્યો. પરંતુ અફસોસ ! કે તું કદી મારું ન

બન્યું ! એટલે ? તેં મારી કાંઈ ન કદર ન કરી ! મારું કાંઈ જ તેં ભલું ન કર્યું !

આ અપાર ભવસાગરના અનંત દુઃખમાં સબડતા એવા મને, હે મન !, તેં જરાય રક્ષણ ન આપ્યું; અને હું ગમાર તારી પૂંઠે હેવાન બન્યો ! ન જોઈ રાત ન જોયો દિવસ ! ન જોઈ દરિદ્રતા, કે ન જોઈ ધર્મતકવાળી સંપત્તિ ! તને જે ગમ્યું અને તેં જે જે માગ્યું, તે સઘળું કરી છૂટવા મેં આકાશ પાતાળ એક કર્યા ! જીવનના જીવન પૂરા બરબાદ કર્યા ! છતાં તું મારા દુશ્મનનું કામ કરનારું !! મારી પાસે નરકદાયી અપકૃત્યો અને દુષ્ટ વિચારો કરાવનારું !' વાત સાચી જુઓ પ્રસન્નચંદ્ર રાજર્ષિ મનની યુદ્ધની ગડમથલના હિસાબે જ સાતમી નરકનાં કર્મ બાંધે છે. તંદુલિયો મચ્છર મનના પાપે સાતમી નરકમાં જાય છે. બ્રાહ્મી-સુંદરી પૂર્વભવે મનના ખોટા વિચારથી મનની માયાથી અહીં સ્ત્રી અવતાર પામ્યા છે. માણસને ભવોની પરંપરા સરજી આપનાર મુખ્યપણે મન છે. તેથી કવિ મનને કહે છે, 'હું આવો બનું એમાં તારે શું ?'

(૩) **"તેરા તો કછું નહિ બિગડા, તું બના ફીરે મતવારા;**
**રાગદ્વેષ કા મિથ્યા ફાંસા, તુને મેરે ગલેમેં ડાલા...મનવા૰ !"**

હે મન ! તારું તો કશું બગડતું નથી. તું તો મતવાળો-આપ મતવાળો એટલે કે સ્વતંત્ર બની ફર્યા કરે છે. તારું ગમતું અણગમતું લેવા મૂકવા પાછળ મને તો તેં ગુલામ તરીકે જ રાખ્યો. તું કહે તે મારે કરવાનું. આ ગુલામીમાં મને સબડાવવા તેં મફતનો રાગદ્વેષનો ફાંસલો મારા ગળામાં ઘાલ્યો છે. રાગદ્વેષ એ ફાંસલો એટલા માટે કે રાગદ્વેષ વિનાનો આત્મા સ્વતંત્ર છે, કાંઈ પાપ કરવું પડતું નથી; ત્યારે રાગદ્વેષમાં એવો બંધન બંધાય છે, ફસાય છે, કે પાપ કરવા જ પડે. **માણસ રાગદ્વેષથી જ દુઃખી છે, રાગદ્વેષથી જ પાપી છે. રાગદ્વેષ હોય ત્યાં સુધી દુઃખ ન આવે, ને પાપ ન કરવા પડે એ વાત બની જ ન શકે.** હે મન ! તું તો એવું છે કે :-

(૪) **"આવાગમનમેં દુઃખ નહિ માને, એસા ધિઠ્ઠ ગમારા;**
**સ્વર્ગનરક કા અનુભવ તુને, લિયા હૈ લાખન વારા...મનવા૰ !"**

સ્વર્ગનરકમાં લાખો સ્વાદો લીધા છતાં આ સંસારમાં વિભિન્ન ગતિઓમાં ગમનાગમન યાને રખડપટ્ટી કરવામાં તને દુઃખ કે નાલેશી નથી લાગતી ! કેવું તું મહાગમાર અને હઠીલું છે. હે અજ્ઞાન ને હઠીલું મન ! તારા લીધે તો, પ્રભુનું શાસન મારી સામે છે છતાં, મારે ભવાંતર કેવા વેઠવા પડશે તેની મેં ભીતિ નથી રાખી ! હું રાગદ્વેષના કચરા હૈયામાં ઉપાડી રહ્યો છું મને લજ્જા નથી આવતી ! હમણાં જો લજ્જા હોય, કે 'અરે ! વીતરાગના અનુયાયી એવા મને આ રાગદ્વેષના



કચરા હૈયે સંઘરવા શોભતા નથી. આ તો ઘણું ખરાબ થઈ રહ્યું છે !' આ જો લજ્જા હોય તો તો ઊભો થઈ જાઉં; રાગદ્વેષને લાત મારીને કાઢું ! પણ ના, શરમ નથી. કેમ આમ ? માત્ર મનનું ફુલેકું ચઢાવી એને ગમતું કરવું, એનું અણગમતું છોડવું, ભલેને વીતરાગ સામે હોય પણ એમને પનારે નહિ કિન્તુ મનને પનારે પડ્યા રહેવું ! આ અનાદિની ચાલ રાખી છે. એટલે શી શરમ ? પછી તો કેમ ? તો કે ઈન્દ્રિયોની વેઠ કરવાની; કેમકે મન એને કબજે રાખે છે.

(૫) **"પાંચે ઈન્દ્રિય વશ કરકે અપની, મેરી જીતી બાજી હારા,**
**પૂરવ પુણ્યકા અમૂલ્ય ખજાના, ખો કર બેઠા સારા...મનવા૰ !"**

હે મન ! તેં ઈન્દ્રિયોને તારે પોતાને વશ રાખી મારી જીતી બાજી ગુમાવરાવી. કેમકે ઈન્દ્રિયોને તારાં પોતાના હુકમ મુજબ નચાવે ! પછી તો ભલેને મનુષ્યભવમાં હું આવી ગયો એટલે આમ તો જગતની બાજી લગભગ જીતી ગયો ગણાઉં, પણ મેં હે મન ! તારું ગમતું કરવામાં, તારા હુકમ બજાવનારી ઈન્દ્રિયોથી કાળાં કામો કર્યાં, આત્માને ભારેકર્મી કરી દીધો, અને દુર્ગતિની તૈયારી કરી ! તો એ શું કર્યું ? પૂર્વે જીતેલી બાજી હારી નાખી !

**શું બાજી જીત્યો હતો ?**

એક તો એકેન્દ્રિયાદિ અવતારોમાંથી છૂટી માનવભવે આવ્યો એ બાજી જીત્યો. બીજું, ત્યાગ, તપસ્યા, સદાચાર, મહાવ્રત વગેરે ઉચ્ચ કોટિના કરવાનો અવસર મળ્યો તે પણ બાજી જીત્યો.

**આ ઉચ્ચ અવસર બીજે ક્યાં છે ?** નરકમાં ભયંકર ક્રોધનાં સ્થાન ! તિર્યંચમાં માયાના સ્થાન ! નરકમાં માર એવો ભયંકર પડે છે કે સહેજે ક્રોધ ગુસ્સો આવી જાય...તિર્યંચમાં મૂંગાપણું હોવાથી ધણીને બોલીને બતાવી ન શકે કે 'આવો ભાર મારાથી નહિ ઊપડે...મને ભૂખ લાગી છે.' એમ પોતાના થાક ભૂખ ન કહી શકે, તેથી સહેજે એને માયા કરવાનું મન થાય. દેવોને પોતાથી ઊંચા ઊંચા દેવલોકના સુખી દેવ પર ઈર્ષ્યા, અને સહેજે પોતાને એ ઊંચા સુખ-વૈભવનો લોભ,... વગેરે રહે. આમ દેવગતિમાં લોભના સ્થાન હતાં...

**માનવભવે જ ધર્મનો વિશિષ્ટ અવસર :-**

ત્યારે શું માનવને અભિમાનનાં સ્થાન નહિ ? ખરા, પણ અહંભાવ તો દરેકને લાગેલો જ હતો. કિન્તુ ત્યાં ત્યાગ-તપ-સદાચાર-સંયમ ક્યાં છે ? તો નરક અને દેવલોકની ગતિ જીવને સાફ ના પાડતી હતી કે અહીં કોઈ જાતના ત્યાગ તપ કરવાની વાત ન કર ! તિર્યંચપણામાં અવિવેક અને પરાધીનતા એની ના પાડતી હતી. ગમે તે આચરવું, ને ગમે તે ખાવું, નાગા ફરવું પડે તો ફરવું. ભારી બોજ

ઉઠાવવા પડે તો ઉઠાવવા લોક માને કે "પવિત્ર ગાય !" પણ ગાયને એનું મન આવું મનાવે છે કે "ઘાલ વિષ્ટામાં મોં !" વિવેક નથી. બાકીની એકેન્દ્રિયથી ઠેઠ અસંજ્ઞી પંચેન્દ્રિયપણાની સ્થિતિઓમાં પણ જીવ જીવનબાજી પાપકૃત્યોથી હારી રહ્યો હતો, ત્યારે અહીં બાજી જીતમાં છે ! કેમકે સારું બધું થઈ શકશે.

**અહીં સારું શું શું થઈ શકે ? :-**

દાન, શીલ, તપ અને ભાવ...પ્રભુની ભક્તિ અને જિનાજ્ઞાનું પાલન...સાધુને વંદના, સુપાત્રદાન, સત્સંગ, ધર્મવાણી શ્રવણ...કષાયોનો ઉત્તમ નિગ્રહ !...ઇન્દ્રિયો પર આત્માની જોરદાર સ્વાધીનતા !...આ બધું કરવાના સંયોગ અહીં મળ્યા છે ! એટલે કહેવાય કે અહીં બાજી હવે જીતવા જેવી થઈ. પણ હે લુચ્ચું મન ! તું ઇન્દ્રિયોને કબજે કરે છે. આંખને કહે છે; "જા પરસ્ત્રીના શરીર પર, જા સિનેમા પર !" કાનને કહે "જા રેડિયો પર !" જીભને કહે, "જા મિઠાઈ પર. ભટક કંદોઈ-ઓળમાં !" આ સ્થિતિમાં ત્યાગ, તપ કે સદાચાર ક્યાંથી કરાય ? બધી બાજી હારી નાખી ! એ પરવશતા અને મૂર્ખાઈ કેટલી ?

મનની ચાલે ચાલી, ઇન્દ્રિયોના અમન-ચમનમાં શું કર્યું ? પૂર્વોપાર્જિત પુણ્યનો વિનાશ ! અહીં લૂંટાવી નાખ્યું પૂર્વનું ભરચક પુણ્ય ! તળિયાં સાફ કરીને બેઠો ! હવે 'પરભવમાં સારું કેમ મળે !' એ માટે આકાશમાં જ જોવાનું ને ? પણ પરભવે એ મળવાનું નહિ, પછી રહી ભીખ !

**(૬) "લોભ મોહકી ઝોલી લેકર, ઘરઘર હાથ પસારા;**
**ગાંઠમેં તેરી ઈક લાલ પાઈ ના, માગત ફીરે ઉધારા...મનવા૦...**

'ઘેર ઘેર' એટલે કે જેટલા જગતના વિષયો ત્યાં ત્યાં હે મનડા ! લોભ અને મોહની, તૃષ્ણા અને મમતાની ઝોળી તેં પકડી અને મને પકડાવી ભીખ માગતો ભટકાવ્યો ! વીતરાગના શાસનમાં આવી આ કરવાનું ? ચક્રવર્તીનો દીકરો ભીખ માગે ? શું અનંતાકાળ ભીખ માગી તો ઝોળી ભરાઈ ગઈ ? ના, ના, બહુજ ઊંડી થઈ ગઈ, તળિયું દેખાતું નથી. માટે હવે કહું છું,

તારી ગાંઠે એક પાઈની મૂડી નથી રહી, અર્થાત્ પુણ્ય ખૂટી ગયું છે, છતાં તું ઉધારે માગતો ફરે છે ! અર્થાત્ અશક્યની ઝંખનામાં પાપ કરે છે ! સમજ કે લોભ અને મોહને લઈને ઇન્દ્રિયોના ભોગવિલાસ માટે જે જંજાળ ઉઠાવે છે, તે પ્રપંચમાંથી સાર નહિ નીકળે.

**(૭) 'જિસ પ્રપંચમેં સાર નહિ હૈ, તાકો સોચ વિચારા;**
**તત્ત્વપદાર્થ ચિન્હે જો ચિત્તમેં, તેરા મેરા ભવ પારા.'...મનવા૦...**

હે મન ! જગતની જંજાળમાંથી **સાર કોણે કાઢ્યો છે કે તું કાઢી શકશે ?**



**અંતે તો અપયશના પોટલાં મળશે ! માથે દુઃખ અને દુર્ભાગ્યના ડુંગરા વરસશે !** અહીયાં તો જ્યાં ત્યાં હડધૂત થાય છે, પણ પરલોકમાં તો વધારે દીન, દુઃખી અને મહાનિરાધાર બનશે ! દુનિયાની આળપંપાળથી શાબાશી નહિ, પણ નાલેશી મળશે ! આત્મા હતો ન હતો થઈ જશે ! તો શાને હે મન ! તું ચકડોળે ચઢ્યું છે ? એક તું સમજે તો ઘણા ઘણા પાપોમાંથી હું બચી જાઉં. તે માટે ફક્ત તું તત્ત્વ-વસ્તુ જો વિચારતું થઈ બીજી બધી અતત્ત્વની ગડમથલ કાઢી નાખે, તો મારા વહાલા મન ! તારો અને મારો નિસ્તાર થઈ જાય...!

કવિનો આ આર્તનાદ છે. એ પરથી આપણા મન દ્વારા થયેલી ખરાબીઓને લક્ષમાં લઈ હવેથી મનને પ્રભુના માર્ગના રાહે ચલાવવાનું છે. ખરેખર તો આપણું મન આપણું માલિક નહિ, પરંતુ આપણો આત્મા જ મનનો માલિક છે. **આત્મા જો ધ્યાન પર લઈ લે કે 'પ્રભુનો માર્ગ એ જ સારભૂત છે, દુનિયાની આળપંપાળ એ સારભૂત નહિ; માટે મારે પ્રભુના માર્ગને જ ઉપાદેય કર્તવ્ય માની એના જ વિચાર એની જ વાણી અને એના જ વર્તન રાખવાના,'** તો પછી મનને એ રાહે ચલાવી શકે છે. વિદ્વાન પણ હરિભદ્ર પુરોહિતે મનને એ જ રીતે પ્રભુના સંયમમાર્ગે વાળી દીધું, સંયમ સ્વીકારી લીધું. હરિભદ્રે પંડિતાઈનો ખરેખરો ઉપયોગ આ મનની સીધી લાઈનની વિચારણા કરવામાં કર્યો, તો ગુરુયોગ મળતાં ઝટ દીક્ષા લઈ લીધી તમને ગુરુયોગ મળ્યો છે ? હા, તો કેમ દીક્ષા નથી લેવાતી ? તમે કદાચ બચાવ કરશો કે,

**પ્ર.-** શું કરીએ સાહેબ ? અમે હરિભદ્ર પુરોહિત જેવા વિદ્વાન પંડિત નથી ને ? અને દીક્ષા પછી ય પંડિત બની શકીએ એવું લાગતું નથી, પછી શી રીતે દીક્ષા લેવાય ?

**ઉ.-** તો આનો અર્થ તો એ જ ને કે પૂર્વે સેંકડો-હજારો-લાખો-ક્રોડોએ એક સાથે દીક્ષા લીધી એ બધા પંડિત હતા ? ને દીક્ષા લીધા પછી બધા પંડિત બનેલા ? દીક્ષા-ચારિત્રનો અર્થ જ નથી સમજ્યા. તો હવે સમજો,

**ચારિત્ર એટલે પંડિતાઈ નહિ, પણ નિષ્પાપ જીવન.**

એ પંડિત ન હોઈએ તો પણ પાપત્યાગથી પામી શકીએ. દ્રાવિડ-વારિખિલ્લ સાથે ક્રોડો અભણ સૈનિક માણસો એમ જ ચારિત્ર પામી ગયા; ને ચારિત્ર પામ્યા પછી પણ પંડિત ન બની શકવા છતાં રાગાદિ અને હિંસાદિ પાપના ત્યાગની આભ્યન્તર માત્રા વધારતા ગયા તો પરાકાષ્ઠાએ વીતરાગ બની બેઠા ! પણ પહેલું તો એ કહો કે

અંતરમાં ખરેખર ચારિત્ર જ લેવા અને પાળવા જેવું લાગે છે ? ચારિત્ર

લઈને 'આવા દ્રાવિડ-વારિખિલ્લના લશ્કરી ૧૦ ક્રોડ સુભટોની જેમ ઝટપટ મોક્ષ થઈ જાય તો સારું' એવું ઇચ્છો છો ? તો મનને પહેલું આ નક્કી રાખો કે, **ચારિત્ર એટલે પંડિતાઈ નહિ, પણ નિષ્પાપ જીવન.**

ભગવાન વીર પ્રભુ જેવા થવું હોય તો શું કરવું જોઈએ ? ચારિત્ર પાળવું જોઈએ. ભગવાનને જન્મથી જ અવધિજ્ઞાન સહિત ઝળકતો વૈરાગ્ય હતો, છતાં વીતરાગતા સહિત કેવળજ્ઞાન લેવા માટે બાહ્યથી હિંસાદિ પાપ અને આભ્યન્તર રાગાદિ પાપના ત્યાગરૂપ ચારિત્ર લીધું, અને દુર્નિવાર એવા પણ રાગદ્વેષના અનેક પ્રસંગોમાં ય રાગદ્વેષનો નાશ કરવા માટે તનતોડ મહેનત આદરીને ચારિત્ર પાળ્યું' એમ કહેવાય છે; **'ક્રોડ વર્ષ સુધી જ્ઞાન ભણ્યા,' એમ નથી કહેવાતું.** માટે એવા મોહમૂઢના બોલના રવાડે ચડશો નહિ કે 'અમને કાંઈ જ્ઞાન નથી, હવે અમને ભણતાં આવડતું નથી, શું ચારિત્ર લઈએ ?' કેમ જાણે ચારિત્ર એટલે પંડિતાઈ ! વિદ્વત્તા ! અર્થાત્ 'જ્ઞાન વિના ચારિત્ર નહિ,' એવું કહેનાર ચારિત્ર શબ્દનો અર્થ પંડિતાઈ, વિદ્વત્તા સમજી રહ્યો છે ! અલ્યા ભાઈ ! સમજ કે

**ચારિત્ર એટલે તો પાપ વિનાનું જીવન.**

એમાં જ્ઞાન હોય એ જરૂર ઇચ્છવા યોગ્ય છે; પરંતુ જ્ઞાન વિના પણ જ્ઞાનીની નિશ્રામાં નિષ્પાપ જીવન જીવી શકાય છે.

**પાપ છોડવા માટે શું પંડિતાઈની શક્તિ જોઈએ, કે પાપનો ત્રાસ જોઈએ ?**

ચારિત્ર એટલે ક્ષમા, નમ્રતા વગેરે આત્મગુણો અને અહિંસાદિ ધર્મો, અર્થાત્ દશ પ્રકારનો યતિધર્મ.

ચારિત્ર એટલે જ્ઞાનાચાર, દર્શનાચાર વગેરે પંચાચારનું પાલન.

આમાં પંડિતાઈ ક્યાં આવી ? એ બરાબર છે કે જ્ઞાન એટલે દીવો; એ માર્ગને બતાવે. પરંતુ આ ભેદ સમજી રાખવાનો કે

**માર્ગને-તત્ત્વને જાણવું સદ્દહવું તે જ્ઞાન. માર્ગ પાળવો એ ચારિત્ર.**

ત્યાં બીજાના દીવેય બીજાની પાછળ માર્ગે ચલાય. જિનશાસનની રૂએ 'ચારિત્ર' એટલે સંયમ. 'સંયમ' એટલે **પાંચ મહાવ્રત, પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ (પાંચ સમિતિ), ત્રણ ગુપ્તિનું પાલન, અને ચાર કષાયોનો ત્યાગ. એમ સત્તર પ્રકારે સાધના એ સંયમ.** કહો જોઉં કે આ સંયમ પાળવા કેટલા જ્ઞાનથી ચાલી શકે ? શાસ્ત્ર નથી કહેતું કે ચૌદ 'પૂર્વ' શાસ્ત્રોનાં સૂત્ર-જ્ઞાન વિના કેવળજ્ઞાન ન જ મલે ! હા, એવા દાખલા છે કે ચૌદ પૂર્વ શાસ્ત્ર તો નહિ પણ અગિયાર 'અંગ' શાસ્ત્રના જ્ઞાન વિના માત્ર આ સત્તર પ્રકારના સંયમને, ગુરુને સમર્પિત રહી, પાળનારા 'માષતુષ' વગેરે મુનિઓ મોક્ષે સિધાવ્યા.



શું પુંડરીક સ્વામી સાથે પાંચ ક્રોડ, દ્રાવિડ-વારિખિલ્લ સાથે દસ ક્રોડ, ને પાંડવો સાથે વીસ ક્રોડ મુનિઓ,... એમ જે વિપુલ સંખ્યામાં મુનિઓ મોક્ષે ગયા, તે બધા શું પંડિત હતા ? બધા ય શું આચારાંગ, ભગવતી, વગેરે અગિયાર અંગના ભણેલા હશે ? ના, એ તો માત્ર ચારિત્રના અર્થાત્ મહાવ્રતના જ્ઞાનવાળા હતા. તેથી ચારિત્રનું પાલન કરી, રાગદ્વેષનો સમૂળ નાશ કરનાર બન્યા, અને કેવળજ્ઞાની થઈ મોક્ષે ગયા !

**અહીંયા મહાવ્રત પાળવા કયું જ્ઞાન જોઈએ ?**

એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના જીવોની ઓળખ જોઈએ, અને એ જીવોને મારનારાં જે શસ્ત્રો તેનું જ્ઞાન કરવાનું, એ પહેલા મહાવ્રત માટે જરૂરી જ્ઞાન છે. **વસ્તુના સ્વરૂપથી વિપરીત જરાય ન બોલાય તે સત્યવ્રત.** એમ પાંચે મહાવ્રત પાળવા એટલું જ્ઞાન જોઈએ, કાંઈ બહુ ઊંડા તત્ત્વજ્ઞાન વિના આ મહાવ્રત ન જ પળાય એવું નથી. એમ ઇન્દ્રિય-નિગ્રહ અને સમિતિ-ગુપ્તિને પણ ઓછી શક્તિ કે આવડતવાળા અજ્ઞાન માણસ સમજી શકે એવી સીધી સાદી વાત છે. બસ, જ્ઞાની ગુરુની નિશ્રામાં રહી આનું બરાબર પાલન થાય તો મોક્ષ મળે છે. પછી 'ચારિત્ર કેમ નથી લેતા ?' તો કહેવું કે 'જ્ઞાન નથી ચડતું,' એ ઘોર અજ્ઞાન છે ! ફરીથી યાદ રાખો, ચારિત્ર એટલે પંડિતાઈ નહિ; ચારિત્ર એટલે નિષ્પાપ અહિંસક જીવન.

**આત્મ-પ્રગતિનો અચૂક માર્ગ : રાગદ્વેષને કેટલા જીતતા આવ્યા ? :-**

જીવનમાં એટલું નિશ્ચિત્ત થઈ જાય કે મારે આત્માની પ્રગતિ સાધવી છે, તો સાથે એ જરૂર સમજવું જોઈશે, કે તે પ્રગતિ માત્ર જીવનભરની ધર્મક્રિયાનો સરવાળો કરી એમાં સંતોષ માની લેવાથી નહિ થાય, કિંતુ 'હું સંસારમાં જકડી રાખનારા રાગદ્વેષના કબજામાં કેટલો હતો, અને ધર્મ કરતાં કરતાં રાગદ્વેષના કબજામાંથી કેટકેટલો છૂટતો આવ્યો,' તે જોવું જોઈશે. ગયા વર્ષ કરતાં આ વર્ષે, ગયા મહિના કરતાં આ મહિને, ગઈકાલ કરતાં આજે, આત્માને રાગદ્વેષમાંથી વધુ ને વધુ કેટલો છોડાવ્યો, એ માપવું જોઈશે; અને વધુ છૂટવા અધિક પુરુષાર્થ કરવો જોઈશે. તો જ આત્મ-પ્રગતિ સધાય.

**ચારિત્ર એ રાગદ્વેષથી છૂટવાના અભ્યાસ સહેલાઈથી અને સચોટપણે કરવાની શાળા છે.**

આ માટે મન વચન ને કાયાની ત્રણ ગુપ્તિને એવી વ્યવસ્થિત કરે કે

(૧) હિંસા વગેરે અનિષ્ટ તત્ત્વો મન-વચન કે કાયા કોઈમાં પેસી શકે નહિ. સાથે

(૨) પંચાચાર એ મન-વચન ને કાયામાં અર્થાત્ વિચાર-વાણી-વર્તાવમાં રમ્યા કરે, એવું કરવું જોઈએ.

ચારિત્રજીવનમાં આ જ કરવાનું છે, વિચાર-વાણી-વર્તાવમાં (૧) હિંસાદિ પાપ પેસવા ન દો, અને (૨) પંચાચાર જ રમતા કરો; ને તે પંડિત ન હોય એ પણ કરી શકે. એ થાય એટલે બિચારી ઇન્દ્રિયો શું કરી શકે ? મન, વચન, કાયામાંથી હિંસા જુઠ વગેરે પાંચ પાપ નીકળી ગયા, અને મન વચન કાયામાં એટલે વિચાર-વાણી-વર્તાવમાં માત્ર પવિત્ર પંચાચાર છવાઈ ગયા, તો ઇન્દ્રિયો અને કષાય મરવા પડે !

વિવેકી આત્મા સાવધાન હોય છે. એ સમજે છે કે ઇન્દ્રિયોની પરાધીનતા સેવવામાં અને કષાયોમાં નિર્ભય રહેવામાં આત્મા સાચી પ્રગતિ કરી શકતો નથી.

**ઇન્દ્રિયોને તૃપ્ત કરવા માટે જીવે અનંતકાળ મજૂરી અને પાપ કર્યા, અને અનંત વિષયો ઇન્દ્રિયોને આપ્યા, છતાં એ હજુ પોતાનાં ઊઘરાણાં બંધ કરતી નથી !**

આ તે એની કેવી કારમી ભૂખ ! અને કેવી અનાદિની અવળી ચાલ ! પણ જો મોહના મહાન વિજેતા જિનનો હું હવે ભક્ત બન્યો, જિનની સેનામાં જોડાયો, તો મારે પણ નક્કી કરવું જોઈએ કે હવે અનાદિની અવળી રમત ચાલુ ન રખાય;' આવું વિચારી મોહાંધ ઇન્દ્રિયો અને મનને સાફ કહી દેવું કે 'હવે તમારા ઊઘરાણાં ભરવા હું તૈયાર નથી ! અને તે પ્રમાણે એની ઘણી ઊઘરાણી જતી કરવી, એટલે કે એને ઇષ્ટ વિષય નહિ આપવા. આને બદલે

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૧,અંક-૧૭,તા.૮-૧-૧૯૮૩**

જો મોહનું, ઇન્દ્રિયોનું અને કષાયી મનનું બધું જ ઊઘરાણું સંતોષવા જીવ હરેક પળે તૈયાર હોય, તો પછી વિષયના વિરાગ ક્યાં ટકે ? તે જો નહિ, તો રાગદ્વેષને જોરદાર ધક્કો ક્યાં લાગે ? રાગદ્વેષને જોરદાર ધક્કો જો ન લગાવે, તો ધર્મની મજબુત સાધના ક્યાં રેઢી પડી છે ? જો મનઃકલ્પિત મહાન ધર્મ સેવ્યાનો દાવો રાખીએ, અને રાગદ્વેષને જોરદાર ધક્કો ન લાગતો હોય, તો જ્ઞાનીની દૃષ્ટિમાં આપણને સુંદર પ્રમાણપત્ર નથી મળવાનું, એ નક્કી વાત છે. જ્ઞાનીના પ્રમાણપત્ર ઉપર આત્માની પ્રગતિ નિર્ણીત થાય છે.

**રાગદ્વેષને જોરદાર ધક્કો લગાવવા માટે વિષયો પર વૈરાગ્ય કેળવી, અંતર્મુખ બનવું જ પડે.**

ઇન્દ્રિયોને કબજે કરી, બાહ્ય વિષયોમાં મૂઢ જેવા બનવું ઘટે. 'મૂઢ' એટલે ગતાગમ વિનાનો. એટલે કે ચીવટ-ચોકસાઈ અને ચતુરાઈ વિષયોની ન રાખતાં આત્માની રાખવી.



**વિષયોની કેળવણીમાં અને કિંમત-આંકણીમાં જેની ઇન્દ્રિયો અને મન મૂઢ, એટલે કે એ કાર્ય કરનાર નહિ, તે જ સાચો પંડિતપુરુષ; તે જ નક્કર ધર્માત્મા કહેવાય.**

એટલે જો મનને એમ લાગતું હોય કે 'આપણે પંડિત હોઈએ તો ચારિત્ર સારી રીતે પળે,' તો એમાં મનને સાથે આ લગાડી દો કે 'આ પંડિતાઈ ખાસ તો આ જ જોઈએ છે કે 'મારી ઇન્દ્રિયો અને મન વિષયોની કેળવણી અને મૂલ્યાંકનમાં જડ ભરત રહી ગમાર રહી સંયમ અને આત્મગુણોની કેળવણી અને મૂલ્યાંકનમાં હોશિયાર હોય.' આ જ હોશિયારી એ સાચી પંડિતાઈ છે.

હરિભદ્ર પુરોહિતના મન પર શાસ્ત્રોની પંડિતાઈ નહિ, પણ આ સંયમનાં મૂલ્યાંકનની હોશિયારી આવી ગઈ, તેથી એ બેસી ગયા ગુરુ જિનભદ્ર (જિનભટ્ટ) આચાર્યના ચરણે મુનિ બનીને.

હરિભદ્ર મુનિ બન્યા પછી હવે તો સમ્યક્ત્વ આવી ગયું છે, એટલે પૂર્વના મિથ્યાભિમાન વગેરે દોષો નામશેષ થઈ ગયા છે, તેથી ગુરુ એમને યોગ્ય જાણી ઝટોપટ શાસ્ત્રબોધ આપ્યે જાય છે એ **ગ્રહણશિક્ષા;** તેમજ સંયમના વિવિધ અંગોના આસેવનમાં જોડે છે **એ આસેવનશિક્ષા.** બંને શિક્ષાથી હરિભદ્ર વિદ્વાન સંયમી બને છે. પરંતુ જોજો હોં, એ વારંવાર જિનશાસન અને ગુરુના અસાધારણ ઉપકારને ભૂલતા નથી, વારંવાર યાદ કરે છે.

**સર્વજ્ઞ અસર્વજ્ઞના શાસ્ત્ર વચ્ચે આકાશ પાતાળનો અંતર :-**

હરિભદ્ર મુનિનું મન ગુરુદેવનો ઉપકાર અપ્રતીમ હોવાનું માને છે, અને ગુરુના અપ્રતિકાર્ય ઉપકારને યાદ કરતાં એમની આંખો આંસુથી ભરાઈ જાય છે ! હૃદય ભરાઈ આવે છે, 'ક્યાં હું પૂર્વનો ઉન્મત્ત ! અને ક્યાં આજ જીવનમાં હું ઉચ્ચમાર્ગે ચઢાવાયેલો ! ગુરુજીએ જે ભલું કર્યું, તેનું વર્ણન શું કરાય ? આવા નિઃસ્વાર્થપણે અનંત ઉપકાર કરનાર ગુરુના આજ્ઞાંકિત બની રહેવું, એ સિવાય ઉપકારના બદલા તરીકે બીજું તો શું કરી શકાય ? કેમકે આ તો જૈન ગુરુ, એમને કશી જરૂર નહિ; એ તો નિરંતર ઊંચે ઊંચે સ્વયં જઈ રહ્યા છે. ત્યાં શિષ્ય એમનું શું ભલું કરી શકે ?

**ગુરુના ઉપકારનો બદલો આ :- જીવનભર ગુર્વાજ્ઞાધીન બન્યા રહેવું.**

**જૈન ધર્મની આગવી વિશિષ્ટતાઓ :-**

**જૈનેતર ધર્મોની સામે જૈનધર્મની સૂક્ષ્મતા-સજ્ઞાનતા-વિશિષ્ટતા :-**

હરિભદ્ર મુનિ બન્યા પછી જૈનધર્મ સારો પરિચિત થતા એમણે જોયું કે 'અહો ! વૈદિક ધર્મના નિષ્ણાત હતા, એટલે એની રજે રજ જાણે છે. એ એમને

જૈન ધર્મમાં ચારિત્ર ધર્મની એકેક સૂક્ષ્મ પણ જીવોની જયણા-દયાવાળી અને અંતરના નાજુકમાં નાજુક પરિણામને શુદ્ધ કરનારી ઝીણી ઝીણી સાધના જોવા સમજવા અને પાળવા મળે છે, ત્યારે એમની અક્કલ કામ નથી કરતી કે 'અહો ! જૈન ચારિત્રજીવનમાં તો એકેક યોગની સાધના, એની પાછળના હેતુ, અને એના આત્મા પર પરિણામ એવા બતાવ્યા છે કે એનો મુકાબલો વૈદિક તો શું પણ બીજા કોઈ પણ ધર્મમાં ન મળે.'

**જૈનધર્મની સૂક્ષ્મ અહિંસા :-**

વાત પણ સાચી, વૈદિક ધર્મમાં તો છી છી ને ધો ધો, બાહ્ય શૌચવાદ ભારે, 'જરાક બહાર જઈ આવ્યા ? હાથ પગ ધોઈ નાખો,' 'જરાક લઘુ શંકા ટાળી આવ્યા, હાથ પગ ધોઈ નાખો,' 'જરાક કોક ભૂલમાં રસોડાના ચોકામાં પેઠું ? તો ચોકો આખો ધોઈ નાખો,' કાચા પાણીનો બેસુમાર ઉપયોગ ! કારણ, ઈતર ધર્મવાળાને મૂળમાં એટલું સૂક્ષ્મ અને વિસ્તૃત જીવજ્ઞાન જ નથી.

ત્યારે જૈન ધર્મ તો કહે છે કે 'આ પાણીના જીવોની સામે તો જુઓ પાણીના ઝીણા એકેક ટીંપામાં, અરે ! ફરફરિયા વરસાદના એક ઝીણા ફોરામાં અસંખ્ય અપકાયિક સ્થાવરકાય જીવોનાં શરીર છે, એ એકેક શરીરે એકેક જીવ છે. એટલે એક સૂક્ષ્મ ફોરામાં અસંખ્ય જીવો ! શરીર કેવાં સૂક્ષ્મ કે એ એકેક જીવ પોતાનું શરીર એ ફોરાં જેટલું જ કરે, તો એક ફોરાના જીવ આખા લાખ જોજનના જંબૂદ્વીપમાં તો શું આવા કરોડો અબજો દ્વીપમાં પણ માય નહિ !

જ્યારે એકેક ટીંપે આટલા બધા જીવો, તો પછી એક પાંગળા પાણીમાં કેટલા જીવો ? એકજવાર હાથ ધોવા માત્ર એક પાંગળું જ કાચું પાણી લીધું તો એટલા પાણીથી બે હાથ ઘસી નાખવામાં કેટલા બધા જીવોને સાફ કરી નાખ્યા ? અને તે અણગળ હોય તો એમાં હજારો ત્રસ (હાલતા ચાલતા પોરાં) જીવો ! એને ય ઘસી નાખ્યા !

વૈદિક ધર્મોમાં આ જીવોની કલ્પના ય જ્યાં નહિ, ત્યાં એની હિંસા અહિંસાનો વિચારે ય શાનો હોય ?

ત્યારે જ આવા જ સૂક્ષ્મ વાયુકાયિક જીવોનો પણ જૈનેતર ધર્મોમાં ખ્યાલ જ ક્યાં છે ? પછી એની દયા-રક્ષા-અહિંસાની વાત પણ એ ક્યાંથી કરે ? એ તો વાયુ એટલે મરુત્ દેવતાનું શરીર માને, અને દેવતાને દુઃખ થાય નહિ, એટલે પછી કેમ ? તો કે તમે વાયુને ગમે તેટલું કચરો, ફૂંકો, અગ્નિમાં ઉરાડો, એમાં કશી હિંસા નહિ ! આવું જૈનેતર ધર્મોમાં હોવાનું જુએ છે.

ત્યારે હરિભદ્ર મુનિ જુએ છે કે 'અહીં જૈન ચારિત્ર ધર્મમાં તો અતિ ઝીણા ફોરા જેવડા વાયુના એક કણમાં ય અસંખ્ય જીવો છે ! તેથી સહેજ ફૂંક મારી, કે



ગરમીમાં શરીરને જો સહેજ કપડાનો છેડો હલાવી પવન નાખ્યો, એમાં અસંખ્ય વાયુકાય જીવો મારી નાખ્યા ! માટે સહેજ ફૂંક પણ મરાય નહિ, કે કપડાનો છેડો ય સહેજ ફરકાવાય નહિ.

એમ કાચા પાણીનું એક ટીંપુ પણ કચર્યું તો એમાં અસંખ્ય અપકાય જીવો મારી નાખ્યા ! માટે કાચું પાણી વપરાય જ નહિ અરે ! કાચા પાણીના ભાજનને અડાય પણ નહિ, એમ કાચા મીઠાના કે કાચી માટીના પણ કણે કણે અસંખ્ય પૃથ્વીકાયિક જીવો ! તેથી તાજા ખેડેલાં ખેતરમાં ય કાચી માટી પર ચલાય પણ નહિ.

એવું દીવા અંગારાના કણે કણે અસંખ્ય અગ્નિ-કાયિક જીવો ! ચારિત્ર જીવનમાં અગ્નિને અડાય તો નહિ, પણ એની પાસે ઊભા રહીને એની ગરમી ય લેવાય નહિ. જૈનેતર સંન્યાસ ધર્મમાં આ યતના ક્યાં છે ?

એમ વનસ્પતિકાયમાં પાંદડે પાંદડે અને બીએ બીએ જીવ છે. ત્યારે જમીન-કંદ અને લીલ-ફૂગમાં તો વળી કણે કણે અનંતા જીવો છે, ચારિત્ર ધર્મમાં એને અડાય પણ નહિ. ઈતર ધર્મનાં સંન્યાસમાં તો ઝાડ પરથી સીધાં ફળ તોડી લાવી ફળાહાર કરવાની વાત ! ત્યાં ક્યાં અહિંસા રહી ?

**નિર્દોષ ભિક્ષા :-**

હરિભદ્ર મુનિ ચારિત્રજીવનમાં 'આ બધા જીવોની પણ હિંસા કરું નહિ કરાવું નહિ, કરતાને સારા માનું નહિ; તેય કાયાથી તો નહિ, પણ મનથી અને વચનથી પણ હિંસા નહિ,' એમ નવકોટિ અહિંસાનું પાલન જુએ છે. હિંસા કરનારને સારા માનું નહિ એની કક્ષા ક્યાં સુધીની ? તો કે સાધુ માટે કોઈએ કાંક રાંધ્યું, તે જો સાધુ લઈને વાપરે તો એમાં આ હિંસા કરનારને સારા માનવાનું થાય, અર્થાત્ હિંસાની અનુમોદના થાય, માટે સાધુ એવો આહાર સ્વીકારે નહિ.

જૈનેતર ધર્મમાં આ ક્યાં જોવા મળે ? જૈન ધર્મના ચારિત્રમાં તો ભિક્ષામાં આ એક દોષ નહિ, પણ ૪૨ દોષ ટાળવાના જે બતાવ્યા છે, એની ગંધ પણ વૈદિક ધર્મમાં ન મળે.

હરિભદ્ર મુનિ જૈનધર્મની આ

(૧) ઉચ્ચ કોટિની અહિંસા પર અને

(૨) એના મૂળમાં રહેલા સૂક્ષ્મ તથા વિસ્તૃત જીવવિજ્ઞાન પર ઓવારી જાય છે.

(૩) એવું જ જૈન ધર્મની વિરતિમાર્ગની અનન્ય વિશિષ્ટતા, તથા

(૪) ચારિત્ર ધર્મના મહા વિવેકભર્યા, ગંભીર રહસ્યભર્યા, અને પૂર્ણ અધ્યાત્મભર્યા એકેક પ્રતિક્રમણાદિ યોગાનુષ્ઠાનની અનન્ય વિશેષતા પર ઓવારી જાય છે ! વળી

(૫) જૈન ધર્મમાંના જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રચાર-તપાચાર-વીર્યાચાર એ પંચાચારનાં અદ્‌ભુત વિજ્ઞાન, તથા એમાં થતી સ્ખલનાના પ્રાયશ્ચિત્તોના અતિ વિસ્તૃત વિજ્ઞાન જોઈ મુગ્ધ થઈ જાય છે !

(૬) એમ હરિભદ્રમુનિ એ પણ જુએ છે કે 'પરમાત્મા' નામ તો બીજા ય ધર્મો પણ લે છે, કિન્તુ પરમાત્માના સાચા સ્વરૂપની એમને ગંધ પણ ક્યાં છે ? ત્યારે જૈન ધર્મમાં પરમાત્માનું કેવું અલૌકિક લોકોત્તર અને અવ્વલ ભવ્યતાવાળું સ્વરૂપ વર્ણવ્યું છે !'

(૭) એમ, જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોનું મહા વિજ્ઞાન,

(૮) આત્માની ઉત્ક્રાન્તિના ૧૪ ગુણસ્થાનોનું વિજ્ઞાન,

(૯) જીવાજીવાદિ નવતત્ત્વનું વિજ્ઞાન,

(૧૦) સ્યાદ્‌વાદ-અનેકાંતવાદ વગેરેનાં સિદ્ધાંત,

એમ અનન્ય કોટિના દેવાધિદેવ અને ગુરુના વિનયના પ્રકારો, અતિ ભવ્ય અને અનન્ય સામાયિક વગેરે છ આવશ્યકોનો મહાયોગ, અતિ સૂક્ષ્મ અને વિસ્તૃત પંચાચારનો માર્ગ, એમાં થતી સ્ખલનાના પણ સૂક્ષ્મ અને વિસ્તૃત પ્રાયશ્ચિત્ત-વિધાન;...આ બધું જૈનેતર કોઈ ધર્મમાં જોવા ન મળે. આ જોઈ હરિભદ્રમુનિના હૈયે હરખ હરખ થઈ આવે છે !

(૧૧) એ જુએ છે કે જૈનધર્મમાં જે પૂર્વ પુરુષોનો ઈતિહાસ છે, એમના ચરિત્રો અને આત્મપરાક્રમો જોવા મળે છે, એનો ય દુનિયાના કોઈ ધર્મમાં જોટો નથી ! એ શાલિભદ્ર, એ સ્થૂલભદ્ર, એ સનતકુમાર-મેઘકુમાર ગજસુકુમાળ, ખંધકમુનિ, મેતારજમુનિ, ગામ-નગરની સ્ત્રીઓ પોતાનું રૂપ જોઈ પાપ ન બાંધે માટે જંગલમાં રહેતા એ ભાવકરુણાભર્યા બળભદ્ર મુનિ, એ સુદર્શનશેઠ, કામદેવ-સાગરચંદ્ર ચંદ્રાવતંસક રાજા વગેરે પૂર્વના મહાપુરુષોના કેવાં અદ્‌ભુત ચરિત્ર !! આ કે આવો વારસો જૈનધર્મ સિવાય કોણે આપ્યો છે ?

(૧૨) ત્યારે જૈનધર્મનાં પૂર્વાપર અવિરુદ્ધ ટંકશાળી વચનવાળાં શાસ્ત્રો,

(૧૩) અરિહંતાદિ પંચપરમેષ્ઠિ,

(૧૪) શત્રુંજયાદિ તીર્થો,...વગેરે વગેરે પણ કેવાં અનન્ય અનુપમ !

હરિભદ્ર મુનિને તો આ બધું જોતાં ચમત્કાર ચમત્કાર લાગે છે કે 'અહો ! આ બધું કેવું અપૂર્વ હું પામ્યો ! મારા પુણ્યની અવધિ નથી ! એ સાધ્વીમાતા યાકિની મહત્તરાનો તથા આ આચાર્ય ભગવાનનો મારા પર કેટલો અમાપ ઉપકાર !!

જૈનધર્મની આગવી વિશેષતાઓ છે. લલિતવિસ્તરા શાસ્ત્રમાં એમાંની કેટલીક વિશિષ્ટતાઓ આલેખાયેલી છે; ને એ જોતાં જ, બૌદ્ધમતથી ચળચિત્તવાળા બનેલા શ્રી



**સિદ્ધર્ષિગણી,** જૈનધર્મમાં સ્થિર ચિત્તવાળા દૃઢ શ્રદ્ધાવાળા બની જાય છે ! પછી તો એ જૈનધર્મ પર ઓવારી જઈ જૈનધર્મના તત્ત્વો માર્ગ અને સિદ્ધાંતો પર સૂક્ષ્મ ચિંતન કરી વિશ્વશ્રેષ્ઠ રૂપકગ્રંથ શ્રી **'ઉપમતિ-ભવપ્રંચા કથા'** નામનું મહાકાય શાસ્ત્ર રચે છે.

**હરિભદ્ર મુનિ આચાર્ય બને છે :-**

શ્રી હરિભદ્ર મુનિના હવે વિશાળ અને સૂક્ષ્મ શાસ્ત્રબોધ તથા સંયમાદિની યોગ્યતા જોઈ ગુરુ એમને શાસનના મહાપ્રભાવક થવાનું જાણી પંચપરમેષ્ઠીના તૃતીયપદ આચાર્યપદે આરૂઢ કરે છે.

**હંસ-પરમહંસ :-**

એક વખતનો પ્રસંગ છે. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ બહિર્ભૂમિએ ગયેલા છે ત્યાં એમણે નાનપણમાં હુલરાવેલા પોતાના બે ભાણેજ હંસ અને પરમહંસ નામે આવતા જોયા; એટલે ઊભા રહ્યા.

હંસ-પરમહંસ નામ કેટલા સુંદર ! કાન્તિ અને ગુણે પણ તેવા ! હંસ ઉજ્જવળ કાન્તિવાળા, ઉચ્ચ ખોરાકવાળા, અને વિવેક-શાંતતા વગેરે ગુણોવાળા ! આ પણ તેવા છે. મામાને જોતાં જ આંખમાં આંસુ સાથે બે હાથ જોડી પગમાં નમી પડે છે. સૂરીશ્વરજી એમને કંઈક ચિંતાવાળા જુએ છે,

પૂછે છે, "કેમ શું છે ?"

" મૂંઝવણ છે."

"તમારે મૂંઝવણ ?"

"શું કરીએ ? પિતાજીના ઘરમાં ન સાંભળી શકાય તેવાં કર્કશ વચન સાંભળવા મળ્યા. તેથી મન ઉદ્વિગ્ન થઈ ગયું છે. એમ થાય છે કે આ આપણા સ્નેહી ?" બંને ભાઈ જબરજસ્ત યોદ્ધાઓ છે. એમાં સો શસ્ત્રથી યુદ્ધ કરી જાણે એવો એક ભાઈ સહસ્રમલ્લ છે. એકલો હજાર યોદ્ધાઓને પૂરો પડે ! આવાને ય સ્વજનોનાં ટોણાં-ઠપકાં ખાવાં પડે, એ કેવી કર્મની વિચિત્રતા ! કેવો સંસાર ! અંતરમાં સ્વજન પર અને ઘર પર એમને વૈરાગ્ય થઈ ગયો છે, એટલે તો મામા મહારાજ જૈન સાધુ છે એ જાણીને એમની પાસે આવ્યા છે. છતાં ભાણજાના વૈરાગ્યને શુદ્ધ બનાવવા નક્કર બનાવવા મામા મહારાજ કહે છે,

"ખરી વાત છે ભાઈ તમારી. સંસારના સ્નેહીઓ સ્વાર્થમાં જ રમતા હોય છે. એમના સ્નેહ પાછા ચંચળ ! એ ખસે એટલે સામાનું આવી બન્યું ! પણ તમે એકલા સ્નેહીનું જ એવું ચંચળપણું સમજતા મા. સારો ય જડ-ચેતનમય સંસાર જ એવો છે. એના પર વિશ્વાસ શા સારુ ?

**કદાચ અવિશ્વસનીયની જમાતમાંના એકને મૂકી બીજાને વળગશો, તો ત્યાંય**

**પાછો વિશ્વાસભંગ પામશો, તેથી ફરી આવો પસ્તાવો વેઠવો પડશે !**

માટે સારા વિરાગી થાઓ"

ગુરુજીના વચને હંસ-પરમહંસ બૂઝી જઈ તેના પરથી સંસારનું માપ કાઢ્યું કે 'આપણા ગણાતા સ્નેહી તરફથી પણ જો અરુચિ-અપમાન મળે તો પછી જગતના તરફથી શું મળે ? એ પીડા જ.' તો પછી એવા સંસારથી સર્યું. એ કહે છે, 'પ્રભુ ! આપો અમને ચારિત્ર. અમે તો હવે તમારા શરણે છીએ !'

મામાએ બે ભાણાને સાથે લીધા, અને લઈ જઈ દીક્ષા આપી.

કેવા લઘુકર્મી જીવો ! સંસારમાંના એકાદા અપમાનથી આખા સંસાર પરથી ઊભગી ગયા ! તમારે જીવનમાં કોઈ અપમાનનાં અશ્રુ પણ આવ્યા છે કે નહિ ? કહો, એક નહિ, અનેક વાર, અને અનેકો તરફથી.

છતાં 'હાય ! આવો સંસાર ? છોડ એને,' આવું ક્યારે ય થયું નથી ને ?

ના, કેમકે હિસાબ માંડી રાખ્યો છે કે

**'એવાં અપમાન-અવગણના-તિરસ્કારની વચ્ચે ય વિષયોનાં ઠીકરાં ચાટવા મળે છે ને ?'** આ તો પેલા જેવું છે કે 'ભલે નાક કટ્ટા તો કટ્ટા, મગર ઘી તો ચટ્ટા ?' નાક કપાઈ જાય છતાં એનું દુઃખ ન માને અને ઘી ચાટવા મળ્યું એનું સુખ માને એ પૂરો બેવકૂફ ? કે થોડો બેવકૂફ ? તો પછી એમ, સંસારમાં અપમાન-અવગણના-વિશ્વાસઘાત પામવા છતાં એનું બહુ દુઃખ ન માને અને વિષયોનાં ઠીકરાં ચાટવા મળ્યાનું સુખ માને એ કેવો ? હંસ-પરમહંસ વિષયોનાં ઠીકરાં ચાટવા મળ્યાના સુખને કોડીનું ગણે છે, તેથી જ સંયમનું મહાન આલંબન પકડે છે.

**બૌદ્ધમત જાણવાની ઝંખના :-**

બન્નેને શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ અધ્યયન કરાવે છે, ન્યાયશાસ્ત્ર ઉપરાંત ઈતર દર્શનશાસ્ત્રો પ્રમાણશાસ્ત્રો અને જિનાગમોની તાલિમ આપે છે. એમાં એકવાર બંનેના મનમાં એક વિચાર આવ્યો. સૂરીશ્વરજીના ચરણે ધરતી પર માથું નમાવીને તેમણે ગુરુમહારાજની આગળ તે વિચાર મનોરમ વિનંતીપૂર્વક રજુ કર્યો, "ભગવંત ! આજ્ઞા આપો. બૌદ્ધના તર્કશાસ્ત્રનાં રહસ્ય જાણવા ઇચ્છા છે. અમારી બુદ્ધિની પરીક્ષા માટે એનાં કઠિન શાસ્ત્ર ભણવા એના મઠમાં અમે જઈએ. બરાબર તેમનું જોઈ લાવીએ પછી એના જોરદાર ખંડન કરી, એ કુમતના મૂળિયાં ઉખેડી નાખીએ. તો હવે અમને તેમનું સ્થળ બતાવો. ગુરુમહારાજ આમની આવી ધગશ જોઈ ખૂશ થાય છે; પરંતુ નિમિત્ત શાસ્ત્ર જોઈને કહે છે, "નિમિત્ત સંયોગ એવા જણાય છે કે તમારા ત્યાં જવામાં લાભ નથી દેખાતો, મોટું નુકશાન દેખાય છે. માટે એ ઇચ્છા માંડી વાળો."



"ભગવન્, ત્યાં ગયા વિના એના ભેદ શી રીતે જણાય ?"

"અહો, એજ ને ? એ તો તમે આ દેશમાં ય ગુણવાન આગમાભ્યાસી સાધુમહારાજ પાસે ય જાણી શકશો. એમ તો કેટલાક એવાય હાલ બુદ્ધિશાળી ભેજાવાળા હોય છે કે જે અન્ય શાસ્ત્રોના ય સારા વિદ્વાન હોય છે. એમની પાસેથી તમે બૌદ્ધશાસ્ત્રોનાં રહસ્યાદિ પામી શકશો."

"પણ...ભગવન્ ! અમારે ઠેઠ એના ઘરમાં ચાલતું તંત્ર જાણવું છે."

"તમારે ઉપયોગી તો અહીંય જાણી શકાશે બાકી ત્યાં તો હું નુકસાન જોઈ રહ્યો છું. અને કદાચ નુકસાન ન પણ હોય તો ય ગુરુનો વિરહ પડે, એવા માર્ગે કોણ ભટકે ? તેમ નુકસાન જાણ્યા પછી કયા ગુરુ રજા આપે ? તેથી હું તમારા જવામાં સંમત નથી."

**ગુરુકૃપા પર શ્રદ્ધા :-**

**ગુરુના આ વચન પર હંસ જરા હસીને કહે છે, "ગુરુજી, આપનું આ કથન અમારા પર આપની અતિશય વત્સલતાને સૂચવે છે. અમને આવા આપના અનહદ પ્રેમ પર શ્રદ્ધા છે."**

"પણ નુકસાનનું શું ?"

"અરે, પ્રભુ ! એ શું બોલ્યા ? આપ જેવાની કૃપા છે પછી નુકસાન ? ના રે ના, અવશ્ય લાભ જ થવાનો. આપે અમને હુલરાવ્યા છે ! પછી અમારા પર નિમિત્ત શું કરશે ?" મામાનો ભાણેજ પર પૂર્વે કેવો પ્રેમ હશે ? એય છોડી મામાએ દીક્ષા લીધી છે ! એ કહે છે કે "અમે બરાબર જાગતા રહીશું. આપના પ્રાભાવિક નામનો મંત્રની જેમ જપ કરશું. પછી નિમિત્ત-અપશુકન શું નડવાના હતા ?"

ત્યારે છેવટે ગુરુ કહે છે કે "તમને સુખ ઊપજે એમ કરો. અમારે તો હિતકારી કહેવું એ યોગ્ય છે. બાકી થવાનું તે તો થશે જ."

**હંસ-પરમહંસ બૌદ્ધમઠમાં :-**

બસ, બન્ને ભાઈઓ ગયા દૂર દેશે બૌદ્ધનાં મઠમાં; પણ પોતાનો સાધુવેશ સારી રીતે છૂપાવી, બૌદ્ધોને વહેમ ન પડે એવો વેશ કરીને ગયા. ત્યાં જોયું કે કુમતિઓએ જાળ તો ઠીક પાથરી દીધી છે ! છતાં હંસ-પરમહંસને વિદ્યાનો ઉછરંગ કેટલો બધો છે ? અત્યંત ! શા માટે ? શાસનનો હજી પણ વધુ ઉદ્યોત કેમ થાય, એની તીવ્ર કામના છે. આમ તો ગુરુથી જરાય છૂટા પડવાનું દિલ નથી, પરંતુ અંતરમાં ઉછળેલી વિદ્યાની ધગશ અને શાસનસેવાના કોડ આ મહાન સાહસ કરાવે છે. તમે જાણ્યું ને કે એમને ક્યાં રહેવાનું છે ? વિરોધિના કિલ્લામાં ! તેય કોઈ રક્ષણ વિના, એકલા પંડે ! કેમ એ ગભરાતા નથી ? કહોને કે એ યોદ્ધા છે

માટે. ના, ના, યોદ્ધા ય આવામાં એકલા જતા વિચાર કરે. આ તો અંતરમાં પરવિદ્યા જાણવાની અને પછી એનું જોરદાર ખંડન કરવાની તીવ્ર ઉમેદ છે, એમાં ગમે તેટલા કષ્ટ વેઠવાની તૈયારી રાખી છે, તેથી ગભરામણ નથી રાખી. તેમ દેવ-ગુરુ-કૃપા પર અનહદ શ્રદ્ધા છે, તેથી બીક નથી ગભરાટ સાથે જે કામ કરવા જવાય, તેમાં ભલીવારે ય શો આવે છે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૧,અંક-૧૮,તા.૧૫-૧-૧૯૮૩**

**પ્રચારના પાકા ઉપાય :-**

ઠેઠ બૌદ્ધના મઠમાં પહોંચી જુએ છે તો શું દેખાયું ? જ્ઞાનાભ્યાસ કરવા માટે અનેક શાળાઓની હાર લાગી છે ! તેમ ભણનાર વિદ્યાર્થીઓને બીજી ખટપટ ન કરવી પડે, તે માટે ત્યાં દાનશાળા પણ ચાલે છે ! અને હજારો બૌદ્ધ વિદ્યાર્થીઓને ભણાવવા માટે ૧૫૦૦ તો બૌદ્ધ અધ્યાપકો છે ! કહો, પોતાનો ધર્મ ને પોતાની વિદ્યા પોતાનાને ભણાવવા માટેની કેવી સગવડ ? કેમ વારું ? સ્વધર્મના અનુયાયીને યાવજ્જીવ એમાં જ દૃઢ શ્રદ્ધાવાળા બનેલા રાખવા માટે. કદાચ કોઈ બહારનો વાદી વગેરે મળે તો આ તૈયાર થયેલા બૌદ્ધ વિદ્વાનો ગુઢ યુક્તિઓથી તેનું ખંડન કરી બૌદ્ધ ધર્મનું ગૌરવ અને પ્રચાર કરી શકે એ માટે, ને શક્ય હોય તો એનેય બૌદ્ધ ધર્મનો ઉપાસક બનાવી દેવાય એ માટે આ મહાકાય અયોજન રાખ્યું છે. વિદ્યામાં ય એવી ગુપ્ત શિક્ષણપદ્ધતિ રાખી છે ! તેથી જ ત્યાં બૌદ્ધ સિવાય બીજા કોઈને પ્રવેશ નથી. જટિલ અને તર્કભરી એના ગઢ પદાર્થોની વિચારણા ત્યાં મુખેથી આપવામાં આવે છે. એ યુક્તિઓની બહારનાને ખબર ન હોય, એટલે વાદમાં બૌદ્ધને બહારનો જીતી ન શકે.

**બૌદ્ધના કિલ્લામાં બોદ્ધમતનું ગુપ્ત ખંડન :-**

બૌદ્ધોને ત્યાં ભણાવવાની વ્યવસ્થા હતી. હંસ અને પરમહંસ ત્યાં પહોંચી ગયા પછી તો તરત જ અત્યંત વિષમ એવા બૌદ્ધના શાસ્ત્રોના થોક ભણવાનું શરૂ કરી દીધું. દિવસ અને રાત મથવા માંડ્યું. શું કામ બાકી રાખે ? છતાં

**સાવધાની આ કે બીજાનું ભણવામાં પોતાનું ગુમાવવાનું નહિ, પણ શ્રેષ્ઠ કમાવાનું.**

અધ્યયનમાં હંસ-પરમહંસના અપ્રમત પુરુષાર્થ ચાલ્યા. ભાગ્યશાળી એવા કે બીજા પંડિતોને સમજવા અતિ કઠિન પડે એવા બૌદ્ધ તત્ત્વોને એમણે સરળતાથી કુશળ રીતિએ સમજી લીધા. એમાં એમણે જોયું કે 'શ્રી જિનેશ્વરદેવના સિદ્ધાંત



ઉપર બૌદ્ધોએ કલ્પિત એવા પણ પ્રખર દૂષણો ઊભા કર્યા છે; તો હવે એ ટાળવાનું કાંક કરવું જોઈએ.'

પહેલેથી જૈન દર્શનના અભ્યાસી તો બનીને જ આવ્યા હતા, અને અહીંની ગલીકુંચીઓ સમજી લીધી, એટલે હવે એમણે મનમાં એ દૂષણોનું ખંડન જિનાગમ પ્રમાણથી સૂક્ષ્મ દૃષ્ટિએ એવું કરતા રહ્યા, અને ખાનગીમાં કાગળની કાપલીઓમાં લખતા રહ્યા, કે જેની સામે હવે ઉત્તર કરવો બૌદ્ધોને અશક્ય પડે. એટલું જ નહિ પણ ઉપરથી એની સામે જૈન તર્કની પ્રવીણતાથી જબરદસ્ત હેતુ, યુક્તિ અને દૃષ્ટાંત એવા ખડા કર્યા, કે એથી બૌદ્ધમત પોકળ અને અસત્ય સાબિત થાય. બૌદ્ધમતની અસત્યવાદિતા અને અપ્રમાણિક્તાની આ સાબિતીઓ એટલી બધી સચોટ અને દૃઢ હતી કે એની સામે ઉત્તર કરવાનું કે એને ખોટી પૂરવાર કરવાનું સામર્થ્ય બૌદ્ધના ખુદ વડેરામાં ન મળે. જૈન શાસનમાં કેળવાયેલા મુનિરત્નોની કેવી અચિંત્ય શક્તિ ! કેવી અદ્‌ભુત બુદ્ધિ !

**આવ્યો વિઘ્નપિશાચ :-**

બૌદ્ધોએ ઊભા કરેલા કલ્પિત દૂષણો એનાં નિરાકરણ, એની પ્રતિપક્ષી જૈન વસ્તુની સાબિતિના હેતુ-યુક્તિ, એ બધું ભૂલી ન જવાય, એ માટે હંસ પરમહંસે ખાનગીમાં કાગળની કાપલીઓમાં લખી લેવા માંડ્યું હતું. કિન્તુ બન્યું એવું કે એકવાર પવનના જોરે એમાંથી લખાણની બે કાપલિયો ઊડીને બહાર પડી, અને એક બૌદ્ધ વિદ્યાર્થીના હાથમાં આવી. એણે તે તરત જ પોતાના બૌદ્ધ આચાર્યને આપ્યા. હવે શું બાકી રહે ? આચાર્ય તો અત્યાર સુધી એમજ સમજે છે કે ત્યાં બધા ભણનારા ચુસ્ત બૌદ્ધમતના શ્રદ્ધાળુ છે. તેથી જ નિરાંતથી પોતાની ગૂઢ યુક્તિ-પ્રયુક્તિ સૌને બતાવતા. પરંતુ આ કાપલિયો જોતાં લાગ્યું કે કોઈ વિરોધી અંદર પેઠો લાગે છે. હવે જો જાણે કે આ તો કોઈ પોતાનો દુશ્મન બધું શીખી ગયો છે, તો ગુસ્સો, દ્વેષ, અને કુબુદ્ધિ કેવા જન્મે ? બસ, થયો ફફડાટ !

**પુણ્યના કહ્યામાં રહેનારી વસ્તુ પર માણસનો મદ પોકળ છે :-**

કાપલિયો જોઈ બૌદ્ધનો આચાર્ય ચમક્યો, 'અહો ! આ અમે સામામાં ઊભા કરેલા દૂષણો, જે આજસુધી કોઈ હટાવી શક્યું નથી, તેના પર પણ આમાં આક્રમણ કર્યું છે ? એ દૂષણોનું આટલું જોરદાર ખંડન કર્યું છે ? પાછું ઉપરથી અમારા મતમાં આવા અકાટ્ય દૂષણો ઊભા કર્યા છે ? હવે આનો શો જવાબ હોઈ શકે ?' બૌદ્ધાચાર્યની તો આ વિચારણાએ છાતી જ બેસી ગઈ ! આજ સુધી નહિ અનુભવેલી વ્યગ્રતા હૈયામાં વ્યાપી ગઈ ! મન નાહિંમત બની ગયું ! વાદના વિજયની કીર્તિ જાણે ઓસરી જતી લાગી !

**બૌદ્ધાચાર્યને વહેમ પડી ગયો :-**

બૌદ્ધાચાર્ય વિચારે છે કે "આ કોઈ જૈનદર્શનના અભ્યાસી વિના ન લખી શકે. જરૂર કોઈ જૈન અહીં ભણવાના નિમિત્તે ઘૂસી ગયો લાગે છે ! નહિતર મારાથી **દૂષિત** કરાયેલા પક્ષને ફરીથી **વિભૂષિત** કરવા બીજો કોણ સમર્થ હોય ?" જૈનદર્શનની કેવી અદ્ભુત ખ્યાતિ ! ત્યારે હંસ પરમહંસની જૈનદર્શનમાં કેવી હોશિયારી ! સમ્યક્શ્રુતને એટલે કે સર્વજ્ઞના શાસ્ત્રોને ચિત્તમાં સુપરિચિત અને દૃઢ કર્યા વિના મિથ્યાશાસ્ત્રોમાં દોડાદોડ કરે તો માર ખાઈ બેસે ! ગુરુ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે હંસ-પરમહંસને એવા તૈયાર કર્યો છે કે અહીં બૌદ્ધની પ્રખર યુક્તિઓમાં પણ ભોળવાઈ જવાની વાત તો નહિ, કિન્તુ ઉપરથી એને સામેની જબરદસ્ત જૈન યુક્તિઓથી તોડી ફોડી નાખવાની જ વાત !

**અરિહંતના ચિત્રથી પરીક્ષા :-**

બૌદ્ધાચાર્ય વિચારમાં આગળ વધે છે, 'હવે જો આને રહેવા દઈએ તો તો કોણ જાણે આપણું કેટલું ય ઊખેડી નાખે ! ત્યારે આને પકડી પાડવો ય શી રીતે ?' વિચાર કરીને પોતાના ચુસ્ત બૌદ્ધ વિદ્યાર્થીઓને વાત સમજાવીને કહે છે કે 'વિદ્યાર્થીઓના શયનગૃહ આગળ એક અરિહંતનું ચિત્ર એવી રીતે દોરો કે જેથી બહાર નીકળતાં ચિત્રમાંના મસ્તક પર પગ મૂકવો જ પડે. પછી તપાસો કે કોણ પગ નથી મૂકતું ? સાચો જૈન હશે તે પગ નહિ મૂકે. આ રીતે ઓળખી લાવો એને." એ કાળે ધર્મની શ્રદ્ધા એવી કે ધર્મદાતા દેવગુરુની અનાદર-આશાતના કરીને પ્રાણ પણ બચાવવાની વાત નહિ, તો બીજી તો કઈ લાલચે એવું અઘટિત કાર્ય થાય ?

પેલા બૌદ્ધોએ વિદ્યાર્થીઓ ઊંઘતા હતા ત્યારે એ રીતે બારણા બહાર ચિત્ર દોરી દીધું. બીજા વિદ્યાર્થીઓ તો જાગીને એના પર પગ મૂકી મૂકી બહાર નીકળવા માંડ્યા પણ હંસ પરમહંસ ચિત્ર જોઈ આગળ વધતા અટક્યા. એ વિચારે છે કે

**હંસપરમહંસની ઉમદા વિચારણા :-**

'અહાહા ! આ કેવું સંકટ ? આપણી પરીક્ષા કરવાનો આ કીમિયો કર્યો લાગે છે, અને જો જૈન તરીકે પકડાયા, તો આ નિર્દય બૌદ્ધમઠાધીશ પાસેથી જીવતા છૂટવાની આશા શી ? ત્યારે શું આપણા જીવતરનાં બલિદાન એની સેવામાં આપીએ ? બલિદાન તો તે આપણા ભવોદધિતારક ગુરુદેવ શ્રી હરિભદ્રસૂરીજી મહારાજના ચરણમાં દઈએ કે જેમણે આપણું અત્રેનું આગમન અનર્થમય જોઈ આપણને પૂર્વે અહીં આવવા જ ના કહેલી. ગુરુદેવનો જો આ અવિનય કર્યો, તેનું ફળ આ જ જન્મમાં અહીં જોવા મળ્યું. પણ હવે અહીં બહુ શો વિચાર ? અહીં



તો બે વાત છે. કાં તો ચિત્ર પર પગ દઈ જન્મ કલંકિત કરવો, કાં મૃત્યુ વધાવી લેવું ! પણ શ્રી જિનેશ્વરદેવના બિંબ પર પગ દેવો એ તો એ તારક દેવાધિદેવની મહા આશાતના છે. એ કરીને નરકના પાપ ઉપાર્જવાનું કાર્ય ! અહીં એક મૃત્યુથી ભય પામી ભવિષ્યમાં નરકમાં અસંખ્ય મૃત્યુની પીડા કોણ ઉપાર્જે ?"

જીવનમાં કિંમતી કઈ વસ્તુની ? અહીં બૌદ્ધના રહસ્ય એવાં જાણી લીધાં છે કે બહાર નીકળી જાહેરમાં વાદી તરીકે બહાર પડે તો તો મહા નામના મળે એવી છે; પણ એ બધું શું કામનું; જો મૂળ દેવગુરુ ધર્મનું બહુમાન ન સચવાયું તો ? આ એક ટુંકાશા જીવનમાં આમ બચીને શાબાશી કે સુખ શું મળવાનું ? સુખ-શાબાશી તો દેવાધિદેવ, ગુરુ અને ધર્મના બહુમાન પાછળ છે. એ સુખ-શાબાશી જનમ જનમ માટે રજીસ્ટર્ડ થાય છે; કારણ કે કર્મસત્તાએ દેવાધિદેવ, એમનું શાસન અને શાસન આરાધક સાધુઓનો પક્ષપાત રાખ્યો છે.

**જે આ દેવ-ગુરુ-ધર્મનાં બહુમાન કરે છે ઊંચું સન્માન કરે છે, કર્મસત્તા એને સુખ અને શાબાશીથી નવરાવી નાખે છે.**

**બચવાની ચતુરાઈ :-**

હંસ પરમહંસ વિચારે છે, 'પગ સડી જાય તે સારા, પણ જિનના મસ્તક પર પગ મૂકી શકાય જ નહિ. ત્યારે કોઈ બીજો માર્ગ શોધવો જ રહ્યો. નહિતર અહીં અવશ્ય મૃત્યુ થાય.' વિચાર કરીને ચિત્ર પર ખડીથી જનોઈ ચીતરી લીધી, કોઈ કહે છે ગળા પર ત્રણ રેખા ચીતરી લીધી, એટલે તો ચિત્ર હવે જિનનું રહ્યું નહિ, બુદ્ધના ચિત્ર જેવું થયું, તેથી તેના પર પગ મૂકી બહાર નીકળી ગયા. પણ જાસુસ તરીકે ઊભેલા બૌદ્ધો ધૂંઆપૂંઆ થઈ ગયા, આમને ઓળખી લીધા, પોતાના આચાર્યને વાત જણાવી કહે છે,

'બસ હવે આપ હુકમ આપો એટલી વાર, આ દુશ્મનોને મારી નાખીએ, હવે એને જીવતા ન રહેવા દઈએ.'

આ કેવી ધર્માંધતા ! કેવી ક્રૂરતા ! અને કેવી કાયરતા ! સામે વાદ કરવાનું જીગર નથી. ન જોઈએ તો કાઢી મૂકો એય નહિ, મારી નાખવાની જ વાત ! આ બૌદ્ધોની અહિંસા ! આ એમનું તત્ત્વજ્ઞાન !

**તત્ત્વજ્ઞાન તો વીતરાગ સર્વજ્ઞ પ્રભુના શાસનનું ! દયા તો જિન-શાસનની ! ઉદાર મન તો જૈનના !** ધર્મની મઘમઘાયમાન શ્રદ્ધા રુંવાડે રુંવાડે ! પણ આવું અંધપણું નહિ કે દુશ્મનના પ્રાણ લેવા. પૂર્વે જૈન સાધુ પાસે વિદ્યામંત્રો ઘણા, પણ દુશ્મનની ય હિંસા કરવાની વાત નહિ. ત્યારે,

**જૈનત્વના પ્રકાશના અભાવે કેવી કરુણ સ્થિતિ ! હિંસા તો કદાચ ન ય કરી**

**શકે, પણ હિંસક વિચારો બહુ સસ્તા ! અને સુલભ !**

જૈનત્વનો પ્રકાશ મળ્યા પછી બહુ વિચારવા જેવું છે કે કેવી મહાન સિદ્ધિ મળી છે ! કેવું મહાભાગ્ય ! શું ?

**કરોડોની સંપત્તિ એ ભાગ્ય નહિ, ભાગ્ય તો જૈનત્વ !**

જો હિંસક વિચારો નાબૂદ ન થાય ઓછા ન થાય તો એ જિનશાસન મળવાનું ભાગ્ય એળે જાય !

**હિંસક વિચારો ઓછા થવા પર જિનશાસન મળ્યાનું ભાગ્ય સફળ.**

**હંસ-પરમહંસ પર બીજી પરીક્ષા :-**

બૌદ્ધો હંસ-પરમહંસને હવે તો દુશ્મન ગણી મારી નાખવા તલપાપડ થઈ રહ્યા છે; પરંતુ બૌદ્ધાચાર્યે એમને શાંત કરતાં કહ્યું,

"ઊભા રહો. હજી આ બૌદ્ધમતના દ્વેષીઓની એક બીજી પરીક્ષા કરશું હમણાં તમે શાંત પડો. એક પરીક્ષા એ અધુરી પરીક્ષા છે, અધુરી પરીક્ષાથી પ્રતિકાર ન થાય. વળી આ પરદેશી માણસો છે, એટલે એમ એકદમ જ એમની કદર્થના કરવી ઉચિત નથી, નહિતર બહારમાં મારી અપકીર્તિ થાય માટે બીજી પરીક્ષાથી એમનું જૈનપણું નિશ્ચિત્ત કરો."

બુદ્ધિમાન પુરુષો મહત્ત્વનું કામ કરતાં પહેલાં બરાબર પાકું કરી લે છે. એટલે હવે તમને બીજી પરીક્ષા બતાવું છું તે અજમાવી જુઓ"

બૌદ્ધગુરુએ વિદ્યાર્થીઓ, જે હંસ-પરમહંસને તત્કાળ મારી નાખવા ઉશ્કેરાયેલા, એમને 'બુદ્ધિમાને મહત્ત્વનું કામ પાકું કરીને કરવું' એમ સમજાવી શાંત પાડ્યા, ને બીજી પરીક્ષાવિધિ બતાવે છે, કહે છે,

"જુઓ, સૂવાના માળ ઉપરના માળિયા પરથી વહેલી પરોઢે, જ્યારે બધા વિદ્યાર્થીઓ ઊંઘતા હોય ત્યારે, નાની નાની માટીની ઘડીઓ નીચે છોડો. એ નીચે પડી પડી ફૂટવાનો અવાજ કરશે કે તરત વિદ્યાર્થીઓ સફાળા જાગી જશે અને ગભરાઈને પોતપોતાના ઈષ્ટદેવનું નામ પોકારશે. તમારામાંથી એક જણે બાજુમાં ઊભા રહી સાંભળવાનું કે આ બે જણા શું નામ બોલે છે ? બસ, જાઓ કરો એ પ્રમાણે. આમાં એ જો જૈન જ હશે તો નક્કી પરખાઈ જશે."

આવી આપદા ?

**ધર્મ કરવા તૈયાર થઈએ ત્યારે સમજી જ રાખવાનું કે કર્મની ને મોહની છાવણીમાં ખળભળાટ થયો !** તે કાંઈ ને કાંઈ તુત ઊભું કરે છે ! ઉપમિતિ શાસ્ત્રમાં આ આવે છે. આ જો સમજી રાખ્યું હોય અને વિઘ્ન આવે, કસોટી આવે, તો ગભરામણ ન થાય સત્ત્વહીન ન બનાય, ધર્મની દૃઢતા ન ગુમાવાય.



અહીં જુઓ હંસ પરમહંસને હવે કેવી કસોટી આવે છે ! એ સમજી તો ગયા જ છેઃ કેમકે હવે બૌદ્ધો એમને દ્વેષની દૃષ્ટિથી જુએ છે. એટલે હવે ચાલ્યા જવાના હિસાબમાં જ છે, એથી રાતના ઊંઘ પણ હરામ થઈ છે. એમાં પાછલી રાતે જ્યાં સહેજ ઊંઘ આવી ગઈ એટલામાં તો ઉપરથી ધડાધડ ઘડીઓ નીચે પડી ફૂટવાના અવાજ ઊઠ્યા ! એટલે સંભ્રમથી ઝબકીને બધા ભેગા એ પણ જાગ્યા, અને બીજાઓ પોતપોતાના કુળદેવતાનું નામ બોલ્યા, ત્યારે સહેજે આમના મુખમાંથી 'નમો જિણાણં' શબ્દ નીકળી પડ્યા. બોલો,

**હંસ-પરમહંસને જિન-નામની રઢ કેવી !**

કે આવા આપત્તિના અવસરે 'બાપરે !' 'ઓ મા !' એવું કાંઈ યાદ ન આવતાં દેવાધિદેવ યાદ આવે છે. કોને ? જન્મે જૈન નહિ એમને ! કારણ આ જ કે ઈતરકુળના છતાં જૈન ધર્મમાં દાખલ થયા, જૈન સાધુ દીક્ષા લીધી, એટલે ધર્મને શ્વાસોશ્વાસમાં વણી લીધો છે. ધર્મમાં પહેલું ભગવાનનું નામ; એ એમણે રોમરોમમાં વસાવી દીધું છે, તે હાલતાં ને ચાલતાં 'નમો જિણાણં' 'નમો અરિહંતાણં' 'અરિહંત' કે એવું કાંઈ પ્રભુનામ યાદ આવ્યા જ કરે.

ત્યારે મહાન પુણ્યના ઉદયે જૈનકુળમાં આવ્યા પછી આપણે જિનનું નામ, અરિહંતનું નામ રોમ રોમ ન વસાવીએ, તો કેટલી મોહમૂઢતા કે મોહની જ વાતો રોમરોમમાં વસી ગઈ હોય ! શું આટલું ય ન બની શકે ? આમાં કાંઈ ખરચ લાગે ? શરીરને શ્રમ પડે ? ખાસ સમય આપવો પડે ? કશું જ નહિ,

**ધર્મ સમજ્યા પછી દિલને ખરી મમતા ભગવાનની લાગવી જોઈએ; તો જ દરેક કામ પહેલાં ને આપત્તિમાં પ્રભુનામ મુખ્યપણે યાદ આવે.**

**ધર્મ સમજ્યા પછી દિલને ખરી મમતા ભગવાનની લાગવી જોઈએ; તો જ દરેક કામ પહેલાં ને આપત્તિમાં પ્રભુનામ મુખ્યપણે યાદ આવે.**

**ધર્મમાં પહેલું ભગવાનનું નામ; એટલે હાલતાં ચાલતાં પ્રભુનામ યાદ આવે.**

જ્યાં આમના મુખમાંથી 'નમો જિણાણં' શબ્દ નીકળ્યા કે પેલા જાસુસ બૌદ્ધના મુખમાંથી નીકળી પડ્યું કે 'ઠીક ઠીક, આ બે જૈન મતના લાગે છે !' હંસ પરમહંસને એ સાંભળી મનને નક્કી થઈ ગયું કે 'આ આપણું પારખું કરવા માટે જ ઘાટ ઘડ્યો લાગે છે અને આપણે હવે ઓળખાઈ ગયા છીએ. તેથી ભાગો અહીંથી.' પેલા બૌદ્ધો જઈને પોતાના આચાર્યને વાત કરે છે.

**ક્રૂર બૌદ્ધોથી બચવાની રીત :-**

હવે તો આચાર્ય અને બૌદ્ધો કકળી ઊઠ્યા છે, 'બસ, હંસ-પરમહંસને મારી જ નાખો' એમ ચિંતવી રહ્યા છે ! બે ભાઈઓ પણ વિચારે છે કે,

"અહીં એક ક્ષણ પણ રહેવામાં જીવનનું મહાન જોખમ છે ! હવે જો સીધે સીધા નીચે ઊતરવા જઈએ તો તો જીવતા રહેવાની શંકા છે. કેવા નાદાન આપણે કે ગુરુજીની એ વાત્સલ્યભરી વાણીના મુલ્ય ન આંક્યા ? શ્રીમદ્‌ની ઇચ્છાને ન અનુસર્યા ? ગુરુજીની અવગણના કરી ! તો આ કુદરત સજા કરી રહી છે. ખેર ! હવે વખત ગુમાવ્યો કામનો નથી, ત્યારે હવે શું કરવું ? તરત જ એમના ફળદ્રુપ ભેજામાં યુક્તિ સ્ફુરી આવી ! ત્યાં છત્રીઓ પડેલી હતી. મોટી બે છત્રીઓ લીધી અને ખુલ્લી ઊભી કરી એના ડંડા પોતાના શરીર સાથે બાંધ્યા. પછી મેડા ઉપરથી નીચે પડતું મૂક્યું...

આજની પેરેશુટની શોધ પર લોક આશ્ચર્ય પામે છે ! પૂર્વે તો એવી કેઈક વિદ્યાઓ અને યુક્તિઓ હતી. વિદ્યામંત્ર વિનાના લાકડાના કમળની રચના એવી કે એમાં યંત્ર અરસપરસ સામસામા ચાલે એટલે એક ચક્ર ગતિવાળું બની આંટા ઉકેલે, તે આંટા બીજું ચક્ર વીંટતું જાય એમ વગર પેટ્રોલે એ આકાશમાં ચાલી શકે. એક ખીલી જોડતાં મોટું કમળ બીડાઈ જાય; ત્યાં અંદર બેઠેલા પછી સીલ પેક. બીજી ખીલીએ કમળ વિકાસ પામે, તેથી પાછું અંદર દિવ્ય ભવન વગેરે પ્રગટ થાય !

**ભય આવતા પહેલાં ભાગો ! :-**

હંસ-પરમહંસ સહીસલામત નીચે આવ્યા, ને તરત જ ત્યાંથી નાઠા. દૂર નીકળી ગયા છે, તો પણ બૌદ્ધો તો 'મારો ! મારો !' કરતા પાછળ પડ્યા. પેલા દોડ્યા તો ઘણું, પણ દોડી દોડીને કેટલું દોડે ? હવે તો બૌદ્ધ યોદ્ધાઓ ઠેઠ એમની નજીક પહોંચવા આવી ગયા. કેવી આપત્તિ !

**ધર્મકથાઓ સાંભળવાથી શો લાભ ?**

આ, કે પૂર્વ પુરુષોનાં જીવન પ્રસંગોમાંથી જેમ આદરણીય અનુકરણીય જાણવા મળે, એમ એમના હાથે ક્યાંક ભુલ થઈ હોય, ઉતાવળ થઈ હોય, ખોટું સાહસ થઈ ગયું હોય, તો એના જે કટુ પરિણામ આવેલ તે આપણને જાણવા મળે, એટલે આપણા જીવનમાં સાવચેતી રહે, સાવધાની રહે, ને આપણે એવી ભૂલ-ઉતાવળથી બચી જઈએ.

જુઓ પ્રસ્તુતમાં હંસ-પરમહંસ વડીલ સામે હઠ કરીને બૌદ્ધમઠમાં ગયા, તો એમને અત્યારે કેટલી મોટી આપદા આવી ! હવે હંસ-પરમહંસને સામે મોત ડોકિયાં કરી રહ્યું છે. એ જોતાં આ શીખવા મળે છે કે 'વડીલની અવગણના ન કરવી,' 'એમની સલાહની ઉપેક્ષા નહિ કરવી,' 'નાગડા માણસ સાથે કશો સંબંધ ન પાડવો.' કહે છે ને કે 'નાગાથી પાદશાહ આઘા;' કેમકે નાગો માણસ ક્યારે શું કરી બેસે એ કહેવાય નહિ. તેમ,



**વડીલ જમાનાના અનુભવી હોય, જ્ઞાની હોય, વળી આપણા આત્માના અંગત હિતૈષી હોય, એમની ને એમના વચનની આમન્યામાં મહા કલ્યાણ થાય, ત્યારે અવગણનામાં મહા નુકસાન થાય.**

જુઓ અહીં આ બેને મહાનુકસાનકારી આપત્તિ આવીને ઊભી છે. અહીં વળી પણ શીખવા મળે છે કે

**જો ભય આવતાં પહેલાં ભાગી છૂટ્યા, તો તો ફાવ્યા; નહિતર ફસામણી !**

જીવ સંસારમાં આમ જ ફસાય છે. મૃત્યુના આક્રમણ પહેલાં, કે વિષમ કર્મના ઉદયના આક્રમણ પહેલાં, નિરાંતે ઠગારા મોહના સ્થાનોમાં ઠરીને બેસે છે, રમે છે ! પણ આપત્તિ ઊભી થતાં એવો ફસાય છે, દા.ત. વ્યાધિમાં, વૃદ્ધાવસ્થામાં, અથવા પુત્ર મરણાદિ ઉપાધિમાં કે પછી એના ભોગ થઈ નાશ નોતરવો પડે છે.

હંસે અવસર ઓળખી લીધો 'હવે અહીં પસ્તાવો કરી બેસી રહેવા જેવું નહિ.' તરત જ નાનાભાઈ પરમહંસને કહે છે,

**હંસની ગુરુચિંતા : પરમહંસને આદેશ :-**

"હે ભદ્ર ! તું સત્વરે ગુરુજી પાસે પહોંચી જા; જેથી એમને ખ્યાલ આવે કે આપણું શું થયું ! નહિતર આપણે બંને અહીં જ ખત્મ થતાં, એ ઉપકારી જીવનભર ચિંતાથી પીડાશે કે 'હંસ-પરમહંસનું શું થયું હશે ?' શું પરમ ઉપકારીને જીવનભર ચિંતામાં શેકાવા દેવા ? માટે તું જા, અને ગુરુજીને મારા વંદન સાથે મિચ્છામિ દુક્કડં કહેજે. એઓશ્રીનું કહ્યું ન કર્યું તે બદલના અવિનયના મહાન અપરાધની મારા વતી ક્ષમા યાચજે. અહો ! ગુરુ કેટલા ઉચ્ચ અને હું કેટલો નીચ ! જા જલ્દી જા, વિલંબ ન કર."

મોટો ભાઈ હંસમુનિ નાના ભાઈ પરમહંસમુનિને વળી કહે છે, "પરંતુ જો એક વાત ધ્યાનમાં રાખ, અહીં નજીકમાં જ જે નગર નજરે દેખાય છે, ત્યાં રાજા સૂરપાલ શરણાગતવત્સલ કહેવાય છે. તરતમાં આ ક્રૂર કસાઈઓથી બચવા એ રાજા પાસે પહોંચી જજે...બાકી પછી ચિરંજીવ રહી ગુરુજીની અને શાસનની મહાન સેવા કરજે."

**મોટાઈમાં શી વિચારણા :-**

શું મોટાભાઈની મોટાઈ આ કે નાનો પગ ઘસડતો ચાલતો હોય, ત્યાં મોટોભાઈ મોટર બંગલામાં રહે ? એ મોટાઈ ? આ મોટાએ તો મોટાઈ એવી દાખવી કે (૧) જાતે મરી ખુટવું પડે તો પરવા નહિ કરી, પણ (૨) નાનાને બચાવી લેવો; તેમજ (૩) ગુરુજીને માટે થોડું પણ આશ્વાસન રહેવા દેવું, અને (૪) સૌથી કિંમતી તો એ કે 'એ નાનાભાઈ દ્વારા બૌદ્ધમતના મહાન ખંડન કરાય,

આપણા પરમ ઉપકારી જિનશાસનની મહાન સેવા બજાવાય.' આ નિર્મળ શ્રેષ્ઠ આશયથી નાનાને ભાગી જવા સૂચવ્યું.

**હંસનું મૃત્યુ પરમહંસની સમક્ષમાં :-**

પણ જોજો, મોટો ભાઈ આટલો ઉમદા, તો નાનો ભાઈ એનો જ ભાઈ છે ને ? એ એમ કેમ જ ભાગે ? ન ખસ્યો એ. એટલામાં અહીં તો બૌદ્ધ સુભટો આવી પહોંચ્યા, ચાલ્યું રમખાણ ! હંસ સહસ્રયોધી છે, સેંકડો બૌદ્ધ સૈનિકો સામે ટક્કર ઝીલે છે ! પણ પેલાઓએ ચારે તરફથી બાણો છોડ્યા. તે બધા રોકવા શી રીતે ? તીરોએ હંસના શરીરને જર્જરિત કરી નાખ્યું. હવે હંસ લોહીલુહાણ થઈ મૂર્ચ્છા ખાઈને પડ્યો નીચે. નાનો ત્યાં જ છે.

કહો, ગુરુ પાસે આ જીવતા પહોંચી જાય તો ધર્મસાધના અને શાસનસેવા કેવી કરે એવા છે ! પણ આવા વિઘ્ન ન હોય તો ને ? શું ધર્મના પરાક્રમ સાધવા સહેલાં છે ? સસ્તા છે ? વિઘ્નોની લંગર લાગતી હોય ત્યાં એકલી ધગશ શું કામ લાગે ? માટે જ

**જ્યારે વિઘ્નનું લગભગ નામનિશાન નથી ત્યારે ધર્મપુરુષાર્થ કરી લેવા બહુ સહેલો અને સસ્તો.**

તમારે પણ આજે જે દિશામાં વિઘ્ન ન હોય તે તરફનો પુરુષાર્થ કરી લેવા ચૂકવું નહિ જોઈએ. એમાં ખરી વેપારી બુદ્ધિ છે. હંસનો હંસ ચાલ્યો ગયો, હજુ સુધી પરમહંસ તો ભાઈને છોડી જવા તૈયાર નહોતો. પણ એક દયાળુ માણસના કહેવાથી ઉતાવળે પગલે ત્યાંથી ભાગીને પહોંચ્યો રાજા સુરપાલ પાસે.

**પરમહંસ રાજા પાસે :-**

**રાજા સુરપાલની ન્યાયપ્રિયતા અને પરોપકારિતા :-**

રાજા સુરપાલ હતો તો બૌદ્ધ સાધુનો અનુયાયી. પરંતુ પોતાના આંગણે અતિથિ મુનિને આવેલા જોઈ સત્કાર કરે છે, પૂછે છે; 'કહો, કયાં શુભ નિમિત્તે આપનું અહીં આગમન થયું ?'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૧,અંક-૧૯,તા.૨૨-૧-૧૯૮૩**

પરમહંસ કહે છે, 'અમે જૈન છીએ એટલા માત્રથી અમને મારી નાખવા બૌદ્ધો પૂંઠે પડ્યા છે. મારા મોટા ભાઈને તો મારી નાખ્યો, પણ મારે તમારા તરફથી રક્ષણ જોઈએ. હા, જો તે લોકો વાદ કરતા હોય, તો તો તે વાજબી ગણાય, પણ પોતાનામાં વાદ કરવાની શક્તિ નથી, માટે પશુબળથી સામાને મારી



નાખવા, એમાં શું માણસાઈ છે ? મારા મોટા બંધુને એમજ વાદ કર્યા વિના એ લોકોએ મારી નાખ્યા ! પછી હું અહીં આવ્યો છું. બૌદ્ધો પણ આવશે. શું રક્ષણાર્થીને તમે છેહ દેશો ?'

રાજા કહે 'બિલકુલ નહિ, તમે અહીં નિર્ભય છો. પણ તમારે વાદ કરવો પડે.'

પરમહંસ કહે 'તેની ફીકર નહિ.'

**જૈનત્વની જવાબદારી મોટી કઈ ? :-**

રાજાએ એમને સુરક્ષિત રાખ્યા...તે કાળની માનવતાનો વિકાસ જુઓ. રાજાની કેવી ઉદારતા ! કેવી શરણાગત વત્સલતા ! જૈન નથી એ, બૌદ્ધ છે, છતાં ન્યાયપ્રિયતા પરોપકારિતા વગેરે ગુણોનો ખપી છે ! ત્યારે જૈન તો ઘણા ઊંચા દેવ-ગુરુ અને શાસનવાળા ! એના આદર્શ, એની ન્યાયપ્રિયતા અને પરોપકારિતા વગેરે કેવાક જોઈએ આ ખ્યાલ કરી ઉચ્ચ ગુણોના ખપી બનવું જરૂરી છે.

બૌદ્ધ સૈનિકો આવી પહોંચ્યા. રાજાને કહે છે કે, 'અમારો શત્રુ અમને સોંપી દો...'

'તે નહિ બની શકે.' રાજાએ ઉત્તર વાળ્યો...

બૌદ્ધ સૈનિકો કહે, 'પણ અમે બળાત્કારે ઉપાડી જઈશું.'

રાજા કહે, 'મારી પાસેથી બળાત્કારે લઈ જવાની કોની તાકાત છે ? અને તે હું આ ન્યાયી અને કળાવાનનો દ્રોહ કરું ? અન્યાયી હોય તો પણ શરણે આવેલા પ્રત્યે મારાથી દ્રોહ નહિ જ થઈ શકે.'

બૌદ્ધો 'રાજન ! આગ્રહ ન રાખો. એમાં સાર નહિ નીકળે. અમારા આચાર્યને આપ ઓળખો છો ? એ ગુસ્સે થશે, અને તમે રાજ્યપાટ વગેરે ખાઈ બેસશો ! રખડી પડશો રખડી ! એક પરદેશી ખાતર આવું સાહસ કાં કરો ? અંતે મૂર્ખ બની રડવું પડશે !'

**સાચા ગુરુ દુર્લભ :-**

કેવું ધર્મસંકટ ! બૌદ્ધાચાર્ય બહુ સ્થિતિસંપન્ન છે. ત્યારે તો આ સૈનિકો રાજા જેવાને ય દમ ભીડાવી શકે છે. 'તો શું આ બૌદ્ધોના કહેવાતા ધર્મગુરુ સંસારી જીવની જેમ પરિગ્રહનો રસાલો રાખતા હશે ?' એમ તમને પૂછવાનું મન થાય છે, કેમ ? પણ તમે સમજી લો કે તમને જનમથી અપરિગ્રહી ગુરુ મળ્યા છે એટલે તમને કલ્પના નથી કે ઈતર ધર્મમાં ગુરુ કેવાં પરિગ્રહધારી હોય છે. બાકી તો જે સાધુનામધારી પરિગ્રહધારી રાગી અને ભોગી છે, સ્થાવર જીવોની હિંસામય, આરંભ સમારંભમય મઠવાસને ધરનારાં છે, એ જેમને મળ્યા છે એને સાચા ગુરુની

કલ્પના ન હોય. આવા જગતમાં સાચા ધર્મગુરુને પ્રાપ્ત કરવા એ કેટકેટલું મુશ્કેલ છે. એનો જો ખ્યાલ કરો, તો સાચા ધર્મગુરુ મળ્યાની મહાન કદર થાય, અને ઉત્તમમાં ઉત્તમ સેવાનો લાભ તથા ઉપકારનો લાભ લેવાય. અહીં તો બૌદ્ધાચાર્ય સત્તાધીશ છે, તેથી એના સુભટો રાજાને ડરાવે છે.

**રાજાની કુલવટ વાણી :-**

પણ રાજા કહે છે કે, 'તમને ખબર નથી, અમારા પૂર્વજોની એ કુલવટ છે, કે જેને શરણું આપ્યું, એનો પ્રાણાન્તે પણ વિશ્વાસઘાત ન કરવો. બસ એ કુલવટ, એ ખાનદાની, અને એ શરણાગતના રક્ષણનું વ્રત પાળતાં મને મૃત્યુની પણ કોઈ દરકાર નથી. ભલે એમ કરતાં મૃત્યુ કાં નથી આવતું ! પછી રાજ્યપાટ લૂંટાઈ જાય એનો ભય જ શો ? શરણાગતના રક્ષણ કરવાના વ્રતને હું મૂકનાર નથી; માટે આશ્રિતને હું હરગીજ નહિ સોંપું. પણ હા, તમને એક ઉપાય બતાવું.'

**આર્ય દેશમાં તે તે સ્થાનના કર્તવ્ય નિર્ણીત થઈ ગયા છે ! :-**

શો ઉપાય ? શું આડકતરી રીતે મારી નખાવવાનો ? ના, એમ આડકતરી રીતે ય દ્રોહ થવા દે એમ નથી. નહિતર તો પછી સાચી કુલવટ શી ? ખાનદાનીના અભિમાન શા ? યાદ કરો; સૈનિકોએ શું કહ્યું છે ?

'રાજન ! અભિમાન સારું નહિ. અમારા સ્વામીને ગુસ્સો કરાવવામાં બધું ખોવું પડશે. માટે સોંપી દો અમારા દુશ્મનને,' પણ રાજા સ્વકર્તવ્યના પાલનમાં નિડરતાથી મક્કમ છે. આર્યદેશમાં કેવા કર્તવ્યપાલનના રંગ ! જીવનની સફળતા શામાં લાગેલી ? એ સમજે છે કે જીવન તો ભાગ્યને અનુસારે સુખદુઃખમાં પસાર થઈ સમાપ્ત તો થવાનું જ છે. જે નિર્ણીત છે, તે થવાનું જ છે. કર્તવ્યપાલન કરવાનું ગુમાવીએ તો ય જીવન સમાપ્ત તો થવાનું જ, પણ ટકવાનું નથી જ. ત્યારે એમાંથી જે સત્કર્તવ્યના પાલન કમાઈ લીધા, તે દીર્ઘકાળની આપણી નક્કર મૂડી છે. કહો ત્યારે,

**સત્કર્તવ્ય તે કયા ?**

● ન્યાય નીતિ અને સદાચાર; ● કરુણા, ● અહિંસા અને સંયમ; ● કૃતજ્ઞતા પરોપકાર અને નિસ્પૃહતા; ● ઉદારતા, ગંભીરતા અને સહિષ્ણુતા; ● પ્રભુભક્તિ, મૈત્રી અને સાધુસેવા; ● ત્યાગ, તપ અને વ્રત નિયમ; ● જ્ઞાન ધ્યાન અને ક્રિયા; ઈત્યાદિ સત્ કર્તવ્યો છે.

આર્યદેશમાં તે તે સ્થાને રહેલાનાં કર્તવ્ય નિર્ણીત થઈ ગયેલા છે. તમારે પણ નિશ્ચિત છે ને ? જૈનોનાં શું શું કર્તવ્ય ! રાજા અત્યારે શરણાગતનું રક્ષણ અને વિશ્વાસપાલનનું સુંદર કર્તવ્ય હાથ લાગ્યા બદલ જાતને ધન્ય માનતો, બૌદ્ધ સુભટોની



ડરામણીને ગણકારતો નથી. પવિત્ર કર્તવ્ય બજાવતાં દેહ પડી ગયો તો ય શું થઈ ગયું ? રાજા જરૂર પડ્યે મરવા તૈયાર છે.

**શીખી લેજો ભારતનો પૂર્વ ઈતિહાસ શું ભણાવી રહ્યો છે ? અને એની સામે વિચારજો કે આજે શું ચાલી રહ્યું છે ?**

બૌદ્ધ સુભટો પૂછે છે 'પણ કોઈ રીતે એ હાથમાં આવે ?'

**રાજાએ બૌદ્ધોને દર્શાવેલો વાદનો ઉપાય :-**

રાજા કહે છે 'હા, એક ઉપાય છે. તમે એની સાથે જય-પરાજયની શરત કરી વાદ કરો, અને જીતો તો તમારા હાથમાં એ આવે.' ત્યારે બૌદ્ધોનો અધિપતિ આવી શરત કરે છે કે 'અમે એની સાથે વાદ કરીએ. પરંતુ એ અમારા બુદ્ધ ભગવાનના મસ્તક પર પગ મૂકી ચાલ્યો છે, તેથી અમે એનું મોં જોવા નથી માગતા. અમે પડદા પાછળ રહીને વાદ કરશું. જો એ જીતે તો ખુશીથી એ છૂટો; અને જો એ હારે તો અમે એનો વધ કરીએ.'

**બૌદ્ધોની વાદમાં ગુપ્ત ચાલબાજી :-**

તમે સમજ્યા ? કેમ આવી પડદાની શરત ? એમાં બૌદ્ધોની પોલિસી છે. બૌદ્ધમતની **'તારા'** નામે શાસનદેવી છે. તેનાથી અધિષ્ઠિત એક ઘડામાં બૌદ્ધે મોં રાખી બોલવાનું છે. જેથી ખુદ દેવી જ વાદ કરવા માંડે. એ વાત ગુપ્ત રાખવા માટે પડદાનું કપટ છે. હવે દેવીની સામે આ પરમહંસને વાદ કરવાનો ! એમાં હારે તો મૃત્યુદંડ ! વિચારો કઠિનાઈ ! હંસને સેંકડો સુભટો શસ્ત્રોથી વીંટી વળ્યા હતા ! ત્યારે પરમહંસને ગુપ્તપણે વાદ કરનારી દેવીને જીતવાની છે ! તે પણ મોતની શરતથી ! બંનેય શાસન પ્રભાવનાના શુભ ઉદ્દેશથી કેવું ભગીરથ સાહસ કરી રહેલા હતા !

**ધર્મસાહસ ખેડવાના અને સત્ત્વને ખીલવવાના આ ભવમાં શું કામ બાકી રાખવું ?**

**બૌદ્ધોનો પ્રપંચ :-**

વાદનું કામ શરૂ થયું. પડદામાંથી બૌદ્ધોનો મત એવી એવી રીતે રજુ કરાયો, કે જેમાં જોરદાર પ્રમાણ અને તર્કનો આધાર અપાયો હતો. છતાં પરમહંસે એનો પ્રતિકાર સામે પોતાનો પક્ષ રજુ કર્યો. પણ તે દેવીએ તોડ્યો, અને નવો પક્ષ માંડ્યો. પરમહંસની અસાધારણ બુદ્ધિએ અને જૈનશાસનના અકાટ્ય સિદ્ધાંતોએ તે તે બૌદ્ધપક્ષનું ખંડન તો કર્યું પરંતુ એના પર નવો પક્ષ, એનું ખંડન, એમ વાદ ચાલ્યો, એમાં પરમહંસ કંટાળી ગયો. ત્યારે એણે શાસનદેવી અંબિકાને યાદ કરી. અંબિકાએ હાજર થઈ બૌદ્ધોનું ગુપ્ત રહસ્ય કહીને કહ્યું કે 'તમારે એ લોકોને

સમક્ષમાં વાદ કરવા કહેવું.' બસ બીજે દિવસે એ પ્રમાણે કહેવામાં આવ્યું. ત્યાં તો તુર્ત બૌદ્ધાચાર્ય મૌન ! પરમહંસે પડદો ખસેડી ઘડો ફોડી નાંખ્યો. પછી એ ગર્જીને કહે છે કે, "અહો ! કેવો તમારો દંભ ! આવી તમારી અતિનિંદ્ય પંડિતાઈ ! આ તમારા વાદના ઢંગ ! મરદ થઈને દેવી પાસે વાદ કરાવતા હતા ! તેય આ પડદા પાછળ ! આવો હવે, કરો મારા મતનું ખંડન !" શું ખંડન કરે ? રાખ ને ધૂળ ? બૌદ્ધોનું સરાસર મૌન ! મોં શ્યામ ! બૌદ્ધો હાર્યા.

**રાજાના ગુણાનુરાગ અને મુનિની યોગ્યતા ! :-**

રાજા બધું સમજી ગયો. પરમહંસ ઉપર રાજાને ખૂબ જ માન પેદા થયું. બૌદ્ધોની કપટજાળ અને કુશીલતા પ્રત્યે એનું લોહી તપી ઉઠ્યું છે, કહે છે બૌદ્ધોને એ, 'આવા ન્યાયી અને વિજયીનો શું વધ ઇચ્છો છો તમે ? હવે તો હું જ એના રક્ષણ માટે યુદ્ધ કરવું પડે તો ય તૈયાર છું.' કેવો ગુણાનુરાગ ! ત્યારે પરમહંસની કેવી મહાન લાયકાત ! જૈનશાસન પામેલામાં આવી લાયકાત આવવી સહજ છે. ત્યારે સમજો કે જગતમાં સાચાં સન્માન પણ લાયકના થાય છે. હવે રાજાએ બૌદ્ધનું ટોળું ધુંધવાતું જોઈ અવસર ઓળખી લીધો એ લોકોને વાતમાં રાખી, પરમહંસને ભાગી જવા સંકેત કર્યો.

**બૌદ્ધોનો કપટભર્યો જુલ્મ :-**

**કર્મ ટાળવાનું ઔષધ માત્ર એક ધર્મ.**

પરમહંસ ભાગ્યો પણ પાછળ બૌદ્ધના ઘોડેસવારે પૂંઠ પકડી કર્મોનો આ કેવો જુલમ ! મહેલમાં રહેતા થકાં અનેક સંરક્ષણ સામગ્રી પણ હોય, ત્યારે ત્યાં કોઈ આક્રમણ નહિ !

જ્યારે અહીં એકાકી અને શસ્ત્રરહિત અવસ્થામાં મહાન આક્રમણ ! આ સ્થિતિમાં કોણ બચાવે ? કહો એક માત્ર પૂર્વે કરેલો ધર્મ. ત્યારે તો તત્ત્વજ્ઞ પુરુષો કહે છે કે **"કર્મના ઉપદ્રવને ટાળવામાં ધર્મ સિવાય બીજું કોઈ સમર્થ નથી.** તેથી કર્મના આવા અણચિંત્યા જુલ્મી આક્રમણો આવે એ પૂર્વે ધર્મ સાધી લેવો એજ પરમ કર્તવ્ય છે."

**પરમહંસ યુક્તિપૂર્વક ગુરુ પાસે :-**

પરમહંસે યુક્તિ કરી. આગળ જતાં એક ધોબી તળાવ કાંઠે કપડાં ધોતો હતો. તેણે તેને કહ્યું કે "મોટી આપત્તિ આવે છે ! ઊઠ, ભાગ, ભાગ, ધોબી તો બિચારો ઊઠીને તરત ભાગ્યો ! પરમહંસ ત્યાં ધોબીનો વેશ પહેરી ધોબી તરીકે ગોઠવાઈ ગયો. અજાણ્યો ઘોડેસવાર આવી એને જ પૂછે છે કે અહીંથી કોઈ માણસ ગયો ?' એણે દૂરથી ધોબીને દોડતો બતાવ્યો. ઘોડેસવાર તો ખુશ થતો લશ્કરને પાછું વાળી



ધોબીને જ્યાં પકડવા ગયો, ત્યાં અહીંથી પરમહંસે તરત ઊઠીને પલાયન કર્યું, અને એ ક્રમે કરીને ગુરુ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પાસે પહોંચી ગયો !

બોલો પરમહંસમુનિ મૃત્યુથી બચી ગયા ને ? વાર છે, મૃત્યુએ દાઢમાં ઘાલ્યા પછી કોઈ છૂટ્યું છે ?

**હંસમૃત્યુનાં વર્ણને પરમહંસનું મૃત્યુ :-**

ગુરુના ચરણમાં માથું મૂકીને પરમહંસે પ્રણામ કર્યા. ગુરુએ પણ દઢ આલિંગન કર્યું. પરમહંસ કહે છે, 'હે પ્રભુ ! આપે યોગ્ય નિષેધ કર્યો હતો; પરંતુ અયોગ્ય એવા અમે વિનય ચૂક્યા, એમાં આવી આવી વસ્તુ બની...' એમ કહી બનેલી વિગત જ્યાં કહે છે; ત્યાં હંસના મૃત્યુની હકીકતનું દશ્ય વર્ણવતાં વર્ણવતાં પરમહંસના પ્રેમભર્યા અને ગુણાનુરાગી હૃદયને એવો તો આઘાત લાગ્યો કે ત્યાંજ એ શાસનરત્ન પંખેરું પ્રાણ વિહોણું થઈ ધરતી પર ઢળી પડ્યું ! **બૌદ્ધોએ આમ બે મુનિરત્નોના પ્રાણ લીધા.**

પરંતુ હવે જુઓ હરિભદ્રસૂરિજીને શિષ્યોનો મોહ શું કામ કરે છે ! મોહ હાથીના હાડ તોડી નાખે, બળવાનના બળ તોડી નાખે, તત્ત્વવેત્તાના હૃદય ભેદી નાખે ! એવા મોહ પર વિજય મેળવનાર શ્રી અરિહંત પરમાત્માને અને અન્ય ઉત્તમ પુરુષોને આપણે કોટિ કોટિ વંદન કરીએ.

**શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની હૃદય વેદના :-**

મહાન શાસ્ત્રકાર આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પણ આનું મૃત્યુ જોતાં ડઘાઈ ગયા. એમને એમ થાય છે, કે "અરે ! આ શો જુલમ ? દુશ્મનના ઘરમાં જઈ એના રહસ્ય જાણવાની ધગશવાળા આવા ઉત્તમ સંયમી સાધુના મૃત્યુ ! ત્યારે મારે આવા સુબોધ શિષ્યોનો વિરહ ! હું કેવો દુર્ભાગી કે એમને આ રીતે નાની વયમાં મૃત્યુ આવ્યું, અને એ મારે ગુમાવવા પડ્યા ! હું તે તેમના વિનયને સંભારું ? કે એમની શૂરવીરતાને ? એમના હું કયા ગુણ ગાઉં ? એમની શ્રદ્ધાના ? કે એમની સત્ તર્કની બુદ્ધિના ? હજી તો હમણાં જ બચ્ચાને પાંખ આવી, ત્યાં તો ક્રૂર યમરાજ એમને ઉપાડી ગયો ? દુષ્ટકાળને કોઈ પાપી ઉપાડી જવા ન મલ્યા તે આવા બે નરરત્નોને ઉપાડી ગયો ? જો એ બે મુનિરત્ન જીવતા હોત તો કેવું એ જગતનું ભલું કરત ! હે અરિહંત ! હે મારા નાથ ! સુયોગ્ય અને વિનીત વર્તનવાળા આ હંસ -પરમહંસના મૃત્યુથી તો મારા ય પ્રાણ હચમચી ઊઠ્યા છે ! હું ક્યાં જાઉં ? શું કરું ? આ બૌદ્ધોએ તો ભયંકર દુષ્ટતા કરી છે ! એ બૌદ્ધોને તો મેં ગૃહસ્થપણામા પણ સારી રીતે પરાસ્ત કરેલા છે. તો અત્યારે તો જૈન શાસનની સહાયથી એનો પૂર્ણ પરાભવ કરવો એમાં શી મોટી વાત છે ? હવે એ

દુષ્ટોને હું નહિ છોડું. મારા હૈયાના શલ્યનો ઉદ્ધાર કરવો જ પડશે.''

**સૂરિજી રાજા પાસે :-**

એમ વિચારી શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ આવ્યા સુરપાલ રાજા પાસે. એ કહે છે કે 'હે ન્યાયી રાજન્ ! પૂર્વે તમે લાખો સુભટો સામે મારા પરમહંસને કેવું અજબ રક્ષણ આપ્યું હતું ! તે જાણી અતિ આનંદ થાય છે. ધન્ય છે તમારા ક્ષત્રિયવટને ! રક્ષણ તો કર્યું પણ છેવટે પરમહંસની તો આવી સ્થિતિ બની ! હવે હું બૌદ્ધો સાથે વાદ કરવા ઇચ્છું છું.''

રાજા કહે છે ''પણ પ્રભુ ! એ તો યોદ્ધાઓના મોટા સમૂહથી પરિવરેલા હોઈ જિતાવા દુષ્કર છે; કેમકે આપ ઇચ્છો છો બુદ્ધિ વડે વાદ કરવાનું, અને એ છે બળ વડે વાદ કરે એવા ! તો આપની પાસે એવી કોઈ અજેય શક્તિ છે ? એ હોય તો હું યુક્તિથી એમને અહીં બોલાવું.''

આચાર્યશ્રી કહે છે ''અંબિકાદેવીની સહાયવાળા એવા મને એ શું જીતી શકે ? ખુશીથી બોલાવો એમને.''

**રાજાએ દૂત મોકલ્યો.**

દૂત ભારે ચાલાક ! જઈને બૌદ્ધગુરુને કહે છે કે ''સરસ્વતી સરખા આપને ભક્તિથી મહારાજા સુરપાલ વિનંતિ કરે છે કે બૌદ્ધમત સાથે વિરોધ ધરાવતો કોઈ એક પંડિત અત્રે આવ્યો છે. પણ મને આ આશ્ચર્ય થાય છે કે સૂર્ય સરખા આપ બેઠા હો ત્યાં વળી આવા વાદી શા ? અમને તો શરમ આવે છે. આપ અત્રે પધારી એને એવો હરાવો, કે એ બિચારાને મરવું જ પડે.''

બૌદ્ધાચાર્ય ધૂંઆ પૂંઆ થતો દૂતને કહે છે કે, ''વાદી ? મારી આગળ કોઈ વાદી ? સમસ્ત વાદીઓને જીતી બેઠેલા મારી આગળ હવે કોઈ વાદી બાકી ન હોય. એ તો હશે કોઈ જૈન મૂર્ખ વાચાળ. મોટા મોટા વિકલ્પોની જાળથી હું એને હરાવી દઈશ. પણ હે દૂત ! એ શું મરણની શરત કરે ખરો ?''

દૂત કહે 'પ્રભુ ! શું કામ નહિ કરે ? ન કરે તો એની આબરૂ શી ? વિચાર તો આપે કરવાનો છે. બાકી શરત એવી કરો, કે જેથી એકજ પ્રશ્નમાં આપ એને હરાવી ઠેકાણે કરી દો.'

**બૌદ્ધાચાર્યનું અભિમાન :-**

બૌદ્ધાચાર્ય કહે ''હા એ બરાબર. આપણે કોને નથી હરાવ્યા ?''

દૂત કહે, ''ઘણાયને હરાવ્યા છે ત્યારે ભગવન્ ! બધું સરસ થઈ જવાનું. પણ હે પ્રભુ ! ક્ષમા કરજો, એક વાત જરા કરી દઉં. યદ્યપિ આજ સુધીમાં આપે સેંકડો વાદીને જીત્યા છે, પરંતુ કદાચ આ વાદીને ન જીતાય, તો આપણી મહાન અવજ્ઞા



થાય એમ છે. તે કરતાં તો વાદ ન કરવામાં શોભા. જો કે આ તો અમારી ભ્રમણા છે, પણ **'બહુરત્ના વસુંધરા'** એ ન્યાયે કોઈ સમર્થ **વાદી** નીકળી આવે તો વિમાસણ થાય. અમે તો આપનાથી જ સનાથ છીએ એટલે જ અમને આવી ચિંતા થાય છે.''

બૌદ્ધાચાર્ય કહે, ''આવો ભય શાને રાખો છો ? શું તમે જાણતા નથી આપણા પ્રમાણશાસ્ત્રને ? કે આપણી પ્રકાંડ ગુઢ યુક્તિઓને ? ભલભલા વાદીના મદ મેં તોડી નાખ્યા છે, તો આ કોણ માત્ર ? જા, તારા રાજાને કહેજે કે, અમે હમણાં જ આવીએ છીએ.'' આમ કહીને દૂતને રવાના કરી પોતે પણ જાય છે.

દૂત તો રાજાને ખુશાલીના સમાચાર કહે છે કે ''બરાબર પાસા પોબાર ! બૌદ્ધાચાર્યને ભોળવ્યા છે. હમણાં જ આવી પહોંચે છે.''

**બૌદ્ધાચાર્ય સાથે વાદ :-**

આ પ્રસંગમાં **એક અધિકાર એમ જાણવા મળે છે** કે બૌદ્ધોનો મુખ્ય વડેરો આચાર્ય રાજસભામાં હરિભદ્રસૂરિજી મહારાજની સામે વાદમાં ઊતર્યો. સામ સામે તર્ક-પ્રતિકાર ચાલ્યા. સભાનો સમય પૂરો થયો પણ વાદ એમજ અધુરો ઊભો રહી ગયો. બીજે દિવસે પણ એજ પ્રમાણે વાદ ચાલ્યો. હરિભદ્રસૂરિજી મહારાજ ઘણું ય સામાની દલીલ તોડે, પણ પેલો એના પર નવો પરિષ્કાર કરી પક્ષ માંડે. વળી એને સૂરિજી તોડે, તો પેલો નવીન દલીલ લડાવે. આમ રાજસભાનો સમય પૂરો થતાં વાદનો નિવેડો ન આવ્યો. ત્યારે ત્રીજે દિવસે ય એમજ ચાલ્યું, ચોથે દિવસે ય એમજ ચાલ્યું,...એમ ૭-૭ દિવસ ચાલ્યું. શ્રી હરિભદ્ર-સૂરીશ્વરજી મહારાજ કાંઈ ગાંજ્યા જાય એવા નહોતા, દિવસોના દિવસો નવનવા તર્ક રજુ કરી શકે એમ હતા, પણ રાજા એમને કહે 'પ્રભુ !'

'પ્રભુ ! આ ક્યાં સુધી ચાલશે ? મારે રાજ્યનાં કામ બગડે છે !

સૂરિજી મહારાજ કહે 'થોડી ધીરજ ધરો, બનતા લગી કાલે જ નિવેડો આવે એ માટે પ્રયત્ન કરું છું.'

સૂરિજી મહારાજે રાતના અંબિકાદેવીને યાદ કરી ધ્યાન લગાડ્યું. દેવી હાજર થઈ પૂછે છે 'કેમ યાદ કરી ?'

**બૌદ્ધાચાર્ય કેમ હારતો નથી :-**

સૂરિજી કહે, 'મેં પૂર્વે ગૃહસ્થપણે પણ કેટલાય પ્રખર બૌદ્ધવાદીઓને હરાવેલા છે, તો હવે તો વધારામાં તારણહાર જિનાગમોનો આધાર મળેલો છે, તો કેમ આ બૌદ્ધાચાર્ય હારતો નથી ?'

દેવી અવધિજ્ઞાનના ઉપયોગથી જોઈને કહે છે 'આ આચાર્યને એની તારાદેવીની સાત ભવની આરાધના છે, અને એની પાસેથી વરદાન મેળવેલું છે કે

દેવીની મંત્રિત ઝીણી ગોળી મોંમાં રાખી વાદ કરવાથી એ કદી ગમે તેવા પ્રખર વાદીથી હારશે નહિ. તેથી એ જીતાતો નથી.'

બસ, હરિભદ્રસૂરિજીને મર્મ સમજાઈ ગયો અને હવે ઉપાયથી આ વિઘ્ન હટાવી વાદમાં જીતવાનું તદ્દન સરળ બનશે એમ સમજાઈ ગયું; તેથી હરખનો પાર ન રહ્યો !

**પ્ર.**- આવા મહાવિરાગી સૂરિજીને આટલામાં અપાર હરખ ?

**ઉ.**- હા, કારણ બે, (૧) એક તો આવા પ્રખરવાદી મુખ્ય બૌદ્ધાચાર્યને જીતતાં જૈનશાસનની જ્યોતિ જગતમાં ઝબક ઝબક જગમગવાની ! તેમજ (૨) બીજું એ કે પોતાના બે ભાણેજ મુનિઓને પ્રપંચથી નષ્ટ કરનારને ભારેમાં ભારે શિકસ્ત મળવાની, જેથી ભવિષ્યમાં કોઈ બૌદ્ધ જૈન ધર્મ પર અડપલું કરવાની હિંમત ન કરે. આ બે કારણે એમને અપાર હરખ થયો.

બસ, બીજે દિવસે રાજસભામાં બંને ગોઠવાઈ ગયા, પણ વાદ શરૂ કરતા પહેલાં હરિભદ્રસૂરિજી મહારાજે ધડાકો કર્યો, 'મહારાજા ! આ વાદ લાંબો ચાલી આપના રાજ્યતંત્રના કામ બગાડે છે; ને વાદ લાંબો ચાલવાનું કારણ એ છે કે અશુદ્ધ મુખેથી વાદ કરાય છે. માટે બંનેને પહેલાં સારી રીતે મુખશુદ્ધિ કરાવો, પછી વાદ શરૂ થાય.

રાજાએ કહ્યું 'બરાબર છે.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૧,અંક-૨૦,તા.૨૯-૧-૧૯૮૩**

હવે આમાં બૌદ્ધાચાર્યને એમાં મુખમાંની ગોળી નીકળી જવાનો ભય છે, છતાં મુખશુદ્ધિનો શી રીતે વિરોધ કરે ? વિરોધ કરે તો એનો અર્થ એ થાય કે એંઠા-જુઠા મોંઢે વાદ કરવો છે; અને ભલેને કદાચ એમ કહે કે 'હું તો મુખશુદ્ધિ કરીને જ આવ્યો છું,' તો પણ રાજા કહી શકે, 'એ સારું છે, છતાં ફરીથી મુખશુદ્ધિ કરવામાં કાંઈ બગડતું નથી; વિશેષ શુદ્ધિ થશે, તો વાદ જલ્દી જીતી શકશો,' એટલે એના પર બૌદ્ધને હવે આગળ કહેવાનું રહે નહિ. છતાં એણે શરત મૂકી કે 'ભલે મુખશુદ્ધિ પછી વાદ; પરંતુ પછી જે હારે તે તપેલા તેલના મોટા કઢાઈયામાં ડૂબી મરે.' સૂરિજીએ શરત મંજૂર કરી.

બસ, સભાની સમક્ષમાં કોગળા કરવા માટેના કુંડા અપાવી બંનેની પાસે સારી રીતે મોંમાં પાણી ખખડાવી ખખડાવીને ૫-૭ વાર કોગળા કરાવ્યા. એમાં બૌદ્ધાચાર્યના મુખમાંની ગુપ્ત નાની ગુટિકા કોગળા ભેગી બહાર નીકળી ગઈ !



બૌદ્ધાચાર્યને ખબર પડી હશે કે મુખના અંદરના ખૂણામાં દબાવી રાખેલી ગોળી નીકળી ગઈ, પરંતુ સાત સાત દિવસના વાદમાં પાછા ન પડવાનું અભિમાન હતું, તેથી વાદ કરવાની પૂરી હોંશ રાખીને વાદ શરૂ કર્યો. પરંતુ હવે દેવીની સહાય ગઈ, એટલે હવે જ્યાં હરિભદ્રસૂરિજી મહારાજે એક બે ને ત્રણ વિકલ્પ મુક્યા, ત્યાં શી મજાલ હતી કે એ બૌદ્ધાચાર્ય ઉત્તર કરી શકે ? મોં જ બંધ થઈ ગયું ! રાજાએ અને સભાના પંડિતોએ એને નિરુત્તર દેખી એનો પરાજય જાહેર કર્યો. એ પછી બીજા બીજા બૌદ્ધવાદી આવતા ગયા, અને સૂરિજીના એક બે ને ત્રણ વિકલ્પમાં નિરુત્તર બની હારતા ગયા...એમ ૧૪૪૪ બૌદ્ધવાદીઓ વાદમાં ઊતરી પછાડ ખાઈ ગયા !

વિચાર કરો, મૂળ વડેરો બૌદ્ધાચાર્ય હાર્યો છે તો શું બીજાને એમ ન થાય કે 'આવા સમર્થ ગુરુ હાર્યા છે તો હું શું જોઈને વાદમાં ઊતરું ?' પણ ના, અભિમાન ભૂંડી ચીજ છે. અભિમાનથી ધરાર બીજાના જીવનમાં પછાડ ખાધાનું પ્રત્યક્ષ જોવા છતાં માણસને એવા જ ઊંધા રવાડે ખૂનસપૂર્વક ચડાવે છે ! બોલો, રાવણને અભિમાનથી શું ખતરનાક પરિણામ આવ્યું એ આપણે નથી જાણતા ? છતાં શું આપણે અભિમાન નથી કરતા ? શું અભિમાનથી સાહસિક પ્રવૃત્તિ નથી કરતા ? અરે ! એમાં એકવાર પછાડ પણ ખાવી પડી, તો ય અભિમાનનો પલ્લો મૂકીએ છીએ ? મિથ્યાભિમાનની પ્રવૃત્તિ બંધ કરીએ છીએ ? ના, કેમ વારુ ? કહો, અભિમાન ભૂંડું છે, એવું, કે પોતાની ભૂંડાશે ય ન જોવા દે ! ને અભિમાનવશ ઊંધા સાહસ કરતાં અટકવાય ને દે !

**ઈતિહાસનો બીજો અધિકાર :-**

હરિભદ્રસૂરિ મહારાજને બૌદ્ધો સાથેના વાદનો શાસ્ત્રમાં બીજો અધિકાર આ રીતે મળે છે,

પેલો દૂત બૌદ્ધાચાર્યને ચડાવીને લઈ આવ્યો છે, એ વખતે બૌદ્ધાચાર્યે અભિમાનથી ઠાંસ ઠોકી છે કે જે મેં સેંકડો વાદીઓને પરાસ્ત કર્યા છે, એને આ કોક જૈન વાદી જીતવો એમાં શું મોટું કાર્ય હતું ? દૂતે એને સાવધાન કર્યો છે કે આપ જીતો એમાં તો કોઈ શંકા જ નથી, પરંતુ સાહેબ ! આમાં આપ હારનારને મોતની શરત મૂકો છો એટલે જરાક વિચાર કરવા જેવો છે. સામો નથી ને કદાચ જીતે, તો અમારે તો આપ જેવા સમર્થ નાથને ગુમાવવાનું થાય.' ત્યારે બૌદ્ધાચાર્યે દૂતને કહ્યું છે 'અરે ! ગાંડા રે ગાંડા ! આપણી જીતમાં શંકા કરે છે ? જરાય શંકા ન રાખ.' આમ અભિમાનના તોરમાં બૌદ્ધાચાર્ય તણાયો છે.

હવે જુઓ કે અભિમાન આ બૌદ્ધાચાર્યને ક્યાં થાપ ખવરાવે છે ? અભિમાન એ બહુ બૂરી ચીજ છે. અભિમાનમાં ચડેલો માણસ અભિમાનવશ ખોટા વિશ્વાસમાં

રહી કોઈ સાધનાના અવસરે એના જરૂરી સાધનને ભૂલી જાય છે, અને આપત્તિના અવસરે સાચા પ્રતિકારથી વંચિત રહે છે. આ બૌદ્ધાધીશને એવું જ બન્યું. રાજસભામાં આવી અભિમાનથી જોયું કે 'આ વાદીને તો સહેજ વારમાં જીતી લઈશ;' એમ કરી પોતાની રક્ષક તારાદેવીની સહાયની ઉપેક્ષા કરી, અર્થાત્ દેવની સહાય માટે સ્મૃતિ કર્યા વિના જ સીધો વાદ શરૂ કર્યો; પક્ષ માંડ્યો કે 'જે સત્ હોય છે, તે બધું ક્ષણિક હોય છે.'

**ક્ષણિકવાદના ખંડનમાં અનેક યુક્તિઓ :-**

અહીં તો સામે સ્વ-પર શાસ્ત્રના મહાન જ્ઞાતા આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ હતા. એમણે તરત ઉત્તર કર્યો કે

(૧) "તો પછી એક વસ્તુનું જ્ઞાન થયા પછી દીર્ઘકાળે તેનું જે સ્મરણ થાય છે તે સંસ્કારને લીધે છે, તો શું વચલા ગાળામાં એ સંસ્કાર કાયમ રહે છે ? અર્થાત્ એ સંસ્કાર સ્થિર છે કે ક્ષણિક ?

(i) જો સંસ્કારને સ્થિર કહો તો 'બધું ક્ષણિક છે,' એવા તમારા સિદ્ધાંતનો ભંગ થયો. વળી 'જે ક્ષણિક નહિ તે સત્ નહિ' એવા તમારા મતના હિસાબે એ સ્થિર સંસ્કાર કે એ સંસ્કારની સ્થિર સંતતિ ક્ષણિક નહિ હોવાથી સત્ નહિ રહે ! અને 'સત્ નહિ તે અર્થક્રિયાકારી (કાર્યસાધક) નહિ' એવા તમારા મતે તે સંસ્કાર કાર્યસાધક નહિ બને ! તેથી તેનાથી સ્મરણરૂપી કાર્ય નહિ થઈ શકે.

(ii) ત્યારે જો સંસ્કારને ક્ષણિક કહો, તો એ તો ક્ષણમાં નાશ પામ્યા ! તો પછી દીર્ઘકાળે સંસ્કાર વિના એનું સ્મરણ ક્યાંથી થઈ શકે ?

જો એમ કહો કે "ઉત્તરોત્તર સમાન જાતીય ક્ષણિક સંસ્કાર ઉત્પન્ન થતા આવે છે, તેથી લાંબા ગાળે સ્મરણ થઈ શકે;" તો તેય ખોટું છે. કેમકે, તો પછી સંસ્કારની એવી જે ધારા ચાલી, તે ધારા જો ક્ષણિક હોય તો એનું એજ આવીને ઊભું રહ્યું. ધારા ક્ષણિક હોવાથી ક્ષણમાં નષ્ટ થઈ ગયે પછીથી સ્મરણ નહિ થઈ શકવાનું એ આવીને ઊભું રહ્યું ! તેથી ધારા સ્થિર માનવી પડશે. જો સંસ્કોરોથી અભિન્ન ધારા સ્થિર, તો સંસ્કાર ક્ષણિક હોઈ જ શકે નહિ; કેમકે ક્ષણિક સંસ્કારોની ધારા એ કાંઈ ક્ષણિક સંસ્કારોથી કોઈ જુદી ચીજ નથી. દા.ત. તેલની ધાર તેલથી કાંઈ જુદી વસ્તુ નથી. દીવાની ક્ષણ ક્ષણ જુદી જ્યોતની ધારા જ્યોતથી કાંઈ જુદી વસ્તુ નથી.

(૨) બીજી રીતે જોતાં ક્ષણિક વાદમાં લાલ અને કાળી બે જાતની માટીમાં ઉત્પન્ન થતા ઘડામાં લાલ ઘડો કાળી માટીમાંથી, અને કાળો ઘડો લાલ માટીમાંથી બન્યો, એવું કેમ નહિ ? કેમકે બંનેય કાર્યો પોતાના કારણની ગેરહાજરીમાં સમકાળે ઉત્પન્ન થાય છે. એમાં જો હા પાડો, તો પછી નિયમ નહિ રહે કે કાળી માટીમાંથી



આવો કાળો જ ઘડો બનશે ?

(૩) વળી ક્ષણિક-વાદમાં કાર્યકારણના જ્ઞાનને બાધ નડશે; કેમકે કાર્યકારણનું જ્ઞાન તેને થાય કે જે ક્યાંક બે ચાર સ્થાને કોઈ કારણ દેખે, અને તેમાંથી કાર્ય થતું દેખે. પછી એ નિર્ણય કરી શકે કે 'આ આ કારણમાંથી આ આ કાર્ય થાય.' અહીંયા તો તમે બધુંય ક્ષણિક કહો છો એટલે તમારે તો આત્મા ય ક્ષણિક છે, તો ક્ષણમાં ઊડી જનારો આત્મા આ બધું જાણવા ક્યાં રહી શક્યો ? તેમ,

(૪) બધાં કારણો એક સાથે નાશ પામી, બધાં કાર્યો એક સાથે જન્મે છે, તો ત્યાં 'કોણ કોનું કાર્ય,' એની શી ખબર પડે ?

**બૌદ્ધોની હાર અને સૂરીજીનો ગુસ્સો :-**

આવી આવી રીતે બૌદ્ધોના મતનું ખંડન કર્યું. તેના પર બૌદ્ધાચાર્ય ચૂપ થઈ ગયો, હાર્યો. પછી બીજો બૌદ્ધ વાદ કરવા આવ્યો, એ ય હાર્યો. એવાં ૧૪૪૪ બૌદ્ધો હાર્યા. ત્યાં કોઈ કહે છે કે 'હારે તે તપેલા તેલના કુંડમાં પડે,' એવી બૌદ્ધાચાર્યે શરત કરી હતી, તે હિસાબે બૌદ્ધાચાર્ય તપેલા તેલના કુંડમાં પડ્યો ! પછી બૌદ્ધનો શિષ્ય વાદ કરવા આવ્યો ! તે પણ હાર્યો; તો તેને પણ કુંડમાં ઝંપલાવવું પડ્યું ! એમ ૫-૭ બૌદ્ધોએ ઝંપલાવ્યું.' **બીજો ઈતિહાસ** એમ કહે છે કે 'હારેલા બૌદ્ધવાદીઓને હોમાવા માટે તૈયાર થઈ રહેવું પડ્યું.' **તો ત્રીજું એમ પણ જાણવા મળે છે કે** 'બૌદ્ધોની હંસ-પરમહંસના તરફની ભયંકર કુટિલતાના હિસાબે, સૂરિજી દ્વારા એમને સમડી બનાવી ધગધગતા તપેલા તેલના કુંડામાં ઝીકી દેવા માટે આકાશમાં લાવવામાં આવ્યા.'

**ગુરુજીની હિતશિક્ષા :-**

ગમે તે કહો, પણ આ પ્રસંગની ગુરુ મહારાજ શ્રી જિનભદ્રસૂરિજી મહારાજને ખબર પડી ગઈ. એમને થયું કે "અરરર ! જુલ્મ થઈ ગયો ! પ્રૌઢ ગીતાર્થ એવા હરિભદ્રસૂરિને આવા કષાયી બનવાનું બની ગયું ? હંસ-પરમહંસ તો ગયા; ને બૌદ્ધો હાર ખાઈ ગયા. હવે કષાય શા માટે ?" તરત એમણે **'ગુણસેણ-અગ્ગિસમ્મા** (ગુણસેન-અગ્નિશર્મા)' વળી સમરાદિત્ય અને શત્રુ અગ્નિશર્માના ભવોની ગાથાઓ મોકલી આપી. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પોતાના ગુરુ પાસેથી આવેલો ગાથાપત્ર શિરસાવંદ્ય કરી વાંચે છે, વાંચી ચોંકી ઊઠે છે !

**શ્રી હરિભદ્રસૂરિજીનો મનનીય પશ્ચાત્તાપ :-**

અહાહાહા ! આ મેં શું કર્યું ? શું હું પામર આટલો બધો કષાયમાં ચઢી ગયો ? અહીં કષાય કરવામાં તો કાંઈ પણ વાર ન લાગે, અને કંઈ જ કઠિનાઈ પણ ન નડે; પરંતુ એનો વિપાક કેટલો બધો દીર્ઘકાળ ભોગવવાનો ? અને તે પણ

કેટલો બધો કઠિનતા ભર્યો ! સમરાદિત્ય કેવળી મહર્ષિના ચરિત્રમાં જીવનભર માસખમણને પારણે માસખમણની સાધના કરનાર અગ્નિશર્મા તાપસને પોતાનું પારણું ચૂકાવવા નિમિત્તે પણ જો એક ગુણસેન રાજા પર ગુસ્સો થયો, તો તે વૈર તાપસને એટલું બધું નડ્યું એટલું બધું નડ્યું, કે પછી ભવે ભવે એ અધમાધમ કાર્યવાહી કરતો જ રહ્યો, અને નીચી નીચી નરકમાં પડતો જ ગયો ! ત્યારે ગુણસેન રાજા નવમા સમરાદિત્યના ભવમાં કેવળજ્ઞાની થઈ મોક્ષે ગયા ! તે પછી એ અગ્નિશર્માના જીવને આ ઘોર સંસારચક્રમાં અનંતભવ ભટકવાનું ઊભું થયું !

**એક ભવના ક્રોધનો અગ્નિશર્માને આ કેવો કરુણ અંજામ !**

ત્યારે આટલા બૌદ્ધ પરના મારા ક્રોધથી મારી કઈ દશા ? માનવની ભયંકર હત્યા કરવાનું કેવું આ અધમાધમ કૃત્ય ! આમાં મેં ન જોયું મારું સાધુપણું, કે ન જોયું મેં ઉચ્ચ ગુરુ પ્રત્યેનું મારું શિષ્યપણું ! ક્યાં મારું અહિંસાનું મહાવ્રત ? અને ક્યાં આ વ્રતભંજક હત્યા ? ક્યાં આ મને શાસને અર્પેલું સમ્યગ્જ્ઞાન ? અને ક્યાં આ ક્રોધનો અજ્ઞાનમય અંધકાર ? આ તો જાણે પાછો હું પૂર્વની અજ્ઞાન અને મદની અવસ્થામાં જઈ પડ્યો ! શાસ્ત્ર તો કહે છે **'ક્રોધે ક્રોડ પૂર્વતણું સંયમફળ જાય ?'** તો પછી જ્યાં ક્રોડ પૂર્વને બદલે ક્રોડ વરસનું ય સંયમ નથી, અરે ! સો વરસનું ય ચારિત્ર નથી, ત્યાં આવા ઉગ્ર ક્રોધના કેવા ય કટુ વિપાક ! કેવા ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ ! અહો ! ગુરુજીએ મને કેવો અવસર પર અપૂર્વ બોધ મોકલ્યો ! વાહ ગુરુ વાહ ! જૈનશાસનમાં ગુરુતત્ત્વની બલિહારી છે ! શું કામ છે મારે ક્રોધ કરવાનું ? ક્રોધ કરું તો મારી વિરતિ, મારું જ્ઞાન, મારું જૈન શાસન, સંઘ અને ગુરુ સૌને કલંક લાગે. ભલે બિચારા બૌદ્ધો સુખી રહે !" ઈત્યાદિ કરી એમણે બૌદ્ધોને જતા કર્યા.

અહીં એવું બન્યું કે બૌદ્ધોનો મહાગુરુનો પરાજય, પછી એના અનુયાયીનો પરાજય...એમ હાર પર હાર થવા માંડી, ત્યારે બૌદ્ધો પોતાની તારાદેવી પર ગુસ્સે થઈ જેમતેમ બકવા માંડ્યા, 'હે પાષાણી ! જે અમારા સ્વામીએ તારી ખૂબ ખૂબ પૂજાભક્તિ કર્યે રાખી, ફૂલ ફળ નિવેદ તને ચઢાવ્યા, તે શું પત્થર પર ચડાવ્યા ? હે રાક્ષસી ! આટલો ભયંકર ગજબ જુલમ વરસે, ત્યાં તુ રક્ષણ કરવા નથી આવતી ? તો તારું અધિષ્ટાયકપણું શું ?'

ત્યાં અંતર્હિત રહેલી તારાદેવી બૌદ્ધોના આ પ્રશ્નનો ઉત્તર કહે છે,

**બૌદ્ધોને દેવીની તર્જના અને હિતશિક્ષા :-**

"હે બૌદ્ધો તમારું અને તમારા ગુરુનું અધમ કૃત્ય કેમ ભૂલી જાઓ છો ? દૂર દેથથી ભણવા અર્થે આવેલા પેલા બે જૈન મુનિઓ રૂપ નિર્દોષ બકરાને તમે



ભુખ્યા વરુની જેમ મારી નાખવા ધસતા હતા ! તેમાં એકને તો બાણોથી ખત્મ પણ કરી નાખ્યો, અને બીજાએ તમને પરાજિત કર્યા, ત્યારે ઊલટું તમે એને મારી નાખવા દોડ્યા ? એ બધાં કાળા કામ તમે કેમ વિસરી જાઓ છો ? અને ફોગટ મારા પર ગુસ્સે થાઓ છો ? હજી ય બચવું હોય તો ડાહ્યા થઈને આ હરિભદ્ર સૂરીશ્વરજીની ક્ષમા માગી તમારા સ્થાને ચાલ્યા જાઓ !"

દેવીની વાણીથી બૌદ્ધોમાંના વૃદ્ધ પુરુષો વસ્તુ સમજી ગયા, અને બધાને પાછા વાળી સ્વસ્થાને ચાલ્યા ગયા... આ દુનિયામાં કેવી વિચિત્રતા છે, કે 'જીવ પોતાનું અનાડીપણું આચર્યે જાય, એમાંથી પાછો વળવાની વાત નહિ, પણ જ્યારે સામેથી એનો બચાવ આવે, ત્યારે ઊંચો નીચો થાય ! રક્ષકને ગાળ દે ! ભૂલ સમજવાને બદલે નવી નવી ભૂલોની યોજના કરે !...' એ કેવું વિચિત્ર ! પણ

**મિથ્યામતિની આ જ ભયંકરતા છે કે સ્વરૂપે શુદ્ધ એવા પણ આત્મા પાસે ઘણીયે અધમ વિચારણા, અને જંગલી કાર્યવાહી કરાવે ! માટે જ મિથ્યામતિ મનમાંજ ન ઘાલો.**

**સૂરિજીનો ગુરુ પાસે અદ્ભુત ઈકરાર :-**

શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ગુરુનો અને જિનશાસનનો મહા ઉપકાર માનતા ત્યાંથી ઊઠીને જઈ પહોંચ્યા ગુરુ શ્રી જિનભદ્રસૂરીશ્વરજીના ચરણમાં માથું મૂકીને ચોધાર આંસુથી ગળતી આંખે કહે છે, 'હે નાથ ! શિષ્યના મોહમાં મેં કેવું ભયંકર કાર્ય કર્યું ? કેવું ભયંકર કરવા તૈયાર થયો ? એ તો આપનો ભવોભવનો ઉપકાર, કે મોહ અને કષાયઅટવીમાં ભૂલેલા મને જ્ઞાન અને પ્રશમના માર્ગે આણ્યો ! હે પ્રભુ ! પૂર્વે પણ મદ અને કુમતના પિશાચી પાશમાંથી છોડાવનાર પણ આપ જ હતા, અને અત્યારે પણ પાપમાંથી બચાવી લેનાર પણ આપ જ છો ! પૂર્વે ક્યાં મારી વીતરાગને નિંદવા સુધીની અવદશા ? તેમ વર્તમાનમાં ક્યાં મારી ક્રોધાંધ હાલત ? ત્યારે ક્યાં આપની પત્થરને પરમાત્મા કરવા જેવા મહાન ઉપકારને કરવાવાળી ઉચ્ચ દશા ! હવે તો ભગવન ! મારા આ ગુનામાં મને પ્રબળ પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરો, ને અવિનયી એવા આ કુશિષ્યને ક્ષમા આપવા મહેરબાની કરો.' કેટલો બધો હું હીન નીચ અને પાપી ? આ કષાયથી મારું શું થશે ?"

**ગુરુનો દિલાસો :-**

ત્યાં ગુરુ કહે છે કે "તમે કષાયથી પાછા વળી ગયા એ તમારી મહાનતા છે. તો હવે તમે ખિન્ન ન થાઓ. **'કમ્મેશૂરા ધમ્મે શૂરા'** જેવા સમર્થ વિદ્વાન હરિભદ્ર સમાન શિષ્યો ક્યાં છે ? તમે તો બૌદ્ધોને પરાજિત કરી જિનશાસનની જયપતાકા લહેરાવી છે. એ તમારે મહાન અનુમોદનાનું કાર્ય છે. તો મનમાં બીજી

દુર્ભાવ ન રાખતાં એજ રાખો.'' ગુરુએ પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કર્યા. આચાર્યપુંગવ શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજે પણ તીવ્ર તપ કરવા માંડ્યા. એમનું આત્મઓજસ વધતું ચાલ્યું. કોઈકવાર હંસપરમહંસનો વિરહ મનમાં લાગી આવે છે, કે 'મારે સંતતિ નહિ ?' ત્યાં

**અંબિકાદેવી** પ્રગટ થઈ કહે છે કે ''તમારે આ શોક શો ? તમે તમારે મહાન ગ્રંથો રચો, અને એને જ સાચી સંતતિ સમજો. ચિરકાળ સુધી એ તમારા રચેલા શાસ્ત્રો જગત પર મહાન ઉપકાર કરશે. બાકી તમે ક્યાં નથી જાણતા કે, 'સંજોગમૂલા જીવેણ પત્તા દુઃખ-પરંપરા ?' સંયોગોના લીધે જ જીવે દુઃખની પરંપરા મેળવી છે. સંયોગ છે ત્યાં વિયોગ છે. જન્મ છે ત્યાં મરણ છે. તો પછી હંસ-પરમહંસ પોતાના આયુષ્યની સમાપ્તિએ અહીંથી ચાલ્યા જાય, એમાં શું શોક કરવો ? એ તો એમનું કર્તવ્ય યોગ્ય રીતે બજાવી ગયા. આપ આપનું બજાવો. મારે કાંઈ આપ સરખા મહાજ્ઞાનીને કહેવાનું હોય નહિ. આપ નિરાંતે ઉત્તમ શાસ્ત્રો રચો.''

આચાર્યશ્રી સ્વસ્થ થઈ ગયા. એમણે ચૌદસો ચુંમાલીસ ગ્રન્થરત્નોની રચના કરી, ગ્રંથના છેડે **'વિરહ'** પદ જોડ્યું, દા.ત. 'ભવ વિરહવરં દેહિ મે દેવિ સારં,' 'હે દેવિ ! મને ઉત્તમ સંસાર-વિરહ અર્થાત્ મોક્ષ આપો.'

**આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજીના ગ્રન્થરત્નો** પૈકીના આજેય કેટલાક અદ્ભુત ગ્રન્થો મળે છે જે પૈકી એમની

● **'સમરાઈચ્ચ કહા'** તો કથારત્નોની ખાણ સાથેની સમરાદિત્યકેવળીના નવ ભવોની સંવેગ-વિરાગથી છલકતી મહાકથા છે.

● **'લલિત વિસ્તરા'** શાસ્ત્રમાં 'નમુત્થણં' સ્તુતિસૂત્રના પદેપદના અર્થ પર એમણે અપૂર્વ દાર્શનિક મંતવ્યોનો પ્રકાશ પાડ્યો છે સાથે જ અરિહંત પરમાત્માની સાત્ત્વિક ઓળખ સાથે પ્રભુ પરનો અનુપમ તાત્ત્વિક ભક્તિરસ વહેતો મૂક્યો છે, જૈનશાસનની વિશેષતાઓ, ઉત્થાનમાર્ગ વગેરે અદ્ભુત બતાવ્યા છે.

● **દશવૈકાલિક-સૂત્ર-ટીકા, તત્વાર્થ મહાશાસ્ત્ર-ટીકા, પંચસૂત્ર ટીકા, આવશ્યક સૂત્ર પર મહાટીકા,...**

આ ગ્રન્થોમાં તો આ સૂરિપુરંદરે પદાર્થોના સૂક્ષ્મતાભર્યા પ્રતિપાદનોના સાગર સર્જ્યા છે.

● **'ધર્મસંગ્રહણી'** માં ભવ્ય વાદો દ્વારા જિનમતની બીજાઓ કરતાં વિશિષ્ટતા, સંપૂર્ણતા અને સર્વથા શુદ્ધતાનું સુંદર નિરૂપણ એમણે કર્યું છે.

● **'ઉપદેશપદ'** માં જિનાજ્ઞા અને ગુર્વાજ્ઞાનું જોરદાર મહત્ત્વ વર્ણવ્યું છે; સાથે સંસાર-જુગુપ્સા, ભવભ્રમણનો ખેદ, મોક્ષાભિલાષા વગેરે જગાવનાર અને



પરમ મંગલમય ધર્મજીવન બનાવવાનો ઉપદેશ ઉલ્લસી રહ્યો છે.

● **પંચવસ્તુમાં** સાધુજીવનની યોગ્યતાથી માંડી ઉત્સર્ગ અને અપવાદમાર્ગને સ્પર્શતી વિસ્તૃત સાધુચર્યાનું આકર્ષણ આલેખન છે.

● **'અષ્ટક'**માં ૮-૮ શ્લોકના એકેક પ્રકરણમાં એકેક વિષયને વર્ણવતાં બત્રીસ પ્રકરણો છે. એમાં વીતરાગદેવ, નિર્ગન્થ ગુરુ તથા સર્વજ્ઞકથિત ધર્મનું વર્ણન છે.

● **'ષોડશક'**માં ૧૬-૧૬ શ્લોકનો એકેક એવા સોળ પ્રકરણ છે એમાં અનુષ્ઠાનના પ્રણિધાનાદિ પાંચ અંગોના, જિનબિંબ નિર્માણ પ્રતિષ્ટાપનના વિધાનના ઈત્યાદિ વર્ણન છે.

● **'વિશંતિ વિંશિકા'**માં ૨૦-૨૦ શ્લોકની એક એવી વીસ વીસી છે. એમાં લોકધર્મથી માંડી ક્રમશઃ મોક્ષ પર્યન્તનો અર્થાત્ આત્મસંશોધનનો સચોટ માર્ગ વર્ણવ્યો છે.

● **'પંચાશક'**માં ૫૦ શ્લોકનો એક એવા ઓગણીસ પ્રકરણ મળે છે. એમાં સમ્યકત્વ, શ્રાવકના બારવ્રત, શ્રાવકનું દૈનિક જીવન, દ્રવ્યસ્તવ, ભાવસ્તવ, વગેરે વિષયો લીધા છે.

● **'ધર્મ બિન્દુ'**માં દસ અધ્યાય છે. એમાં સામાન્ય ધર્મ, વિશેષ ગૃહસ્થધર્મ, સાધુ ધર્મમાં સાપેક્ષ યતિધર્મ, નિરપેક્ષ યતિધર્મ વગેરે આત્મસાધનાનો ક્રમિક માર્ગ બતાવ્યો છે.

● **'અનેકાંત જયપતાકા'** માં મહાસમુદ્રના અનેકાનેક તરંગોની જેમ અનેકાનેક વિકલ્પો, પ્રતિ-વિકલ્પો વગેરે દ્વારા બૌદ્ધ-વૈશેષિકાદિ દર્શનના એકાંત સિદ્ધાંતોનું ભવ્ય નિરાકરણ કરી, અનેકાંત મતની જયપતાકા લહેરાવી છે.

● **'યોગ બિન્દુ'**માં યોગના ગોચર, સ્વરૂપ, અને ફલની મૌલિક વિચારણાથી અનેકાંત આત્મવાદના મંડાણ કરી, જગતમાં ચાલતા એકાંતવાદોની ભૂલભરી માન્યતાઓના સયુક્તિક ખંડન કરવા સાથે યોગની પૂર્વ સેવા વગેરેના અપ્રતીમ વિવેચન કર્યા છે. ત્યારે

● **'યોગદૃષ્ટિ સમુચ્ચય'** નામના શબ્દ સંક્ષિપ્ત પણ અર્થ-ગંભીર મહાન ગ્રંથમાં યોગની આઠ દૃષ્ટિના અપૂર્વ નિરૂપણનો ગંગાસ્ત્રોત વહી રહ્યો છે એ એવા તો અમૃતરસથી ભરેલો છે કે આહા ! એને ચિંતનમાં ઉતારતાં અનુપમ તત્ત્વપ્રકાશ, આત્મરસાસ્વાદ અને સ્વસ્થતાનો લાભ મળે છે. જાણે એ અરિહંતની વાણીનો અહીં સાક્ષાત્કાર કરાવે છે !

આવા તો બીજા અનેકાનેક ગ્રંથ એઓશ્રીએ રચેલા છે.

**— સમાપ્ત —**

# સુસંસ્કાર સંવર્ધક મહાત્મા ઈલાતીપુત્ર

જીવનો ઉત્તમ જૈન કુળમાં જન્મ એટલે ? સામાન્યથી કહેવાય કે જૈન કુળમાં જન્મ એટલે જીવ પૂર્વજન્મથી શુભ સંસ્કાર લઈને આવ્યો છે. હવે એ શુભ સંસ્કારોને જાગ્રત કરી ધર્મસાધનામાં સક્રિય કરવા જોઈએ. એ કરવાને બદલે ઊંધાં વેતરણ કરાય તો એ જીવનું પતન થાય આ ઈલાતીપુત્રમાં જોવા મળે છે.

આપણે કેટલીકવાર મહાપુરુષોના જીવન પ્રસંગ ઉપર ઉપરથી જાણતા હોઈએ છીએ તેથી એમાંની કેટલીક વસ્તુ અંગે ઊઠતા સવાલનાં સમાધાન નથી જાણી શકતા. પરંતુ જો ત્યાં એ વસ્તુ જાણીએ તો પછી સુંદર સમાધાન પામી શકીએ છીએ. આ માટે ઈલાતીપુત્રનો દાખલો છે.

ઈલાતીપુત્રને આપણે ઈલાચીપુત્ર, ઈલાયચીપુત્ર તરીકે ઓળખીએ છીએ. ત્યારે શાસ્ત્રકાર શુભશીલગણી મહારાજ એના ચરિત્ર લેખનમાં એને ઈલાતીપુત્ર તરીકે ઓળખાવે છે. એટલે આપણે ઈલાતીપુત્ર તરીકે એમને સંબોધીને વિચારીએ. એમના ચરિત્ર અંગે સામાન્ય ખ્યાલ એ છે કે

**નટની શરત :**

ઈલાતીપુત્ર એ મોટા શેઠનો પુત્ર હોવા છતાં એક નટડીના મોહમાં પડી ગયો તે એટલે સુધી કે એનો બાપ નટ ઈલાતીપુત્રના પિતાને એમ કહે છે કે મારી દીકરીને તમારા દિકરા સાથે પરણાવવી હોય તો તમને મને તમારી મોટી રકમ આપો તેથી કાંઈ ન પરણાવું. એ તો તમારો પુત્ર પહેલાં મારી નટવિદ્યા શીખે, પછી એ ગામેગામ લોકોને નટકળા બતાવી એનાથી પૈસા કમાય, એમાં પછી આગળ વધતાં કોઈ મોટા રાજાને એ કળા બતાવી ઈનામમાં સારી મોટી રકમનું દાન મેળવે અને પછી લગ્ન મહોત્સવમાં એનાથી અમારી આખી નાતને જમાડે ત્યારે મારી દીકરી એને પરણાવું. આટલી કડક શરત પણ ઈલાતીપુત્રે કબૂલ કરી પરંતુ એના પિતા શેઠે દીકરાને કહ્યું આ કરવું રહેવા દે, આપણા ઉચ્ચ કુળને આ શોભે નહિ, હું તને મોટા શ્રીમંતોની અપ્સરા જેવી કન્યાઓ પરણાવું છતાં એણે માન્યું નહિ અને એ ઘર છોડી દઈ નટના ટોળામાં જોડાઈ જાય છે ! અને નટકળા શીખે છે. તે ગામેગામ નટકળા બતાવે છે. આટલું જાણવા પર સહેજે પ્રશ્ન થાય કે

**પ્ર.**- આવો ઊંચા કુળમાં જન્મેલો અને પંડિત પાસે ઊંચી કળા વિજ્ઞાન



ભણેલો છતાં એ ઈલાતીપુત્ર કેમ એવા હલકટ નટના ટોળામાં જોડાયો ? અને કેમ હલકી નટકળા શીખવા મંડ્યો ?

ઉ.- કદાચ આપણે કહીએ કે ''એને એવા મોહનો ઉદય થયો તેથી અથવા પૂર્વ ભવના સંબંધથી એણે એમ કર્યું.'' પરંતુ ખરું કારણ જુદું છે. એના પિતાનું ઊંધું વેતરણ એ એમાં કારણભૂત હતું. આની સાચી હકીકત આપણને એના શુભશીલ ગણિકૃત ચરિત્રમાંથી જાણવા મળે છે. ચરિત્રકર્તા શુભશીલગણી મુનિ બતાવે છે કે

**પુત્ર માટે ઈલાદેવીની આરાધના :**

ઈલાતીપુત્રનો પિતા એક ઈભ્ય નામનો મોટો શ્રીમંત હતો એને ધારિણી નામની સુશીલ સદ્‌ગુણી પત્ની હતી. પૈસા ઘણા પણ પુત્ર નહિ, તેથી પુત્ર માટે બંને વલખા મારતા હતા એમાં કોઈકે કહ્યું આપણા જિનેશ્વર ભગવાનના અધિષ્ઠાયક ઈલાદેવી જાગતા છે તમે એની આરાધના કરો, પુત્ર મળશે. બસ એમણે એની આરાધના કરવા માંડી.

સંસારમાં જીવને કોઈક અતિ ઈષ્ટ હોય પછી એ મેળવવાનો ગમે તેવો ઉપાય કોઈ બતાવે તો એ ઉપાય આદરવા તરત તૈયાર થઈ જાય છે. પછી એ નહિ જુએ કે અચિંત્ય પ્રભાવી અરિહંત ભગવાનને મૂકી આવા દેવી દેવતાને તે વળગાતું હશે ? ખૂબી કેવી છે કે માણસ પાસે પૈસા છે પણ પુત્ર નથી તો એને એની ખોટ સાલે છે. પરંતુ જીવનમાં ધર્મ નથી તો એની ખોટ એને સાલતી નથી ! અથવા અમુક દેવ-પ્રભુ દર્શનનો ધર્મ કરવાનો રાખ્યો છે પણ પ્રભુપૂજા નથી રાખી ત્યાં એની ખોટ એને નથી સાલતી ! અથવા પૂજા તો કરે છે પરંતુ સામાયિક કરવાનું નથી રાખ્યું યા થોડી ય તપસ્યા કરવાની નથી, તો એની ખોટ એને નથી સાલતી. તમે કહેશો,

**પ્ર.**- સાલતું તો ઘણું ય હોય પરંતુ પૂજા સામાયિકનો ટાઈમ ન મળતો હોય યા તપની શક્તિ ન હોય ત્યાં શું કરે ?

ઉ.- પહેલાં તો અહીં એ તપાસવા જેવું છે કે **પૂજા-સામાયિક નથી થતા એ શું ખરેખર સાલે છે ?** પૂજા કર્યા વિના કે સામાયિક કર્યા વિના જમવા બેસતાં દિલને ખટકો થાય છે ખરો ? કે હાય ! આ પ્રભુપૂજા કર્યા વિના ભોજન લેવાનું એ તો ગોઝારું ભોજન છે તો શું મારે આજે આવું ગોઝારું ભોજન કરવાનું ? સામાયિક કર્યા વિનાનું ભોજન એ તો લોકવણનું ભોજન કહેવાય, તો શું મારે એવું લોકવણિયું ભોજન લેવાનું ? મનને આ ખટકો ક્યાં છે ?

જેને પાસે પૈસા છે, પણ પુત્ર નથી એનો એને ખટકો રહે છે, એમ પ્રભુનાં

દર્શન છે, પણ પૂજા નથી તો એનો ખટકો છે ? ખટકો નથી. કારણ કાંઈ ?

**'પુત્રથી સુખ છે' એવું હૈયે બેઠું છે પણ પૂજાથી સુખ છે એમ દિલમાં જચતું નથી.** હજી સવારે બીજા સાથે વાતોના તડાકામાં સમય બગાડશે, પણ પૂજા માટે એને સમય નથી મળતો ! કેમ આ પૂજાની દરકાર નહિ ? કહો, વહેલી **સવારે ઊઠીને 'આપણી પર પ્રભુનો ઉપકાર કેટકેટલો ?'** એનું દસ મિનિટ પણ ચિંતન નથી. જો આ ચિંતવે તો દેખાય કે પૂર્વભવે ભગવાનને ભજેલા ને ધર્મ કરેલો તેથી ભગવાનની કૃપાથી આવો ઉચ્ચ માનવભવ માનવદેહ, પટુ ઈન્દ્રિયો, મગજ, હાર્ટ, હામ-દામ-ઠામ વગેરે અમૂલ્ય પદાર્થ મળ્યા. આ બધું મળ્યું તે કાંઈ પૂર્વભવે માત્ર પાપો કરીને નથી મળ્યું.

**માત્ર પાપો કરીને જો આવો ઉચ્ચ માનવભવ માનવદેહ વગેરે મળતું હોત તો તો દુનિયામાં માનવોની સંખ્યા કીડીઓની જેમ ઊભરાઈ જાત.** પરંતુ સમજદાર બધા જ સમજે છે કે ઉત્તમ આર્ય માનવભવ કાંઈ પાપોથી મળતો નથી. હવે જો એ ધર્મથી મળે છે, ભગવાનને ભજવાથી મળે છે, તો સવારે ઊઠીને પરમાત્માનો આ વિચાર કેમ ન આવે ? કે "મને ભગવાનની કૃપાથી આવા સુંદર આર્ય માનવ અવતાર અને તે પણ જૈન માનવ અવતાર મળ્યો ! એટલે મારે જોવું જોઈએ કે

**આ મને મળેલો માનવદેહ સારી** ઈન્દ્રિયો, સારું મગજ હાર્ટ વગેરે તો ભગવાનનો માલ છે. તો મને ભગવાન પાસેથી આ મહાકિંમતી માલ મળ્યા પછી મારે ભગવાનને કેટલા બધા ભજવા જોઈએ ?

એના બદલે જો ભગવાનને અંગુઠો દેખાડી ટીકો કરું, અર્થાત્ નિષેધ કરું કે હું કાંઈ તમને ભજવા નવરો નથી, તો એ મારી કેટલી બધી નઘરોળતા અને હરામખોરી ગણાય ?

### હરામખોર દીકરાનું દૃષ્ટાંત :

આ તો એના જેવું છે કે કોઈ સ્વાર્થ-સાધુ દીકરો ખડેપગે બાપનો વિનય અને બાપની સેવા બજાવી બાપને આંજી દે, અને બાપ બિચારો એ સેવા વિનયમાં ભૂલો પડી જઈ દીકરાને તિજોરીની ચાવી આપી દે ! અને દીકરાના નામ પર બેંકનું ખાતું અને બીજી બધી એસ્ટેટ ચડાવી દે ! પછી બાપ કહે ભાઈ મારું શરીર બેચેન છે, જરા દસ મિનિટ મારી પાસે બેસ, અને ત્યાં દીકરો એમ કહે 'નો ટાઈમ,' (NO TIME) કહીને ચાલતી પકડે, એમ બાપ કહે મારે ધર્માદો કરવો છે, મને જરા સો રૂપિયા આપજે, ત્યાં દીકરો કહી દે 'નો મની' (NO MONEY) તો એ નો ટાઈમ, નો મની કહેનારો દીકરો કેવો કહેવાય ? લાયક ? કે હરામખોર ? હરામખોર જ કહેવાય ને ? કેમ વારુ હરામખોર ? કહો,



બાપનો માલ મળ્યા પછી બાપની થોડી પણ સેવામાં રહેવામાં અખાડા કરે છે માટે હરામખોર.

તો પછી આપણને આ માનવદેહ વગેરે ભગવાનનો માલ મળ્યા પછી ભગવાનની યત્કિંચિત્ પણ સેવા પૂજા કરવામાં આપણે જો અખાડા કરીએ તો આપણે ભગવાનના લાયક દીકરા ? કે હરામખોર દીકરા ? ભગવાનના આપણે લાયક દીકરા હોઈએ તો આપણા મનને તો એમ થાય કે 'અહો ! અહો ! ભગવાને મને આવા સુંદર આર્ય જૈન માનવ અવતાર વગેરે આપી ભગવાને મારા પર કેટલો બધો ઉપકાર કર્યો છે ! તો હું એમની સુંદર પૂજા કરું એટલું જ નહિ, પણ બીજી બીજી સુંદર ધર્મસાધનાઓ કરી ભગવાનની અને ભગવાનની આજ્ઞાની કેટકેટલી સેવા મારે બજાવવી જોઈએ ? મારાથી ભગવાનના લાયક સંતાનના બદલે હરામખોર સંતાન કેમ બનાય ? પ્રભાતે વહેલા ઊઠીને જો આવી આવી વિચારણા કરવામાં આવે, ને એમાં ભગવાનના લખલૂટ ઉપકાર વિગતવાર વિચારવામાં આવે તો મન વીતરાગ પ્રભુની વિવિધ સેવા તથા પૂજન આરાધન કરવા માટે થનથનાટ અનુભવે. કેટલાય માણસો કહે છે,

**પ્ર.-** અમને પ્રભુપૂજાની એવી જોરદાર લાલસા કેમ થતી નથી ?

**ઉ.-** એનું કારણ આ છે, કે વહેલી પ્રભાતે ઊઠીને પ્રભુના અપરંપાર ઉપકાર ગદ્ગદ દિલથી વિગતવાર વિચારતા નથી. માટે આ વિચારો, કે "મારા અરિહંતનાથ વિશ્વના કેવા ઉપકારી ? તેમજ ઠેઠ નિગોદમાંથી મને બહાર કાઢી આજની ઘડી સુધીમાં મારા પર પ્રભુએ કેવા કેવા અનંત ઉપકાર કર્યા છે ! ધન્ય મારા નાથ ! તમારી મહાન દયાને !

મારા પર પ્રભો ! તમારા લખલૂટ ઉપકારના પુષ્કરાવર્ત મેઘ ન વરસ્યા હોત તો આજે હું ક્યાં હોત ? એક નાનકડી સાચી દયા જેવું પણ પ્રભુ આ જગતમાં તમારા વિના બીજું કોણ શીખવનાર છે ?

આમ (૧) પ્રભુના ઉપકારો યાદ કરવાના અને (૨) કૃતજ્ઞતારૂપે પહેલું તો આંખમાં બે આંસુ લાવવાના. પછી (૩) પ્રભુનાં દર્શન પૂજન આદિ થયા વિના રહે નહિ, અને (૪) તે પણ અનેરા થયા વિના રહે નહિ, તેમજ (૫) સમય સંપત્તિનો ભારે ભોગ આપીને થયા વિના રહે નહિ. ત્યારે એવા દર્શન પૂજનાદિ કરતાં દિલમાં કેવાક ઉચ્ચ શુભ ભાવ ઊછળે ?

મહાત્મા નાગકેતુએ પુષ્પપૂજા કરતાં કરતાં પુષ્પ-કરંડિયાનો સાપ ડસ્યો તો પ્રભુના ઉપકારો અને વીતરાગતાદિ ગુણો યાદ કરી ગદ્ગદ થઈ જતાં સ્વયં વીતરાગતા-સર્વજ્ઞતા સાધી !

વીતરાગના અનુપમ ગુણો અને અનુપમ ઉપકારો યાદ કરવાની બલિહારી છે. કવિ ઉપા. યશોવિજયજી મહારાજ એક સ્તવનમાં કહે છે,-

**'મેરે સાહિબ તુમહી હો, જીવન આધારા;**
**પાર ન આવે સમરતાં તુમ ગુણ ઉપકારા...**
**જસ કહે સ્મરણ ભજનસે તુમ તારણહારા.**

**અર્થાત્ :** પ્રભુ ! તમે જ મારા સાહિબા છો, સ્વામી છો, મારા જીવનના એક માત્ર આધાર છો, તમારા ગુણો અને ઉપકારોનું સ્મરણ કરવામાં પાર આવે એમ નથી એટલા બધા અનંત ગુણો અને અનંત ઉપકારો તમારા છે... પ્રભુ ! તમારા ગુણો અને ઉપકારોના સ્મરણથી તથા સ્તવનાથી તમે જગતને તારણહાર છો.

વહેલી પ્રભાતે પ્રભુના આમ ગુણો અને ઉપકારો યાદ કરતાં દિલ ભક્તિથી ભીનું ભીનું થઈ જાય. વાત આ હતી કે જીવને પૈસા છે ને પુત્ર નથી તો એને એની ખોટ સાલે છે, પરંતુ માત્ર દેવદર્શન છે કિન્તુ જો આ પ્રભુના અનંત ઉપકારોનું વારે વારે સ્મરણ નથી, ને એ સ્મરણ પર ગદ્ગદતા નથી, તો એની ખોટ નથી સાલતી.

### ઈલાદેવીની પુત્ર માટે માન્યતા :

પેલા ઇભ્ય શેઠને પાસે ભરપૂર પૈસા, પરંતુ પુત્ર નહિ એ એને મોટી ખોટ તરીકે સાલતી હતી. એમાં ત્યાં જાણવા મળ્યું કે "એક જિનમંદિરમાં અરિહંત ભગવાનની અધિષ્ઠાત્રી ઈલાદેવી ઇચ્છા પૂરે છે" તો એમણે એની સાધના કરવા માંડી પણ એમ કાંઈ કિંમત જોખ્યા વિના દેવતા થોડા જ રીઝે ? એમ સમજી એમણે ઈલાદેવીને વચન આપ્યું કે 'હે ઈલાદેવી ! જો અમને પુત્ર મળશે તો અમે એના નામમાં તમારું નામ જોડીશું.' શો એનો પ્રભાવ પડ્યો કે શેઠ શેઠાણીને પુણ્યનો ઉદય થયો ને શેઠાણીને ગર્ભ રહ્યો. નવ મહિને પુત્ર જનમ્યો અને સંકલ્પ મુજબ પુત્રનું નામ રાખ્યું ઈલાતીપુત્ર. અત્યારે ઇલાચીપુત્ર, ઇલાયચીપુત્ર નામ આવે છે. શુભશીલગણી રચિત ચરિત્રમાં ઈલાતીપુત્ર નામ આવે છે.

અર્થાત્ દુઃખ ન જોઈએ તો પાપ ન કરો, સુખ જોઈએ તો ધર્મ કરો. આમાં કાંઈ એવું નથી કહ્યું કે મોક્ષ જોઈએ તો જ ધર્મ કરો અને દુનિયાના સુખ જોઈએ તો પાપ કરો, આવું નથી કહ્યું. ભલે દુનિયાનું સુખ પણ જોઈએ તો ધર્મ જ કરો પાપ નહિ. જ્ઞાનીઓનો આશય એક છે કે પાપ છોડો ધર્મપ્રવૃત્તિ કરો.

પેલા ઇભ્ય શેઠને પુત્રનું સુખ જોઈતું હતું તો એ માટે એમણે ધર્મની આરાધના કરી. દેવીને કહ્યું કે પુત્ર થશે તો એનું નામ તમારા નામથી અંકિત હોય એવું પાડશું.

જંબૂકુમારમાં પણ આવું બને છે એમના પિતા ઋષભસેનને પુત્ર નથી, તેથી



ધર્મ આરાધના ઉપરાંત દેવની આરાધના કરતાં આવો સંકલ્પ કરે છે ને પુત્ર થતાં સંકલ્પ પ્રમાણે એનું નામ જંબૂ એવું પાડે છે. આ ઋષભસેન કાંઈ જૈનેતર નથી, કિન્તુ સારા શ્રાવક છે. તે પણ મોટા શ્રીમંત શ્રાવક છે એટલે તો જંબૂકુમારને વેરે મોટા લાખોપતિ કરોડપતિ જૈન શેઠિયાઓએ પોતાની કન્યા આપી છે. વળી જંબૂકુમાર લગ્નની બીજી સવારે પોતાની નવી પત્નીઓ સાથે દીક્ષાની તૈયારી કરતાં એમના માબાપ પણ દીક્ષા માટે તૈયાર થઈ જાય છે, જો એ એવા મહાન શ્રાવક ન હોત તો પુત્રની દીક્ષા પર ૯૯ ક્રોડ સોનૈયાનું ધન મૂકી દઈ દીક્ષા લેવા શાના તૈયાર થાય ? આવા મહાન શ્રાવક શ્રાવિકાએ પુત્ર સુખ માટે ધર્મ કર્યો એ શું મહાપાપ કર્યું ? અને ધર્મને બદલે કોઈ પાપપ્રવૃત્તિ કરી હોત તો શું એ ડહાપણનું કામ ગણાત ?

માટે આ દુરાગ્રહ જ ખોટો છે કે 'ધર્મ તો મોક્ષ માટે જ થાય, સંસાર સુખ માટે ધર્મ થાય જ નહિ' આ માન્યતા ખોટો દુરાગ્રહ છે.

કેમકે **પુષ્પમાળા શાસ્ત્ર** કહે છે જો તારે વિષયસુખ પણ જોઈતા હોય, સંપત્તિ સૌભાગ્ય, યશકીર્તિ જોઈતી હોય તો એ માટે પણ ધર્મ જ કરવા જેવો છે. જ્ઞાનીઓને એક જ તમન્ના છે કે જીવો હિંસાદિ પાપાચરણમાંથી છૂટે અને જીવદયા જિનભક્તિ આદિ ધર્મપ્રવૃત્તિ કરે.

### ઈલાતીપુત્રનું અધ્યયન :

પેલા ઇભ્ય શેઠે ધર્મની આરાધના કરી પુત્ર મળ્યો. એનો જન્મોત્સવ ઉજવ્યો અને અધિષ્ઠાયક ઈલાદેવીને વચન આપ્યું હતું એ મુજબ પુત્રનું નામ ઈલાતીકુમાર પાડ્યું. ઈલાતી મોટા શ્રીમંતનો પુત્ર છે અને ખોટનો દીકરો છે એટલે ભારે લાલનપાલનથી ઉછરે છે. આઠ વરસની ઉંમર થતાં માતાપિતા એને પંડિત પાસે વિદ્યાકળાનું શિક્ષણ અપાવવા પાઠશાળાએ મૂકે છે. ઈલાતીપુત્રની કોઈ પૂર્વની ધર્મસાધના એવી છે કે એના પુણ્યના બળે એને અહીં બહુ મહેનત કરવી પડતી નથી કિન્તુ એને તો અનેકાનેક વિદ્યાઓ કળાઓ જાણે સહજ રીતે સિદ્ધ થતી આવે છે. ઉપરાંત એ પંડિત પાસે અનેક કઠણ પણ શાસ્ત્રો સૂત્રથી અને અર્થથી શીખી લે છે. માતાપિતાને એથી આનંદનો પાર નથી. એમને આવા પુત્ર પર ભારે પ્રેમ વધતો જાય છે.

### ઈલાતીપુત્ર જન્મથી વિરાગી :

આમાં ખૂબી એક એવી થઈ છે કે ઈલાતીપુત્ર હવે ઉંમરે વધતાં યુવાનીમાં પ્રવેશે છે છતાં એને સારા સારા શબ્દ-રૂપ-રસ વગેરે વિષયોમાં રસ જ નથી તેથી વિષયોથી વિરક્ત અને પરાઙ્મુખ જ રહે છે ને વિશેષે કરીને એ તરુણીઓમાં સહેજ પણ મન લઈ જતો નથી; એટલે એની સાથે વાતોચીતો તો શું પણ એના

પર નજરસરખી ય નાખતો નથી ! એને વિષયોનો રસ નથી એટલે એવા દુન્યવી મિત્રો ય નથી ગમતા. માણસને દુનિયાના એવા મિત્રો કેમ ગમે છે ? એટલા જ માટે કે પોતાને અંતરમાં વિષયોના શ્રવણ-દર્શન-અનુભવની ખણજો ઊઠે છે તે શી રીતે સંતોષાય ? તો કે એવા વિષયરસિયા મિત્રોથી સંતોષાય; કેમકે એ લાવી લાવીને એવા દુન્યવી વિષયોની વાતો કરનારા હોય છે. આમ 'જૈસે કું તૈસા મિલા' જેવું થાય છે. દુનિયાના વિવિધ ક્ષેત્રોમાં શું બને છે ? લગભગ આવું જ, કાપડના વેપારીને કાપડિયા ભાઈબંધ, ઝવેરીને ઝવેરી ભાઈબંધ, જુગારીને જુગારી ભાઈબંધ, અનાડી અનાચારીને અનાડી અનાચારી ભાઈબંધ, અને દારૂ પીનારાને દારૂડિયા ભાઈબંધ.

ઈલાતીપુત્રને વિષયરસ જ નથી તેથી એ વિષય-રસિયા અને વિષય-વાતોડિયાની ભાઈબંધી શું કામ કરે ? સાધુસંઘમાં પણ દેખાય છે શાસ્ત્ર અધ્યયનના રસિયાને વાતોડિયા મહારાજ મિત્ર નહિ ગમે, મિત્ર કરશે જ નહિ. આ પરથી તપાસવા જેવું છે કે આપણને કેવા મિત્ર કેવા સ્નેહીના સંપર્ક ગમે છે ? જો વાતોડિયા મિત્ર ગમે છે તો એનો અર્થ એ છે કે આપણે વાતોના રસિયા છીએ વિષયના રસિયા છીએ.

આટલા જ માટે સાવધાન રહેવાનું છે કે આપણે એવાના સંગમાં ન ફસાઈએ પણ ધર્મરસિયાના જ સંપર્ક કરીએ, સામાના મોંઢામાંથી કેવી વાતો નીકળે છે એ પરથી નક્કી થાય કે એ વિષયરસિયો છે કે ધર્મરસિક ? વિષયરસિયો દેખાય ત્યાં એનો પડછાયો ન લઈએ. મતલબ, એની સાથે વાતચીત નહિ, એનો મોઢું આપવાનું નહિ, કેમકે એવાને જો જરાક પણ મોઢું આપ્યું તો પછી એ આમ જૂની જેમ વળગે છે.

અહીં એક સવાલ ઊભો થાય કે,-

**પુણ્યોદય સનિમિત્તક :**

**પ્ર.**- શેઠને પુણ્ય તો હતું જ તો જ પુત્ર મળ્યો, પરંતુ ઈલાદેવીની આરાધના પછી કેમ મળ્યો ?

ઉ.- કેટલાક પુણ્ય એવા હોય છે કે એને યોગ્ય દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ મળે તો જ એ ઉદયમાં આવે, દા.ત. શરદી થઈ છે, અશાતા ચાલી છે, પરંતુ ગરમ મસાલાના ઉકાળાનું દ્રવ્ય લેવામાં આવે તો શરદી અશાતા મટે છે. એમ અહીં પુત્ર મળવાનું પુણ્ય એવું કે ઈલાદેવીની અને ધર્મની આરાધના જેવું નિમિત્ત મળે ત્યારે એ પુણ્ય ઉદયમાં આવે. એટલે જ અહીં ઈલાદેવીની અને ધર્મની આરાધના પછી શેઠનું શેઠાણીનું પુણ્ય ઉદયમાં આવ્યું, અને શેઠને પુત્ર મળ્યો, તે પહેલાં નહિ. આના પરથી એક પ્રેરણા એ મળે છે કે



અહીં એટલું ધ્યાનમાં રહે કે ભગવાનની અધિષ્ઠાયિકા ઈલાદેવીની આરાધના તો ગૌણ હતી કિન્તુ ધર્મની આરાધના મુખ્ય હતી; કેમકે ઇભ્યશેઠ અને એમની ધારિણી પત્ની ધર્મશ્રદ્ધાળુ હતા એટલે સમજતા હતા કે ધર્મની આરાધના વિના સંસારના સુખ મળે નહિ. પૂછો,-

**પ્ર.**- તો શું પુત્ર માટે ધર્મ કરાય ?

ઉ.- **ધર્મબિંદુ શાસ્ત્ર** કહે છે કે **'ધનદો ધનાર્થિનાં પ્રોક્તઃ** (ધર્મઃ) **કામિનાં સર્વ કામદા ॥'** અર્થાત્ ધર્મ ધનના અર્થીને ધન આપે છે. સુખની ઈચ્છાવાળાને સુખ આપે છે... પરંપરાએ ધર્મ જ મોક્ષ આપે છે. અહીં સ્પષ્ટ કહ્યું કે ધન અને સુખની ઈચ્છાથી ધર્મ કરે એને ધર્મ ધન અને પુત્રાદિ સુખ આપે છે. ત્યારે

**પ્ર.**- અહીં એમ કેમ નહિ કે ધર્મ આપે બધું પણ ધર્મ પાસે ધન કે સંસારસુખ મંગાય જ નહિ, ધર્મ ધન કે સુખની ઈચ્છાથી ધર્મ થાય જ નહિ, અગર કહે કે 'ધનદો ધનાર્થિનાં' શ્લોકમાં ધનની ઈચ્છાથી ધર્મ કરવાનું નથી કહ્યું, કિન્તુ આમાં તો ધર્મનો પ્રભાવ બતાવ્યો છે કે ધર્મ ધન આપે છે સુખ આપે છે તો પણ ધર્મ પાસે ધન-સુખ જેવી પાપચીજ મંગાય જ નહિ, એનું કેમ ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"    વર્ષ-૪૧,અંક-૯,તા.૧૪-૧૧-૧૯૯૨**

ઉ.- જો એવું હોય તો એ જ શ્લોકમાં છેલ્લે જે કહ્યું કે ધર્મ જ પરંપરાએ મોક્ષસાધક છે. ત્યાં પણ એમ જ કહેવું પડશે કે એમાં ધર્મનો માત્ર પ્રભાવ બતાવ્યો છે. પરંતુ મોક્ષની ઈચ્છાથી ધર્મ કરવાનું નથી કહ્યું. એ જ શ્લોકમાં અડધામાં માત્ર ધર્મનો પ્રભાવ દેખાડ્યો, પણ ધર્મ કર્તવ્ય ન કહ્યો અને અડધામાં ધર્મને કર્તવ્ય કહ્યો. એ કેમ બને ? જો આ શ્લોક મોક્ષ માટે ધર્મ કર્તવ્ય કહે છે તો ધન અને સુખ માટે પણ ધર્મ જ કર્તવ્ય કહે છે. માટે તો શાસ્ત્રવાર્તા સમુચ્ચય શાસ્ત્ર પણ કહે છે કે **"ઉપાદેયશ્ચ સંસારે ધર્મ એવ બુધૈઃ સદા"**

સંસારમાં સમજુ માણસો વડે એક માત્ર ધર્મ જ ઉપાદેય છે, ધર્મ જ કર્તવ્ય છે. અહીં ધર્મ શબ્દ સાથે 'એવકાર' અર્થાત્ જકાર મૂકીને સૂચવ્યું છે કે ધર્મ જ ઉપાદેય પાપ ઉપાદેય નહિ. આની પૂર્વે કહી દીધું છે કે 'દુઃખં પાપાત્ સુખં ધર્માત્' પાપથી દુઃખ મલે ધર્મથી સુખ મળે. તમે પાપ કરશો તો દુઃખ મળશે, માટે સુખ જોઈતું હોય તો ધર્મ કરો. માટે જ સમજીને ધર્મ જ ઉપાદેય લાગે એટલે એને ધર્મનો જ રસ હોય, એ ધર્મરસિયો જ હોય, તેથી એ એવા ધર્મને જ શોધ્યા કરે. સામાન્યથી નિયમ કે જે જેનો રસિયો તે તેને શોધ્યા કરે, બીડીનો રસિયો બીડીને

શોધ્યા કરે છે. એમ ધર્મનો રસિયો ધર્મ શોધ્યા કરે છે. આપણે શું શોધતા ફરીએ છીએ એના ઉપરથી આપણામાં એનો રસ સાબિત થાય છે.

એવા વાતરસિયાને જીવનમાં બીજું કાંઈ મહત્ત્વનું કાર્ય નથી એટલે નવરો પડ્યો કે વાતોનો રસ એટલે એની વાતો સાંભળનારને શોધતો જ હોય છે. પછી જો એની વાતો સાંભળનાર મળ્યો તો એને શું કામ છોડે ? ચારિત્ર લેતા પહેલાં સારા ધર્મિષ્ઠ ને વૈરાગી એવા કેટલાક આત્માઓ ચારિત્ર લીધા પછી આવા જૂના વાતોડિયાના સંગે નીચે ઊતરી ગયા ! પૂછો,-

**પ્ર.**- જૂના વાતો કરનારા પાસેથી નવાને ઘણું જાણવા જેવું મળે ને ? એથી સાધુપણામાં કેમ રહેવું વર્તવું એની હોશિયારી આવે ને ?

ઉ.- વાત સારી છે. નવાઓને આવું જ લાગે છે કે જૂના પાસેથી સમુદાયના સાધુઓ અંગે તથા ગુરુ અંગે ઘણું ઘણું નવું જાણવા મળે છે, પરંતુ એમને જોવું કે કેવું જાણવા મળે છે ? લગભગ સામાનું ઘસાતું જ જાણવા મળે છે તેથી સાધુ આ જ કે સાધુ મંડળીમાં પેઠા પછી સાધુ પ્રત્યે પહેલા કરતાં બહુમાન ઓછું થાય છે. આ કોને ? જે જે દીક્ષા લે, સાધુ થાય, એ બધાને નહિ હોં ! સાધુ પ્રત્યે માત્ર જે વાતરસિયા બની જ્ઞાન-ધ્યાન કોરાણે મૂકી વાતો કરવા સાંભળવાનું કર્યા કરે એને.

**વાતોનો રસ ભૂંડો : જ્ઞાન-ધ્યાનનો રસ સુકાવી નાખે.**

ઈલાતીપુત્રને કોઈ વિષયરસ જ નથી, પછી વાતોનો રસ પણ નહિ. અને વાતોડિયા મહાજનનો સંગ પણ નહિ. તો પૂછો, એ એકલો એકલો આખો દિવસ શું કરે ? કહો, એને સાધુનો સંગ બહુ ગમતો તેથી જોતો ગામમાં સાધુ મહારાજ પધાર્યા છે ? હા, તો ઝટ એમનો સત્સંગ કરવામાં લાગી જતો. મૂળમાં જ વિષયવિરાગી, અને ત્યાગી વિરાગી મુનિઓનો સંગ મળે પછી વૈરાગ્ય વધવાનું પૂછવું જ શું ? ઈલાતીપુત્રનો વૈરાગ્ય એમ અસાધુ પરિત્યાગ અને સાધુસંગથી દૃઢ થતો રહ્યો. એનું પરિણામ એ આવ્યું કે એ સંસારના કશા વ્યવહારમાં રસ લેતો નથી. સ્ત્રીજાત સંબંધી પણ કશી વાત નહિ, વિચાર નહિ. ત્યારે કારણ વૈરાગી હોવાથી એને જગતના પદાર્થોમાં કશો રસ જ નથી તો પૂછો,

**પ્ર.**- આવો મહાવિરાગી ઈલાતીપુત્ર નટડીમાં કેમ મોહ્યો ?

ઉ.- અહીં પહેલી વાત તો આ છે, કે કેટલાયને એ ખબર નથી કે ઈલાતીપુત્ર જે ઈલાયચીકુમાર તરીકે ઓળખાય છે એ જનમથી વૈરાગી હતો. એ લોકો તો એટલું જ સમજે છે કે એ એક શ્રીમંત શેઠનો દીકરો હતો. અહીં શાસ્ત્રકાર એને યુવાનીમાં પ્રવેશ કર્યો છતાં એને મહાવૈરાગ્યવાળો બતાવે છે. એટલે જ આશ્ચર્ય થાય કે એવા જન્મસિદ્ધ વૈરાગ્યવાળાને નટડીનો મોહ લાગે ? હા, જનમથી વિષયોનો



રાગી હોય, પછી એ સારા કુળમાં જનમવા છતાં, સંભવ છે, કોઈ રૂપાળી નટડીને જોઈ સારી કુલીન કુળવાન બાળાને મૂકી એ નટડી પર રાગવાળો થાય, એ સંભવિત છે પરંતુ આ ઈલાતીપુત્ર તો જન્મથી વિરાગી એટલે રૂપાળી કુલીન બાળા પર પણ જો રાગી ન થાય, તો શું એ હલકી નટડી પર મોહી જાય ?

પરંતુ ધ્યાનમાં રહે કે આ વિરાગીને નટડીમાં મોહી જવાનું એકાએક નથી બન્યું, કિન્તુ એના પિતાનાં ઊંધા વેતરણથી થયું છે. પિતાએ એને કુસંગમાં જોડ્યો છે પછી બન્યું છે.

**પ્ર.**- બાપે ઈલાતીપુત્રને કુસંગમાં જોડાવાનું કારણ ?

ઉ.- કારણ કે આ સમૃદ્ધ ઘરમાં જનમવા છતાં, અને દુન્યવી વિષયો સારાં મનગમતાં અને ઉચ્ચ કોટિના મળવા છતાં આ ઈલાતીપુત્રને એ વિષયોમાં કશો રસ નહોતો, એ બાપને ખૂંચતું હતું માટે બાપે એને કુસંગમાં જોડેલો. હવે અહીં પ્રશ્ન થાય,-

**પ્ર.**- જીવને અનંત અનંત કાળથી ઈન્દ્રિય વિષયોનો તો ભારે રસ હોય છે, અને એના પર રાગ ખૂબ કરવાનો અભ્યાસ હોય છે તો અહીં ઈલાતીપુત્રને ઊંચી કિંમતના શબ્દ-રૂપ-રસાદિ વિષયો મળવા પર કેમ એને એમાં રસ અને રાગ નહોતો ?

ઉ.- એનું કારણ આ છે, કે એણે પૂર્વ ભવમાં નિરાશંસ ભાવથી ધર્મસાધના કરેલી હોય એટલે એવી ધર્મસાધનાના પ્રતાપે તો ત્યાં ભારે પુણ્ય કર્મો બંધાયાથી પરભવે એને ઊંચી કિંમતના વિષયો મળ્યા હોય ખરા, પરંતુ પોતાના આંતરિક નિરાશંસપણાને લીધે સાથે શુભ સંસ્કારો શુભ અનુબંધો બંધાયા હોય, એટલે જ કહેવાય કે એણે પુણ્ય પુણ્યાનુબંધી ઊભા કરેલા એથી જીવને ભવાંતરે વિષયરાગ વિષય-લંપટતા વગેરેની દુર્બુદ્ધિ ન થાય; કિન્તુ ત્યાગ-વૈરાગ્ય-નિસ્પૃહતા વગેરેની સદ્બુદ્ધિ જાગે.

નિરાશંસપણું એટલે શું ? એ સમજો છો ને ?

નિરાશંસપણું એટલે દુન્યવી વિષયોની આશંસા નહિ, અપેક્ષા નહિ અર્થાત્ ધર્મસાધનાના ફળરૂપે મને દુન્યવી વિષયસુખો મળો એવી આશંસા અપેક્ષા નહિ, અભિલાષા નહિ. એને પૂછો,-

**પ્ર.**- ધર્મ કેમ કરો છો ? ધર્મ કરીને શું જોઈએ છે ?

ઉ.- તો એ કહેશે, દુન્યવી કશું જોઈતું નથી.

**પ્ર.**- કશું જોઈતું નથી તો પછી ધર્મનાં કષ્ટ કેમ ઉઠાવો છો ?

ઉ.- ધર્મ સારો છે માટે ધર્મ કરીએ છીએ બાકી કષ્ટ તો સંસારસુખ માટે ય

ક્યાં નથી કરવા પડતા ? પણ

**આવા ઊંચા માનવ જનમના હિસાબે જીવન પણ ઉચ્ચ કોટિનું જ જીવવું જોઈએ અને એવું ઉચ્ચ જીવન ધર્મ જીવનને જ કહેવાય.** પાપી જીવન તો અધમ કોટિનું છે. પશુ-પંખી અને અનાર્ય મનુષ્યોને એ છાજે, કેમકે એ પશુ-પંખી-અનાર્યના જનમ તો હલકી કોટિના અધમ કોટિના જનમ ગણાય. એટલે એમનાં હલકા જનમના હિસાબે જીવન હલકી અધમ કોટિના હોય. પરંતુ આપણે તો ઉચ્ચ આર્યદેશ-આર્યકુળના ઊંચા જનમમાં આવેલા છીએ તેથી આપણને હલકા અધમ જીવન શોભે નહિ.

પક્ષીઓમાં રાજહંસ ઊંચી કોટિના જનમમાં ગણાય, એટલે એનાં જીવન ઊંચી કોટિના હોય છે અર્થાત્ એ મોતીનો ચારો ચરનારા હોય છે પરંતુ કાગડાની જેમ ગંધા કફ શ્લેષ્મ યા સડેલા માંસ વગેરેમાં ચાંચ ઘાલનારા નહિ. એનો એવો સહજ સ્વભાવ કે મોતીના ચારામાં જ મોં ઘાલે. એમ

**વિરાગી જીવ સહજ સ્વભાવ ઈન્દ્રિય વિષયોમાં મન ઘાલે નહિ.** વિરાગીને સંસારના વિષયો બધા ફોરેઈન મેટર (Foreign Matter) પરદેશી માલ જેવા લાગે, ઈન્દ્રિયોને ફિટ (Fit) બંધ-બેસતા જ ન થાય અકારા લાગે, તાવ હોય તો સ્વાદિષ્ટ મિષ્ટાન્ન, ફરસાણની ચીજ પણ મોંને ફિટ થતી નથી ને ? પરદેશી માલ જેવી અકારી લાગે છે, એ પ્રમાણે વૈરાગ્યવાળાની ઈન્દ્રિયોને ઈષ્ટ વિષયો અણગમતા વિષય જેવા અકારા લાગે.

## ઈલાતીપુત્રને શામાં રસ નહિ ? શામાં રસ ?

ઈલાતીપુત્રની આ સ્થિતિ હતી. એને વૈરાગ્યને લીધે દુન્યવી ધન-માલ-રૂપ-રસ વગેરે વિષયો મનને સૂટ (Suit) માફક થતા નહોતા, મનને જાણે પરાયા પરાયા લાગતા, એના પિતા આ જોયા કરતા કે દીકરાને સારાં ખાનપાનનો રસ નથી, સારા કપડા-દાગીનાનો રસ નથી, સારી સવારીનો રસ નથી, એટલે એની કશી વાતોચીતો એ કરતો નથી. એને રસ છે ધર્મનો અને તત્ત્વનો એટલે એની જ વાતો કરે છે. પિતાને આ ખટકતું હતું તેથી એને વિષયોમાં રસ લેતો કરવા જોયું કે આને જો વિષયરંગી મિત્રોનો સંગ કરાવ્યો હોય તો આમાં એ રસ લેતો થાય.

**સંસાર કેવોક છે ?** બાપને પોતાને વિષય-ગુલામી તો ખટકતી નથી, એટલે વિષય-વૈરાગ્યનું સ્વપ્નું ય નહિ આવતું હોય. સ્વપ્ના ય આવતા હશે તો તે વિષયરાગના ! ને કાંઈ પોતાના દિલને ખટકતા નથી, ઊલટું પુત્રનો વિષય-વિરાગ ખટકે છે. એટલે પુત્રને ગતાગમ વિનાનો સમજે છે, બોથડ સમજે છે. જ્યારે પુત્ર એટલો બધો સમજદાર છે કે વિષયગુલામી વિષયસંગ સ્ત્રીસંગને તો એ નરકની જ વાટ સમજે છે !



## કેવોક ઘાટ ?

**બાપ સ્ત્રીસંગને સ્વર્ગનું સુખ સમજે છે, તો દીકરો સ્ત્રીસંગને નરક-દુઃખની વાટ સમજે છે.** આ બે માં કોણ સુજ્ઞ ? ને કોણ અજ્ઞ ? તત્ત્વ નહિ સમજનાર જીવોની આ જ દશા હોય છે કે એ તત્ત્વજ્ઞ પુરુષોને સમજ વિનાના સમજતા હોય છે. દા.ત. પોતાનો જ યુવાન પુત્ર એની પત્નીને સંમત કરી બંને જણ બ્રહ્મચર્ય પાળતા હોય તો એના મા-બાપને નહિ ગમે. એ પુત્ર-પુત્રવધુને ગતાગમ વિનાના માનશે અગર ધર્મના આંધળા રાગી સમજશે અને પિતા પોતાને કેવો સમજશે ? સંસારસુખના મનગમતા સાધનો મળ્યા પછી એના લહાવા તો લૂંટી જ લેવા જોઈએ એવી શાણી માન્યતાવાળો સમજશે. આવી દુનિયાને પહોંચાય એમ નથી તેથી **ધર્મનું મૂલ્ય સમજનાર સુજ્ઞ માણસોનું કર્તવ્ય આ છે, કે એવા એકલા સંસારની જ દલાલી કરનારના બોલવા માનવા પર સહેજ પણ ધ્યાન નહિ લઈ જવું. તો જ પોતાની ધર્મસાધનામાં દઢતા રહે.**

અહીં બાપ ગમે તે માને, પણ ઈલાતીપુત્ર પોતાના વૈરાગ્યમાં મક્કમ છે. અહીં જોવાની ખૂબી છે કે ઘરે કેટલી બધી વૈભવ સંપત્તિ છે છતાં ઈલાતીપુત્રને એના પ્રત્યે રાગ નથી વૈરાગ્ય છે નફરત છે, અને એમાં ય 'નારી નરકની દીવડી' એમ જ સમજતો હોય છે, પરંતુ જૈનશાસન પામેલાને આમાં આશ્ચર્ય નથી લાગતું કેમકે એને શાસન દેખાડે છે કે જંબૂકુમાર, શાલિભદ્ર, સનતકુમારચક્રવર્તી, કાર્તિકશેઠ વગેરેના એટલા જબરદસ્ત દાખલા દેખાડે છે કે જેમાં એ અફાટ વૈભવના માલિક બન્યા છતાં એમનો વૈરાગ્ય એવો ઊછળ્યો એવો ઉછળ્યો કે સાપ કાંચળી છોડીને ચાલ્યો જાય એમ એ જૈનશાસનના ચળકતા સિતારાઓ અફાટ વૈભવ છોડીને ચાલ્યા ગયા છે !

જૈનશાસને બતાવેલ જીવાદિ તત્ત્વ અને સમ્યગ્દર્શનાદિ ધર્મ તત્ત્વને સમજનારને તો આટલો મોટો વિરાટ વૈભવ છોડી ચારિત્ર લે એમાં કશું આશ્ચર્ય નથી લાગતું ઊલટું વિરાટ વૈભવ કે ઠીકરા જેવા વૈભવને વળગીને બેસી રહે ને એમાં લટ્ટુ બની જાય એ આશ્ચર્યજનક લાગે છે. કારણ ? એ સમજતા હોય છે કે

**સંસારના મહાવૈભવમાં પણ મોહવા જેવું છે જ શું ? જ્યારે એના પર કાળ તકાઈ રહ્યો હોય છે, અને જેને અંતે જમરાજ અવશ્ય મુકાવી દઈ જીવને દુર્ગતિના હવાલે કરી દે છે.**

સારાંશ, મોટા પણ વૈભવી વૈભવ છોડી દે એ આશ્ચર્ય નથી પરંતુ ન છોડે એ આશ્ચર્ય છે. કેમકે નજર સામે દેખાય છે કે વૈભવ રાખી બેસી રહેલાને મહા આપદાઓ વેઠવી પડી ને જીવનના અંતે અનિચ્છાએ એ વૈભવો મૂકી મરવું પડ્યું

અને રોતા કકળતા દિલે અહીંથી ડીસમીસ થવું પડ્યું !

ઈલાતીપુત્ર પૂર્વની વૈરાગ્ય સમૃદ્ધિના અને સુંદર ધર્મસાધનાના સંસ્કાર લઈને આવ્યો છે એટલે અહીં વૈરાગ્યના પ્રતાપે દુન્યવી વિષયોમાં રસ નથી, તેમજ ધર્મસાધનાના સંસ્કારોને લઈને જિનભક્તિ, જીવદયા, સાધુસેવા, ત્યાગ, તપ વગેરેમાં રચ્યો પચ્યો રહે છે. એ સમજે છે કે,-

**ત્રણમાં સંતોષ, ત્રણમાં અસંતોષ :-**

**संतोषः त्रिषु कर्तव्यः स्वदारे भोजने धने ।**
**त्रिषु चैव न कर्तव्यो दाने चाध्ययने जपे ॥**

**અર્થાત્ માણસે ત્રણ વસ્તુમાં સંતોષ રાખવો જોઈએ,- પોતાની પત્નીમાં, ભોજનમાં અને ધનમાં; તેમજ ત્રણમાં સંતોષ રખાય જ નહિ,- દાનમાં, અધ્યયનમાં, (જ્ઞાનપ્રાપ્તિમાં), અને જપમાં.**

કેવીક સુંદર સમજ છે ?

**પરસ્ત્રીદર્શનવાળાની આત્મ-વિટંબણા :**

પોતાની પત્નીમાં સંતોષ નહિ હોય, એ પરસ્ત્રીઓ સામે આંખો ભટકાવશે, ને મનને નચાવશે, ને કેઈ જાતના સંકલ્પ-વિકલ્પો કરશે. એમાં વળે શું ? વળવાનું કાંઈ નહિ, ને પાપના પોટલાં બાંધવાના ! જેનાં પરિણામે પરલોકમાં નરકાદિ ગતિઓમાં ભયંકર દુઃખ વેઠવા પડે ! પરલોકમાં તો આ સ્થિતિ, અને આ જીવનમાં લોકમાં હાંસી-મશ્કરી-આબરૂના કાંકરા; તથા અવસર આવ્યે માર પણ પડે ! અરે ! એટલું જ નહિ, પણ આંખ અને મન પરસ્ત્રીમાં ભટકતું રહેવાથી, દેરાસરમાં કદાચ કોઈ રૂપાળી દેખી, તો મોટા વીતરાગ ભગવાનનાં દર્શનમાં પણ ચિત્ત નહિ ચોંટે ! હીરાતુલ્ય ભગવાનને જોવા પડતા મૂકી આંખ નારીનાગણીને જોવામાં ચાલી જશે !

**કેવીક દુર્દશા ! જે વીતરાગ-દર્શન માત્ર આવા કોક ઊંચા આર્ય માનવ જનમમાં જ મળે, તે અહીં ગુમાવવાનું ? અને જે પરસ્ત્રીઓનાં દર્શન કૂતરા જેવા હલકા જનાવરના અવતારે પણ મળે, એને અહીં ઉચ્ચ અવતારે આવકારવાનાં ?**

કવિ સંભવનાથ પ્રભુ આગળ પોતાની દુર્દશાની આત્મનિંદા કરતા કહે છે,-

**"સાહિબ સાંભળો રે, સંભવ અરજ અમારી,**
**પરસ્ત્રી દેખીને રે, મુજ મન તિંહા જઈ અડિયો,**
**કાજ ન કો સર્યાં રે, પાપે પિંડ મેં ભરિયો !..."**

હે સંભવનાથ સાહેબા ! અમારી અરજી સાંભળો... પરસ્ત્રી જોઈને મારું મન ત્યાં જઈને અટકી ગયું ! એમાં કામ કશું સર્યું નહિ, અર્થાત્ પરસ્ત્રી મારી સાથે વાત કરવા ય નહિ આવી, એના બે મીઠા બોલ સાંભળવા પણ ન મળ્યા,



અને પરસ્ત્રી-દર્શનમાં મેં મારા આત્મપિંડને પાપથી ભર્યે રાખ્યો ! મારા આત્માને મેં અશુભ પાપકર્મો અને પાપસંસ્કારોથી ભરચક ભર્યો !

આવી ભયંકર દુર્દશાથી બચવા આમાં જ ડહાપણ છે કે સ્વસ્ત્રીમાં સંતોષ રાખી પરસ્ત્રીમાં આંખ કે મન કશું લઈ જવું નહિ. રાવણે સીતાને જોઈ, ને એનું મન બગડ્યું, તે ભિક્ષુક યોગીનું રૂપ કરી એ વનવાસમાં રહેલા સીતાજીને ઝૂંપડી બહારથી ભિક્ષા આપવા પોકારે છે,- મૈયા ! ભિક્ષા દે.' એમાં જ્યાં સીતાજી આટો લઈ બહાર આવ્યા કે એમને તરત ઉપાડી પોતાના વિમાનમાં બેસાડી દીધા ને વિમાન ઉપાડી સીધું લંકામાં ઉતારી દીધું ! સીતાને અશોકવાટિકામાં પૂરી દીધા !

**કોણ રાવણ ?** એ મહાન સમકિતી જીવ છે, પરંતુ સ્વસ્ત્રીમાં સંતોષ કરવાનું ચૂક્યો, તો આવું નિંદ્ય કાર્ય લઈ બેઠો ! પછી તો જાણો છો ને એનું પરિણામ ? પરલોકનાં નરકનાં દુઃખ તો પછી, કિન્તુ અહીં દિવસોના દિવસ કામવાસનામાં પોતાની જ આંતરડી કકળાવતો સીતાજીને કાકલુદી કર્યા કરે છે, ત્રણ ખંડનો વિજેતા રાવણ સીતાના ચરણે નમી કાકલુદીભરી વિનંતી કરે એ કેટલું બધું બેહૂદું !! શાના પાપે ? કામવાસનાના પાપે, કવિ કહે છે,-

**"વેદે વાહ્યો જીવ, વિષયી થયો, રાવણ નમે સીતાના પાય રે,**
**મળીને વિછડશો નહિ કોય રે મનમાન્યા મોહનને."**

કવિશ્રી વીરવિજયજી મહારાજ પૂજામાં કહે છે કે વેદના ઉદયથી ખેંચાયેલો જીવ વિષયાંધ થઈ ગયા પછી, એ વિષયાસક્તિને પોષવા એ શું શું નથી કરતો ? જુઓ, રાવણ સીતાજીમાં આસક્ત બન્યો, સીતામાં એણે મન લગાડ્યું, તો એનું અપહરણ કરીને પોતાને ત્યાં લઈ આવી એને મનાવવા કેટલાં વાના કરે છે ! લાલચ બતાવે છે, ભય બતાવે છે, પોતાની પટ્ટરાણી મંદોદરી દ્વારા મનામણા કરાવે છે, તો ય સીતાજી મંજૂર કરતા નથી, ત્યારે અંતે **'રાવણ નમે સીતાના પાય રે.'** સીતાજીને પગે પડીને પ્રાર્થના કરે છે 'અરે બાઈ સીતા ! હું તારા પર મોહી જઈને મરી રહ્યો છું, તું મારું માન, આવ મારી પાસે, હું તારા પગે પડું છું બાઈસાબ !" 'કોણ કરાવે છે આ ? પરસ્ત્રી પર થયેલી કામલંપટતા. મોટો માંધાતા રાવણ એ અબળાને પગે પડે, કાકલુદીઓ કરે, આંખમાંથી આંસુ પાડે !... કામવાસનામાં કેટલી બધી ખરાબ દુર્દશા !

માટે અહીં વીરવિજયજી કવિ કહે છે 'જો આવી દુર્દશા ન વહોરવી હોય, તો કામવાસનાને દબાવો. એ દબાવવા માટે જે મન તમારું પરસ્ત્રીમાં ને કામવાસનામાં જાય છે, એ **મનને મનમાન્યા મળેલા આ વીતરાગ અરિહંત પરમાત્મામાં લગાડી દો.** સમજી રાખો કે એમના જેવા જગતમાં કોઈ તારણહાર અને ગુણભંડાર દેવાધિદેવ

નથી, એમના જેવું આલંબન નથી. કોક મહાન પુણ્યોદયે એ જો અહીં મળી ગયા છે, તો એમને 'મળીને' યાને મેળવીને હવે કોઈ એમને વિછોડશો નહિ' એમને છોડી દેશો નહિ, મનમાંથી એમને કાઢી મૂકતા નહિ. તો મનમાં પરસ્ત્રી, પરધન, મેવા-મીઠાઈ વગેરે કશું પેસશે નહિ, તાત્પર્ય મનને એ કશાનું આકર્ષણ નહિ થાય. કેટલાક ભવી જીવો ફરિયાદ કરે છે,-

**પ્ર.**- સાહેબ ! અમારે તો મનમાં 'અરિહંત અરિહંત' યા 'નમો અરિહંતાણં, નમો અરિહંતાણં રટણ ચાલ્યા જ કરે છે, તો પણ મનમાં કેમ ખોટા યા બીજા ત્રીજા નકામા વિચાર આવ્યા કરે છે ?

ઉ.- આનું કારણ એ છે કે **મન અરિહંતથી પકડાયું નથી હોતું.** રટણની ટેવ પડી એટલે અરિહંતપદની ઉપર-ઉપરથી રટણા તો ચાલ્યા કરે, પરંતુ એ 'અરિહંત' પદે મનને ક્યાં પકડ્યું હોય છે ? મન પકડાયું હોય તો તો એ બીજા ત્રીજા વિચારમાં જાય જ નહિ ને ?

**અરિહંતમાં મન કેમ પકડાય ? :**

**પ્ર.**- મન 'અરિહંત' પદથી શી રીતે પકડાય ?

ઉ.- તે એ રીતે પકડાય કે,-

**મનને 'અરિહંત'માં પકડાયું રાખવાની રીત :**

(૧) મન સામે જાણે બોર્ડ પર ઉપરથી નીચે **અરિહંત** પદ લોટબંધ લખેલા છે, એ 'અરિહંત' પદ **અરિહંત, અરિહંત** યાને શબ્દમાં મન ક્રમશઃ એકેક પદ લઈને વાંચતું જાય, એ વખતે મનમાં એક જ જિજ્ઞાસા કે 'શું લખ્યું છે ?' 'શું લખ્યું છે ?' એમ કરી અક્ષરશઃ વાંચતું જાય; તો મન અરિહંતમાં પકડાયું રહે; કેમકે વાંચવું છે તો એ કાંઈ મન અક્ષર પર લગાવ્યા વિના ન વંચાય. નવપદોનો આખો 'નવકાર' પણ એ રીતે સામે લખેલો જોતાં એના પદ પદ પર દૃષ્ટિ નાખીને ઉપરથી નીચે અક્ષરશઃ વાંચતા ચાલો. નવકારની બાંધી માળા યાને પક્કી માળા આ રીતે વાંચતાં વાંચતાં ગણો. જોજો ભલે નવકાર આવડે છે, પરંતુ અહીં એક અક્ષર પણ વાંચ્યા વિનાનો ન જાય, તો મન એમાં પકડાયેલું રહેશે; અને બીજા-ત્રીજા વિચારમાં મન નહિ જાય. મનને પકડાયેલું રાખવા આ એક રીત.

(૨) મનને પકડાયેલું રાખવા બીજી રીત આ છે,- કે 'અરિહંત' રટો ત્યારે યા અરિહંતને યાદ કરો ત્યારે, એમને સમવસરણ પર યા અષ્ટ પ્રાતિહાર્ય સાથે આબેહુબ બેઠેલા જુઓ; અને એમને સંબોધીને 'અરિહંત' યા 'નમો અરિહંતાણં' રટતા રહો, તેમાં પણ ક્રમશઃ નીચેથી ઉપર એકેક પ્રાતિહાર્યને નજરમાં લઈ લઈ રટવાનું રાખો. જાણો છો ને આઠ પ્રાતિહાર્ય કયા તે ? નીચેથી ઉપર ક્રમશઃ જોતા



આવો. નીચે ૧ સિંહાસન; પછી ઉપર ૨ ચામર; પછી ઉપર મુખ પાછળ ૩ ભામંડલ (તેજપુંજ); પછી ઉપર ૪ ત્રણ છત્ર; એની ઉપર ૫ અશોકવૃક્ષ; બહુ ઊંચે આભમાં ૬ દેવદુંદુભિ; એની નીચે ૭ ઝરમર ઝરમર પુષ્પવૃષ્ટિ; ને પ્રભુની નિકટમાં ૮ દિવ્યધ્વનિ કાઢતી દેવબંસરીઓ. રટણ વખતે આ એકેક પર 'અરિહંત'નું લેબલ લગાવેલું જોતા જાઓ. એકેક વાર ૮ રટણ પૂરા થાય એટલે, ફરીવાર એ જ ૮ પ્રાતિહાર્ય પર ક્રમસર એકેક નવકાર.

**આમ નવકાર યા નમો અરિહંતાણં રટવામાં, બોલો, મન 'અરિહંત'માં પકડાયું રહે કે નહિ ?**

અને એ રીતે, મનમાન્યા અરિહંત મળ્યા પછી, જો એમનામાં આપણું મન પકડાયેલું રાખીએ તો મન પરસ્ત્રીમાં શાનું જાય ? અરે ! પરસ્ત્રીમાં જ નહિ, કિન્તુ કોઈ પણ પ્રકારના બહારના પ્રલોભક વિષયમાં મન ન જાય. તેથી પછી તો મૂળ પાપો કરાવનાર મન, એ જ જો અરિહંતમાં પકડાયું રહી બહારના વિષયમાં ન ગયું, તો મનથી થનારા કુવિકલ્પ શાના જન્મે ? મનના કુવિકલ્પો પર ઊભા થનારાં પાપાચરણ અને પાપબોલ પણ શાના ઊભા જ થાય ?

માટે જ કવિ કહે છે **'મળીને વિછડશો નહિ કોય, મનમાન્યા મોહનને.'** અર્થાત્ જો અરિહંત મનમાન્યા મોહક મળ્યા છે તો હવે કોઈ એમને વિછડશો નહિ; એમને મનમાંથી છંડી દેશો નહિ. એક યા બીજી રીતે મનને અરિહંતમાં પકડાયેલું રાખજો. આ કરવા આઠ પ્રાતિહાર્ય પર અરિહંત પદ જોવાના.

(૩) અથવા, અષ્ટાપદજી પર 'અરિહંત' પદ જોડકામાં જોવાના.

૨ અરિહંત-અરિહંત
૪ અરિ.અરિ. અરિ.અરિ.
૮ અ.અ., અ.અ., અ.અ., અ.અ.
૧૦ અ.અ., અ.અ., અ.અ., અ.અ., અ.અ.
અ.અ., અ.અ., અ.અ., અ.અ.

૮ અ. અ.
અ. અ.
અ. અ. ૧૦ અ. અ.
૪ અ. અ.
અ. અ. અ. અ.
અરિહંત-અરિહંત ૨

(૪) અથવા, ભગવાનની મૂર્તિ પર પૂજવાના નવ અંગ જુઓ. એમાં

પહેલાં આ ૪ અંગ ડબલ છે, (જમણે ને ડાબે) અંગુઠો, ઢીંચણ, કાંડુ ને ખભો. પછીના આ ૪ અંગ સિંગલ છે,- મસ્તક, લલાટ, કંઠ, હૃદય ને નાભિ. આ દરેક અંગ પર 'અરિહંત' લખેલું વાંચો. એમ નવે અંગ પર ૧૩ 'અરિહંત' વંચાય. આમાં તે તે અંગ પર દૃષ્ટિ ફેરવતા જવાનું અને ત્યાં 'અરિહંત' 'અરિહંત' વાંચતા જવાનું. એમ મન 'અરિહંત'માં પકડાય.

વાત આ હતી કે મન જો અરિહંતમાં પકડાયેલું રખાય, તો પરસ્ત્રી વગેરે કશામાં મન જાય નહિ, ને મન કદાચ પરસ્ત્રી તરફ એકાએક ખેંચાયું હોય, તો તરત આ પ્રયોગ કરવાથી મન પરસ્ત્રીમાંથી ખસીને 'અરિહંત'માં લાગી જશે, 'અરિહંત'માં પકડાઈ જશે.

ખોટા વિચારમાત્રને રોકવા આ અદ્‌ભુત ઉપાય છે કે મનને અરિહંતમાં યા 'ભરહેસર-બાહુબલી અભયકુમાર ઢંઢણકુમાર... વગેરે મહાપુરુષોની સિરિઝમાં પકડાયેલું કરો- એમજ પરસ્ત્રીમાંથી પણ મન ઊઠી જશે.'

રાવણે કયા પાપે એક અબળા સીતાના પગે પડવાનું કર્યું ? પરસ્ત્રીમાં રસ ઊભો કર્યો, અને સ્વસ્ત્રીમાં સંતોષ ગુમાવ્યો એના પાપેસ્તો ! તો ય સીતા માની તો નહિ, ને અંતે રામલક્ષ્મણ લડવા આવ્યા, ત્યાં એ ઝઝૂમ્યો, અને અંતે પોતાના જ સુદર્શન ચક્રથી પોતાનું ગળું કપાઈ ગયે મર્યો ! રાવણ ત્યાંથી મરી ચોથી નરકમાં પટકાઈ ગયો ! એટલે જ શાસ્ત્રો તો કહે છે પરસ્ત્રીના પાપમાં નહિ પડવું; પરંતુ અહીં તો ઈલાતીપુત્રને સ્ત્રીમાત્રનો લોભ નથી, સ્ત્રીજાત પ્રત્યે રસ નથી, આકર્ષણ નથી; વૈરાગ્ય છે, નફરત છે, છતાં કેમ એ નટડીમાં લોભાય છે ? કહો, બાપનાં ઊંધા વેતરણથી.

સ્વસ્ત્રીમાં સંતોષ રાખવા ઉપરાંત, શાસ્ત્રકારો વળી કહે છે, **'ભોજનમાં પણ સંતોષ રાખવો'** અર્થાત્ પેટ ભરીને નહિ ખાવું, પરંતુ પેટને બે-ચાર કોળિયા ઊણું રાખવું, ઊનોદરી કરવી; જેથી એમાં પાણીની અને વાયુની જગા રહે તો એ પાણી અને વાયુ ભોજનને પચાવે; તેમજ પછીથી તહાન-તરસ-તૃષા ન લાગે. ઊનોદરીથી વળી શરીર સ્ફુર્તિમાં રહે, એટલે શરીર તથા મન બીજા કર્તવ્યો બજાવવામાં સ્ફુર્તિવાળું રહે, ઊનોદરીના બદલે જો પૂરોદરી કરી, તો કાયા કાંક સુસ્ત રહેવાની; પછી કર્તવ્ય બજાવવામાં ભલીવાર નહિ રહે. કોઈકને ત્યાં જમવા ગયો હશે, તો ત્યાં પણ પેટ ભરપૂર ખાતાં એ સામાની દૃષ્ટિમાં વિવેકી નહિ દેખાય.

આટલું જ નહિ, પણ ભોજનમાં સંતોષ નહિ એટલે અભક્ષ્ય પણ ખાશે, ને દહાડે ખાશે રાત્રે ખાશે, ભોજનમાં સંતોષ નહિ એટલે હમણાં તો સવારે નાસ્તાપાણી કર્યા હશે, પરંતુ દોઢ બે કલાક થતા પછી ચા પીવા જોઈશે ! એ પછી જો એક



કલાકમાં ફ્રુટ આવ્યું, તો તે પણ આરોગશે ! ભોજનમાં સંતોષ વિનાનાને દિવસમાં ખાવાના કેટલા ટંક ? કશો નિયમ નહિ, 'બાવો બેઠો જપે, જે આવે તે ખપે !'

**માનવના ખોળિયે 'ખાઉં-ખાઉં'ની જાલિમ સંજ્ઞા એ ઉત્તમ માનવ કાયાની કેવીક વિટંબણા !** અજ્ઞાની કીડા-કીડીને તો એ વિટંબણા હોય, પરંતુ ઊંચી સંત બનવા યોગ્ય કાયામાં આવ્યા ત્યાંય 'ખાઉં-ખાઉં'ની સંજ્ઞાની વિટંબણા ? હા, ત્યાગ-તપની જાહોજલાલી અનુભવવાને બદલે, વારે વારે જડ-ખાનપાનની અધમ પ્રવૃત્તિની વિટંબણા ભોગવે છે, એ માનવશરીરે જનાવર છે.

**અહીં શાસ્ત્રકારે શું કહ્યું ?**

**સંતોષ ત્રણમાં ખાસ કરવો, સ્વસ્ત્રીમાં, ભોજનમાં અને ધનમાં.**

ધનમાં સંતોષ કેમ થાય ? કહો. મળેલું બહુ મળ્યું લાગે તો સંતોષ થાય, ઓછું મળ્યું લાગે તો અસંતોષ રહ્યા કરે, સંતાપ થયા કરે. સંતોષવાળાને સંતાપ નહિ. સંતોષ કેટલી રકમ પર થવો જોઈએ ? એનું માપ શી રીતે કાઢવું ? કહો, પોતાના જીવનમાં અત્યંત જરૂરી કેટલું ? એના પર માપ કઢાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪૧,અંક-૧૦,તા.૨૧-૧૧-૧૯૯૨**

**'અ**ત્યંત જરૂરી' એટલે કે જેના વિના જીવન નભે નહિ. પૂણિયા શ્રાવકે માપ કાઢ્યું હતું ને ? કેટલું ? રોજના સાડા બાર દોકડાના ખર્ચ જેટલું જ જરૂરી માનેલું. પછી એમાં તો જો કે બે જ જણનું પૂરું થાય, પણ ત્રીજા સાધર્મિકની ય ભક્તિ કરવી છે, તો તે કેવી રીતે કરવી ? શું એટલા ખર્ચ જેટલી કમાઈ વધુ કરવાની ? ના, હુંતો હુંતી બેમાંથી એકેક જણે એકાંતરે ઉપવાસ કરતા રહેવાનું, એ જે એકેકનો રોજ ખર્ચ બચે, એમાંથી સાધર્મિક ભક્તિ કરવાની. વિચારો, **ધાર્મિકતા હૈયે કેવી વસી ગઈ હશે ત્યારે આ સંતોષ આવે ?**

ત્યારે એ પણ સમજી રાખો, કે આવા સંતોષી જીવ જ સાચા સુખનો અનુભવ કરી શકે છે. કહ્યું ને ? કે **સંતોષી નર સદા સુખી.** અસંતોષીને ભલે લાખો કરોડો મળેલા હોય, છતાં એ સાચું સુખ ન અનુભવી શકે; કેમકે એને જે અસંતોષ છે એટલે કે જે પાસે છે એ પૂરતું નથી લાગતું અને એના કરતાં વધુ મેળવવાની અપેક્ષા રહે છે, ચિંતા રહે છે, આતુરતા રહે છે. આ ચિંતા-અપેક્ષા-આતુરતા એ ચિત્તની એક પ્રકારની બળતરા છે. ત્યાં નિર્ભેળ નિર્મળ સ્વચ્છ સુખ માણી ન શકે. મમ્મણ શેઠ પાસે ક્યાં ઓછું ધન હતું ? પરંતુ એ બિચારો સુખી નહોતો, કેમકે એને સંતોષ નહોતો.

માણસને જો સંતોષ ન હોય તો ખૂબી જુઓ કે એ નવું મેળવવા વગેરેની ચિંતા સંતાપ આદિનું દુઃખ તો અનુભવે જ છે, વધારામાં છતે ધને સુકૃત કરવાનાં પણ ગુમાવે છે. સુકૃતની વાત આવે ત્યાં અસંતોષીને એમજ લાગે છે કે 'મારી પાસે એટલું બધું છે જ ક્યાં કે હું દાન કરી શકું ?' એટલે એ અભાગિયો જીવનભર ડગલે ને પગલે થોડું પણ સુકૃત કરવાની તક છતાં સુકૃત કરવાથી પરાઙ્મુખ રહે છે ! ખૂબી એ થાય છે કે આમ પોતાના માન્યા મુજબ સુકૃત ટાળીને 'પૈસા બચી ગયા' સમજે છે, પરંતુ બીજી બાજુ કર્મસત્તા પાછી સંસારના એવા એવા કેટલાંય લફરાં ઊભા કરીને એમાં એને તમાચ મારીને પૈસા ખરચાવે છે ! એની પાસેથી પૈસા ઓકાવે છે ! છતાં મૂરખને એ અફસોસ નથી કે "હાય ! પેલું સુકૃત સામે આવેલું મેં કરવાનું ગુમાવ્યું ! ને 'પૈસા બચાવ્યા' માન્યું, પરંતુ પૈસા તો પાછા એથી ય વધુ સંસાર-ખટલામાં ખરચવા જ પડ્યા !" ના આવો કોઈ એને સંતાપ-અફસોસ નથી. પૂછો,-

**પ્ર.**- પૈસા તો સાંસારિક કાર્યમાં ખરચવા જ પડે છે, તો પછી એ પૈસાનું સુકૃત ગુમાવ્યાની જીવને અફસોસી કેમ થતી નથી ?

ઉ.- કારણ એ છે, કે **જેવી સાંસારિક કાર્યોની મમતા છે ને તેથી એમાં ખરચવું સ્વાભાવિક માની, એ ચૂકે તો ગુમાવ્યું લાગે છે, અફસોસ થાય છે, એવી સુકૃતની મમતા નથી, તેથી સુકૃત ગુમાવ્યાની અફસોસી નથી.**

જુઓને, ઉપવાસ પર જો મમતા નથી, તો મોટી ચૌદશ જેવી તિથિએ બિમારીવશ ભૂખ્યા રહેવું પડ્યું હશે તો ત્યાં એવી અફસોસી નહિ થાય કે 'હાય ! આમેય ભૂખ્યા તો રહેવું જ પડ્યું, ને ઉપવાસથી તિથિ આરાધવાનું ગુમાવ્યું !' માટે જ કહેવાય કે દાન-શીલ-તપ વગેરે ધર્મ-સુકૃતની મમતા ઊભી કરો કે 'મારે એ સુકૃતો કેમ કમાવ્યે જવાનું થાય ! સાચું ધન એ છે, સાચી કમાઈ એ છે, પણ પૈસા, વિષયસુખો, ને ખાનપાનાદિની મજા એ સાચું કમાવાનું નથી.' આવી દાનાદિ સુકૃતોની મમતા ઊભી થાય, પછી વારે વારે ધ્યાન પર એ આવશે કે મારાં ધન દેહ વગેરેને કર્મસત્તા લૂંટી જાય એ પહેલાં એને દાનાદિમાં લેખે લગાડતો રહું.

**'સંતોષઃ ત્રિષુ કર્તવ્યઃ સ્વદારે-ભોજને-ધને'** એ વિચાર્યું. હવે ક્યાં સંતોષ નહિ કરવો એ બતાવવા કહે છે,- **'ત્રિષુ નૈવ ચ કર્તવ્યઃ દાને-અધ્યયને-જપે,'**

દાન અધ્યયન અને જાપ એ ત્રણમાં કદી સંતોષ નહિ વાળવો કે 'બસ, ઘણું થઈ ગયું;' કારણ એ છે, કે દાન, જ્ઞાનાધ્યાય, અને જાપ, ત્રણે ય તારણહાર છે, એ સાધી લેવાય એટલું ઓછું છે. એમાં સંતોષ વાળીને જો બેઠા તો એના પ્રતિપક્ષી પરિગ્રહ-મૂર્ચ્છા, વિષય-પ્રવૃત્તિ, અને હિંસામય આરંભ-સમારંભ તથા વિકથા-



પાપકથાના મહાપાપ માથે છૂટથી ચડી બેસવાના.

**ધનના અભાવે દાન ન હોય એ ચાલે, પણ દાનરુચિ ન હોય એ ન ચાલે.**

પરિગ્રહમૂર્ચ્છા-પરિગ્રહસંજ્ઞા જોર ન મારી જાય માટે તો દાનરુચિ એક મહાન ગુણ કહ્યો છે. મનુષ્યપણાનું આયુષ્ય બાંધવામાં દાનરુચિને ખાસ હેતુભૂત ગણ્યો છે. તમારી પાસે પૈસા ન હોય તેથી દાન ન દઈ શકો એમ બને, છતાં પણ દાનની રુચિ તો બની જ રહેવી જોઈએ, તો જ બીજાઓ દાન દે એની અનુમોદના કરાશે. નહિતર સ્વયં તો દાન દઈ શકતો નથી, કિન્તુ બીજા દાન દે એ જોઈ બળતરા થશે કે 'હાય ! આ કેટલું બધું ધન ખર્ચી નાખે છે !' આવી બળતરા ન થાય માટે સમજી રાખવું પડે કે પરિગ્રહ-મૂર્ચ્છા તો કીડી વગેરે તુચ્છ અબુઝ જંતુની વિશેષતા ગણાય. માણસ તરીકે મારી વિશેષતા આ, કે 'પાસે હોય એમાંથી દીધ્યે રાખું.'

**આભડમંત્રીનું દાન :**

વિચારો, આભડમંત્રીને આ દાનની વિશેષતા હૈયે કેવીક વસી હશે કે જ્યારે એ સમ્રાટ કુમારપાળના હુકમથી એક દુશ્મન રાજાને જીતી એનો ભરચક ખજાનો લઈ આવી કુમારપાળની સેવામાં હાજર કરે છે, અને એમાંથી રાજા એને મોટું ઈનામ આપે છે, લાખ સોનૈયા, હાથી ઘોડા વગેરે કેટલું ય દે છે, ત્યારે એ આભડ એ લઈને ઘરે જવા રાજસભાની બહાર નીકળતાં જ યાચકોનું ટોળું પૂંઠે લાગી દાન માગે છે; અને આભડ ઘરે પહોંચતા સુધીમાં બધું જ દાનમાં દઈ દે છે ! આ આભડમંત્રીની કેવીક દાનરુચિ ! કેવી રીતે એ રુચિ આવી હશે ? કહો, એવા દાનવીર આત્માઓએ સમજી મુકેલું કે 'પરિગ્રહ-મૂર્ચ્છાની તક તો જનમ જનમ કોટે વળગેલી છે, પણ આવી **દાનની અદ્ભુત વિશેષતાની સમજ સાથેની દાનની તક મળે ક્યાંથી ?**

**માઘકવિનું દાન :**

માઘકવિને પણ આવું જ બનેલું. પોતે ભોજરાજાની આગળ નવું અદ્ભુત કાવ્ય રજૂ કરવાથી રાજાએ મોટું ઈનામ આપેલું. તે લઈને બહાર નીકળતાં એની પાસે યાચકો મંડ્યા માગવા, તો કવિએ ઘરે પહોંચતા સુધીમાં બધું ઈનામ દાનમાં દઈ દીધું ! ત્યાં ઘરમાં પેસતાં યાચક આવી માગે છે, પાસે તો કંઈ નથી, પરંતુ ઘરમાં ય કાંઈ નથી કે એ દઈ શકે, ત્યાં યાચકને પાછો વાળતાં એને એટલો બધો ખેદ થાય છે કે 'મોંમાંથી ઉદ્ગાર સરી પડે છે "વ્રજત વ્રજત પ્રાણાઃ" "હે પ્રાણ ! યાચકને પાછો વાળવો પડે એ જોવા પહેલાં તમે જ પાછા વળી જાઓ, જાઓ જાઓ પ્રાણ ! તમે જ ચાલ્યા જાઓ," ને એમ બોલતાં કવિના પોતાના પ્રાણ નીકળી જાય છે ! કેવીક દાનરુચિ !

**પ્ર.**- ક્યારે એવી અદ્‌ભુત દાનરુચિ આવે ?

ઉ.- દાનમાં કદી સંતોષ ન વળાય ત્યારે આવે, **મારે દેતા જ રહેવું છે એ ભાવ જીવતો ને જાગતો રખાય અને દેતા રહેવાય, ત્યારે દાનરુચિ ગુણ સિદ્ધ થાય.**

**પ્ર.**- પણ ત્યાં શું બીક ન લાગે કે 'દેતો જ રહીશ પછી મારે ખાવા નહિ રહે તો ?'

ઉ.- ના, બીક ન લાગે, કેમકે મનને એક નિર્ધાર છે, કે મારા ખાનપાનાદિ મારા ભાગ્ય સાથે સંકળાયેલા છે, બંધાયેલા છે. એટલે ભાગ્ય જાગતું છે ત્યાંસુધી ખાનપાનાદિ આવી જ મળવાના છે; અને જો એટલું પણ ભાગ્ય ખૂટી ગયું છે, તો સંઘરી રાખેલું પણ ખોવાઈ જવાનું છે. શ્રદ્ધા રાખો.

**લક્ષ્મી લલાટ સાથે બંધાયેલી છે.**

**જો લલાટની તિજોરી ખાલી, તો બહારની તિજોરી ખાલી જ દેખવાની.**

માટે દાનની કલ્યાણકારી લાખેણી તક ગુમાવી લક્ષ્મીના સંગ્રહ સામે શું જોયા કરવું ? ભોજરાજા બહુ દાન દેતો હતો ત્યારે ખાનગીમાં મંત્રીએ રાજસભામાં રાજસિંહાસન સામેના ભારવટા પર શ્લોક લખાવી શિખામણ આપવાનું કરેલું કે

**'આપદર્થે ધનં રક્ષેત્‌'**

અર્થાત્‌ - 'આપત્તિ અર્થે ધન બચાવી રાખો.' બીજે દહાડે એના જવાબમાં રાજાએ લખાવ્યું કે

**'ભાગ્યવતામ્‌ આપદઃ કુતઃ'**

અર્થાત્‌ 'ભાગ્યવાનને આપત્તિ શાની ?'

તો ત્રીજે દહાડે મંત્રી લખાવે છે કે

**'કદાચિદ્‌ રુષ્યતિ ભાગ્યં'**

અર્થાત્‌ 'પણ ક્યારેક ભાગ્ય રોષાયમાન થઈ જાય છે ! એ વખતે સંઘરી મૂકેલું કામ લાગે.' તો ચોથે દહાડે રાજા ભોજે લખાવ્યું છે,-

**'તદા સંચિતમપિ નશ્યતિ'**

ત્યારે (ભાગ્ય રૂઠે તો તો) સંઘરેલું પણ નાશ પામે છે'

વળતે દહાડે મંત્રીએ સભામાં ઊઠીને રાજાની માફી માગી કબૂલ કર્યું, કે 'નામદાર !

**અમારા જેવા ટૂંકી બુદ્ધિના માણસો મહાન પુરુષોનાં દીર્ઘદૃષ્ટિનાં દિલ-દિમાગ ન સમજી શકે.**

વાત સાચી છે કે ભાગ્યવસ્તુ વિચાર્યા વિના દાન-શીલ-તપની તકો ગુમાવીએ છીએ, એ આપણી મૂર્ખતા છે. કેમકે માનો કે દાન ન દેતાં પૈસા બચાવી રાખ્યા,



પણ આગળ પર ભાગ્ય રુઠતાં, પૈસા ગયા એટલે અત્યારે પૈસા ગુમાવ્યા, અને પૂર્વે દાન ગુમાવ્યું !

એમ વિષયોના રંગ ઉડાવવા શીલ અને વ્રત નિયમો ન લીધા, પરંતુ બીમારી કે એવી કાંક આફત આવતાં વિષયો ફરી બેસે છે, યા ચાલ્યા જાય છે, અથવા ભોગવવા આડે લફરાં ઊભા થાય છે, તો વિષયો અને શીલ બંને ગુમાવ્યા !

એમ તપ ગુમાવી કાયાને મનમાન્યા ભોજન-પાણીથી મહલાવી, પરંતુ ભાગ્ય બગડતાં કાયા બગડી જાય છે આમ તપ અને કાયા બે ય ગુમાવ્યા ! માટે દાન-અધ્યયન અને જાપ, આ ત્રણમાં સંતોષ નહિ કરવો. આમાં

(૨) **અધ્યયનમાં સંતોષ કેમ નહિ કરવો ?** તો કે

**અધ્યયનમાં બે મહાન લાભ છે -**

(i) અધ્યયનથી જ્ઞાન-સંપત્તિ વધે; તેથી ધર્મ-અધર્મનો વિવેક જાગતાં ધર્મવૃત્તિ વધે, અધિકાધિક ધર્મ-પ્રવૃત્તિ વધે, અને અધર્મવૃત્તિ તથા પાપ-પ્રવૃત્તિ ઘટતી આવે.

(ii) અધ્યયનમાં મન પરોવાયું રહેવાથી એટલો કાળ સંકલ્પ-વિકલ્પ ખોટા વિચાર વગેરે ખરાબીઓથી બચી જવાય.

**પૂર્વે ગોવિંદ બ્રાહ્મણ** વાદ-વિદ્યા મેળવવા જૈન સાધુ થયા અને પછી જૈન ધર્મનું અધ્યયન કરવા લાગ્યા. એમાં જ્ઞાન-સંપત્તિ વધવાથી સાચા ધર્મનો ખ્યાલ આવ્યો, એટલે ગુરુને હવે કહે છે "મને ફરીથી દીક્ષા આપો."

ગુરુ ચમક્યા ! પૂછે છે,- "કેમ શું છે ? કોઈ મહાવ્રતનો ભંગ થયો છે ?"

આ કહે છે "સાહેબજી ! ભંગની વાત શી ? મહાવ્રત લીધા જ છે કોણે ? મેં તો વાદ-વિદ્યા શીખવા માટે જ કપડાં બદલેલાં, પણ હવે જૈન શાસ્ત્રોનાં અધ્યયનથી મિથ્યાત્વ ટળી ગયું, ભ્રમ ભાંગી ગયો, તુચ્છ વાદની ભૂખ મટી ગઈ, હવે આત્મ-કલ્યાણની સાચી ભૂખ જાગી છે, એ માટે નિરીહ ભાવે ચારિત્ર લેવું છે અને પાળવું છે." એમણે મહાવ્રત ઊચર્યા, અને પછી તો એ **શ્રી ભગવતી સૂત્ર પર નિર્યુક્તિ રચનાર મહાન ગોવિંદાચાર્ય બન્યા !**

શાસ્ત્રાધ્યયનનો કેવોક મહિમા ! મોટા ચૌદ પૂર્વધર વગેરે વિદ્વાન મુનિઓ શી રીતે એવા જ્ઞાની થયા ? કહો, ગુરુ પાસે અધ્યયન કરતા રહેવાથી જ થયા.

**વાચનાથી મુનિનો મોહ ગયો :**

**અધ્યયનથી ખોટા વિચારો વગેરે અટકે છે,** એ તો આજે પણ અધ્યયનમાં રચ્યા પચ્યા રહેનાર મહાન મુનિઓ અનુભવી રહ્યા છે. પૂર્વ કાળની વાત છે, સારું ભણેલા મુનિને મોહનો ઉદય જાગ્યો, એમણે મિત્ર મુનિની સલાહથી વિગઈ-ત્યાગ,

આયંબિલ,... વગેરે તપસ્યા કરવા માંડી, છતાં મોહોદય શમ્યો નહિ પછી આચાર્ય મહારાજને વાત કરી.

આચાર્ય મહારાજે જોયું કે 'આની અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિ ઓછી થઈ લાગે છે, એટલે નવરા મનમાં શેતાન ઘુસ્યો છે. કહેવત છે

**"નવરું મન નખ્ખોદ વાળે"**

*"An idle mind is a devil's house."*

આચાર્ય મહારાજે કહ્યું "ચિંતા ન કરીશ તારો મોહોદય મટાડી દઈશ. એ માટે હું મંત્ર-જાપ વગેરે કરીશ, પરંતુ તું મારું એક કામ કર, તું ભણેલો શા કામનો ? સમુદાયના મુનિઓને શાસ્ત્રો ભણાવવાના છે. તો તું એમને વાચનાઓ આપ."

"ભલે સાહેબ" શિષ્યે સ્વીકારી લીધું બસ, પછી એ વિદ્વાન મુનિ વહેલી પરોઢથી તે રાત સુધી વાચનાઓ આપવામાં, અર્થાત્ અધ્યયન કરાવવામાં પડી ગયા. તેથી બીજા વિચારનો સમય જ નથી એટલે ખોટા વિચાર બંધ થઈ ગયા. નવરા પડે તો મોહના વિચાર આવે ને ? રાતના થાક્યા પાક્યા ઘસઘસાટ ઊંઘી જાય છે, પછી પરોઢિયે જાગ્યા કે વાચનાનું કામ ચાલુ જ છે. મોહને ઊઠવાની જગા જ ક્યાં છે ?

સંસારી ગૃહસ્થને પણ અધ્યયન-પ્રવૃત્તિ આ લાભ કરી આપે છે. એ માટે તો મોટા પેથડશાહમંત્રી **'ઉપદેશમાળા'** શાસ્ત્ર ગોખતા હતા. એટલી ફુરસદ ક્યાંથી કાઢી ? કહો, પોતાના મુકામેથી રાજદરબારે જતી વખતે રસ્તામાં પાલખીમાં બેઠા બેઠા ગોખવાનું કરતા હતા. અધ્યયનથી મનમાં ફજુલ વિચારો અટકાવાય, એટલું જ નહિ કિન્તુ કામની વાસનાના વિચાર પણ અટકાવી શકાય. માત્ર ૩૨ વર્ષની વયે જીવનભરનું બ્રહ્મચર્ય ઉચ્ચરી લેનાર પેથડશાહને એ પાળવું હતું તે શી રીતે પળે ? કહો, ચિત્તને અધ્યયનમાં અને અધ્યયન કરેલાનાં પારાયણમાં રોકી રાખવાથી એ બને એટલે એમણે ૫૦૦ ઉપર ગાથાની ઉપદેશમાળા ગોખવાનું અને એનું પારાયણ કરવાનું રાખેલું.

અધ્યયનથી નવું નવું જ્ઞાન પ્રગટ થાય છે, ને આપણે કેવળજ્ઞાન યાને અનંતજ્ઞાન પ્રગટ કરવા સુધી પહોંચવાનું છે, તો અધ્યયનમાં સંતોષ વાળીને કેમ બેસાય ?

**જાપના લાભ :**

એમ જાપમાં સંતોષ એટલા માટે નહિ વાળવાનો કે (૧) **પાપની વાતોમાં રખડતા રહેતા ચિત્તને પવિત્ર વાત-વસ્તુમાં રમતું કરવું છે, ને તે ચિત્તને જાપ-અક્ષરોમાં પરોવાયેલું ને પરોવાયેલું રાખવાથી થાય.**



અક્ષરો બોલીને યા વાંચીને જાપ કરનારને મન એમાં રોકાઈ રહેવાનો અનુભવ થાય છે. બાહ્ય વાતોના ઉકળાટમાં ઊકળતા મનને આ રીતે જાપમાં શાંત કર્યાનો અનુભવ થાય છે, અને મનની શાંતિ એ માનવ જીવનની એક મહાન ઈષ્ટ વસ્તુ છે. જો જાપથી મનઃશાંતિ મળતી હોય, તો એ જાપમાં સંતોષ વાળવાનો શાનો હોય ? ઈલાતીપુત્ર આ સમજનારો છે, અનુભવ કરનારો છે; એટલે અધ્યયન અને જાપ વગેરેને મૂકી ફજુલ વાતોચીતો ને વાસનોત્તેજક વાત-વસ્તુમાં શા માટે મન ઘાલે ? એટલે જ એનું મન વૈરાગ્યથી ભર્યું ભર્યું રહે છે. એમાં ગૃહસ્થને યોગ્ય શાસ્ત્રોનાં અધ્યયન તથા મહાન પુરુષોનાં ચરિત્રોનાં અધ્યયનથી ઈલાતીપુત્રના આત્મામાં ગુણોનો સંચય થતો જાય છે.

સમજદાર માણસ ગુણોને પસંદ કરે છે, ત્યારે બિનસમજદાર મૂર્ખ માણસ દોષોને જ સંગ્રહે છે. આ હિસાબે જોતાં દેખાશે કે જો આપણે ગુસ્સો-અભિમાન-લોભ, ઈર્ષ્યા-મદમાયા, જૂઠ-અનીતિ વગેરે દોષોને જ આવકારીએ છીએ, તો એ આપણી સમજદારી નથી, પરંતુ મૂર્ખતા જ છે. કેમકે આપણા આ ગુસ્સો-અભિમાન-મદ-માયા-જૂઠ-અનીતિ વગેરેને કોઈ સારા ગણતું નથી. બીજાની સામે ગુસ્સો કરો તો એનું મોં બગડી જશે. પરંતુ જો ક્ષમા કરો, શાંતિ સમતા દેખાડો તો એ રાજી થશે. **ગુસ્સાખોર પણ બાપને છોકરા કેવા ગમે છે ? પોતાની સામે ગુસ્સો કરનારા નહિ. ક્ષમા સમતાદિ ગુણવાળા ગુણિયલ દીકરા ગમે છે. ક્રોધ ભરેલા પતિનેય પત્ની કેવીક ગમે છે ? ગુણિયલ, શાંત સ્વભાવી જ.** એ બતાવે છે કે બીજાઓ પ્રત્યે ગુણિયલ વ્યવહાર રાખો તો તમને જશ મળે છે, લોકપ્રિયતા મળે છે. આ કોણ રાખી શકે ? સમજદાર માણસ જ રાખી શકે, દુનિયાની સામે દોષથી વર્તનાર અપ્રિય થાય છે. એવું કરનાર એ શું સમજદાર ગણાય ? તેમ પોતાના દોષથી બીજાને અપ્રિય થનાર અણસમજુ છે, મૂર્ખ છે.

ઈલાતીપુત્ર આ સમજતો હતો, તેથી એણે ગુણોનો સંગ્રહ કરવાનું અને દોષોથી દૂર રહેવાનું રાખેલું. વિશેષમાં, જેમ રાગીને શરીર-સુખોમાં આગળ વધવાની ધગશ રહે છે, એમ એ વિરાગી હોવાથી એને આત્મહિતોમાં આગળ વધવાની લગન રહેતી, તેથી એ આત્મહિતોમાં કેમ આગળ વધાય એ શોધતો જ રહેતો. એ માટે એ સુભાષિતો મેળવી વિચારતો રહેતો, એમાં એને એક સુભાષિત આ મળ્યું,-

**યોગીનું કુટુંબ :**

૧ **धैर्यं यस्य पिता**, ૨ **क्षमा च जननी**, ૩ **शान्तिश्चिरं गेहिनी**,
૪ **सत्यं सुनुरयं**, ૫ **दया च भगिनी, भ्राता** ૬ **मनःसंयमः ।**

७ **शय्या भूमितलं, ८ दिशोऽपि वसनं, ९ ज्ञानामृतं भोजन-**
**मेते यस्य कुटुंबिनो वद सर्वे ! कस्माद् भयं योगिनः ॥**

અર્થાત્ જે યોગીજનને ધૈર્ય એ પિતા છે, ક્ષમા એ માતા છે, તેમજ દીર્ઘજીવી શાન્તિ એ પત્ની છે, તેમજ સત્ય એ પુત્ર છે, દયા એ ભગિની છે, તેમજ મનઃસંયમ એ ભાઈ છે, ભૂમિતલ એ પથારી છે, દિશાઓ એ વસ્ત્ર છે, તથા જ્ઞાનરૂપી અમૃત એ ભોજન છે, જે યોગીને આ બધા કુટુંબીઓ છે, એ યોગીને, હે મિત્ર ! તું કહે, શાનો ભય હોય ?

આ સુભાષિત મળવાથી તો એ રાજીનો રેડ થઈ ગયો ! જાણે એક નિધાન મળ્યું ! એ વિચારે છે કે 'યોગીને માટે જેવા કુટુંબીઓ બતાવ્યા છે, એ જ મારા માટે કુટુંબી બનાવી શકું છું, અને તેથી ભયમુક્ત રહી શકું છું.'

**(૧) ધૈર્ય એ પિતા છે :**

સંસારના બાળકને પિતા રક્ષણ આપે છે તેથી બાળકને ભય નથી રહેતો. એથી વધુ રક્ષણ મને ધૈર્ય આપે છે; કેમકે ગમે તેવા પ્રસંગમાં માણસને રક્ષક પાસે છતાં જો ધૈર્ય નથી તો એને ભય રહ્યા કરે છે. એથી ઊલટું રક્ષક પાસે નથી છતાં જો હૈયામાં ધૈર્ય છે તો કોઈ ભય નથી રહેતો. માણસ કેટલુંક તો કાંઈ ભય ન આવવાનો હોય તો ય પહેલેથી ભયની કલ્પના કરીને મરે છે ! ભયભીત થાય છે કે 'શું થશે ! આવું તો નહિ બને ?' કેમ ભય ? કહો, ધૈર્ય નથી, હિંમત નથી કે 'આવવા દો, જે આવવું હોય તે. આવવું હશે તો બેઠો છું સહી લેવા.' એમ દિલને ધૈર્ય જોઈએ, સ્વસ્થતા જોઈએ, કલેજુ શાંત જોઈએ, આકુળ-વ્યાકુળ નહિ, તો એને કશો ભય નહિ. નહિતર આમેય જો કર્મ-સંજોગે અનિષ્ટ આવવાનું જ હશે, તો તે પહેલાં ગમે તેટલી આકુળતા-વ્યાકુળતા કરી હશે 'શું થશે ? શું થશે ?' એમ ગમે તેટલી કાયરતા-ડરપોકતા કરી હશે, તો પણ આવવાનું તે આવવાનું જ છે; તો પછી નકામી વ્યાકુળતા અધીરાઈ શા માટે કરવી ?

હિસાબ આ છે,- 'ધૈર્ય રાખો, અધીરાઈ ન કરો, હિંમત રાખો, આપણે તો હિંમતથી-ધૈર્યથી આપણા કર્તવ્ય-માર્ગ પર ચાલ્યા કરવાનું, પૂછો,-

**પ્ર.**- પણ અધીરાઈનો સ્વભાવ જ પડી ગયો હોય, મનમાં ભય લાવવાની કુટેવ જ પડી હોય, તો એ કેમ અટકે ?

**ઉ.- અટકે, ભગવાનને કેસ સોંપી દેવાથી ભય અટકે.**

ભય ઊઠે કે તરત વિચારવાનું,- 'અરે ! મારા માથે અરિહંત છે મારે ભય શાનો ?' પ્રભુને પ્રાર્થના કરવાની,-'પ્રભુ ! મારે તારો જ આશરો છે, તારું જ શરણ છે, તું મારું સારું જ કરનાર છે એવો મને પાકો વિશ્વાસ છે. મારો કેસ તને



સોંપું છું. મારે કશું બીવાનું નથી. તારા પ્રભાવે સૌ સારા વાનાં જ થવાનાં'

ધૈર્ય રાખવા માટે, અધીરાઈ આકુળ વ્યાકુળતા અટકાવવા માટે શું શું કરવાનું ? આ, કે

(૧) અરિહંત ભગવાનનું વારે વારે શરણું લેવું, એમના જ પ્રભાવની પ્રાર્થના કરવી.

(૨) કર્મ અને ભવિતવ્યતાના અકાટ્ય સિદ્ધાંત પર તથા અરિહંતના અચિંત્ય પ્રભાવ પર શ્રદ્ધા રાખવી-વધારવી.

(૩) કદાચ તેવા સંજોગોમાં લૂંટાવાનું આવ્યું તો, 'તે બહારનું લૂંટાવાનું છે. આંતરિક આપણી શુભ ધર્મ-લેશ્યા, ધર્મ-શ્રદ્ધા, દેવાધિદેવ પર પ્રેમ,... વગેરે આપણી આંતરિક આધ્યાત્મિક સંપત્તિ કશી લૂંટાવાની નથી,'- આ મોટું આશ્વાસન રાખવાનું.

(૪) અનિષ્ટ આવે તો એમાં અશુભના ઉદયના રોદણાં નહિ, કિન્તુ કર્મક્ષયની મહાન તક સમજી એને વધાવી લેવી, "કર્મ ખપાવાનો અવસર એહવો ફરી નહિ મળશે, ઓ પ્રાણી રે..."

ઈત્યાદિ ઈત્યાદિ વિચારણાથી ધૈર્ય કેળવી શકાય. એથી નિર્ભયતા રહે. એમ ધૈર્ય આપણને પિતાની જેમ નિર્ભય રાખે છે; માટે ધૈર્ય એ પિતા છે. ત્યારે

**(૨) ક્ષમા એ માતા છે. :**

જેમ માતા બાળકને બધી રીતે સંભાળે છે, એમ ક્ષમા એ જીવને બધી રીતે સંભાળે છે. કુદરત જાણે કહે છે 'તું ક્ષમા રાખ, બાકી બધું અમે સંભાળી લઈશું.' ત્યારે મનને થશે,-

**પ્ર.**- પણ અમારા પૈસા લૂંટી જાય તો ય ક્ષમા ?

**ઉ.**- હા, સુવ્રતશેઠ પોષધમાં હતા, ને ચોરોએ એમની નજર સામે માલના પોટલા બાંધી માથે ઉપાડ્યા છતાં શેઠ ક્ષમા-સમતા રાખી પોતાના ધ્યાનમાં બેઠા છે, તો શાસન-દેવતાએ ચોરોને થંભાવી દીધા ! પૂછો,-

**પ્ર.**- પણ જેને સુવ્રતશેઠ જેવું પુણ્ય ન હોય યા સત્ત્વ ન હોય કે દેવતા રક્ષણમાં આવે, તો એ શું કરે ?

**ઉ.**- ભલે એ રક્ષણના યોગ્ય ઉપાય કરે, પરંતુ ક્રોધથી ધમધમવાની જરૂર નહિ. ધમધમવાથી કાંઈ બચાવ નથી મળતો. બાકી ક્રોધમાં તો ઘણાં કામ બગડે છે, સામાનો આપણા પરનો સ્નેહ-સદ્ભાવ ઘવાય છે. ક્ષમા લાંબે ગાળે સુંદર પરિણામ લાવે છે. ક્ષમાને બદલે ક્રોધના સ્વભાવમાં તો કેઈકને સગી પત્ની કે પુત્ર સાથે જીવનભરના સંબંધ બગડી ગયા. કહો, એ જીવન હારી ગયા. જરાક ક્ષમાનો

અભ્યાસ પાડો, મીઠાં ફળ દેખાશે. કદાચ વર્તમાનમાં અશુભકર્મયોગે મીઠાં ફળનો લાભ ન દેખાયો, તો પણ ક્ષમા રાખવાથી કમમાં કમ પરલોકની દૃષ્ટિએ પોતાના આત્માનું બગડશે નહિ. બાકી અહીં પણ ક્ષમા-સૌમ્યતાથી આંતરિક સુખનો અનુભવ થશે. ક્ષમા એ માતા છે. ત્યારે

**(૩) ચિરકાળ શાન્તિ એ પત્ની છે :**

મનમાં જો લાંબો કાળ શાન્તિ પકડી રાખો, તો એ સારી પત્નીનું કામ કરે છે. સારી પત્ની શું કરે છે ? પતિને હુંફ આપે છે. પરંતુ પત્નીથી પતિને જે હુંફ રહે છે, એના કરતાં અધિક હુંફ આ સ્થાયી શાન્તિથી રહે છે. યોગી જેવા પુરુષો જીવનમાં શાંતિ રાખી આ અનુભવ કરે છે. મનને નક્કી કર્યું છે કે 'આજ સુધી મૂઢ રહી અશાન્તિ અનંતા કાળ ભોગવી, બસ હવે આ બુદ્ધિના જનમમાં શાન્તિ જ રાખવી છે,' પછી આ શાન્તિથી ગમે તેવા પ્રસંગમાં મનને હુંફ રહે છે.

**(૪) સત્ય એ પુત્ર છે :**

સારો પુત્ર પિતાની ભારે સગવડ-સેવા-સમર્પણ સાચવી, એમને સારી નિશ્ચિન્તતા આપે છે, એમ સત્યથી જીવ નિશ્ચિન્ત રહે છે. સત્ય તો જીવને બહારની સારી સગવડો કરતાંય અધિક સુખ-શાંતિ આપે છે. કદાચ બાહ્ય સગવડ નથી છતાં જો નિર્ધાર છે કે સત્યના માર્ગે જ ચાલવું છે, તો એને ભારે સુખશાન્તિ છે, કશો ઉકળાટ નથી.

**(૫) દયા એ બહેન છે :**

બહેન ભાઈને કેટલીય બાબતોમાં દિલની લાગણી બતાવે છે, સારી સલાહ આપે છે, હુંફ-આશ્વાસન આપે છે, એમ દયા અને જીવો પર કરુણાભાવ જીવને સાચી સલાહ આપે છે, સારી સદ્‌ગતિ મળવા વગેરેની હુંફ-આશ્વાસન આપે છે. માટે કહો, આ દયા જ સાચી ભગિની છે.

**(૬) ભ્રાતા મનઃસંયમ છે :**

મનનો સંયમ એ ભાઈ છે. ભાઈ દુઃખમાં સારો આશરો બની રહે છે, દુઃખ ઓછું કરે છે; એમ સંયમ-મનોનિગ્રહ દુઃખ ઓછું કરે છે. ગમે તે દુઃખ આવ્યું હોય ત્યાં મન પર સંયમ મૂકી દો, તો દુઃખમાં એક આશરો બની રહે છે.





**સં**યમ મનને લાગતા દુઃખને ઓછું કરે છે. દા.ત. મોંઘવારીમાં રોજ મીઠાઈ ન મળવાનું દુઃખ છે, પણ મન પર સંયમ મૂકી દેવાય, તો એ દુઃખ જ નહિ લાગે. ઊલટું એમ થશે કે 'હાશ ! સંયમરૂપી ભાઈ સારો મળ્યો, તે મીઠાઈ ન મળ્યાનું દુઃખ નથી લાગતું. પરંતુ મીઠાઈ-ત્યાગનો લાભ મળ્યાથી આનંદ થાય છે. યોગી-જનોની આ વડાઈ છે કે દુનિયા જ્યાં દુઃખ માની પોક મૂકે છે, ત્યાં યોગી આ ત્યાગ યાને સંયમ રાખી મસ્ત રહે છે ! આનંદ માને છે કે 'હાશ ! ત્યાગથી સંયમથી પાપકર્મ બંધાતા અટક્યા અને સંયમના શુભ ભાવથી પુણ્યાઈ કમાવાનો મહાન લાભ મળ્યો !'

**(૭-૮) ભૂતળ એ શય્યા : દિશા એ વસ્ત્ર :**

વળી યોગીજન જમીન તળને જ પોતાને સુવાની શય્યા માને છે ! દિશાઓને જ કપડું બનાવે છે ! જ્યાં જમીનને જ શય્યા અને દિશાઓને જ વસ્ત્ર માન્યા, ત્યાં પછી 'પથારી પાતળી આવી, જાડી ન મળી, વસ્ત્ર સુતરાઉ મળ્યા રેશમી ન મળ્યા,'... વગેરે અફસોસી કરવાની ક્યાં રહે ? અથવા 'હાય ! સારી પથારી સારાં વસ્ત્ર નહિ મળે તો ?' એવો ભય રહે જ શાનો ? વળી યોગી જનોની એક મહાન વિશેષતા આ છે,-

**(૯) 'જ્ઞાનામૃતં એ ભોજનમ્' :**

યોગીને જ્ઞાનરૂપી અમૃત એ જ ભોજન છે. જોજો મોટા યોગીઓ જ જ્ઞાનામૃતને ભોજન સમજી શકે એવું નથી, પરંતુ આજે પણ સાહિત્ય-રસિકો સાહિત્યના સંશોધન-વાંચન-ચિંતન-લેખનમાં એટલો બધો રસ રાખતા હોય છે, કે એમને ય ભોજનની એવી તમન્ના હોતી નથી. સાયન્સની શોધો કરનારાની પણ એવી જ દશા હોય છે. પોષધમાં રહેનાર પૂર્વના શ્રાવકો સ્વાધ્યાયમાં એવા લીન બની જતા કે એમને ય જ્ઞાનામૃત એ જ ભોજન બની જતું, તે ભૂખનું ભાન જ નહિ. ત્યારે સંયમને અર્પિત બની ગયેલા સાધુને તો જ્ઞાનામૃત એ જ સાચું ભોજન બની જાય એમાં શી નવાઈ ? કેમકે એ તો સમજે જ છે કે 'પાપ-વિચારોથી બચવું હોય તો સ્વાધ્યાય એજ એક ઉપાય છે; માટે શાસ્ત્રોના જ્ઞાન-ધ્યાનમાં રચ્યા પચ્યા રહેવું.' ત્યાં પછી ખાવાનું શાનું યાદ જ આવે ?

જે યોગીઓએ પોતાના કુટુંબીઓમાં ધૈર્ય એ પિતા, ક્ષમા એ માતા,... દયા એ બેન,... વગેરે રાખ્યા છે, અને જેમને વાચના-પરાવર્તનાદિ જ્ઞાનામૃત એ ભોજન છે, એવા યોગીઓને કશી વાતનો ભય શાનો હોય ? અરે ! જીવનનો

સાચો આનંદ જ એમને આ ધૈર્ય-ક્ષમા વગેરે રાખવામાં હોય છે.

પેલો ઇલાતીપુત્ર સુભાષિતોમાં આ બધું સાંભળેલું, ભણેલો, એટલે એને એના જીવનમાં દુન્યવી વિષયો કે દુન્યવી કુટુંબ પર શો રાગ થાય ? એવો રાગે ય નહિ ને એવી પ્રવૃત્તિ પણ નહિ.

જુઓ અહીં ધ્યાનમાં લેવા જેવું છે કે આવો સહજ વૈરાગી ઇલાતીપુત્ર નટડીમાં લોભાઈ જાય છે એ કાંઈ એમ ને એમ નથી બનતું, પરંતુ એના પિતાનું ઊંધું વેતરણ એનું પતન કરાવે છે. એટલે નટડીમાં મોહી પડતા પહેલાની સ્થિતિ શી બની તે જાણવું જોઈએ. સ્થિતિ આ થયેલી,-

**બાપ છોકરાને કેવો ઈચ્છે છે ? :**

બને છે એવું કે એના પિતાને આનો વૈરાગ્ય ખટકવા માંડ્યો ! બાપ ધર્મી હોય એને તો એ દુઃખ થાય કે "હાય ! મારો દીકરો મંદિરે નથી જતો ! સાધુ પાસે નથી જતો ? કોઈ વ્રત નિયમ ન કરે ?" ત્યારે ઇલાતીપુત્રના બાપને આ દુઃખ થાય છે કે "હેં ! આ છોકરો સારાં ખાનપાન કે સારાં કપડા લત્તા વગેરે કશામાં રસ લેતો નથી ? હેં ? કોઈની સાથે કશી પ્રેમ-ગોષ્ઠી ય કરતો નથી ? અરે ! છોકરીઓની તો સામું ય જોતો નથી ? હાય ! એનું શું થશે ? લો જુઓ ગામમાં સાધુ મહારાજ આવ્યા તો જઈ જઈને એમની પાસે બેસવાનું એને સૂઝે છે ! પરંતુ કોઈ સગા વહાલા કે સ્નેહી સંબંધી સાથે વાતચીત એને સૂઝતી નથી ! વળી જો એને રંગરાગ વગેરે કશામાં રસ નહિ, તો આ મારી મોટી મિલકત શા કામની ? અને કોણ ભોગવશે ? લાવ, છોકરાને વિષયોમાં રસ લેતો કરું..." **બાપ આ કેવાંક ઊંધા વેતરણની ઈચ્છા કરે છે !**

સંસારના દલાલોની આ ખોટી વિષમતા છે ! અનંત અનંત કાળથી જીવ વિષયોના કારણે તો સંસારની ૮૪ લાખ યોનિઓનાં ચક્કરમાં ભટક્યા કરે છે, એવા પુત્રને ધર્મ પમાડવાની અને વિષયરંગ છોડાવવાની વાત તો દૂર, પરંતુ જે પુત્રને ધર્મ જ ગમે છે અને વિષયો અકારા લાગે છે, એવા પુત્રને આ સંસારનો દલાલ બાપ ધર્મ ભુલાવી દે એવા વિષયરંગમાં જોડવા ઈચ્છે છે !! કેટલું બધું આ દુઃખદ !!

પછી બાપ આટલું વિચારી બેસી ન રહ્યો પરંતુ એ એવા વિષયરસિયા અને મવાલી જેવા જુવાનિયાઓને બોલાવીને કહે છે,-

**બાપનું ઊંધું વેતરણ :** "જુઓ ને ભાઈઓ ! આ મારો ઇલાતીકુમાર સ્ત્રી-વિષયો વગેરે કશા વ્યવહારમાં સમજતો નથી. ઘરે કેવા ઉમદા ખાનપાન-વસ્ત્ર-દાગીના બધું છે, પરંતુ આને કશામાં એને રસ નહિ ! કોઈ સારી છોકરી સાથે વિવાહની વાત લાવીએ તો એમાં ય એને રસ નહિ ! કશા સાંસારિક વ્યવહારમાં



એને રસ નહિ ! આ તે કેવો દાધાબળ્યો પાક્યો છે ! તો તમે એને વ્યવહારમાં રસ લેતો ન કરો ? એ માટે તમારે પૈસા જોઈએ તે લઈ જાઓ. એમાં કશો સંકોચ રાખશો નહિ, પણ ગમે તેમ કરી એને વ્યવહારકુશળ કરો. બોલો બનશે ને ?"

પેલા ગોઠિયા કહે, "ઓહો ! જરૂર જરૂર કાકા ! એમાં શું મોટું મહાભારત કામ છે ! આ તો અમારી હોશિયારી જ છે. એને બરાબર વ્યવહાર સમજતો કરી દઈશું. કાકા જરાય ફિકર કરશો નહિ. તમે જોજો ને ? થોડા જ દિવસમાં તમારો ઇલાતીપુત્ર કેવો સરસ સમજદાર બની ગયો છે." પછીથી બાપે ઇલાતીપુત્રને બોલાવી કહ્યું, "જો, આ સારા સજ્જન માણસો છે એ તારી મિત્રતા ચાહે છે. તો એમને તારો સંપર્ક આપજે. એમને તારી પાસેથી સારું શીખવા મળશે." પેલા ગોઠિયા ય કહે 'હા, હા, ઇલાતીપુત્રભાઈ ! અમારે તમારી પાસેથી ઘણું શીખવું છે.'

ઇલાતીપુત્ર બહુ ગુણિયલ છોકરો છે એટલે દાક્ષિણ્ય ગુણને લીધે બાપનું વચન ઉપાડી લે છે, ને બાપને કહે છે,- 'ભલે બાપુ ! જેવી તમારી આજ્ઞા ! બસ, દુષ્ટ બાપે એને ગોઠિયાઓને વળગાડી દીધો.

**બાપે આ શું કર્યું ? :**

કહો, બિલાડીને દૂધ ભળાવ્યું કે 'તું આની સંભાળ કરજે.' બોલો જો, બિલાડી શું દૂધની સંભાળ કરી એને સાચવશે ? કે દૂધને પી જ જશે ?

અરે ! સમજોને કે કોઈ માતા પોતાની સીધી લાઈનની અને શીલના ચુસ્ત નિયમો પાળનારી દીકરીને પોતાના માનેલા વ્યવહારમાં કુશળ બનાવવા કોઈ લબાડ જેવી છોકરી કે બાઈને ભળાવે, તો એ લબાડ બાઈ આ સુશીલ કન્યા પાસેથી કાંઈ શીખવાની ? કે કન્યાને લબાડીમાં જ પાડી દેવાની ?

એમ અહીં મવાલી ગોઠિયાઓ ઇલાતીપુત્ર પાસેથી એના વૈરાગ્યાદિ ગુણોનું શું શિક્ષણ લેશે ? કે પેલા આના ગુણોનું ભક્ષણ કરી જશે ? ગુણોનો નાશ કરશે ? ગોઠિયાઓ જેવા તેવા નથી હોં, સાતે વ્યસને પૂરા છે, વેશ્યાગામી લબાડ છે. એ મહાગુણિયલ ઇલાતીપુત્રને વિશેષ ગુણિયલ બનાવશે ? કે છતાં ગુણોને વિસરાવી દઈ ઇલાતીપુત્રને દોષોનો માલિક બનાવશે ? સારી પણ કેરી કાંદાના કરંડિયામાં મૂકાય તો વિશેષ સારી સુવાસિત અને સુંદર મીઠા રસભરી થાય ? કે બગડી જ જાય ? મહાગુણિયલ દીકરાને શરમમાં નાખી લબાડ માણસોના સંપર્કમાં મૂકનાર બાપ કેવો ગણાય ? દયાળુ ? કે ક્રૂર ઘાતકી ? સારો સજ્જન ? કે મહાદુર્જન ? ગ્રંથકાર એને દુષ્ટ તરીકે ઓળખાવે છે.

આજે કેટલાય માબાપ છોકરાને નાનપણમાં લાડ લડાવ્યા પછી પસ્તાય છે કે 'અમે ક્યાં મોહમાં ફસી આને લાડ લડાવ્યા ને એથી છોકરા બગડી ગયા ! કેવી

અમારી મૂઢતા ! મૂર્ખતા ! દુષ્ટતા !'

પેલા મવાલી મિત્રો હવે શું કામ બાકી રાખે ? ઈલાતીપુત્રને સંસારના વિષયોનું પીરસ્યે રાખે છે.

ત્યારે ઈલાતીપુત્ર મવાલી મિત્રોની આવી સંગતે બગડવા મંડ્યો ! તે ત્યાંસુધી કે એક વાર વસંતઋતુમાં બહાર ઉદ્યાનમાં મિત્રો સાથે ગયેલો, ત્યાં એક લંખિક નામનો નટમંડળીનો માલિક આવેલ છે. એની કન્યા નટડી બનેલી તે નૃત્ય કરતી હતી તેનું સૌંદર્ય અને નૃત્ય વખતના અંગોપાંગના હાવભાવ જોઈ ઈલાતીપુત્ર મોહી પડ્યો. આત્મામાં અનાદિના રાગના ને મોહના સંસ્કાર સૂતેલા તો હતા જ એમાં ખરાબ મિત્રોના સંપર્કથી એ જાગવા માંડેલા, એમાં અહીં ખરાબ દર્શન મળ્યું ને વિશેષમાં એને પૂર્વભવે નટડી સાથેનો કોઈ રાગ-સંબંધ, તે અહીં નટડીને જોતો ઉદ્યાનમાં બેસી જ પડ્યો ! હવે તો મિત્રો કહે છે તો ય ઊઠતો નથી ! પછી મિત્રોએ માંડ માંડ સમજાવ્યો કે 'ભાઈ ! ઘરે તારા માતા પિતા તારી ચિંતાથી બહુ દુઃખી થતા હશે' ત્યારે તે ઊઠીને ઘરે આવ્યો; પરંતુ એ શૂનમૂન છે.

મવાલી મિત્રોએ એના પિતાને સમજાવી દીધા કે 'કાકા કામ પતી ગયું છે. નટડીના નૃત્યમાં એટલો બધો મોહિત થઈ ગયેલો કે ઊઠાડ્યો ઊઠે નહિ ! બોલો એને કેવો વ્યવહારકુશળ કર્યો હશે ? લો હવે એ સ્ત્રી અને વિષયોમાં રસ લેતો થઈ ગયો છે. લાવો ઈનામ,' બાપે મોટું ઈનામ આપી મવાલી-મંડળી રવાના કરી, અને પોતે રાજીનો રેડ થઈ ગયો કે 'ચાલો સરસ કામ થઈ ગયું ! હવે એ બધી મૂડી સંભાળશે, અને ભોગવશે. છોકરો સરસ નટડી-નૃત્ય જોવાનું મૂકીને આવવું પડ્યું એટલે દુઃખી થઈ ગયો દેખાય છે. એ સૂચવે છે કે એને હવે સ્ત્રીનો રસ જાગી ગયો છે !' ભલા આદમીને ખબર નથી કે તને જ આ ભારે પડશે ! છોકરો ગુમાવીશ ! પ્રતિષ્ઠા ગુમાવીશ.'

માણસને પરલોકનાં નુકસાન તો પછી, પરંતુ આ જીવનમાં પણ આવા મહાન નુકસાન આવવાની ખબર નથી પડતી, તેમજ રાગ અને મોહના અંધાપામાં એ ભાવી મહા અનર્થ એની કલ્પનામાં આવી શકતા નથી. પછી એને રાગ-મોહની ચેષ્ટાના પરલોકના મહાભયંકર અનર્થ એની કલ્પનામાં આવે જ શાના ? જીવનમાં નાટક-ચેટક, અભક્ષ્ય-ભક્ષણ, રાત્રિભોજન, મહાપવિત્ર તિથિના દિવસે પણ ખાનપાનની ઉજાણી, પરસ્ત્રીઓ સામે આંખ મારવી, ખરાબ ભાવના કરવી, મહાપાપના ધંધા કરવા, જૂઠ-અનીતિ ધૂમ ચલાવવી,... વગેરે પાપોના પરભવે કેવા ભયંકર નતીજા ! એનો વિચાર જ કરવાની ફુરસદ નથી ! લો, આવા માણસો જૈન ધર્મ પણ પામ્યા એની એમને શી કદર ? શો લાભ ? આ પરથી



સાવધાન બની જવા જેવું છે.

**પ્ર.**- અનાદિના રાગ અને મોહના સંસ્કાર જીવને ગમ તેવા ખરાબ આચરણના માર્ગે તાણી જવા માગતા હોય, ત્યાં શે બચાય ?

ઉ.- એ બચવાનો એક માર્ગ આ છે કે આ યાદ કરવું કે

**''सुलब्धं मेऽद्य मानुष्यं यत्प्राप्तं जिनशासनम् ।''**

**અહો ! મને ઉત્તમ આર્ય માનવ અવતાર ઠીક મળી ગયો કે એમાં મને આરાધના માટે જિનશાસન મળી ગયું.**

- આ વિચાર ખાસ કરીને વહેલી સવારે પરોઢિયે ગંભીર બનીને મનમાં લાવવો જોઈએ, અને એમાંથી આરાધનાની ભવ્ય પ્રેરણા-ઉત્તેજના મેળવવી જોઈએ, જેથી દાન-શીલ-તપ-ભાવના ધર્મમાં જોરદાર પુરુષાર્થ પ્રગટ કરી દેવાય; અહિંસા-સંયમ-તપ-ધર્મમાં લાગી પડાય; સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર-ધર્મમાં અને ક્ષમા-મૃદુતા વગેરે યતિ-ધર્મમાં ઓતપ્રોત થઈ જવાય.

સમજી રાખો, જોતજોતામાં એક દિ' આંખો સાવ મીંચાઈ જવાની છે ! પછી સાધનાની તક ખલાસ ! એ તો

**જીવતા છીએ જીવન છે ત્યાં સુધી જ સાધનાની તક છે !** કહેવાય છે ને ? 'આંખ મીંચ્યે ડૂબ ગઈ દુનિયા.' સાધવાનો મહા અણમોલ કાળ જોતજોતામાં પતી જવાનો છે, તો શું સાધના ચૂકાવે એટલા બધા મોહમાં પડી જવાની મહા મૂર્ખાઈ કરવાની ?

બાપ ઈલાતીપુત્ર હવે સ્ત્રીમાં રસ લેતો થયો એની ખુશી ખુશાલી માને છે, પરંતુ પામરને થોડી જ વારમાં રોવાનું આવવાનું છે ! અને ત્યારે એને લાગશે કે હાથના કર્યા હૈયે વાગ્યા ! બગડેલું સુધારવાનું હવે બહુ મોડું થઈ ગયું છે.'

વારંવાર યાદ કરો.

**'આ જીવન સાધના માટે છે. સાધના ન મૂકું.'**

**ધંધો-ધાપો વગેરે ચૂકું એમાં બહુ તો આ એક ભવ બગડે, પરંતુ અહીં ધર્મસાધના મૂકું તો મારા ભવોભવ બગડી જાય. તિર્યંચના દુઃખદ અવતારોની સિરીઝ (હારમાળા) ચાલે.**

બાપે ઈલાતીપુત્રને મોહના રવાડે એવો ચડાવી દીધો કે એ દીકરો હવે ઉદ્યાનમાંથી નટડી અને નટડીના નૃત્ય જોઈને આવ્યા પછી સાવ શૂનમૂન રહે છે, એક દિવસ, બીજો દિવસ, ત્રીજો દિવસ, ઈલાતીપુત્રના જીવનમાં શૂનમૂનતા ને ઉદાસતા છવાઈ ગઈ છે. બાપ પુત્રને કારણ પૂછે છે, 'કેમ આટલો બધો ઉદાસ રહે છે ? શું તારું કોઈએ અપમાન કર્યું છે ? યા તારો કોઈ અપરાધ કર્યો છે ?...'

એમ વારંવાર પૂછવા છતાં પુત્ર મુનિની જેમ મૌન ધરીને બેઠો છે, કાંઈ જ બોલતો નથી, અને રોતડ એ ઊના શ્વાસોચ્છ્વાસ લે છે.

શેઠ ગભરાયો, પેલા મવાલી મિત્રોને બોલાવી પૂછે છે કે 'આ છોકરો કેમ આમ ઉદાસ અને શૂનમૂન બની ગયો છે ?

પેલા કહે 'શેઠ ! બે દિવસ પહેલાં અમે એને ઉદ્યાનમાં લઈ ગયેલા ત્યાં સુંદર નટડી નાચતી જોઈ એ ઠરી ગયેલો, નટડીને જોતો જ બેસી રહેલો, તે ઘરે આવવા તૈયાર નહોતો, પણ અમે માંડ માંડ સમજાવીને એને ઘર લઈ આવેલા. એટલે લાગે છે કે નટડીમાં મન લાગ્યું હોય તેથી શૂનમૂન હોય.'

બાપ કહે 'એને પૂછો તો ખરા કે એમાં આમ એ શૂનમૂન કેમ બની ગયો છે ?' મિત્રો ઈલાતીપુત્રને પૂછે છે તો ય નથી બોલતો; ત્યારે મિત્રો અનુમાન કરીને પૂછે છે 'તો, શું તારે નટડીને પરણવું છે !'

ઈલાતીપુત્ર હા પાડતાં, મિત્રો એના બાપને ઉદાસતાનું આ કારણ કહે છે. બાપ આ સાંભળી શકે ? બાપના દિલને ભયંકર આંચકો લાગી ગયો ! કે 'હાય ! આ શું ? નગરમાં એક ઉચ્ચ કુળવાન મહાન શ્રીમંત હું, મારો દીકરો આટલા બધા ઊંચા કુળનો થઈ આટલે નીચે ઊતરી ગયો ? હલકા કુળના નટની કન્યા પરણવાનો આગ્રહ રાખે છે ? લોકમાં હું આગેવાન થઈને ફરેલો, તે મારી હવે કેવી ફજેતી ? કેવા આબરૂના કાંકરા ?...' હૈયે વેદનાનો પાર નથી. દોડવા તો ગયો હતો કે 'દીકરાને આમ વ્યવહારકુળ અને નારીરસિયો બનાવી દઉં' પણ એમાં હવે પછાડ ખાવાનો અવસર આવ્યો જોઈ પારાવાર પસ્તાવો કરી રહ્યો છે કે 'હાય હાય ! મેં ક્યાં આને મવાલી મિત્રો વળગાડ્યા ?'

માણસ આવા મોટા મનુષ્ય-જનમમાં જો કાંક ધક્કે ચડી ગયો, અને કોઈક સાહસ ઉપાડ્યું, તો પછી ફસામણી જોતાં પસ્તાવો અપરંપાર ! લોહીના આંસુ સારવાનો અવસર આવે છે ! એવું જ અહીં ધર્મની સોનેરી તક ગુમાવી રંગરાગ-ભોગવિલાસ અને કોક જુગાર યા બીજા અજુગતા શોખના નાદે લાગી જતાં પછીથી પછાડ ખાવાનો અવસર આવી લાગે છે ! ને ત્યારે એને સંતાપ પશ્ચાત્તાપનો પાર નથી રહેતો.

બાપ ઈલાતીપુત્રને કહે 'વત્સ ! તું આ કઈ લતમાં ચડી ગયો છે ? તું મહાકુલીન અને મોટા ઘરનો, એ તું હલકા કુળના નટલોકની કન્યા પરણવા ઈચ્છે છે ? શા માટે આવું અકાર્ય કરવા ઈચ્છે ? આ લત પડતી મૂક, હું તને સુંદર રૂપલાવણ્યાદિ ગુણસમૂહથી શોભતી મોટા શેઠિયાઓની તારે જોઈએ એટલી કન્યાઓ પરણાવીશ.'



**ઈલાતીપુત્રની ઈચ્છા :**

એ વખતે ઈલાતીપુત્ર એ સાંભળીને અકથ્ય વેદના સાથે કહે છે,- "બાપુ ! હું આપ કહો છો એ બધું સમજું છું કે 'મારા જેવા કુલીન વણિક શ્રેષ્ઠીના પુત્રને નટની કન્યા પરણવી તે તદ્દન અયોગ્ય જ છે.' પરંતુ હું શું કરું ? મારું મન એ નટકન્યામાં એવું આસક્ત બની ગયું છે, કે હવે કેમે ય કરીને એના પરથી મન ઊઠે એવું નથી. અનુભવીઓ કહે છે,- "જેનું મન જેમાં લાગ્યું હોય એમાં જ એ સુખ માને છે, પછી ભલે એ વસ્તુ માલ વિનાની પણ હોય. દ્રાક્ષ કેટલી બધી સારી ને મીઠી હોય છે ! પરંતુ ઊંટ એને છોડીને કડવી લિંબોળી ટેસથી ખાવા બેસે છે. એમ મારાથી નટડી છોડાય એમ નથી."

**ધર્મીને અધમ વિષયનો આગ્રહ હોય ? ઊંધા વેતરણમાં એમ જ બને.**

**બાપની મૂંઝવણ :**

બાપને એના આ વચનો સાંભળીને ભારે પસ્તાવો થયો કે 'અરેરે ! આ તો મેં જ પેટ ચોળીને પીડા ઊભી કર્યા જેવું થયું ! હાય ! આ મેં કેવુંક અવિચારી કાર્ય કર્યું કે ઈલાતીને એવા મવાલી મિત્રોની સંગતે ચડાવી દીધો ? ને એમાંથી આ કેવુંક ભયંકર કડવું ફળ આવ્યું ? હવે આ છોકરાને કોઈપણ ઉપાયે, આ દુરાગ્રહથી છોડાવવો મુશ્કેલ છે. તેમ એ ભય છે કે જો એને દાબીને નિષેધ જ કરી દઉં કે 'નટડીને નહિ જ પરણાય' તો કોને ખબર એ આપઘાત કરી નાખે તો ? એ વખતે મારી કઈ સ્થિતિ ? એટલે મારે તો હવે 'એક બાજુ વાઘ ને બીજી બાજુ નદી' જેવો ઘાટ થયો. 'આમ જાઉં તો વાઘ ખાઈ જાય, ને આમ જાઉં તો નદી તાણી જાય,' એવી સ્થિતિ થઈ છે. છોકરાને ન તો 'ના' કહેવાય કે ન તો 'હા' કહેવાય. 'ના' કહેવામાં કદાચ, એ આપઘાત કરી નાખે; ને હા કહેવામાં લોકમાં મારે ફટ્ ફટ્ થવું પડે'... એમ વિચારતો બાપ ભારે ઉદ્વેગમાં પડી ગયો છે.

બાપને આમ પરિસ્થિતિ એવી બની છે કે હાથના કર્યા હૈયે વાગ્યાં. પોતે જ છોકરાને વૈરાગ્યથી પાડવા માટેનો પેંતરો ઊભો કરેલો, એમાં પરિણામ ભયંકર આવી ઊભું ! હવે કોને જઈ કહે ?

**દુન્યવી લાલચ જ ખોટી :**

'મારો છોકરો વિરાગી છે તો સાધુ બની આગળ પર મોટો આચાર્ય થાય અને હજારો માણસને પાપના રસ છોડાવી ધર્મરસિક બનાવે !'- એ લાલચ ન થઈ, પણ 'મારો છોકરો મારી મહાન સંપત્તિનો ભોક્તા થાય એ માટે સ્ત્રી અને શબ્દાદિ વિષયોનો રસિયો થાય,'- એ લાલચ જાગી ! એમાં શું પોતાના અને સામાના આત્માનું કલ્યાણ ? કે નિકંદન ?

**આર્ય તો આસ્તિક એટલે કે આત્માને માનનારો હોય, તો એને કેવા કોડ હોય ? શરીરની જાહોજલાલીના ? કે આત્માની જાહોજલાલીના ?**

બાપને હવે બીક લાગે છે કે 'હવે બહુ લંબાવવામાં છોકરો ઇલાતીપુત્ર કદાચ આત્મહત્યા કરી નાખે તો ? એ નટડીનો આગ્રહી બન્યો છે તો એ સહી, પણ જીવતો તો રહી જાય' એટલે બાપે પેલા નટપેટકના માલિક લંખિકને બોલાવ્યો, અને એને જોઈએ એટલું ધન લઈને પોતાની કન્યા ઇલાતીપુત્ર સાથે પરણાવવા માગણી કરી.

લંખિક કહે 'શેઠ ! જુઓ, અમારે કન્યા અમારા વર્ગમાં જ અપાય બીજે આપીએ તો અમારે નાત બહાર થવું પડે છતાં તમારો આગ્રહ છે તો એમ કરો, તમારો દીકરો અમારી જાતમાં ભળે, અમારી સાથે ભોજન લે, અમારી નટકળા શીખે, એમાં હોશિયાર થઈ આ નટના ધંધાથી ધન કમાતો થાય તો એને હું મારી કન્યા જરૂર પરણાવીશ.'

બાપે જોયું કે આ નટ કાંઈ માને એમ નથી એટલે એને વિદાય કર્યો. પછી ફરીથી ઇલાતીપુત્રને સમજાવવાનું કરે છે. એને કહે છે, 'જો ભાઈ ! આ નટકન્યા એમ કાંઈ મળે એમ નથી એ તો ગમે તેટલા પૈસા આપીએ તોય તે આપવા ના કહે છે. એ તો કહે 'અમારી નાતમાં ભળે અમારો ધંધો કરી ધન કમાતો થાય પછી જ કન્યા આપીએ. ત્યારે આપણાથી કાંઈ એવા નીચ કુળમાં કાંઈ ભળાતું હશે ? માટે તું સમજી જા, નટડીનો આગ્રહ મૂકી દે. તને બીજી સારી કુળવાન કન્યાઓ દેખાડું.' બાપ ઘણું સમજાવે છે છતાં ઇલાતીપુત્ર પોતાના નિર્ણયથી પાછો હટતો નથી.

**મોહનીય કર્મ શું કામ કરે છે !** જનમથી જે વિરાગી હતો એને પણ પછાડે છે ! પરંતુ એટલું સમજી રાખો કે કર્મના ઉદય બે જાતના હોય છે,- (૧) સનિમિત્તક કર્મોદય, (૨) નિર્નિમિત્તક કર્મોદય. એટલે કે એક બાહ્ય નિમિત્ત પામીને ઉદયમાં આવનારાં દા.ત. નીચે જોયા વિના ચાલે અને ખાડામાં પડી વાગે, તો એ અશાતાવેદનીય કર્મ ઉદયમાં આવ્યું તે નિમિત્ત પામીને. તેમ અહીં પણ એવું જ બન્યું છે ઇલાતીપુત્રને બાપે મવાલી મિત્રોના સંપર્કમાં પ્રેર્યો એમણે એવી તેવી વાતો કરી એવા તેવા સ્થાનમાં લઈ ગયા, છેલ્લે રૂપાળી નટડીના નૃત્ય જોવરાવ્યા, ત્યાં દબાઈ ગયેલા વાસનાના સંસ્કાર જાગ્રત થઈ ગયા ને મોહનીય કર્મના ઉદય ભભૂકી ઊઠ્યા આ સનિમિત્તક મોહના ઉદય કહેવાય.

આટલા જ માટે જ્ઞાની ભગવંતોએ બ્રહ્મચર્યની નવ વાડ પાળવાનું કહ્યું છે. સિંહગુફાવાસી મુનિ સંયમતપની સાધનામાં ગમે તેટલા જંગે બહાદુર હતા પરંતુ



કોશા વેશ્યાના રૂપને જોયું. વાડ ભંગ કર્યો એ નિમિત્ત સેવ્યું ત્યાં મોહનીય કર્મ ઉદયમાં આવી ગયા. કેટલે સુધી ? તો કે ગરીબડા થઈને વેશ્યાને ભોગની પ્રાર્થના કરવા સુધી પહોંચી ગયા !

વેશ્યાને દીન થઈને કહે 'તો હેં કોશા ! અમે તારે ત્યાં આવ્યા, તો અમને તારા ભોગસુખ ન મળે ? વેશ્યા જબરી હતી, સમજી ગઈ કે સ્થૂલભદ્રજી મહારાજનો ચાળો કરવા આવ્યા હશે, પણ મને જોઈને ટાંગા ઢીલા પડી ગયા લાગે છે, મોહના ઉદયમાં સપડાઈ ગયા છે. એટલે આવી નઠારી માગણી કરે છે. હવે એમને તમાચ પડ્યા વિના શિખામણ ન લાગે. તેથી કહે છે,-

'મહારાજ ! જાણો છો ? અમે તો વેશ્યા, નાણાં સાટે માલ મળે.'

મુનિ ગરીબડા બની કહે છે 'પણ તે હું પૈસા ક્યાંથી લાવું ?'

વેશ્યા કહે 'જાઓ નેપાલ દેશમાં ! ત્યાંનો રાજા નવા સંન્યાસીને સવા લાખ સોનૈયાની કિંમતની રત્નકાંબળ ભેટ આપે છે, તે લાવો.'

મુનિ મનથી એ માટે તૈયાર થઈ જઈને કહે છે, 'લઈ આવું, તો પછી તારા ભોગસુખ મળશે ને ?'

વેશ્યા કહે, 'લાવો તો ખરા ? પછી જોઈશ.'

કેવોક ભારી મોહનીયનો ઉદય ? ચોમાસામાં વરસતા વરસાદે જવું પડે પછી માનો કે ઠેઠ પહોંચ્યા રત્કાંબળ મળી ગઈ તો એનો પરિગ્રહ કરવો પડે. પછી જંગલના રસ્તે એને ક્ષેમકુશળ લઈ આવવા માટે ચોરી છૂપકી અને જરૂર પડ્યે કેવા જૂઠ હલકારવાં પડે ? મહાવ્રતો ભાંગે એનો કશો ભય અફસોસી નથી, એટલો ભયંકર મોહનીય કર્મનો ઉદય નિમિત્ત પામીને જાગ્યો ! ભોગ તો મળશે કે નહિ એ ચોક્કસ નથી, પરંતુ આશા બંધાણી કે 'કાંબલ લાવું તો વેશ્યા રીઝશે પછી અહો અહો આવી રૂપાળી વેશ્યાના કેવાક ભોગસુખ મળશે !!'

પેલા ઇલાતીપુત્રની દશા આવી જ થઈ. બાપે કહ્યું નટ તો એમ ને એમ કે ગમે તેટલા પૈસાથી પણ કન્યા આપવાની ના પાડે છે. એ તો કહે છે, 'અમારી જાતમાં ભળે, નટના ધંધાથી પૈસા કમાતો થાય પછી કન્યા પરણાવું' એમ કહે છે. પણ આપણાથી કાંઈ આવું થાય ? માટે આ આગ્રહ મૂકી દે." તને સારામાં સારી રૂપાળી અપ્સરા જેવી શ્રીમંત કન્યાઓ પરણાવું.' પરંતુ ઇલાતીપુત્ર માનતો નથી. નટડીના કલ્પનાના સુખમાં રૂલી રહ્યો છે. તે નટમંડળી ચાલી જવાની છે એને ખાનગીમાં જઈને ભેગો થઈ ગયો. મંડળીમાલિક લંખિકને કહે 'બોલો તમે મારા બાપાજીને કહ્યું કે બધું કરવા હું તૈયાર છું પછી તો મારી સાથે કન્યા પરણાવશોને ?' લંખિકે હા પાડી, 'હું તને નટકળા શીખવાડીશ, શીખવાડું એ

બધા ખેલ તારે શીખી ઉસ્તાદ થવાનું. ગામેગામ ખેલ બતાવવાના, પૈસા કમાવવાના. એમ સારું કમાતો થાય પછી કન્યા જરૂર પરણાવીશ.'' ઇલાતીપુત્ર એ કબૂલ કરી નટમંડળીમાં દાખઈ થઈ ગયો અને નટકળા શીખવા મંડ્યો.

અહીં જોવા જેવું આ છે કે એક સાંસારિક આશા બંધાઈ કે નટડી આમ મળશે, તો ઇલાતીપુત્ર એટલા ખાતર તો કેટલા બધાં કષ્ટ અને અપયશ સહન કરવા તૈયાર થઈ ગયો ? તો પછી આપણને અનંતજ્ઞાની તીર્થકર ભગવાન આશા આપે છે કે રત્નત્રયીની તાલિમ લો, અને જોરદાર એનું પાલન કરો તો તમને મોક્ષના અનંત સુખ મળશે'' તો આટલી મોટી આશા સફળ કરવા ખાતર આપણી સામાન્ય સામાન્ય પણ ત્યાગ-તપસ્યા પરીસહોનાં કષ્ટ ઉપાડવાની કેટલી તૈયારી ? એમ ગુરુને સર્વાંગીણ આધીન બનવાની અને એમના ઉપલંભાદિ સહવાની કેટલી તૈયારી ?

મહારાજા કુમારપાળ ૧૮ દેશના સમ્રાટ રાજા છતાં ધર્મસાધનાઓ કરી લેવા માટે એમણે કેટકેટલાં ત્યાગ-તપ-પરીસહનાં કષ્ટ ઉપાડ્યા ? શાલિભદ્ર-ધન્યકુમાર મેઘકુમાર વગેરે મહાસુકોમળ છતાં તપ-સંયમનાં કેવાંક ભગીરથ કષ્ટ ઉપાડ્યા ? ઈન્દ્રભૂતિ ગૌતમ મહારાજે ગુરુ મહાવીર પ્રભુને સર્વાંગીણ આધીનતા રાખવામાં પોતાનું અહંત્વ કેવુંક કચડી નાખ્યું ? પોતાના તન-મનની સુંવાળાશ તનની સુખશીલતા અને મનની અનુકૂળતા બુદ્ધિ કેવાક કોરાણે મૂક્યા ? આ બધું શા માટે ? ગુરુનિશ્રાના મહાન ધર્મને સાધી લેવા માટે.

જો નટડીને પોતાની કરી લેવાના તુચ્છ આશયથી ઇલાતીપુત્ર એટલા કષ્ટ ઉપાડી લે છે તો મહા ઊંચો મોક્ષનો આશય જેના હૈયે છે એ ધર્મના કષ્ટ ઉઠાવવામાં કેમ પાછી પાની કરે ?

ઇલાતીપુત્રને પેલો નટ-માસ્તર લંખિક નટના ખેલની કળાઓનું માત્ર માર્ગદર્શન કરે છે એટલું જ અને ઇલાતીપુત્ર એને તરત ગ્રહણ કરી એનો અભ્યાસ કરીને એમાં ઉસ્તાદ થઈ જાય છે. એ વીસેક ફૂટ ઊંચા વાંસ પર ચડીને નટના ખેલ કરતો થઈ ગયો. ગામેગામ નટકળા બતાવતો નટમંડળી સાથે ફરે છે.

તો હવે નટડી પરણવા મળે ? ના, નટડી સસ્તી નથી. એ લંખિકને જ્યાં કહે છે કે, 'હવે તમારા કહ્યા મુજબ નટકળાથી હું ધન કમાતો થઈ ગયો છું તો મને નટડી પરણાવો.' ત્યારે લંખિક કહે 'જરૂર પરણાવું, પણ એક વાર કોઈ મોટા રાજા આગળ નટકળા બતાવી મોટું ઈનામ મેળવ, જેથી લગ્ન નિમિત્તે મોટી ધામધૂમ કરાય, આપણી આખી નાતને જમણ આપી શકાય, અને એમાં તારી શોભા વધે.'





ઇલાતીપુત્ર શું કરે ? નટમાસ્તર પર લગ્નનો બળાત્કાર થોડો ચાલે એવો છે ? કે કોરટમાં થોડો જ જઈ શકે એમ છે ! એને નટડી જોઈએ છે એટલે નટમાસ્તર કહે તેમ નાચવું પડે છે.

જીવને સંસારમાં અર્થ-કામની લાલસા ધાર્યો નચાવી શકે છે, માત્ર ધર્મની વાત આવે ત્યાં ધર્મી જીવ પણ દેવ-ગુરુની સમસ્ત આજ્ઞા ઉઠાવવા તૈયાર નથી હોતો. ગુરુ આગળ પ્રશ્ન કરવા જોઈએ છે કે ધર્મની આવી આવી વિધિ શા માટે ? આટલા બધા કષ્ટમય તપ શા માટે ? શાસ્ત્રમાં આવું આવું કેમ કહ્યું છે ?

**પ્ર.**- સંસારીને સંસાર માટે એવા પ્રશ્ન નથી ઉઠતા ને ધર્મીને કેમ ઊઠે છે ?

ઉ.- સંસારીએ અર્થ-કામને જીવનમાં સર્વસ્વ માન્યા છે એવા ધર્મી જીવે ધર્મને જીવન-સર્વસ્વ નથી માન્યા ત્યાંસુધી ધર્મ ખાતર ગુરુવચન સર્વેસર્વા શાનો કરે ? એટલે જ **ધર્મ સાધવામાં પહેલું આ કરવાનું છે કે ધર્મને અને ધર્મદાતા ગુરુને સર્વેસર્વા જીવન-સર્વસ્વ માનવા,** માટે તો 'જયવીયરાય' સૂત્રમાં 'તવ્વયણ સેવણા' અર્થાત્ ગુરુવચન સેવના માગી.

ઇલાતીપુત્ર એક મોટા શહેરમાં આવી રાજગઢ આગળ રાજાને આમંત્રી નાનો ખેલ ગોઠવે છે. ઊંચા વાંસ પર ચડી એ જ્યારે ખેલ કરતો તાલી ઠોકે છે ત્યારે બરાબર એ પ્રમાણે નીચે નટડી ગળે લગાડેલો ઢોલ બજાવતી ઢોલ પર વળતો રણકો આપે છે. ત્યાં રાજાની દૃષ્ટિ નટડી પર પડે છે એના મનને એમ થાય છે કે 'ઓહ ! શું આ નટડી માનવી સ્ત્રી છે ? કે કોઈ સ્વર્ગમાંથી સરી પડેલી અપ્સરા છે ? શું જગત પર આવું અતિ અદ્ભુત રૂપ હોઈ શકે છે ? આના અતિ સુંદર રૂપ અદ્ભુત રૂપ આગળ તો મારી રાણીઓ કુબડી જેવી લાગે છે, બસ, તો તો પછી આને હાથ કર્યે છૂટકો. પરંતુ જ્યાંસુધી આ નટ ખેલ કરનારો જીવતો છે ત્યાં સુધી મારા હાથમાં શાની આવે ? હા, જો એ નૃત્ય કરતો કરતો ઊંચા વાંસડા પરથી કદાચ નીચે જમીન પર પટકાય, ને મરે તો પછી નટડીને હાથ કરી લઉં.

આવા દુષ્ટ આશયવાળા રાજાને રીઝવી ઇલાતીપુત્ર એની પાસેથી ઈનામની આશા રાખે છે. મળે ઈનામ ? ખેલ તો મજેનો કર્યો. રાજા અને બીજા બધા જોઈને ચકિત થઈ ગયા છે. અને ઈનામ આપવા તૈયાર થઈ ગયા છે પરંતુ ઈનામ રાજા દે પછી દેવાય ને ? એટલે હવે ઇલાતીપુત્ર જ્યાં રાજા પાસે જઈ ઈનામ માગે છે, ત્યાં રાજા કહે 'તેં ખેલ તો કર્યો પરંતુ વીજળીનું નૃત્ય કરી બતાવ, સારું ઈનામ આપું,' ઇલાતીપુત્રને ઈનામ લેવાની ગરજ છે એટલે થાકેલો છતાં ફરીથી ઊંચા

વાંસ પર ચડી એવું નૃત્ય કરી બતાવે છે. પછી પાછો રાજા પાસે ઈનામ લેવા જાય છે. ત્યાં રાજા વિચાર કરે છે કે 'હજી આ ઉપરથી પડીને મર્યો નહિ ? લાવ ફરી નચાવવા દે. એમ વિચારી કહે છે. અહો ! તું તો ભાઈ ! ભારે કલાકાર નટ છે, તો પછી એક વાર નિરાધાર આકાશ નૃત્ય કરી બતાવ ને ? આવા નૃત્ય કરનારા ક્યાં જોવા જ મળે છે ? કર એ નૃત્ય કર, પછી ઈનામ આપું' ગરજુ ઈલાતીપુત્ર એ ય ખેલ કરી બતાવે છે, ખેલ તો ભારે અવ્વલ પણ અહીં જોવો છે કોને ? રાજા વિચારે છે હજી ય આ કેમ પડીને મરતો નથી ? પણ મર્યો નહિ એટલે જ્યાં ઈલાતીપુત્ર ઈનામ માગવા રાજા પાસે ગયો ત્યારે રાજા અફસોસી બતાવતો કહે અરર ! આ જ વખતે મારા મનમાં રાજ્યકર્તાની ચિંતા ઉઠી આવી. ખેલ બરાબર ધ્યાનથી જોવાયો નહિ. માટે હવે છેલ્લી એક વાર તું આ જ ખેલ કર., તને ભરપૂર ઈનામ આપું.' ઈલાતુપ્રર હવે થાક્યો છે થાક્યા પગે ઊંચા વાંસ પર નિરાધાર આકાશ નૃત્યનો ખેલ કરવો એમાં જો પગ સહેજ લથડે તો ઠેઠ ઊંચેથી પડે નીચે ! ને નટના ખેલના બદલે મોતનો ખેલ થઈ જાય. પરંતુ ધન મેળવવાની આશા આ જોખમ કરાવે છે.

જ્ઞાની ભગવંતો કહે છે 'માણસ ધનની ને સુખની આશાથી જ સમર્પણ સાથે જેવો પુરુષાર્થ કરે છે એવા સમર્પણ સાથે જો એવો પુરુષાર્થ ધર્મસાધનાનો જો કરે તો સંસારથી છૂટકારો પામી મોક્ષના અનંત સુખનો માલિક બની જાય. પરંતુ અભાગિયા જીવનું એવું ભાગ્ય ક્યાંથી કે ધર્મસાધના માટે એને આ સમર્પણ અને સાધના સૂઝે ? 'તોડી નાખું તનને ને તોડી નાખું કર્મોને' એવી ધગશ જાગ્યા વિના દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે સમર્પણ અને સાધના મુશ્કેલ છે.

ઈલાતીપુત્ર ધનની આશામાં ચોથી વાર વાંસ પર ચડ્યો છે અને ખેલ કરતાં એની નજર રાજા પર જાય છે તો એ જુએ છે કે રાજાને ખેલ જોવાની તો કાંઈ પડી નથી પણ એ તો નીચે નટડીને એકીટસે જોઈ રહ્યો છે ને ખુશ થઈ રહ્યો છે ત્યાં એ રાજાનો આશય પામી ગયો, વિચારે છે,-

અરે ! અરે ! આ રાજા તો નટડી જોવામાં જ લુબ્ધ બન્યો છે એટલે લાગે છે કે એને કશી ગરજ નટકળા જોવાની નથી. તો પછી મારી પાસે કેમ વારે વારે ખેલ ખેલાવે છે ? બસ, લાગે છે કે નટડીમાં એ આસક્ત છે તેથી એમ ફરી ફરીથી થાકેલા પગે હું ખેલ કરું ને એમાં લથડીયું ખાઈ નીચે પટકાઉ ! બસ, રાજાને આ જોઈએ છે કે નટ મરે, ને નટડી હાથ કરી લઉં. હાય ! મોટા રાજાની પણ આવી કામ-વિટંબણા ? કે એને ઘરે તો અંતઃપુરમાં રંભા ઉર્વશીને ટક્કર મારે એવી રાણીઓ હોય, છતાં એથી સંતોષ ન પામતા આ એક નીચ કુળની નટકન્યા પર



આટલી હદ સુધી આસક્ત થાય છે કે **'હું ધન વંછું રે રાયનું, રાય વંછે મુજ ઘાત !** મારું મોત ઈચ્છીને નટડી હાથ કરવાનું એને મન થાય છે ? ધિક્કાર પડો આ વિષયવાસનાને કે જે પોતાના ઉચ્ચ કુળની ખાનદાની ભુલાવી દઈ, ન કરવાના હલકટ કાર્ય કરાવે !

આ તો એવું થાય છે કે સામે સ્વચ્છ પાણીનું તળાવ ભરેલ છે છતાં નીચ પક્ષી કાગડો પાણીના કોઈ ઘડા પર બેસી એનું પાણી બોટે છે, એમ નીચ માણસ પોતાની પત્ની પોતાને આધીન હોવા છતાં પરસ્ત્રીલંપટ બને છે. એટલે આ રાજા પોતાની જાતને ગમે તેવો ઉત્તમ માનતો હોય પરંતુ અત્યારે એ પોતાની ઉત્તમતા, પોતાના કુળની ઉત્તમતા ભૂલીને અધમતા સ્વીકારી રહ્યો છે. પરંતુ એમ કરવામાં એ કેવી મૂર્ખાઈ કરી રહ્યો છે કે આંગણે કલ્પવૃક્ષ ઊગેલું તેને ઉખેડીને ધતુરાનું ઝાડ વાવી રહ્યો છે ! હાથમાં રહેલ ચિંતામણી રત્નને ફેંકી દઈ કાંકરો લઈ રહ્યો છે ! મોટા પર્વત જેવા હાથીને વેચીને ગધેડો ખરીદી રહેલ છે ! આટલી બધી મૂર્ખાઈ શા કારણે ? એક માત્ર નીચ ભોગની લાલસાના કારણે. જ્ઞાનીઓ કહે છે,-

**ते धतूरत्तरूं वपन्ति भुवने प्रोन्मुल्य कल्पद्रुमं**
**गृहणन्ति खले कर्करं निजकरे प्रक्षिप्य चिंतामणिम् ।**
**विक्रीय द्विरदं गिरीन्द्रसद्दशं क्रीणन्ति ते रासभं**
**ये लब्धं परिह्रत्य धर्ममधमा धावन्ति भोगाशयाः ॥**

જે લોકો ગમે તેવા અધમ ભોગની આશાથી દોડે છે અને હાથમાં રહેલ ઉત્તમ કુલાચારના ધર્મને ફગાવી દે છે તે લોકો આવા ઉત્તમ કલ્પવૃક્ષ ચિંતામણી અને ગજરાજને છોડી દઈ ધતુરો, કાંકરા અને ગધેડાને ગ્રહણ કરનારા બને છે. તેથી ધિક્કાર છે મને કે આવી વિષયાસક્તિને વશ પડી અહીં જ દુઃખને નોંતર્યા !

આમ જ્યાં એ ઈલાતીપુત્રનું હૈયું વૈરાગ્યવાસિત બની એ વિચારી રહ્યો છે ત્યાં હજી એ ઊંચા વાંસ પર રહ્યો રહ્યો કોઈક શેઠની હવેલીમાં ગોચરીએ આવેલા એવા મુનિઓને જુએ છે કે જેઓ સામે વહોરાવવા ઊભેલી શેઠની પુત્રવધૂ ચંદ્રાનના રંભાના રૂપને ટક્કર મારે એવા અદ્ભુત રૂપ-લાવણ્યવાળી પદ્મણી છતાં, એની સામે પણ જોતા નથી. પેલી 'લો લો પ્રભુ ! આ લાડુ લો' એમ વિનંતી કરી રહી છે પણ કોણ જાણે મુનિઓ અભિગ્રહ પૂરો થવાની ધારણામાં હશે તે હજી લેતા નથી અને નીચી મૂડીએ ઊભા છે પણ એ પદ્મણીના સામું જોતા નથી. **'લો લો કહે છે લેતા નથી, ધન્ય ધન્ય મુનિ અવતાર !'** પદ્મણીના મોં સામે જોવું હોય તો એમને કોણ અટકાવત ? યા કોણ ખોટા કહેવાનું હતું ?

ઈલાતીપુત્ર મુનિઓના ઈન્દ્રિયનિગ્રહ પર ઓવારી ગયો. પોતાના મનમાં વિચારે છે કે "આમને ધન્ય છે, આવા જ મુનિઓ જગતને વંદનીય બને છે. ગાડાના બળદ પર ધુંસરી નાખેલી હોય ને એ ચાબુક પડવાથી જેમ નીચી દૃષ્ટિએ નીચેની જમીનને જોતો ચાલ્યો જાય છે, એમ પરસ્ત્રીનાં રૂપદર્શનથી અને પરલોકના ભયંકર દુર્ગતિના દુઃખોથી બીનેલા મુનિઓ કેમ એ જોવા જાય ? ત્યારે આવા પરસ્ત્રીદર્શનથી દૂર રહેનારા કેમ વંદનીય ન હોય ? મોટા દેવો અને ઈન્દ્રોને પણ એ વંદનીય હોય છે. ઉત્તમ કુળમાં જન્મેલા ઉત્તમ આત્માઓ તો સત્કાર્યો કરવામાં સતત ઉદ્યમી હોય છે, પરંતુ અકાર્યને કરવામાં આળસુ હોય છે એમને અકાર્યનો જરા પણ ઉત્સાહ નથી હોતો, તેમ હિંસા કરવામાં પાંગળા હોય છે, અર્થાત્ એમનો હાથ જ ન ચાલે, તથા બીજાની હલકાઈની વાતો ચાલતી હોય તો તે સાંભળવા માટે બહેરા હોય છે. મતલબ તે તરફ કાન લઈ જ ન જાય, વળી પરસ્ત્રી જોવામાં અંધ જેવા હોય છે જુએ જ નહિ."

ઈલાતીપુત્ર આગળ વિચારે છે,- કહ્યું છે,

**अलसा होइ अकज्जे, पाणीवहे पंगुला सया होइ ।**
**परतत्तीसु य बहिरा जच्चंधा परकलत्तेसु ॥**

અર્થાત્ અકાર્ય કરવામાં આળસુ, પગ ઉપડે જ નહિ, જીવહિંસામાં પાંગળા લુલિયા હાથવાળા જીવવધમાં હાથ ઊપડે નહિ, પારકી ચિંતા-પંચાત સાંભળવામાં બહેરા, કાન પર લે જ નહિ અને પરસ્ત્રી જોવામાં જન્મથી અંધ, આંખો પરસ્ત્રીને દેખે જ નહિ. ઉત્તમ આત્માઓની સ્થિતિ આ હોય છે ત્યારે હું કેવો વિષયલંપટ અને મોહમૂઢ કે નીચ કુળમાં જન્મેલી નટકન્યામાં લોભાયો ! વિષયોની વિષમતા કેવી કે આ નટડીના જ કારણે રાજા મારા મૃત્યુને ઈચ્છે છે ! રાજાને શી ખોટ હતી ? એના પોતાના અંતઃપુરમાં સ્વર્ગની પરીઓ જેવી રાણીઓ હશે છતાં એ બિચારો આ હલકા કુળની નટડીનાં ભોગનો લાલચુ બન્યો છે, જો અપ્સરા જેવી રાણીઓ હયાત ને પોતાને સ્વાધીન છતાં આવી હલકી જાતની નટડીમાં મોહી પડે તો એ પરથી મારે ધડો લેવો જોઈએ કે આ વિષયની વાસના કેટલી બધી ભયંકર ? શું આ ઊંચા જનમમાં આવી અધમાધમ વિષયવાસનાને મારે છૂટો દોર આપવાનો ? મારી એમાં કેવીક અધમાધમતા !

ઈલાતીપુત્ર આત્મનિંદા પર ચડ્યો.

એણે આ બહુ મહત્ત્વનું વિચાર્યું કે ઉત્તમ જીવો અકાર્ય કરવામાં ઉત્સાહિત હોય જ નહિ. આળસુ જ હોય એટલે કે અકાર્ય કરવાનું આવ્યું તે એને ઢીલમાં જ નાખે જેથી એમ કરતાં એ અકાર્ય કરવાનો વિચાર જ માંડવાળ થઈ જાય.



કેટલીકવાર એવું બને છે કે આપણે ક્યાંક વાતના સકંજામાં આવી ગયા ને સામેથી એવા કોક અકાર્યનું દબાણ કરે, તરત કબુલાત માગે ત્યાં જો આપણે ખોરંભે નાખીએ, કહીએ કે 'કાલ સવારે કહીશ,' તો આપણને રાતમાં વિચારવા અવસર મળે છે, એમાં ક્યાંક એવું સ્ફુરી જાય છે કે પછી એના આધારે પેલા અકાર્યથી બચી જવાય છે અથવા વાત થોડી ઢીલમાં પડ્યાથી આપણામાં સ્પષ્ટ ના કહેવાની હિંમત આવી જાય છે.

સારું કે નરસું દરેક કામ આંખ મીંચીને તરત કરી નાખવાની ઉતાવળવાળો હોય એને એમ ઉતાવળે અકાર્ય કરી નાખતાં, પછી પસ્તાવું પડે છે. રામચંદ્રજીએ લોકવાયકા સાંભળી કે સીતા તો પરપુરુષ રાવણના ઘરે રહી આવેલા, એમને હવે રામ ઘરમાં ઘાલે તે એમના કુળ માટે સારું ન કહેવાય. બસ રામે ત્યાં ઉતાવળે નિર્ણય લઈ લીધો કે 'સીતાનું સતીત્વ ભલે અખંડ હોય પણ એને ઘરમાં રાખવામાં મારા ઈક્ષ્વાકુવંશને નાનમ લાગે માટે જંગલમાં મોકલાવી દઉં.' ઈક્ષ્વાકુ-વંશના રાજા તરીકે મારી આબરૂ ન બગડવી જોઈએ.

એક કવિએ ઠીક જ કહ્યું છે,

**'લક્ષ્મી ! તું છો સુલક્ષણા, જેણે પઢાયો રામ'**

અર્થાત્ હે રાજ્યલક્ષ્મી ! તું ભારે અપલક્ષણવાળી છે કે જેણે રામ જેવાને ય પાઠ ભણાવી દીધો ! શો પાઠ ! આ જ કે "આ સીતા ભલે સતી, પણ એને ઘરમાં રાખવાથી તારી એક સારા કુળના રાજા તરીકે આબરૂ જાય છે માટે એની હકાલપટ્ટી કરી દે" આવી બુદ્ધિ કરાવનારી લક્ષ્મી-રાજ્યલક્ષ્મી એ શું સુલક્ષણા એટલે કે સારા લક્ષણવાળી કહેવાય ? ના, અપલક્ષણવાળી કહેવાય. પરંતુ લક્ષ્મીને ખરાબ શબ્દથી ગાળ નહિ દેવી એટલે કવિએ 'સુલક્ષણા' એવા ફેન્સી શબ્દથી કહ્યું. બાકી તો બિનગુનેગાર મહાસતીને જંગલમાં તરછોડવાની બુદ્ધિ કરાવનાર લક્ષ્મી તો મહા અપલક્ષણવાળી કહેવાય.

અસ્તુ. રામે ઉતાવળમાં સેનાપતિ પાસે સીતાજીને જંગલમાં મૂકાવી દીધા. આ ઉતાવળે મહાન અકાર્ય કરી નાખ્યું તો તરતમાં ભારે પસ્તાવાનો અવસર આવ્યો. કેમકે સેનાપતિએ સીતાજીને રામના હુકમથી સમેતશિખરની યાત્રા કરાવવાના બહાને રથમાં લઈ જઈ, જ્યાં દૂર વનવગડામાં ઉતારી દઈ ખુલાસો કર્યો કે સ્વામી કહે છે કે "લોક મારી નિંદા કરે છે કે પરપુરુષ રાવણને ત્યાં રહી આવેલ સીતાજીને રામ હવે ઘરમાં ઘાલે છે ? સારા કુળવાન રાજાનું આ હલકું કાર્ય ગણાય માટે મને કહે છે જા આમને જંગલમાં છોડી દે"

સીતાજીને સેનાપતિ રોતો રોતો કહે છે "મા ! હું જાણું છું કે આપ

મહાસતી છો એટલે તમને વગર વાંકે આમ વનવગડામાં એકલા અટુલા તરછોડી દેવાનું અધમાધમ કાર્ય કરવાની મારે પેટ ખાતર નોકરી બજાવવી પડે એના કરતાં મારું પેટ કેમ ન ફૂટી ગયું ?"

સીતાજીએ એને આશ્વાસન આપ્યું કે આમાં ગુનો તારો કોઈ નથી તું ને હું સ્વામીના સેવક, તે આપણે સ્વામીની આજ્ઞાને બંધાયેલા છીએ, આજ્ઞા મુજબ તારે ને મારે બંનેએ વર્તવું જ જોઈએ, વળી જો આમાં સ્વામીનો ય વાંક નથી, કેમકે એમને મહા પ્રતિષ્ઠિત ઈક્ષ્વાકુવંશની નિર્મળ કીર્તિ સાચવવી જ જોઈએ. એક પત્ની કરતાં અસંખ્ય વર્ષથી ચાલી આવતો પવિત્ર વંશકુળ અતિશય કિંમતી છે. તેમ લોકનો પણ દોષ નથી, કેમકે હું મહાસતી છતાં અને રાવણને ત્યાં ચાહીને નહિ ગયેલી છતાં લોકને એવા પ્રકારનું બોલાવનાર મારા પૂર્વનાં તેવા અશુભ કર્મ છે એટલે દોષ વાંક ગુનો મારાં કર્મનો છે. માટે તું જરાય દુઃખ ન કરીશ તું હવે જા સુખેથી."

ત્યાં સેનાપતિ પૂછે છે સ્વામીને કાંઈ સંદેશો કહેવો છે ? ત્યારે સીતાજી કહે છે, "હા, સ્વામીને કહેજે, તમે લોકનિંદાથી મને છોડી તો ભલે છોડી, પરંતુ કાલે લોક કદાચ તમારા ધર્મની નિંદા કરે કે 'આ રામ કેવા છે ? ૧૮ વર્ણની પ્રજાના રાજા છતાં એમાંની એક જ પ્રજા જૈન ધર્મનું પૂછડું પકડીને બેઠા છે ? અથવા જૈન ધર્મ તો નિવૃત્તિનો ધર્મ એટલે કાયરોનો ધર્મ છે'... એવી કોઈક નિંદા લોક કરે તો પણ તમે જૈન ધર્મને છોડતા નહિ. કેમકે મને છોડ્યા પછી તમને મારા કરતાં સવાયી પત્ની મળશે અને એટલા માત્રથી તમારો મોક્ષ નહિ અટકે; પરંતુ જૈન ધર્મને છોડ્યા પછી એનાથી સવાયો શું એની હરોળનો ધર્મ નહિ મળે, અને તમારો મોક્ષ અચૂક અટકી જશે."

સેનાપતિએ ત્યાં અયોધ્યા પહોંચી જ્યાં રામને આ સંદેશો સંભળાવ્યો ત્યાં એ સાંભળીને રામ મૂર્છિત થઈ ગયા. ભાનમાં આવતા કલ્પાંત કરે છે કે 'હાય ! ઉતાવળમાં મેં આ કેવું ઘોર અકાર્ય કર્યું ? હું લોકને રાજી કરવા આ મહાસતીનો ત્યાગ કરવાનું ઘોર હલકટ કામ કરું છું હું મહાસતીને મહાત્રાસ આપું છું, ત્યારે આ મહાસતી મારા આત્માની મહાન હિતચિંતા કરે છે કે આ જનમમાં મારો મોક્ષ ન અટકવો જોઈએ, અરેરેરે ! આવા મારા શુદ્ધ કલ્યાણ મિત્ર એવા મહાસતીને વનવગડામાં તરછોડી દેવાનું ઘોર પાતક કર્યું ? કાંઈ નહિ, લોક ભલે બોલે. હું હમણાં જ વનમાં જઈ એમને પાછા લઈ આવું છું. જોયું ? ઉતાવળે અકાર્ય કરી નાખવામાં કેવો પસ્તાવાનો અવસર આવ્યો ? તે સેનાપતિને લઈને વનમાં ગયા ખરા પરંતુ ત્યાં તો સીતાજીને એક રાજા ધર્મની બેન કરીને લઈ ગયેલો એટલે



રામે વનમાં ઘણું ઢુંઢ્યા છતાં સીતાજી મળ્યા નહિ ત્યારે સમજી લીધું કે 'હાય ! હાય ! આ ભયંકર વનમાં કોઈક શિકારી પશુએ એમનો નાશ કર્યો હશે ! તો મેં આ કેવુંક મહાસતીના નાશનું અધમાધમ પાતક કર્યું !' હવે એમને આ જિંદગીનો ભારે સંતાપ-પશ્ચાત્તાપ રહ્યો. અલબત્ ૧૬-૧૭ વરસ પછી પાછા સીતાજી લવણ અંકુશ બે પુત્રો સાથે આવી મળ્યા ત્યારે આ સંતાપ ટળ્યો, છતાં પૂર્વે જ્યારે જંગલમાં શોધતા મહાસતી સીતાજી મળ્યા નહિ ત્યારે તો જિંદગીનો જ પસ્તાવો લાવ્યો ને ?

આ દારુણ પસ્તાવો શાના લીધે ? કહો, અકાર્ય કરવામાં આળસ ન કરતાં ઉતાવળ કરી નાખી એના પર. ત્યારે પેલો ઈલાતીપુત્ર વાંસના મથાળે ખેલ કરતાં હવે આ વિચારી રહ્યો છે કે મેં નટડીની ખાતર સારું કુળ-કુટુંબ છોડ્યું એ મહા અકાર્ય કરવાની કેવીક ઉતાવળ કરી નાખી કે આજે આ મોટો રાજા જેવો રાજા પણ નટડીમાં લુબ્ધ બની મારા મોતને તાકી રહ્યો છે, એ જોવાનો અવસર આવ્યો !

પેલા સુભાષિતને ફરીથી યાદ કરો.

**"અલસા હોઈ અકજ્જે પાણીવહે પંગુલા સયા હોઈ;**
**પરતત્તીસુ બહિરા, જચ્ચંધા પરકલત્તેસુ" ॥**

(૧) ઉત્તમ જીવો અકાર્ય કરવામાં આળસ કરનારા હોય છે. આ પહેલી વાત થઈ.

**(૨) હવે બીજી વાત,- ઉત્તમ જીવ પ્રાણીવધમાં પાંગળા,**

ઉત્તમ મનુષ્ય જીવની હિંસામાં લુલિયા હાથવાળા હોય. જેમ લુલિયા માણસનો હાથ લૂલો તે કશા કામમાં ન આવે એમ જીવને મારવાની વાત આવે ત્યાં ઉત્તમ મનુષ્યનો હાથ કામ જ ન કરે. શ્રાવક જીવનમાં જયણાને જીવની રક્ષાને મુખ્ય ધર્મ કેમ કહ્યો છે ? આટલા જ માટે કે શ્રાવક એ ઉત્તમ મનુષ્ય છે માટે એ જીવ હિંસાની બાબતમાં પાંગળો જ હોય, પછી ભલે લાખો રૂપિયા કમાવાના મળતા હોય પણ જો એ વેપલામાં જીવોનો નાશ થાય છે તો એવો ધંધો ય ન ખપે. અને એની કમાઈના લાખો રૂપિયા જ ન ખપે. શ્રાવકને ૧૫ કર્માદાનના ધંધા આટલા જ માટે ત્યાજ્ય કહ્યા છે. કેમકે એમાં આગળ પાછળ જીવોની હિંસા ઘણી.

આજે કર્માદાનના ધંધાની સૂગ ઘટી ગઈ. મોટી મિલો ને ફેક્ટરીઓવાળા મોટા ઉદ્યોગપતિ તરીકે પંકાય છે. લોક એમનું સન્માન કરે છે. અરે ! જેને મિલ ફેક્ટરી નથી એ તો સારા નસીબદાર ગણાય, પરંતુ એવા ય પોતાનું કમભાગ્ય ગણે છે. કેવોક ગોઝારો કાળ ! જીવહિંસાની અફસોસી જ ગઈ !

જેવું ધંધામાં એવું ખાનપાનમાં પણ આજના ગોઝારા જમાનાએ કેટકેટલી

હિંસાઓ ભુલાવી ? પહેલું તો રાત્રિભોજન જ વ્યાપક થઈ ગયું. અલ્યા ભાઈ ! જગતમાં જીવ બે જાતનાં, કેટલાક દિવાચર, દિવસે ફરતા જેમકે માખી કીડી ભમરા વગેરે ને કેટલાક રાત્રિંચર રાત્રે ફરનારા-ઉડનારા, જેમકે મશી, મચ્છર, ડાંસ વગેરે એ રાત્રિંચર. ઝીણી જીવાત રાત્રે તારા ભોજન પર ઊડતી આવીને બેસી ગઈ તો તને ક્યાં દેખાવાની હતી ? પછી એને સીધી કોળિયા ભેગી મોંમા જ ઓરવાની ને ? આ રાત્રિભોજનમાં કેવીક જીવહિંસા ? હાથેથી જીવ મારવાની નહિ, કિન્તુ જીવને સીધા મોંમાં જ હોમી દેવાની. જીવતા જીવને ખાઈ જવાની હિંસા ! માટે જ ખપી શ્રાવકો સચિત્તના ત્યાગી હોય છે, કેમકે એમાં સચિત્ત એટલે જીવતા જીવને ખાઈ જવાનું બને છે. અરે ! એટલેસ્તો પાણી પણ ઉકાળેલું અચિત્ત જ વાપરે છે; કેમકે સચિત્ત અર્થાત્ કાચું પાણી બિંદુએ બિંદુએ અસંખ્ય જીવવાળું ! જૈન ધર્મના જ્ઞાનથી એને એવું અસંખ્ય જીવજંતુ જાણ્યા પછી, જો જૈન ધર્મ પર શ્રદ્ધા છે તો, કાચું પાણી સીધું મોંમાં પધરાવતાં જીવ કેમ ચાલે ?

**પ્ર.**- કેટલાક દલીલ કરે છે કે કાચા પાણીને ઉકાળવામાં અગ્નિ વાયુ વગેરે કેટલા બધા જીવો મરે ? એના કરતાં કાચું પાણી પીવામાં એકલા પાણીના જ જીવ મરે ને ? હિંસા ઓછી નહિ ?

**ઉ.**- ના, કેમકે જીવને આમ મારવા પડે એ હિંસા કરતાં એને સીધા ખાઈ જવામાં હિંસા ભયંકર. જેમકે રસ્તા પર કોઈ માણસ મરઘીનું માંસ ખાતો આવતો દેખાય, ને બીજો જીવતી મરઘી જ બટકતો આવતો દેખાય, તો એમાં વધુ ભયંકર કોણ લાગશે ? કહો બીજો જ. જીવતી મરઘીને જામફળની જેમ બચકતો બચકતો દેખાય એ જોઈને આપણને કંપારી છૂટી જાય. કાચું પાણી અને ગરમ ઉકાળેલું પાણી - બે વચ્ચે આટલો ફરક છે. કાચા પાણીમાં અસંખ્ય જીવ છે એ જિનવચનની જો આપણને શ્રદ્ધા છે તો કાચું પાણી સીધું મોંમાં નાખતા હૈયાની પરિણતિ કઠોર કરવી પડે. એવા જ કાચા શાક, કાચા ફળ, કાચું મીઠું વગેરેમાં સમજી લેવાનું.

**જિનવચનની શ્રદ્ધા દઢ કરવા અને હૈયાની પરિણતિ કોમળ દયાભીની રાખવા માટે સચિત્ત પાણીનો પણ ત્યાગ એ ઉત્તમ ઉપાય છે...**

એટલે ઉકાળેલું પાણી પીનારો બે મહાલાભ પામી રહ્યો છે.

(૧) જિનવચનની શ્રદ્ધા અર્થાત્ સમ્યગ્દર્શનની દઢતા અને (૨) જીવો પ્રત્યે કૂણું દિલ.

અસ્તુ. આપણી વાત આ છે કે ઉત્તમ મનુષ્ય જીવહિંસા કરવામાં પાંગળો હોય અર્થાત્ એના હાથ ન ચાલે એટલું જ નહિ, કિન્તુ એની જીભ પણ ન ચાલે. જીવના આરંભ સમારંભ થાય એવાં વચન ન કાઢે એટલે પછી બજારમાંથી શાક-



ફળ લઈ આવતાં બોલતો બોલતો ન ચાલે કે ઘરે પડોશીઓને કહેતો ન ફરે કે 'જાઓ જાઓ બજારમાં ફલાણે ઠેકાણે શાક, ફળ સારા આવ્યા છે' એમ બીજે પણ જીવહિંસા થાય એવું ન બોલે...

જુઓ જેમને શૂળીનું સિંહાસન થયું એવા સુદર્શન શેઠને અભયારાણીએ ફસાવ્યા, ને શેઠ તો મક્કમ નિર્વિકાર રહ્યા ત્યાં અભયાએ આળ મૂક્યું, તો આળ વધાવી લીધું, પરંતુ રાજાએ પૂછવા છતાં રાણીનું માયાવી ચરિત્ર ન કહ્યું. કેમ ? રાજાના શું બન્યું હતું એમ પ્રશ્ન પૂછવા પર શેઠને લાગ્યું કે હું જરાક કહું કે મને શું પૂછે છે તારા સન્ટ્રી પોલિસને પૂછ રાતના શું થયેલું ?' તો પોલિસના ખુલાસા પર રાણીનો ભાંડો ફૂટી જાય. અને એમાં રાણીને રાજા કોણ જાણે ફાંસી-શૂળી દે કે સ્ત્રીજાત છે માટે જંગલમાં કાઢી મૂકે ! આમ પોતાના વચને અંતે રાણીની હિંસા થાય, એ જોઈ શેઠે મૌન રાખ્યું.

**જીવન જીવતાં આ જોયા કરવાનું છે કે આપણા હાથેથી કે પગેથી તો જીવ ન જ મરવા જોઈએ, પણ આપણા વચનથી પણ જીવ ન મરવા જોઈએ. એમ જીવ મારનારા શસ્ત્ર પણ ખુલ્લા ન મૂકાય કે ન પ્રચારાય.** આ આવડે તો જીવન એક સંતનું બની જાય.

**(૩) સુભાષિતમાં ત્રીજી વાત : પરપંચાતમાં બહેરા...**

ઉત્તમ મનુષ્ય જેમ અકાર્ય કરવામાં આળસુ, જેમ જીવહિંસા કરવામાં પાંગળા, તેમ પરની પંચાત સાંભળવામાં બહેરા બની જાય. શાસ્ત્રે કહ્યું છે

**'પરચિંતા અધમાધમા'**

પરની પંચાતી અધમાધમ છે. ચાર વાત છે.

**(१) उत्तमा त्वात्मचिंता स्यात् (२) कामचिंताषु हि मध्यमा ।**

**(३) अधमा त्वर्थ चिंता स्यात् (४) परचिंताऽधमाधमा ॥**

(૧) પોતાના આત્માની ચિંતા ઉત્તમ છે.

(૨) કામસુખની અર્થાત્ વિષયોની ચિંતા મધ્યમ છે.

(૩) અર્થચિંતા-ધનની ચિંતા અધમ છે, ત્યારે

(૪) પરચિંતા પરતપ્તિ યાને પરની પંચાતી અધમાધમ છે.

પોતાના આત્માની દિલથી ચિંતા કરે કે 'આ સંસારની મોહમાયાની જાળમાં જ અને તેથી પાપોમાં જ રચ્યાપચ્યા રહેતાં અને ધર્મસાધના ચૂકતાં મારા આત્માનું શું થશે ?' તો તો ઝટ શક્ય એટલો દાનાદિ ચારેય પ્રકારના ધર્મની સાધનામાં લાગી જાય, અને તેથી એનું મહાન કલ્યાણ થાય. માટે ઉત્તમ આત્મચિતાં છે.

હવે વિષયસુખોની ઈન્દ્રિયોના વિષયોની ચિંતાને મધ્યમ કહી તે એટલા માટે

કે અધમ અર્થચિંતા ધન-માલ-મિલકતની ચિંતા કરતાં આમાં જીવની લેશ્યા કાંઈક કૂણી હોય છે, બાકી એ ચિંતા છે તો અનર્થકારી જ, કેમકે વિષયસુખના રસમાં ધર્મમાં રસ નથી આવતો. વિષયોની ચિંતામાં રહેતા ધર્મચિંતા આત્મચિંતા ભૂલાય છે.

(૩) વિષયસુખ ચિંતા કરતાં અર્થચિંતા અધમ એટલા માટે કહી કે આમાં મનની લેશ્યા કાળીમેશ હોય છે. પેલા જંગલમાં ધન દાટી આવેલા વાણિયાને પાછળથી ખબર પડી કે 'હાય ! ધન તો આ કાનકટ્ટો ને નાકકટ્ટો મવાલી ઉઠાવી લાવ્યો,' ત્યારે વાણિયાને વિચાર આવ્યો કે 'હાય ! એ વખતે જંગલમાં સૂતેલો આ મવાલી જીવતો છે કે મરેલો ? એનું પારખું કરવા છોકરા પાસે મેં એના કાન નાક કપાવેલા ત્યારે હાય ! મેં એનું ગળું કપાવવાનું કેમ બાકી રાખ્યું ? હવે ધન તો ગયું જ છે, હવે ખોટા વિચારથી કાંઈ ધન પાછું નથી આવવાનું છતાં અફસોસી કરે છે કે હાય ! એનું મેં ગળું કેમ ન કપાવ્યું ? કપાવ્યું હોત તો સારું થાત.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"    વર્ષ-૪૧,અંક-૧૩,તા.૨૬-૧૨-૧૯૯૨**

**જે** ક્રૂર લેશ્યા સુખની ચિંતામાં ન થાય તે ધનની ચિંતામાં થાય છે, માટે ધનચિંતા અધમ છે.

(૪) હવે એ ધનચિંતા કરતાં ય અધમાધમ ચિંતા પરની ચિંતા છે. (i) કેમકે સુખની ચિંતા અને ધનની ચિંતામાં શાણાને હજીએ સુખ અને ધન હેય લાગવાથી 'હાય ! ક્યાં મારે આ સુખ માટે ધનનાં પાપ કરવા પડે છે ! એમ અફસોસી થાય છે, પરંતુ પરચિંતા યાને મનમાં કે બીજા આગળ પરપંચાતી કરવામાં કશી અફસોસી નથી થતી, કશું ખોટું નથી લાગતું કે હાય ! ક્યાં મેં આ અધમાધમ પરપંચાતીનું પાપ કર્યું ! આ અફસોસી નહિ એટલે સમકિત જાય.

(ii) વળી પરપંચાતીમાં પગલે પગલે રાગદ્વેષ પોતાને અને સામા શ્રોતાને.

(iii) પરપંચાતી જેટલો ટાઈમ કરે એટલો ટાઈમ સ્વાત્માનું ભલું કરવાનું ગુમાવે છે.

(iv) પરપંચાતી વહાલી લાગે એટલા નવકારમાળા-સામાયિક-પ્રતિક્રમણ સ્વાધ્યાય વગેરે વહાલા નહિ...

(v) પરચિંતા-પરપંચાતીમાં જૂઠ પણ આવી જવાના. એથી પરના ઉપર અસત્ આળ આરોપ ચડાવવાનું થાય છે. કદાચ સાચું હોય તોય પરપંચાતીમાં નિંદા ભારોભાર રહેવાની.

(vi) પરપંચાતીમાં તાત્ત્વિક વિચારણા કશી નથી પણ માલ વિનાની વિચારણા



છે. તેથી જીવનું સત્ત્વ હણાય છે, ને જીવ નિઃસત્ત્વ બનતો જાય છે. સત્ત્વ લાવવું ટકાવવું વધારવું હોય તો અધમાધમ કોટિની ચિંતા પરચિંતાને જીવનભર માટે વોસિરાવો.

પરચિંતા-પરતપ્તિ અર્થાત્ પરના માટે બળવું એ એવી ખતરનાક છે, કે કદાચ પોતે પરતપ્તિ પરપંચાતી ન કરે પરંતુ જો બીજા બોલતા હોય એને સાંભળે તો ય તે ઉપરોક્ત અનેકાનેક ભયંકર દોષોથી પાપોથી પકડાય છે. માટે અહીં કહ્યું શાણા માણસ પરતપ્તિ-પરપંચાતી સાંભળવા માટે બહેરા હોય છે. ચાર વાત કરી,

**अलसा होइ अकज्जे, पाणिवहेसु पंगुला सया होइ ।**
**परतत्तिषु बहिरा जच्चंधा सया परकलत्तेसु ॥**

અર્થાત્ (૧) અકાર્ય કરવામાં આળસુ, પગ જ ન ઉપડે.
(૨) જીવહિંસામાં હંમેશાં ઠુંઠા, હાથ જ ન ઉપડે.
(૩) પરપંચાતી સાંભળવામાં બહેરા હોય; અને
(૪) પરસ્ત્રી તરફ જન્મથી અંધ હોય.

અહીં ઈલાતીપુત્ર ઊંચા વાંસ પર ખેલ કરતો એક બાજુ જ્યાં રાજાની નટડી પડાવવા માટે પોતાનું મોત નીપજાવવાની ઝેરી દૃષ્ટિ જુએ છે, ને બીજી બાજુ દૂર હવેલીમાં રૂપાળી પદ્મણી તરફ ઝીણી નજર પણ નહિ નાખનારા મુનિઓને જુએ છે, ત્યાં એના મનને ભારે પસ્તાવો થાય છે કે 'હાય ! હાય ! ઘરે અપ્સરા જેવી રાણીઓ સ્વાધીન છતાં ઉચ્ચ કુળનો આ રાજા જેવો રાજા પણ હલકા કુળની નટડીમાં લુબ્ધ થયો છે તો હું પણ કેવો મૂર્ખ કે ઊંચા કુળમાં જન્મેલો છતાં નીચ કુળમાં જન્મેલી નટડીના રૂપમાં મોહિત થયો ! ને એમાં મોહિત થઈને મેં કેવા ભયંકર અકાર્ય કર્યાં ? મા મૂકી, બાપ મૂક્યા, ઊંચી નાત મૂકી, જાત મૂકી... શ્રાવકના આચાર મૂક્યા, જૈનની ધર્મકરણી મૂકી ! કેટકેટલું ચૂક્યો ? અરરર ! આટલો બધો ઊંચો માનવજન્મ એમાં વળી જૈનકુળ અને જૈનધર્મ પામ્યો કે જેનાથી ઉચ્ચ અહિંસા-સંયમ-તપની મહામૂલી આરાધના કરી મોક્ષ મેળવી શકાય એવો ઉચ્ચ ધર્મ-સામગ્રી પામ્યો છતાં હું આવા હલકટ અધમાધમ જીવનમાં પડ્યો ? ધિક્કાર હો મારા આત્માને !

ઈલાતીપુત્ર આમ આત્મનિંદામાં ચડ્યો, ને એમાં વૈરાગ્ય એટલો બધો વધી ગયો કે ધર્મશ્રદ્ધા તત્ત્વશ્રદ્ધા જોરદાર થતી ચાલી. પછી તો એમાં દુન્યવી વિષયો પરથી આસક્તિ ઊઠતી ચાલી વિરતિભાવ વધતો ચાલ્યો. એના પર કષાયોનો ઉપશમ વધતો ચાલ્યો તે ઠેઠ અનાસક્તયોગ પર ચડ્યો ત્યાં હજી તો વાંસની ટોંચ પર છે ને તરત જ વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યો.

**નટપણામાંથી કેટલીવારમાં કેવળજ્ઞાન ? :**

હા, પોતાની સાંસારિક દુર્દશા પર સળગતો પશ્ચાત્તાપ ઉઠે, પાપ માત્ર પર ઘૃણા વરસે, અને અરિહંત તથા અરિહંતના શાસન સાથે ને શાસનના અહિંસા સંયમ તપ ધર્મ સાથે એકાકારતા ઊભી કરાય, તો હલકું નટપણું ય બાજુએ પડ્યું રહે ને બધુંય બાજુએ રહે અને વીતરાગતા તથા કેવળજ્ઞાન ઊભા થઈ જાય. વહેલા પરોઢિયે ઊઠી આ ભાવના કરતા રહેવું જોઈએ, પાપોનો દુષ્કૃત્યોનો ભારે તિરસ્કાર જગાવવાનો અને અરિહંતનું શરણું લઈ એમને આત્મ સમર્પણ કરવાનું તથા અહિંસાદિ ધર્મ જીવનમાં ઉતારવાનું કરવું.

ઈલાતીપુત્ર મહાત્માને કેવળજ્ઞાન થયું, ને ત્યાં સ્વર્ગમાંથી દેવતા ઉતરી સેવામાં આવી ઊભા. પહેલા સાધુવેશ આપ્યો અને આકાશમાં વાજિંત્રનાદ કરી 'જય હો કેવળજ્ઞાની ઈલાતીપુત્ર મહર્ષિનો ! જય હો જય હો એમ નાદ પોકાર્યો, સાથે સુવર્ણનું સિંહાસન સ્થાપી ઉપર કેવળજ્ઞાનીને બેસાડ્યા. સૌએ વંદન કર્યા. આકાશમાં વાજિંત્રનો ગર્જારવ થયો એટલે નગરમાંથી લોકો દોડતા આવ્યા.

રાજાને મન તો આશ્ચર્ય માતું નથી કે આ હું શું જોઈ રહ્યો છું ? ક્યાં ઊંચા વાંસના મથાળે ખેલ કરતો એક વખતનો એક અજ્ઞાન નટ ? અને ક્યાં એ જ અત્યારે આ અનંતજ્ઞાની મહર્ષિ ? રાજાને પસ્તાવો પણ ભારે થાય છે કે અરરર ? મેં મનમાં કેવા કેવા ખોટા વિચાર કર્યા કે આ નટડીને મારી કરી લઉં, અને તે માટે આ નટ વાંસ ઉપરથી નીચે પડીને મરે તો સારું ! ધિક્કાર પડો મારા મનખાને કે કેટલા ઉચ્ચ કુળમાં જન્મેલો હું આવા ભયંકર અધમાધમ વિચારવાળો બન્યો !

હવે ત્યાં દેવતાઓએ કેવળજ્ઞાની ઈલાતીપુત્ર મહર્ષિને ઉપદેશ આપવા વિનંતી કરી. રાજા લોકો અને દેવતાઓ સાંભળવા બેસી ગયા છે. કેવળજ્ઞાની ભગવંત ફરમાવે છે,-

**भो भव्या इह संसारे मानुष्यमति दुर्लभम् ।**
**लब्ध्वा पाथोनिधेर्मध्ये चिन्तारत्नमिवामलम्**
**दानशील तपो भावमये धर्मे चतुर्विधे !**
**यतनीयं भवद्भिर्हि स्वर्गमोक्ष सुखार्थिभिः ॥**

હે ભવ્યાત્માઓ આ સંસારમાં મનુષ્યભવ પામવો અતિદુર્લભ છે, જેમકે સમુદ્રની મધ્યમાં નિર્મળ ચિંતામણી રત્ન પામવું કેટલું બધું દુર્લભ ? તો એવો અતિદુર્લભ મનુષ્ય અવતાર પામ્યા પછી જો તમે (દુર્ગતિઓના ભયંકર દુઃખો નહિ,



કિન્તુ) **સ્વર્ગ અને મોક્ષ સુખને ઈચ્છતા હો તો તમારે ખરેખર ! દાન-શીલ-તપ-ભાવમય એ ચાર પ્રકારના ધર્મમાં જ પ્રયત્ન કરવો જોઈએ.**

કેવલજ્ઞાની ભગવંત કહે છે, તમે સ્વર્ગ સુખના પણ અર્થી હો તો તમે હિંસાદિ પાપ છોડી દાનાદિ ચાર પ્રકારમાંથી કોઈ પણ ધર્મ આરાધો તો તમે મૂર્ખ નથી, કે ગુનેગાર નથી કિન્તુ અક્કલવાન-બુદ્ધિમાન છો, માનવભવનું મહાન કર્તવ્ય બજાવનાર છો. પૂછો,

**પ્ર.**- હેં ધર્મ કરવાનો તે સંસારના સુખ માટે ?

**ઉ.**- અહીં જ્ઞાનીના આ વિધાનમાં ભાર શાના ઉપર છે ? તે સમજો. સંસાર સુખની ઈચ્છા પર ભાર નથી. કે તમે સંસાર સુખની ઈચ્છા કરો, કેમકે જીવને એ ઈચ્છા તો અનાદિ અનંતકાળથી ચાલી આવે છે તેથી એમાં જીવને કશું નવું શીખવાડવાનું નથી, કિન્તુ ભાર ધર્મ કરવા પર છે, કે તમે ધર્મ કરો,

દા.ત. જુઓ માર્ગાનુસારી ગુણોનાં શાસ્ત્રકારોએ કહ્યું "ન્યાયસંપન્ન વૈભવ કમાઓ" આ કથનમાં ભાર વૈભવ કમાવવા પર નથી, કિન્તુ ન્યાયસંપન્નતા પર છે, ભાર ન્યાય-નીતિ જાળવવા પર છે. કેમકે વૈભવ કમાઈ યાને અર્થોપાર્જનમાં જીવને નવું કશું શીખવવું પડે એવું નથી, એ અર્થોપાર્જન તો અનંતાનંત કાળથી જીવ કરતો જ આવ્યો છે. નવું શીખવવાનું ન્યાય-નીતિનું પાલન છે.

એમ અહીં, સ્વર્ગસુખના ઈચ્છુએ દાનાદિ ધર્મ કરવો એમ કહેવામાં કહેવાનો ભાર ધર્મના પ્રયત્ન પર છે. કેમકે જીવને પાપો છોડી ધર્મસેવન કરવાનું નવું શીખવવાનું છે.

**પ્ર.**- પરંતુ 'એમ તમે દુન્યવી સુખની ઈચ્છાથી ધર્મ કરે ને એથી દુન્યવી સુખ મળે,' એ કહેવામાં તો જીવ સુખમાં લંપટ બની જાય ને ?

**ઉ.**- એ કોણ બની જાય કે જેને મોક્ષ પ્રત્યે દ્વેષ હોય 'મોક્ષ' નામ ન ગમતું હોય. પરંતુ જો મોક્ષ પ્રત્યે એવો દ્વેષ-અરુચિ ન હોય અને સુખની અપેક્ષાથી ધર્મ કરે તો એ અપેક્ષા આગળ જઈને બાધિત બને છે, અર્થાત્ ગુરુના ઉપદેશથી એવી લૌકિક દુન્યવી સુખની અપેક્ષાઓ છૂટી જઈ મોક્ષની જ એક કામના જાગે છે એમ **યોગબિંદુ** અને **બત્રીશ બત્રીશી** શાસ્ત્રો કહે છે.

જ્ઞાનીઓનો આશય એક જ છે કે અનાદિ અનંત કાળથી હિંસાદિ પાપના જ રસિયા બની રહેલા જીવને ધર્મપ્રવૃત્તિ કરતો કરવો. એટલે જ ઠામ ઠામ શાસ્ત્રોમાં સુખના અર્થી માટે ધર્મપ્રવૃત્તિ કરવાના ઉપદેશ ભર્યા પડ્યા છે. **'પાપ છોડો ધર્મ કરો' આ જૈન શાસનનું મુખ્ય સૂત્ર છે.**

ઈલાતીપુત્ર કેવળજ્ઞાની મહર્ષિ ઉપદેશમાં આજ કહે છે કે જો સ્વર્ગ મોક્ષ

સુખના અર્થી હો તો દાન આદિ ચાર પ્રકારના ધર્મમાં પ્રયત્ન કરો. તો અહીં કોઈ પૂછે,-

**પ્ર.**- તો પ્રભુ ! આપ વાંસના મથાળે કેમ નટનો ખેલ લઈ બેઠા હતા ?

ઉ.- તો અહીં જ્ઞાની ભગવંત કહે,- નટના ખેલમાં પડ્યો હતો એટલે તો જીવ રાંકડો દીનહીન કંગાળ બન્યો હતો, એક તુચ્છ નટડીનો ગુલામ બન્યો હતો. પરંતુ જ્યાં એ છોડી ભાવના ધર્મમાં પડ્યો, પાપના સળગતા પશ્ચાત્તાપમાં ચડ્યો તો જીવ આ કેવળજ્ઞાન પામવા સુધી પહોંચી ગયો.

દાનાદિ ચારે ય પ્રકારનો ધર્મ કલ્યાણકારી છે, પરંતુ એ શક્તિ ન હોય, ને માત્ર એક પ્રકારના પણ ધર્મમાં પુરુષાર્થ ફોરવો વીર્યોલ્લાસ પ્રગટાવો તો પણ તે તમારા આત્માનું કલ્યાણ કરનારો થાય. અંતરમાંથી મોક્ષ પ્રત્યેનો દ્વેષ કાઢી નાખીને પછી સ્વર્ગની ઈચ્છાથી ય જો સુંદર સંયમધર્મ સાધો તો પછી સ્વર્ગમાં જઈને જિનેશ્વર ભગવાનની ભક્તિના ઊંચા ધર્મમાં લાગવાનું થાય. એમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે. ત્યાંના પ્રસંગમાં ટીકાકાર મહર્ષિ **વાદીવેતાલ** શાંતિસૂરિજી મહારાજે કહ્યું છે કે **'વિષયસુખના અર્થીએ પણ પ્રયત્ન ધર્મમાં જ કરવો જોઈએ.'**

અહીં ઈલાતીપુત્ર કેવળજ્ઞાની મહર્ષિએ પછી તો ધર્મના ખૂબ ગુણ ગાયા, શ્રોતાઓને ઠસાવી દીધું કે જીવનમાં એક માત્ર ધર્મ જ કરેલો તારણહાર છે, ને કરવાનું વાયદે ન છોડાય, કેમકે

**'घोरा मुहूत्ता अबलं सरीरं'**

અર્થાત્ કાળ ભયંકર છે, અને શરીર દુર્બલ છે. કોઈ તેવા જાલિમ રોગ કે અકસ્માત વગેરેના ઉપદ્રવ આવી પડ્યા તો એ સહવાની અને એમાં ટકવાની શરીરની ગુંજાયશ નથી રહેતી. માટે ધર્મને વાયદે છોડવાને બદલે આજે જ જાગો ને આજે જ ધર્મમાં લાગી જાઓ.

રાજા અને લોકો તથા નટમંડળીના માણસો બધા જ ઉપદેશથી ભીંજાઈ ગયા. અહીં રાજા જ્ઞાની મહર્ષિને પૂછે છે,-

ભગવંત - આપ ઊંચા કુળમાં જન્મેલા છતાં આ નટના ખેલમાં કેમ લાગી ગયા ? અને આપને નટડી સાથે પૂર્વ ભવનો કોઈ સંબંધ ખરો કે અહીં એનો રાગ લાગી ગયો ? **પૂર્વનો શો સંબંધ ?**

**કેવળજ્ઞાની મહર્ષિ કહે છે,-**

જુઓ ! મહાનુભાવ ! હું ઊંચા કુળમાં જનમવા છતાં પૂર્વભવમાં ચારિત્રધર્મમાં વિરાધના કરેલી તેથી નટડી ખાતર નટના ખેલમાં લાગી ગયો તેમાં કારણ આ નટડી પૂર્વભવે મારી પત્ની હતી, અને એના પર મને ભારે મોહ હતો. એથી એ



મોહ આ ભવમાં નડ્યો, અને ઉત્તમ કુળમાંથી નટના કુળમાં જોડાયો.

વાત એમ બનેલી કે હું પૂર્વભવે **મદન** નામનો એક બ્રાહ્મણ હતો. અને આ નટડી ત્યાં મારી **મોહિની** નામે પત્ની બનેલી. અમારું સાંસારિક જીવન ચાલતું હતું એમાં અમને જૈન સાધુ મહારાજનો યોગ મળ્યો. એમનો ધર્મઉપદેશ સાંભળવાનો સત્સંગ મળ્યો. જૈન ધર્મની મહાનતાનો ઉપદેશ સાંભળતાં અમને જૈન ધર્મની શ્રદ્ધા થઈ ગઈ એટલું જ નહિ, પરંતુ જૈન ધર્મની શ્રદ્ધા એટલી બધી વધી ગઈ કે અમને સંસાર પર વૈરાગ્ય જોરદાર જાગી ગયો ને અમે બંને જણ - હું સાધુમંડળીમાં અને પત્ની સાધ્વીમંડળીમાં જોડાઈ જઈ અહિંસા-સંયમ-તપની કઠોર સાધનામાં એવા લાગી ગયા કે પાછું વાળીને જોયું નહિ. જનમના બ્રાહ્મણકુળના સંસ્કારે અને બ્રાહ્મણ ધર્મના અભ્યાસે વાતવાતમાં છી છી ને ધો-ધો, પાણીના એકેક ટીપામાં અસંખ્ય સ્થાવરકાય જીવોનો ખ્યાલ જ ક્યાં ? તે નિશ્શંકપણે અપ્કાય જ નહિ, કિન્તુ પૃથ્વીકાય, તેજકાય વગેરે જીવોની હિંસામાં અમે રમનારા. હવે અમને જૈનધર્મનું સંયમજીવન મળ્યું, એમાં તો પાણીના એક બિન્દુની પણ હિંસા નહિ, જીવોના હિંસામય આરંભ-સમારંભ નહિ, ઉપરાંત પાંચ મહાવ્રતો, અને ૪૨ દોષરહિત ભિક્ષા પર જીવન; તેમાં સાધુ માટે બનાવેલ આહારાદિ અમને ખપે નહિ, એક રાતા પૈસાનો પરિગ્રહ નહિ, કષ્ટ પરીસહ કેવા સહવાના ? માથે કેશનું મુંડન નહિ પણ લુંચન, વાહનની સવારી નહિ, કિન્તુ જીવનભર મારે પાદવિહારનો જ નિયમ તેમજ રોજિંદુ જીવન લગભગ શાસ્ત્ર સ્વાધ્યાયમય... આ બધું કરતાં કરતાં અમારો સંસાર ત્રણ ભવમાં મર્યાદિત થઈ ગયો, અનંતા ભવભ્રમણ કપાઈ ગયા...

સવાલ એટલો થાય કે આટલી ઊંચી સંયમસાધના છતાં મોહિની સાધ્વી કેમ આ ભવે નટડીના કુળમાં જન્મી ? ને હું ઊંચા કુળમાં જનમ્યો છતાં કેમ નટકુળમાં જોડાયો ?

એનો ખુલાસો આ છે કે મોહિની સાધ્વીને કોઈકે પૂછ્યું ત્યારે એને જાતિમદ આવ્યો ને પોતાની ઉચ્ચ બ્રાહ્મણજાતિની પ્રશંસા કરી તેથી ત્યાં નીચગોત્ર કર્મ બાંધ્યું અને તેથી સંયમ પાળી દેવલોકમાં જઈ પછી અહીં નટકુળમાં જન્મ પામી.

ખૂબી જુઓ - જ્યારે ચારિત્રજીવનમાં મદ કર્યો હશે ત્યારે ખાસ ખ્યાલ પણ નહિ હોય કે હું મદ કરું છું. તેથી જ કદાચ ગુરુ પાસે એ પાપનું આલોચન-પ્રાયશ્ચિત્ત પણ નહિ કર્યું હોય. ત્યારે આપણા જીવનમાં આવા મદના, માયાના, કષાયોના વગેરેના કેટલાય કુવિચાર આવી જતા હશે ? તો પછી એના પાપબંધન પણ આપણા આત્મા પર કેવા કેવા અને કેટકેટલા કર્મો બંધાતા હશે ?

બ્રાહ્મણી સાધ્વી બનેલી છતાં મદના એક કુવિચારથી નટડીપણું મળ્યું ત્યારે

બ્રાહ્મણ મદન તે મુનિ બન્યા છે છતાં અહીં મોહ કેમ નડ્યો ? તો

કેવળજ્ઞાની કહે છે અમો બંનેને પૂર્વજન્મના એ ચારિત્રજીવનમાં પણ પરસ્પરનો પ્રેમ રહ્યો, રાગ રહ્યો, તેથી ચારિત્રમાં વિરાધના થઈ એટલે અહીં ઉત્તમ કુળમાં મારો જન્મ છતાં નટડી પર મોહ થયો, **તીવ્ર આસક્તિથી કર્મ ઉપાર્જાય એ કેટલીક વાર વિચિત્ર સંજોગોમાં ભોગવવા પડે છે.**

કેવળજ્ઞાનીની ભવ્ય દેશનાથી રાજા અને નટમંડળીવાળા બૂઝી ગયા. જૈન ધર્મ અંગીકાર કર્યો અને ક્રમે કરીને તે ચારિત્રમાર્ગે ચડી જઈ તીવ્ર તપથી કર્મઈંધનને બાળી નાખીને કેવળજ્ઞાન પામી મોક્ષે પહોંચી ગયા.

E E E

**"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત"** **વર્ષ-૬,અંક-૧,તા.૭-૯-૧૯૫૭**

**'હે પુરુષ ! તું જ તારો મિત્ર છે, બહારથી મિત્ર શું ઈચ્છે છે ?' - નિર્ગ્રંથ પ્રવચન.**

# મંગળ પ્રયાણ

આજથી ત્રણ વર્ષ પહેલાં મુંબઈમાં જૈન સમાજની કેટલીક અગ્રગણ્ય વ્યક્તિઓ એકત્ર થઈ હતી. તેમણે જૈન શાસનની વર્તમાન પરિસ્થિતિ અંગે ગંભીરતાથી વિચારણા ચલાવી હતી. તે વખતે એકી અવાજે એવા સાપ્તાહિકની અગત્ય સ્વીકારી હતી કે જે :-

(૧) જૈન ધર્મના સિદ્ધાંતોનો વ્યવસ્થિત પ્રચાર કરે,

(૨) જૈન સંસ્કૃતિનાં ભિન્ન ભિન્ન અંગો પર પૂરતો પ્રકાશ પાડે,

(૩) જૈન ધર્મ તથા જૈન મહાપુરુષો પર થઈ રહેલા આક્ષેપોનો પ્રતિકાર કરે,

(૪) જૈન સંઘ કે શાસનને નુકશાન પહોંચાડે તેવા સરકારી કે ખાનગી બીલો સંબંધમાં લોકમત જાગ્રત કરે અને જરૂર પડતાં પ્રચંડ આંદોલન ચલાવે,

(૫) સંપ અને સંગઠનની ભાવનાને વેગ આપે, તથા

(૬) દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા મજબૂત બને તેવું સાહિત્ય પીરસે.

અને એવું સાહિત્ય ટૂંક સમયમાં પ્રસિદ્ધ થાય એ માટે કેટલાંક ચક્રો ગતિમાન થયાં હતાં, પણ ખેદ થાય છે કે યોગ્ય વાતાવરણના અભાવે તેને લગતી કોઈ યોજના અમલમાં આવી શકી ન હતી.

ત્યાર પછી થોડા જ વખતમાં મુંબઈ ધારાસભામાં **શ્રી પ્રભુદાસ પટવારી**નું બાલ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ આવ્યું અને તેણે જૈન સમાજના સર્વ શુભચિંતકોનાં



હૃદયમાં ઘેરો ખેદ જન્માવ્યો. પરંતુ સામે પ્રચંડ લોકમત જાગ્રત કરી શકે એવું એક પણ પત્ર વિદ્યમાન ન હતું. 'જૈન' પત્રે તો એ બીલ તરફેણ કરતો અગ્રલેખ લખ્યો હતો અને તેને ઉત્તેજન મળે એવી જાતના સમાચાર તથા લેખોને તે પૂરતી પ્રસિદ્ધિ આપી રહ્યું હતું. (જો કે પાછળથી એ નીતિમાં ફેર થયો હતો.) પ્રબુદ્ધ જીવન (પાક્ષિક) તો મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર રહ્યું, એટલે એ બીલની જોરશોરથી હિમાયત કરે એ દેખીતું છે. જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ કે જે ધાર્મિક, સામાજિક અને રાજકીય બાબતોમાં જૈન સમાજને યોગ્ય દોરવણી આપવાનો દાવો રાખે છે, તેણે પોતાનું ઐક્ય જાળવી રાખવા આમાં ન પડવાનો નિર્ણય કર્યો હતો; એટલે તેની માસિક મુખપત્રિકા એ સંબંધી કંઈ પણ બોલે જ શાની ? એક બે પાક્ષિક અને માસિકોએ એ બીલની વિરુદ્ધ સૂર કાઢ્યો હતો, પરંત એકંદર સ્થિતિ ઘણી વિષમ હતી અને પ્રચારનાં મજબૂત સાધનની ખામી સ્પષ્ટ દેખાઈ આવતી હતી. જો કે આ પ્રસંગે કાર્યકર્તાઓએ ખૂબ કુનેહથી કામ લીધું અને દૈનિક વર્તમાનપત્રોમાં તે અંગે કેટલાક લેખો લખીને તથા જરૂરી નિવેદનો પ્રકટ કરીને પ્રચંડ લોકમત જાગ્રત કર્યો અને એ બીલને હવામાં લટકી જવાનો પ્રસંગ આવ્યો ખરો પણ એક શાસનરંગી સાપ્તાહિકની ખોટ તો સાલતી જ રહી !

ખોટ સાલવાનાં બીજાં પણ કારણો છે. આજે ધર્મ અને સંસ્કૃતિ ઉપર આક્રમક પ્રસંગો ઉપસ્થિત થતા જાય છે. મૂંગા પ્રાણીઓની હિંસાને ઉત્તેજન, માંસાહારનો વ્યાપક પ્રચાર તથા બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મનો વધતો જતો ફેલાવો ચિંતાજનક સ્થિતિ ઊભી કરી રહ્યા છે. પશ્ચિમીય ઢબની કેળવણીથી આર્યપ્રજા ભૌતિકવાદ તરફ ઘસડાઈ રહી છે. આજના વિજ્ઞાનથી વિકસતી જતી ભૌતિક સગવડો, શોખ તથા ફેશનો, વાસનાપોષક સાહિત્ય, ઈત્યાદિ ધાંધલ પ્રજાની ત્યાગવૃત્તિ, સંતોષ અને ઉદાત્ત પવિત્ર વિચારસરણીને જોખમાવી રહી છે. પશ્ચિમીય જીવન પદ્ધતિઓ આર્યદેશની પવિત્ર સંસ્કૃતિ અને આચાર મર્યાદાઓનો લોપ કરાવી રહી છે. આ પરિસ્થિતિમાં માત્ર જૈન ધર્મ જ નહિ, આર્યધર્મો બધા જ ખતરામાં છે. આવા પ્રસંગે પત્ર દ્વારા પણ ગામોગામના શ્રી સંઘોને જાગ્રત કરવાની અને સત્ય-પ્રતિકારનું માર્ગદર્શન આપવાની એક મહાન આવશ્યક્તા ઉભી થઈ ગઈ હતી.

હવે અમે એ દિશામાં સહકારી બળો પ્રાપ્ત કરી એક સાપ્તાહિક પત્રનું સ્વતંત્ર સંચાલન કરવા દ્વારા શ્રી જૈન સંઘ અને શાસનની જે કાંઈ સેવા અને રક્ષા શક્ય બને તે કરવાના શુભ મનોરથને સક્રિય કરવા નિર્ધાર્યું છે, જો કે આ માટે એક નવું જ પત્ર શરૂ કરવાનું અમને જરૂરી લાગે છે; પરંતુ સંયોગો, જોતાં એ સાહસ વર્તમાન તબક્કે મુશ્કેલ છે, છતાં શ્રી સંઘમાં પ્રતિષ્ઠિત કોઈ ચાલુ પત્રનું જો

સ્વતંત્ર સંચાલન અમારા હાથમાં આવે તોય પૂર્વોક્ત સમસ્યા ઘણી ઉકલી જાય એવું લાગવાથી **'દિવ્યદર્શન'** પત્રના સંચાલકો સાથે વાટાઘાટ કરી.

**શ્રી 'દિવ્યદર્શન'** પત્ર છેલ્લા **પાંચ** વરસથી પ્રગટ થઈ રહ્યું છે. એમાં સિદ્ધાન્તમહોદધિ પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન મુનિરાજ **શ્રી ભાનુવિજયજી ગણિવર**નાં અધ્યાત્મરસ-ભરપૂર પ્રવચનો પ્રસિદ્ધ થતાં આવ્યાં છે; અને એમણે આજ સુધીમાં અનેક આત્માઓની મોહ-નિંદ્રા ઉડાડી એમને ધર્મરંગી બનાવ્યા છે. તેમ અનેકને તત્ત્વપરિચય અને વૈરાગ્યથી તરબોળ કર્યા છે. તથા અનેક ભવ્ય જીવોને તપ, ત્યાગ અને સંયમના શુભ માર્ગે ભવ્ય પ્રેરણાઓ આપી છે.

અમને જણાવતાં આનંદ થાય છે કે **શ્રી દિવ્યદર્શન**ની જૂની સમિતિએ અમારા શુભ ઉદ્દેશને લક્ષમાં લઈ પૂ. મહારાજશ્રીના પ્રવચનોનું પ્રકાશન પણ સાથેસાથે ચાલુ રાખવાનો ઉદ્દેશ સચવાય એ રીતે અમને પત્રનું સંચાલન સુપરત કરી દેવાની મહાન ઉદારતા દાખવી છે. એટલે હવેથી 'દિવ્યદર્શન' પત્રને જ શાસનના એક અગ્રદૂત સાપ્તાહિક તરીકે પ્રગટ કરવાનો અમોએ નિર્ણય કર્યો છે, અને એ રસ્તે આજથી મંગલ પ્રયાણ આદર્યું છે.

એ માટે અમારી પાસે ખાસ કોઈ ફંડ નથી કે વિશાળ સાધન-સામગ્રી ઉપલબ્ધ નથી, પણ શ્રી સંઘમાં શુભ આશયથી શરૂ કરેલું કાર્ય પૈસાના અભાવે અટકી પડતું નથી એવો અમારો દૃઢ આત્મવિશ્વાસ છે. એટલે અમે આ સાહસમાં ઝંપલાવ્યું છે.

આશા છે કે આ પત્રને પ્રિયપાઠકો, મિત્રો, ઉપરાંત જૈનધર્મરંગી શુભેચ્છકો અને સહાયકો પોતાનો ઉદાર સહકાર આપી અમારા સાહસને સફળ બનાવશે.

**- 'દિવ્યદર્શન' નવી વ્યવસ્થાપક સમિતિ.**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''** **વર્ષ-૬,અંક-૧,તા.૭-૯-૧૯૫૭**

## 'બુદ્ધ-ચરિત્ર'નો બોધપાઠ.

જૈન ધર્મના સિદ્ધાંતો કે મહાપુરુષો પર આક્ષેપ થતાં તેનો જોરદાર પ્રતિકાર કરવો જોઈએ, જેથી એ વસ્તુનો ત્યાંજ અંત આવે અને તેનો ખોટો પ્રચાર થાય નહિ. પરંતુ આપણે એ બાબતમાં ઘણા ઢીલા રહ્યા છીએ અને પરિણામે આપણા સિદ્ધાંતો તથા મહાપુરુષોની અવહેલના થવાનું ચાલુ જ રહ્યું છે.



અધ્યાપક ધર્માનંદ કૌસંબીએ બુદ્ધ ચરિત્ર લખ્યું અને તેમાં જૈન શ્રમણો પણ માંસાહાર કરતા હતા તથા ભગવાન શ્રીમહાવીરે પણ માંસાહાર કરતા હતા તથા તથા ભગવાન શ્રીમહાવીરે પણ માંસાહાર કર્યો હતો. એવું વિધાન કર્યું, ત્યારે આપણો વિરોધી સૂર કાઢ્યો હતો, પરંતુ તે એટલો ક્ષીણ, એટલો દુર્બળ હતો કે તેની કોઈ અસર થઈ નહિ અને પ્રચાર પૂર્વવત્ ચાલુ જ રહ્યો. અનુક્રમે એ પુસ્તકનાં બીજી ભાષાઓમાં ભાષાંતરો થવા લાગ્યા, તો પણ આપણે તેના તરફ જોઈએ તેવું લક્ષ આપ્યું નહિ કે જોઈએ તેવો પ્રતિકાર કર્યો નહિ. આખરે એ પુસ્તક સાહિત્ય અકાદમી દ્વારા પસંદગી પામ્યું અને તેનાં ૧૨ ભાષાઓમાં ભાષાંતર થવાનું નક્કી થયું ત્યારે, આપણી આંખ ઉઘડી અને વિરોધના ઠરાવો કરવા લાગ્યા, પણ ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હતું. તેલુગુ, તાલીમ અને મલાયમ ભાષામાં, તો એ પુસ્તકો પ્રગટ પણ થઈ ચૂક્યા હતાં, અને બીજી ભાષામાં થોડા જ વખતમાં પ્રગટ થવાની તૈયારી હતી.

પરંતુ વ્યવસ્થિત હિલચાલનાં પરિણામે સાહિત્ય અકાદમીના સૂત્રધારોએ જૈનોની વાત લક્ષમાં લીધી ને હવે પછી બીજી ભાષામાં તેનાં ભાષાંતરો પ્રસિદ્ધ નહિ કરવાનું તથા જે ભાષાઓમાં આ પ્રકરણ પ્રગટ થઈ ચૂક્યું છે તેની નીચે એક પાદ નોંધ મૂકવાનું નક્કી કર્યું કે જેમ પંડિતો તેનો અર્થ આ પ્રમાણે કરે છે. અલબત આ વસ્તુથી જૈન સમાજને સંતોષ થાય તેમ ન હતો, કારણ કે તેમની માગણી આ પ્રકરણને રદ કરવાની જ હતી, પરંતુ પુસ્તકો છપાઈ જઈને અંતે તેમાંના ઘણા ખરા વેચાઈ ગયા પછી આ સિવાય બીજો કોઈ વ્યવહારુ માર્ગ ન હતો, એટલે હિલચાલ કરનાર જૈન આગેવાનોને સંતોષ માનવો પડ્યો. અમને મળેલા છેલ્લા ખબર પ્રમાણે સાહિત્ય અકાદમીએ જે પ્રકાશકો સામે આ પુસ્તક પ્રકાશિત કરવાના કરારો કર્યા હતા, તેમાં પણ એ પુસ્તકો પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે, ને પ્રસિદ્ધિ પામી રહ્યા છે અને માત્ર ત્રણ કે ચાર ભાષામાં જ તે પ્રગટ થયા નથી, થવાના નથી.

આ પુસ્તકના મૂળ હક્કો ધર્માનંદ કૌસંબી પ્રકાશન ટ્રસ્ટના હસ્તક છે. એટલે તે દ્વારા તેનું પ્રકાશન થવાનું ચાલુ રહે તો તેના પર આજ સુધી કોઈ પ્રતિબધ મુકાયો નથી, અને એમ હમણાં જ સાંભળ્યું કે જૈન ધર્મ સાથે અનેકવાર અથડામણમાં ઉતરી ચૂકેલા એક સંપ્રદાયે આ પુસ્તકનો પોતાના ધર્મગ્રંથની નવી આવૃત્તિમાં પૂરેપૂરો ઉપયોગ કર્યો છે અને જૈનો પૂર્વકાળમાં માંસાહાર કરતા હતા એ વાત ડિંડિમ વગાડીને જાહેર કરી છે. હજી અનર્થની આવી પરંપરા કેટલી ચાલશે અને તેનું શું પરિણામ આવશે તે કહેવું મુશ્કેલ છે, પણ અમે એટલું અનુમાન તો કરી જ શકીએ છીએ કે તેથી જૈન ધર્મના અહિંસા પ્રચારને મહાન ફટકો પડશે અને

ભાવી પેઢી પર તેની અસર ખૂબ જ બૂરી હશે.

જો જૈન સમાજે આ પુસ્તક સામે પ્રારંભથી જ વ્યવસ્થિત લડત ચલાવી હોત તો આ પરિણામ આવત ખરૂ ? એટલે જ અમારુ કહેવું છે કે આવા પ્રકરણો પરથી બહુમૂલ્ય બોધપાઠ લઈને જૈન સમાજે આક્ષેપ પ્રતિકારનું તંત્ર ખૂબ મજબૂત બનાવવું જોઈએ અને જ્યાં પણ આવા આક્ષેપો થાય ત્યાં મજબૂત હાથે કામ લઈને તેને ઉગતા જ દાબી દેવા જોઈએ. આપણા આગેવાનો આ વાત બરાબર ધ્યાનમાં લેશે કે ?

• • •

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૬,અંક-૫,તા.૫-૧૦-૧૯૫૭**

## સત્યનો જય

આજે જ્યારે એક બાજુ ભૌતિકવાદ વિકસતો જાય છે, અને બીજી બાજુ ધર્મ ઉપર અનેકવિધ આક્રમણો તેમજ ધર્માત્માઓ ઉપર એક યા બીજી બીજી રીતે સંકડામણો ઉતરી પડે છે. એવા અવસરે આધ્યાત્મિક બળ કેળવવા વધારવાની ખૂબ જરૂર છે. અમને જણાવતાં આનંદ થાય છે કે તેવા બળને વિકસાવવાના એક ઉપાય તરીકે પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ છેલ્લા ત્રણ વરસથી શ્રીસંઘને એક લાખ નવકાર મંત્રનો વિધિસર જાપ વિધિ કરાવી રહ્યા છે. ઘણાઓએ એના ચમત્કારિક લૌકિક અને લોકોત્તર લાભ અનુભવ્યા છે, જે પ્રકાશમાં લાવવા યોગ્ય છે જેથી બીજાઓને પણ શ્રી નવકાર મંત્રની આરાધનાની પ્રેરણા જાગે. હાલમાં કચ્છ-ભૂજપુર ખાતે પૂ. પંન્યાસજી મહારાજ ૭૫ સાધકોને એ જાપવિધિ કરાવી રહ્યા છે. ૨૦ દિવસનો એ કાર્યક્રમ છે. એમાં દરેક સાધક ચોવીસે ય કલાકનું લગભગ મૌન પાળી રોજના સરેરાશ પાંચ હજાર નવકાર મંત્રનો જાપ કરે છે. આમ પાછો વારાફરતી ચોવીસેય કલાક અખંડ જાપ રાખવામાં આવે છે. જાપ ઉપરાંત બધા સાધકોની વતી રોજ શ્રીજિનેન્દ્ર પરમાત્માને રોજ એકેક નવકાર મંત્રના જાપ સાથે એકેક પુષ્પ એમ રોજ ૫૦૦૦ પુષ્પથી પૂજવામાં આવે છે. વળી પૂ. પંન્યાસજી મહારાજ શ્રી આવશ્યક સૂત્ર-નિયુક્તિ આગમના આધારે રોજ શ્રી નવકાર મંત્રના મહિમા આદિને વર્ણવતા અદ્‌ભુત વ્યાખ્યાનો આપે છે, જેથી સાધકોને નવું નવુ બળ અને નવી નવી સ્ફુર્તિ મળે છે. શ્રોતાઓ સાથે શ્રવણરસિક હોઈ પ્રવચનો તાત્ત્વિક ઉંડાણવાળા થાય છે. સમગ્રરીતિએ આરાધનાનું વાતાવરણ ભવ્ય અને સૌમ્યતાવાળું દેખાય છે. આખા કચ્છમાં આ ચોમાસાની અપૂર્વ અસર ફેલાઈ છે. એમ આશા રાખીએ છીએ કે ભારતના સમગ્ર સંઘોમાં અને વિશેષ કરીને મોટા શહેરો કે જ્યાં ભૌતિકવાદ વિશેષ ફાલ્યોફૂલ્યો છે ત્યાં શ્રી નવકાર મંત્રની વિધિસર



આરાધના વેગ બંધ થવા માંડે. અણુબોંબની તાકાત કરતાં અસંખ્યગુણ તાકાત ધરાવનાર શ્રી નમસ્કાર મહામંત્રથી આધિભૌતિક આધ્યાત્મિક અને આધિદૈવિક દુઃખો અંત પામી જાય છે. આપણે સાંભળીએ છીએ કે પૂર્વે પણ શ્રી નવકાર મહામંત્રના પ્રભાવે ભીલ-ભીલડી, નાગ, સમડી, બળદ, વગેરે અનેક જીવો ઉન્નત-સ્થિતિને પામ્યા છે, તેમજ વર્તમાનમાં પણ પાકીસ્તાની આક્રમણો, સમુદ્રમાં વહાણની ડમડોલતા, સર્પદંશ, કોર્ટકેસ વગેરેમાં ચમત્કારિ સંરક્ષણ થયા છે; ઉપરાંત અપૂર્વ આધ્યાત્મિક બળ અને શાંતિ પ્રાપ્ત થયા છે. તો સકલ સંઘ પણ શ્રી નવકાર મંત્રની ઉપાસનામાં દત્તચિત્ત બને, એ અત્યંત જરૂરી છે.

• • •

**''દિવ્ય-દર્શન''-''શાસન પ્રભાવના'' વર્ષ-૬,અંક-૫,તા.૫-૧૦-૧૯૫૭**

**સત્યનો જય**

## રતલામ પ્રકરણનો આવેલો સુખદ અંત

રતલામ શ્રી શાંતિનાથજી જૈન દેરાસરના પ્રકરણથી સારો ય સમાજ જાણકાર છે. આ શ્રી જિનમંદિરનો તા. ૨૩-૧૧-૫૪ ના રોજ મધ્ય ભારત સરકારે શિવલિંગના બહાના નીચે કબજો લીધો. તા. ૨૬-૧૧-૫૪ ના રોજ ત્યાં મૂળ ગભારાના ગોખલામાં રતલામના કલેકટર, તહેસીલદાર, વગેરે અધિકારીઓએ નવું શિવલિંગ લાવી પ્રતિષ્ઠા કરી હતી. તે બાબત રતલામના સંયુક્ત શ્રી જૈન સંઘના પ્રમુખ શ્રી તેજરાજજી ગાંધીએ તા. ૨૯-૧૧-૫૪ ના રોજ ઇંદોરની હાઈકોર્ટમાં 'રીટ' કેસ દાખલ કર્યો અને ત્યારબાદ સંયુક્ત શ્રી જૈન સંઘના મંત્રી ચાંદમલજી લુણીઆએ તા. ૩૧-૩-૫૫ ના રોજ ઇંદોરની હાઈકોર્ટમાં શિવલિંગ દૂર કરવા તથા પૂજા દર્શન માટેના જૈન સમાજના જન્મસિદ્ધ હક્કો આપવા માટેનો 'રીટ' કેસ દાખલ કર્યો હતો. તેની સુનાવણી તા. ૨૫-૯-૫૭ ના રોજ ઇંદોર હાઈકોર્ટના ઓનરેબલ ચીફ જસ્ટીસ શ્રીયુત દીક્ષિત સાહેબ તથા ઓનરેબલ જસ્ટીસ શ્રી નિવાસકર સાહેબની સમક્ષ નીકળી હતી. બન્ને કેસોમાં જૈન સમાજ તરફથી મુંબઈના જાણીતા ધારાશાસ્ત્રી એટરની જનરલ બેરીસ્ટર સર નસરવાનજી ઈન્જીનીયર તથા બેરીસ્ટર તારાપોળવાળા તથા બેરીસ્ટર દલાલ તથા ઠાકોર દરૂ એન્ડ હેમાણી કું. વાળા સોલીસીટર્સ શ્રી નાનુભાઈ મુંબઈથી આવ્યા હતા. ઇંદોરના શ્રી ભાર્ગવ એડવોકેટ તથા શ્રી બડજાનીયા એડવોકેટ તથા શ્રી છાજેડ એડવોકેટ અને રતલામના શ્રી વાઘસિંહજી રાઠોડ વકીલ હાજર હતા. પ્રતિવાદી મધ્યભારત સરકાર તરફથી શ્રી શર્મા એડવોકેટ જનરલ હતા.

આ પ્રસંગે મુંબઈથી શેઠ રમણલાલ દલસુખભાઈ શ્રોફ તથા શ્રી રતીલાલ સી. કોઠારી જે. પી. આવ્યા હતા. અમદાવાદથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી મેનેજર શ્રી નાગરદાસ કસ્તુરચંદ શાહ તથા અમદાવાદની શ્રી રતલામ જૈન મંદિર સંરક્ષણ સમિતિ તરફથી શેઠ જેસીંગભાઈ ઉગરચંદ તથા શ્રી બાપાલાલ ઝવેરી આવી પહોંચ્યા હતા અને રતલામથી શેઠ તેજરાજજી ગાંધી વગેરે સેંકડો ભાઈઓ આવ્યા હતા. ઈંદોરના શ્રી સંઘના અગ્રગણ્ય ભાઈઓ શેઠ ઘેવરમલજી, શાંતિલાલજી વગેરે પણ હાજર હતા.

આ કેસની સુનાવણી ઈંદોર હાઈકોર્ટમાં તા. ૨૫-૯-૫૭ ના રોજ સાડાદશ વાગે શરૂ થઈ હતી અને એક વાગે રીસેસ પડી પુનઃ બપોરે બે વાગે શરૂ થઈ. સાડાચાર વાગ્યા સુધી બેરીસ્ટર શ્રી ઈન્જીનીયર સાહેબે આપણી તરફના કેસની રજૂઆત કરી હતી. આ રીટ કેસ હોવાથી અને આર્ટીકલ્સ ૨૫-૨૬ પ્રમાણે ચાલે કે કેમ તથા મૂળભૂત હક્કો બાબત અને આ જૈન મંદિર છે કે કેમ વગેરે બાબત શરૂઆત થઈ હતી. આ માટેની દલીલો સાથે આખો કેસ રજૂ કરવામાં આવ્યો હતો. આ કેસની દલીલો તા. ૨૬-૨૭ ના બપોરના અઢી વાગતાં સુધી શ્રી ઈન્જીનીયરે કરી સચોટ રીતે કેસ રજૂ કર્યો હતો અને તા. ૨૭ ના બપોરના અઢી વાગ્યાથી તા. ૨૮ ના બપોરના અઢી વાગતા સુધી સરકાર પક્ષ તરફથી એડવોકેટ જનરલ શ્રી શર્માએ તેમનો કેસ રજૂ કર્યો હતો. આ દરમ્યાન સનાતન પક્ષ તરફથી પાર્ટી બનવા તેમના કાયદાના સલાહકાર અરજી લઈને હાજર થયા હતા પરંતુ તેમને આ કેસમાં સંબંધ નથી તેવું જજ સાહેબ તરફથી જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી ઈન્જીનીયર સાહેબે એડવોકેટ જનરલના મુદ્દાઓનો ફેક્ટસ અને લૉ-પોઈન્ટસથી ખૂબ સચોટ જવાબ આપ્યો હતો અને ત્યારબાદ નામદાર જજ સાહેબોએ ચાર વાગે તેઓનો ઓર્ડર વાંચી સંભળાવ્યો હતો. આ ઓર્ડરમાં આપણી બન્ને રીટ અરજીઓ મંજૂર રાખવામાં આવી હતી, અને કલેકટરે બેસાડેલું શિવલિંગ ત્યાંથી લઈ લેવા અને જૈન સમાજને મંદિરમાં સેવા-પૂજા કરવા વગેરેનો સંપૂર્ણ અધિકાર છે. આ મતલબનો ઓર્ડર આપ્યો હતો. આ દિવસે શનિવાર હતો. નામદાર જજ સાહેબોએ આપણને ઓર્ડર આપ્યો હોવાથી તાત્કાલિક હાઈકોર્ટના કલાર્કને સાથે રાખી રતલામના શ્રી કલેકટર સાહેબને, શ્રી તહેસીલદાર સાહેબને તથા શ્રી પોલીસ સુપ્રીન્ટન્ડન્ટ સાહેબને તે ઓર્ડર રાત્રે સુપ્રત કરવામાં આવ્યો હતો અને તેઓએ તેનો તાત્કાલિક અમલ કર્યો હતો.

જાણવા પ્રમાણે વહેલી સવારે અધિકારીઓ શિવલિંગને ત્યાંથી લઈ ગયા હતા અને રવિવાર તા. ૨૯ ના દિવસે સાંજના શ્રી સંયુક્ત શ્રી જૈન સંઘના પ્રમુખ



શેઠ તેજરાજજીને મંદિરની ચાવી સુપ્રત કરવામાં આવી હતી અને આ દુઃખદ પ્રસંગ કે જે છેલ્લા ત્રણ વર્ષથી ઉપસ્થિત થયો હતો, તેનો સુખદ અને ન્યાયી અંત આવ્યો હતો.

આ પ્રકરણમાં શરૂઆતથી શ્રીમાન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શ્રી શેઠ કસ્તુરભાઈ લાલભાઈ, વહીવટદાર પ્રતિનિધિ શેઠ કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી તથા વકીલ મી. ચંદ્રકાન્તભાઈ ગાંધી, મેનેજર નાગરદાસભાઈ વગેરેએ ખૂબ રસ લઈ રતલામ શ્રી સંઘને યોગ્ય દોરવણી આપી હતી. તેમજ મુંબઈથી શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યવાહકો રતિલાલ સી. કોઠારી, મોહનલાલ ચોક્સી તેમજ શેઠ કાંતિલાલ ઈશ્વરલાલ જે.પી. તથા શેઠ જીવતલાલ પ્રતાપશીભાઈ વગેરેએ હંમેશાં યોગ્ય સલાહ-સૂચનો તથા દોરવણી આપી હતી. અમદાવાદ શ્રી રતલામ જૈન મંદિર-સંરક્ષણ સમિતિ તરફથી શેઠ સારાભાઈ હઠીસીંગ, શેઠ જેસીંગભાઈ ઉગરચંદ, શેઠ ભોગીલાલ લખમીચંદ, શ્રી ચીમનલાલ મંગળદાસ, શ્રીયુત ચીમનલાલ કડીઆ, શ્રી મફતલાલ પંડિત, શ્રી હીરાલાલ મણીલાલ તથા શ્રી બાપાલાલ ઝવેરી વગેરેએ ઊંડો રસ લઈ અને રતલામના કાર્યવાહકોના સતત સંપર્કમાં રહી સલાહ-સૂચન આપતા હતા.

આ પ્રકરણના સુખદ અંત માટે ખૂબ ધગશથી રસ લઈ અને તન-મન-ધનથી કાર્ય કરી સમય અને શક્તિનો સંપૂર્ણ ભોગ આપનાર શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફને જૈન સમાજ જેટલા ધન્યવાદ આપે તેટલા ઓછા છે. તેઓએ બાહોશથી આ પ્રકરણમાં સમાધાનવૃત્તિથી કાર્ય લીધું છે અને શ્રીમાન્ શેઠ શ્રી કસ્તુરભાઈની વખતો વખત સલાહ-સૂચન મેળવી કાર્ય કર્યું છે. વધુમાં અથાગ પરિશ્રમ, રાત-દિવસના ઉજાગરા, સાથે ઉદારતાથી ધનવ્યય કરવાપૂર્વક જૈનશાસનની અપૂર્વ સેવા બજાવી પોતાના આત્માને કૃતકૃત્ય કર્યો છે. કોમ-કોમ વચ્ચે ઘર્ષણ ના થાય તે માટે છૂટછાટ મૂકીને પણ સમાધાનનો માર્ગ લેવા ચાલતા કેસના છેલ્લા દિવસ સુધી પણ તેઓશ્રીને અનેકવાર અથાગ મહેનત કરી છે તે માટે તો હિંદુ સમાજ પણ તેઓનો ઋણી રહેશે.

આ કેસમાં મૂળભૂત હક્કો તથા જિનમંદિર સંબંધી તેમજ આપણા યક્ષ-યક્ષિણી, દેવ-દેવીઓ આદિ સંબંધમાં પણ નામદાર જજોએ, હિંદુ દેવી-દેવતાના સ્વરૂપો એક જાતના હોઈ તે માટે જે જે મુદ્દા ઉપસ્થિત કરાય તેના ખુલાસા જે મૂળ દેવતા યાને તીર્થંકરના નામનું મંદિર હોય તેના જ અનુયાયી દેવી-દેવતાઓ તેજ મંદિરમાં હોઈ શકે-એ અભ્યાસપૂર્ણ અભિપ્રાય આપ્યો છે.

આ કેસમાં જૈન સમાજ તરફથી વાદી શ્રી તેજરાજજી ગાંધી અને બીજા

વાદી શ્રી ચાંદમલજી લુણીઆ હતા. જ્યારે પ્રતિવાદીમાં (૧) મધ્યભારત સરકાર (૨) રતલામના કલેકટર સાહેબ (૩) રતલામના તહેસીલદાર (૪) ઈંદોરના મુઆફી ઑફિસર (૫) રતલામના ડીસ્ટ્રીકટ પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ સાહેબ હતા. આ પ્રકરણમાં ખૂબ ખાડા-ટેકરા મુશ્કેલીઓ હતી. પરંતુ શ્રી ચતુર્વિધ સંઘની સમગ્ર સમુહ શક્તિથી અને આધ્યાત્મિક બળથી તેમાં વિજય મળ્યો છે. આમાંથી જરૂરી બોધપાઠ સંઘે મેળવવાની અગત્યતા છે. ધન્ય જૈન શાસન !!

• • •

**ગુણ અને સત્યનું બહુમાન એ આર્યવર્તની પ્રાચીન પ્રણાલિકા છે. વૃંદાવનવાળા**

## વૈદ્યરાજ ગોસ્વામીનું થયેલું ભવ્ય સન્માન

આયુર્વેદ વિશારદ વૃંદાવનવાળા વૈદ્યરાજ કે જેઓ છેલ્લા ૩૫ વર્ષથી અનેક જૈન-જૈનેતર ત્યાગી મહાત્માઓની તેમજ દીન-દુઃખીઓની સેવા શુશ્રૂષા નિઃસ્વાર્થભાવે કરી રહ્યા છે, તેમના એ ગુણથી આકર્ષાઈને રાજનગરના આગેવાન જૈન ગૃહસ્થોએ તેઓનું સન્માન કરવાનો નિર્ણય કર્યો. જેઠ સુદ ૧૫ ને રવિવાર તા. ૧-૬-૫૮ ની રાતના સાડા આઠ વાગતાં માનનીય શેઠશ્રી પનાલાલ ઉમાભાઈની અધ્યક્ષતામાં જૈન વિદ્યાશાળાના ભવ્ય હોલમાં સન્માન-સમારંભ યોજવામાં આવ્યો. જેમાં જાણીતા અનેક વૈદ્યરાજો, જૈન આગેવાનો અને જનતાએ મોટા પ્રમાણમાં હાજરી આપી હતી.

શરૂમાં શ્રી ચતુરભાઈએ પ્રભુપ્રાર્થના કર્યા પછી શેઠ અમૃતલાલ દલસુખભાઈ હાજીએ આમંત્રણ-પત્રિકાનું વાંચન કર્યું હતું અને જાહેરાત કરી હતી. શ્રી રસિકભાઈએ સન્માન-ગીત મધુર કંઠે ગાયું હતું અને સભાને ઝીલાવ્યું હતું.

જાણીતા કાર્યવાહક શ્રી ચીમનલાલ કડીયાએ બોલતાં જણાવ્યું કે- "આજનો આ સમારંભ વૃંદાવનવાળા વૈદ્યરાજના સન્માનનો છે એમ પહેલી નજરે લાગે, પરંતુ આ સમારંભ કોઈ એક વ્યક્તિના બહુમાન માટે નથી, પરંતુ એ વ્યક્તિમાં રહેલા ગુણોનું બહુમાન કરવા માટે છે. આર્યાવર્તની-પ્રાચીન પ્રણાલિકા પણ જ્યાં જ્યાં ગુણ દેખાય, સત્ય હોય ત્યાં ત્યાં ઝૂકવું, આદર કરવો, એ જ છે અને આજનો આ પ્રસંગ એ પ્રાચીન ભાવનાને મૂર્તિમંત્ર બનાવે છે. વૈદ્યરાજ પોતે જૈન નથી, રાજનગરના વતની નથી; જૈન ધર્મના નથી, છતાં તેમના અત્રે વસવાટ દરમ્યાન સમાનભાવ કેળવીને અને સાધુસંતો તથા દીન-દુઃખીઓની સેવા નિઃસ્વાર્થ ભાવે કરીને જનતાનો ખૂબ જ પ્રેમ તેમણે મેળવ્યો છે અને એ રીતે તેમનામાં રહેલા એ ગુણની સુવાસથી આપણે સૌ અત્રે ભેગા મળ્યા છીએ. બ્રીટીશરોના વખતમાં પાશ્ચાત્ય વિદ્યાને વધુ વેગ અને સગવડો અપાતી હતી, આજે તો આપણું



રાજ્ય છે અને આયુર્વેદને સરકાર તરફથી ઉત્તેજન આપવાનું શરૂ થયું છે. એ આનંદની વાત છે, પરંતુ હજુ આયુર્વેદ પ્રત્યે જનતાનું પૂરતું આકર્ષણ નથી, એના કારણોમાં એક કારણ ગમે તેવી ફાર્મસીઓની દવા છે કારણ કે તેનાથી ધાર્યું પરિણામ આવતું નથી. જો વૈદ્યરાજો પોતે જાતે દવાઓ તૈયાર કરતા થઈ જાય તો જરૂર આયુર્વેદની ઉપચાર કળા વધુ ખીલી ઉઠે એવી મારી નમ્ર માન્યતા છે. આજે અમો જે સન્માન કરીએ છીએ તે એકલા વૃંદાવનવાળા વૈદ્યરાજનું નથી. પરંતુ પ્રાચીન અને ઉપકારી આયુર્વેદ કળાનું છે. આ બહુમાન સમસ્ત ભારતની વૈદ્ય મંડળીનું છે, કારણ કે વૈદ્યરાજ પણ એના એક અંશ છે..." વગેરે જણાવી આયુર્વેદ કળાનો વધુને વધુ વિકાસ થાય તેમ કરવા સૂચન કર્યું હતું અને વૃંદાવનવાળા વૈદ્યરાજ આરોગ્યપૂર્ણ શતશરદ વિતાવી પ્રજાને ખૂબ લાભ આપે તેવી પ્રાર્થના કરી હતી.

બાદ વૈદ્યસભાના માજી પ્રમુખ શ્રી લક્ષ્મીશંકરભાઈ સાકરજીએ જણાવ્યું કે- "વૃંદાવનવાળા વૈદ્યરાજના પરિચયમાં હું ખૂબ જ આવેલો છું. તેઓ ખરેખર આયુર્વેદના પ્રચારક છે અને આજનું આ સન્માન એ ખરેખર આયુર્વેદનું જ સન્માન થાય છે એ જાણી મને ખૂબ આનંદ થાય છે. વૈદ્યરાજ આયુર્વેદના અંશરૂપ હોવાથી જેટલું જેટલું સન્માન કરીએ તેટલું ઓછું છે."

શ્રી અંબાશંકરભાઈ ત્રિવેદી માજી પ્રમુખ વૈદ્યસભા, શ્રી રેવાશંકરભાઈ ત્રિવેદી, વૈદ્યસભાના પ્રમુખ વૈદ્યરાજ શ્રી ગોવિંદપ્રસાદજી, રાજવૈદ્ય શ્રી જાદવભાઈ, આયુર્વેદાચારી કવિરાજ શ્રી હરસ્વરૂપ શર્માજીએ વિવેચનો કર્યા હતા અને દરેકે આજના આ પ્રસંગને અનેરી રીતે વર્ણવી આયુર્વેદના પ્રચાર માટે એક સુંદર કોલેજ કે હોસ્પીટલ રાજનગરના આંગણે ઊભી કરવામાં આવે તે માટે સૂચનો કર્યા હતા.

ત્યારબાદ શ્રી ચીમનલાલ કડીયાની વિનંતિથી પ્રમુખશ્રીના સન્માન પત્રનું વાંચન કર્યું હતું અને તાળીઓના ગડગડાટ વચ્ચે વૈદ્યરાજને હારતારા અર્પણ કરી ચાંદીની ફ્રેમમાં મઢેલું સુંદર માનપત્ર ભાવપૂર્વક અર્પણ કર્યું હતું અને **'ચિકિત્સક ચૂડામણિ'**નું પદ આપવાની ઉદ્‌ઘોષણા હર્ષ પૂર્વક કરતાં સુવર્ણચંદ્રક વૈદ્યરાજને અર્પણ કર્યો હતો. આ પ્રસંગે પ્રમુખશ્રીએ શુદ્ધ ખોરાક અને ઉણોદરી વ્રત પાળવાની ખૂબ અગત્ય દર્શાવી સુંદર વક્તવ્ય કર્યું હતું.

વૈદ્યરાજ ગોસ્વામીજીએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે- "આજની આ સભા જોઈ અને મારે માટે આટલા બધા પ્રશંસાના શબ્દો સાંભળી મને ઘણું આશ્ચર્ય થયું છે. ગધેડાને વાઘનું ચામડું પહેરાવવા જેવી દશા મારી છે. આમ છતાં ય આપ બધાના પ્રેમ બદલ હું આપનો આભારી છું. સન્માનપત્ર આયુર્વેદ માટે છે હું તો પૂજારી છું. આયુર્વેદની આજ્ઞા મુજબ ચાલનારો છું. આયુર્વેદના મહાન ગ્રંથોનો મેં અભ્યાસ

કર્યો છે અને એના ફરમાન મુજબ અમલ કરવાની મારી ફરજ છે. **'ચિકિત્સક ચૂડામણિ'**નું પદ એ એક વધુ ઉપાધિ છે. છેલ્લે મારા મિત્ર માનનીય વૈદ્યોએ જે સૂચન કર્યું છે તેને ધ્યાનમાં રાખી અમલી બનાવવા અપીલ કરી હતી અને સર્વેનો આભાર માન્યો હતો.''

બાજ આજની સભાનું કાર્ય શાંતિપૂર્વક ચલાવવા બદલ પ્રમુખશ્રીનો અને સભાજનોનો શ્રી કડીયાએ આભાર માન્યો હતો અને શ્રી નરોત્તમભાઈએ પ્રમુખશ્રીને હારતોરા અર્પણ કર્યા બાદ શાસનદેવની જય બોલાવી સૌ વીખરાયા હતા.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૬,અંક-૧૬,તા.૨૮-૧૨-૧૯૫૭**

## પ્રાસંગિક

મનુષ્ય વિચારક બને તો કેવી ઉદાત્ત વિચારસરણી અપનાવી શકે છે, કેટલો દયાળુ બની શકે છે, અને હિંસામાં કેવી ભયાનકતા જોઈ શકે છે, એના એક નમુના તરીકે બ્રિટનવાસી અંગ્રેજી પ્રસિદ્ધ નાટ્યકાર સ્વ. શ્રી જોર્જ બર્નાર્ડ શોના ઉદ્ગાર જુઓ. એ લખે છે કે ''આપણે મરેલા પશુઓની જીવતી કબર જેવા છીએ કે પશુઓની હત્યા જે આપણી ભૂખને શાંત કરવા માટે કરવામાં આવે છે. આપણે ક્ષણભર પણ આપણી કુટેવો સંબંધમાં શાન્તિથી બેસીને વિચાર નથી કરતા કે શું પશુઓને પણ જીવવાનો અધિકાર સંભવે છે કે નહિ. દર રવિવારે આપણે ઈશ્વરની એ પ્રાર્થના કરવા જઈએ છીએ. યુદ્ધ આપણને ગમતું નથી. યુદ્ધનો વિચાર માત્ર આપણા દિલમાં ભયનો સંચાર કરી દે છે. છતાં ય આપણે મારેલા પશુઓનું ભક્ષણ કરવાની લાલચ કરીએ છીએ. ગંદા કાગડાની જેમ આપણે માંસ ખાતાં ખાતાં જીવીએ છીએ, અને વિચાર સરખો નથી કરતા કે એના કારણે શું દુઃખ અને કષ્ટ થાય છે. જો આપણે નિર્દોષ પશુઓની સાથે, આપણા લાભની લાલસામાં, આવી જાતનો ક્રૂર વર્તાવ કરતા રહીશું તો સંસારમાં જે શાંતિ માટે આટલા ઉત્સુક છીએ, તે કેવી રીતે પ્રાપ્ત થઈ શકવાની હતી ? એક બાજુ મારી નાખેલા પશુઓની સેંકડો કબરો પર ઊભા રહી ઈશ્વરને શાંતિ માટે પ્રાર્થીએ છીએ, જ્યારે બીજી બાજુ આપણે નૈતિક નિયમોનું ઉલ્લંઘન કરીએ છીએ. આવા પ્રકારની ક્રૂરતા તો યુદ્ધને જન્મ આપે છે.''

ત્યારે અમેરિકન બાઈ શ્રીમતી **કલારેન્સગાસ્ક** કહે છે, ''આજે પણ મનુષ્ય પોતાની અજ્ઞાનતાના કારણે, યુદ્ધ અને બીજા સંઘર્ષોનું મૂળ કારણ શું છે તે સમજી શક્યો નથી. તે મૂળ કારણ ક્રૂરતા છે. આ ક્રૂરતા પ્રકૃતિના જ આપણા રાજ્યમાં આપણા જ બંધુ તુલ્ય પશુઓ ઉપર ગુજરી રહી છે, અને આપણા પતનને લીધે આપણે એની હત્યા કરી એના લોહીમાંસથી આપણું પેટ ભરીએ છીએ. જ્યાં સુધી આપણે મુંગા પશુઓની હત્યા અને ભક્ષણ બંધ નહિ કરીએ ત્યાંસુધી આપણને યુદ્ધોના ભયરૂપે માનવ માત્રનો રક્તપાત સહવો પડશે. ત્યાંસુધી આપણે સંસારમાં શાંતિ નહિ સ્થાપી શકીએ; કેમકે એવી શાંતિ સર્વથા મિથ્યા હશે.''

ઉપરના કથન ખાસ કરીને ભારતીય પ્રજા અને ભારત સરકારે ખૂબ ધ્યાનમાં લેવા જેવાં છે; અને અમેરિકન ફેશનના ઘોર હત્યાકાંડો સર્જતા કત્લખાનાઓનાં સર્જન-રક્ષણ-વિકાસ તથા મરઘી મત્સ્ય ઉદ્યોગ અને માંસાહાર પ્રચાર કરી આર્યસંસ્કૃતિનો નિર્મૂળ વિનાશ કરતાં અટકવાની ખાસ આવશ્યકતા છે. અહિંસાના ફિરસ્તા બની જગતને અહિંસાનો પેગામ શિખવાડવા પૂર્વે જીવનમાં અહિંસા ઉતારવાની જરૂર છે. નહિતર હિંસાવાદ ઉપર તો પ્રજા જાતે જતે દહાડે એવી ઘોર હિંસકવૃત્તિની થઈ જશે કે જેથી પોતાના કારમા અધઃપતનને નોંતરશે, અને અન્યોન્યની તથા સરકારની સલામતી જોખમાઈ જશે !

• • •

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૬,અંક-૧૮,તા.૧૧-૧-૧૯૫૮**

## કલ્યાણક્રિયાઓ

ક્રિયા કરનાર ઘણા આત્માઓની આ ફરીયાદ છે કે વર્ષોથી અમે ક્રિયાના અભ્યાસી છીએ, છતાં કેમ એમાં અમને હજી તેવી આવડત નથી આવી, અથવા રસ નથી આવતો. બલ્કે કેટલીક વાર અમે રીઢા બની ગયા હોઈએ એવું ભાસે છે ?

(૧) ક્રિયારુચિ વર્ગ બધો જ અશ્રદ્ધાળુ છે. અગર ચરમાવર્તમાં નથી આવ્યો એવું આપણે કહી શકીએ એમ નથી, કેમકે કોઈક વાર પણ મોક્ષનો ઉદ્દેશ એક ક્ષણભર પણ સાચેસાચ પ્રગટ્યો હોય, તેવો આત્મા ચરમાવર્તી ઠરે છે, ચરમાવર્ત સિવાય મોક્ષનો આશય પ્રગટતો જ નથી.

(૨) વળી ક્રિયા કરનારા બધા વિષાનુષ્ઠાન કે ગરાનુષ્ઠાન જ સેવે છે એમ પણ નહિ કહી શકાય. કેમકે તે અનુષ્ઠાનો તો ખરાબ એવા પૌદ્ગલિક પણ આશયની અપેક્ષા રાખે છે, જ્યારે કેટલોય વર્ગ તેવો ખરાબ આશય રાખ્યા વિના કુટુંબના, શેરીના કે ગામના ચાલુ રિવાજ અનુસાર ધર્મક્રિયા કર્યે જાય છે. આ સ્થિતિમાં મંગળક્રિયાઓથી કેમ રસ, ઉલ્લાસ અને ચૈતન્ય ન ઉપજવાની ફરિયાદ છે એ વિચારણીય છે; સહેતુક છે.

**(૧) ધર્મક્રિયાઓ સતત થવી જોઈએ :-**

જગત તરફ નજર નાખતાં સ્પષ્ટ જણાય છે કે પોત પોતાને જરૂરી તેવી ક્રિયાઓ કરતા કરતા જીવો તે ક્રિયાઓમાં નિષ્ણાત થઈ જવા ઉપરાંત એના એવા રસિક બને છે કે બીજી વસ્તુમાં એને તેવો આનંદ કે રસ નથી હોતો. જેમકે પરાણે આગળ જતાં નિશાળે સમયસર જવું, દરેક વિષયમાં ધ્યાન રાખવું, એની જરૂરી લેખન-વાંચન ક્રિયાઓ ઘેર પણ કરવી, વગેરેમાં નિષ્ણાત અને રસિક બની જાય છે. આનું કારણ એક એ છે કે એ ક્રિયા એણે **સતત** સેવવા માંડી. એમ ધર્મક્રિયાઓ સતત સેવાવી જોઈએ.

**(૨) ક્રિયા વિધિસર થવી જોઈએ :-**

શિલ્પી, સુથાર કે દરજીનો છોકરો પ્રારંભમાં બીજા અણઘડ છોકરા જેવો છતાં બાપની કળાને અમુક કાળ સુધી જુએ છે અને વિધિસર એની ક્રિયાના અભ્યાસ દ્વારા એવી હસ્તગત કરી લે છે કે તે અભ્યાસ વિનાના બીજાઓ કરતાં એ તદ્દન જુદો પડે છે અને એક કુશળ કળાકારમાં ખપે છે. નિષ્ણાતતા અને રસિકતા પણ પોતાની કળામાં પોતાને ગજબની હોય છે. આના ઘણા કારણો પૈકી એક કારણ એ છે કે એ કળા શીખવાની ક્રિયા એણે **વિધિ મુજબ આદરી.**

**(૩) ક્રિયા અત્યંત પ્રેમ અને આદર સાથે કરો :-**

સોળ સોળ વર્ષ સુધી પિતાના ગૃહે રહીને પિતાના ગૃહના રિવાજો, ત્યાંના મા, ભાઈ-બેન વગેરે કુટુંબીઓના સહવાસ, માતાપિતાની સંપત્તિ-સ્વભાવ અનુસારના જીવનધોરણ વગેરેમાં ટેવાયેલી કન્યા પરણીને સાસરે ગયા બાદ પૂર્વની અપેક્ષાએ ઘણા અલ્પ કાળમાં જુદા એવા પણ પતિના ઘરના રિવાજો, પતિ, સાસુ, સસરા, જેઠ, દીયર વગેરે કુટુંબીઓના સહવાસ અને પતિગૃહની સંપત્તિ-સ્વભાવ અનુસારના જીવનધોરણમાં એવી અભ્યાસીની થઈ જાય છે કે પતિનું ઘર એ પોતાનું ઘર, ને પિતાનું ઘર એ પિયેર (પિતૃગૃહ) એવી દઢ વાસનાવાળી બની જાય છે. એટલું જ નહિ કિન્તુ પિતાના ઘેર રહીને જે નિષ્ણાતતા અને રસિકતા વિવિધ જીવનક્રિયાઓમાં નથી કેળવી તે પતિના ઘરમાં આવી જાય છે. આનું શું કારણ ? એ જ કે સાસરું નક્કી થયું ત્યારથી કન્યાને એના ઉપર મનમાં બહુમાન જન્મ્યું, અને સાસરે ગયા બાદ એણે ત્યાંની બધી જીવન ક્રિયાઓ બહુમાન-પ્રેમ-સત્કાર સાથે આચરવી શરૂ કરી દીધી.

ઉપર કહેલી આ ત્રણ વસ્તુ અનુસાર, અર્થાત્ સતતપણે, વિધિ મુજબ, અને આદર-સત્કાર સાથે તે તે ક્રિયાઓ આચરવા છતાં એકજ પ્રકારના જીવનક્ષેત્રમાં ઘણાઓ વચ્ચે મોટું અંતર જણાય છે. રાજકીય ક્ષેત્રમાં કોઈ અમલદાર યશસ્વી, લોકપ્રિય અને એને લઈને આગળ વધેલો હોય છે, ત્યારે બીજો ઉદ્યમ ખૂબ આચરે



છે, તે પણ વિધિ બહુમાન સાચવીને છતાં આગળ નથી વધતો, તેમજ લોકપ્રિય કે પોતાના ક્ષેત્રમાં સર્વના પ્રેમને જીતનાર નથી બની શકતો. એનું કારણ શું ? કહેવું જોઈશે કે પ્રથમ નિર્દિષ્ટમાં ઔચિત્યનું પાલન સુંદર કોટિનું છે, જેની બીજામાં ખામી છે.

સમર્થ ચિંતક ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે પંચસૂત્રની ટીકામાં **'औचित्येन सातत्य-विधि-सत्कारा-ऽऽसेवितात्'** નિર્દેશીને સાધક આત્માઓને સાધનાને જ્વલંત અને અમોઘ બનાવવાનું માર્ગદર્શન કર્યું છે. અનાદિ કાળથી એજ રીતે વિષય-કષાયની સાધનામાં એક્સપર્ટ (Expert) નિપુણ બનેલા આત્મા માટે મોક્ષોપાયભૂત કલ્યાણક્રિયાઓની સાધનાનો સર્વ પ્રકારનું ઔચિત્ય જાળવવા સાથે નિરંતરપણે, સવિધિ અને સ-સત્કાર અભ્યાસ એ અતિ આવશ્યક છે. સ્વજીવનમાં જોવાથી જણાશે કે મંગલ મોક્ષક્રિયાઓ એક બાજુ સેવવાની સ્થિતિ ચાલુ છતાં, બીજી બાજુ જીવનક્ષેત્રમાં-જીવનની ભિન્ન ભિન્ન ક્રિયાઓમાં ઔચિત્યપાલનની કેટલી બધી ખામી છે ? આદરાતી કલ્યાણક્રિયાઓ પણ નિરંતર સેવાવાને બદલે કેટલી તૂટક અને અલ્પ પ્રમાણમાં સેવાય છે ?' એ ભ્રાન્તિ ઘર ઘાલી ગઈ છે. જ્યારે કલ્યાણ ક્રિયાઓમાં સત્કાર-હૃદયનું બહુ-અતીવ-માન એ પ્રાણ છે, એના વિનાની ક્રિયા એ આત્મસાધક નહિ એ તદ્દન વીસરાઈ ગયું છે.

સાતત્ય, સત્કાર, વિધિ અને ઔચિત્યનું એટલું બધું શું મૂલ્ય છે, શાથી છે, અને એના આદર-અનાદરના કેવા શુભા-શુભ ફલ નીપજે છે, એ આજે ખૂબ જ વિચારણીય છે. વર્તમાન યુગ જ્યારે ભૌતિક સગવડો અને એના સાધનોને ખૂબ જ વિકસાવી રહ્યો છે તેમજ મનોવૃત્તિઓ એથી આકર્ષાઈ એની સાધનામાં સાતત્ય, સત્કારાદિને સહજ કરી રહી છે, તેવા સમયે કોઈપણ વિવેકી આત્માને સાવધાની વિના ચાલી શકે નહિ. વર્તમાન જીવનની વિનશ્વર વિભૂતિમાં આત્માનું અધઃપતન ન સધાઈ જાય એ માટે આત્મહિતકર પ્રવૃત્તિઓમાં સતતપણે, વિધિ અને સત્કાર સહિત પ્રવર્તમાન રહેવું અતિ આવશ્યક છે. એથી જ જડ જીવનમાં ચૈતન્ય પ્રગટશે, પૌદ્ગલિક સાધનાનો ધક્કો લાગશે, અનાદિનો ઊલટો અભ્યાસ પલટાશે, આત્મકલ્યાણ અર્થે જે ભૂલવું છે તે ભૂલાશે, અને જેને નજર સામે રાખવું છે તે સહેજે યાદ આવશે આ અને આવા બીજા અનેક લાભો અંતે ઠેઠ મોક્ષને પણ સુલભ કરનારા લાભો ઉક્ત રીતિએ સાધવા અર્થે કયો સાધક તત્પર ન બને ?

• • •

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૨૯,તા.૧૨-૪-૧૯૫૮

## અરિહંતના અનંત ઉપકારનો ખ્યાલ

જગતની આટલી અવળચંડાઈ જોઉં છું એક બાજુ; ને બીજી બાજુ મારા વીરના સરળ એ સચોટ કલ્યાણમાર્ગોના ઉપકારોનો વિચાર કરુ છું ત્યારે કોઈ મેળ ખાતો નથી ! પહેલાં જગતના પ્રેમે અને પછી વીરજિનના પ્રેમે રાજા ઉદાયનમાં જુઓ કે કેવા આકાશ-પાતાળના અંતર પાડ્યા ! રાણી પ્રભાવતીનું નૃત્ય પ્રભુને પ્રસન્ન કરવા માટે અને રાજા ઉદાયનનું વીણાવાદન પત્ની પ્રભાવતીને રિઝવવા માટે ! એક બાજુ પ્રભુના અનંત ઉપકારની કેવી શરમ ! ને બીજી બાજુ મોહનું કેવું નાટક ! રાજા જેવો રાજા કેવો પ્રેમનો પગારદાર !! પણ જ્યારે એ જ ઉદાયન પ્રભાવતી દેવથી પલટો પામી આરાધના કરે છે, જિનાજ્ઞાને વળગે છે, ત્યારે અનાદિના કર્મપડળો ટપોટપ ખરી પડે એવી જિનભક્તિમાં ઓતપ્રોત થઈ જાય છે ! જિનના આદેશ પાળવા પાછળ સગી કાયાને તોડી નાખતાં એમણે વાર ન લગાડી ! પ્રભુની માયા લાગવી જોઈએ. એ માટે પ્રભુએ આપણા પર જે અનંતો ઉપકાર કર્યો છે, તેનો ભારે ખ્યાલ જોઈએ, તેની શરમ પડવી જોઈએ. પ્રભુને વિનવો, 'જ્યાં સુધી પ્રભુ ! આપ આ પૃથ્વીતલ પર વિચરો છો, ત્યાં સુધી પૃથ્વી પણ સૌભાગ્યવંતી છે ! ત્યાં સુધી જગતની શોભા છે ! આપ અનંત કલ્યાણના દાતાર છો ! આવા અનંત ઉપકારી ઓ મારા પ્રભુ ! આપ અમારા દુઃખ ક્યારે કાપશો ? આપના અનંત પ્રભાવમાંથી અમને અલ્પ પણ દો તો અમે વિષયો અને કષાયો સાથે જંગ મચાવી મૂકીએ.'

• • •

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૩૫,તા.૨૪-૫-૧૯૫૮

**શામળાની પોળે 'શ્રી અરિહંત' જાપ વખતે પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યે**

## આપેલું મનનીય પ્રવચન

**અરિહંતપદનો** સવા કરોડનો જાપ આ મંડપની અંદર હવે શરૂ થવાનો છે. 'અરિહંત' નામનો પ્રભાવ અજબ કોટિનો છે, જો તે નામનું ધ્યાન મન-વચન-કાયાની એકાગ્રતા વડે કરવામાં આવે તો આ દિવસે વિશેષમાં શીલ અને સંયમગુણનું પાલન જોઈએ. વ્રત અને નિયમનું અખંડિત સેવન જોઈએ. તો સાદામાં સાદો આ ચાર અક્ષરનો મંત્ર અવશ્ય ફળે છે. આ મંત્રની પસંદગી કેમ ? મંત્રો તો ઘણા છે. એમાં જોડાક્ષર વગેરે આવે છે. અક્ષરો ઘણા હોય છે. જલ્દી જીભે ચડે નહિ.



શ્રેષ્ઠતાની દૃષ્ટિએ **'અરિહંત'** ૪ અક્ષરનો મંત્ર રટવામાં બહુ સરળ, જોડાક્ષર રહિત, અનુનાસિકના મિલનથી મધુર લાગતા આ મંત્રની પસંદગી કરવામાં આવી છે. પૂજ્ય આ. શ્રી સિંહતિલકસૂરી મહારાજ નમસ્કારકલ્પમાં જણાવે છે કે આ અક્ષરને ૪૦૦ વાર પ્રણિધાનપૂર્વક જપનારો એક ઉપવાસના લાભને પ્રાપ્ત કરે છે. આ લાભ તો વ્યવહારથી કહ્યો. નિશ્ચયથી તો કેવળજ્ઞાન મળે. નિશ્ચયનું ભાન કરવું કઠિન છે તેથી જલ્દી સમજી શકાય તેવો વ્યવહારિક લાભ બતાવ્યો. ઉપવાસમાં સમતાથી સહન કરવાથી નિર્જરા થાય છે, એ જણાય છે. એથી વ્યવહારથી કહ્યું. તપમાં ખીરનું એકાસણું કરવાનું છે. ખીર એ ઉજ્જવળ વર્ણવાળી છે.

અરિહંતપ્રભુ પણ કેવા છે ? ઉજ્જવળ. આ જગતની શ્રેષ્ઠ વસ્તુઓ ઉજ્જવળ હોય છે. હીરા ઉજ્જવળ, મોતીના હાર ઉજ્જવળ, પૂર્ણિમાનો ચન્દ્ર, દક્ષિણાવર્તશંખ, ક્ષીરોદધિ સમુદ્રના નીર, કામધેનુ ગાય બધાં ઉજ્જવળ, પણ એ કરતાં કેઈ ગુણા ઉજ્જવળ શ્વેત વર્ણવાળા શ્રી અરિહંત પરમાત્મા છે. માટે 'અરિહંત' ૪ અક્ષર શ્વેતહીરા-મોતીની માફક સફેદ કલ્પી જપવાના. તે તપ અને સંયમમાં રહી, વિષય અને કષાયોથી આત્માને દમી એકાગ્રતાપૂર્વક આ જાપ કરવાનો. આથી કયું વિઘ્ન ટકવાનું છે ? કોઈ નહીં. એમ શાસ્ત્ર સાક્ષી પૂરે છે.

માનસશાસ્ત્રની દૃષ્ટિએ જોતાં એક કાર્ય એક જણ કરે, એને બે જણ કરે તો એમાં ૧૦ ગણું બળ વધે છે. ૩ જણ કરે તો ૧૦૦ ગણું બળ વધે છે, ૪માં ૧૦૦૦ ગણું બળ વધે છે. જ્યારે હજારો માણસો કરે ત્યાં ગણિત ખૂટી જાય છે તેમ અહીં સામુદાયિક જાપથી મહાફળ થાય છે.

એક માણસ જાપ ૫૦૦૦ નો કરે પણ લાભ કેટલો ? પ્રત્યેકને કરોડનો લાભ મળે છે, કેમકે સામુદાયિકમાં ફાળો છે.

એટલું ધ્યાનમાં રાખો કે આ જાપ કેવળ સ્વાર્થ માટે નહિ, પણ સંઘ માટે જગતના સકલ જીવોની શાન્તિ માટે હોય, એ લક્ષ્ય રાખી ગણવાનો છે. ધર્મીના અંતરમાં ભાવના હોય તો અધર્મીને પણ લાભ થાય છે. માત્ર અહીં રહેલા ચતુર્વિધ સંઘના માટે નહિ, સારાએ રાજનગરના સંઘ માટે નહિ, ત્યારે ભરતક્ષેત્રના સઘળા સંઘને માટે નહિ, મહાવિદેહક ઐરવતાદિ તપ-કર્મ-ભૂમિના તમામ સંઘો અને સર્વ અધર્મીઓને એનો લાભ મળે એ ભાવના રાખવાની છે. વિશાળ હૃદય બનાવવાનું છે. ધન ગમે તેટલું હોય, માલિકી ધરાવતો હોય, પણ આ ધન મારા સિવાય બીજા કોઈના ઉપયોગમાં આવે નહિ, એ કેવો કહેવાય ? કૃપણ જ ને ? ધર્મનું ફળ માત્ર આપણને જ મળો એ સંકુચિત ભાવ છે. જે ધર્મસામગ્રી પુણ્યના યોગે મળી છે, એના યોગે આજે ઈન્દ્રિયોના વિષયો, ઘર-જંજાળ વગેરે બધું ભૂલી અહીં

"અરિહંત"ના મંગલ જાપમાં બેઠા છીએ. માટે ઘણાં ઘણાં પુણ્યશાળી છીએ તો બીજા જીવોને આ મળ્યું નથી, માટે એમને પુણ્યશાળી બનાવવા છે કે નહિ ! જરૂર બનાવવા જોઈએ, માટે આ જાપથી સમગ્ર જીવોને લાભ થાઓ, મિથ્યાદષ્ટિ પણ સમ્યગ્દષ્ટિ બનો, આવી ભાવના ઉમેરી આ જાપ કરવાનો છે.

'અરિહંત' નામથી અઢળક પાપોનો નાશ થાય છે. એટલા પાપો કે જે એક સાથે કરવાની અધમકોટિના પાપીની ય તાકાત નથી. એટલો બધો પાપોનો નાશ કરવાનો પાવર આ પદમાં રહેલો છે. આપણે હજુ અરિહંત પરમાત્માને ઓળખ્યા નથી. કવિઓ ઉપમા આપે છે એ જાણીએ છીએ. જેમ દિવસના વિષે સૂર્યના જેવો બીજો કોઈ પ્રકાશમાન નથી; રાત્રિના સમયે ચન્દ્ર જેવો સૌમ્ય અને રમણીય બીજો કોઈ પ્રકાશક નથી. પૃથ્વી કરતાં સમુદ્રની વિશાળતા ઘણી છે. મેરુના જેવી ઊંચાઈ બીજે નથી. આ બધાને સમજવા છતાં, એ સમજવું કઠિન છે કે અરિહંત એ સર્વ કરતાં શ્રેષ્ઠ છે; કેમકે અરિહંત ભગવાનમાં અનંત ગુણો છે. એવા અરિહંતને પણ ઓળખવા માટે 'અરિહંત' નામનો જાપ એક સચોટ સાધન છે. ખૂબ જરૂર છે. જપ કરતાં ધ્યાનમાં જવાય છે. ધ્યાનમાંથી લય પ્રગટે છે. તેથી અંદર આત્મજ્ઞાન થાય છે. એથી અંતરમાં અવર્ણનીય સુખ ઉત્પન્ન થાય છે. આ માટે કાયા અને વાણી સાથે મન ભેળવવાની જરૂર છે. ઈંગ્લીશમાં આ જાપનું નામ કહીએ તો 'Magic Box' કહેવાય. એ જાદુઈ પેટી છે. ગુજરાતીમાં કહીએ તો એ રત્નનો ડાબડો છે. 'અરિહંત' એ અક્ષરો એક સીમ્બોલ છે. પ્રતિક છે. એની પાછળ અનંત ગુણનિધિ અરિહંત પરમાત્મા બેઠા છે. એ આત્માને અધઃસ્થાનેથી ઉચ્ચસ્થાને પહોંચાડે છે.

અરિહંત પરમાત્માની કથામાં, ગુણોના વર્ણનમાં, સ્તવના ગુણગાનમાં, ભક્તિ-પૂજા, ઉપદેશ વગેરેમાં સર્વ પાપ ક્ષય કરવાની તાકાત છે. એને ઓળખાવનાર ગુરુની આજે ખૂબ જરૂર છે. જાપની વિધિ-જાપની પૂર્વમાં સ્તોત્ર જોઈએ. સ્તોત્રની પૂર્વમાં જિનપૂજા જોઈએ, તેની પૂર્વમાં દાન જોઈએ તો જપેલો જાપ મહાફલ આપનારો બને છે. દાનમાં ઘરે સુપાત્રદાન દીધું હશે. એના જેવું બીજું દાન કયું ? જિનપૂજા પણ કરી હશે, પ્રભુના સ્તોત્ર-ગુણગાન પણ કર્યા હશે, બાદ અહીં આવ્યા છો માટે જાપના અધિકારી છો. માટે હવે શ્વેત-ઉજ્જવળ સ્ફટિક જેવા અક્ષર કલ્પી સમગ્રનું કલ્યાણ થાઓ એ ભાવ રાખી જાપ શરૂ કરો-એમાં લીન થતાં આત્મા અરિહંત-સ્વરૂપ ઓળખાશે.

• • •





## પેથડશાહના બ્રહ્મચર્યનો પ્રભાવ

તામ્રાવતી નામનું એક નગર હતું, તે નગરમાં દેવ-ગુરુનો ભક્ત અને કુબેર ભંડારી જેવો ધનવાળો 'ભીમ' નામનો એક સોની શ્રાવક હતો. પોતાના ધર્મદાતા દેવેન્દ્રસૂરિ ગુરુનો સ્વર્ગવાસ થવાથી એ ભીમ નામના સોની શ્રાવકે બાર વર્ષ સુધી કોઈ પણ જાતનું અનાજ ખાવાનો ત્યાગ કર્યો અને જિંદગીનું બ્રહ્મચર્ય સ્વીકાર્યું. હવે બ્રહ્મચર્યના નિમિત્તે એણે સાધર્મિકોને પાંચ-પાંચ દુકુલ સાથે એક મડી (પાઘડી) એવી ૭૦૦ પાઘડીઓ મોકલાવી છે. તેમાં એક પાઘડી પેથડશાને પણ મોકલી છે. ઘેર આવી ગયેલી તે પાઘડીને મોટા મહોત્સવપૂર્વક દશ હજાર ટાંકનો ખર્ચ કરીને જિનમંદિરમાં પધરાવે છે, અને કેટલાક દિવસ સુધી એ પાઘડીની પૂજા કરે છે, પણ પહેરવાના ઉપયોગમાં લેતા નથી. આ જોઈને મંત્રી પત્ની **'પદ્મમણી'**ને એમ લાગ્યું કે-આમ કરવાથી પતિને સાધર્મિકની અવજ્ઞાનું પાપ લાગશે. એથી અવસર જોઈને દેવપૂજાના સમયે એણે કહ્યું કે- 'હે સ્વામિન્ ! સાધર્મિકની ભેટ તરીકે આવેલી પાઘડી આપ કેમ ઉપયોગમાં લેતા નથી ?' મંત્રીશ્વર કહે છે કે- 'એ તો બ્રહ્મચારીએ મોકલેલી ભેટ છે. અને હું તો તેવો નથી. માટે મારાથી શી રીતે પહેરાય ?' આવી પાઘડી ભીમા શેઠે ૭૦૦ સાધર્મિકોને મોકલી છે. પરંતુ તેમાંથી એકને પણ આવો વિચાર કે આવી બુદ્ધિ ન ઉદ્ભવી; જ્યારે મંત્રીશ્વરને તો આ પાઘડી આવી ત્યારથી જ વિષયો ઉપરથી વિરાગ ઉત્પન્ન થઈ ગયો હતો. કારણ કે- **'अल्पबोध्या हि सज्जनाः'** શાલિભદ્ર મારે માથે સ્વામી છે એમ સાંભળીને બોધ પામ્યા. સ્થૂલભદ્ર પિતાના મરણથી, કાર્તિક શ્રેષ્ઠિ ગૌરિક તાપસના પરાભવથી, મેતાર્ય મુનિ દેવતાની પ્રેરણાથી, વ્રજબાહુ પહાડ ઉપર રહેલા મુનિના દર્શનથી, લવ અને કુશ લક્ષ્મણજીના મરણથી, ઈલાચીકુમાર મુનિના દર્શનથી, કીર્તિધર રાજા સૂર્યના ગ્રહણને જોઈને, કરકંડૂ ઘરડા બળદને જોઈને,- આમ અનેક ઉત્તમ આત્માઓ કોઈ સામાન્ય નિમિત્ત માત્રને પામીને પ્રતિબોધ પામ્યાના અનેકાનેક દૃષ્ટાન્તો ભૂતકાળમાં બની ગયા છે. એ જ ન્યાયે મંત્રીશ્વર પેથડશાને પણ આ ભીમાશેઠની ભેટના પ્રતાપે વિષય ઉપરથી વિરાગ થઈ ગયો હતો. 'માત્ર પત્નિની અનુમતિ મળેથી હું વ્રત લઈશ.' આ આશયથી તે પાઘડીને મંદિરમાં રાખી-મંત્રીશ્વર અવસરની રાહ જોતા હોય તેમ રોજ તે પાઘડીની પૂજા કરતા હતા. આ અવસરે આર્ય પત્ની કહે છે કે- 'હે સ્વામિન્ ! વ્રત સ્વીકારીને એ પાઘડી આપ મસ્તકે ધારણ કરો.' મંત્રીશ્વર પૂછે છે કે- 'એ વાત તમને રૂચિકર છે ?' ઉત્તરમાં સંતોષકારક જવાબ

મળવાથી મંત્રીશ્વરના આનંદનો પાર ન રહ્યો. 'ધન્ય છે આવી આર્યપત્નિઓને કે- 'જે પતિની બ્રહ્મચર્યની ભાવના જાણીને, તેમાં ઇચ્છાપૂર્વક આનંદની સાથે અનુમતિ આપી પોતાની જાતને સાચી ધર્મપત્નિ તરીકે ઓળખાવે છે.' ભર યુવાની, લક્ષ્મીની રેલમ-છેલ, પતિનો પારવાર પ્રેમ હોવા છતાં, વિષયની ઇચ્છાનો કાબૂ-એ આવા પુણ્યવાન આત્માઓ માટે જ જાણે નિશ્ચિત થયેલું ન હોય. એમ આ રીતે અતિ-આનંદિત થયેલા મંત્રી અને મંત્રીપત્નિ, મહોત્સવ-પૂર્વક શુભ દિવસે ૩૨ વર્ષની ચડતી ભર યુવાનીએ ગુરુની પાસે બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો. આ નિમિત્તે મંત્રીશ્વર પણ-પાંચ વસ્ત્ર અને એક મડી-એ પ્રમાણે ૧૪૦૦ મડીની પ્રભાવના સાધર્મિકોને કરે છે. ભીમાશેઠને પણ એક મડી મોકલે છે. હવે ભીમાશેઠની આવેલી મડી મંત્રીશ્વર પહેરે છે. કારણ કે-હવે તે પહેરવાને અધિકારી બની ચૂક્યા છે. હવે બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યા બાદ-મંત્રીશ્વર બ્રહ્મચર્ય-વ્રતને પ્રતિકૂળ કોઈપણ પ્રવૃત્તિ કરતા નથી. મનોમાલિન્યનો ત્યાગ, વચનમાં સભ્યતા ભરેલી વાણી, વાણી દ્વારા પણ સ્વ-પર કોઈને વિકાર ઉત્પન્ન ન થાય તેની કાળજી, કાયા દ્વારા કોઈપણ જાતની અશુભ ચેષ્ટા ન થઈ જાય તેની સતત જાગ્રતિ, બ્રહ્મચર્યનાં ઘાતક એવાં ભોજન, તાંબૂલાદિ મુખવાસનો પણ ત્યાગ, ૧ સૂક્ષ્મ વસ્ત્રો, ૨ સ્ત્રીકથા, ૩ ઈન્દ્રિયોનું પોષણ, ૪ દિવાનિદ્રા, ૫ સદાક્રોધ, અને ૬ તાંબૂલ આ છ વસ્તુઓ બ્રહ્મચારીને પાડનારી છે. મંત્રીશ્વર પોતાનાથી મોટી ઉંમરની સ્ત્રીને માતા તરીકે, સમાન વયવાળી સ્ત્રીને ભગિની તરીકે અને નાની ઉમંરની સ્ત્રીને દીકરી તરીકે માનતા હતા. સ્ત્રીની તરફ દૃષ્ટિ જાય તો સૂર્ય તરફ દૃષ્ટિને પાછી ખેંચી લે-તે રીતે તરત જ પાછી ખેંચી લેતા હતા. મંત્રીશ્વર મન-વચન અને કાયાની શુદ્ધિ વડે-નિરંતર બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરતા હતા. આ રીતે મંત્રીશ્વરના બ્રહ્મચર્યના પ્રભાવથી સૂર્યના કિરણોથી જેમ અંધકાર ભાગી જાય તેમ ભૂત-પ્રેત-પિચાશ અને શાકિની આદિ મંત્રીશ્વરની દૃષ્ટિ માત્રથી નાશી જાય છે. જ્વર-ઉદરપીડા-શીરપીડા-શૂલ આદિની પીડાઓ મંત્રીશ્વરના અંઘ્રિધાવનથી નાશ પામે છે. દુષ્ટ જ્વરાદિ રોગો અને દુર્વાર વ્યંતરાઓ મંત્રીશ્વરના વસ્ત્રના સ્પર્શ માત્રથી ભાગી જાય છે. એકવાર રાજાને કોઈ શ્રેષ્ઠિએ સવા લાખ દમ્મનું કિંમતી દુકૂલ-વસ્ત્ર અને બીજાં ચાર વસ્ત્રની સાથે રાજા મંત્રીશ્વરને ભેટ આપી દે છે. એ વસ્ત્ર બહુ કિંમતી હોવાથી દેવપૂજા (જિનપૂજા) સિવાય પહેરવા યોગ્ય નથી એમ માનીને, પોતાના આવાસે જઈ મંત્રીશ્વર પોતાની 'પદ્મમણી' પત્નીને યોગ્ય સ્થાને મૂકવા આપે છે. હવે એક વખત રાજાની 'લીલાવતી' નામની રાણીને ત્રણ ત્રણ દિવસને આંતરે તાવ (આંતરીયો) લાગુ પડ્યો છે. અનેક ઉપચારો કરવા છતાં તે તાવ ઉતરતો નથી. એકવાર એ લીલાવતી રાણીની દાસી મંત્રીને



ઘરે ગઈ છે. તેને-રાણીની ચિંતાના કારણે-શ્યામ મુખવાળી જોઈ, મંત્રીપત્ની 'પદ્મમણી' પૂછે છે કે- 'તું દુઃખી હોય તેવી કેવી કેમ લાગે છે ?' ઉત્તરમાં દાસીએ પોતાની રાણીના તાવની વાત જણાવી. 'મંત્ર-તંત્ર ઔષધાદિ અનેક ઉપચારો કરવા છતાં, હજુ સુધી કશો જ ફાયદો જણાતો નથી, એથી હું દુઃખી છું.' 'પદ્મમણી' એ જણાવ્યું કે,- 'તાવની વારીને દિવસે તાવ ચઢ્યા પહેલા જો મંત્રીશ્વરનું વસ્ત્ર એને ઓઢાડી દેવામાં આવે તો તાવ આવશે જ નહિ' દાસીએ વસ્ત્રની માગણી કરી એટલે ઉપકાર કરવામાં એકતાન બનેલાં પદ્મમણીએ અન્ય વસ્ત્રના અભાવે રાજાએ ભેટ આપેલ કિંમતી દુકૂલ આપ્યું. દાસીએ તરત જ જઈને એ વસ્ત્ર રાણીને આપ્યું. રાણી પણ તાવ ચઢ્યા પહેલાં તે વસ્ત્ર શ્રદ્ધાપૂર્વક ઓઢીને સૂઈ ગઈ. તે દિવસે તાવ ન આવ્યો આ વાત રાજાની મુખ્ય રાણી 'કદમ્બા'એ જાણી. સ્ત્રી-સ્વભાવ સહજ ઈર્ષ્યાથી એણે રાજાના કાનમાં ઝેર નાખ્યું. 'હે સ્વામિન્ ! એક વિજ્ઞપ્તિ કરું છું-જો કે, એ તમને રૂચશે નહિ, તો પણ આપના હિતની વાત હોવાથી જણાવી દેવી એ પત્ની તરીકે મારી ફરજ છે. આ તમારી માનીતી 'લીલાવતી' રાણી તો મંત્રી ઉપર અધિક રાગવાળી થઈ છે. કામાન્ધ બનીને પાપથી નિર્ભય બનેલી એ-આપનો નાશ કરે નહિ, એટલા માટે આપને આટલી વાત રૂચીકર ન હોવા છતાં મારે ફરજ બજાવવા જણાવવી પડી છે. એની કામવાસના એટલી બધી વધી ગઈ છે કે રાત્રીના સમયે મંત્રી સાથે રતિક્રીડા કરીને, દિવસે પણ શરીર ઉપરથી મંત્રીના વસ્ત્રને મૂકતી નથી. જો આ વાત ઉપર વિશ્વાસ ન બેસતો હોય તો અત્યારે જ એની પાસે જઈને ખાત્રી કરી આવો.' કાચા કાનનો રાજા તરત જ લીલાવતીના મહેલમાં આવ્યો, આવીને જોયું કે મંત્રીને ભેટ આપેલું લાલ વસ્ત્ર રાણીએ ઓઢેલું છે. બસ, આટલું જોવા માત્રથી પૂછ્યા-ગાછ્યા વગર નક્કી કરી લીધું કે કદમ્બાની વાત સાચી છે. આ મારી રાણી મંત્રી ઉપર રાગવાળી બની ગઈ છે. એમ ન હોત તો આ વસ્ત્ર એની પાસે ક્યાંથી આવે ? આવું જોઈને રાજાને ગુસ્સો તો ઘણો જ આવ્યો, પણ 'સ્ત્રી વધ કરવા યોગ્ય નથી' એમ માનીને એને હણ્યા વિના રાજા વિચાર કરવા લાગ્યો, "આ તો અમૃતમાંથી ઝેર નીકળ્યું, ચંદ્રમામાંથી અગ્નિની દૃષ્ટિ થઈ કે જે જગતમાં ઉત્તમ ગણાતા મંત્રીથી આવું અકૃત્ય બની ગયું હા ! પ્રાણીઓનું ચરિત્ર અકલ અને આશ્ચર્ય ઉપજાવે તેવું હોય છે. કર્મની ગતિ કોઈ વિચિત્ર પ્રકારની છે. કામોની મલિનતા મહા ભૂંડી છે. જો મંત્રી રાણી ઉપર આસક્તિવાળો ન હોત તો પ્રેમથી મેં આપેલું આ વસ્ત્ર એ કેમ એને આપત ?" હવે રાજા લીલાવતીને દેશનિકાલ કરવાની ઈચ્છાથી વિચારે છે કે-આ મંત્રીને જ એને દેશનિકાલ કરવાનું કામ સોંપું. એટલે જો એ દોષિત હશે તો તેની

સાથે એ પણ ચાલ્યો જશે.' આ પ્રમાણે માનીને રાજાએ મંત્રીને-લીલાવતીને દેશનિકાલ કરવાની આજ્ઞા ફરમાવી. રાજાની આ આજ્ઞાને બુદ્ધિશાળી મંત્રીએ-અણવિચાર્યું પગલું છે એમ માન્યું અને રાણીને પોતાના ઘરે લઈ ગયા. ત્યાં ગુપ્ત રીતે એને રાખી. મંત્રીશ્વર તેને પૂછે છે કે-'દેવી ! તમારી કાંઈ ભૂલ થઈ છે ?' ઉત્તરમાં એ જણાવે છે કે- 'ના' કોઈ ભૂલ થઈ હોય એવું મને સાંભરતું નથી.' આ સાંભળી મંત્રી તેને આશ્વાસન આપી પોતાના ઘરમાં ગુપ્ત રીતે રક્ષણ આપે છે. રાજાએ દેશનિકાલ કરેલી રાણીને આ રીતે રક્ષણ આપે છે. રાજાએ દેશનિકાલ કરેલી રાણીને આ રીતે રક્ષણ આપવું એ જેવું તેવું કામ નથી. કારણ કે એ વાતને રાજા જાણે તો ગરદન પણ મારે. પણ સાચી વાત તો એ છે કે-પરોપકાર કરવાની ભાવના એ આત્માઓને આવે વખતે મુંઝવતી નથી. મંત્રીના ઘરે રહેલી લીલાવતી રાણી વિચાર કરે છે કે-રાજાએ મને કાઢી મૂકી છે તો હવે મારાથી પિતાને ઘરે કેમ જવાય ? આમ લજ્જા પામીને ઉભય ભ્રષ્ટ થયેલી રાણી આપઘાત કરવાનો વિચાર કરે છે. ગળે ફાંસો ખાવા માટે બારણા બંધ કરી પ્રયત્ન કર્યો, પણ ભાગ્ય યોગે ફાંસો ખાવા માટે બાંધેલી દોરી તૂટી જવાથી રાણી જમીન પર પડી ગઈ. અવાજથી મંત્રીપત્ની ત્યાં આવ્યા. રહસ્ય જાણી પ્રેમથી કહે છે કે- 'હે મુગ્ધે !' આવું હલકી સ્ત્રીઓને યોગ્ય આ શું કરવા માંડ્યું છે ?' રાણી કહે છે કે- 'હે માતા ! રાજાએ કાંઈપણ અપરાધ વિના મારી આ દશા કરી છે. કહો કે- હવે જીવીને હું શું કરું ?' મંત્રીપત્નિ કહે છે કે- 'આવો વિચાર ન કરાય એથી ભયંકર દુર્ગતિમાં જવું પડે. પરંતુ હું તને દુઃખ ટાળવા એક ઉપાય બતાવું.' રાણીએ કબૂલ કર્યું. મંત્રીપત્નિએ નમસ્કાર મહામંત્રનો મહિમા કહી તેને એક લાખ જાપ પાર્શ્વનાથ પ્રભુની પૂજા-ધૂપ-દીપ-આદિ પૂર્વક એકાગ્ર ચિત્તે કરવા કહ્યું. એ પણ એ પ્રમાણે પદ્માસન લગાવી, પવિત્ર શ્વેત વસ્ત્ર પહેરી, હાથમાં રત્નની નવકારવાળી લઈ નમસ્કાર મંત્રનો જાપ કરે છે. ૮૫૦૦૦ જાપ પૂરા થયા પછી સ્વપ્નમાં દેવીએ કહ્યું કે 'આજથી આઠમા દિવસે પ્રભાતે રાજા સ્વયં તને લેવા આવશે.' પછી પાંચ દિવસે લાખ પૂરા થયા. એ સમયે રાજાનો પટ્ટહસ્તિ પાણી પીવા નીકળ્યો છે. તે ખૂબ તોફાને ચઢ્યો છે, તે વખતે રાજાને લીલાવતીની દાસી કહે છે કે, 'જો મંત્રીનું વસ્ત્ર એને ઓઢાડશો તો એ સાજો થઈ જશે.' પોતે કહેલી આ વાતની પ્રતીતિ માટે દાસીએ એ રીતે લીલાવતીનો તાવ ઉતર્યાની વાત પણ ભેગાભેગી જણાવી દીધી. રાજા આ વાત સાંભળી ચમકી ગયો. 'શું ? તે વખતે લીલાવતીને આવેલ તાવ ઉતારવા માટે જ તેણીએ મંત્રીનું વસ્ત્ર ઓઢ્યું હતું ! જો એમ હોય તો લીલાવતી નિર્દોષ લાગે છે. 'કદમ્બારાણી'એ ઈર્ષ્યાથી આ કાવતરું રચી તે વખતે મને ઊંધું ભરાવ્યું લાગે છે.'



આ વાતની ખાત્રી કરવા માટે રાજાએ હાથી ઉપર મંત્રીના વસ્ત્રનો પ્રયોગ અજમાવ્યો. વસ્ત્રનો સ્પર્શ થતાંની સાથે જ હાથી શાન્ત થઈ ગયો. આથી રાજા મંત્રીને હાથી ઉપર બેસવા કહે છે, પણ મંત્રીને હાથી ઉપર ન બેસવાનો નિયમ છે. આથી રાજા અશ્વ ઉપર બેસાડી મહોત્સવપૂર્વક મંત્રીને નગરમાં પ્રવેશ કરાવે છે. એટલું જ નહિ પણ પ્રસન્ન થઈ, એક લાખ ટાંક મંત્રીને ભેટ આપે છે. આ રીતે મંત્રી અને લીલાવતી નિર્દોષ તરીકે જાહેર થાય છે. હવે રાજાને નિર્દોષ સ્ત્રી ઉપર આરોપ મૂકી દેશનિકાલ કરવાની પોતાની ભૂલનું બહુ દુઃખ થાય છે. મંત્રી દુઃખનું કારણ પૂછે છે. રાજા ઉત્તરમાં જણાવે છે કે- 'શોક્ય (કદમ્બા) ની ચઢવણીથી મેં નિર્દોષ સ્ત્રીરત્નને દેશનિકાલ કરી છે. માટે હું એને જોયા બાદ ભોજન કરીશ.' મંત્રી શાન્તવન આપે છે અને કહે છે કે- 'આપ કાંઈ પુણ્ય કરો કે જેથી કાર્ય સિદ્ધ થાય.' રાજા કહે છે કે- 'શું કરું ?

મંત્રી કહે છે કે- 'આપના દેશમાં પાંચ પર્વી સાત વ્યસનોનું નિવારણ કરો.' પછી સાંજના જ મંત્રીએ પોતાના ઘરે રાજાને લીલાવતીનો ભેટો કરાવ્યો. રાજા ખુશ થઈ રાણીને સમહોત્સવ મહેલમાં લાવી પટ્ટરાણી કરે છે. કદંબા નાસી ગઈ. લીલાવતી સ્વકારિત સુવર્ણના પાર્શ્વપ્રભુની નિત્ય પૂજા, નવકારજાપ, રાત્રિભોજન ત્યાગ, અણગળ પાણી-ત્યાગ, વગેરે જૈન ધર્મની સાધનામાં લીન બની. રાજાએ પણ અવંતી દેશમાં ઘોષણા પૂર્વક ૨-૫-૮-૧૧-૧૪ આ પાંચ તિથિએ સાત વ્યસન બંધ કરાવ્યા.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૩૭,તા.૭-૬-૧૯૫૮**

## मांसादिपिंडात् स्वहितं गृहाण

આપણે આપણું હિત શામાં છે, તે સમજ્યા છીએ ખરા ? વાસ્તવિક સ્વહિતને સમજીને તે સિદ્ધ કરવાનું અચળ મનોબળ એકઠું કર્યું છે ખરું ?

મનુષ્યની દૃષ્ટિ સ્વાભાવિક રીતે જ અતીતમાં માત્ર આ દેહના જન્મ સુધી અને અનાગતમાં માત્ર મૃત્યુની સરહદ સુધી પહોંચે છે.

આ રીતે દેહની આસપાસ ઘૂમતી ટૂંકી દૃષ્ટિને અનુરૂપ તે વર્તમાન જીવન જીવતો રહે છે. પરિણામે 'હું' ની ભ્રામક માન્યતા તેને સ્વહિતની સિદ્ધિમાં ગાફેલ બનાવી દે છે.

અને...એ ગાફેલિયતની કરુણ કહાની કેવી હૃદય પ્રકંપક છે !

"હું એટલે આ જીવલોકમાં અનંત અનંતકાળથી દુઃખદ પરિભ્રમણ કરનાર

... હું એટલે જાતજાતના ને ભાતભાતના માટીના દેહ-મંદિરોનું સર્જન અને વિસર્જન કરનાર...હું એટલે ભયંકર દર્દો, વેદનાઓ અને બરબાદીઓનો ભોક્તા... હું એટલે 'કર્મો'ની અદષ્ટ સત્તાના ધ્વંસકારી આઘાતો-પ્રત્યાઘાતો અને સીતમ પર સીતમ સહન કરનાર... હું એટલે દુઃખ અને વિપત્તિઓના પહાડો નીચે કરુણ રૂદન કરનાર... હું એટલે જન્મ-જન્માંતરથી પતનના ગર્તામાં ગબડતો ચૈતન્યસ્વરૂપ આત્મા..."

દેહની પાછળ અનંત અતીતમાં સર્જાયેલી આ ભયંકર હોનારત છે; કે જે આજે આપણને એનું સ્મરણ માત્ર પણ હચમચાવી જાય છે...

હવે અનંત અનાગતમાં આપણે સ્વહિતના હિમાલયના શિખરે પહોંચી જનારા જવામર્દ બનીએ તે માટે આપણે જે પોતે છીએ, અને આપણું જે પોતાનું છે, તેની સચોટ પિછાણ આપણે કરી લેવી જોઈએ; એ પિછાણ પક્કી થઈ ગઈ એટલે પછી અચલનિશ્ચલ મનોબળ પ્રગટ્યું સમજો ! ને એ મનોબળથી આપણે પછી શું સિદ્ધ નહિ કરી શકીએ ?

હું એટલે અંત વિનાના જ્ઞાનાકાશમાં ઉડ્ડયન કરનાર અગોચર પંખી ! હું એટલે અપાર શક્તિનો મહોદધિ ! હું એટલે સુખના સર્વોચ્ચ શિખરનો સ્વામી ! હું એટલે સંપૂર્ણ ચૈતન્ય સ્વરૂપ... હું એટલે પરમ વીતરાગ ! આજ બધું પરમહિત છે !

પણ...એ સ્વહિત કર્યા છે ? એ સ્વહિતને પ્રાપ્ત કરવાના શું ઉપાયો છે ? એનું સુરેખ અને સ્પષ્ટ માર્ગદર્શન ચિંતનના આંદોલનમાંથી પ્રગટે છે- "**मांसादिपिंडात् स्वहितं गृहाण**"

દેહના ડુંગરમાં સ્વહિતનું નિધાન દટાયેલું છે; એ ડુંગરને ખોદી નાંખો, જરૂર તેમાંથી જે 'સ્વ' છે તે પ્રાપ્ત થશે ! પણ યાદ રાખો, ડુંગરને ખોદવા માટે તમારા બુઠ્ઠાં કોદાળાં કામ નહિ લાગે ! એ માટે તો સુરંગો ફોડવી પડશે !

સંસારનો એક ભોગસમ્રાટ...વૈભવ અને વનિતાઓનો લાડિલો...યૌવનના થનગનતા ઘોડાઓ પર આરુઢ થયેલો કાકંદીનગરીનો ધન્નો ભગવાન મહાવીરદેવના વૈરાગ્યભરીના નાદ પર ઊભો થઈ ગયો ! સંસાર સમસ્તને પૂંઠે કરી સંયમના માર્ગે ચાલી નિકળ્યો. તેના મેરુ-નિશ્ચલ આત્માએ દઢ સંકલ્પ લીધો- "**मांसादिपिंडात् स्वहितं गृहाण !**"

કેવી કોમળ કાયામાં તેણે આત્મહિત ખોજવા માંડ્યું.

દેહના ડુંગરમાં તેણે તપશ્ચર્યાની સુરંગો લગાવી દીધી ! નવ માસના અંતે તે ડુંગર સંપૂર્ણ ખોદાઈ ગયો... સ્વહિતના સેંકડો ખજાના તેમાંથી પ્રગટ થઈ ગયા !



ત્યારે...આપણા પરમતારક પરમાત્મા મહાવીરદેવે પણ માંસાદિના બનેલા આ દેહના ડુંગરોને સાડાબાર વર્ષ સુધી તપશ્ચર્યા...ઉપસર્ગો...પરિષહો... વગેરેના વજ્રથી ભેદવાનું જ કામ કર્યું ને ? કે જેમાંથી કેવળજ્ઞાનનું ચરમ આત્મહિત તેઓશ્રીએ હાંસલ કરી લીધું !

"જીવ ! જો તું માંસ, રૂધિર મજ્જા વગેરેના સમુદાયરૂપ આ દેહને દમીશ નહિ તો એ દેહ તારા આત્માને દમશે... જો તું દેહ દ્વારા આત્મસાધનાનું પરમહિત નહિ સાધી લે તો એ દેહ તારા આત્માનો સહસ્રમુખી વિનિપાત સર્જશે..."

• • •

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૩૯,તા.૨૧-૬-૧૯૫૮**

## "देहस्थ एव भजसे भवदुःखजालम्"

અનંત અનંત કાળથી પ્રાણીમાત્રની કોઈ એક સરખી ફરિયાદ હોય તો તે દુઃખની છે ! જીવ અને દુઃખ-તેમનો સંબંધ અર્વાચીન નથી, પ્રાચીન છે. પ્રાચીનતા કોઈ સો-બસો કે હજાર વર્ષની નથી...લાખ...ક્રોડ કે અબજ વર્ષની નથી... પરંતુ અનંતકાળ-પ્રાચીન એ સંબંધ છે.

શું એ સંબંધ જીવને પ્રિય છે ? શું એ સંબંધ જીવને અનુકૂળ છે ? ના, દુઃખનો સંબંધ જીવને નથી તો પ્રિય કે નથી અનુકૂળ; છતાં સંબંધ છે, એ વાત તો સ્વીકારે જ છૂટકો !

તેમજ જીવ દુઃખથી વિમુક્ત થવા માટેની ઝંખના પણ સદાકાળ કરતો આવ્યો છે ! દુઃખથી દૂર રહેવા માટેના અવળા-સવળા પ્રયત્નો પણ તે સદૈવ કરતો રહ્યો છે...પરંતુ...દુઃખની ભેદી જાળમાંથી તે હજુ નથી છૂટ્યો એ એક સત્ય હકીક્ત છે !

જન્મની સાથે જ દુઃખના મંડાણ થઈ જાય છે ! અરે...જન્મ પૂર્વેની ગર્ભાવાસની સ્થિતિમાં જ દુઃખની ભયંકર અસરો જીવ અનુભવે છે. કેવું કરુણ એ ચિત્ર છે ! એ જીવનું ગર્ભાવાસમાં રહેવું...ઊંધે માથે લટકવું...ને ભિષણ વેદનાઓ અનુભવવી...એ જન્મ થવો...રુદન અને ક્રંદન કરવાં...અહીં તહીં રમવું ને દેહ-પિંડનું વધવું...ત્રાસ...વેદના...અપમાન અને અશાંતિમાં ઝરવું...સ્વાર્થ અને દુષ્ટતાભર્યા સગાં-સ્નેહીઓનાં દગા ફટકામાં ફસાવું... એ કારમી કાયાના પોષણ માટે ભયંકર પાપાચરણોમાં રમવું...એ રમણીના રંજન માટે વિષય-કષાયોમાં નાચવું... સંસાર-વ્યવહારમાં દાઝવું...એ વૃદ્ધત્વની પરાધીનતામાં હૃદયનું બળવું, દુઃખવું અને રડવું...અને અંતે નશ્વરદેહનું આગમાં રાખ થઈ જવું...

જીવ દુ:ખી છે; જીવનભર દુ:ખી છે...પરંતુ એ દુ:ખ શાથી છે ? તેનો તે વિચાર કરતો નથી, કરે છે તો ઉપલકીઓ વિચાર કરે છે, પરંતુ સ્થિરચિત્તે, હૃદયની સાખે અને જ્ઞાનની ચક્ષુએ વિચાર કરતો નથી; તેના સલાહકાર પણ તેના જ જેવા હોય છે, તેથી તેની સલાહ પોતાના વિચારોને સમર્થન કરતી હોય છે, અને પામરજીવ એ મુજબ મહેનત...પુરુષાર્થ કરે છે...અંતે હતાશ બને છે...દુ:ખ ઘટવાને બદલે દ્વિગુણ...શતગુણ બની જાય છે !

જીવ માત્રની આ કરુણાપાત્ર સ્થિતિને પ્રજ્ઞાવંત સાત્ત્વિક મહાપુરુષો જુએ છે, અને સર્વજ્ઞ ભગવંતની જ્ઞાનદૃષ્ટિએ તે સ્થિતિ પર પરામર્શ...ચિંતન કરે છે,

દેહથી દુ:ખ છે; દેહમાં જ્યાં સુધી મમત્વ છે ત્યાં સુધી દુ:ખ છે. કાયાના અણુએ અણુમાં આત્માની મમતા વણાયેલી છે ! કાયાના પોષણ માટે, કાયાના વર્ધન માટે, કાયાની સુખશીલતા માટે આત્મા સતત ચિંતાતુર અને પ્રયત્નશીલ રહે છે.

કારમી કાયાનો મોહ મનુષ્ય પાસે શું અકાર્ય નથી કરાવતો ? શું અચિંતનીય નથી ચિંતવાવતો ? શું અવાચ્ય નથી બોલાવતો ?

**દેહનો મોહ દુ:ખનું પ્રધાન કારણ છે.**

શું તમે કોઈ એક દૃષ્ટાંત બતાવશો કે દેહનો મોહ કરનાર સુખી બન્યો હોય ? શું તમે એક પણ યુક્તિ બતાવશો કે દેહનો મોહ દુ:ખનું કારણ ન બન્યો હોય ?... અરે તમે તમારા વિશ્વાસુ હૃદયને તો જરા પૂછી જુઓ કે- "હૃદય ! તું દેહના મોહથી જ શું તું દુ:ખી નથી ?"

કાયાની માયા છોડો, કાયા પરથી તમારી દૃષ્ટિ ઉઠાવી લો, તમે આત્માનંદની મસ્તી અનુભવશો.

દુ:ખનો મુશળધાર વર્ષાનું એક બિંદુ પણ જે તું છે, તેને નહિ સ્પર્શી શકે !

દેહ એ તું નથી, તું છે તે દેહ નથી.

માનવ ! તું જે છે, તેની તેં તપાસ કરી ? એની સંભાળ કરી ? એના સુખદુ:ખ પૂછ્યાં ? ના ! અનંતકાળ તેં જે તું નથી, જે તારું નથી, એની જ તપાસ કરી છે, સંભાળ કરી છે, સુખદુ:ખ પૂછ્યાં છે ! એનો જ વિકાસ, એની જ ઉન્નતિ તે ઈચ્છી છે ! પરન્તુ સાથે એટલું નક્કી સમજી લે, કે એથી જ તારા પર દુ:ખની ભયંકર હોનારતો સર્જાઈ છે, એથી જ તું હજુ પણ દુ:ખની અનાદિ-જાળમાંથી મુક્ત નથી થયો.

દેહમાંથી મુક્ત થા, દેહને સંસારની-સુખશીલતાની ગોદમાંથી ઉઠાવી તપ-ત્યાગ અને સંયમના ચરણોમાં ધરી દે, ભવદુ:ખની જાળમાંથી તું મુક્ત બની જશે અને સ્વતંત્રતાના મધુર ગીત ગાતું અનંતના પ્રવાસનું તું યાત્રી-પંખી બની જશે !





# શાસ્ત્રશ્રવણ સફળ કેમ બને ?

શાસ્ત્ર-શ્રવણ સફળ બનાવવા માટે શાસ્ત્રની વ્યાખ્યા સાંભળવામાં વિધિનું ઘણું મહત્ત્વ છે; માટે વિધિપરાયણતા કેળવવી અતિ જરૂરી છે. અહીં વિધિપાલકતા ને બદલે વિધિપરાયણતા કહ્યું, એ સૂચવે છે કે વિધિ માત્ર સાચવવાની એમ નહિ પરંતુ વિધિની ભારે તત્પરતા, રસિકતા અને ચોક્કસતા જગાવી એ બજાવવાની. એ માટે જીવને થવું જોઈએ કે 'શાસ્ત્રકાર ભગવંતોએ વિધિનાં જે ભારે મહત્ત્વ આંક્યાં છે, એ વિધિના સામાન્ય નહિ, કિન્તુ અતિ ઊંચા લાભને લઈને; તેમજ વિધિની અવગણનાના ભારે નુકસાનને જોઈને.' લાભ અંગે તો અહીં જ આગળ કહેવાના છે તેમ 'વિધિ એ તો કલ્યાણોની પરંપરાની જનેતા છે. એટલે, જો હું આ વિધિની ભૂમિકા વિના જ શાસ્ત્રબોધ લઈ રહ્યો છું અને ધર્મક્રિયા કરી સંતોષ માની રહ્યો છું, તો હું ભ્રાન્તિમાં પડ્યો છું. મહાન તાર્કિક શાસ્ત્રકાર અને બીજા મહર્ષિઓ, યાવત્ ખુદ તીર્થંકર પરમાત્મા જેવાઓએ પોતાના જીવન અને ઉપદેશમાં વિધિને ઊંચી અગત્ય આપી છે; તો મારે એના વિના કેમ જ ચાલી શકે ?' વાત પણ સાચી છે કે જ્ઞાન મેળવવું અને ક્રિયા કરવી, એ તો ગુરુ અને જિનાજ્ઞાની પરાધીનતા સેવ્યા વિના ય પુણ્યની અભિલાષાથી હજીય થાય, પરંતુ વિધિની ચીવટ-ચોકસાઈ અને આદર ગુરુ અને જિનાજ્ઞા પ્રત્યેના પારતન્ત્ર્યતા એ અતિ આવશ્યક મૂળભૂત ઉપાય છે; એના વિના ચાલી શકે જ નહિ. દુનિયામાં ય વિધિ વિના ક્યાં ચાલે છે ? મનગમતી રસોઈ એની વિધિથી તૈયાર થાય છે. મોટા ઉદ્યોગો એની વિધિ પર નભે છે. મોટા રાજાઓ કે આજના પ્રધાનોની ઉપાસના વિધિપૂર્વક કરે તો ફળે છે. એક કચરો કાઢી સાફ કરવા સુધીની ક્રિયામાં ય શું છે ? સાવરણી ગમે તેમ નહિ પણ વિધિસર ફેરવવાની; થોડો કચરો કાઢ્યા પછી એને ખંખેરવી પડે છે. ત્યાં વિધિ ખરી. તો પછી આત્મામાં દિવ્ય પ્રકાશ લાવનારા, અને ધર્મક્રિયાના મહાનૂર વધારી દેનારા શાસ્ત્રશ્રવણમાં વિધિ વિના કેમ જ ચાલી શકે ? વિધિની ઉત્કટ તમન્ના સાથે એના ઝીણવટભર્યા પાલનમાં પ્રબળ પુરુષાર્થ જોઈએ. એનું નામ વિધિપરતા.

**માંડલી, આસન વગેરે :-** વિધિતત્પર બનવા માટે પહેલું, વાચનાચાર્યની સામા માંડલી-આકારે (ગોળાકારે) બેસવું જોઈએ; જેથી (૧) એમનું બધા ઉપર ધ્યાન રહી શકે, ને નજર પડી શકે, તો પ્રમાદીને પ્રેરણા તથા કોને ઓછું-વધતું

સમજાયું એ જોઈને ઠીક વિવેચન કરી શકે; તેમજ (૨) વાચના લેનારને પણ કોઈનું પીઠ-માથું ન નડે, અને દરેક જણ વાચનાચાર્યની મુખમુદ્રા જોઈ કહેવાનો ભાવ બરાબર પકડી શકે... બીજું, વાચનાચાર્યનાં આવતાં પહેલાં એમના માટે વ્યવસ્થિત આસન બિછાવી રાખવું જોઈએ; જેથી જ્ઞાન-જ્ઞાનીનો વિનય સચવાય અને વાચનાગુરુ પધારે કે તરત બેસીને ઉત્સાહથી વાચના શરૂ કરી શકે; નહિતર શિષ્યની આ પહેલી જ બેદરકારી જોઈ એ નિરુત્સાહ બનવા સંભવ. આસન પ્રશસ્ત દિશા પૂર્વ કે ઉત્તરની સામે જોઈએ. આસન પણ એવું જોઈએ કે દીર્ઘકાળ બેસવામાં આરામ રહે, તેમજ એવે સ્થાને જોઈએ કે જ્યાં અંધકાર અને ધામ ન હોય. આ માંડલી અને આસનનો મુદ્દો સૂચવે છે કે વાચનાચાર્યની પહેલાં શ્રોતાઓએ આવી જવું જોઈએ; પણ નહિ કે પહેલાં વાચનાચાર્ય આવે, ને પછી વ્યાખ્યા લેનાર લાટ-સાહેબો અનુકૂળતાએ આવતા જાય... વળી, ત્યાં વચમાં સ્થાપનાચાર્ય પધરાવવા જોઈએ; કેમકે એમની સાક્ષીએ વાચના આપવાની છે. એનું કારણ એ કે ગુરુ, પરમગુરુ... યાવત્ ગણધર ભગવાન અને તીર્થંકરદેવનું કહેલું અહીં કહેવાનું છે. એ ભાવે વાચનાગુરુના માથે જોઈએ; તથા શિષ્યને એ આશ્વાસન જોઈએ કે મને અહીં પૂર્વ ગુરુઓ, યાવત્ જિનેન્દ્ર ભગવાનનું કહેલું મળવાનું છે... આસનને નિષદ્યા અને સ્થાપનાચાર્યને અક્ષ કહે છે (દરિયામાં શંખની જેવા પણ વજનમાં ભારે સફેદ અક્ષ ઉત્પન્ન થાય છે. તેમાં આચાર્યની સ્થાપના કરવામાં આવે છે, માટે તે સ્થાપનાચાર્ય.) અહીં અક્ષ આદિ કહ્યું, ત્યાં 'આદિ' શબ્દથી ગુરુ માટે શ્લેષ્મની કુંડી, વગેરે મૂકવી. વળી એમની ક્ષેત્ર કાળની જેમ દ્રવ્ય-ભાવની અનુકૂળતા સાચવવી; અર્થાત્ એમને શ્રોતા મુનિઓ એમને અનુકૂળ આહારાદિ દ્રવ્યો, અને એમના ચિત્તના પ્રસન્ન ભાવ તરફ ખુબ લક્ષ રાખે; બીજું મુકામમાં તથા આજુબાજુ લોહી હાડકા વગેરેની અસજ્ઝાય (અશુદ્ધિ) નથી ને, તે જોઈ લેવું...

• • •

**(ચર્ચા પત્રના સર્વ આશય અમને સંમત જ હોય છે, એમ સમજવું નહિ.)-તંત્રી**

**મુંબઈ :- શેઠ શ્રી જીવતલાલ પરતાપશીનો ખુલાસો.**

તાજેતરમાં કેટલાક ટ્રસ્ટોમાંથી મેં રાજીનામું આપેલા હોઈ તે અંગે સમાજમાં ઊલટી-સુલટી ચર્ચા થઈ રહેલ છે. તેમજ સ્નેહી-સંબંધી તરફથી તે અંગેના ખુલાસા પત્ર દ્વારા પૂછાવતા હોઈ મારે ખુલાસો કરવો જરૂરી બને છે.

કેટલાકનું માનવું એવું છે કે રાજીનામું આપવાનું કારણ ટ્રસ્ટોમાં હાલ કૉલેજ અંગેની જે પ્રવૃત્તિ થઈ રહેલ છે તેના અંગે મારે રાજીનામું આપવું પડેલ છે તેવી ગેરસમજ થતી હોવાના કારણે મારે ખુલાસો કરવાની જરૂર પડે છે.



(૧) મારી ચોક્કસ માન્યતા છે કે હાલના યુગમાં સમાજને વ્યવહારીક કેળવણીની ખૂબ અગત્યતા છે અને તેથી વિદ્યાર્થીઓને કેળવણી આપવા અંગેનો તેવો પ્રબંધ વ્યક્તિ અથવા સમાજ તરફથી થવો જોઈએ. તેવી મારી માન્યતા હોઈ કૉલેજની આખી 'સ્કીમ' તૈયાર કરીને બીજા ટ્રસ્ટીભાઈઓને આપી હતી જેમાં મુખ્ય ચીજ એ હતી કે જૈનધર્મના સિદ્ધાંતોને અનુસરીને દરેક સગવડ અનુકૂળતા કરી આપવી.

(૨) ટ્રસ્ટની મિલકતમાંથી કૉલેજના અંગે નાણાં ધીરવાની બાબતમાં હાલ જેમ બેંકો અથવા બીજી સદ્ધર સીક્યુરીટીમાં રોકી વ્યાજ ઉપજાવવામાં આવે છે તેમ જો ટ્રસ્ટમાંથી તેવી રકમ આપવાનું વિચારાય તો ખાસ કરી તે રકમની સહીસલામતી અને ખાત્રી મળવી જોઈએ. જેથી કોઈ વખત ધારવા કરતાં પરિણામ ઊલટું આવે અને ટ્રસ્ટની રકમ જોખમાવાઈ જવાનું બને તો તેવા સમયે જે ટ્રસ્ટનો જે હેતુથી વહીવટ કરવાનો સોંપવામાં આવેલ હોય તે ટ્રસ્ટના વહીવટ અટકી ન જાય તેવી સ્થિતિ ઉભી થવા ન પામે તે માટે નાણાંની પૂરેપૂરી સલામતી સચવાઈ રહેવા માટે સીક્યુરીટી અથવા સદ્ધર ગેરંટી મળવી જોઈએ.

જો કે ટ્રસ્ટીઓ પૈકી અમુક ટ્રસ્ટી પોતે એક નહિ પણ વધુ કૉલેજો ઊભી કરી સમાજને ઊંચો લાવી શકે તેવી શક્તિસંપન્ન વ્યક્તિઓ છે તેમ ન થાય તો સમાજમાં શક્તિસંપન્ન વ્યક્તિઓએ ભેગા થઈ તે કાર્ય ઉપાડી લેવું જોઈએ અને તેમ પણ ન બને તો ટ્રસ્ટના ફંડમાંથી તે રકમનો ઉપયોગ ટ્રસ્ટની રકમની સામે સીક્યુરીટી તથા ગેરંટી મળ્યા પછી ઉપયોગ થવો જોઈએ.

(૩) ટ્રસ્ટનો વહીવટ આજ સુધી મોટા ભાગે સર્વાનુમતે જ વહીવટ ચાલતો હતો પણ હવે મને એમ લાગ્યું કે હવે તે સર્વાનુમતે ચાલવાનું અશક્ય છે અને બહુમતી યા લઘુમતીના ધોરણેથી વહીવટ ચલાવવામાં આવે તો ટ્રસ્ટીઓમાં બેદીલી પેદા થાય અને કદાચ વહીવટને નુકસાન થાય. તેમજ હાલમાં મોટા ભાગે મારે મુંબઈની બહાર રહેવાનું થતું હોવાના કારણે દરેક મીટીંગમાં હાજરી આપી શકું નહિ. વગેરે કારણો હોવાથી મારે રાજીનામું આપવું પડે છે. મોકલાવેલ રાજીનામા પૈકી ટ્રસ્ટ તરફથી રાજીનામું નહિ સ્વીકારવાનું અને ટ્રસ્ટી તરીકે ચાલુ રહેલા અંગે કાગળો મળ્યા છે, તે માટે તેઓશ્રીના આભાર સાથે રાજીનામું સ્વીકારી લેવા વિનંતી કરું છું.

વધુમાં ટ્રસ્ટી સાહેબને વિનંતી છે કે ધાર્મિક ટ્રસ્ટોનો વહીવટ જે ટ્રસ્ટનો મૂળ ઉદ્દેશ અને ધ્યેય છે, તેનું સંપૂર્ણપણે પાલન કરી તે વહીવટ ચલાવી પુન્ય ઉપાર્જન કરશો. —હેમંતકુંજ, પાંચબંગલા, જામનગર. લી. **જીવતલાલ પરતાપશી.**

“દિવ્ય-દર્શન”-“શાસન પ્રભાવના” વર્ષ-૭,અંક-૧૦,તા.૨૨-૧૧-૧૯૫૮

## ભુવનેશ્વરનું શિવમંદિર

**(લે. પ્રભુદાસ બેચરદાસ પારેખ)**

હાથમતીનો બંધ બાંધવા માટે ભુવનેશ્વરનું શિવમંદિર ખસેડવું પડે તેમ છે તેવી જાણ થતાં, તે મંદિર ન ખસેડાય અને તેની જાળવણી થાય તે માટે, સાબરકાંઠાના કેટલાક સદ્‌ગૃહસ્થો બાંધકામ ખાતાના પ્રધાન શ્રી બાળાસાહેબ દેસાઈને મળ્યા હતા.

તે વખતે તેમણે તેઓને જે જવાબ આપ્યો છે, તે પોતાના મનમાં ઠસતી જતી ધર્મની બિનજરૂરિયાતની અંગત માન્યતાના આધાર ઉપર અપાયો છે એમ સ્પષ્ટ જણાઈ આવે છે.

પરંતુ રાજ્યના અમલદારો અને પ્રધાનો પોતાની અંગત માન્યતાઓને આગળ કરીને જવાબ આપે તે રાજ્યની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચાડનાર ન થાય, એ વાત રાજ્યને વફાદાર રહેવા ઈચ્છતા અમલદારોએ ધ્યાનમાં રાખવી જોઈએ. તેમનો જવાબ તો સમતોલ હોય. પ્રજાના સંતોષમાં રાજ્યની પ્રતિષ્ઠા છે.

પ્રજાનો રોટલો ન તૂટી જાય એ જેમ રાજ્યે ધ્યાન રાખવાનું છે, તેમ પ્રજામાંથી નીતિ સદાચાર નાશ ન પામે તે પણ રાજ્યે જોવાનું છે. નીતિ અને સદાચારનું મુખ્ય મથક ધર્મ છે; અને જેમ વ્યવહારિક શિક્ષણના પ્રતીકો શિક્ષણ સંસ્થાઓ છે, તેમ ધાર્મિક પ્રેરણા પ્રાપ્ત કરવાના પ્રતીકો મંદિરો આદિ ધર્મસ્થાનો છે. તો આવાં ધર્મસ્થાનોને કેમ તોડી શકાય ?

બાહ્ય શિક્ષણ માત્રથી સદાચાર પ્રાપ્ત થતો નથી. સદાચારની પ્રાપ્તિનું મથક ધર્મ જ છે; અને તેથી જ કાયદા અને પોલિસના બળ કરતાં ધર્મના પ્રભાવથી પ્રજા વધારે સદાચારમાં ટકી રહે છે. રાજ્ય વગેરે તરફ પ્રજા જે વફાદારી જાળવતી જોવામાં આવે છે, તે પણ ધર્મની જ અસરનું પરિણામ છે. આ વાતને રાજ્યે ધ્યાનમાં લેવી જોઈએ અને પ્રતિકોને તોડવાં ન જોઈએ.

**‘આપણા ગરીબ દેશને મંદિરો વગેરેના રક્ષણ માટે ખર્ચા કરવા પોસાય નહીં.’** શ્રી દેસાઈનો આ જવાબ પૂર્વાપરની યોગ્ય વિચારણા વિનાનો છે તે સહેજે સમજી શકાય છે.

પ્રત્યેક બાબતમાં રાજ્ય ગરીબો અને ગરીબાઈને જ બહાના તરીકે માત્ર આગળ કરે છે. કારણ કે તો જ હાથ ધરેલી યોજનાઓને અને આદર્શોને સફળ કરવાનું ધ્યેય પાર પાડી શકાય તેમ હોય છે. વાસ્તવિક રીતે ગરીબ કે ગરીબાઈની કોઈને પડી નથી.

નહીંતર, પચાસ માણસોની ગરીબાઈ દૂર કરી પાંચસો માણસોને ભયંકર ગરીબીમાં ધકેલનાર પરદેશી નાણાં મેળવવાના પ્રયાસો રાજ્ય ન કરતું હોય. ગરીબોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડ્યા પછી જ, મોટી યોજનાઓ અમલમાં લાવવાનું હાથ ધર્યું હોત. માત્ર દરેક ઠેકાણે ગરીબોને વગોવવાથી ગરીબાઈ દૂર થતી નથી.

વળી જ્યારે યોજનાઓ પાછળ અબજો રૂપિયા ખર્ચાય છે, ત્યારે ધર્મના પ્રતીકોના રક્ષણ માટે કરોડો ખર્ચાય છે, ત્યારે ધર્મના પ્રતીકોના રક્ષણ માટે કરોડો ખર્ચાય તો શું બગડી જવાનું છે ? એમ પણ બને કે યોજનાઓ પાછળ ખર્ચાયેલા અબજો રૂપિયા પ્રજાને કામ ન પણ આવે. જ્યારે ધર્મનાં પ્રતીકોના રક્ષણાર્થે ખર્ચાયેલા કરોડો રૂપિયા પ્રજાની અને દેશની સિકલ બદલી નાખે. સત્તાને જોરે ગમે તેમ જવાબ આપી શકાય એ જુદી વાત છે. પરંતુ તેથી પ્રજામાં ધાર્મિક અસંતોષ ભભકયા વિના રહેશે નહીં. ગમે તે ધર્મના ધર્મસ્થાનોને રાજ્યે બચાવવાં જ જોઈએ.

મસ્જીદને બચાવવા ચંબલ નદીના પ્લાનમાં ફેરફાર કરવામાં આવેલો છે. શ્રી શેત્રુંજી નદી ઉપરના યુગાદીશ્વરના પગલાં ઉઠાવવાં ન પડે તેની રાજ્યે ગોઠવણ કરવી જ જોઈએ. પગલાંની મહત્તા કરતાં સ્થાનની મહત્તા વધારે હોય છે.

યોજનાઓને ખાતર આવા જવાબો અપાય છે, પણ એ યોજનાઓ પૂર્ણ થયા પછી તેના સંચાલનનો કબજો પરદેશીઓ નહીં લે તેની ખાત્રી કોણ આપી શકે તેમ છે ? જગતની અંદર અણધાર્યા ફેરફાર કરવાનું સામર્થ્ય પરદેશીઓ ધરાવતા હોય છે એ વાત સરકારના અમલદારોએ અને પ્રધાનોએ ધ્યાન બહાર રાખવા જેવી નથી.

**(હિત-મિત૦ ના સૌજન્યથી)**

“દિવ્ય-દર્શન”-“શાસન પ્રભાવના” વર્ષ-૭,અંક-૧૬,તા.૧-૫-૧૯૫૭

## સુવાક્ય

**દુન્યવી સગવડ-અગવડ અંગે ભાગ્યની પેટીના ભરોસે રહેવાનું. એ પેટી જો કાણી, તો બહાર કાણું જ સમજે. પેટી અધુરી થતી લાગે તો પરમાર્થ પરોપકારનાં સુકૃતો કર્યે રાખવાનાં, જેથી પેટી પુણ્યે ભરી રહે.**

**મન કે મંત્ર વગેરેનો વાંક કાઢવો નકામો છે. મન તો મનુષ્યને એવું મળ્યું છે કે માલિક જ્યાં વાળવા માંગે ત્યાં વળી શકે છે. મનુષ્યનું મન સોનાની લગડી જેવું છે. જેવો ઘાટ આપવો હોય, જેવી કારીગિરી કરવી હોય તેવી કરી શકાય છે, માટે મનનો દોષ કાઢવો નકામો છે. ગગન-વ્યાપિ શબ્દ-ધ્વનિ સાંભળવા મળે કે ત્યાં આપણું મન ચોંટી જાય છે-એકાગ્ર બને છે. બસ, એજ રીતે પંચ પરમેષ્ઠિમાં સુંદરમાં સુંદર શબ્દો છે, તે સાંભળતાં જ આત્માર્થીનું ચિત્ત એકાગ્ર બની જાય છે,**

પાપ ખપી જાય છે. દુરિત દૂર ભાગે છે.

• • •

મંત્રથી કઈ રીતે કાર્યની સિદ્ધિ થાય છે, એની આપણને ખબર નથી. એ ખબર અમલ કરવાથી થશે. પ્રથમ તો પુણ્ય રહિત હશો તો પુણ્ય વધશે. જેનાથી પુણ્ય ઉત્પન્ન થાય છે તેમાં ચિત્ત ચોંટતું નથી એ ઈષ્ટ-સાધનતાના અજ્ઞાનથી બને છે. પુણ્યના સાધન તરફ બેદરકારી રાખવી અને પુણ્યનું ફળ માગવું એ કેમ બને ?

• • •

પુણ્ય વિના કોઈને પણ ચાલ્યું નથી. જીવની મુસાફરી પાર કરવા માટે ભાતા સમાન પુણ્યની પણ જરૂર છે. કોઈ કહે છે કે મારે એકલા શુદ્ધનું જ કામ છે પુણ્યની શી જરૂર છે, પણ તે બોલવા માત્રમાં જ સુંદર છે. વ્યવહારમાં પુણ્ય વગર ચાલતું નથી. ઉત્તમ મનુષ્યભવ શાથી મળે છે ? સુંદર સાધન-સામગ્રી શાથી પ્રાપ્ત થાય છે ? બધી ઉત્તમોત્તમ સાધન-સામગ્રી જે તત્ત્વથી મળે તે પુણ્ય-તત્ત્વ છે. આ વાત ખાસ કરીને મનુષ્ય જ સમજી શકે છે. સાત રાજ ઊંચે આવ્યો તેમાં પુણ્યની જસહાય છે, નવકાર મંત્રદૃજ દેવ અને દાનવો ગણે છે તે જ મંત્ર આજે આપણને મળ્યો છે.

• • •

વીતરાગના જાપથી-ધ્યાનથી વીતરાગ શી રીતે લાભ આપે ? એ પ્રશ્ન ઘણાને આવે છે. એનું સમાધાન એ છે કે વીતરાગનું નામ લેવાથી વીતરાગ પ્રસન્ન થાય છે. પોતાની રીતે પ્રસન્ન થાય છે. એટલે કે તેઓ રાગી અથવા દ્વેષી થયા વિના પ્રસન્નતાનું ફળ આપે છે. એવો એમનો સ્વભાવ છે. વીતરાગ ઉપર રાગ કર્યો એટલે બીજી વસ્તુ ઉપર રાગ ઘટ્યો અને રાગ ઘટવાથી માણસનું સત્ત્વ ખીલે છે અને તેથી વૈરાગ્ય દૃઢ થાય છે અને વૈરાગ્ય દૃઢ થવાથી સાધક અધ્યાત્મમાર્ગમાં આગળ પ્રવૃત્તિ કરી શકે છે, મને એમ વિચારે કે 'જગતનું સુંદર લાગતું એટલું સુંદર નથી, ખરાબ લાગતું એટલું ખરાબ નથી. સારું લાગતું એ કદાચ અમુક અંશે સારુ હશે પણ બીજા અંશે ખરાબ પણ છે; તેમ અનિષ્ટ એ બીજી દૃષ્ટિએ ઈષ્ટ પણ હોઈ શકે છે. માટે મારે તો સ્યાદ્વાદ દૃષ્ટિથી જોવાનું-લેખવાનું.' મન આ વિચારી સ્યાદ્વાદને જીવનમાં જીવતો કરે તો કેટલાય દુઃખથી બચી જાય. શ્રી દેવચંદજી મહારાજ સ્તવનમાં વીર પ્રભુને વિનંતિ કરે છે,

'વિનતિ માનજો, શક્તિ એ આપજો, ભાવસ્યાદ્વાદતા શુદ્ધ ભાસે.'

• • •

નવકારના અક્ષર એ મંત્રમય દેવતા છે, એમ માનવું જોઈએ, તે તીર્થ છે, ચિન્તામણિરત્ન છે, કલ્પવૃક્ષ છે, એમ માનીને મંત્ર ગણવો જોઈએ.



• • •

• પહેલું ધર્મધ્યાન પિંડસ્થ છે જે મૂર્તિથી થાય છે. બીજું ધર્મધ્યાન પદસ્થ છે જે નવકારના અક્ષરોથી થાય છે.

• જેમ માંદાને માટે માત્ર ત્રણ વખત સૂક્ષ્મ ભોજન કરવાનું હોય છે, તેમ જેનું મન માંદું છે તેને માટે ત્રિસંધ્યાએ બાર નવકાર ગણવા જોઈએ.

• આજે તપમાં વૃદ્ધિ થઈ રહી છે અને જાપનો સમય હવે આવી લાગ્યો છે. એક જણને જાપથી શાસ્ત્રોક્ત લાભ દેખાશે તો ઘણા એમાં જોડાશે. એટલે એવા સાત્ત્વિક માણસોની સંખ્યા વધારવાની ખૂબ જરૂર છે.

• સત્ત્વ ખીલવવા વીતરાગનું ધ્યાન જોઈએ અને ધ્યાન માટે યોગ્યતા જાપ જોઈએ. એની ઉપેક્ષા કરવી આપણને કેમ પાલવે ?

• ચીકણા કર્મનો નાશ કરવા માટે કોઈ રામબાણ ઈલાજ હોય તો તે એક તપ જ છે.

• તે જ ભવમાં જેમનો મોક્ષ નિશ્ચિત થઈ ચૂક્યો છે, એવા પરમ તારક શ્રી તીર્થંકરદેવો પણ મોક્ષે જતાં જતાં પણ તપનો આદર કરે છે, એ તપની મહત્તા માટે પૂછવું જ શું ?

• પાંચ ઈન્દ્રિયોરૂપ તોફાની અશ્વોને વશ કરવા માટે તપ એક સુંદર લગામ છે.

• ચિત્તને સમાધિ અર્પી સમસ્ત કર્મોનો નાશ કરી આત્માના મૂળ સ્વરૂપને પ્રગટ કરી નિર્વિઘ્ન સ્થાને કોઈ પહોંચાડનાર હોય તો તે એક તપ જ છે.

• અઢાર હજાર મુનિવરોમાં શ્રી નેમીનાથ ભગવાને શ્રી ઢંઢણ ઋષિને સ્વમુખે ઉત્કૃષ્ટ અણગાર તરીકે વર્ણવ્યા હોય તો તેમાં મુનિશ્રીનો તપ જ મુખ્ય કારણ હતું.

• • •

**ગુણસેન અને અગ્નિશર્મા-શ્રી સમરાદિત્યકેવળી મહર્ષિનો પ્રથમ-ભવ**

તાજેતરમાં જ **"દિવ્યદર્શન"** કાર્યાલય તરફથી પ્રકાશિત થયેલો આ વિવેચન-ગ્રંથ પ્રત્યેક મનુષ્યે વાંચવા યોગ્ય છે; વારંવાર મનના કરવા યોગ્ય છે.

મનુષ્યના જીવનમાં ડગલે ને પગલે અનેક મુસીબતો, અનેક અશાન્તિ અને અજંપાઓ ખડા થાય છે; અને તેમાં ગુંચવાઈ જઈ મનુષ્ય દુઃખી દુઃખી બની જાય છે; કાર્યાકાર્યનો વિવેક ભૂલી જાય છે; અને તે પાપના પાતાળ કૂવામાં ઉતરી જાય છે.

આ દુઃખદ પરિસ્થિતિ નિવારવા માટે આ ગ્રંથનું સાદ્યન્ત વાંચન અને મનન સમર્થ છે, આ ગ્રંથને પાને પાને જીવનની વિકટ સમસ્યાઓના ઉકેલ

પડેલા છે. એના શબ્દે શબ્દે હતાશને પ્રોત્સાહન, દુઃખીને સુખનાં દર્શન, મુમુક્ષુને માર્ગદર્શન અને તત્ત્વરસિકોને તત્ત્વનવનિત મળી રહે છે !

જીવનની સર્વતોમુખી ઉન્નતિ કેમ સધાય ? આત્માને કેવી રીતે મોક્ષમાર્ગનો મુસાફર બનાવી શકાય ? જૈન શાસનના સિદ્ધાન્તો કેવા કેવા વ્યાપક અને જીવન-સ્પર્શી છે ?... વગેરે અનેકાનેક વિગતો સાથે સંવેગ વૈરાગ્યના ધોધ વહાવતો આ ગ્રંથ પ્રત્યેક ઘરમાં વંચાવો જોઈએ, ઘરના પ્રત્યેક માનવીએ વાંચવો જોઈએ. તે માટે આજે જ તમે કાર્યાલયમાંથી પુસ્તક મંગાવો.

સવા ત્રણસો પાનાનો, પાકા પૂંઠા સાથે દ્વિરંગી સુંદર જેકેટ સાથેનો આ ગ્રંથ માત્ર બે રૂપિયામાં આપવામાં આવે છે.

**અરિહંતની ઓળખાણ**

દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માને રોજ ભજવા છતાં જો એમાં ઉછળતી પ્રીતિ-ભક્તિ નથી આવતી તો એનું એક કારણ એ છે કે પ્રભુની હજી ઓળખાણ નથી થઈ. પરમાત્માનું સાચું સ્વરૂપ કેવું હોય, એમના જીવન કેવાં, એમના અપૂર્વ અનંત ગુણો કયા કયા, એમની અચિંત્ય શક્તિઓ-અતિશયો શા શા, એમના અદ્‌ભુત ઉપકાર કયા કયા, એમના વિશાળ ઉપદેશ વિષયોના આછાં સ્વરૂપ કેવા કેવા, વગેરેને સંગૃહીત કરતાં ૨૩૬ પેજનું સુંદર પ્રકાશન 'અરિહંત પરમાત્માની ઓળખાણ' નામે બહાર પડ્યું છે. (કિંમત ૧। રૂ.) આ પુસ્તક વારંવાર વાંચવા જેવું છે, વાંચવું ગમે એવું છે. એનાથી પરમાત્મધ્યાન કરવાની દિશા મળે છે; પ્રભુ પર શ્રદ્ધા-પ્રીતિ-ભક્તિ ઉભરાય છે; મોક્ષમાર્ગની સાધનામાં જોમ પ્રગટે છે.

**નોંધ :-**

**હાથ કંકણ ને આરસીની જરૂર છે ?**

**શિવલિંગને ચોરી-છૂપીથી ઘુસાડીને પ્રજાને ઉશ્કેરવાનું કૃત્ય કોણે કર્યું તે જનતા વિચારે ?**

રતલામની સનાતનધર્મ સભાની જાહેર સભાના મંચ ઉપરથી નીજાનંદજી નામના વક્તાએ જાહેર કર્યું હતું કે- ત્રિવેણી મેળાના અંતિમ દિવસ સુધીમાં એટલે કે માગશર વદ ૦)) સુધીમાં અમો શ્રી શાંતિનાથજીના મંદિરમાં શિવલિંગ સ્થાપીશું. ઈંદોરની હાઈકોર્ટથી જૈન સમાજને શ્રી શાંતિનાથજીના મંદિરમાં પૂર્વ પ્રમાણે દર્શન-પૂજન કરવા જવાનો તથા અનધિકૃત રીતે કલેક્ટર સાહેબે બેસાડેલા શિવલિંગને ઉપાડી લેવાનો હુકમ થયો હતો અને તે પ્રમાણે શિવલિંગ



સત્તાધીશોએ ઉપાડી લીધા પછી નીજાનંદજીએ ઉપર પ્રમાણે જાહેરમાં સનાતનીઓનો ઈરાદો જાહેર કર્યો હતો. શ્રી શાંતિનાથજીના દહેરાસરજીની ચાવીઓ રતલામ જૈન સંઘના આગેવાનોને સોંપી દેવામાં આવી હતી. પરંતુ ત્યાર પછી ત્રીજા દિવસે અધિકારીઓએ તે ચાવીઓ ગમે તે કારણે પાછી મંગાવી લીધી હતી અને ત્યારથી શ્રી શાંતિનાથજીના મંદિર ઉપર પોલીસ પહેરો ચોવીસે કલાકનો ગોઠવાયો છે અને રજા મેળવ્યા સિવાય કોઈને પણ અંદર જવા દેવામાં આવતા નથી, આવો સખત ચોકી પહેરો બંદૂકધારી પોલીસનો ચોવીસે કલાકનો હોવા છતાંયે અને તા. ૬-૧૨-૫૭ થી ૧૪૪મી કલમનો દેરાસરજી ઉપર અમલ હોવા છતાંયે તા. ૨૩ મી ડીસેમ્બર ૧૯૫૭ ની રાતના શ્રી શાંતિનાથજીના મંદિરમાં કોઈ તોફાની તત્ત્વોએ શિવલિંગ ઘૂસાડી દીધાનું જાહેર થયું છે, અને તે બાબતમાં રતલામના મે. ડી. એસ. પી. સાહેબ તરફથી નીચે પ્રમાણેની જાહેરાત પ્રજા જોગ કરવામાં આવી છે.

**विज्ञप्ति**

**दिनांक २३/२४ दिसम्बर १९५७ की दरमीयानी रात में कुछ उपद्रवी व्यक्तियोंने शांतिनाथ मंदिर की दीवाल कुद कर सभागृह के सामने वरांडा में शिवलिंग अनधिकृत रूप से रख दिया । श्री शांतिनाथ मंदिर के दोनों द्वारो पर पुलीस गार्ड होनेसे एवं दोनो के ताले सुरक्षित हालत में मिलने से यह प्रतित होता है कि मंदिर के अंदर प्रवेश इन उपद्रवी व्यक्तियों द्वारा दीवार पर चढ कर किया गया है ।**

**उक्त अनधिकृत रूप से रखी गई मूर्ति को वहां से हटा दिया गया है । व इस संबंध में अपराध अंकित किया । फिर भी श्री तहेसिलदार साहब द्वारा समस्त मूर्तियां की जांच की गई तो समस्त मूर्तियां अपने २ स्थान पर ठिक हालत में पाई गई ।**

**अत एव समस्त जनता से अनुग्रह है कि वह भ्रामक प्रचार या तथ्यहीन अफवाहों पर विश्वास नहीं रखें, एवम् शांति बनायें रखे ।**

**(सही) पी. आर. खुराना, आई. पी. एस.**

**डि. सुप्रिटेंन्डेट पुलिस रतलाम, कार्यालय डि. सुप्रिटेन्डेन्ट पुलिस, मंडल रतलाम.**

**क्रमांक २४२, दिनांक २४-१२-५७**

શિવલિંગ દાખલ કરી દેવાનો એ ભેદી બનાવ શી રીતે બન્યો ? તેની ચર્ચા

કેટલાકો કરી રહ્યા છે, અને રતલામ પોલીસના અધિકારીઓ આ મહાન ચોરને શોધવાના મહાપ્રયત્નમાં લાગી ગયાનું કહેવાય છે. નીજાનંદજીની અગાઉની ઉપર પ્રમાણેની જાહેરાત અને સનાતનીઓની વખતો વખતની વર્તણુંક જોતાં આ કૃત્ય કોણે કર્યું હશે, અથવા કોનો હાથ હશે, એ શું શોધવા જવાની જરૂર ખરી ? છતાં યે પોલીસખાતાને તો કાયદાના પગલે પગલે ને કાગળોના દોરે દોરે ચાલવાનું હોવાથી તેની રીત પ્રમાણે તપાસ કરે તે ઠીક છે. પરંતુ તે તપાસ જલદી કરે અને બુદ્ધિપૂર્વક કરે એમ તો જરૂર અમો કહીએ છીએ.

રતલામનો શ્રી સંયુક્ત જૈન સંઘ દેરાસરજીની રક્ષા માટે જે અવિરત પ્રયત્ન કરી રહ્યો છે તેને તન, મન, ધનથી સહાય કરવા અમો જૈન સમાજને ભલામણ કરીએ છીએ.

• • •

-આજની ડૉક્ટરી વિદ્યાની ઉભરાઈ જતી કોલેજો, હોસ્પિટલો, નવી નવી પેટન્ટ દવાઓ વગેરેના પુર જોશથી ચાલી રહેલા વિકાસમાં એના વધતા પ્રમાણની સાથે રોગો અને રોગીઓ વધી રહ્યા છે, એ ભારતની એક મહાન કમનસીબી છે. અહીં તો આયુર્વેદિક સચોટ નિદાન અને ચિકિત્સાએ આરોગ્યનું મહાન પ્રમાણ જાળવી રાખ્યું હતું, પણ આજે અંગ્રેજી ઢબમાં સંસ્કારિત થયેલાઓએ એને ઉત્તેજન નહિ આપીને ઘણી પછાત પાડી દીધી છે. પણ એમને ખબર નથી કે આજે પણ એમાં કેટલાય ચમત્કારિક ઈલાજો અને રોગના મૂળને નાબૂદ કરવાની પ્રક્રિયાઓ છે. હમણાં જાણવા મળ્યું છે કે પૂના પાસે કામસેટવાળા ડૉ. સુંદરલાલ ઓસવાલ જૈનને દિલ્હી સરકાર તરફથી જામનગર આયુર્વેદ હોસ્પિટલ ખાતે ટી.બી. કેન્સરના દર્દીઓને પોતાની ખાસ આયુર્વેદિક દવાનો ટ્રાયલ આપવા મોકલવામાં આવ્યા. ત્યાં તેમણે ૩-૪ વર્ષથી પીડાતા દર્દીઓને એક જ માસમાં સારો આરોગ્ય લાભ કરી આપ્યો. ડૉક્ટરી દવાઓ ઈંજેક્શનો વગેરે લેવા છતાં જીવનની આશા ગુમાવી હાડપિંજર બનેલા દર્દીઓએ નવાં જીવન દેખ્યા અને જામનગર ખાતે એમને માનપત્ર આપવામાં આવ્યું. એવું પહેલાં પણ એમને દેશી ચમત્કારિક ઈલાજ અંગે સામુહિક માનપત્ર અપાયાનું પૂના પેપરમાં પ્રસિદ્ધ થયું હતું. એમણે ખાસ ક્ષયના સ્પેશીયાલીસ્ટ તરીકે ધર્મસ્ટેટમાં રાજવૈદ્ય તરીકે, રોહેડા, રતલામ ઉજ્જૈન, ઈંદોર વગેરે સ્થળે સારી સેવાઓ આપી છે, કે દર્દીઓ આ તબક્કે આ દાખલાથી અમારે તો એટલું જ કહેવાનું છે કે **અતિપ્રાચીન કાળથી ચાલી આવતી ભારતીય અપૂર્વ વિદ્યાઓને તરછોડી નવી નીકળેલી પાશ્ચાત્ય કેવળ ભૌતિક અને ઘોર હિંસક વિદ્યાઓની પાછળ ભારતીય પ્રજાએ ઘેલા થવા જેવું નથી.** તેમ, રોગના મૂળને નાબૂદ કરવામાં અસમર્થ



ડૉક્ટરી પદ્ધતિમાં ફસાઈ રોગના ઘર બન્યા રહેવા જેવું નથી. વધુ અફસોસી તો એ છે કે એવી મહા-ખર્ચાળ પદ્ધતિમાં મોહિત થઈ ભારે ખર્ચ ઉઠાવનારા પ્રભુભક્તિ, ધર્મક્ષેત્રોની સાધર્મિક ઉદ્ધાર વગેરેમાં ખૂબ જ કૃપણ બનતા જાય છે ! તપ અને ત્યાગની ભાવના ગુમાવે છે ! અને પંચેન્દ્રિય જીવોની કત્લથી તૈયાર થયેલ ઈંજેક્શનો વગેરે મહાઅભક્ષ્ય દવાઓ વાપરી ધર્મ ગુમાવતા સંકોચાતા નથી ! આમને આમ પવિત્ર આર્યધર્મ કેટલા લોપે જઈ પહોંચશે ! સૌને સદ્‌બુદ્ધિ રહો.

• • •

**ધર્મ કેવો જોઈએ ? રાગી-દ્વેષીનો નહિ; વીતરાગનો ! અજ્ઞાની-અલ્પજ્ઞાનીનો નહિ. અનંત જ્ઞાનીનો ! શક્તિ વિનાનો નહિ, અનંત શક્તિયુક્તનો ! ધર્મ કેવો જોઈએ ? આત્મવિનાશનો નહિ, આત્મરક્ષણનો જોઈએ; આત્મપતનનો નહિ, આત્માના ઉદયનો જોઈએ ! જગતને શુદ્ધ મોક્ષમાર્ગ અને સત્ય તત્ત્વો બતાવનારા જોઈએ ! મોક્ષ અને જગતને તેનાં સ્વરૂપમાં માત્ર બતાવનારા દેવ જોઈએ ! જગતને બનાવનારા નહિ, આપણે જીવ જગતકર્તા દેવને પલ્લે પડ્યો એટલે આત્મ-પુરુષાર્થ ગુમાવી દેવાનો ! જગતના બનાવનાર દેવને પલ્લે પડી જનારો એમ માને છે કે "દુષ્ટો અતિ શિક્ષાને પાત્ર અને ભક્તો અતિ પૂજાને પાત્ર !" કેવી માન્યતા ! રાગ-દ્વેષને જે પોતાના ધર્મમાં સ્થિર કરવા ગયા તે બીજું શું નહિ કરે ? જગતની દારુણ પરિસ્થિતિને બતાવનાર દેવનું શરણ લીધું એટલે દુષ્ટો પર ભારોભાર દયા વર્ષશે ! દ્વેષ નહિ !**

• • •

**વચનામૃત**

**દુઃખના લાભ—ગરીબ—ધનિક વચ્ચે કુદરતે જે અસમાનતા મૂકી, તેનો બળાત્કારે સામનો કરવો, એ તો અજ્ઞાનતાથી પોતાનો અમૂલ્ય ધર્મસમય ગુમાવવા જેવું અને પોતાનું મન બગાડી નાખવા જેવું છે એથી પોતાનો જ નાશ નોતરવાનું થાય કે બીજું કાંઈ ? કુદરતનો સામનો કરવો હોય તો એકમાત્ર ધર્મસત્તાના જોરે કરો. ધર્મસેવા દ્વારા અસમાનતા ટળશે; દુઃખ મીટશે. જાણો છો ? દુઃખના ચાર લાભ છે :-**

**(૧) પરમાત્માને ઓળખાવે. (૨) પુણ્ય-પાપને સમજાવે.**

**(૩) કસોટીનો કાળ દેખાડી ધૈર્ય, સમતાદિને કમાવવા તક દે; અને**

**(૪) પૂર્વના પાપને સાફ કરાવે.**

**આ ચાર લાભને ઓળખતાં ને સિદ્ધ કરતાં આવડે તેને જીવન જીવતાં આવડે.**

• • •

## 'દિવ્યદર્શન' પર આવેલા શુભેચ્છાના સંદેશાઓ.

(વર્ષ ૫માં 'દિવ્યદર્શન' પાક્ષિક હતું, પણ નવા વર્ષથી નવી વ્યવસ્થાપક સમિતિએ પાક્ષિકમાંથી સાપ્તાહિક રૂપમાં ફેરફાર કર્યો. એટલું જ નહિ, પણ **જૈન શાસનનું સર્વ સામાન્ય પત્ર** બનાવ્યું, તે અંગે આવેલા અનેક શુભેચ્છાઓના સંદેશાઓમાંથી અમે ટૂંકમાં તારવીને અહીં પ્રગટ કરીએ છીએ.

**—તંત્રી**

''દિવ્યદર્શને વ્યાખ્યાન પ્રકાશનથી શ્રદ્ધા ઉત્પાદક ઘણો ખોરાક સમાજને આપ્યો છે. હવે તેની સાથે ચાલુ સંયોગોમાં સંઘોમાં જાગૃતિ લાવનાર સાહિત્ય આપવાનું અવસરોચિત છે. અવિચ્છિન્ન પ્રભાવશાલી ત્રિકાલાબાધિત શ્રી જૈન શાસનની સેવા કરવી, એ માનવજીવનની સફળતા છે.''

**-પૂ. આ. દેવ શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મ. સાહેબ દોલતનગર, મુંબઈ**

જૈનશાસન ઉપર આક્રમણોનો સામનો કરનાર તેમજ જૈન તત્ત્વજ્ઞાનને સમર્પણ કરનાર એવા દિવ્યદર્શન સાપ્તાહિકે જૈનશાસનની અપૂર્વ સેવા બજાવી સમાજની ખોટ પૂરી પાડી છે.

**પૂ. આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાના** શિષ્યરત્ન **પૂ.પં. શ્રી નવિનવિજયજી મ.સા. વાપી.**

**''દિવ્યદર્શન''** જૈન સંઘ અને શાસનની અડગપણે સેવા કરી દિવ્યતાને પ્રાપ્ત કરે, એ જ એક મંગલમય શુભેચ્છા.

**-પૂ. આ. દેવ શ્રી વિજયજંબુસૂરીશ્વરજી મહારાજ દા. પૂ. મુનિરાજ શ્રી વર્ધમાનવિજય. પીંડવાડા.**

**''દિવ્યદર્શન** સાપ્તાહિક ઉત્તરોત્તર પ્રગતિશીલ બની શાસનસેવા બજાવે એજ અભિલાષા.''

**-પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.** સાહેબ દા. પૂ. મુનિરાજ શ્રી **મિત્રાનંદવિજયજી. ભુજપુર.** (કચ્છ)

''જૈન સંસ્કૃતિના વિઘાતક પરિબળોનો યોગ્ય પ્રતિકાર અને સંરક્ષણની આજે ખૂબ જ જરૂર છે સાથે સાથે શ્રી સંઘની ઐક્યતાની પણ તેટલી જ જરૂર છે. તમારો સાપ્તાહિક માટે જે ધ્યેય છે તે બધી બાબતોની આજે ખૂબ આવશ્યકતા છે. એ રીતે જૈન શાસનની સાચી સેવાનો તથા સંઘમાં સારી જાગૃતિ આવશે તમારા શુભધ્યેય સફળ થાવ એજ શુભાભિલાષા''

**-પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ.સા. મહેસાણા.** (ઉ.ગુ.)





## જૈન શિક્ષાવલિ

આર્ય સંસ્કૃતિ; અને દેવગુરુધર્મની શ્રદ્ધાને ટકાવનારું સાહિત્ય અને શિક્ષણ આજે કૂદકે-ભૂસકે વધતું જાય છે. આમ એક જ પક્ષે ચાલુ રહે તો એમાં તૈયાર થયેલ નવી જૈન પ્રજાનો ૨૫-૫૦ વર્ષ પછી જે જૈનસંઘ ગણાશે તેનું ચિત્ર કલ્પનામાં લાવવાની જરૂર છે. હજી આજે ય જે ધર્મક્રિયાઓ, સાધુસદ્‌ભાવ, ત્યાગ-તપ, વગેરે પ્રવર્તી રહ્યા છે તે જૂની જૈન પ્રજાને આભારી છે એ ભૂલવા જેવું નથી. એના આધાર પર એમ કલ્પી લેવું ડહાપણભર્યું નથી કે ભવિષ્યમાં પણ આ પ્રમાણે જ ચાલુ રહેશે. કેમકે આજે જ કેટલાય ધર્મી ગણાતા શ્રાવકોના પણ છોકરાઓ લગભગ ધર્મપ્રવૃત્તિરહિત દેખાય છે, સંયમી સાધુ પર શ્રદ્ધા-સન્માનમાં પાછળ પડતા જણાય છે, અને નવા વાદોમાં ઘસડાતા જાય છે. તો બીજા શ્રાવકોના સંતાનોનું તો પૂછવું જ શું ? એમનાથી જે ભાવી સંઘ બનશે તેનું સ્વરૂપ કેવું હશે એ સામાન્ય સમજથી સમજાય એવું છે.

માટે, એનો પ્રતિકાર કરવાની આજે મોટામાં મોટી આવશ્યકતાઓમાંની એક આવશ્યકતા છે. એ પ્રતિકારમાં ધાર્મિક સાહિત્ય અને શિક્ષણનો પ્રચાર એક નક્કર અંગ છે. વિવિધ ઉપાયો દ્વારા ઉગતી પ્રજાને આપણો શ્રેષ્ઠ આચારમાર્ગ, આપણું શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાન, આપણો ગૌરવંતો ઈતિહાસ, વગેરેનું ભાન કરાવ્યા વિના બહારના વૈજ્ઞાનિક તત્ત્વો, નવી જીવનપદ્ધતિઓ, આધુનિક કેળવણી, પાશ્ચાત્ય સંસ્કૃતિ અને વિચારસરણી વગેરેમાં તણાઈ જતી આપણી પ્રજાને શી રીતે બચાવી શકવાના છીએ ?

જણાવતાં આનંદ થાય છે કે સિદ્ધહસ્ત પ્રસિદ્ધ લેખક શ્રીયુત ધીરજલાલ ટોકરશી શાહ 'જૈન શિક્ષાવલિ'ની ૧૨ પુસ્તિકાઓ (એકેક ૬૪ પાનાની) તૈયાર કરી રહ્યા છે. એમાં જીવનનું ધ્યેય, પરમપદની પ્રાપ્તિનાં સાધનો, ઈષ્ટદેવની ઉપાસના, આદર્શ ગૃહસ્થ; વગેરે વિષય પર એકેક પુસ્તક તૈયાર થઈ રહ્યું છે. જીવનમાં ધર્મની અતિ મહાન આવશ્યકતા, શુદ્ધધર્મ કેવો હોય, મોક્ષનું સ્વરૂપ, મોક્ષના સાચા ઉપાય કયા હોઈ શકે, ભગવાન અરિહંત પરમાત્મા જ કેમ ઈષ્ટદેવ, સમ્યગદર્શન, શ્રાવક ધર્મ, સાધુજીવન ઈત્યાદિ ઈત્યાદિનું શાસ્ત્રાનુસારી છતાં બુદ્ધિગમ્ય લખાણ એમાં થઈ રહ્યું છે. પ્રત્યેક જૈન ઘરમાં આ ૧૨ પુસ્તિકાનો સેટ ઘરના એક એસેટ (Asset મિલકત) તરીકે રખાવો જોઈએ, એથી સાધુ-સંપર્કથી વંચિત અને ધાર્મિક પાઠશાળામાં નહિ જતી એવી પણ નવી પ્રજાને દેવગુરુ ધર્મ

પર પ્રેમ તથા શ્રદ્ધા જાગશે, ધર્મનું જ્ઞાન મળશે, ને એ ધર્મપ્રવૃત્તિ તરફ આકર્ષાશે. જુના ધર્મીઓને પણ આ સહેલા અને સંક્ષિપ્ત વાંચનથી સારો બોધ મળશે, તેમજ જૈનેતરોને પણ આ વંચાવ્યાથી એમનામાં જૈનધર્મ પ્રત્યે ગૌરવ ઊભું કરી શકાશે.

બાર પુસ્તકોના સેટની કિંમત કુલ રૂા. ૫ રાખવામાં આવી છે. અમદાવાદ અને મુંબઈ સિવાય બીજા સ્થળે મંગાવનારને ટપાલ ખર્ચનો રૂા. ૧ વધુ પડશે. ઘણા લવાજમ અગાઉથી ભરાઈ ગયા છે, તેથી હજી પણ લવાજમ ભરી દેનારને સેટ મળવાની શક્યતા છે.

"દિવ્ય-દર્શન"-"શાસન પ્રભાવના" વર્ષ-૭,અંક-૨૦,તા.૩૧-૧-૧૯૫૯

# નાથને ભૂલાવનાર લોથ

રોજ વિચારો- "દુનિયામાં ધર્મી તરીકે વર્ષો વિતાવ્યાં છતાં અનંત દોષોમાંથી પાછા વળવા માટે કેટલા પ્રયત્નો કર્યા ? ને કેટલા દોષ પાછા વાળ્યા ?" જીવનની બાજી સંકેલતી વખતે શુદ્ધ ભાવનામાં રમતા રહેવા માટે આ પહેલેથી વિચારવાનું છે. કેમકે સંસાર તો આકર્ષીને અનેક પ્રકારના દોષો અને દુષ્કૃત્યોમાં રકત રાખે છે. માત્ર નિરંજન નાથ શ્રી અરિહંત પ્રભુની ઓળખ થઈ જાય તો જ એ દોષો અને દુષ્કૃત્યોમાંથી બચવાનું બની શકે. આ જગતમાં જીવે પોતાના નાથને ઓળખ્યા નથી, તો જુઓ કે એ કેવા કેવા અકાર્ય કરે છે ! એ નાથને ઓળખ્યા હોય, 'એવા નાથનો હું અનુયાયી;' એવું જાણ્યું હોય તો પછી અકાર્યમાં રક્ત બને ? **પણ ધિક્કાર છે એવી દોષમય સંસારની લોથને કે જે લોથ જીવો પાસે નાથને ભુલાવી અકાર્યો કરાવે છે ! એથી વધુ ધિક્કાર છે આપણા જીવને કે નાથને ભૂલી એવા સંસારની લોથમાં ઓતપ્રોત છે, ને શરમ વિના પાપો સેવે છે !** મોહની અંધ પરાધીનતામાં પડેલા જીવે જિનેશ્વરદેવની ઓથ નથી લીધી, ને જિનેશ્વરદેવની ઓથ નહિ પામેલાને અકાર્યોની લોથ ઉંચકવામાં લાજ કે શરમ નથી ! શરમ કોની પડે ? જગત તો એમાં ખૂંચેલું છે. એની શરમ શા માટે જ પડે ? પરમાત્મપ્રીતિની સામે બિભત્સ એવા કામની અને સ્નેહની શરમ પડવાને લીધે તો પાપથી, અકાર્યથી પાછો ફરવાને બદલે જીવ પાપો અને અકાર્યોમાં હોંશભેર રચ્યો પચ્યો રહ્યો છે. ધિક્કાર છે જગત ઉપરના કામને ! જગત ઉપરના સ્નેહને ! જગત ઉપરના પક્ષને ! કે એ જીવનો કચ્ચરઘાણ કાઢતા છતાં, જીવ તેનું પડખું છોડી શકતો નથી ! જે જગત આવી રીતે જીવોને ફસાવી જાય, જીવો પર પાપોને વિંટાળી



જાય, એનાથી બચવા એકલા તો એકલા, પણ ચારિત્ર લેનારા મહાવીર પ્રભુનું કેવુંક અદ્ભુત પરાક્રમ ! કેવીક જબરદસ્ત સાત્ત્વિક અને તાત્ત્વિક દૃષ્ટિ ! જાતે જરાય ન ફસાતા, ઉપરથી બીજા અનેક ભવ્ય જીવોને પણ ફસાતા બચાવી સંસારથી છોડાવી મોક્ષ તરફ દોડતા કરી મૂકયા ! મોક્ષમાં રવાના કરી મૂકયા, અને સ્વયં જીવનના અંતે સદાને માટે મોક્ષમાં જઈ વસ્યા ! ધન્ય મારા વીર ! ધન્ય મારા વીર ! ધન્ય મારા તારણહાર ! જ્યાં સુધી આત્મા એવી કોઈ દિવ્ય સાધનામાં ન ચઢી શકે.

• • •

## અરિહંતના અનંત ઉપકારનો ખ્યાલ.

જગતની આટલી અવળચંડાઈ જોઉં છું. એક બાજુ, ને બીજી બાજુ મારા વીરના સરળ અને સચોટ કલ્યાણમાર્ગોના ઉપકારોનો વિચાર કરું છું ત્યારે કોઈ મેળ ખાતો નથી ! પહેલાં જગતના પ્રેમે અને પછી વીરજિનના પ્રેમે રાજા ઉદાયનમાં જુઓ કે કેવા આકાશ-પાતાળના અંતર પાડ્યા ! રાણી પ્રભાવતીનું નૃત્ય પ્રભુને પ્રસન્ન કરવા માટે અને રાજા ઉદાયનનું વીણાવાદન પત્ની પ્રભાવતીને રિઝવવા માટે ! એક બાજુ પ્રભુના અનંત ઉપકારની કેવી શરમ !! ને બીજી બાજુ મોહનું કેવું નાટક ! રાજા જેવો રાજા કેવો પ્રેમનો પગારદાર !! પણ જ્યારે એજ ઉદાયન પ્રભાવતી દેવથી પલટો પામી આરાધના કરે છે, જિનાજ્ઞાને વળગે છે, ત્યારે અનાદિના કર્મપડળો ટપોટપ ખરી પડે એવી જિનભક્તિમાં ઓતપ્રોત થઈ જાય છે ! જિનના આદેશ પાળવા પાછળ સગી કાયાને તોડી નાખતાં એમણે વાર ન લગાડી ! પ્રભુની માયા લાગવી જોઈએ. એ માટે પ્રભુએ આપણા પર જે અનંતો ઉપકારો કર્યો છે, તેનો ભારે ખ્યાલ જોઈએ, તેની શરમ પડવી જોઈએ. પ્રભુને વિનવો, 'જ્યાં સુધી પ્રભુ આપ આ પૃથ્વી તલ પર વિચરો છો, ત્યાં સુધી પૃથ્વી પણ સૌભાગ્યવંતી છે ! ત્યાં સુધી જગતની શોભા છે ! આપ અનંત કલ્યાણના દાતાર છો ! આવા અનંત ઉપકારી ઓ મારા પ્રભુ ! આપ અમારા દુઃખ કયારે કાપશો ? આપના અનંત પ્રભાવમાંથી અમને અલ્પ પણ દો તો અમે વિષયો અને કષાયો સાથે જંગ મચાવી મૂકીએ.'

• • •

## આત્મ-જળમાંથી પરમાત્મ-અમૃત

મહર્ષિ કવિ શ્રી સિદ્ધસેન દિવાકર કહે છે કે- 'એક પાણીનો પ્યાલો લઈએ એ તે પાણીમાં સતત અમૃતની ભાવના કરીએ તો તે પણ અમૃતસમ બની ઝેરને

નાબૂદ કરે છે, તો હે જિનેન્દ્રદેવ ! પંડિત પુરુષો પોતાના આત્મામાં સતત આપનું તદાત્મભાવે ધ્યાન કરીને આપ સરખા પ્રભાવવાળા બને છે, એમાં શું આશ્ચર્ય ! પ્રભુના કલ્યાણ નામની પાછળ હૃદયની વિશુદ્ધિ જોઈએ. તેમ હૃદયની વિશુદ્ધિ હોય તો તરવાના રસ્તે નિમિત્તોને બળવાન બનાવી શકીએ છીએ; અને જેટલા પ્રમાણમાં નિમિત્તને બળવાન બનાવીએ તેટલા પ્રમાણમાં આપણા આત્મામાં આરાધનાનો વેગ વધે. પ્રભુના નામનું ને પ્રભુની મૂર્તિનું આલંબન મજબૂતપણે લઈએ તો આત્મામાં ઓર તેજ વધે.' "કેવી કેવી ગતિઓમાંથી હું કેવા કેવા દુઃખો ભોગવીને આવ્યો છું,"-આ ધ્યાનમાં જોઈએ. જગતમાંથી બળી-ઝળીને આવ્યો હોય; તે બળતરાના સંવેદનવાળો પ્રભુના મંદિરમાં આવે એટલે વીતરાગ મુદ્રાના શાંત સુધારસમાં તરબોળ બની શાંતિ અનુભવે છે.

• • •

## અખંડ વફાદારી અને પાલન

જિનની આજ્ઞા એવી વસ્તુ છે કે એની વફાદારી સાંગોપાંગ ને સંપૂર્ણ જોઈએ. એ અખંડ હોય તો જ ઉપરનાં ગુણઠાણા આપણને સંઘરે. ત્યારે, જિનાજ્ઞાનું પાલન અખંડ હોય તો જ આપણને મોક્ષ મળે. બંનેમાં જરાય ખામી ન ચલાવી લેવાય. બ્રાહ્મી સુંદરી અનુત્તરમાં ગયા હશે તે કેવું ચારિત્ર પાળીને ? ઉચ્ચ કોટિના આજ્ઞાપાલનવાળું જ ! છતાં સહેજ આજ્ઞાપાલન ચૂક્યા તો સ્ત્રીવેદ ! સ્ત્રીવેદ એટલે ? સુંદરીને ચારિત્ર લેવું છે, છતાં ભરતે રજા ના આપી તો સાઠ હજાર વર્ષ સંસારમાં અટકી જવું પડ્યું. ચારિત્રની ધીરતા પર ને જગતની બેપરવાઈ પર નવગ્રૈયવકે અને અનુત્તરે ય જવાય છે. આ ચારિત્રમાં વલોપાત કરવાનો નહિ; નહિતર એ દેવલોકે ન જવાય. આજે પણ સમકિતી ચારિત્ર લે, તોય બહુ બહુ ચોથા સ્વર્ગ સુધી જાય. પૂર્વે મિથ્યાત્વી ચારિત્ર લે, તે પાળી બાર દેવ લોકની ઉપર નવગ્રૈવેયક સુધી પણ પહોંચે ! પૂછો ને કેમ આવો ઊંધો ફેર ? કારણ એ કે એના સંઘયણના હિસાબે મનોબળ અને કષ્ટમાં ધીરતા વગેરે ઊંચા ! છતાં સમકિતના અભાવે ત્યાંથી નીકળીને પણ સંસારમાં ભમે. ત્યારે સમકિતી દેવ ચોથા દેવલોકથી નીકળી મહાવિદેહ જેવામાં જઈ ત્યાંથી જ ભવસાગર તરી જઈ શકે. જિનાજ્ઞાનો જ એક વિશ્વાસ એ સમકિત. સમકિત એ સિક્કાની છાપ છે. ત્યારે ધીરતાપૂર્વકની કડક સંયમ-સાધના એ સોનું-ચાંદી છે. છાપ વિનાનું સોનું-ચાંદી એ માત્ર ધાતુ,. છાપવાળું એ નાણું. સનેપાતિઓ દોડે ને લોકો માને કે, 'ભાઈમાં શક્તિ ઘણી આવી ગઈ !' પણ તે તો પછડાઈ જવા માટે ! તેમ અભવ્ય નૈવગ્રૈવેયક સુધી



જાય, પણ પછડાવા માટે; કારણકે ચારિત્રરૂપી ધાતુ ઉપર સમકિતની છાપ નહિ અને અહીં તો છાપ વિનાનું ચારિત્ર એ ચારિત્ર જ નહિ. માટે સમકિત પહેલું સ્થિર કરો. પછી ચારિત્રમાં પણ જેટલી કમી રહેશે તેટલી મોક્ષે જવાની વાર, માટે ચારિત્ર અખંડ કરવા તરફ મથો. જિનાજ્ઞાને વળગો. જિનાજ્ઞા મળે એ કેટલું મોટું અહોભાગ્ય ! અને એ મુજબ પુરુષાર્થ ન કરવો એ કેટલી ભાવી ભયંકરતા !

**"દિવ્ય-દર્શન"-"શાસન પ્રભાવના" વર્ષ-૭,અંક-૨૫,તા.૭-૩-૧૯૫૯**

## ધર્મસાધનામાં નિત્ય નવો વિકાસ કેમ થાય ?

**પ્ર.**- માણસ જે ચાલુ ધર્મસાધના અને ગુણપાલન કરતો હોય છે, એમાં તેવી સ્ફુર્તિનો અનુભવ નથી થતો, એનું શું કારણ, અને એની સામે શા ઉપાય લેવા ?

ઉ.- સારી સ્ફુર્તિ અને નવો નવો આલ્હાદ ન થવાની પાછળ અનેક કારણો હોઈ શકે છે. પરંતુ અહીં આપણે એક એવું કારણ અને એની સામે ઉપાય વિચારીશું કે જેથી ધર્મના સાધક અને ગુણના પાલકને સારો પ્રકાશ અને પ્રેરણા મળે.

ધર્મની અનેક પ્રકારની સાધનાઓ છે; કેટલીક ગુણાત્મક, કેટલીક ક્રિયાત્મક અને કેટલીક પ્રતિજ્ઞાત્મક, વિષય-વૈરાગ્ય, મોક્ષપ્રીતિ, પાપનો ભય, દેવ-ગુરુ-ધર્મશ્રદ્ધા, દયા, મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ્ય, ઉદારતા, ન્યાયસંપન્નતા-સૌમ્યતાદિ માર્ગાનુસારીના ગુણો સદાચાર, બ્રહ્મચર્ય ઈત્યાદિ ગુણાત્મક ધર્મ છે. દેવદર્શન-પૂજા, સાધુવંદનાભક્તિ, દાન, સામાયિક-પ્રતિક્રમણ, જાપ, સ્વાધ્યાય, ધર્મક્ષેત્રોની સેવા વગેરે ક્રિયાત્મક ધર્મ છે. શ્રાવકના વ્રતો, તપસ્યા, ત્યાગ વગેરેના નિયમો, એવું બધું પ્રતિજ્ઞાત્મક ધર્મ છે.

હવે અહીં એ સમજવાનું છે કે આ પ્રત્યેક ધર્મમાં અનેક પ્રકારની ચઢતી ચઢતી કક્ષાઓ છે. કેટલીય વાર માણસ થાપ ખાય છે, ને એમ સમજે છે કે-'જેટલો ધર્મ પોતે કરે છે તેમાં હવે નવું કાંઈ થઈ ન શકે. દા.ત. વૈરાગ્ય ગુણ જે પ્રાપ્ત કર્યો તેમાં હવે નવું શું કરવાનું ? પાપનો ભય લાગે છે તો તે ભયમાં વિશેષ શું કરવાનું ? એમ દેવદર્શન, સાધુવંદના, સામાયિક, એકાશન-ઉપવાસ, વ્રત વગેરે જે ચાલુ છે, તેમાં આગળ શું વિકસાવવાનું ?'

પણ આ સમજ ભૂલભરેલી છે, એ જ વૈરાગ્યની કેટલીય ચઢતી માત્રા હોય છે. વિષયો પ્રત્યે સામાન્ય રીતે ઉદ્વેગ, સચિંતતા ઊભી થયા પછી દિનપ્રતિદિન એમાં વૃદ્ધિ કરવાની. વિષયો પ્રત્યે અરુચિ, ભડક વધતી જાય, વિષયોના ઘેરાવામાં

અસ્વસ્થતા, અકળામણ જોર પકડતા જાય. એમ પાપના ભયમાં પણ વૃદ્ધિ થતી જાય. દુનિયામાં પણ જોવાય છે કે કરડકણા કૂતરા કરતાં તોફાની પાડાનો ભય વધારે; ને તેના કરતાં તોફાની હાથીનો વધારે; તેના કરતાં જંગલી પશુનો ભય વધારે. ન ગમતી વસ્તુઓમાં અરુચિ, ઉદ્વેગનું પણ એમજ છે. કોઈ કરતાં કોઈના પર અરુચિ વધારે, ઉદ્વેગ વધારે. ત્યારે ક્રિયાત્મક ધર્મમાં પણ વધતી માત્રાઓ છે, જેમકે દેવદર્શન કરતાં જેમ જેમ આલ્હાદ વધે, એકાગ્રતા વધે, હૃદયનો ઝુકાવ વધે, તેમ તેમ દર્શનની કક્ષા વધે, એમ વંદનસામાયિકાદિ ક્રિયામાં પણ એવું સમજવું. આનંદ કામદેવાદિએ સામાયિક પોષધાદિમાં સત્ત્વ કેળવ્યા, એવા સત્ત્વે પહોંચવાનું છે. વ્રતનિયમ અને તપસ્યામાં પણ ભાવવાનું બળ એવું વધારાય કે એમાં દિન પ્રતિદિન ઉલ્લાસ અને સત્ત્વ વધે.

તાત્પર્ય, (૧) કોઈ પણ પ્રકારનો ધર્મ એ એક નિધાન, મહાનિધાન, પરમનિધાન મળ્યું છે એમ ભાવના વધારતાં વધારતાં હૃદયમાં એનું મૂલ્યાંકન વધારતા જવાય; જગતમાં બીજી કોઈ વસ્તુ એની આગળ કિંમતી નથી પણ તુચ્છ છે, અસાર છે, એવી પરિણતિ ઘડાય. (૨) સાથે એમાં ઉત્તરોત્તર કિંમતી કિંમતી નિધાન મળ્યા જેવો આનંદ વધારતા જવાય. મૂલ્યાંકન વધારવાથી એની વધુ ને વધુ કદર ઉત્પન્ન થતાં, સામે દુન્યવી પદાર્થોની કદર ઘટતી આવે. આનંદ વધારવાથી સામે દુન્યવી પદાર્થોના આનંદ ઓછા થતા આવે. (૩) વળી ધર્મ સાધતાં સાધતાં સત્ત્વ એવું વધારતા જવાય કે સામાન્ય વિઘ્નથી માંડીને મોટ મોટા દેવતાઈ ઉપસર્ગ આવે તો પણ 'આ ધર્મ ન છોડું' એવી વિઘ્નજય અને સ્થિરતાની પરિણતિ વધતી આવે. (૪) ધર્મસાધનામાં દિનપ્રતિદિન એકાગ્રતાને વધારતા જવું જોઈએ. એ ૧ મિનિટ, ૨ મિનિટ,... ૫ મિનિટ ટકતી આવે, ૧ શ્લોક, ૨ શ્લોક,... ૫ શ્લોક સુધી ટકતી આવે, એકાગ્રતા વધતાં આડા-અવળા વિચારો ઓછા થતા આવે, અને ધર્મમાં તન્મયતા વધતી આવે. લયલીનતા વધતી આવે; તે ત્યાંસુધી કે આજુબાજુ બીજું શું ચાલી રહ્યું છે, શું બોલાઈ રહ્યું છે, એની કશી ખબર ન પડે. એટલું જ નહિ પણ, (૫) ધર્મસાધનામાં આત્મા વધુ ને વધુ ફોરો બનતો આવે, અને એની અસર ધર્મસાધના સિવાયના કાળમાં પણ એવી પડે કે ત્યાં આત્માને રસ ન આવે.

આમ, ગુણ, ધર્મક્રિયા અને બીજી ધર્મસાધનાની અનેક ચઢતી ચઢતી કક્ષાઓને લક્ષમાં લેવાય, અને ઉત્તરોત્તર કક્ષામાં ચઢવા માટેનો પ્રયત્ન થાય, તો નિત્ય નવી સ્ફુર્તિનો અનુભવ કરવા મળે.

'નમોત્થુણં અરિહંતાણં' માં 'નમસ્કાર હો' કહીને ભાવનમસ્કાર પ્રાપ્ત



કરવાની પ્રાર્થના કરાય છે. ત્યાં પ્રશ્નોત્તર કરવામાં આવ્યો.

**પ્ર.**- ભાવ-નમસ્કાર જેને પ્રાપ્ત છે તે શા માટે આવી પ્રાર્થના કરે ?

**ઉ.**- ભાવ-નમસ્કારમાં પણ અનેકાનેક કક્ષાઓ ભાવનમસ્કાર કરનાર એની ઉપરની કક્ષાના ભાવનમસ્કારની પ્રાર્થના કરે છે. પ્રાર્થના અને પુરુષાર્થ દ્વારા એ સિદ્ધ થાય છે. ત્યાં પણ એથી ઉપરની કક્ષાના ભાવનમસ્કારની પ્રાર્થના અને પુરુષાર્થ ચાલુ હોય એટલે એ સિદ્ધ થતો આવે.

અહીં ધ્યાનમાં રહે કે ભાવનમસ્કારમાં પણ ચઢતી-ઉતરતી કક્ષાઓ કહી એટલે નામાદિ નમસ્કારનું તો કહેવું જ શું ? આનો પણ વિચાર કરવા માટે એ જોઈએ કે, નામાદિ-નમસ્કાર એ શી વસ્તુ છે ?